વિદ્યા વાદ વિનોદિ યે, સકળ કળા સરસાય. ૨૩૫
લંપટ લબાડિ રાજમાં, પામે નહિં કો માન ;
રણસેંચે જય જે થકી, તેહ તણો સનમાન. ૨૩૬
ક્ષમા ધૈર્ય આજ્ઞા અને, દાન પરાક્રમ પાંચ ;
ધરે પ્રજાથી અધિક ગુણ, રાજ રાજ ગુણ સાંચ. ૨૩૭
ચાર વર્ણ ભહિ પાળનાં, તેપર અદ્ભુત નીતિ ;
બહુ શ્રમ કવિ કુળ સમજિને, સહજ ધરી ઘાં પીતિ. ૨૩૮
જે ભહિપાળ ભણે ગુણે, સદાચાર ગૃહિ અર્થ ;
વશ વર્તે પ્યારી પ્રજા, દલપતિ થાય સમર્થ. ૨૩૯
રાજનિતિ શૃંગાર તે, શ્રુતિ પુરાણ શુભ યુક્તિ ;
દલપતિ દોહા બુદ્ધ યશ, સત્યં જય.જય મુક્તિ. ૨૪૦

ચતુર સંપ્રદાય.

રામાનુજ પદ્મતિ રમા, વિષ્ણુ સ્વામિ ત્રિપુરાર ;
નિંબાદિત સનકાદિના, મધ્વ સંપ્રદા ચાર. ૨૪૧

ચતુર સ્ત્રી જાતિ.

પદ્મિનિ ચિત્રણિ સંખિની, વળિ હસ્તિની વિચાર;
ન્યારા ન્યારા ગુણ લહો, જગ જન સાર અસાર. ૨૪૨

Scanned with Cam

Scanned with CamSca

પદ્મિની લક્ષણ.

સહજ સુગંધ સ્વરૂપ શુભ, પુણ્ય પ્રેમ સુખદાનિ ;
ભોજન સ્વલ્પ રતિ રીસ વળિ, નિદ્રા તેમજ માનિ. ૨૪૩
સહજ સુ બુદ્ધિ ઉદાર મૃદુ, હાવ ભાવ શુચિ અંગ ;
અમળ અલોમ અનંગ ગૃહ, પદ્મિનિ હાટક રંગ. ૨૪૪

ચિત્રની લક્ષણ.

નૃત્ય ગીત કવિતા રુચે, અચળ ચિત્ત ચળ દૃષ્ટિ ;
સુરતિ તેજ અતિ સુરત જળ, મધુ સુગંધ મય સૃષ્ટિ. ૨૪૫
વિરલલોમ તન મદન ગૃહ, ભાવે સકળ સુવાસ ;
મિત્ર ચિત્ર પ્રિય ચિત્રની, દલપતિ કહે પ્રકાશ. ૨૪૬

સંખિની લક્ષણ.

કોપ શીલ કોવિદ કપટ, સજલ સલોમ શરીર ;-
અરુણ વસન નખ દાન રુચિ, નિર્લજ શંક અધીર. ૨૪૭
છાર ગંધ યુત સુરત જળ, તપ્ત ભૂરિ ભગ હોય ;
સુરતા રતિ અતિ સંખિની, ઉત્તમ કહે ન કોય. ૨૪૮

હસ્તિની લક્ષણ.

સ્થૂળ આંગળાં ચરણ મુખ, અધર ભૃકુટિ કટિ બોલ ;
મદન સદન રદ સ્કંધ મદ, ચાલ ઘુમંડી લોલ. ૨૪૯
સ્વેદ મદન જળ દ્વિરદ મદ, ગંધિત ભૂરા કેશ ;
અતિ તિક્ષણ બહુ લોમ તન, એ હસ્તિની સુ વેસ. ૨૫૦

ચતુષ્ટય અંતઃકરણ દેવતા સહિત.

મન બુધિ ચિત અહંકાર એ, ચાર ચતુષ્ટય જાણ ;
શશિ બ્રહ્મા ક્ષેત્રજ્ઞ વળિ, રૂદ્રદેવ તું પ્રમાણ. ૨૫૧
જવ ચાહે કઈ વસ્તુને, તવ તે ચિત્ત વિચાર ;
યત્ન કલ્પના જવ કરે, તવ મન ત્હેને ધાર. ૨૫૨
મે લીધૂં આ લઉં છઉં, અહંકાર એ હોય ;

Scanned with Cam
Scanned with CamSca

સધળાનું નિશ્ચય કરે, તેહ બુદ્ધિ પ્રિય શોભ: ૨૫૩
સુખ દુખ ઇચ્છા રાગ એ, ગણો બુદ્ધિના ધર્મ ;
સુષુપ્તિમાં સધળાં મિટે, રહે આતમા પર્મ. ૨૫૪
ઇંદ્રિય પર છે દેહથી, મન ઇંદ્રિયથી જાણ ;
મનથિ બુદ્ધિને પરગણી, બુદ્ધિથિ આત્મ વખાણ. ૨૫૫
આત્મા તો આકાશ મય, પ્રાણ વાયુ મય જાણ ;
અહંકાર છે તેજ મય, મન જળ મય તું પ્રમાણ. ૨૫૬
અવની મય તન ગણત ગુણિ, તન મય ઇંદ્રિય હોય ;
તે ઇંદ્રિય મય લોક છે, લોક કર્મ મય સોય. ૨૫૭
કર્મ ધર્મ કરિ ભજ ભલે, બ્રહ્મ નામ નિષ્કામ ;
દલપતિ ખ્યાલન છોડતું, સત્ય સત્ય વિશ્રામ. ૨૫૮

પંચીકરણ પંચ ભૂત.

ક્ષિતિ જળ પાવક પવન કહું, વળી ગગન તું જાણ ;
પંચ ભૂત મુનિજન ગણે, એ થકી જગત વખાણ. ૨૫૯

પંચ ભૂતથી પચ્ચિસ પ્રકૃતિ.

રોમ નાડિને ગણ ત્વચા, અસ્થિ માસ મજ્જિ ગાત્ર ;
મજ્જન શોણિત શુક્ર તન, લાળ મુત્ર વળ માત્ર. ૨૬૦
કાન્તિ ક્ષુધા નિદ્રા તૃષા, આળસ અમિ પ્રકાર ;
શ્વાસ ચલણ પસરણ દયણ, કૂદણ પવન વિચાર.. ૨૬૧
હૃદય ઉદર શિર કંઠ કટિ, જાણ અંશ આકાશ ;
પંચ ભૂત પંચીકરણ, કહ્યાં સુ બુદ્ધિ પ્રકાશ. ૨૬૨

પંચ ભૂતના ગુણ.

એક શબ્દ ગુણ ગગન ગતિ, શબ્દ સ્પર્શ સમીર ;
શબ્દ સ્પર્શ સુરૂપ ત્રણ, અમિ માંહ્ય સુણ ધીર. ૨૬૩
શબ્દ સ્પર્શ સુરૂપ રસ, જળમાં ગુણ ગણ ચાર ;
ગંધ સહિત ગુણ પાંચ છે, ભૂમિમાંહ્ય નિર્ધાર. ૨૬૪

Scanned with Cam

Scanned with CamSca

પંચ ભૂતના રંગ.

પીત શ્વેત ને રક્ત કહું, નીલ શ્યામ શુભ વર્ણ ;
પંચ ભૂતના ક્રમ થકી, રંગ કહ્યા કર સ્મર્ણ. ૨૬૫

પંચ ભૂતના દેવ.

ક્ષિતિનો હરિદ્વારિનો, રૂદ્ર અગ્નિનો દેવ ;
પવન દેવ ઇશ્વર સદા, સદાશીવ નભ સેવ. ૨૬૬

પંચ ભૂતની યોની.

વાયુ યોનિ આકાશછે, તેજ યોનિ નભ વાય ;
એ ત્રણ જળની યોનિછે, ચાર પૃથ્વિની થાય. ૨૬૭

પંચ ભૂતનો લય.

ક્ષિતિનો લય જળમાંહિં જળ, મગન અગ્નિમાં હોય ;
અનળ પ્રલય પ્રિય અનિલમાં, ભાવુત લય નભ-જોય.- ૨૬૮
ત્યાં લગિ નભ સંકલ્પ છે, જ્યાં લગિ ધ્વનિ સુણિ જાય ;
ધ્વનિ લય જોગાં હોય છે, તે પરબ્રહ્મ ગણાય. ૨૬૯

પંચ જ્ઞાનેન્દ્રિય.

શ્રવણ ત્વચા ને ચક્ષુ વળિ, જિવ્હા ઘ્રાણ પ્રમાણ ;

પંચ જ્ઞાનેન્દ્રિયના વિષય.

શબ્દ સ્પર્શ સુ રૂપ રસ, ગંધ વિષય ઉર આણ. ૨૭૦

પંચ કર્મેન્દ્રિય.

વાક હસ્ત પદ ને ગુદા, પંચમ શિશ્ન વિચાર ;

પંચ કર્મેન્દ્રિયના વિષય.

વચન ગ્રહણ ને ગતિ વળી, વિસર્ગાનંદ તું ધાર. ૨૭૧

દશ ઇન્દ્રિયના દેવ.

દિગ વળિ વાયૂ સૂર્ય કહું, વરુણ અશ્વનિકુમાર ;

Scanned with Cam

Scanned with CamSca

અગ્નિ ઇન્દ્ર યમ વિષ્ણુ સહ, પ્રજાપતી તું વિચાર. ૨૭૨

સત્તાવિસ તત્વ.

પંચ ભૂત ઇન્દ્રિય દશો, તન્માત્રા સહ વીસ ;
મન બુદ્ધિ ચિત અહંકાર મળિ, થયાં સકળ ચોવીસ. ૨૭૩
પંચ વીંશ આત્મા સહિત, પટ વીંશે જિવ જાણ ;
બ્રહ્મ સચ્ચિદાનંદ સહ, સપ્તવીંશ તું પ્રમાણ. ૨૭૪

અઠ્ઠાવિસ તત્વ.

પંચ ભૂત ઇન્દ્રિય દશો, તન માત્રા મન હોય ;
પ્રકૃતિ પુરુષ મહતત્વ મળિ, અહંકાર પ્રિય સોલ. ૨૭૫

મહત્તત્વ.

સત્ત્વ રજે જ્યાં પ્રકૃતિમાં, બુદ્ધિ તત્વ બુધદાઇ ;
મહત્ તત્વ તેને ગણો, બુદ્ધિ તત્વ પ્રતિ ભાઇ. ૨૭૬
મહત્ તત્વથી થાયછે, ત્રિગુણ અહંકૃત રૂપ ;
અહંકાર તે ત્રિવિધથી, રજ તમ સત્વ સ્વરૂપ. ૨૭૭

પંચ વાયુ.

પ્રાણ સમાન સુજાન કહું, વળી ઉદાન અપાન ;

પંચ વાયુ સ્થાન.

હૃદય નાભિ સૌ અંગમાં, કંઠ ગુદા એ સ્થાન. ૨૭૮

પંચ સૂક્ષ્મ વાયુ.

નાગ કુર્મ નો કૃકલ વળિ, દેવ દત્ત પ્રિય વિત્ત ;
નાગ ધનન્જય જાણિયે, સૂક્ષ્મ વાયુ ધર ચિત્ત. ૨૭૯

પંચ સૂક્ષ્મ વાયુ સ્થાન.

ઓટકાર પલક ક્ષુધા, બંગાસું જોભો સાર ;
મુવાં સુધી તનમાં રહે, ક્રમથી પાંચ વિચાર. ૨૮૦

Scanned with Cam

Scanned with CamSca

પંચ ક્રોધ.

દેહ રૂપળ સુખના ભમ, પ્રાણ પ્રાણુમય જાણુ ;
પાંચે કર્મેન્દ્રિય ગન, મનોમય ક્રોધ પ્રંગાણુ. ૨૮૧
જ્ઞાનેન્દ્રિય ને બુદ્ધિ મળિ, તે વિજ્ઞાન સુજ્ઞેય ;
હેતુ અવિદ્યા જેહનો, તે આનંદજ સોલ. ૨૮૨

પંચ અવિદ્યા પ્રકાર.

જાણુ અવિદ્યા પંચવિધિ, કહું પ્રકટ વિસ્તાર ;
આત્મા દેહ ગણે અશુચિ, પ્રથમ અવિદ્યા સાર. ૨૮૩
ઇચ્છા દર્શિત વસ્તુને, રાગ કહે તે જાણુ ;
આત્મ બુદ્ધિની એકતા, તે અસ્મિતા પ્રમાણુ. ૨૮૪
તેમાં કર્ત્તા વિઘ્ન જે, તેપર દ્વેષ વખાણુ ;
ત્રાસ મૃત્યુનો આકરો, અભિનિવેષ ઉર આણુ. ૨૮૫
કરે યત્ન વળિ પ્રાપ્તિનો, કહે પન્ડિતો ક્રોધ ;
યોગ શાસ્ત્ર આધારથી, એ વિધિ પ્હાંચે જ્ઞેય. ૨૮૬

પંચ પ્રકાર જીવ.

મુક્ત મુમુક્ષુ સાધકી, બદ્ધ પામર તું પેખ :
પાંચ ભાંતિના જીવએ, મુનિજન કહું સુલેખ. ૨૮૭

પંચ દેવ.

ગણપતિ ગૌરી ભાનુ હરિ, હર મળિ પ્હાંચે દેવ ;
અધિક ન્યુન ગણતો રખે, પાંચ એક ગણિ સેવ. ૨૮૮

પંચ દેવની પ્રદક્ષિણા.

એક ગૌરિ જાણુ ગણપતી, સપ્ત સૂર્યને સાર ;
ચાર હરિ હર અર્ધ પ્રિય, પ્રદક્ષિણા તું વિચાર. ૨૮૯

સર્વ દેવ પંચાંગ.

પ્રણામ પટલ પદ્ધતિ ગણે, નામ સહસ્ત્ર વખાણ ;
સ્તોત્ર કવચ ને હૃદય તે, છે પંચાંગ સુજાણ. ૨૯૦

Scanned with Cam

Scanned with CamSca

પંચ વિષ્ણુના આયુધ.

ચક્રસુદર્શન વજ્રછે, શંખ પંચજન માન ;
કૌમોદકી ગદા ગણો, નંદક ખડ્ગ વિધાન. ૨૯૧
ધનુષ નામ સારંગ છે, આયુધ હરિનાં સાર ;
ચતુર હરતમાં ચળકતાં, ધનુષ સ્કંધ પ્રિયકાર. ૨૯૨

પંચ દ્રાવિડ બ્રાહ્મણ.

ગુજરાતી મહારાષ્ટ વળિ, કરણાટકિ તૈલંગ ;
દ્રાવિડ સહ દ્રાવિડ ગણો, પાંચ વર્ગ પ્રિય સંગ. ૨૯૩

પંચ ગૌડ બ્રાહ્મણ.

કલાન કુબ્જ ને ગૌડવળિ, ઉત્કલ મૈથિલ માન ;
સારસ્વત મળિ પાંચ એ, ગૌડબ્રાહ્મણ વિધાન. ૨૯૪

પંચ ગવ્ય.

ગોમલ મૂત્ર ઘૃત દૂધ દધિ, પંચ ગવ્ય લે માનિ ;

પંચામૃત.

પંચામૃત મધુ શરકરા, ગોમલ મુત્રનિ હાનિ. ૨૯૫

પંચ પાન્ડવ.

નૃપતિ યુધિષ્ઠિર ભીમ ભડ, અર્જુન કુન્તી સુત ;
નકુળ અને સહદેવ તે, માદ્રી પુત્ર સપૂત. ૨૯૬

પંચ ગંગા.

ધ્રુવપાપા કિર્ણા યમુન, ગંગ સરસ્વતિ ગાન ;
પંચ ઘાટ ગંગા તણા, નિત્ય કરો શુભ સ્નાન. ૨૯૭

પંચ ક્ષેત્ર.

નિમિષારણ્ય મિશ્રિક ગયા, હરદ્વાર કુરુ ક્ષેત્ર ;
તિર્યરાજન પ્રયાગ શુભ, સંગમ સુરસરિ નેત્ર. ૨૯૮

Scanned with Cam

Scanned with CamSca

પંચ યજ્ઞ.

અગ્નિ દેવ ને પિતૃ વળિ, અતિથ ભૂતમય જાણ;
પંચ યજ્ઞ પ્રતિદિન કરે, હોય સકળ કલ્યાણ. ૨૯૯

પંચ દાન.

ધર્મ ભીતિ આનન્દમાં, યશ સ્નેહ પ્રિય જાણ;
પંચ દાન સુપ્રવાહના, કોવિદ કરે વખાણ. ૩૦૦

પંચ મદન શર.

વશીકરણ મોહન અને, આકર્ષણ ઉર આણ;
ઉચ્ચાટન મારણ સમજ, પંચ બાણ પ્રિય જાણ. ૩૦૧
કરેણ કેતકિ કેવરો, કદંબ આંબા મોર;
એહ પંચ શર કામના, કામી કાળજ કોર. ૩૦૨

પંચ શબ્દ વાજિન્ત્ર.

તન્ત્રી તાલ સુ ઝાંઝ વળિ, જાણ-નગારૂં ચાર;
પંચમ શરણુઇ ફૂંકથી, વાજિન્ત્રના પ્રકાર. ૩૦૩

પંચ ચંચળ વસ્તુ.

લક્ષ્મી યૌવન નાયિકા, કાળ ચલણ બળ હેતુ;
એહ પંચ ચંચળ સદા, યથા પવન વશ કેતુ. ૩૦૪

પંચ શોભા.

શશિથી નિશિ શર કમળથી, સૈન્યથિ રાજ પ્રશંસ;
દિનકરથી દિન-શોભતો, તેમ સપુતથી વંશ. ૩૦૫

વિના પાંચ વાસ વર્જનીય.

ભય લજ્જા ને ચતુરતા, દાન ભેટ શુભ રીત;
એહ પંચ જ્યાં હોય નહિં, ત્યાં ઠરવું ન ઘટીત. ૩૦૬

Scanned with Cam

Scanned with CamSca

વિના પાંચ દેશ વર્જનીય.

શ્રોત્રિય દ્વિજ રાજા નદી, વૈદ્ય ધની વ્યાપારિ ;
હોય ન સુખકર પાંચ એ, તજે દેશ સુવિચારિ. ૩૦૭

પંચ વિશ્વાસ વર્જનીય.

સર્પ ભિક્ષાડી ભગિનિ સુત, પુત્ર સહિત યૈ વામ ;
પંચમ જમાઇ જાણવો, અવિશ્વાસ ના ધામ. ૩૦૮
સરિતા પશુનખ શૃંગ સહ, શસ્ત્રપાણિ નૃપ નારિ ;
એહ તણો વિશ્વાસ નહિં, કોવિદ કહે પુકારિ. ૩૦૯

પંચ ત્યજનીય.

વાંઝ નારિ સુત ખળ ગુણી, કૃપણ ભૂપ રાઠ દેશ ;
મિત્ર પ્રપંચી પાંચ એ, ત્યાગે મિટતો કલેશ. ૩૧૦

પંચ ચાતુર્ય મૂળ.

દેશાટણ પન્ડીત મિત, વેસ્યા રાજ મિલાપ ;
અધિક શાસ્ત્ર અવલોકવાં, ચાતુરિ પાંચ પ્રતાપ. ૩૧૧

પંચ કન્યા.

શ્રી કુન્તી ને દ્રૌપદી, વળી અહલ્યા પેખ ;
તારા મન્દોદરિ સહિત, પંચ કન્યકા લેખ. ૩૧૨

પંચ અંગુળી.

અંગુશ્ઠા ને તર્જની, વળી મધ્યમાં હોય ;
અનામિકા સુકનિષ્ઠિકા, પંચ અંગુળી સોય. ૩૧૩

પંચ દોષ.

ધન્ટી સાવરણી ચુલો, ખેડા જળ રેહાણ ;
પંચ દોષ ગૃહના મિટે, વૈશ્ય દેવથી જાણ. ૩૧૪

પંચ પુરાણ લક્ષણ.

સર્ગ અને પ્રતિસર્ગ વળિ, મનવન્તર ને વંશ ;
વંશ ચરિત્ર સહ પાંચએ, લક્ષ પુરાણ પ્રશંસ. ૩૧૫

Scanned with Cam

Scanned with CamSca

તિથિ પત્ર પંચાંગ.

તિથિ ગણિ વાર નક્ષત્ર ને, યોગ કર્ણ ગણિ પાંચ :
પ્રાત ઉઠી નર જે સ્મરે, નડે ન કાળનિ આંચ. ૩૧૬

પંચ દેવ વૃક્ષ.

હરિચંદન સન્તાન વળિ, કલ્પવૃક્ષ મન્દાર ;
પારિજાત એ દેવ તરુ, સુખદાયક સંસાર. ૩૧૭

વૃક્ષ પંચાંગ.

મૂળ ત્વચા ને પત્ર વળિ, પુષ્પ પછી ફળ જોય ;
પંચ અંગ એ વૃક્ષના, જાણે છે સૌ કોય. ૩૧૮

પંચ પલ્લવ.

અશ્વત્થ ઉદુમ્બર અને, વટ અશોક ઉર આણુ ;
પંચમ આમ્ર અવશ્ય એ, યજ્ઞ કાર્યમાં જાણુ. ૩૧૯

પંચ રત્ન પાઠ.

ગીતા નામ સહસ્ર વળિ, અનુસ્મૃતી સ્તવરાજ ;
ગજેન્દ્રમોક્ષ સુ પંચ એ, વૈષ્ણવનાં સુખ સાજ. ૩૨૦

પંચ રત્ન.

મૌક્તિ પિરોજા નીલમણિ, વિદ્રુમ વજ્ર વખાણ ;
પંચ રત્ન કંચન સહિત, સંગ્રહ કરો સુજાણ. ૩૨૧

પંચ સંસાર રત્ન.

પ્રભુ વિવેક યુત શીલ ત્રિય, અશ્વ સહે રણ આંચ ;
દાતા ધની વિરાગ યુત, પન્ડિત રત્ન સુ પાંચ. ૩૨૨

પંચ લજ્જા વર્જનીય.

ધન ને ધાન્ય પ્રયોગ કે, વિદ્યાગમમાં જોય ;
આહાર વળિ વ્યવહારમાં, તજ લજ્જા સુખ હોય. ૩૨૩

Scanned with Cam
Scanned with CamSca

પંચ ગર્ભ રચિત.

આયુ કર્મ વિદ્યા વિભૂ, અર્થ પદારથ પાંચ ;
ગર્ભમાંહિં વિધિએ રચે, મનુષ્ય ને પ્રિય સાંચ. ૩૨૪

વિવાહમાં પાંચની ચાહના.

૩૫ દંપતી ગાત ધન, પિતા નામ વિખ્યાત ;
ઉત્તમ કુળ બાન્ધવ ચહે, ઇચ્છે ભોજન જ્ઞાત. ૩૨૫

પંચ જીવન્મૃત.

પરાધીન નિત પંથિ જાડ, દારિદ્રી ને રોગિ ;
જીવન્મૃત એ પાંચ છે, કહે સુ કવિ મુનિ યોગિ. ૩૨૬

પંચ ગૌરવ.

વિના વપુ વાચા વિભૂ, વસ્ત્ર સુપંચ વકાર ;
બળ પૂરવ પુણ્ય વણુ, નર ગૌરવ અધિકાર. ૩૨૭

પંચ કલિ વર્જિત કાર્ય.

અગ્નિહોત્ર સન્યાસ નહિં, આગિય પિન્ડે શ્રાદ્ધ ;
યજ્ઞે ગો નર રુધિર સુત, કરો ન કળિમાં બાધ. ૩૨૮

પંચ મકાર શાકતના.

મદ્ય માસ ને મીન વળી, મુદ્રા મૈથુન જાણ ;
પંચ મકાર પ્રચાર એ, શક્તિ ભક્તના પ્રાણ. ૩૨૯.

મદ્ય.

વામ નાડિ ઠંડિ કહું, ચંદ્રસ્થાન સુવિચાર ;
અમૃત સ્થાંથી જે ગળે, તેજ મદ્ય નિર્ધાર. ૩૩૦

માસ.

કામ ક્રોધ મદ લોભ એ, વર્ગ પશુનો સાર ;
એ મારી ભોજન કરે, તેજ માસ પ્રિય ધાર. ૩૩૧

Scanned with Cam

Scanned with CamSca

મુદ્રા.

ખેચરિ આદિક યોગનાં, કહી ગ્રંથમાં જેહ;
બહાદ્વાર પાટન પટૂ, જાણો મુદ્રા તેહ. ૩૩૨

મીન.

માયા સાગર સલિલમાં, અહંકાર તે મીન;

મૈથુન.

કુન્ડળિ સહ શિવ યોગ તે, મૈથુન પંચમ ચીન. ૩૩૩

પંચ રંગ.

અરુણ હરિત પિત સિત અસિત, પાંચ રંગ એ સાર;
એ થકિ અનંત ભાસતા, પંચ મુખ્ય પ્રિયકાર. ૩૩૪

પંચ કાવ્ય.

કાવ્ય માઘ રઘુ વંશ વળિ, કિરાત અને કુમાર;
નૈષદાદિ મળિ પંચ એ, કાવ્ય સુઘડ સંસાર. ૩૩૫

પંચ કમલ જાતિ.

રક્ત નીલ પિત પૂંડરિક, અસિત ઇન્દિવર નામ;
પંચ જાતિ એ કમળની, મન મોહન અભિરામ. ૩૩૬

પંચ માતા પિતા.

જન્મદ ગુરુ સંસ્કાર કૃત, અન્નદાત ભય ત્રાત;
સ્વસુર જનનિ પિતુ દંપતિ, માત તાત વિખ્યાત. ૩૩૭

વિના ભણ્યે પ્રલાપ વર્જનીય.

પ્રાયશ્ચિત્ત વૈદ્યક શકુન, જોતિષ નિત્ય વખાણ;
વિના ભણ્યે બકતા વૃથા, ત્હેને મૂરખ જાણ. ૩૩૮

પંચ સ્નાન વિધિ.

જળસ્નાન વારુણ વરુણ, આગનેય સવિભૂત;
ગોધૂલી વાયવ્ય જળ, સિંચ મત્રથિ સપૂત. ૩૩૯

Scanned with Cam
Scanned with CamSca

દિવ્ય નામ જળ જળદ મુત, બ્રહ્મ ધામ ઉર આણ ;
પંચ સ્નાન પ્રધાનછે, દલપતિ રામ વખાણું. ૩૪૦

પંચ પર્વ.

કૃષ્ણ પક્ષની અષ્ટમી, અમાસ ચૌદશ જાણ ;
સંક્રાન્તી ને પૂર્ણિમા, પંચ પર્વ ઉર આણ. ૩૪૧

પંચ દિશા.

દિશિ આશા ધાષ્ટા કકુભ, હરિત સમેતજ હોય ;
સકળ દિશાન્ન નામ એ, ચતુર વિચારી જોય. ૩૪૨

પંચ સમય.

કાળ અધિષ્ટ અનીહ વળિ, વેળા સમય સુજાણ ;
પંચ સમય પ્રિય સમજિને, કવિ મુનિ કરે વખાણ. ૩૪૩

ભૈરવ રાગની પાંચ રાગણી.

ભૈરવિ વૈરાડી અને, મધ્ય માધવિ વખાણ ;
સિંધવિ બંગાલી સહિત, પાંચ રાગણિ સુજાણ. ૩૪૪

મેઘ મલાર રાગની પાંચ રાગણી.

તાકા ભૂપાલી બલી, દેશાકરિ મલ્લારિ ;
ગુર્જરિ સહ ત્રિય પંચ એ, મેઘમલાર વિચારિ. ૩૪૫

શ્રીરાગની પાંચ રાગણી.

માલવાસરિ અસાવરી, ધન્યાસરી સુવસંત ;
મારવિ સહ ત્રિય પાંચ એ, શ્રીરાગનિ ગુણવંત. ૩૪૬

માલકોષ રાગની પાંચ રાગણી.

ગોડી ટોડી ગુણકળી, સસતલવાતિ સુ જાણ ;
કોકળા સહિત પાંચ એ, માલકોષનિ વખાણ. ૩૪૭

Scanned with Cam

Scanned with CamSca

હિંડોલ રાગની પાંચ રાગણી.

રામકળી દેશાકરી, લલિત બિલાવર ચાર ;
પટમંજરિ સહ પાંચ એ, હિંડોલની પ્રિયકાર. ૩૪૮

દીપક રાગની પાંચ રાગણી.

દેશી કેદારી અને, નટ કરણાટિ વિચાર ;
કામ્બોદી સહ પાંચ એ, દીપકની દિલદાર. ૩૪૯

પંચ ભાવ.

આલંબન ઉદ્દીપન સુ, ભાવ વિભાવ ભણુન્ત ;
સ્થાઇ ભાવ સહ પાંચ એ, ભાવ કહે ગુણુવન્ત. ૩૫૦

પંચ જ્ઞાન.

અહાર વિષય નિદ્રા અને, ભય વળિ ક્રોધ સુપંચ ;
સૌને પાંચ પ્રકારનું, જ્ઞાન હોય ગુણિ સંચ. ૩૫૧

પંચ મહા પાપ.

કનક ચોરિ ગુરુતલ્પગતિ, બ્રહ્મઘાત મધુપાન ;
એ ચારે સંગતિ સહિત, પાપ પંચ વિધ માન. ૩૫૨

પંચ કળા.

પંચ કળા અનુવૃતિ ને, વળી પ્રતિષ્ઠા જાણુ ;
વિદ્યા શાન્તિ સુ સમજિ લે, શાન્તિ અતિતા પ્રમાણુ. ૩૫૩

બ્રાહ્મણના નિત્ય પટ્ કર્મ.

સન્ધ્યા સ્નાન સુજપ ત્રતિય, ચતુર્થ પૂજન દેવ ;
તર્પણ પંચમ જાણિ લે, વૈશ્વદેવ પટ્ સેવ. ૩૫૪

Scanned with Cam

Scanned with CamSca

વેદ ષડાંગ.

શિક્ષા કલ્પ વ્યાણુતા, ને વ્યાકરણ નિરૂક્ત ;
છંદ નામ વર્ણે સુકવિ, વળિ જ્યોતિષ સંયુક્ત. ૩૫૫

યથા.

વેદ પઠન વિધિ જે સકળ, શિક્ષામાં જ્યેવાય ;
સકળ કર્મની રીતિ તે, કલ્પ થકી દર્શાય. ૩૫૬
શબ્દ અશુદ્ધા શુદ્ધિનું, જ્ઞાન વ્યાકરણ જાણ ;
કહિણ પદોના અર્થને, કહે નિરુક્ત વખાણ. ૩૫૭
અક્ષર માત્રા વૃત્તનું, જ્ઞાન છંદથી હોય ;
જ્યોતિષ કાળ ફળાદિ ગણિ, વેદ ષડાંગો સોય. ૩૫૮

૫૬ ચક્ર.

આધાર સ્વાધિષ્ઠાન વળિ, મણિપૂરક શુભ જાણ ;
અનહત અને વિશુદ્ધ વળિ, અમિયાત્ર સુપ્રમાણ. ૩૫૯

૫૬ કેશ સ્થાન.

ગુદા શિશ્ન નાભી હૃદય, કંઠ ભૃકુટી શિર સેવ ;

૫૬ દેવ ક્રમ.

ગણપતિ બ્રહ્મા વિષ્ણુ ભવ, જીવ અગ્નિ ૫૬ દેવ. ૩૬૦

૫૬ કમળ દળ પ્રમાણ.

ચાર ૭ દશ દ્વાદશ કહું, પોડશ દ્વેદલ સાર ;

તત્વ.

પૃથ્વી જળ અગ્નિ પવન, વળી ગગન મન ધાર. ૩૬૧

ષડાગ્નિ.

વ્યાપ્ત અગ્નિ વિદ્યુલતા, વ્યવહારાગ્નિ પ્રમાણ ;
પરલૌકિક જઠરાગ્નિ ને, વડવાગ્નિ ૫૬ જાણ. ૩૬૨

Scanned with Cam

Scanned with CamSca

૬ ઉર્મિ.

ક્ષુધા પિપાસા પ્રાણુનાં, જન્મ મરણ તન જાણ ;
શોક મોહ મનના ગણે, એ ૬ ઉર્મિ વખાણ. ૩૬૩

૬ ઋતુ.

ગ્રીષ્મ વૃષા ને શરદ વળિ, શિશિર હિમન્ત વસન્ત ;
એ ૬ ઋતુ સુખકરણ છે, મુનિજન કહે ધિગન્ત. ૩૬૪

૬ વિકાર.

જન્મ અસ્તિ પરિણામ ત્રણ, ઉદરાંતરગત સાર ;
વૃદ્ધિ ક્ષય સહ નાશ ત્રણ, બાલ્ય ગતી ચિત ધાર. ૩૬૫

૬ ભગ ભગવાન.

શ્રી ઐશ્વર્ય વિરાગ ને, મોક્ષ ધર્મ યશ માન ;
એ ૬ ભગની ખાણનો, કહિયે પ્રિય ભગવાન. ૩૬૬

૬ રસ સ્વાદ.

કટુ તિક્તામ્લક ક્ષાર વળિ, મધુર લવણ ૬ જાણ ;
એ ૬ રસ રસિકો ગણે, અનુભવ યક્ષા વખાણ. ૩૬૭

૬ મન દાહક.

સ્ત્રી ક્રોધી સેવા અધમ, કુવ્યસન વસન કુરાહ ;
મૂરખ સુત વિધવા સુતા, વણ અગ્નિ મન દાહ. ૩૬૮

૬ શાસ્ત્ર.

મીમાંસા પાતંજલી, સાંખ્ય ન્યાય મળિ ચાર ;
વૈશેષિક વેદાન્ત ૬, પન્ડિત શાસ્ત્ર વિચાર. ૩૬૯

મીમાંસા.

યજ્ઞાદિક કર્મો કરે, દેવલોક ફળ ભોગ ;
એ મુક્તી મીમાંસ કહિ, દુખનો થતાં વિયોગ. ૩૭૦

Scanned with Cam

Scanned with CamSca

પાતંજલી.

જીવ ઈશ ન્યારો ગણે, પાતંજલિ તે જાણ ;
દહે ક્લેશથી યોગ કરિ, લહે મુક્તિ નિર્વાણ. ૩૭૧
જીવ ઈશનો યોગ જે, યાજ્ઞવલ્કય શુભ યોગ ;
નાદબ્રહ્મ સમાધિ જે, શિવનો યોગ નિરોગ. ૩૭૨

સાંખ્ય.

પ્રકૃતિ પુરુષ ને તત્વનો, જ્હેને હોય વિવેક ;
એહ મુક્તિ સાંખ્યિક કહી, જ્ઞાન થવે સૌ એક. ૩૭૩

ન્યાય.

કારણ કારજ કરણ જ્યમ, માટી પાત્ર કુલાળ ;
ત્યમ ઈશ્વર સૌ જગતપર, વર્ણે ન્યાય સુકાળ. ૩૭૪

વૈશેષિક.

વૈશેષિક સૌ જગતનો, કાળાધિન દર્શાય ;
બન્યો તાર્કિક શાસ્ત્ર છે, યથા નામ ને ન્યાય. ૩૭૫

વેદાન્ત.

હવે કહું વેદાન્ત ને, છે સિધ્ધાત વિચાર ;
સર્વે સમજો આપમાં, આપ સર્વમાં સાર. ૩૭૬
અન્તર બાહ્ય જગતમાં, બ્રહ્મ રહ્યો ભરપૂર ;
જ્ઞાની તો તદ્રૂપ છે, મૂરખને અતિ દૂર. ૩૭૭

૬ ઉપ શાસ્ત્ર.

વૈદક જ્યોતિષ ટોક વળિ, મંત્ર ધર્મ ને નીતિ ;
એ ઉપશાસ્ત્રોથિ જન સકળ, ધરે પ્રભૂતા પ્રીતિ. ૩૭૮

યોગ ૫૬ કર્મ.

ધોતિ બસ્તિ ને નેતિ વળિ, ત્રાટક નોલિ વખાણ ;
કપાલભસ્ત્રા સહિત ષટ્, યોગ કર્મ ઉર આણ. ૩૭૯

Scanned with Cam

Scanned with CamSca

ધોતી કર્મ.

ચતુરાંગૂળ પને વસન, શોડસ હસ્ત સુમાર ;
ભીન્નવિ શુદ્ધોદક ભલીં, ગુરુ ઉપદેશ વિચાર. ૩૮૦
આસે મુખ થકિ ઉદરમાં, અહિ ઐવટ પટ સાર ;
ઉદર હાય ફેરવિ કરે, ઉળુ ઉળુ કહાડે બ્હાર. ૩૮૧

ધોતી કર્મથી ફળ.

કાશશ્વાસ પિળક અને, કોઢ વણી કફ રોગ ;
ધોતી કર્મ પ્રભાવથી, મિટે સુયાપ નિરોગ. ૩૮૨

બસ્તી કર્મ.

નાભિ લગી જળમાં હુણી, ભૂંગળિ ગુદ આધાર ;
ખેંચે પવન અપાનથી, ધુવે ઉદર ગળ સાર. ૩૮૩
ભૂગળિ ગુદથી કહાડિને, જળ પાત્રથી બહાર ;
પવન બસ્તિ કરિ કહાડતો, તમામ જળ મળ સાર. ૩૮૪

બસ્તી કર્મથી ફળ.

વાત પિત્ત કફ ઉદરમાં, અગ્નિમાંદિ અનેક ;
રોગ મિટે જઠરાગ્નિ ચધિ, બસ્તિ કર્મથી નેક. ૩૮૫

નેતી કર્મ.

મૃદુલ નેત્ર યુત સૂત્રની, દોડ વેતની દોર ;
નાક દ્વારથી મૂખમાં, લાવે સિદ્ધ ચકોર. ૩૮૬

નેતી કર્મથી ફળ.

અર્ધ જાત રોગો હરે, શોધે શુદ્ધ કપાળ ;
નયન જ્યોતિ વર્ધન કરે, હરે નેતિ મળ જાળ. ૩૮૭

ત્રાટક કર્મ.

પલક ન નિશ્ચળ દૃષ્ટિ કરિ, ચિતવે સૂક્ષ્મ લક્ષિ ;
તે ત્રાટક આંસૂ ગરે, ત્યાં લગિ ગિચેન અક્ષિ. ૩૮૮

Scanned with Cam

Scanned with CamSca

ત્રાટક કર્મથી ફળ.

દૂર હોય દૃગ રોગ સૌ, સિદ્ધ થાય જવ કર્મ ;
તેહ છુપાવે વિત્ત લગિ, કહે ન કાંઈ મર્મ. ૩૮૯

નોલી કર્મ.

જમણે ડાબે વેગથી, ચલણ ભ્રમણ બહુ વાર ;
મુખ વાયૂ નહિ કહાડવો, નોલિ કર્મ વ્યવહાર. ૩૯૦

નોલી કર્મથી ફળ.

પંચાગિનિ દીપન કરે, મંદાગિનિ મિટિ જાય;
ઉદર દોષ શોષન સરસ, સંતોષન સુખદાય. ૩૯૧

કપાલ ભસ્ત્રા કર્મ.

જેમ લુહાર ધમણ ધમે, ક્રમથી વારંવાર ;
ત્યમ રવિ શશિ ગમ ખેંચિ તજ, પવન કર્મ વ્યવહાર. ૩૯૨

કપાલ ભસ્ત્રા કર્મથી ફળ.

સિદ્ધ થાય [illegible] કરે, સૌ કપાળ કફ જાળ ;
ત્હેને તો યોગીશ સૌ, કહેતા ભસ્ત્રિકપાળ. ૩૯૩

ષડ્ ઐશ્વર્ય.

પરમૈશ્વર્ય સુવિર્ય યશ, અને જ્ઞાન વૈરાગ ;
શ્રી સહષટ્ ઐશ્વર્ય છે, ઋષિ મુનિ કયે અથાગ. ૩૯૪

પણ્ણારાયણ.

આદ્ય નારાયણ અવ્યક્ત, શ્રી નારાયણ હોય ;
શેષ સૂર્ય ને વેદ વળિ, નર નારાયણ જોય. ૩૯૫

ષટ્ શક વર્તી.

ધર્મ હસ્તિનાપૂરમાં, અવંતિ વિક્રમ સાર ;
સાલીવાહન તો થયો, પ્રતિષ્ઠાન વા ધાર. ૩૯૬

Scanned with Cam

Scanned with CamSca

પ્રકટ સુવિજયાભિનન્દન, ચિત્રકૂટમાં જાણ ;
નાગાર્જુન તો રોહિતે, ભૃગુપુર કલી પ્રમાણ. ૩૯૭

ષડ્ભવસાગર તારક.

હરિ વ્રંદા એકાદશી, ગીતા બ્રાહ્મણ ગાય ;
ભવસાગર તારણ તરણ, એ ષટ્ વસ્તુ ગવાય. ૩૯૮

ષડ્વિધ નાગર બ્રાહ્મણ.

પ્રથમ સુવડનગરા ભણે, વિશલનગરા વિચાર ;
પ્રપ્ણોરા સાઠોદરા, વળિ ચિત્રોડા સાર. ૩૯૯
કૃષ્ણોરા સહ ષટ્ ભણે, નાગર સુઘડ ચતૂર ;
ઈષ્ટ હાટકેશ્વર થકી, શ્રી વિદ્યા ભરપૂર. ૪૦૦

ષડ્વિધ મોઢ બ્રાહ્મણ.

ત્રિવેદિ ચાતુર્વેદિને, વળિ તાંદળજા જાણ ;
અગિયારસલા જેઠીને, ધીણોજા સુપ્રમાણ. ૪૦૧

ષડ્ દર્શન.

બ્રાહ્મણ સન્યાસી અને, જોગી જંગમ શેષ ;
જૈન સાધુ વા સેવડા, છઠ્ઠે દિનદરવેષ. ૪૦૨

ષડાતતાઈ કર્મ.

આગ લગાડે દેય વિષ, હરે શસ્ત્ર ધન રાજ ;
હરણ કરે સ્ત્રી સાથ છ, આતતાઈ એ કાજ. ૪૦૩

ષડ્ વન નામ.

વન કાનન અટવી વિપિન, ગહન અરણ્ય વખાણ ;

ષટ્ પંક્તિ નામ.

પંક્તિ આલિ અવલી વિથી, શ્રેણિ રાજિ ષટ્ જાણ. ૪૦૪

Scanned with Cam
Scanned with CamSca

૫૬ કપટ નામ.

કપટ સઘ કૈતવ પ્રપંચ, વ્યાજ દંભ પટ જોય ;
એ પટ તજિ પર બ્રહ્મ રટ, તારણ તરણ સુહોય. ૪૦૫

૫૬ સંવત્સર.

સંવત્સર વત્સર સરત, સાયંન અબ્દ સુજાણ ;
વર્ષ-સહિત એ પટ ગણે, સંવત્સર એધાણ. ૪૦૬

૫૬ ચક્રવર્તી.

માન્ધાતા યુધ મારને, કાર્તિવિર્ય ભર્તોય ;
અજય પાળ પુકુરવ સહિત, ચક્ર વર્તિ પટ લેખ. ૪૦૭

૫૬ સ્ત્રી અવસ્થા.

કન્યા સમ સુવર્ષ લગિ, ગૌરી દ્વાદશ ધાર ;
મુગ્ધા અષ્ટા દશ લગી, મધ્યા ચોવિશ સાર. ૪૦૮
પ્રૌઢા તો ચાણીશ લગિ, વૃદ્ધા તે પછિ જાણ ;
પટ સ્ત્રિ અવસ્થા એ ગણી, કોવિદ કરે વખાણ. ૪૦૯

૫૬ પ્રથમિય.

ગો કૃષિ ત્રિય વિદ્યા અને, પુત્ર રાજ દરબાર ;
ક્ષણ ન સાચવે તો કહું, જાય જાયથી સાર. ૪૧૦

૫૬ વ્યવહાર વર્જનીય.

ભાઇ ભત્રિજો ભાણુજો, બર ભિક્ષુક ભુધહાર ;
પટ પ્રકાર ત્યાગી કરી, દલપતિ કર વ્યવહાર. ૪૧૧

૫૬ રાજસી પુરાણ.

બ્રહ્મ બ્રહ્માન્ડ વામન સરસ, બ્રહ્મવૈવર્ત સુજાણ,
માર્કંડ ભવિષ્યોત્તર, રાજસિ ગણે પુરાણ. ૪૧૨

Scanned with Cam

Scanned with CamSca

૫૬ સાત્વિક પુરાણ.

નારદ વિષ્ણુ વરાહને, ગરુડ પદ્મ સુખકાર ;
ભગવત્ રૂપી ભાગવત્, એ સાત્વિક નિર્ધાર. ૪૧૩

૫૬ તામસી પુરાણ.

મીન કુર્મ વળિ લિંગ શિવ, સ્કંધ સુ અગ્નિ વિચાર ;
તામસ શિવનૂં અંગ તે, સુણતાં ભવ જળ પાર. ૪૧૪
રાજસિ સાત્વિક તામસી, વૈષ્ણવ ભતેસુ લેખ ;
શિવગત એયકિ ભિન્ન છે, દશ સંખ્યામાં પેખ. ૪૧૫

૫૬ પ્રીતિ લક્ષણ.

જમવૂં અને જમાડવૂં, આપવું લેવું સુરીતિ ;
કહેવું સાંભળવૂં સહિત, ૫૬ પ્રિય પ્રીતિ સુનીતિ. ૪૧૬

૫૬ રાગ.

ભૈરવ મેઘ મલાર ને, કવિ શ્રીરાગ વિચાર ;
માલકોસ દીપક અને, હિંડોલ ૫૬ પ્રિયકાર. ૪૧૭
રાગ રાગણી તાલ સ્વર, ગ્રામ અને મુરછાન ;
આરોહી અવ રોહિના, બંદ સહિત ગુણ જ્ઞાન. ૪૧૮
સુરયા વા શ્રુતિ કોટિ ગણું, ઓગણપચાસ તાન ;
પુંત્ર પુત્રની ભારજા, યથા મતી કહું આન. ૪૧૯
વિકૃતિ અલંકૃતિ બેદને, સ્પષ્ટ રાગના રૂપ ;
સકળ રાગ સરગમ સહિત, દલપતિ કહે અનૂપ. ૪૨૦

સમ વિષ બ્રહ્મ પ્રકાર.

શુદ્ધ સાક્ષિ બે લેખતા, અસ્તિ ભાતિ પ્રિય ચાર ;
પ્રિયતા નામ સ્વરૂપતા, બ્રહ્મ સમ વિષ સાર. ૪૨૧

સમ સ્વર્ગ.

પ્રથમ કહું ભૂ લોક ને, ભુવર લોક સ્વર લોક ;
મહરલોક જન લોક ને, તપ વળિ સત્ય સુલોક. ૪૨૨

Scanned with Cam

Scanned with CamSca

સપ્ત દેવ પુરી.

શિવપુરિ વિષ્ણૂ બ્રહ્મપુરિ, અમરાવતી વિચિત્ર ;—
અલકાવતિ વરૂણાવતી, સપ્તમ યમપુરિ મિત્ર. ૪૨૩

સપ્ત મુક્તિ પુરી.

મથુરાં માયા અવધપુરિ, કાશી કાન્ચિ પ્રમાણ ;
દ્વારપિતી અવંતિકા, સપ્ત મુક્તિપુરિ જાણ. ૪૨૪

સપ્ત દ્વીપ.

જંબુ પ્લક્ષ કુશ ક્રૌંચ એ, ચતૂર દ્વીપ સુજાણ ;
શાક શાલ્મલી સમમો, પુષ્કર દ્વીપ વખાણ. ૪૨૫

સપ્ત સમુદ્ર.

લવણસિન્ધુ ને ઇક્ષુ રસ, સિન્ધુ સુરાની ખાણ ;
ઘૃત દધિ દુગ્ધ સુનીરનો, સિન્ધુ શુદ્ધ ઉર આણ. ૪૨૬

સપ્ત મહા પર્વત જામ્બુ દ્વીપના.

પ્રથમ હિમાલય નિષદ વળિ, વિન્ધ્યગિરી જન જોય ;
મલ્લિમાન ચોથો ગણો, પારિપાત્ર શુભ હોય. ૪૨૭
ગંધમાદન સુગુણી ગણત, હેમકૂટ ઉર આણ ;
સપ્ત મહાપર્વત કહ્યા, જાંબુદ્વીપના જાણ. ૪૨૮

સપ્ત પર્વત ભર્તખન્ડના.

મહેન્દ્ર શુક્તિ સુમલય ને, ઋક્ષક વળિ પરિજાત ;
ગુહ્ય વિન્ધ્યગિરિ સપ્ત એ, ભારતમાં વિખ્યાત. ૪૨૯

સપ્ત મેરૂ.

કંચન શૈલ સુરાલયા, રત્ન ખાણ ઉર આણ;
હેમાદ્રી વળિ દેવગૃહ, સપ્તમ મેરુ સુજાણ. ૪૩૦

Scanned with Cam

Scanned with CamSca

સપ્ત પાતાલ.

અતળ વિતળ ને સુતળ ભણું, તળાતળ શુભ ભાળ;
મહતળ વળિ ગણુ રસાતળ, સપ્તમ ગણુ પાતાળ. ૪૩૧

સપ્તાવર્ણ.

ક્ષિતિ જળ પાવક પવન વળિ, પંચમ ગગન વિચાર;
અહંકાર પટ્ સપ્તમું, મહતતત્વ ગ્રિયકાર. ૪૩૨
એકેકથિ દશગણું મહત, જોતા શોભાવંત;
તે પર માયા જાણુજો, બ્રહ્મ સર્વની અંત. ૪૩૩

સપ્ત.વાર.

સૂર્ય ચંદ્ર ને ભોમ બુધ, ગુરૂ શુક શનિ નામ;
સપ્ત વાર ક્રમથી કહ્યા, આવે જનને કામ. ૪૩૪

સપ્ત અગ્નિ જિવ્હા.

હિરણ્યા ગગના રક્તિકા, કૃષ્ણા સુપ્રભા ભાનુ;
બહુરૂપા અતિરક્તિકા, જિવ્હા સપ્ત કૃપાનુ. ૪૩૫

સપ્ત અપ્સરા.

તિલોત્તમાં રંભા વળી, ઉર્વસિ કેશી વામ;
મંજુઘોષા મેનકા, ધૃતાચી સહ નામ. ૪૩૬

સપ્ત ઋષિ.

કશ્યપ અત્રિ વશિષ્ઠ વળિ, વિશ્વામિત્ર વખાણુ;
ભરદ્વાજ ગૌતમ સહિત, જમદગ્ની ઉર આણુ. ૪૩૭

બીજી રીતે.

પુલહ અત્રિ ભૃગુ અંગિરા, વળી પુલસ્ત વિચાર;
નારદ અને વશિષ્ઠ મળિ, સપ્ત દ્વિવિધ ઋષિ સાર. ૪૩૮

સપ્ત ચિરન્જિવ.

કૃપાચાર્ય બળિ વ્યાસને, હનૂમાન દ્વિજરામ;

Scanned with Cam

Scanned with CamSca

કૃપ વિષે યુક્તિ.

ધનુષ ચક્રને કુન્ત કહું, ગર્ગ યુદ્ધ વર વાત ;
છુરિકા ગદા સગેત એ, મલ્લ યુદ્ધ સહ સાત. ૪૪૦

કૃપે ધાન્ય.

યવ ઘઉં તલ ને કાંગ વળિ, અડદ મોગ ને ભાત ;
કૃપ ધાન્યના નામ એ, ધર્મશાસ્ત્રમાં ખ્યાત. ૪૪૧

કૃપે જગાડવા જોગ.

કાર્ત્તિક, ભૂખ્યો, ભામિની, કૃષિ રક્ષક ભન્ડાર ;
વિદ્યાર્થી, ગુરુ કૃપને, જગાડતાં ન વિચાર. ૪૪૨

કૃપે નજગાડવાજોગ.

અહિ, રાજા, ને સિંહ, શિશુ, અધભાખી, પર શ્વાન ;
વળિ મૂરખ, સહ કૃપ ને, જગાડતાં તોફાન. ૪૪૩

કૃપે ખાલી હાથે ન જવાના ઠેકાણા.

રાજા કન્યા જ્યોતિષી, વૈદ્ય ગુરુ સૂર સિદ્ધ ;
એ રયળ ભેટ લઈ જવે, સફળ કાર્ય ત્યાં સિદ્ધ. ૪૪૪

કૃપે ત્વચા.

રસ શ્રોણિત ને ભેદ કહું, અસ્થિ ગુદા વળિ રેત ;
ત્વચા સહિત એ કૃપને, ત્વચા નામ ગણિલેત. ૪૪૫

કૃપના ભૂષણ.

રાત્રી ભૂષણ ચંદ્રમા, દિવસા ભૂષણ ભાનુ ;
દાસા ભૂષણ ભક્તિ છે, ભક્તા ભૂષણ જ્ઞાન. ૪૪૬
જ્ઞાના ભૂષણ ધ્યાન છે, ધ્યાના ભૂષણ ત્યાગ ;
ત્યાગા ભૂષણ શાન્તિ પદ, દલપતિ અમળ અયાગ. ૪૪૭

Scanned with Cam

Scanned with CamSca

સમ સ્વર.

બવ બાલવ કૈાલવ તિતલ, ગિર વળિ વણુજ સુવિષ્ટિ ;
કલ્યાણી એ સમ છે, સુકળદાઇ સ્વર સૃષ્ટિ. ૪૪૮

સમ છંદ.

અનુષ્ટુપ ત્રિષ્ટુપ બૃહતિ વળિ, જગતિ પંક્તિ ઉષ્ણીક ;
ગાયત્રી સહ સમ એ, પન્ડિત વદંત અધીક. ૪૪૯

સમ કાન્ડ રામાયણના.

બાળ અયોધ્યા કાન્ડ વળિ, ત્રીજો અરણ્ય ધાર ;
કિષ્કિન્ધા સુંદર અને, લંકા ઉત્તર સાર. ૪૫૦

સમ ચુમ્બન સ્થળ.

અધર કપોળ લિલાટ દૃગ, ચિબુક કંઠને છાતિ ;
પ્રેમીજન એ સમ સ્થળ, કરતા ચુમ્બન ખ્યાતિ. ૪૫૧

સમ સુખ.

ખાન પાન ગૃહ ત્રિયા સુત, નિરોગ સુન્દરા સ્વરૂપ ;
એ સાતે સુખ સમજિલે, કોવિદ કહે અનૂપ. ૪૫૨

સમ જાત મોતી.

શુક્તિ શંખ સૂકર અને, વેણૂ કૃષ્ણિજ વખાણ ;
તિમિંગલ ગજ મુક્તા વદત, સમ જાતિ ઉર આણ. ૪૫૩

સમ જ્ઞાન ભૂમિકા ભેદ.

શુભ ઇચ્છા સુવિચારણા, તન માનસા તું ધાર ;
સત્વાપત્તિ વિચારિલે, અસંસક્તિ પ્રિયકાર. ૪૫૪
પદાર્થા ભાવિની, સમમ તુરિયા જાણ ;
ન્યારા ન્યારા ભેદનું, કવિજન કરે વખાણ. ૪૫૫

ઇચ્છા લક્ષણ.

વિષય વિષે થઇ દીનતા, ગુરુ તીરથ અનુરાગ ;

Scanned with Cam

Scanned with CamSca

કથા શ્રવણ કરવી ગમે, એ ઇચ્છાનો યાગ. ૪૫૬

વિચારણા લક્ષણ.

બીજી કહું વિચારણા, ઉપજ્યો તત્વ વિચાર ;
તે એકાન્તજ શોધતો, જ્ઞાનો આ સંસાર. ૪૫૭

તનુમાનસા લક્ષણ.

તનુમાનસા ત્રિજી ગણે, મનને પ્રત્યાહાર ;
સ્થિર થઇ શુદ્ધ સ્વરૂપમાં, રાખે સદા વિચાર. ૪૫૮

સત્વાપત્તિ લક્ષણ.

ચોથી સત્વાપત્તિ છે, અનુભવ ઉદય અનૂપ ;
ખૂટયું તન અભિમાન તવ, નિશ્ચય કર્યું સ્વરૂપ. ૪૫૯

અસંસક્તિ લક્ષણ.

આતમ જાગ્યે જે શોભતાં, જ્યમ સિન્ધુમાં તરંગ ;
અસંસક્તિ એ ભૂમિકા, પંચમ પંડિત રંગ. ૪૬૦

પદાર્થા ભાવિની લક્ષણ.

કહે પદારથ બુદ્ધિ લગિ, સીનો થઇ અભાવ ;
તેહ પદાર્થ ભાવની, પટિ ભૂમિ દેખાવ. ૪૬૧

તુરીયા લક્ષણ.

ભાવા ભાવ નહીં કંઈ, સમમ તુરિયા સાર ;
આગ્રહ નિગ્રહ જ્યાં નહીં, તો ત્યાં સાર અસાર. ૪૬૨

સમ ભૂમિકા બીજી.

વિનય પત્રિકા ને વિષે, સમ ભૂમિકા જાણ ;
ઇશ્વર ઉપર બે કહું, જીવન પંચ પ્રમાણ. ૪૬૩
પ્રથમ કહે સૌ દીનતા, માન ગર્ષતા જાણ ;
ભય દરશન ભસ્તન વણી, આશ્વાસન સુવખાણ. ૪૬૪

Scanned with Cam

Scanned with CamSca

મનોરાજ્ય વરણન કરે, અતિ વિચાર મન આણ ;
સમ ભૂમિકા નામનું, કોવિદ કરે વખાણ. ૪૬૫

સમ ધાતુ સ્વામિ સહિત.

કંચન રૂપું તામ્ર વળિ, સીસું કલાઇ વિચાર ;
પારો લોઢું સ્વામિ જો, ક્રમથી ગ્રહ ઋષિ સાર. ૪૬૬

સમ ઉપ ધાતુ.

અભ્રખ સોમલ મનસિલસુ, ગંધક ને હરતાલ ;
સુવર્ણમાખી ગેરુસહ, પ્રિય ઉપધાતુ સમાલ. ૪૬૭

સમ ગોત્ર તારક.

છપ્પય છંદ.

પિતા પક્ષ ચોવીશ, વીશ માતા વળિ જાણો ;
ત્રિયના સોળ પ્રમાણ, પુત્રિના બાર વખાણો ;
એકાદશ કુળ ભગિનિ, કોઇ દશ કુળ પ્રિય ધારો ;
જનનિ પિતા કુળ અષ્ટ, સ્પષ્ટ સુતિ ભેદ વિચારો ;
કુળ તારક એકશત એકજ, જાવલ્લે જગમાં અરે ;
નિત્ય કર્મ પંચ યજ્ઞો કરી, દલપતિ તારીને તરે. ૪૬૮

સમશ્રી વલ્લભ સંપ્રદાયના ગાદીપતી.

દોહરા.

શ્રી ગિરિધર ગોવિંદ શ્રી, બાળકૃષ્ણ સુખ ધામ ;
શ્રી ગોકુળપતિ રઘુપતી, યદુપતિ શ્રી ઘનશ્યામ. ૪૬૯

સમ બહિર રતિ.

આલિંગન ચુમ્બન પરસ, મર્દન નખ રદ દાન ;
અધર પાન સહ જાણિયે, બહિરતિ સમ તું માન. ૪૭૦

સમ અંતર રતિ.

સ્થિત તિર્યક સન્મુખ વિમુખ, અધ. ઉર્ધ્વ જ ઉત્તાન ;

Scanned with Cam

Scanned with CamSca

સમાંતર રતિ સમજિયે, દલપતિ કહે ગુણવાન. ૩૭૧

સમ સૂર.

ષડજ ઋિષભ ગાન્ધાર વંળિ, મધ્યમ પંચમ જાણ ;
ધૈવત અને નિખાદ સહુ, એ સ્વર સમ વખાણુ. ૪૭૨

સમ પાન્ડવની અક્ષૌહિણી સેના પ્રમાણ.

અયુત હસ્તિ શત રથ કહ્યા, પ્રતિરથ તુરિ શત સાર ;
પ્રતિ તુરિ નર શત ધર્મના, અક્ષૌહિણી વિચાર. ૪૭૩

સમ વ્યસન.

મૃગયા દ્યૂત રમત અને, માસ ભક્ષણે ખ્યાત ;
મદ્યપાન ગુણિકા ગૃહે, પરત્રિય ચોરી સાત. ૪૭૪

અષ્ટ શ્રી મહાદેવની સ્વયંવ્યક્ત મૂર્તિ.

નીલેશ્વર કાલેશ્વરજ, વૈજનાથ રામેશ ;
ઓમકુનાથ કેદાર વળિ, ગોકર્ણ સુવિશેષ. ૪૭૫

અષ્ટ શ્રી વિષ્ણુની સ્વયંવ્યક્ત મૂર્તિ.

બદ્રી પુષ્કર મુક્તને, રમા નાથ રંગ નાથ ;
મુક્ત કેશ વ્હાલા ગણે, અષ્ટમ ઠાકુર નાથ. ૪૭૬

અષ્ટવિધ હરિહરની પૂજનીય પ્રતિમા વા લિંગ.

કાષ્ટ મૂર્તિ શિલા મૂર્તિ કહું, ચન્દન લેપન યુક્ત ;
ચિત્ર કાગળ ઉપર લખે, પ્રતિમા સુવર્ણ યુક્ત. ૪૭૭
વળી મણીમય જાણિયે, ને મૃત્તિકા કહંત ;
રત્નમણિ સહિત હરિહરનિ, પ્રતિમા પૂજે સંત. ૪૭૮

વૈકુન્ઠના અષ્ટ દ્વારપાળ.

દ્વારપાળ કહું પૂર્વના, ચંડ અને સુપ્રચંડ ;
દક્ષિણના બે જાણિયે, ભદ્ર સુભદ્ર અખંડ. ૪૭૯

Scanned with Cam

Scanned with CamSca

પશ્ચિમદ્વારે જય વિજય, કરે મુનીશ વખાણ ;
ઉત્તર ધાતા વિધાતા, દ્વારપાળ સુપ્રમાણ.. ૪૮૦

અષ્ટ દેવ ચોની.

કિન્નર ચારણ યક્ષને, વિદ્યાધર ગાન્ધર્વ ;
સિદ્ધ યોગિ મુનિ અષ્ટ ધતિ, દેવ સમીપે સર્વ. ૪૮૧

અષ્ટ માતૃકા.

બ્રાહ્મી માહેશ્વરિ અને, કૌમારી વળિ જાણ ;
વૈષ્ણવિ વારાહી ગુણી, ઇન્દ્રાણી ઉર આણ. ૪૮૨
ચામુન્ડા છે સપ્તમી, મહાલક્ષ્મી મળિ અષ્ટ ;
માતા ધાતા જગતની, ભજો હરે સૌ કષ્ટ. ૪૮૩

અષ્ટ સિદ્ધિ.

અણિમા મહિમા જાણિયે, લઘિમા પ્રાપ્તિ વિચાર ;
પ્રકામિક ને ઇશતા, અવસિત વસિતા સાર. ૪૮૪

અષ્ટ વિધ માયા ભેદ.

ભૂમિ નીર પાવક પવન, અંબર મન બુદ્ધિ માન ;
અહંકાર મળિ અષ્ટએ, માયા ભેદ નિદાન. ૪૮૫

અષ્ટ વ્યાકરણ.

ઇન્દ્ર ચન્દ્ર સુ કાશિ કૃષ્ણ, આપિશલી વ્યાકર્ણ ;
શાકટાયન પાણિનિ અમર, વળિ જયનેન્દ્ર સુવર્ણ. ૪૮૬

અષ્ટ દિશા.

પૂર્વ અગ્નિ દક્ષિણ નિરૃત, પશ્ચિમ વાવ્ય પ્રમાણ ;
ઉત્તર અને ઇશાન સહ, અષ્ટ દિશા ઉર આણ. ૪૮૭

અષ્ટ દિશાના ગ્રહ.

રવિ ભાર્ગવ કુજ રાહુ શનિ, શશિ બુધ ગુરુ કેમ જાણ ;
પૂર્વ આદિલઇ સૂર્યથી, અષ્ટ ગ્રહો નિરમાણ. ૪૮૮

Scanned with Cam

Scanned with CamSca

અષ્ટ દિગપાલ.

ઇન્દ્ર અગ્નિ યમ નૈરુતસુ, વરુણ વાયુ પદ્ ધાલ ;
કુબેર ને ઇશાન સહુ, અષ્ટ કહ્યા દિગપાલ. ૪૮૯

અષ્ટ દીગપાળની અષ્ટ પુરી.

અમરાવતિ ભોગાવતી, નયનવંતી વળિ સિદ્ધ ;
ગાન્ધર્વ સુ કાન્યનવતી, અલકા યશવતી પ્રસિદ્ધ. ૪૯૦

અષ્ટ દિગ્ગજ.

ઐરાવત અભ્રક અને, વામન કુમુદ સુહીક ;
અન્જન પુષ્પો દન્ત ગજ, સાર્વ ભૌમ સુપ્રતીક. ૪૯૧

શ્રીકૃષ્ણજીની અષ્ટ પટરાણી.

પટરાણી કહું કૃષ્ણની, પ્રથમ રુકિમણી જાણ ;
બીજી જાંબુવતી કહી, સતભામા સુવખાણ. ૪૯૨
કાલિન્દ્રી રવિની સુતા, અને મિત્ર ગંદાજ ;
સત્યાભદ્રા લક્ષ્મણા, અષ્ટ કૃષ્ણ સુખ સાજ. ૪૯૩

મુમુક્ષુને અષ્ટ ત્યાગ વસ્તુ.

માયા મમતા મોહ મદ, રાગ દ્વેષ ને કામ ;
દંભ સહિત એ આઠ તજિ, લહે મુક્તિ અભિરામ. ૪૯૪

અષ્ટ સ્ત્રી દૂષણ.

મિથ્યા ભાષણ ત્રિધતા, લોભ અશૌચ વિશોલ ;
માયા નિર્દય અજ્ઞતા, ત્રિય દૂષણ અનમોલ. ૪૯૫

અષ્ટ પલ્લવી.

અલક નેત્ર કર ઔષધી, પુષ્પ શબ્દ વિખ્યાત ;
ડંકા વસ્તુ પલ્લવિ મહીં, ચાતુર કરતા વાંત. ૪૯૬

Scanned with Cam

Scanned with CamSca

અષ્ટ ગ્રંથી અથવા આઠ ગાંઠ કુમેદ લોકોક્તિ.

મનસા વાચા કર્મણા, હસવું ચિતવવું નેક ;
ચલણ ચાતુરી આતુરી, આઠે ગાઠ વિશેક. ૪૯૭

અષ્ટ વસુ.

દ્રોણ પ્રાણ ધ્રુવ અર્કને, અગ્નિ દોષ વસુ જાણ ;
વળિ વિભાવ વસુ કહત મુનિ, અષ્ટ વસૂ ઉર આણ. ૪૯૮

અષ્ટ કુળ ઉરગ અથવા નાગ.

પ્રથમ અનન્તક સૌ કહે, વાસુકિ તક્ષક લેખ ;
કર કોટક વળિ જાણિયે, સંખ કુલિકસુ વિશેષ. ૪૯૯
પદ્મક મહા પદ્મક ગણે, એલાપત્રક જાણ ;
અષ્ટ કૂળ એ નાગનાં, દલપતિ કરે વખાણ. ૫૦૦

અષ્ટ ભૈરવ.

અસિત અંગ વળિ ચન્ડ કહું, ઉન્મત ક્રોધ સુભટ ;
કપાલિ ભીષણ [illegible], સંહારક સહ અષ્ટ. ૫૦૧

અષ્ટ વિધ મૈથુન.

સર્વ ત્યાગ સંકલ્પ રતિ, તનમય ગુપ્ત વિચાર ;
કીર્તન સ્મરણ સુનિરખવું, મૈથુન અષ્ટ પ્રકાર. ૫૦૨

અષ્ટ લજ્જા વર્જનીય.

ગીત કવિત ભણતાં અને, નૃત્ય યુદ્ધ વ્યવહાર ;
અહાર અને સંવાદમાં, લજ્જા અષ્ટ નિવાર. ૫૦૩

અષ્ટ ત્યાગનીય.

લોભી વ્યસની રૌદ્રમય, નિર્ગુણ ક્રૂર કઠોર ;
મહામૂઢ અન્યાયિ નર, ત્યાગ નિત્ય ઉઠિ ભોર. ૫૦૪

Scanned with Cam

Scanned with CamSca

અષ્ટ વસ્તુ રથીવારે ત્યાગનીય.

તેલ તક તામ્બુળને, ઉષ્ણોદક સુપલંગ ;
દાતણ નિશિ ભોજન લવણ, ત્યાગિ કરો સતસંગ. ૫૦૫

અષ્ટ કન્યા વર વર્જનીય.

નિકટ દૂર વળિ અતિ નિકટ, મહાધની ધન હીણ ;
કન્યા દેય ન અદને, કૃપણ દીન રાઠ ક્ષીણ. ૫૦૬

અષ્ટ ઊપદ્વીપ.

અડિલ છંદ.

સ્વર્ણપ્રસ્થને ચંદ્ર, શુકુલ વળિ જાણિયે ;
આવર્તન રમણક, ઉપદ્વીપ વખાણિયે ;
મંદર હરિણ સુ પાંચ, જન્ય શુભ નામ છે ;
(હરિલાં) સિંહલ લંકા અષ્ટ, રપષ્ટ વિશ્રામછે. ૫૦૭

અષ્ટ વર્ણોચ્ચાર સ્થાન.

નાભિ હૃદય ગ્રિવ શિર અધર, નાક તાળુ સહ સાત ;
રસના મૂળ સહિત વદે, વાણિ સ્થાન વિખ્યાત. ૫૦૮

અષ્ટ મહાતીર્થ.

અગ્નિ કામ્ય અરણ્યકા, પ્રયાગ શુલ્ક પ્રભાસ ;
તીર્થ કાશિને દ્વારિકાં, કહ્યાં પ્રકાશ પ્રકાશ. ૫૦૯

અષ્ટ રંગ ગંજીફો.

સુરખ બરાત કુમારને, ચંગ ન્યૂન સુંખ સાર ,
તાજ સુપેત ગુલામ વળિ, તેગ અધિક પ્રિયકાર. ૫૧૦

અષ્ટરાજ સેવા દર્શન સમય.

પ્રથમ મંગળા ને વળી, બીજે કહું શૃંગાર ;
ગોવાળ ત્રિજે ગણ ચતુર, રાજ ભોગ સુવિચાર. ૫૧૧

Scanned with Cam

Scanned with CamSca

ઉત્યાપન પછિ ભોગના, સંધ્યાર્તી સુખદાય ;
શયન સહિત એ અષ્ટ ગણિ, જન દર્શણને જાય. ૫૧૨

સાષ્ટાંગ પ્રણામ વિધિ.

શિર દૃષ્ટી ઉર મન વચન, કર જાનૂ પદ અષ્ટ ;
હરિહરને સાષ્ટાંગ સહ, પ્રણામ વિધિ કહિ સ્પષ્ટ. ૫૧૩

અષ્ટ ધાતુ ઉન્મત્તિ.

અરિલ્લ છંદ.

કલાઇ સીસું વિર્ય જાણિલે ઇન્દ્રનું,
શિવ પારદ સતિ ગંધક કનક સુચંદ્રનું ;
રવિ રૂપું હળધરનું અભ્રખ જાણિયે,
(હરિહાં) લક્ષ્મી મનસિલ હરિ હરતાલ પ્રમાણિયે. ૫૧૪

અષ્ટ ગંધ.

દોહરા.

કુમકુમ કેસર કસ્તુરી, અગર તગર કરપૂર ;
મળિયાગર ચંદન અને, સોંધા સુગન્ધ ચૂર. ૫૧૫

અષ્ટ દગ્ધાક્ષર ભેદ.

હ ઝ ઘ ન ધ ભ ર ખ આદિ છે, દગ્ધાક્ષર કવિ લેખ ;
નર કવિતામાં પ્રથમ પદ, ધરતા વિઘન વિશેષ. ૫૧૬

અષ્ટ દગ્ધાક્ષર ફળ.

સોરઠો.

હ ધન હાનિ ઝ ક્લેશ, ઘ તન ઘાત ન વિલાસ ક્ષય ;
ધ ગૃહશુન્ય ભ વિદેશ, ર તનરોગ ખ મરણ કરણ. ૫૧૭

અષ્ટ ગણ રૂપ દેવ ફળ વર્ણ વંશ પ્રત્યેકના ષડંગ.

મગણનું ઉદાહરણ.

(દોહરા).

ત્રણ ગુરુ રવ ક્ષિતિ દેવતા, શ્રીફળ શ્વેત સુરંગ ;

Scanned with Cam

Scanned with CamSca

"થમ મૂખ દ્વિજ વંસમાં, મગણ ઉદય પ્રિય અંગ. ૫૧૮

નગણનું ઉદાહરણ.

ત્રિલધુ રૂપ સુર સ્વર્ગ ફળ, યશધી ચિત્ર વખાણ ;
અલ બાહુ કુળ ક્ષત્રિમાં, નગણ ઉદય વિધિ જાણ. ૫૧૯

ભગણનું ઉદાહરણ.

ભગણ આદિ ગુરુ ચંદ્ર સુર, ફળ યશ કરત પ્રશંસ ;
પિત્ત વર્ણ પોપટ સમો, વળિ વિદ્યાધર વંશ. ૫૨૦

યગણનું ઉદાહરણ.

રૂપ આદિ લધુ સલિલ સુર, ફળ આપૂરં વિચાર ;
શ્યામ રંગ ઘનશ્યામ સમ, વૈશ્ય વંશ ચિત ધાર. ૫૨૧

જગણનું ઉદાહરણ.

રૂપ મધ્ય ગુરુ સુરજ સુર, રોગદ પિત્ત સુજાણ ;
પવન પુત્ર કુળ કવિ ગણે, જગણ ઉદય ઉર આણ. ૫૨૨

રગણનું ઉદાહરણ.

રગણ મધ્ય લધુ અગ્નિ સુર, ફળ વિનાશ કુળ કાળ ;
રક્ત વર્ણ કવિજન કહે, રગણ ઉદય સંભાળ. ૫૨૩

સગણનું ઉદાહરણ.

સગણ અંત ગુરુ પવન સુર, ફળ વિદેશ દુખદાઇ ;
પવન વંશ છે નિલ વરણ, સગણ ઉદય પ્રિય ભાઇ. ૫૨૪

તગણનું ઉદાહરણ.

તગણ અંત લધુ દેવ નભ, શુન્ય ફળ વરણ શ્યામ ;
ઉમત્તી ફેલ્યાદ કુળ, ઉદય તગણ ગણ નામ. ૫૨૫

Scanned with Cam

Scanned with CamSca

અષ્ટ ગણના રૂપી.

અરિલ છંદ

મન ભય જર સંત અષ્ટ ગણ સુક્રમ જાણિયે,
કશ્યપ કવિ અંગિરા અત્રિ સુપ્રમાણિયે ;
ગૌતમ કૃત્ય સુકૌશિક વસિષ્ટ ક્રમ તથા,
(હરિહાં) હરિ પર્યંક શેષથી ગુરૂડે સુણિ કથા. ૫૨૬

અથ અક્ષર ગણ સંખ્યા નામ રૂપ દેવતા ફળ વર્ણ વંશ મિત્રાદિ ફળ સહિત અષ્ટાંગ.

ગણ	ગણનામ.	રૂપ.	દેવ.	ફળ.	વર્ણ.	વંશ.	મિત્રાદિ.	ફલ.
૧	મગણ.	ડ ડ ડ	મહી.	લક્ષ્મી.	સ્વેત.	બ્રાહ્મણ.	મિત્ર.	શુભ.
૨	નગણ.	ા ા ા	સ્વર્ગ.	બુદ્ધિ.	ચિત્ર.	ક્ષત્રિય.	મિત્ર.	શુભ.
૩	ભગણ.	ડ ા ા	શશિ.	યશ.	પિત્ત.	વિદ્યાધર	દાસ.	શુભ.
૪	યગણ.	ા ડ ડ	સલિલ.	આયુ.	સ્યામ.	વૈશ્ય.	દાસ.	શુભ.
૫	જગણ.	ા ડ ા	રવિ.	રોગ.	પિત્ત.	પવન.	ઉદાશ.	અશુભ
૬	રગણ.	ડ ા ડ	અગ્નિ.	દાહ વીનાશ.	રક્ત.	અગ્નિ.	શત્રુ.	અશુભ
૭	સગણ.	ા ા ડ	વાયુ.	વિદેશ.	નિલ.	વાયુ.	શત્રુ.	અશુભ
૮	તગણ.	ડ ડ ા	નભ.	શુન્ય.	સ્યામ.	ક્રવ્યાદ.	ઉદાશ.	અશુભ

દ્વિગણ વિચાર.

દોહરા.

મગણ નગણ બે મિત્ર છે, ભગણ યગણ બે દાસ ;
રગણ સગણ બે શત્રુ છે, જગણ તગણ ઉદાસ. ૫૨૭

શુભાશુભ ગણ વિચાર.

મગણ નગણ ને ભગણ વળિ, યગણ શુભ તું વિચાર ;
જગણ રગણ ને સગણ વળિ, તગણ અશુભ સરદાર. ૫૨૮

Scanned with Cam

Scanned with CamSca

દ્વિગણનાં ફળ.

ભિત્ર ભિત્ર ભેળા રહે, તો ત્યાં લક્ષ્મી વાસ ;
ભિત્ર દાસ ભેળા રહે, તો જય પામે ખાસ. ૫૨૯
દાસ દાસને ભિત્ર એ, બળવે બળતી સિદ્ધિ ;
ઉદાસ ભિત્ર ત્યાં એકઠા, સાધારણ ફળ રિદ્ધિ. ૫૩૦
ઉદાસ દાસ અને રિપૂ, સાથે ઉદાસ હોય ;
ભિત્રરિપૂ ત્રણ ભેગુઞે, ભેળી ત્યાં દુખ જોય. ૫૩૧
દાસ અનેજ ઉદાસ વળિ, શત્રુ શત્રુ દુખકાર ;
ભિત્ર ઉદાસ જુગલ મળે, હાનિ મલાચિત ધાર. ૫૩૨
દાસ રિપૂજ ઉદાસને, ઉદાસ મળતા હોય ;
નેરિપુ ભિત્ર જુગલ મળે, ત્યાં ફળ ઊંધું જોય. ૫૩૩
રિપૂ દાસ બે એકઠા, તવ ત્યાં સ્ત્રીનો નાશ ;
પૂર્વ ગ્રંથ કરતા કહે, ગુણિ નવ યશ નિરાશ. ૫૩૪

અથ ભિત્રાદિ યુગલ ફળ વિચાર દર્શક.

૧	ભિત્ર. ભિત્ર.	.....	લક્ષ્મીદાયક.	શુભ.
૨	ભિત્ર. દાસ.	.....	જયદાયક.	શુભ.
૩	દાસ. દાસ.	દાસ. ભિત્ર. |	સિદ્ધિદાયક.	શુભ.
૪	ઉદાસ.ભિત્ર.	.....	સાધારણ.	મધ્યમ.
૫	ઉદાસ. દાસ.	રિપુ. ઉદાસ. | ભિત્ર. રિપુ.	દુઃખદાયક.	અશુભ.
૬	ઉદાસ. રિપુ.	.....	કુળરોધક.	અશુભ.
૭	દાસ. ઉદાસ.	રિપુ. રિપુ. | ભિત્ર ઉદાસ.	હાનીકારક.	અશુભ.
૮	દાસ. રિપુ.	ઉદાસ ઉદાસ. | રિપુ ભિત્ર.	વિફળકારક.	અશુભ.
૯	રિપુ. દાસ.	.....	સ્ત્રીનાશક.	અશુભ.

નાગ પિંગળે માત્રા ગણ ભેદ.

માત્રા ગણ ભસ જભન છે, ભુ પવન રવિ શશિ સ્વર્ગ ;
દેવ મુ ફળ ઋિ વિદેશ પિડ, જશ બુદ્ધી શુભ વર્ગ. ૫૩૫

Scanned with Cam

Scanned with CamSca

બે ગુરુ ભગણ નગણ ચતુર, લઘુ એ નાગ પ્રમાણ ;
ભગણ આદિગુરુ જગણમાં, મધ્ય ગુરુ પ્રિય જાણ. ૫૩૬
અંત ગુરુ ગણિ સગણમાં, પંચ વિધી ગણ પેખ ;
મિત્ર શત્રુ દાસાદિફળ, આગળ કહ્યાં વિશેષ. ૫૩૭

અથ માત્રાગણ સંજ્ઞા નામ રૂપ દેવતા ફળ વર્ણ વંશ

મિત્રાદિ ફળ સહીત અષ્ટાંગ.

સંજ્ઞા	ગણનામ.	રૂપ.	દેવ.	ફળ.	વર્ણ.	વંશ.	મિત્રાદિ.	ફળ.
૧	ભગણ.	ऽ ऽ	મહી.	લક્ષ્મી.	શ્વેત.	બ્રાહ્મણ.	મિત્ર.	શુભ.
૨	સગણ.	। । ऽ	વાયુ.	વિદેશ.	નિલ.	વાયુ.	રિપુ.	અશુભ.
૩	જગણ.	। ऽ ।	રવિ.	રોગ.	પિત્ત.	પવન.	ઉદાસ.	અશુભ.
૪	ભગણ.	ऽ । ।	શશિ.	યશ.	પિત્ત.	વિદ્યાધર.	દાસ.	શુભ.
૫	નગણ.	। । । ।	સ્વર્ગ.	બુદ્ધિ.	ચિત્ર.	ક્ષત્રિય.	મિત્ર.	શુભ.

અષ્ટ ગણ વૈરાગ ઉભયાર્થ બોધ.

મન ભય તજરસ છે નહીં, બોલ બુડ્યો સંસાર ;
ગુરુ લઘુ દાસ ઉદાસ વળિ, શત્રુ મિત્ર અપાર. ૫૩૮
ગુરુમાં ગુરુતા છે નહીં, લઘુમાં અતિ લઘુતાઇ ;
દાસ ઉદાસ સુમિત્ર તે, થાય શત્રુ સગ ભાઇ. ૫૩૯

અષ્ટ ગણનાં અષ્ટ વાહન.

મન ભય જરસત ગણતણાં, વાહન ક્રમથી જાણ ;
હસ્તિ હંસ હય રથ અને, પદાતિ પરમ વખાણ.. ૫૪૦
વરાહને સારંગ વળિ, કુમહ અષ્ટમે લેખ ;
મન ભઆદિ ક્રમથી કહ્યાં, ગણ વાહન બુધિ પેખ. ૫૪૧

Scanned with Cam

Scanned with CamSca

પ્રત્યેક રાગના અષ્ટ પુત્ર ભેદ.

પ્રથમ ભૈરવ રાગના અષ્ટ પુત્ર.

હરખ તિલક ને પૂરિયા, વા કહેતા બંગાળ ;
આધવ સોલા પુત્રને, કહેતા સોહુ રસાળ. ૫૪૨
બલનેહજ બલિનાહછે, મધુ પંચમ સહ રૂપટ ;
આદિ રાગ ભૈરવ તણા, પુત્ર કહ્યા એ અષ્ટ. ૫૪૩

મેઘમલાર રાગના અષ્ટ પુત્ર.

જલન્ધર સારંગને, નરનારાયણ જાણ ;
નટને નંદનારાયણ, કહિન્ન કરત વખાણ. ૫૪૪
કલ્યાણ સંકરાભરણ, ગલંધર ગંધાર ;
મૂલા સહ એ મેઘના, અષ્ટ પુત્ર પ્રિયકાર. ૫૪૫

શ્રી રાગના અષ્ટ પુત્ર.

સિન્ધુ માલુ વા માલવ, ગૌડ કુમ્ભ સહ ચાર ;
ગુણસાગર ગંભીર વળિ, સંકર સમ વિચાર. ૫૪૬
કેક કહે બેહાગડો, બિલંગરાનું નામ ;
અષ્ટ પુત્ર શ્રીરાગના, તેગ અષ્ટ છે ધામ. ૫૪૭

માલકોષ રાગના અષ્ટ પુત્ર.

માઝ મેવાડો પ્રબળ, બર બર વા બરહંસ ;
ખમર અને ચંદ્રક ભલા, દલપતી કરે પ્રશંસ. ૫૪૮
ગોખર ને શુભ નંદ એ, માલ કોષના તન્ન ;
પ્રિય પન્ડિત મત દેખતાં, તૃપ્ત ન થાયે મન. ૫૪૯

હિંડોલ રાગના અષ્ટ પુત્ર.

ચંદ્રબિમ્બ આનંદને, મંગળ શોભા ચાર ;
બિભાસ વા ભાસ્કર ભણે, વળિ વિનોદ પ્રિયકાર. ૫૫૦
ગૌરા પ્રધાન અષ્ટ એ, હિંડોલ કેરા પૂત ;
દલપતિરામ પ્રકટ કરે, સમજે હોય સપૂત. ૫૫૧

Scanned with Cam

Scanned with CamSca

દીપક રાગનાં અષ્ટ પુત્ર.

કુન્તલ કુમલ સુકુસુમને, કુસુમ કહે કે એક;
ચંપક રંગ વિલેલ વણિ, લિમાલ વદતા નેક. ૫૫૨
કલિંગ કલિંદ કો કહે, દેશ દેશમાં ફેર;
દીપક સુત એ અષ્ટછે, સીને માંયે મેર. ૫૫૩

પ્રત્યેક રાગના અષ્ટ પુત્રની અષ્ટ ભારજા ભેદ.

પ્રથમ ભૈરવ રાગના અષ્ટ પુત્રની અષ્ટ ભારજા.

વિરાવણી સોહા સુણી, કનિલારિ વા કુમારિ;
ભક્ત ગુજરી સુપતંવડી, સોરઠિ સહ પ્રિય નારિ. ૫૫૪
અંદાલી ને મેરવી, ભૈરવ પુત્રનિરૂપણ;
ભરત મત પ્રમાણે કહી, એહ ભારજા અષ્ટ. ૫૫૫

મેઘ મલાર રાગના અષ્ટ પુત્રની અષ્ટ ભારજા.

કરણાટ વા કરણાટિકે, ગૌરી વિલારિ વામ;
પરજ અને નટમંજરી, વા મઠમંજરિ નામ. ૫૫૬
સુધના વા સુંધનાટ બને, માંઝ અને કરનારિ;
મેઘ મલાર સુપુત્રની, કહિ ભારજા વિચારિ. ૫૫૭

શ્રીરાગના અષ્ટ પુત્રની અષ્ટ ભારજા.

મારવિ વાકે મલાડતે, વિજયા કુમ્ભી સાર;
સિરો સોહની ક્ષેમ વા, ક્ષીગ ચતુર ચિત ધાર. ૫૫૮
સહસ્ત્રશિરપા ધ્યાનજી, રૂપ રૂપના ધામ;
શ્રીરાગના સુપુત્રની, અષ્ટ ભારજા નામ. ૫૫૯

માલ કોષ રાગના અષ્ટ પુત્રની અષ્ટ ભારજા.

ધનાસરીને જેતશ્રી, કામેદી ગંધારિ;
શુદ્ધરાગિને કો કહે, સુંધરાની વિચારિ. ૫૬૦
દુર્ગા ભીમ પલાસિ સહ, સમ ગણુત સકુમારિ;
માલશ્રી વા માલસરિ, અષ્ટ ભારજા પ્યારિ. ૫૬૧

Scanned with Cam

Scanned with CamSca

હિંડોલ રાગના અષ્ટ પુત્રની અષ્ટ ભારજા.

કેરવિ વા કિરવી કહે, લિલાવતી સોહાય ;
પાર્વતિ પૂર્વી ચૈતિ વળિ, સરસ્વતી કહેવાય. ૫૬૨
દેવગિરિને દિલોગિરી, કહે કો કળાવંત ;
તરૂણ સહિત શુભ ભારજા, અષ્ટ સુ કહિ ધિમંત. ૫૬૩

દીપકરાગના અષ્ટ પુત્રની અષ્ટ ભારજા.

મંગળગુજરિ મનોહરા, અહિરિ એમન હમીર ;
માલ ગુજરિ ભોપાલિ વળિ, જય જયવંતિ સુધીર. ૫૬૪
દીપકના પુત્રો તણી, અષ્ટ ભારજા લેખ ;
ભરતાચાર્ય મતે સુગમ, ચતુર વિચારી પેખ. ૫૬૫

રાવણના અષ્ટ પ્રધાન.

તુંગ અને મહાતુંગ વળિ, સંબર ને જલદામ ;
અરિદહન સુકન્ધર અને, મહેન્દ્ર ચૂડ સુનામ. ૫૬૬
રામચંદ્ર સન્મુખ થયો, નાયક મૂંડ સુજાણ ;
અષ્ટ પ્રધાન રાવણતણા, રામાયણથિ પ્રમાણ. ૫૬૭

અષ્ટ મહા નાયિકા.

સ્વાધિનપતિકા ઉત્કલા, વાસકસજ્યા નામ ;
અભિસન્ધિતા વખાણિયે, વળી ખન્ડિતા વામ. ૫૬૮
દલપતિ વિપ્રલબ્ધા અને, પ્રોષિતપતિકા સાર ;
અભિ સારિકા સુઅષ્ટ એ, શુભ નાયિકા વિચાર. ૫૬૯

ક્રોધના અષ્ટ ગણ સમૂહ.

પૈશુન્ય સાહસ અને, ઈર્ષા દ્રોહ વિચાર ;
અસુયાને અર્થ દૂષણ, કટૂ વચન વળિ માર. ૫૭૦

અષ્ટ સાત્વિક ભાવ.

સ્વેદ કંપ સ્વર ભંગ વળિ, સ્તમ્ભ વિવર્ણ બનાવ ;
રોમ હર્ષ અશ્રૂ પ્રલય, આઠે સાત્વિક ભાવ. ૫૭૧

Scanned with Cam

Scanned with CamSca

આઠ કુળ પર્વત.

મેરુ ગંધમાદન અને, મહાનિલાદ્રિ વખાણું ;
સુ ઉદયાચળ અસ્તાચળ, વિંધ્ય ત્રિભગિરિ પ્રમાણ. ૫૭૨
સુવેલ સહ એ આઠ કુળ, પર્વત કહ્યા સુ લેખ ;
વખાણુતા સામાન્ય જન, તેમ ઋષી મુનિ પેખ. ૫૭૩

દેવકીજીના આઠ પુત્ર.

કીર્તિમત્ત સુષેણ વળિ, ભદ્રસેન અર્જુન ;
સમ્ભર્દન ને ભદ્રશ્રી, રામકૃષ્ણ સ્તવમન્ન. ૫૭૪

કૃષ્ણના આઠ સખા.

સૂરદાસ કુમ્ભન અને, કૃષ્ણ સુપરમાનંદ ;
નંદ ચતુર્ભુજદાસ વળિ, સુબલ સુદામા ચંદ. ૫૭૫

અષ્ટાંગ યોગ.

યમ પછિ નિયમ વખાણુતા, આસન પ્રાણુાયામ ;
પ્રત્યાહાર સુધારણા, ધ્યાન સમાધિ સુધામ. ૫૭૬
આસન સૌ રોગો હરે, પાપને પ્રાણુાયામ ;
પ્રત્યાહારસુ પ્રતિ હરે, મનવિકારના કામ. ૫૭૭
ધારણ ફળ મન ધીરતા, અદ્ભુત પ્રભુતા ધ્યાન ;
પામે મોક્ષ સમાધિથી, પુણ્ય પાપ તજિ માન. ૫૭૮

યમ.

સત્ય અહિંસા આરજવ, વળિ આસ્તેય વિચાર ;
બ્રહ્મચર્ય ધૃતિ ક્ષમ દયા, વળિ પરિમિત આહાર. ૫૭૯

નિયમ.

આસ્તિક તપ સંતોષ ને, દાન સુપૂજન પ્રેમ ;
સિદ્ધાન્ત શ્રવણ લાજ મતિ, જપ હોમ દશ નેમ. ૫૮૦

Scanned with Cam

Scanned with CamSca

યોગાસન.

લક્ષચોર્યાશી આસન, જીવયોનિ પ્રતિ જાણ ;
પણ ચોર્યાશી મુખ્ય છે, ત્હેમાં એય વખાણ. ૫૮૧

સિદ્ધાસન.

એડી ડાબા પાગની, યોનિ સ્થાન દ્રઢ રાખિ ;
તેમજ જમણી એડિને, અંડ ઉપર દે નાખિ. ૫૮૨
સમ વિગ્રહ કરિ દૃષ્ટિયી, ભ્રકુટિ મધ્યમાં જોય ;
ઉઘડે મોક્ષ કપાટ જ્યવ, તવ સિદ્ધાસન સોય. ૫૮૩

બદ્ધપદ્માસન.

વામ ઝંઘ પર દક્ષપગ, દક્ષ ઝંઘ પર વામ ;
વળિ પિઠ પાછળ કરયિ ગ્રહિ, પાદાંગુષ્ઠ દમામ. ૫૮૪
ચિબુક વક્ષસ્થળ લાવિને, નાસિકાગ્ર પર ચક્ષ. ;
રોગ હરણ સુખ સિદ્ધિકર, બદ્ધપદ્માસન લક્ષ. ૫૮૫

પ્રાણાયામ.

શ્વાસ ખેંચિ પૂરે ઉદર, પૂરક એહ પ્રમાણ ;
રોકિ રાખવો વાયુને, તે કુંભક તૂં જાણ. ૫૮૬
તજિ દેવો તે પવનને, રેચક જાણ સુજાણ ;
પ્રાણાયામ વિધાનનું, ત્રિવિધ નાભયિ વખાણ. ૫૮૭

પ્રત્યાહાર.

ઇન્દ્રિય મન વશ રાખવાં, પ્રત્યાહાર સુજોય ;

ધારણા.

એક-હાગ ચિત લાવવું, તેહ ધારણા સોય. ૫૮૮

ધ્યાન.

ચિત લાગ્યો લાગ્યો રહે, ધ્યાન કહે કવિ તેહ ;

Scanned with Cam

Scanned with CamSca

સમાધિ.

ધ્યેયસ્તુ પૂરણ ભાંસવું, જાણુ સમાધી એહ. ૫૮૯

વેદપઠન અષ્ટ વિકૃતિ નામ.

પ્રથમ જટા[૧] માલા[૨] શિખા,[૩] વળિ લેખા[૪] ધ્વજ[૫] જાણુ;
દન્ડ ક્રમ[૬] રથ[૭] ઘન[૮] સહિત, અષ્ટ વિકૃતિ વખાણુ. ૫૯૦

નવદુર્ગા.

સુભગ શૈલ પુત્રી અન્યે, બ્રહ્મચારિણી જાણુ ;
ચરણ ચંદ્રઘન્ટા સમરી, કુષ્માન્ડા ઉર આણુ. ૫૯૧
સ્કન્ધમાતુકાત્યાયની, કાળરાત્રિનું ધ્યાન ;
મહાગૌરિને સિદ્ધિદા, નવદુર્ગા પ્રિય માન. ૫૯૨

નવનિધિ.

મહાપદ્મ ને પદ્મ કહું, કચ્છપ વળી મુકુંદ ;
ખર્વ શંખને મકર ગણુ, લીલા જાણુતું કુંદ. ૫૯૩

નવ નાડી.

ઇડા પિંગળા સુક્ષ્મણા, પયશ્વની સુભણુંત ;
ગંધારી ગણુ પાંચમી, શંખિનિ લક્ષણુ વંત. ૫૯૪
પુરૂષા અને અલંબુકા, કુહુકા સહ નવ નાડિ ;
કવિ યોગી મુનિ જાણુતા, એક ન લહે અનાડિ. ૫૯૫
ઇડા પિંગળા પ્રગટછે, ચંદ્ર સૂર્યથિ પ્રમાણુ ;
જમણે સૂર્ય ડાબે શશી, મધ્ય શુક્ષ્મણા જાણુ. ૫૯૬
પ્રાણ અપાન સ્વરૂપ જિવ, ઇડા પિંગળા માંહિં ;
જોઅધ ઉર્ધ્વ વહે ગ્રહે, અવર પંથ તે નાંહિં. ૫૯૭

સોહં શબ્દ વિચાર.

ઉહાર સકાર કહાડેનતે, પેઠે થાય હકાર ;
અજપા જપ એ જપત જિવ, નિશદિન વિના વિચાર. ૫૯૮

Scanned with Cam

Scanned with CamSca

સુદેલ રૂપ દેવાલય, પ્રલગાતમાં દેવ ;
નિર્માણ અવિંધા કાર્યને, પૂજ સ્વાંગિ અલેવ. ૫૯૯
જે પૂરણ પરબ્રહ્મતે, પ્રલગાતમા જાણ ;
સોહં સોહં શબ્દ ભણિ, નિશદિન પૂજિ વખાણ. ૬૦૦
તે ઇશ્વરને જાણિયે, અહં શબ્દ ગણિ જીવ ;
સોહં તજિ રહિ એકરસ, બ્રહ્મ જીવ નહિં શીવ. ૬૦૧

શ્વાસ પ્રમાણ.

શ્વાસ જાણ કોટી તણો, આયુષ્ય જાણ સુ જાણ ;
શ્વાસ વિતે તવ માનવું, મૃત્યુ નામ પ્રમાણ. ૬૦૨
ઋષિના ત્રિગુણ લબ્ધર ગણ, પટ્શત શ્વાસ પ્રકર્ષ ;
અહનિશ વર્તે વૃત્તિમાં, અનઘ જિવે શત વર્ષ. ૬૦૩
અકાળ મૃત્યુથિ કોમરે, તે યદિ ભુગતે ભૂત ;
સર્વ શ્વાસ વીતી જતાં, આવેછે યમદૂત. ૬૦૪

બ્રહ્માના માનસિક પુત્ર.

અત્રિ મરીચી અંગિરા, વળિ પુલસ્ત વખાણ ;
પુલહ અને ક્રતુ જાણવા, ઉર પ્રચેતા આણ. ૬૦૫
વશિષ્ટ ને ભૃગુમાનસિક, સેહ નવ જગ કરતાર ;
નારદ વણ સંતાનછે, બ્રહ્મ પુત્ર નિર્ધાર. ૬૦૬

નવદ્વાર શરીર.

મુખ દૃગ નાશા કર્ણ મળિ, સપ્ત શિખણ શુદ્ધ હોય ;
એ નવદ્વાર શરીરના, શુણિ ગણના કરિ જોય. ૬૦૭

બ્રહ્માના શારીરિક પુત્ર.

ભ્રમણા અંગૂઠાથિ જય, દક્ષ પ્રજાપતિ નામ ;
દક્ષિણ સ્તનથી ધર્મછે, વણી હૃદયથી કામ. ૬૦૮
ક્રોધ ઉદય ભૃવમધ્યથી, અધરથિ ઉદયો લોભ ;
મોહ બુદ્ધિથી ઉદય છે, મદ અહંકારથિ શોભ. ૬૦૯

Scanned with Cam

Scanned with CamSca

હુઈ કુંડ ચળિ મૃત્યુ દૃગ, નવસારીરિક હોય ;
કન્યા અંગજા તો ભલી, સરસ્વતી પ્રિય જોય. ૬૧૦

નવ ખન્ડ.

ભરત ઇલાવૃત કિંપુરુષ, ભદ્રખંડ કિતુમાલ ;
કહે હિરણ્ય-રમ્ય-હર, વળિ કુરુખન્ડ વિશાલ. ૬૧૧

ભરતખન્ડના નવખન્ડ.

પ્રથમે ઐન્દ્રક સેરુ વળિ, તામ્રપર્ણ પ્રિયકાર ;
ગોયોખંડ ગભસ્તિમત, ને કુમારિકા સાર. ૬૧૨
નાગ સૌમ્ય વારુણ અને, ગન્ધર્વ સહ નવ ખન્ડ ;
ભરતખન્ડના એ ગણો, જ્હેમાં ધર્મ પ્રચન્ડ. ૬૧૩

નવ મહા યોગેશ્વર.

કવિ હરિતા હારિત અને, અંતરિક્ષ પરબુદ્ધ ;
પિપ્પલાયન આવિર્હોત્રિ અતિ શુદ્ધ. ૬૧૪
સામભ દ્રુમિલ ગણિ કહે, ચમસ ચમસ વખાણ ;
કરભાજનયુત પરમ જન, નવ યોગેશ્વર જાણ. ૬૧૫

નવ દ્રવ્ય.

પંચ ભૂતને કાળ વળિ, દિગ આત્મા મન પેખ ;
નૈયાયિક મતથી ગણે, એ નવ દ્રવ્ય સુલેખ. ૬૧૬

નવ રત્ન.

—માણેક મુક્તા વિદ્રુમસુ, પન્નાને પુખરાજ ;
હીરા નીલમ લસણિયો, પિરોજાદિ નવ સાજ. ૬૧૭

બીજી રીતે નવગ્રહરૂપ નવ રત્ન.

છપ્પય છંદ.

માણિક ભાનુ રૂપ, શશી મુક્તાફળ જાણો ;
વિદ્રુમ મંગળ રૂપ, બુદ્ધ પન્નાજ વખાણો ;

Scanned with Cam

Scanned with CamSca

પુખરાજન ગુરૂ શુક્ર, વજ્ર શનિ લીલમ કહિયે ;
ગોમેદ રવ રાહુ, કેતુ વૈદુર્ય મુલહિયે ;
નવગ્રહ સ્વામી નવ રત્નથી, સુધડ શૃંગાર શૃંગારતા ;
પ્હેરી કરમાં જન નવ ધરાં, નવ ગ્રહ દોષ નિવારતા. ૫૧૮

નવ ગ્રહ જેષ્ટિકા.

દોહરા.

આક પલાસ સુખેર ને, આમલિ પીપર જાણ ;
ગુલ્લર શમિ દુર્વાસુકુરા, ગ્રહ જેષ્ટિકા વખાણ. ૫૧૯

નવ ગ્રહની ઔષધી.

લજ્જાળૂ ને કુષ્ટ વળિ, બોહેડા કાંગણિ ખાલ ;
મોથ અને સરસવ કહું, વળી હરિદ્રા બાલ. ૫૨૦
સરખો લોધર સહિત, નવગ્રહ ઔષધી જોય ;
જળમાં ઉકાળિ ન્હાય જન, ગ્રહ બાધા નવ હોય. ૫૨૧

નવધા ભક્તિ ભેદ.

શ્રવણ કીર્તન સુસ્મણેન, પાદસેવ અનિગેધ ;
અર્ચન વંદન દાસતા, સાખ્યસુ આત્મ નિવેદ. ૫૨૨
વિના ભક્તિ ફળ શુન્યછે, જહેવો પ્રિય રસ દ્રાક્ષ ;
નવધા ત્રિવિધ ગણાયછે, શાસ્ત્ર પૂરતાં સાક્ષ. ૫૨૩

પ્રથમ શ્રી નારાયણી.

વૈશમપાયન શ્રવણુમાં, વ્યાસ કીર્તન પ્રમાણ ;
નારદ સ્મર્ણે કહત મુનિ, પાદાર્ચન પૃથુ જાણ. ૫૨૪
વંદન અક્રુ જાણિયે, વિશ્વકસેન સુદાસ ;
સખા પરપર હરિહરા, બળિઅર્પિત સૌ આશ. ૫૨૫

દ્વિતીય શ્રી રામી.

વૈદેહી સુત શ્રવણુમાં, વાલમીકૃ વ્યાખ્યાન ;
કુમ્ભજ શિષ્યસું સ્મર્ણુમાં, ભરત ચરણ રતિમાન. ૫૨૬

Scanned with Cam

Scanned with CamSca

અર્ચન સિવરીયે કર્યૂ, વંદન વિભિષણ ખ્યાત ;
હનૂમાન પ્રિય દાસ પદ, કપિ પતિ છે પ્રખ્યાત. ૬૨૭
ગિદ્ધરાજ સર્વસ અરપ્યુ, એ નવધા સુ પ્રમાણ ;
નન્દ નન્દન તણા સુભગ, ભક્ત ભક્તિ સુવખાણ. ૬૨૮

શ્રીકૃષ્ણ.

શ્રવણમાં પરીક્ષિત ભલો, કીર્તન શ્રી શુકદેવ ;
બ્રજનારી સ્મર્ણે ગણી, ઉદ્ધવ રજ પદ સેવ. ૬૨૯
અર્ચન ઋષિ પત્નિ સુગમ, સુદ્દલક પુત્ર પ્રણામ ;
ભિષ્મક ભક્તિ દાસતા, અર્જુન સખા બિરામ. ૬૩૦
કુન્તી સરવસ અર્પિને, લીધૂં પદ નિર્વાણ ;
એહ ત્રિવિધ કહિ મત મતે, નવધા ભક્તિ પ્રમાણ. ૬૩૧
નવધાથી દશધા પ્રકટ, દશધાથી સુગનન્વ ;
તે અનન્યથી પરપરા, પ્રાપ્ત થાય તવ ધન્ય. ૬૩૨

દશધા પ્રેમ લક્ષણા.

[illegible] શુભ પ્રેમ ગળિ, દશધા ભક્તિ સુજાણ ;
પ્રેમ લક્ષણા લક્ષિકો, દશધા સંત પ્રમાણ. ૬૩૩

અનન્ય.

પંચ ભૂત ચર અચરમાં, જોય આપણો નાથ ;
નિજ સેવકની વાન્છના, તે અનન્ય પ્રભુ સાથ. ૬૩૪

પરા.

સૌથી પર પરબ્રહ્મછે, સત્ ચિત્ આનંદ મૂળ ;
પરથી પરા સુજ્ઞણિને, હરે સકળ ભવ શૂળ. ૬૩૫

અથ નવરસનિરૂપણ.

ભૂરિ જાય દુખ દ્રઢ જહાં, ભણતાં મન સુખ હોય ;
વિભા વાદી પોયેજ્ઞ તે, કોવિદ પદ રસ જોય. ૬૩૬

Scanned with Cam

Scanned with CamSca

તે રસ નવ શૃંગાર વળિ, હાસ્ય સુઅદ્ભુત વીર ;
રૌદ્ર ભયાનક ને બિભત્સ, કરુણા શાન્ત સુધીર. ૬૩૭
.રસ ઉપજેછે ભાવથી, ભાવ પંચવિધ સાર ;
ભણ વિભાવ અનુભાવ વળિ, સ્થિર સાત્વિક સુવિચાર. ૬૩૮

ભાવ લક્ષણ.

શુદ્ધ ચિત્તમાં વિરતિ જે, પ્રથમ ઉઠે તે ભાવ ;
તે શુભ રસ અનુકૂળ છે, લક્ષણ કવિ ચિત લાવ. ૬૩૯

વિભાવ લક્ષણ.

રસનું જે કારણ કહે, તે વિભાવ બે ભાતિ ;
આલમ્બનને ઉદ્દિપન, કહે કોવિદ સુ જાતિ. ૬૪૦
પ્રકટે જે અવલમ્બિ રસ, તે આલમ્બન જાણ ;
જે થકિ દિપ્ત થઈ વધે, તે ઉદ્દિપન વખાણ. ૬૪૧

આલમ્બન લક્ષણ.

લેખે નાયક નાયિકા, મનમા રસ સર સાય ;
આલમ્બન કવિ કુળ કહે, ગ્રંથયિ સાખ પુરાય. ૬૪૨

ઉદ્દીપન લક્ષણ.

ષટ્ ઋતુ રાગ સુબાગ વળિ, ચિત્ત લાવિ રતિ ભાસ ;
વાસ સુવાસ જળ વાસને, ઉદ્દીપન કહું ખાસ. ૬૪૩

અનુભાવ લક્ષણ.

વિના કહે આકાર લખિ, હૃદય હેતુ દર્શાય ;
તેને તો અનુભાવ કહિ, વર્ણેછે કવિરાય. ૬૪૪

સ્થાઈ ભાવ લક્ષણ.

બીજ રૂપ સૌ રસ મહીં, સ્થિર તે સ્થાઈ નામ ;
જેહવું જળ હિમ માંહિં વર, વરણે કવિ અભિરામ. ૬૪૫

Scanned with Cam

Scanned with CamSca

યથા.

રતિ હાંસી વિસ્મય કહું, વળિ ઉત્સાહ સુજાણ ;
ત્રિસ ભય ગ્લાની શોકને, કવિ નિર્વેદ વખાણ. ૬૪૬

સાત્વિક ભાવ લક્ષણ.

અંગ ચેષ્ટા વૃત્તિ સુચિત, સુપ્રકાશ કરનાર ;——
સાત્વિક ભાવ લહે જનો, કોવિદ તણા વિચાર. ૬૪૭

યથા.

સ્તંભ સ્વેદ રોમાન્ચ વળિ, સ્વર ભંગ કંપ ગણાવ ;
વિવરણ અશ્રુ પ્રલય એ, આઠે સાત્વિક ભાવ. ૬૪૮

સંચારી ભાવ.

છપ્પય છંદ.

મન વિરાગ નિર્ભેદ, ગ્લાનિશંકા અસુયા ધૃતિ ;
દૈન્ય મોહ વ્રીડાન્વ, ચપળતા શ્રમ મદ અસ્મૃતિ ;
ગર્વ હર્ષ આવેગ, ચિંતા શુદ્ધિ જડતા ગણ ;
નિંદ્ય નિદ્રા વિષાદ, સ્વપ્ન ઉત્કંઠા ભય સુણ ;
ઉન્માદ વ્યાધિ રતિ ઉગ્રતા, તર્ક ત્રાસ સુપ્રબોધ છે ;—
વાદ અપસ્માર મૃત્યુ સહિત, એ વ્યભિચારી શોધ છે. ૬૪૯

નવરસ સ્થાઈ ભાવ વર્ણ દેવ ચતુરાત્મક ભેદ.

આદી શૃંગાર રસ લક્ષણ.

દોહરા.

શુદ્ધિ વિલાસ સંયુક્ત જ્યાં, પ્રિય રતિ પૂરણ અંગ ;
કવિ વરણે શૃંગાર રસ, કેવળ મદન પ્રસંગ. ૬૫૦
ઘનશ્યામ વર્ણ શૃંગાર રસ, સ્થાઇ ભાવ રતિ જાણ ;
વિષ્ણુ દેવતા સમજિલે, રસ ગ્રંથોથિ પ્રમાણ. ૬૫૧

હાસ્ય રસ લક્ષણ.

ચેત રંગછે હાસ્ય રસ, નારદ દેવ વિચાર ;

Scanned with Cam

Scanned with CamSca

સ્થાઇ ભાવ હાંસી કહે, કવિ પંડિત નિર્ધાર. ૬૫૨

અદ્‌ભુત રસ લક્ષણ.

પીત રંગ અદ્‌ભૂત રસ, બ્રહ્મ દેવ સુવખાણ ;
વિસ્મય સ્થાઈ ભાવ છે, અદ્‌ભુત જાણ સુજાણ. ૬૫૩

વીર રસ લક્ષણ.

ગૌર રંગછે વીરરસ, ઇન્દ્ર દેવ ચિત ધાર ;
સ્થાઇભાવ ઉત્સાહછે, યશસ્વિ રસ સુવિચાર. ૬૫૪

રૌદ્ર રસ લક્ષણ.

લાલ રંગછે રૌદ્રરસ, સ્થાઇ ક્રોધ તું માન ;
મહારુદ્રછે દેવતા, કહે સકળ ધીમાન. ૬૫૫

ભયાનક રસ લક્ષણ.

ધુમ્રરંગ ભય રસ તણો, વરુણ દેવ પ્રિય જાણ ;
સ્થાઇ ભાવ ભય ને ગણે, રસિક સુકવિ નિર્માણ. ૬૫૬

બીભત્સ રસ લંક્ષણ.

શ્યામ રંગ બિભત્સ રસ, કાળ દેવ ચિતધાર ;
સ્થાઇ ભાવ જ્ઞાની કહે, કોવિદ કુળ સુવિચાર. ૬૫૭

કરૂણા રસ લક્ષણ.

અરિત રંગ કરુણા તણો, ધર્મ દેવતા જાણ ;
સ્થાઇભાવ તો શોક છે, કરુણા રસ ઉર આણ. ૬૫૮

શાંત રસ લક્ષણ.

શ્વેત વર્ણ છે શાન્ત રસ, સ્થાઇ ભાવ નિર્વેદ ;
બ્રહ્મ દેવ એ રસતણો, જાણે જો કવિ ભેદ. ૬૫૯

નવ રસ ત્રિગુણ.

કરુણા અદ્‌ભુત શાન્ત એ, સાત્વિક વીર શૃંગાર ;

Scanned with CamSca

વળી હાસ્યનું રસહ રાજસી, તામસ શોક વિચાર. ૬૬૦
વર્ણ દેવનો સ્થાઇ સહ, નામ રસ ત્રિગુણ ખાણ ;
નવરસ દશમો વત્સ રસ, કો કવિ કહે સુજાણ. ૬૬૧

હાવ લક્ષણ.

નારિતણા શૃંગારની, આભા તે કહું હાવ ;
એહ તણા અનુભાવના, અંતર ભૂત ગણાવ. ૬૬૨
ચેષ્ટા ક્રમ વચનો થકી, વરણે કવિજન આન ;
તે અનુભાવ સુહાવછે, વળી ભેદ ત્રિય માન. ૬૬૩
જે રતિ ભાવ પ્રકટ કરે, તે અનુભાવ વખાણ ;
પ્રકટ થયે અનુભાવથી, હાવ હોય સુપ્રમાણ. ૬૬૪
એ અનુભાવ સુભાવ વિધિ, બિન્હે ભેદ ઉદ્યોત ;
પણ શોભાદિક હોય નહિં, એ શોભાદિક જ્યોત. ૬૬૫

રસ પ્રબોધ ગ્રંથે શોભા અંગ.

ધુતિ લાવણ્ય સુરૂપ વળિ, સુંદરતા રમણીય ;
કાન્તિ મધુર મૃદુતા સહિત, સકુમારતા ગણીય. ૬૬૬

યથાધૃતિ.

શરદ ચંદ્રની ઝળકસમ, ધુતિતન માંહિ લખાય ;

લાવણ્યતા.

મુક્તા પાણી સમગણો, લાવણ્યતા સુહાય. ૬૬૭

રૂપ.

ભૂષણ વણ ભૂષિત સુતન, ગોરૂં રૂપ અનૂપ ;

સુંદરતા.

સુભગ અંગ ઘાટિલું શુચી, સુંદરતા રતિ રૂપ. ૬૬૮

રમણીયતા.

દીઠી અણદીઠી ગણે, રમણ્ય અવની જોય ;

Scanned with CamScanner

કાન્તિ.

કાન્તિ અંગની જ્યોતિથી, ભૂમિ સુવર્ણસિ હોય. ૬૬૯

મધુરતા.

જોતાં તૃપ્તિ ન પામિયે, તે માધૂર્ય વખાણું.;

મૃદુતા.

સ્પર્શે સ્પર્શ ન જાણિયે, તવ તે મૃદુતા જાણ. ૬૭૦

સકુમારતા.

કમળ પાંખડી સેજ રચિ, તે પણ ખૂંચતિ અંગ ;
રસ પ્રબોધ ગ્રંથે કહ્યાં, શોભા અંગ સુરંગ. ૬૭૧

પ્રવાશીને વિશ્રામોત્તર શોધન વસ્તુ.

દેવદ્રવ્ય કુટિણ-ધનમ્રુ, વસન પાત્રજ ઉપાન ;
માળા પુસ્તક જેટિકા, તપારી તજતા સ્યાન. ૬૭૨

નવ ધાતુ નામ.

અડિલ્લ છંદ.

તામ્ર કાંસુંને લોઢું સીસું જાણવું,
કલાઇ પિત્તળ જસત સુધાતુ પ્રમાણવું ;
રૂપું કાન્ચ સકળ ધાતુમાં સારછે ;
(હરિહાં) નવ ધાતૂના નામ શ્રેષ્ટ સરદારછે. ૬૭૩

નવ વિધાન.

છપ્પય છંદ.

ઉરગ ચંદ્ર મૃગ કુંદ, કંણુ હરિ કરી વન કંજ ;
વેણી મુખ દ્રગ દંત, કંઠ કટિ ગતિ સુવાસ તન ;
મધુરવ કાનન કલિત, સિંધુ લધુ લલિત પુલિત વર ;
શામ વિમળ વર વરુણ, નાહ નગ અરુણ તરુણ યશ ;

Scanned with CamSca

મનધારિ શરદ સંકેત સુખ, શુદ્ધ કાળ મદ તાલ યશ ;
દક્ષપતિ સુઅંગ રાધા સુભગ, કર્યાજ શ્રીમન્નરાજ વશ. ૬૭૪

દશ અવતાર.

દોહરા.

મચ્છ કુચ્છ વરાહને, ચતુર નૃસિંહ અધલર્ણ ;
વામન વિપત્તિ હરણ ગણ, પરશુરામ સુખકર્ણ. ૬૭૫
રામચંદ્ર છે સામમે, વાસુદેવ ભગવંત ;
બૌધ સુકલ્કી સદ્ગીતએ, દશ અવતાર ભણંત. ૬૭૬

દશ અવતાર સકારણ માતા પિતા ગુરૂ ક્ષેત્ર જયંતિ સંહ પઠંગ.

પ્રથમ મચ્છાવતાર.

અરિલ્લ છંદ.

પિતા દેવશંકર માતા સંખાવતી,
માન્ધાતા ગુરૂ ક્ષેત્ર સિંધુ સરિતાપતી ;
ચૈત્ર કૃષ્ણ પંચમી મચ્છ અવતારછે,
(હરિલાં) હનન હેતુ સંખાસુર શ્રુતિ હરનાર છે. ૬૭૭

કુચ્છાવતાર.

પુરૂરવાછે પિતા માત ચંદ્રાવતી,
સહસ્ત્રાદિત્ય ગુરૂ ક્ષેત્ર સિંધુ સરિતા પતી ;
વૈશાખ શુક્લ પૂર્ણિમા જન્મ કુચ્છપ કહ્યો,
(હરિલો) હનન હેતુ અંધકાસૂર બળનો લહ્યો. ૬૭૮

વરાહાવતાર.

દેહ અધલછે જનક માત પદ્માવતી,
ગુરૂ ઓકારેશ્વર ક્ષેત્ર બ્રહ્મપુરિ યજ્ઞ છતી ;
દમન હનન દમકંઠ દૈત્ય હિતુએ કહ્યો,
(હરિલાં) શુકલ ભાદ્રપદ ત્રીજ વરાહનો લહ્યો. ૬૭૯

નૃસિંહાવતાર.

પિતુ હરિતાક્ષ સુજનનિ કહું લીલાંવતી,
ગુરુ ઓંકારક્ષેત્ર મુલતાન મનાયતી ;
હિરણ્યકશિપૂ હનન સંધિકાળાર્યછે,
(હરિહાં) માધવ શુકલ ચતુર્દશિ જન્મ સમર્થ છે. ૬૮૦

વામનાવતાર.

જનકાદિત્ય સુમાત દેવકન્યા કહી,
ઋષિરાજન ગુરુ ક્ષેત્ર પ્રયાગ સુમહિ લહિ ;
બળિ છળવા પદ ધારણાર્થ સુવિચારછે,
(હરિહાં) શુકલ નભસ્ય દ્વાદશિ વામનાવતાર છે. ૬૮૧

પરશુરામાવતાર.

યમદગ્ની પિતુ માત રેણુકા ધન્યછે,
ગુરુ ભૃગુ રનહરક્ષેત્ર જમનિચારણ્યછે ;
હનન હેતુ સહસ્ત્રાર્જુન ક્ષાત્ર વિચારછે,
(હરિહાં) શુકલ તીજ વૈશાખ પરશિ ધરનાર છે. ૬૮૨

રામાવતાર.

દશરથ તાત સુમાત કૌશલ્યા નામ છે,
ગુરુ વશિષ્ઠ જયક્ષેત્ર અવધપુર ધામછે ;
હનન હેતુ યાતુપ લંકાં વિશ્રામછે,
(હરિહાં) ચૈત્ર શુકલ નવમીસુ જયંતી રામછે. ૬૮૩

કૃષ્ણાવતાર.

વસુદેવજી જનક દેવકી માતછે,
ગુરુ મુનિ ગર્ગાચાર્ય સંદિપન ખ્યાતછે ;
શ્રાવણ કૃષ્ણાષ્ટમી ક્ષેત્ર મધુપૂરછે,
(હરિહાં) હનન હેતુ કંસાસુર કૃષ્ણ રણશૂરછે. ૬૮૪

Scanned with CamSca

બુદ્ધાવતાર.

વત્સરાજ પિતુ વળી જનનિ સાવિત્રિછે,
ગંયાક્ષેત્ર ગુરુ નવરસ પાઠી ક્ષત્રિ છે;
આપર ઋળ સંહાર સુબુદ્ધ વિખ્યાતછે,
(હરિહાં) માર્ગશિર્ષ વદિ ત્રીજ જન્મ સાક્ષાતછે. ૬૮૫.

કલ્કિયવતાર.

યશુંધર પિતુ માતુશ્રી સામળિ સુનામછે,
સંભલયા ભૃગુકચ્છ ક્ષેત્ર સુખધામછે;
સ્વાત્મ ગુરુ નિકલંકિ કરણુ ક્ષિતિ હેતુછે;
(હરિહાં) શ્રાવણુ શુકલ પંચમી કલ્કિ જય સેતુછે. ૬૮૬

દશ ઈશનામ.

દોહરા.

શિવ ઇશ્વર શાદી પુરુષ, ચેતન સ્વામી જાણુ;
જીવાત્મા ક્ષેત્રજ્ઞને, વળિ દૃષ્ટા ઉર આણુ. ૬૮૭

દશ માયા નામ.

પ્રકૃતીચ્છા માયા પ્રકૃતિ, જગ પ્રધાન સુખખાણુ;
કર્મ અવિદ્યા જગતગે, યોગ યથા ચિત્ત જાણુ. ૬૮૮

દસ મહાવિદ્યા.

કાળી તારા માનિયે, શ્રીવિદ્યા સુપ્રમાણુ;
ભુવનેશ્વરી ભુવેરવી, છિનમસ્તકા જાણુ. ૬૮૯
ધુમ્રાક્ષી બગલા મુખી, સ્મર્ણ કરો નિત ચિત્ત;
માતંગી લક્ષ્મી ભલા, ગો દશ વિદ્યા વિત્ત. ૬૯૦

દશ અગ્નિ કળા.

ધુમાધી કૃષ્ણા જ્વલનિ, કહે જ્વાલિની નામ;
વિસ્ફુલંગિની જાણિયે, સૂક્ષ્મી સુરુપા વામ. ૬૯૧
કપિલા હવ્ય ભલા વળી, કવ્યવહા કહિ અંત;
દશે કળાગ્ગે અગ્નિની, વર્ણે પંડિત સંત. ૬૯૨

Scanned with CamScanner

દશ અર્જુન નામ

અર્જુન ફાલ્ગુણ પારથસુ, વળી કિરીટિ પ્રમાણ ;
શ્વેત વાહન સુવિભવને, વિજય કૃષ્ણ સુખખાણ. ૬૯૩
નામ સવ્યસાચી કહું, દશમ ધનંજય જાણ ;
કૃષ્ણ સખાના નામ દશ, કવિ જન કરે વખાણ. ૬૯૪

દશ મહા નદી નામ.

શ્રી ગંગા ગોદાવરી, કૃષ્ણ કૃષ્ણ રેવા સાર ;
કાવેરી ને ગોમતી, કૃષ્ણા સિંધુ વિચાર. ૬૯૫
તાપી યમુના સરસ્વતિ, એ દશ નદી પુનીત ;
પાપ નિવારણ પુણ્યપતિ, ભાખે વેદ સુગીત. ૬૯૬

દશ જ્ઞાન લક્ષણ.

અક્રોધતા વિરાગયુત, ઇન્દ્રિયજિત દ્યાવંત ;
દયાધર્મનું મૂળછે, નિર્લોભતા ભણંત. ૬૯૭
દાતા પૂરણ ભાગ રહિત, શોક ન વ્યાપે જોક ;
એ દશ લક્ષણ જ્ઞાનનાં, ભાખે સહિત વિવેક. ૬૯૮

દશ વિરહ દશા.

ચિંતોદ્વેગ પ્રલાપને, ગુણકથન અભિલાખ ;
જડતા વ્યાધિ ઉન્માદ સ્મૃતિ, મરણદશા દશ ભાખ. ૬૯૯

પ્રાતઃકાળે દશ દર્શનીય.

રોચન ચંદન સ્વર્ણ મણિ, દર્પણ ધેનુ મૃદંગ ;
ગુરૂ અગ્નિ રવિ પ્રાત ઉઠિ, કર દર્શન દુખ ભંગ. ૭૦૦

દશ દારિદ્ર કરતા કર્મ.

પૃથ્વિ ખણે પાદાંગુઠે, પહેરે વસ્ત્ર મલીન ;
દ્યૂત રમત રદ શોધ લઘુ, હાંસિ ગ્રામમાં હીન. ૭૦૧
બે સંધ્યા દિનમાં કરે, શયનારોહણ અંગ ;
ક્ષીર વૃદ્ધિ તૃણ તોડવાં, દશ દારિદ્ર પ્રસંગ. ૭૦૨

Scanned with CamSca

દશ ઇચ્છા નામ.

ઇચ્છા કાંક્ષા અભ્યૂહા, વાંચ્છા તૃષ્ક અભિલાષ ;
કામ મનોરથ ધાપ્સા ધહ્લ, એ દશ નામ પ્રભાષ, ૭૦૩

દશ દેહ દોષ.

વાત કાર્ય દ્રવ્ય વિકાર યુત્, પરિણામી પરિચ્છિન્ન ;
અવયવ જાતિ સ્વરૂપ યુત્, પ્રતિછિન્ન પ્રતિખિન્ન. ૭૦૪

દશ સ્વર્ણ નામ.

સ્વર્ણ હેમ જાટક કનક, દ્રુમ સુવર્ણ હિરણ્ય ;
જાતરૂપ વળિ જંબુનદ, ચામીકર દશ ગણ્ય. ૭૦૫

દશ ભાગવત લક્ષણ.

પંચભૂત મહદાદિથી, ઉપજ્યું કલિયે સ્વર્ગ ;
પછિ વિરાટની દેહથી, પ્રકટયો જગત વિસર્ગ. ૭૦૬
યથાયોગ બ્રહ્માદિનું, સ્થાપન કહું અસ્થાન ;
ભક્તાનુગ્રહનું વણી, પોષણ કહે તું માન. ૭૦૭
કર્મ વાસના હોયછે, મન્વંતર દશ ધર્મ ;
હરિહર ભક્ત તણા ચરિત, ઇશ કથા શુભ પર્મ. ૭૦૮
પ્રલય નિરોધ તું જાણિલે, છુટે અવિદ્યા મુક્ત ;
આશ્રયછે પરબ્રહ્મહરા, ભગવત લક્ષણ યુક્ત. ૭૦૯

દશ વિધ બ્રાહ્મણ.

દેવ ઋષીને વિપ્ર કહું, ક્ષત્રિય વૈશ્ય વખાણ ;
શુદ્ર વિડાલજ મ્લેચ્છ પશુ, ને ચંડાળ પ્રમાણ. ૭૧૦

યથા દેવ બ્રાહ્મણ.

સકળ ધર્મ નિધિ અર્થ વિધિ, ભણે ભણાવે જેહ ;
ભિક્ષાથી આદ્યવિકા, દેવ બ્રાહ્મણ સુએહ. ૭૧૧

ઋષી બ્રાહ્મણ.

પરકર્મો તપ સત્યમય, ઋષિ બ્રાહ્મણ તે માન ;

Scanned with CamSca

વિપ્ર બ્રાહ્મણ.

અહા વીરૂળ મૂળથી, વિપ્રે વિપ્ર ગુજરાત. ૭૧૨.

ક્ષત્રિય બ્રાહ્મણ

અર્થચટ્ટે આયુધ ગ્રહે, દ્વિજ ક્ષત્રિય જયશર ;

વૈશ્ય બ્રાહ્મણ.

ખેતી રક્ષા ગૌ વણજ, વિપ્ર વૈશ્ય શ્રી પૂર. ૭૧૩

શુદ્ર બ્રાહ્મણ

તેલ લોણિ ઘૃત દૂધ દધિ, ગૌ તલ લાખ સુનીલ ;
ભૂ ગધ વેચે વિપ્ર યદ, શુદ્ર વિપ્ર દુઃશીલ. ૭૧૪

વિડાલજ બ્રાહ્મણ.

ભૂત દ્રોહ શઠ કર્મ રતિ, પરછિદ્રો નિત જોય ;
હિંસામાં તત્પર સદા, દ્વિજ માંજરજ હોય. ૭૧૫

મ્લેચ્છ બ્રાહ્મણ.

ભરેલ વાપી કૂપ જળ, બાગાદિક કરિનાશ ;
સંધ્યા સ્નાન કરે નહીં, મ્લેચ્છ વિપ્ર અધરાશ. ૭૧૬

પશુ બ્રાહ્મણ.

ભક્ષ્યા ભક્ષ્ય કૃતઘ્ન અતિ, ગમ્યા ગમ્ય નિશંક ;
પશુ બ્રાહ્મણ એ જાણવો, સદા લેખવો શંક. ૭૧૭

ચન્ડાળ બ્રાહ્મણ.

નિન્દક લોભી પિશુન અતિ, નિર્દય પરધન હારિ ;
વિપ્ર જાણ ચંડાળ એ, પન્ડિત કહે વિચારિ. ૭૧૮
દશ વિધ બ્રાહ્મણ એ કહ્યા, જો ન કરે પટ્ કર્મ ;
પ્રથમે સંધ્યા સ્નાન જપ, તર્પણ હોમ સુધર્મ. ૭૧૯
સ્વાધ્યાય દેવતાર્ચને, વૈશ્વ દેવ આતિથ્ય ;
પંચ યજ્ઞ નિત્યે કરે, નમસ્કાર આદિત્ય. ૭૨૦

Scanned with CamSca

કવિ ગુરુ આશ્રિત પ્રેમિજન, બન્ધુ વીર હિતકારિ ;
મુર્ખ વધૂ સંબંધિસું, નવકર વાદ વિચારિ. ૭૨૧

શરીરના દશ દ્વાર નામ.

કર્ણ ચક્ષુ બે ઘ્રાણ મુખ, ગુદા શિશ્ન સુવિચાર ;
બ્રહ્મરંદ્ર સહ દ્વારદશ, ગર્ત તજી સુખ સાર. ૭૨૨

દશ દિશા નામ.

અડિલ્લ છંદ.

પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ ગણિયે,
ઇશાન અગ્નિ સુનૈઋત વાવ્ય વખાણિયે ;
અધો ઉર્ધ્વ સહ દશો દિશા નિર્ભયકરી,
(હરિલાં) દલપતિ રામ સુકહે ભજો જન હર હરી. ૭૨૩

દશ વિધ લક્ષ્મી નામ.

શ્રી કલત્ર સુત સહોદરાદિ સુખધામછે,
પશુ મહિ કુંજર કોષ સમૃદ્ધિ ગ્રામછે ;
દશ વિધ લક્ષ્મી સાર થકી સંસારછે,
(હરિલાં) ધર્મ કર્મ ચિત ધરો સારમાં સારછે. ૭૨૪

દશ હાવ નામ.

દોહરા.

હેલા લીલા લલીતગહ, વિભ્રમ વિહ્વિત વિલાસ ;
કિલકિન્ચિત વિચ્છિત્ત વળિ, કહું વિચ્છોક પ્રકાશ. ૭૨૫
મોટાયિત વળિ કુટ્ટમિત, બોધાદિક બહુ હાવ ;
આપ આપણી બુદ્ધિબળ, વરણુત કવિ કવિરાવ. ૭૨૬

દશ વિધ તેલ નામ.

તેલ તલ સરસિયું અને, અળસી કરંજ સાર ;
એરંડિયું મધુ ઓળિયું, કોપરેલ સુવિચાર. ૭૨૭

Scanned with CamScanner

વિલાતિ સિંગદાણા તણું, ખાંખણું તેલ સુજાણ ;
રોંસા સહ દશવિધ કહ્યાં, તેલ અધીક વખાણ. ૭૨૮
કુસુમ બીજ કરડાતણું, તે પણ ખાવે ઠીક ;
બસખસને નખતેલછે, વળિ બરસાણિ અધીક. ૭૨૯
બાલકાંગણી ઔષધે, કનક ધતુરાં તેલ ;
વાયુ ઉપર નારાયણી, અક્કોલ તંત્ર ખેલ. ૭૩૦
અષ્ટ અધીક કહ્યાં વળી, ધાતુ વૃદ્ધિ પ્રિયકાર ;
તે તો તેલ બદામનું, મુખડ સુગંધિ સાર. ૭૩૧

દશ ધર્મનાં લક્ષણ.

ધૃતિ[૧] ક્ષમા[૨] ને દમ[૩] વળી, અસ્તેય[૪] શૌચ[૫] સાર ;
ઇન્દ્રિય નિગ્રહ[૬] તે પછી, ધી[૭] વિદ્યા[૮] સુ વિચાર. ૭૩૨
સત્ય[૯] અને અક્રોધ[૧૦] સહ, એ દશ લક્ષણ નામ ;
વિસ્તારી વ્યાખ્યા કહે, મનુમત પ્રિય અભિરામ. ૭૩૩

યથા ધૃતિ લક્ષણ.

જે ધૃતિથી મન ધારણા, સદા રહે સંતોષ ;
ધન દેખ્યા અન્યાયથી, કરેન રહી અદોષ. ૭૩૪

ક્ષમા લક્ષણ.

ક્ષમા તેજ સંદિ લેવું વા, બમવું કરીન ક્રોધ ;
જદપિ હોય સમર્થ પણ, કરેન કોશું વિરોધ. ૭૩૫

દમ લક્ષણ.

મન અવિકારી રાખવું, કરી વિષય પરિત્યાગ ;
નિન્દિત કાર્યથિ ખેંચિ મન, સ્વાધિન કરે સભાગ. ૭૩૬

અસ્તેય લક્ષણ.

જે પર ધનાદિનું ગ્રહણ, અન્યાયથિ તે સ્તેય ;
કરવું ગ્રહણ સુન્યાયથી, તવ તે પ્રિય અસ્તેય. ૭૩૭

Scanned with CamSca

શૌચ લક્ષણ.

શૌચ દ્વિવિધછે બાહ્ય તે, શરિર મળોથી શુદ્ધ ;
આભ્યંતર તે લોભ મદ, કામ ક્રોધ તજ બુદ્ધ. ૭૩૮

ઇન્દ્રિય નિગ્રહ લક્ષણ.

વિષય દોષથી ઇંદ્રિને, રોકવિ તે દશ જાણ ;
ઇન્દ્રિય નિગ્રહ એ કહે, પંડિત શાસ્ત્ર પ્રમાણ. ૭૩૯

ધી લક્ષણ.

શાસ્ત્ર અને વ્યવહારનું, જેહથિ ચિન્તન થાય ;
તે ધીના ગુણ અષ્ટછે, ચાણાખ્યે દર્શાય. ૭૪૦
પ્રથમ સુશ્રુષાને શ્રવણ, ગ્રહણ ધારણ વિચાર ;
વેદાર્થ પરિક્ષા કરે, દુર કરિ તર્ક અપાર. ૭૪૧
પ્રયોજન સુનિશ્ચય કરી, બ્રહ્મતત્વ ઉર આણ ;
એ આઠે ગુણ બુદ્ધિના, જાણે જાણ સુજાણ. ૭૪૨

વિદ્યા લક્ષણ.

યથાર્થ પદાર્થ ઓળખી, આત્મ જ્ઞાન જવ થાય ;
તે વિદ્યા તું વિચારિ લે, ઇશ્વર જાણ્યો જાય. ૭૪૩

સત્ય લક્ષણ.

યથાર્થ ભાષણ સત્યથી, કરે ધન્ય નર તેહ ;
સત્યસ્વરૂપ ઇશ્વર સદા, આદિ વેદ ઋગુ કેહ. ૭૪૪

અક્રોધ લક્ષણ.

નિન્દા ને વળિ મારથી, કારણ સબળજ હોય ;
તોપણ ક્રોધ કરે નહીં, તે અક્રોધ સુ જોય. ૭૪૫

વેદોક્ત દશ ગ્રંથ.

સંહિતા બ્રાહ્મણ અને, વળિ આરણ્ય વિચાર ;
શિક્ષા કલ્પ સુવ્યાકરણ, નિરુક્ત જ્યોતિષ સાર. ૭૪૬
નિઘંટ છંદ સહ એકહ્યા, દશ ગ્રંથ સુપ્રમાણ ;

કામના દશ ગણ સમૂહ.

મૃગયા અક્ષ દિવસે શયન, પરિવાદસ્ત્રિ પ્રમત્ય ;
મદ્ય પિયે તૌર્યત્રિક, તે વેશ્યાનૃત્ય. ૭૪૮
ગાયન વાદિત્રાદિ વળિ, ત્રયા તમાસા ખેલ ;
ગણ સમૂહ દશ કામના, મુમુક્ષુ તું દુર મ્હેલ. ૭૪૯

દશ મહા નાગ નામ.

અડિલ છંદ.

તક્ષક પદ્મ સુમંદ્વાપદ્મ કંકોલછે,
શંખચૂડ ઐરાવત ગરલ અતોલછે ;
કરકોટક મહાગરલ ધનંજય નામછે ;
(દુહિલાં) શેષ રૂપ શિરધરી પૃથ્વિ અભિરામછે. ૭૫૦

શૈવમતે દશ સાત્વિક પુરાણ.

દોહરા.

સાત્વિક શિવ ભવિષ્યત્ અને, માર્કન્ડ ત્રણ લેખ ;
લિંગ વરાહ સુસ્કંધ વળિ, મત્સ્ય કુર્મ્મ પ્રિય પેખ. ૭૫૧
વામન ને બ્રહ્માંડ સહ, એ દશ સાત્વિક જાણ ;
શિવ લિંગાર્ચન ચંદ્રિકા, મધ્ય કલ્યાં સુપ્રમાણ. ૭૫૨

શૈવમતે ચાર રાજસી પુરાણ.

બ્રાહ્મ પદ્મને અગ્નિ ત્રણ, બ્રહ્મવૈવર્ત વખાણ ;
શૈવમતે રાજસિ કલ્યાં, દક્ષપતિ ચતુર પુરાણ. ૭૫૩

શૈવમતે ચાર તામસ પુરાણ.

તામસ વિષ્ણુ પુરાણ વળિ, ભાગવત્ નારદિસાર ;
ગરૂડ સહિત તામસ કલ્યાં, અઢી ગ્રંથ આધાર. ૭૫૪

Scanned with CamScanner

પંચ ભૂત રવિ સુરભિ દ્વિજ, વળિ આપાપર હોય ;
ભક્ત ભેખ સહ એક દશ, હરિસમ પુનનિક જોય. ૭૫૫
વેદ મંત્રથી સૂર્યને, અગ્નિ સુહોમ વિધાન ;
અતિથ ભાવથી વિપ્રને, ગૌને તૃણ જળ પાન. ૭૫૬
ભક્ત ભેખ હરિ બન્ધુ સમ, હૃદ્યાકાશ સુધ્યાન ;
સર્વાધાર સુપવન ગણ, જળને જળ ફળ-પાન. ૭૫૭
ધરણીને મંત્રાદિથી, ભોગિણિ કરિ નિજ દેહ ;
સકળ ભુતનમય જાણિ પ્રભુ, પૂજે સહિત સનેહ. ૭૫૮

ભાગવતે એકાદશ રૂદ્ર નામ.

હરનાં રૂપ વખાણિયે, ત્ર્યમ્બક રૂપ કપિલેશ ;
શંભુ કપર્દી જાણિયે, રૈવત ગણો વિશોષ. ૭૫૯
વ્યાધ શર્વ મૃગ પ્રિય ભણુત, વળી કપાલિ પ્રમાણ ;
એ એકાદશ રુદ્રછે, મુનિજન કરે વખાણ. ૭૬૦

બીજી રીતે એકાદશ રૂદ્ર નામ.

મન્યૂ મનૂ મહાન શિવ, ઋતુ ધ્વજ કાળ ;
ઉર્ધ્વરેત ભવ વૃત્ત ધૃત, વામદેવ પ્રતિપાળ. ૭૬૧

મહા અંધકારગ્રંથ અન્ય એકાદશ રૂદ્ર નામ.

અડિલ્લ છંદ.

અભેદ અમર અછેદ અકળ શુભ નામછે,
અવીક્રાશ તપતાક્ષ વિશેષે ધામ છે;
વળિ અઘોર તત્પુરૂષ મહેશ ત્રિલોચને ;
(હરિહાં) પ્રિય એકાદશ એહ સકળ દુખ મોચને. ૭૬૨

એકાદશ રૂદ્રાણી નામ.

દોહરા.

વૃત્તી ધી ઉશના ઇલા, ઉમા અંબિકા જાણિ ;
નિઋતિ અર્પિ દિક્ષા સુધા, ઇરાવતી રૂદ્રાણિ. ૭૬૩

Scanned with CamScanner

એકાદશ ઈન્દ્રિય નામ.

કર્મેન્દ્રિય જ્ઞાનેન્દ્રિયજ, મન સહીત અગિયાર ;
મનન કરો એ એક દશ, દલપતિ અધિક વિચાર. ૭૬૪

એકાદશ શિઘ્ર નામ.

શિઘ્ર તુરત લઘુ ક્ષિપ્ર વળિ, દ્રુત સત્વર સદ તૂર્ણ ;
ચપળ આશુ અવિલંબિ તરુ, નામ એકદશ પૂર્ણ. ૭૬૫

એકાદશ ગોપનીય.

મૈથુન મંત્રો ષધિ વળી, શૌચ છિદ્ર ધન કોપ ;
માનાપમાન ધર્મ શુભ, દાન એકદશ ગોપ. ૭૬૬

એકાદશ વિશ્વાસ વર્જનીય.

પાવક પશુ જળ વધુ નૃપતિ, શત્રુ મૂર્ખ અહિ દાસ ;
લોભિ પિશુન એ એકદશ, તણો નકર વિશ્વાસ. ૭૬૭

અથ દ્વાદશ સૂર્ય નામ.

વિષ્ણુ શક્રને અર્યમા, ધાતા ત્વષ્ટા જાણ ;
પૂષા વળી કહે જનો, વિવસ્વાન સુપ્રમાણ. ૭૬૮
સવિતા ભગ મિત્રા યને, વરુણ અંશ અતિ તેજ ;
ઉરુક્રમ સહ દ્વાદશ રવી, વરણે કવિ કુળ એજ. ૭૬૯

નમસ્કારાત્મક દ્વાદશ સૂર્ય નામ.

મિત્ર રવિ સૂર્ય સુભાનુ વળિ, ખગ પછિ પૂષ્ણ વખાણ ;
હિરણ્યગર્ભ મરીચિ આ, દિત્ય સવિત્ર સુજાણ. ૭૭૦
અર્ક અને ભાસ્કર સહિત, દ્વાદશ પ્રણામિ સાર ;
પ્રાત ઉઠી દલપતિ કરે, નમિ નમિ ને નમસ્કાર. ૭૭૧

દ્વાદશ સૂર્ય કળા.

તપિનિ તાપિની જાણિયે, ધૂમ્ર મરીચી હોય ;

Scanned with CamSca

જવલનિ રુચિ રુચિમા કહે, ભોગદ વિશ્વા સોલ. ૭૭૨
કહે ઓધની ધારિણી, વળી ક્ષમા પ્રિય પેખ ;
દ્વાદશ કળા રવી તણી, કહે સુકવિ મુનિ લેખ. ૭૭૩

દ્વાદશી વર્જનીય કર્મ.

મધ માસ મધુ તેલ રતિ, હિંસા નિદ્રા લોભ ;
ક્રોધ કાંસું તામ્બૂળ વળિ, પરાન્ન ખાતાં ક્ષોભ. ૭૭૪

દ્વાદશ આભરણ.

નપુર કિંકિણિ હાર ઉર, ચૂડિ મુદ્રિકા સોલ ;
કાકણ બાજૂ બંધ ને, કન્ઠ શી મન મોલ. ૭૭૫
વેસર ખીડી પાનની, ટીકો વળિ શિર ફૂલ ;
એદ્વાદશ આભરણછે, સોલાગણ અનુકૂળ. ૭૭૬

દ્વાદશ માસ નામ.

માર્ગશિર્ષ ને પૌષ મહા, ફાલ્ગુણ ચૈત્ર વિચાર ;
માધવ તે વૈશાખ છે, જ્યેષ્ઠાષાઢ સ્વિકાર. ૭૭૭
શ્રાવણ ને વળિ ભાદ્રપદ, આશ્વિન કાર્તિક લેખ ;
વર્ષ માસ દ્વાદશ અધિક, પુરુષોત્તમ પ્રિય પેખ. ૭૭૮

દ્વાદશ માસાધિપતિ.

કેશવ નારાયણ અને, માધવ ગોવિંદ સાર ;
વિષ્ણૂ મધુસૂદન વળી, ત્રિવિક્રમ પરમ ઉદાર. ૭૭૯
વામન શ્રીધર હૃષિત કવિ, હૃષીકેશ ઉર આણ ;
પદ્મનાભ દામોદરમુ, પુરુષોત્તમ પ્રિય પ્રાણ. ૭૮૦

વેદોક્ત દ્વાદશ માસ નામ

મધુતે ચૈત્ર વખાણુતા, માધવ તે વૈશાખ ;
શુક્ર જ્યેષ્ટ શુચિને કહે, આષાઢ વેદ ભાંખ. ૭૮૧
નભસ નામ શ્રાવણ ગણે, નભસ્ય ભાદ્રપદેજ ;
ઇશ નામ આશ્વિન કહે, ઉર્જ કારતિક છેજ. ૭૮૨

Scanned with CamScanner

સહસ્ર માર્ગશિર્ષે વદત, સહસ્ય પૌષ સુપેખ ;
તપસ માધ દહપતિ કહે, તપસ્ય ફાલ્ગુણ લેખ. ૭૮૩

પુરાણાન્તરે દ્વાદશ સૂર્ય નામ.

અડિલ્લ છંદ.

પ્રથમાદિત્ય દિવાકર ભાસ્કર નામછે,
વળી પ્રભાકર હરિદશ્વ સુવિશ્રામછે ;
ત્રિલોક્ય લોચન સહસ્રાંશુ રવિ ભાણુછે,
(હરિદ્રાં) વળિ દ્વાદશાત્મકત્રિમૂર્તિ સૂર્ય પ્રમાણુછે. ૭૮૪

દ્વાદશ સંક્રાતિ વા લગ્ન યાને રાશી નામ.

મેષ વૃષભ ને મિથુન કર્ક પ્રિય જાણિયે,
સિંહ સુકન્યા તુલા વૃશ્ચિક વખાણિયે ;
ધન વળિ મકર સુકુમ્ભ મીન સહ ભારછે,
(હરિદ્રાં) લગ્ન રાશિ સંક્રાંતિ સકળ સુખ સારછે. ૭૮૫

પુણ્ય પાપના દ્વાદશ સાક્ષી નામ.

પ્રથમ અનિલ જળ તેજ દિશા સુર ચંદ્રોમછે,
પૃથ્વિ સુસંધ્યા કાળ સૂર્ય ને સોમછે,
રાત્ર દિવસ દ્વાદશાત્મ સકળ કૃત સાક્ષછે,
(હરિદ્રાં) નારાયણ અંતરાત્મ પ્રિય કમળાક્ષછે. ૭૮૬

દ્વાદશ બ્રાહ્મણના ગુણ કર્મ નામ ત્રિવિધ પ્રકાર.

દોહરા.

ધર્મ સત્ય શમ દમ ચતુર, તિતિક્ષાત્મ તપ ધ્યાન ;
અમાત્સર્ય ને યજ્ઞ વળિ, ધૃતિ અનસુયા સુદાન. ૭૮૭
પ્રથમ શૌચ તપ શાંતિ સમ, દમ આર્જવ પ્રિય જ્ઞાન ;
વિરક્તતા આસ્તિકય જપ, સંતોષ સુવિજ્ઞાન. ૭૮૮

દ્વાદશ કલ્યાણ નામ.

ભાવક ભવ્યક કુશળ શિવ, શુભ મંગળ કલ્યાણ ;
ભવ્ય સુશ્રેય સભદ્ર વળિ, ક્ષેમ સસ્ત રવિ જાણ. ૭૮૯

Scanned with CamSca

દ્વાદશ શિવના જ્યોતિર્લિંગ સ્થળ.

સોમનાથ સોરઠ વસે, ઉજ્જયની મહાકાળ ;
શ્રીશૈલે મલ્લિકાર્જુન, જ્યોતિર્લિંગ સુવિશાળ. ૭૯૦
ઓંકારે અમલેશ્વરે, માલિય મતિ પ્રિય સાર ;
નાગપૃષ્ટ કેદાર વણિ, કાશિ વિશ્વેશ્વાગાર ૭૯૧
ડાકણ્યાં ભીમ શંકર, દારુક વન નાગેશ ;
ત્રયમ્બકેશ ગોતમી તટે, સેતુબંધ રામેશ. ૭૯૨
વૈદ્યનાથ શોભે સરસ, ચિતા ભૂમિ સુવિચાર ;
ઘુષ્મેશ્વર વેરૂળથા, શિવાલયાગિરી સાર. ૭૯૩

દ્વાદશ જગન્નાથજીની યાત્રા.

જ્યેષ્ઠ પૂર્ણિમા શ્રેષ્ઠ જગ, દેવ દેવતા સ્નાન ;
દ્વિતિયા શુકલ આષાઢ તવ, રથે ચઢે પ્રિય ભાન. ૭૯૪
એકાદશી, હરિશયની હરિસેન ;
શ્રાવણની સંક્રાંતિ શુભ, નામ કહાવે જોન. ૭૯૫
નભસ્ય શુકલ એકાદશી, પાર્સવ વર્તન ચિત્ત ;
કાર્તિક પક્ષ શુતિથિ દશમા, સયન ઉત્થાપન નિત્ત. ૭૯૬
માર્ગશિર્ષ તિથિ અસનરસ, ઓદત પટ્ટિ ટેક ;
પોષ પૌર્ણિમા પૂર્ણ મુખ, કહું પુષ્યા અભિશેક. ૭૯૭
મકર સંક્રમણ માસમા, ઝૂલ હિંડોળા રાગ ;
ફાલ્ગુણની શુભ પૂર્ણિમાં, કેશરિયાં પ્રિય ફાગ. ૭૯૮
શુકલ ચતુર્દશિ ચૈત્રમાં, ચાંદનિ છટકે સ્વચ્છ ;
વળિ વૈશાખ વિસારિલે, અક્ષય તૃતિયા અચ્છ. ૭૯૯
દ્વાદશ યાત્રા એ કહી, જગન્નાથ શુભ ધામ ;
દલપતિરામ પ્રકટ કરે, વૈષ્ણુવના વિશ્રામ. ૮૦૦

દ્વાદશ વન નામ

પ્રથમ અશોક પ્રમોદ વળિ, સંતાનક મંદાર ;
પારિજાત ચંદન અને, ચંપક રમણિક સાર. ૮૦૧

આમ્ર પળાસ કદમ્બને, છેતમાલ વન અંત ;
સરજૂ નદિ તટને વિષે, દ્વાદશ વન શોભંત. ૮૦૨

અથ ત્રયોદશ ભાગવત નામ

નારદ પ્રલ્હાદજિ તણૂ, વળી પરાશર માનું ;
પુન્ડરીકને વ્યાસ કહું, અંબરીષ શુક ભાનું. ૮૦૩
શૌનક ભિષ્મ કહે કવી, કુકમાંગદ સુપ્રમાણ ;
અર્જુન અને વશિષ્ટ પ્રિય, ત્રયોદશ વિભિષણ જાણ. ૮૦૪

ત્રયોદશ કિર્ણ નામ.

કિર્ણ ગભસ્તિ સુઅંશકર, દીધિતિ વસુ ગો ભાનુ ;
ધૃણિ મયુખ રશ્મી મરિચિ, ધિષ્ણિ ત્રયોદશ માનુ. ૮૦૫

ત્રયોદશ કશ્યપ પત્ની જગત સંતતિ પ્રાકટ્ય નામ.

પત્નિ ત્રયોદશમાં પ્રથમ, અદીતિ છે સુરમાત ;
તેત્રિશ કોટી દેવતા, એથકિ પ્રકટયા ખ્યાત. ૮૦૬
બીજી દીતીના પ્રકટ, દાનવ બ્હોતેર કોટ ;
ત્રીજી કદ્રુથિ ઉદય નવ, નાગ કૂળ નહિં ખોટ. ૮૦૭
ચતૂર બ્રાહ્મિતણા કહું, નવલખ તારા ચંદ્ર ;
પંચમ યોગેશ્વરિ થકી, દ્વાદશ ભાનુ સુવંદ. ૮૦૮
છટ્ઠી વનિતા પુત્ર બે, અરુણ ગરુડ પ્રિયકાર ;
સપ્તમ સત્યલભા થકી, ઋષિ અઠ્યાશિ હજાર. ૮૦૯
અષ્ટમ સૂપવાહિનિ થકી, નદિ નવસેં નવ્વાણું ;
નવમ કનકથિ વનસ્પતી, અરાઢ ભાર વખાણું. ૮૧૦
દશમી ષટ્નેત્રા પ્રકટ, પવન એકુણ પચાસ ;
વળિ છત્રિશ કુળ-ક્ષત્રિનાં, થયાં પ્રકાશ પ્રકાશ. ૮૧૧
મેઘ નાદિનિ તણા કહું, દ્વાદશ મેઘ પ્રમાણ ;
કાળાગ્નિના સુપુત્ર નગ, અષ્ટકૂળ પ્રિય જાણ. ૮૧૨
સપ્તસિંધુ કાળાગ્નિથી, જાદવ છપ્પન કોટિ ;
તેહ સુલેખા તેર કહિ, જગત જનનિછે મોટિ. ૮૧૩

Scanned with CamSca

તેર પત્નિ કશ્યપ તણી, જે યકિ જગ વિસ્તાર ;
દલપતિગમ પરમ ભણે, જય યશ જગ સ્મરનાર. ૮૧૪

મહાભારતે આદિપર્વે ત્રયોદશ દ્વીપનામ.

અડિલ્લ છંદ.

સ્વર્ણે પ્રસ્તન્દે ચંદ્ર શુકલ સુઅધીપછે,
આવર્તન રમણુકા મંદર સુદ્વીપછે ;
હરિણ પાંચજન્યને સિંહલ સુલંક છે,
(હરિદ્રાં) રોમન પત્તન સિધપુર યમકોટિ અંકછે. ૮૧૫

ત્રયોદશ ભૈરવ નામ.

કુન્ડળિયા છંદ.

ભૈરવ કાળ કૃતાંત વળિ, માંસાશની કપાળ,
રૂમશાનિ ભૂતાત્મન અને, ખડુક પરાકમિ બાળ ;
ગરૂક પરાક્રમિ બાળ, નાગપાશ સુભટ ભાવન,
ક્ષેત્રપાળ પિંગળાક્ષિ, વ્યોમકેશ સુજગ પાવન ;
કહે કવિ દલપતિરામ, ત્રયોદશ નામ રૂમરે જય,
શિવ અંશાત્મક રૂપ, હરે ભવ ભય જય ભૈરવ. ૮૧૬

અથ અનન્ત ચતુર્દશ ગ્રંથી નામ.

દોહરા.

દ્વાદશ કેયે માસ પતિ, પ્રથમે ભણી અનંત ;
નામ ચતુર્દશ ગ્રંથિના, અહ ગ્રંથિ સહ અંત. ૮૧૭

સમુદ્ર મંથને પ્રાપ્ત ચતુર્દશ રત્ન નામ.

અમૃત ચંદ્ર લક્ષ્મી ધનુપ, ધન્વન્તરિ વળિ જાણ ;
કૌસ્તુભમણિ ઉચ્ચૈશ્રવા, ઐરાવત સુવખાણ. ૮૧૮
કામધેનુ ને કલ્પતરુ, ગરલ સુરા સુગણંત ;
શંખ અપ્સરા સહિત એ, ચૌદરત્ન ગુણવંત. ૮૧૯

Scanned with CamSca

ચતુર્દશ વિદ્યા નામ.

બ્રહ્મ જ્ઞાન સુરસાયણો, સ્વરવિધિ વેદ વિચાર ;
જ્યોતિષ ને વ્યાકરણ કહું, ધનુષ તરણ જળ પાર. ૮૨૦
નાડિ જાણ વળિ કોક કળા, વાહન ફેરવનાર ;
નટ નૃત્યન સંગોપના, ચાકુ અક્ષર વિકાર. ૮૨૧

ચતુર્દશ મન્વંતર નામ.

સ્વાયંભૂ સ્વારોચિષમ, ઉત્તમ તામસ જાણ ;
રૈવત ચક્ષુષ વૈવસ્વત, સાવર્ણી સુપ્રમાણ. ૮૨૨
ચાક્ષુષ ધર્મ સાવર્ણિ શુભ, બ્રહ્મ સાવર્ણી રંખ ;
રુદ્રદેવ સાવર્ણિ બે, સાવર્ણી કરિ લેખ. ૮૨૩

ચતુર્દશ ઇંદ્ર નામ.

બૃહદ્ભા રોચન સમજ, શતચિત ત્રિશિખ વખાણ ;
વિભૂ મંત્રદ્રુમ લેખતા, વળી પુરંદર જાણ. ૮૨૪
બળિ ને શુત પછિ શંભુ મૃતિ, ઋતુ ધામા કરિ હોય ;
દિવસપતી શુચિ મળિ થયા, ચૌદઇંદ્ર પદ સ્હોય. ૮૨૫

ચતુર્દશ નમસ્કાર વર્જનીય.

શૌચ ક્ષૌર ધાવન વમન, દાતણ ને વળિ સ્નાન ;
ભોજન આચમ્યનિસમય, તેલ સુગંધી વાન. ૮૨૬
નમસ્કારના પાત્ર જય, કરે ઓટલાં કર્મ ;
નમસ્કાર તવ નય કરો, કરતાં હોય અધર્મ. ૮૨૭
પતિત નપુંશક પ્રમત વળી, આપણુથિ લઘુ ધાર ;
ચાર અપાત્ર સહ એ થયા, સૌ મળિ, ચૌદ વિચાર. ૮૨૮

ચતુર્દશ મહા માયા નામ.

દુર્ગા ભદ્રકાળી અને, વિજયા દેવી સાર ;
કુશુદા કૃષ્ણા ચંડિકા, માધવિ માયા ધાર. ૮૨૯
નારાયણી સુકન્યકા, ઇશાનિ અંબા નામ ;
સારદા સહિત ચતુર્દશ, મહામાયા સુખ ધામ. ૮૩૦

Scanned with CamScanner

ચતુર્દશ બાણાધિપતિ.

અરિલ છંદ.

ભરત સહસ્રાર્જુન પૃથુ સંતનુ લેખવા,
પરશુરામ વૃષકેતુ કર્ણ શુભ પેખવા;
કાર્તિકેય માન્ધાતા ભિષ્મ ગુરુ દ્રોણછે,
(હરિહાં) પારથ પ્રદ્યુમન રામચંદ્ર વત કોણછે.? ૮૩૧

જેવા કોઇનથી.
અર્થાત

ઉભયપક્ષ સ્ત્રી પુરૂષના કામસ્થળ પંચદશ નામ.

દોહરા.

વસે કામ સ્ત્રી પુરૂષને, સમજે ચતુર સુજાણ;
પુરુષ અંગ જમણે જદા, તદાસ્ત્રિ વામ વખાણ. ૮૩૨
શુક્લ પક્ષ નખ શિખ ચઢે, શિખ નખ કૃષ્ણે લેખ;
પ્રતિપદ પદ અંગુષ્ટ સ્ત્રી, બિજ પદતળ પ્રિય પેખ. ૮૩૩
ત્રિજ પદ એડિ ચતુર્થિયે, ગુલ્ફ પંચમી ઝંઘ;
પછિ મદન ભગસ્થળ વસે, સપ્તમિ કટી અનંગ. ૮૩૪
અષ્ટમિ નાભી સ્થળ ગણે, નવમી હૃદે વિચાર;
દશમી કુચ એકાદશી, કક્ષાપટ પ્રિયકાર. ૮૩૫
દ્વાદશિ ગ્રીવ વસે કહું. ભાળ ત્રયોદશિ સાર;
ચતુર્દશી અધરે વસે, નયન પૂર્ણિમા માર. ૮૩૬
કૃષ્ણ પક્ષ પ્રતિપદ વસે, કામદેવ શિર સેવ;
કૃષ્ણ દ્વીતિયાયે નયન, ત્રીજ અધર પ્રિય દેવ. ૮૩૭
ચોથ કપોળ પંચમિ વસે, કંઠ સ્થળ શ્રીધામ;
પછી કક્ષાપટ પ્રકટ, સપ્તમિ કુચ અભિરામ. ૮૩૮
અષ્ટમિ ઉર નાભી નવમિ, દશમી કટિ કંદર્પ;
એકાદશિ ભગ દ્વાદશી, ઝંઘ ઉતાર સુદર્પ. ૮૩૯
ત્રયોદશીયે ગુલ્ફ સ્થળ, ચતુર્દશીયે એડિ;
અમાવાસ્ય પદતળ વસે, કર પરિક્ષા સ્ત્રી તેડિ. ૮૪૦

Scanned with CamSca

પંચદશ અરણ્ય નામ.

આદિ ચંપકારણ્યછે, વણી બદ્રિકારણ્ય ;
તે પછિ દંડકારણ્યછે, કવિ કહે નિગિપારણ્ય. ૮૪૧
અર્બુદા પદ્મારણ્યછે, વળિ કહું ધર્મારણ્ય ;
જંબુક ગુહ્યારણ્ય જમ, દેવદારુકારણ્ય. ૮૪૨
પુણ્યા ઔંઢારણ્યછે, નધુપારણ્ય વખાણ ;
દ્વૈતારણ્ય પછી કહું, વૃંદારણ્ય સહુ જાણ. ૮૪૩

પંચદશ અનર્થ.

ચોરી હિંસા ઝુઠ વળિ, દંભ ક્રોધને કામ ;
વૈર ગર્હમદ ભેદ કહું, અપ્રતીત એ નામ. ૮૪૪
ઇર્ષા ચિન્તા ભય સહિત, ભેદ પંચદશ હોય ;
અર્થ સાધ્ય પદ્ આદિના, બાષ્ટીના નવજ્ઞેય. ૮૪૫

પંચદશ પવન નામ.

વાયુ વાત આકુત મકુત, સ્વસન સદા ગતિ માન ;
પવન સમીરણ અક્ષપરસ, પ્રભંજન પવમાન ૮૪૬
માતરિશ્વને ગંધવહ, ગંધવાહ જગ પ્રાણ ;
નામ પંચદશ પવનનાં, જાણે જાણ સુજાણ. ૮૪૮.

પંચદશ મેઘ નામ.

અભ્ર મેઘ જીમૂત ઘન, વારિવાહ તડિત્વાન ;
મુદિર બલાહક વારિધર, ધારાધર પ્રિય માન. ૮૪૮
જળમુચ વારિદ અંબુભૃત, ધૂમયોનિ સુણયોદ ;
ગુણી પંચદશ નામ ઘન, પખાડતા મનમોદ. ૮૪૯

પંચદશ તિથી.

પ્રતિપદ દ્વિતિયાને વળી, તૃતિયા ચતુર્થિ સાર ;
પંચમી પષ્ટિ સમગી, અષ્ટમિ નવમિ વિચાર. ૮૫૦
દશમી એકાદશિ અને, દ્વાદશિ ત્રયોદશિ લેખ ;
ચતુર્દશીને પૂર્ણિમા, અમાવાસ્ય તિથિ પેખ. ૮૫૧

પંચદશ તિથીના સ્વામી.

વન્હિ વિરંચી સમનિ ક્રમ, ગૌરી ગણપતિ જાણ ;
નાગ સ્વામિ કાર્તિક ગણી, સૂર્ય શંભુ ઉર આણ. ૮૫૨
દુર્ગા પછિ અંતક કહે, વિશ્વદેવ સુપ્રમાણ ;
વળિ હરિ ક્રામ વખાણુતા, શિવ શશિ સ્વામિ સુજાણ. ૮૫૩
અમાવાસ્યનો પિતુ છે, પ્રતિપદાદિ સુર સ્વામિ ;
ગ્રંથ તણા મત જોઇને, કવિ વર્ણુ ગુણ ગ્રામિ. ૮૫૪

દક્ષની પુર્ણરૂપ ષોડશ પુત્રી નામ.

અડિલ છંદ.

શ્રદ્ધા મૈત્રી દયા શાન્તિ વિશ્રામછે ;
તુષ્ટિ પુષ્ટિ ઉન્નતી ક્રિયા અભિરામછે.
મેધા બુદ્ધિ તિતિક્ષા રિદ્ધિ સહુ એકહી,
(અડિલાં) મૂર્તિ સહિત એ તેર, ધર્મ પત્ની કહી. ૮૫૫

દોહરા.

સ્વાહા અગ્નિ પિતૃસ્વધા, સતિ મહાદેવ સ્વિકારિ ;
દક્ષ પુત્રિ ષોડશ કહી, દલપતિરામ વિચારિ. ૮૫૬

ષોડશોપચાર પૂજા.

દોહરા.

આવાહન ને સ્થાપના, પાદ્યસિંહાસન જાણ ;
અર્ઘ્ય સ્નાન વળતી કહું, ચંદન પુષ્પ પ્રમાણ. ૮૫૭
ધૂપ દીપ નૈવેદ્ય શુભ, તે પછિ આરતિ લેખ ;
તામ્બુળ બીડિ પ્રદક્ષિણા, નમસ્કાર પ્રિય પેખ. ૮૫૮
વિસર્જન સહિત એ કહ્યા, પ્રિય શોડશો પચાર ;
આપ આપણા ઇષ્ટને, પ્રાપ્ત થવે ભવપાર. ૮૫૯

Scanned with CamScanner

સ્ત્રીના ષોડશ શૃંગાર.

પ્રથમ અંગ શુચિ એક વિધિ, મજ્જન દ્વિતિય વખાણ ;
અમળ વસન પ્હેરવું ત્રતિયં, જાવક ચતુર સુજાણ. ૮૬૦
પંચમ કેશ સમારવા, છટ્ઠે માંગ સિંદૂર ;
નખલો સપ્તમ ભાળપર, અષ્ટ ચિબુક તલપૂર. ૮૬૧
મેંદી કર પદ રચન નવ, દશમ અર્ગજા અંગ :
ભૂષણ ગણ અગિયારમે, દ્વાદશ પૂષ્પ પ્રસંગ. ૮૬૨
વાસ રાગ મુખ તેરમો, ચૌદે રંગિન દાંત ;
અધર રાગ ગતિ પંચ દશ, કાજળ ષોડશ ભાંત. ૮૬૩

ષોડશ ચંદ્રકળા.

અમૃતા અને માનદા, પુષ્પા પુષ્ટિ સુતુષ્ટિ :
રતિ ધૃતિ જ્યોતિષ્ણા શશિની, કાંન્તિ ચંદ્રિકા પુષ્ટિ ૮૬૪
શ્રી વળિ પ્રીતિ વખાણતા, ભણે અંગદા નામ.;
એ વિધિ લેખે સકળ કવિ, પૂરણ અમૃત ધામ. ૮૬૫

ષોડશ બ્રાહ્મણના સંસ્કાર.

ગર્ભાધાન સુપૂંસવન, સીમંતસુ સુખ સાધ ;
નામકર્ણ નિષ્ક્રમણ ને, જાણ તું બુદ્ધિ અગાધ. ૮૬૬
અન્નપ્રાશન ચૌલવિધિ, કર્ણ વેધ ઉપવીત ;
વેદારમ્ભ દિક્ષા અને, મહા વ્રત્ત સુપુનીત. ૮૬૭
ડાઢીમુન્ડણ મુંજનો, ત્યાગ કરી સુવિવાહ ;
ષોડશ એ સંસ્કારથી, બ્રાહ્મણનો નિર્વાહ. ૮૬૮

ષોડશ બ્રાહ્મણના સંસ્કારથી ફળ.

સંસ્કારાદિક કર્મથી, આવતું શુભ દ્વીજત્વ ;
પતિતપણું મિટિ જાયને, વળી ટળતું શુદ્રત્વ. ૮૬૯
પુરુષ બીજના દોષથી, ઉત્પન થયલા દોષ ;
સ્ત્રી ગર્ભ દોષ નાશથે, સંતતિ હોય અદોષ. ૯૭૦

Scanned with CamSca

સત કર્મો કરવા થકી, સદાચાર દર્શાય ;
અંતઃકરણ વિશુદ્ધ કરિ, સ્વર્ગ-સુખ જોવાય. ૮૭૧
સ્વર્ગા પવર્ગ સુખ લહે, સત્કર્મે શુભ ધર્મ ;
કર્મ થકી ટળિ વાસના, મળે મોક્ષ પદ પર્મ. ૮૭૨

પુરૂષના પોડશ શૃંગાર.

હરિગીત છંદ.

ક્ષૌર અંજન-વસ્ત્ર અનુપમ શુભ તિલક ભાળ વિશાળછે,
શિર મુકુટ કુન્ડળ કર્ણ ઝાળક ગ્રિવ જડિત મૌક્તિક માળછે ;
કરમુદ્રિકા કંગન વિરાજે પ્હોંચિ બાજુ બંધછે ;
પદ રક્ષણા તાંબૂળ પામરિ ચાતુરિ પુષ્પ સુગંધછે. ૮૭૩

અન્યગ્રંથે સ્ત્રીના પોડશ શૃંગાર.

હરિગીત છંદ.

મંજન પ્રથમ કરિ સુધડ પ્રિય તન ચારુચિર ધારણ કરી ;
શુભ તિલક ભાળ વિશાળ શોભા માંગ નેત્રાંજન ધરી ;
પંચમે શ્રુતિ ત્રાટંક.વેસર.નાશા શુકચંચ્ય ભલી.
સપ્તમે વેણિ સમારિ સુંદર હાર ગ્રિવ પ્રૂલનિ કળી. ૮૭૪
કટિમેખળા શૃંગાર નવમે દ્રુકર કંગન રાજતાં,
અગિયારમે કુચ લેપ ચન્દન-અંગ રાગ વિરાજતાં ;
જ્હાંચર સહિત પદ નેપુરાદિક નાદ મુનિમન વિભ્રમે,
ચૌદમે મૃગ સમ દ્રગવિલોકન, પતિવ્રતા પતિ શૂરમે. ૮૭૫

દોહરા.

તાંબુળ ચરવણ પંચદશ, વખાણુતા જન રંગ ;
ચાતુરતા સહ સોળ એ, રતિ શૃંગાર પ્રસંગ. ૮૭૬

પોડશ સ્ત્રીસ્તનોપમા નામ.

પ્રથમ પુષ્પ કળી બોર પછી, ત્રામુક લિમ્બુ સુવિચાર ;
બિલ્વેરાં અને બિલ્વ-ફળ, દાડિમ સંપુટ ધાર. ૮૭૭

Scanned with CamSca

કંદુક શ્રીફળ તાલફળ, જમ્બિર કુમ્ભ શિકાર ;
કરિ કુમ્ભ સ્થળ નગશિખર, ષોડશોપમા સાર. ૮૭૮

શ્રી રામચંદ્રના ષોડશ પ્રધાન.

વિજય જયંત સુચિર વળી, વિનિતા રાઘવ નામ ;
સુરાષ્ટ્રસુ વર્ધન અને, આનંદ અશોક ધામ. ૮૭૯
ધર્મપાળ સુમંત પ્રિય, ભિન્નિવિર્ય જગ ભિત્ર ;
સુચિત્ર ચતુર સુપ્રધાન એ, તત્વ જ્ઞાનિ સુપવિત્ર. ૮૮૦

શ્રીવિષ્ણુના ષોડશ પાર્ષદ.

વિશ્વક્ સેન સુજય વિજય, નંદ સુનંદ પવિત્ર ;
ભદ્ર સુભદ્રજ ચંડને, છે પ્રચન્ડ સુણ મિત્ર. ૮૮૧
કુમુદ અને કુમુદાક્ષ વળિ, શીલ સુશીલ ગણંત ;
સહસસેન સહ સોળ એ, પાર્ષદ શ્રીભગવંત. ૮૮૨

અગ્નિ કુન્ડના ષોડશ અગ્નિનામ.

પાવક મંગળ લોચનિક, વૈશ્વાનર સહ ચાર ;
ભારદ મૃદુને ગાર્હપત્ય, સૂર્ય ધૃતિ સુવિચાર. ૮૮૩
વડવાનળ કવ્યાદનળ, જઠરાનળ સુદુતાશ ;
દાવાનળ ક્રોધાનળસુ, વિરાહનળ સુપ્રકાશ. ૮૮૪
અગ્નિ સહિત એ સોળ છે, અગ્નિ કુન્ડના દેવ ;
દલપતિરામ પરમ ભણે, ષોડશ નામ સુસેવ. ૮૮૫

અથ સમદશ તત્વ લિંગ શરીર

પંચ પ્રાણ દશ ઇન્દ્રિય દશો, મન વળિ બુદ્ધિ વખાણ ;
તત્વ સપ્ત દશ મળિ થયો, લિંગ દેહ સુપ્રમાણ. ૮૮૬
લિંગ ભંગ જ્યાં લગિ નહીં, ત્યાં લગિ જીવ ગણાય ;
લિંગ દેહનો ભંગ તવ, મોક્ષ નામ સુભણાય. ૮૮૭

Scanned with CamScanner

અષ્ટાદશ સ્મૃતિ નામ.

પ્રથમ સુમનુ આત્રેય વળિ, વિષ્ણુ હારિત સુચાર ;
યાજ્ઞવલ્કય ઉષ્ણા સમજ, ભણું આંગિરા વિચાર. ૮૮૮
યમ વર્ણેછે સકળ કવિ, આપસ્તમ્બ પ્રમાણ ;
સંવર્તજ સમછ હૃદય, કાત્યાયની સુજાણ. ૮૮૯
વળી બૃહસ્પતિ વર્ણતા, પરાશર.અને વ્યાસ ;
શંખ લિખિત ગૌતમ સ્મૃતી, દક્ષ વશિષ્ઠ પ્રકાશ. ૮૯૦

અષ્ટાદશ પુરાણ નામ શ્લોક સંખ્યા સહિત.

બ્રહ્મ બ્રહ્માન્ડ વામન સરસ, બ્રહ્મ વૈવર્ત સુજાણ ;
માર્કન્ડને ભવિષ્યતે, ભવિષ્યોત્તર પુરાણ. ૮૯૧
નારદ વિષ્ણુ વરાહને, ગરુડ પદ્મ સુખ સાર ;
ભગવત્ રૂપી ભાગવત્, જે કવિ પ્રિય આધાર. ૮૯૨
મીન કુર્મ વળિ લિંગ શિવ, સ્કન્ધ સુઅગ્નિ વિચારે ;
અષ્ટાદશ સુપુરાણના, શ્લોક ગણિત સંભાર. ૮૯૩
વામન બ્રહ્મ દશ દશ સહસ્ત્ર, દ્વાદશછે બ્રહ્માન્ડ ;
બ્રહ્મવૈવર્ત સહસ્ત્ર દશ, પંચાવન પદ્મ અખન્ડ. ૮૯૪
પંદર સહસ્ત્ર ચારસો, માર્કન્ડેય પુરાણ ;
સાડાચૌદ ભવિષ્યછે, તેવિશ વિષ્ણુ વખાણ. ૮૯૫
પંચવીશ નારદ તણા, વરાહ ચોવિશ જાણ ;
ઓગણીશ ગણ ગરુડના, અઢાર ભાગવત્ વાણ. ૮૯૬
મત્સ્ય સુચૌદ સહસ્ત્રછે, કુર્મ સત્તર ગણાય ;
લિંગતણા અગિયારને, શિવ ચોવીશ ભણાય. ૮૯૭
પંદર સહસ્ત્ર અગ્નિના, વળિ ઉપર શત ચાર ;
સ્કન્ધ સહસ્ત્ર એકયાશિ શુભ, તે ઉપર શત સાર. ૮૯૮
લક્ષ સુત્રણ અઢાણ ગણ, સહસ્ર વેદ શત આદ ;
સૌપુરાણના શ્લોકની, કહી વ્યાસ.મર્યાદ. ૮૯૯

અષ્ટાદશ ઉપ પુરાણ નામ.

સનત્ કુમાર સુગણ પ્રથમ, નૃસિંહ ને વળિ સ્કન્ધ ;
દુર્વાસા આશ્ચર્ય વળિ, નારદ કપિલ પ્રબન્ધ. ૯૦૦

Scanned with CamScanner

માનવને બ્રહ્માન્ડ કહું, ભાર્ગવ ગરુડ વખાણ;
માહેશ્વર પછિ કાલિકા, શામ્બસુ સૂર્ય પુરાણ. ૯૦૧
વિષ્ણુ પરાશર પ્રિય ગણે, એ સંચય સર્વાર્થ;
દેવિ ભાગવત્ ભળિ થયાં, અઢાદશ જન સ્વાર્થ. ૯૦૨

અષ્ટાદશ મહાભારત પર્વ નામ.

આદિ સભા વનપર્વછે, વિરાટ પછિ ઉદ્યોગ;
ભીષ્મ દ્રોણને કર્ણ પછિ, શલ્ય ગદા સુસુપ્તયોગ. ૯૦૩
સ્ત્રી વળિ શોક સુશાંતિછે, અનુસાશન ઉર આણ;
અશ્વમેધ મૂશલ સહિત, મહા પ્રસ્થાન વખાણ. ૯૦૪
સ્વર્ગારોહણ અંતમાં, સકળ તણો હરિવંશ;
પર્વ અષ્ટાદશ એ કલાં, મહાભારત પ્રસંશ. ૯૦૫

અષ્ટાદશ જ્યોતિષના આચાર્ય.

વિધિ સુર ગુરૂ વશિષ્ટ વળિ, અનુઆત્રેય પ્રમાણ;
પુલસ્ત લોમસ પ્રિય ગણે, વળી મરીચિ સુજાણ. ૯૦૬
અંગિરા અને વ્યાસજી, નારદ શૌનક સાર;
ભૃગુ ચ્યવન પાદર વળી, કશ્યપ ગર્ગ વિચાર. ૯૦૭
પરાશર સહિત એ કલા, મુનિમાં મુનિ વખાણ;
જ્યોતિષના આચાર્યએ, અષ્ટાદશ ઉર આણ. ૯૦૮

અષ્ટાદશકાર સૂવર્ણદાન કર્ણરાજા કરતો તેનું પ્રમાણ.

છપ્પય છંદ.

સરસત પદ્મ જવ એક, સુજાણ જવ ગુંજા જાણો,
ત્રણ ગુંજાનો વાલ, સોળવાલે ગદિયાણો;
તે ગદિયાણા સોળ, તોલનેતો પલ કહિયે,
પલ બોંતેરો પ્રમાણ, થાય તવ ધડી સુલહિયે;
ગણ સોધડિ દશનો ભાર એ, એવા અષ્ટાદશ સહી,
નૃપ કર્ણ કનક દે વિપ્રને, દલપતિ જે ગણતી કહી. ૯૦૯

Scanned with CamScanner

અષ્ટાદશ વર્ણ નામ.

દોહરા.

વર્ણ ૪ વેદ ૪ યુગ ૪ વળિ કહું, ત્રણ સંધ્યા ત્રણ લોક ;—
સહ અરાઢ એ વર્ણ શુભ, ભાખે વિરલા કોક. ૯૧૦

શ્રી ગરૂડ પુરાણોક્ત અષ્ટાદશ વર્ણ નામ.

બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય વળિ, શૂદ્ર સહિત એ સાર ;
ચર્મકાર અને રજક, કુળ નટ વરટ વિચાર. ૯૧૧
કૈવર્તકને મેદ બિલ, ભળ્યાં થયા અગિયાર ;
અંત્યજ વળિ પટ્ ઓરછે, ઉપજાતી ઉરધાર. ૯૧૨
યવન મ્લેચ્છને રાયકા, ઊંટ પાળ ભરવાડ ;
કોણી કલાલ સહ ગણે, દલપતિ વર્ણ અરાડ. ૯૧૩

અષ્ટાદશ ભાર વનસ્પતિ પ્રમાણ.

છપ્પય છંદ.

દશકોટી દશ લક્ષ, સહસ્ર સત્યાશી ભાઈ ;
બમણી સંખ્યા થાય, ભાર તવં એક નવાઈ ;
સફળ વૃક્ષ ગણુચાર, ચાર વળિ અફળ વિચારો,
કંટક ભાર સુચાર, વલ્લિ પટ્ ભાર ત્રિકારો ;
થઇ અરાઢ ભાર વનસ્પતિ, ઓવિધિ સંખ્યા જોડિયે,
છે શોભાવણી વિરાટની, જાણી ખ્યાલ ન છોડિયે. ૯૧૪

વૈદક ગ્રંથે અષ્ટાદશ ભાર વનસ્પતિ બીજી રીતે.

દોહરા.

ત્રીશકોટિ ને ચતુર વળિ, લક્ષ સહસ્ર ચોર્યાશિ ;
ઓકભાર સંખ્યા કહી, વૈદક ગ્રંથ તપાસિ. ૯૧૫
ચાર ભાર અપુષ્પ વત, અષ્ટભાર ફળવાન ;
ત્રણવલ્લી ત્રણ અફળ સહ, એ અષ્ટાદશ માન. ૯૧૬

Scanned with CamScanner

અન્ય ગ્રંથાન્તરે એક પ્રકાર વનસ્પતિ ત્રીજી રીતે.

પ્રથમ રામ[૩] પછિ નગ[૮] અને, રૌદ્ર[૧૧] સૂર્ય[૧૨]શશિ[૧] સાર ;
અધિક શુન્ય[૦] મુનિ[૭] ક્રમ સહિત, યે સંખ્યા શુભ ભાર. ૯૧૭

શ્રી રામચંદ્રજીના અષ્ટાદશ પદ્મ વાનરના જૂથ-પતિ.

છપ્પય છંદ.

દિનકર સુત હરિરાજ, બાલધામ કેસરિ ઔરસ,
દધિમુખ દુવિદ મયંદ, રીછપતિ સનકો પૌરસ ;
ઉલ્કા સુભટ સુષેન, કરી ગુમ કુમુદ નીલ નલ,
વૈગવાન્છ સરભંગ, પનસ ગંધમાદન બહુ બલ ;
એ પદ્મ અષ્ટાદશ જૂથ પતિ, મળિ રાવણ વિર રોળિયા,
કુમ્ભકરણાદિ ભડ ઇન્દ્રજિત, ચાંગડ વત સૌચોળિયા. ૯૧૯

શુકદેવ પિંગળે અષ્ટાદશ દગ્ધાક્ષર.

દોહરા.

ખ ઘ ઙ ઝ ભ ટ ઠ ઢ ણ ધ ન પ ફ, બ ભ મ ર લ એ અરાડ ;
દગ્ધાક્ષરં શુક પિંગળે, નર કવિતામાં આડ. ૯૨૯

પૂર્ણ અક્ષૌહિણી પ્રમાણ.

રથ એકવિશ સહસ્ર વળિ, અષ્ટશત સુસિત્તેર ;
હસ્તી પણ ગણ એટલા, કે નવ આવે ફેર. ૯૨૦
પાંશટ સહસ્રને છસોં, ઉપર દશ સુવિચાર ;
ચોડેત્થાર કલા ગણો, એ પછિ પદાતિ સાર. ૯૨૧
સુએક લક્ષ સહસ્ર નવ, સાડાત્રણ શત લેખ ;
પદાતિ પરમ પ્રમાણ એ, અક્ષૌહિણી સુપેખ.. ૯૨૨

જરાસન્ધ અક્ષૌહિણી પ્રમાણ.

અયુત હસ્તિને પ્રયુત રથ, ચોદ્દા લક્ષ જુઆર ;
પ્રયુત અશ્વ પદાતિ કહું, છત્રિશ લક્ષ સુમાર. ૯૨૩
અષ્ટાદશ અક્ષૌહિણી, જરાસન્ધનિ વિચાર ;
ગદા યુદ્ધમાં કુશળ નૃપ, ચઢયો સુમત્તરવાર. ૯૨૪

Scanned with CamScanner

મુખ્ય વીશ જાતના મણીનામ.

સૂર્યકાન્તિ ને ચંદ્ર વળિ, સ્ફાટિક કંચન ઇન્દ્ર;
પદ્મરાગ ને નીલમણિ, મહા નીલમણીન્દ્ર. ૯૨૫
ગરુડોદ્ધારક સંજિવન, મણિ મરકત ગાંભિર;
સ્યમંતક સુકૌસ્તુભ વળી, મોક્તિક કિરોર ધીર, ૯૨૬
ચિંતામણિ ચૂડામણી, ભાણિક્ય સ્પર્શ સમસ્ત;
વીશ જાતિના એ મણી, દલપતિ કરે પ્રશસ્ત. ૯૨૭

ત્રયોવિંશતિ પદાર્થ નામ.

છપ્પય છંદ.

પ્રમાણ અને પ્રમેય, સંશય અને સુપ્રયોજન,
દૃષ્ટાન્ત સુસિદ્ધાન્ત, તર્ક અવયવ નિર્ણય જન;
વાદ વિતન્ડા જલ્પ, સુહેત્વાભાસ વળી છલ,
નિગ્રહ સ્થાન વખાણ, જાતિ સહ સોળ કહ્યાં ભલ;
સુપદાર્થ દ્રવ્ય સામાન્ય ગુણ, વિશેષ વળિ સમવાયછે,
કર્માભાવ સહિત સમ મળિ, પદાર્થ ત્રિય કહેવાયછે. ૯૨૮

ચતુર્વિંશતિ અવતાર નામ.

છપ્પય છંદ.

જય જય મીન વરાહ, કમઠ નરહરિ બળિ વામન,
પર્શુરામ રઘુવીર, કૃષ્ણ કીર્તી જગપાવન;
બૌધ કલંકી વ્યાસ, હંસ પૃથુ હરિ મનવંતર,
યજ્ઞ ઋષભ હયગ્રોવ, ધ્રુવ સુવરદા ધનવંતર;
કેદાર કપિલ દત્તાત્રિ મળિ, સનકાદિક કરુણા કરે,
ચોવીશ રૂપ લીલા રચી, દલપતિરામ હૃદય ધરે. ૯૨૯

ચતુર્વિંશતિ અવતારના જન્મસ્થળ નામ.

દોહરા.

મીન કુર્મ ધનવંતરી, જન્મ સિંધુછે જાંણ;

સનકાદીક વરાહ વળિ, હંસ બ્રહ્મ પુર માંહ્ય. ૯૩૦
નર નારાયણ સ્વર્ગમાં, વ્યાસ કાલપિ પ્રમાણ ;
નરહરિજી મુલતાનમાં, વામન પ્રયાગ જાણ. ૯૩૧
અવધનાથ પૃથુ ઋષભતો, અવધપુરી પ્રખ્યાત ;
કૃષ્ણ મથૂપુર ને વિષે, હરિસુ મેરુતળ ખ્યાત. ૯૩૨
હયગ્રીવ કંબરુ વિષે, બૌધ ગયાદિ વખાણ ;
મનુ પુત્ર પ્રકટ વિપૂરમાં, દત્ત ચિત્રગિરિ જાણ. ૯૩૩
યજ્ઞો જન્મનિવારણમાં, પરશુરામ અવતાર ;
નારાયણ સર કપિલ મુનિ, કલ્કી સંભલ સાર. ૯૩૪

શ્રીદત્તાત્રયના ચતુર્વિંશતિ સકારણ ગુરૂનામ.

પૃથ્વી. ૧

ઉપકારથિ ગાતી સ્તુતી, અપકારથિ નિન્દાય ;
નિસ્પૃહતા જેને વિષે, રાખે પૃથ્વિ સદાય. ૯૩૫
અચળ પણુંછે પ્રાણમાં, પરોપકારી વૃક્ષ ;
માટે દત્ત ગુરૂ પ્રથમ, પૃથ્વીછે પ્રત્યક્ષ. ૯૩૬

વાયૂ. ૨

સ્વાદ સ્વાદ કટૂ વણી, સ્તુતિ નિન્દાનો ત્યાગ ;
વિચાર દત્તાત્રય ગુરૂ, ભાખ્યુ દ્વિતિય સભાગ. ૯૩૭

આકાશ. ૩

જ્યે આકાશે સૂર્યનો, છે સર્વત્ર પ્રકાશ ;
પ્રકાશ પાછો સૂર્યમાં, ભળે સ્થાન જાય નાશ. ૯૩૮
અન્ય ઉપર પડવા થકી, ધરે ન તેજ વિચાર ;
પરમાત્મા આકાશ વત્, સર્વમાંહિ સરદાર. ૯૩૯
વળી જીવના મર્યુથી, તે શક્તી નહિં ક્ષીણ ;
ત્રીજો નભ ગુરુ દત્તનો, જાણે જ્ઞાનિ પ્રવીણ. ૯૪૦

જળ. ૪

ઉજ્વળ મૌક્તિક વત્ ચમ્પુછે, કરે જક્તને શુદ્ધ ;

Scanned with CamSca

જ્ઞાનિ શુદ્ધ રહિ અવરને, કરે બોધ અવિરુદ્ધ. ૯૪૧

અગ્નિ. ૫

અગ્નિ પ્રજ્વળે સર્વને, જ્ઞાનિ ખર્ચિદે તેમ ;
સંતોષી આશીષદે, પાપ મુક્ત કર એમ. ૯૪૨

ચંદ્ર. ૬

ચંદ્ર તેજમુ વધે ઘટે, પણ સ્વસ્વરુપે એજ ;
જ્યે પરમાત્મ અનંતમાં, અલગ પ્રકાશિત છેજ. ૯૪૩

સૂર્ય. ૭

સૂર્ય સોળિ વૃષ્ટી કરે, જ્ઞાની સમજે એમ ;
મેળવિ લોભાઇ ન તે, પાછું આપે તેમ. ૯૪૪
સૂર્ય-બિમ્બ જળમાં અધિક, દેખાતાં પણ એક ;
ઇશ્વર પ્રકાશ સર્વમાં, પરંતુ એક વિવેક. ૯૪૫

પારેવા. ૮

પારેવા ગુરુ આઠમો, પાસ માયન ફસાય ;
તેમ જ્ઞાનિ ફસતા નથી, માયા પાસ કળાય. ૯૪૬

અજગર. ૯

અજગર વૃત્તી રાખવી, જ્ઞાની દ્રઢ વિશ્વાસ ;
પ્રભુ આપે તે પ્રસનથી, ખાય ગણ્યો ગુરુ ખાસ. ૯૪૭

સમુદ્ર. ૧૦

સમુદ્ર વધ ઘટ થાય નહિં, જાણે જ્ઞાની કોક ;
લાભ હાનિ મન નવ ધરે, નહીં હર્ષ નહિં શોક. ૯૪૮

પતંગ. ૧૧

પતંગવત્ મોહિત નથૈ, કરેન પરસ્ત્રિય સંગ ;
પુત્ર પત્નિ ધન મોહતજિં, જ્ઞાની રહે અસંગ. ૯૪૯

મધુમક્ષિકા. ૧૨

સંગ્રહ કરિ મધુમક્ષિકા, વિચારતી નથિ સ્વાર્થ ;
તેમ જ્ઞાનિ સંચે નકદિ, યોગ્ય ભોગિ પર્માર્થ. ૯૫૦

હરણી. ૧૩

કરિણિ ચિત્ર દેખાડિને, હરિત હરણગત જેમ ;
જ્ઞાનિ ભોદાસી પાસમાં, પડતા કદીન તેમ. ૯૫૧

મધુહા. ૧૪

ઘણા દિવસ પરિશ્રમ કરી, સંચે મધ મધમાખિ ;
તે મધુહા ક્ષણ એકમાં, લેતા બાકિ ન રાખિ. ૯૫૨
જ્ઞાનિ પ્રયોજન જેટલું, લાવી બાય સ્વિકાર ;
ગુરૂ ચતુર્દશ એ થયા, કોવિદ કુળ સુવિચાર. ૯૫૩

મૃગ. ૧૫

વાજિન્ત્રાદિક નાદથી, પ્રિય મૃગ પડતા પાસ ;
તેમ જ્ઞાનિ સ્ત્રી વચન થા, ગાનથિ વશ નહિં બાસ. ૯૫૪

મત્સ્ય. ૧૬

સ્વાદ ઇન્દ્રિયી મત્સ્ય જે, આંકડિ માંસ ફસાય ;
જ્ઞાનિન લક્ષુતા રાખતા, સાવધ રહી સદાય. ૯૫૫

પિંગળા વેશ્યા. ૧૭

વ્યભિ ચારાદિક દોષ તજિ, ગુણિકા પામી મોક્ષ ;
તેમ જ્ઞાનિ રસ ભોગ તજિ, ગ્રહે જ્ઞાન અપરોક્ષ. ૯૫૬

સમડી. ૧૮

એક સમડિ ઉડિ ભક્ષલે, કર્યો બિજિયે પ્રહાર ;
નાંખિ ભક્ષ હારી ગઈ, જ્ઞાની જ્ઞાન વિચાર. ૯૫૭
માયાને ભય જગતમાં, નથિ કાયાને સાર ;
વિચારિ વસ્તુ ન રાખતાં, જ્ઞાની કોડી ભાર. ૯૫૮

Scanned with CamScanner

કામાદિક ને વશ નથી, એકલું વિરક્ત બાળ ;
આપ-રમતમાં પ્રસન મુખ, તેમ જ્ઞાનિ મુખ ભાળ. ૯૫૯

કુમારિકા. ૨૦

રખે-પરોણો જાણુરો, શાળ ખાંડતિ કુમારિ ;
ખડખડતી ચૂડી બધી, મૂકી બાંય ઉતારિ. ૯૬૦
એકેક રહી તવ પ્રસન, તેમ જ્ઞાનિ મન લેખ ;
એકાન્તે રહિ રટ વિભૂ, એક એક પ્રિય પેખ. ૯૬૧

તીર બનાવનારો. ૨૧

આપ આપણા ઉદ્યમે, મચ્યો રહે તિરકાર ;
ગૈ રાજની સ્વારિ પણ, જાણ્યું નહીં લગાર. ૯૬૨
તેમ ઇન્દ્રિયો વશ કરી, નારાયણનું ધ્યાન ;
ધરે જ્ઞાનિ મન દૃઢ કરી, મોક્ષ પરમ પદ જ્ઞાન. ૯૬૩

સર્પ. ૨૨

સર્પ કરે નહિં ઘર કદી, ઊંદર દર રહાણુ ;
તેમ જ્ઞાનિ ઘર નવ કરે, જ્યાંનિરિચ્છાં ઘર જાણુ. ૯૬૪

ભમરી વા કરોળિયો. ૨૩

જાળ પ્રસારિ સમાધિદે, ભમરિ શરિરમાં લેખ ;
તેમ જગત ઉમત્તિ લય, પરબ્રહ્મમાં પેખ. ૯૬૫

ભૃંગારી વા ભ્રમરી. ૨૪

ભૃંગારી ઘર છિદ્ર કરિ, મુકે ઇયળ દૈ દંખ ;
દ્વાર બંધ કરિ સેવતાં, દંખ સ્મરણુ નીઝંખ. ૯૬૬
યતિ ભૃંગારી તેમ જો, જ્ઞાની જ્ઞાન સ્વરૂપ ;
પરમાત્મામાં લીનથૈ, દલપતિછે તદ્રૂપ. ૯૬૭

ચતુર વિંશતિ એકાદશી પૂર્ત વિશ્રામ.

મોક્ષદા સફળા સદા, માર્ગશીર્ષમાં લેખ ;

તેમ પુત્રદા ષટ્તિલા, પૌશ માસમાં પેખ. ૯૬૮
માઘ જયા વિજયા વદે, વળી ફાલગુણ જાણ ;
આમલકી અઘમોચની, ચૈત્રનિ હવે પ્રમાણ. ૯૬૯
કામદા વળિ વરૂથિની, વળિજો માધવ માસ ;
મોહિનિને અપરા બિજી, કહી પ્રકાશ પ્રકાશ. ૯૭૦
નિર્જળા અને યોગિની, જ્યેષ્ઠ માસની સાર ;
દેવશયનિ ને કામિકા, આષાઢે ઉર ધાર. ૯૭૧
સુતદા ધર્મપ્રદા ગણે, શ્રાવણ શ્રેષ્ઠ વિચાર ;
પરિવર્તિનિ ને ઇન્દિરા, નભસ્યની સંભાર. ૯૭૨
પાવાંકુશા વળી કહે, રમાસુ આશ્વિન હોય ;
પ્રબોધિની ઉત્પત્તિબે, કાર્તિકમાં પ્રિય જોય. ૯૭૩
વેધ દોષછે ચાર વિધિ, એકાદશિના જેહ ;
સ્પર્શ વળી સંગમ ભણે, સ્વલ્પ વેધ સુણ એહ. ૯૭૪
ઘટિકા પિસ્તાળીશ જો, પુર્વે દશમી હોય ;
એકાદશિ નિર્દોષ તે, પળ વધિ સ્પર્શ તું જોય. ૯૭૫
જવ પચાશ ઘડિ દશમિતો, સંગમ દોષ લખાય ;
પંચાવન ઘડિ સ્વલ્પછે, છપ્પન વેધ ગણાય. ૯૭૬
પ્રથમ દોષ સતયુગ વિષે, દ્વિતિયસુત્રેતા જાણ ;
ત્રીજો દ્વાપરમાં ગણે, ચતુર્થ કળી પ્રમાણ. ૯૭૭
વળી સમત્વ સૂર્યોદય, પૂર્વક્ષણનો અંત ;
ત્યાં સુધિ તિથી રહેજ તવ, પૂર્ણ સાઠ ગુણવન્ત. ૯૭૮
જો કદિ ન્યૂન ઘટિ સાઠમાં, હોય તિથી તવ લેખ ;
શુદ્ધા વિદ્ધા ભેદમાં, તિથિ ક્ષય વૃદ્ધિ સુપેખ. ૯૭૯
વૈષ્ણવ શુદ્ધૈકાદશિ, ભેદ પ્રથમ તું વિચાર ;
દશમી પંચ્ચાવન ઘટી, ઓગણ સાઠ પળ સાર. ૯૮૦
તેમજ એકાદશિ સુઘટિ, ઓગણ પચાશ નેક ;
તે પર ઓગણસાઠ પળ, જોદ્વાદશી વિવેક. ૯૮૧
તેંતાળિસ ઘટિને ઉપર, પળસુ ઓગણપચાસ ;
તે પરમાવધિ પૂર્ણમાં, ઓછી ક્ષય પળ ખાસ. ૯૮૨
તે થકિ ચુમ્માળીસ ઘટિ, પરિમિત ન્યૂન લખાય ;

Scanned with CamSca

શુદ્ધા વિદ્ધા ભેદથી, વિલક્ષણજ દર્શાય. ૯૮૩
વેધ રહિત અરુણોદયજ, શુદ્ધૈકાદશિસાર ;
વૈષ્ણવ શુદ્ધા ભેદ નવ, વર્ણૂ ચાર પ્રકાર. ૯૮૪

વૈષ્ણવોની શુદ્ધા એકાદશીના નવ ભેદ.

પ્રથમ ભેદનું કોષ્ટક.

	દશમી.		એકાદશી.		દ્વાદશી	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ.
શુદ્ધન્યૂનાન્યૂન દ્વાદશિકા.....	૫૫	૫૯	૫૮	૦	૫૬	૫૯
ધર્માબ્ધિસ્થમુદાહરણું	૫૫	૦	૫૭	૦	૫૮	૦

જો સુઅનુભયાધિક્યવતિ, શુદ્ધા વૃત સુખદાઇ;
સ્માર્ત વૈષ્ણવ મળી કરે, એકાદશિ ન નવાઇ. ૯૮૫

બીજા ભેદનું કોષ્ટક.

	દશમી.		એકાદશી.		દ્વાદશી.	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ.
સુદ્ધન્યૂનાસમદ્વાદશિકા	૫૫	૫૯	૫૮	૦	૬૦	૦
ધર્માબ્ધિસ્થમુદાહરણું	૫૫	૦	૫૭	૦	૫૮	૦

એ સુઅનુભયાધિક્યવતિ, શુદ્ધા વૃત સુખકાર;
એપણ એકાદશિ દિવસ, સ્માર્ત વૈષ્ણવ સ્વિકાર. ૯૮૬

Scanned with CamSca

ત્રીજા ભેદનું કોષ્ટક.

	દશમી.		એકાદશી.		દ્વાદશી.	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ.
શુદ્ધન્યૂનાઽધિક દ્વાદશિકા	૫૫	૫૬	૫૮	૦	૬૦	૧
ધર્માબ્ધિસ્થમુદાહરણું	૫૫	૦	૫૮	૦	૬૦	૧

દ્વાદશિ માત્રાધિક્યવતિ, શુદ્ધા ભેદ વિચાર;
એકાદશિયે સ્માર્ત વૃત, દ્વાદશિ વૈષ્ણુવ સાર. ૯૮૭
વૈષ્ણુવ દ્વાદશિયે કરે, એકાદશિ વૃત જાણુ;
માધવને હેમાદ્રિ મત, દલપતિ અધિક પ્રમાણુ.. ૯૮૮

ચોથા ભેદનું કોષ્ટક.

	દશમી.		એકાદશી.		દ્વાદશી	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ
શુદ્ધસમાન્યૂન દ્વાદશિકા	૫૫	૫૯	૬૦	૦	૫૯	૫
ધર્માબ્ધિસ્થમુદાહરણું	૫૫	૦	૫૭	૦	૫૮	૧

ઉભય અનુભયાધિક્યવતિ, આટે પૂર્વ વિચાર;
એપણ એકાદશિ દિવશ, વૃત્ત ઉભય સુખકાર. ૯૮૯

Scanned with CamScanner

પાંચમા ભેદનું કોષ્ટક.

	દશમી.		અગિયારશી		બારશી	
	ધ.	પ.	ધ.	પ.	ધ	પ
શુદ્ધ સમાસમ દ્વાદશિકા	૫૫	૫૯	૬૦	૦	૬૦	
ધર્મોબ્ધિરથમુદાહરણં	૫૫	૦	૫૭	૦	૫૮	

ઓહ અનુભયાધિક્યવતિ, શુદ્ધા·વૃત્ત સ્વિકાર;
એકાદશિ દિવશે કરે, ઉભય પક્ષ ધૃત સાર. ૯૯૦

છઠ્ઠા ભેદનું કોષ્ટક.

	દશમી.		અગિયારશી		બારશી.	
	ધ.	પ.	ધ.	પ.	ધ	પ.
શુદ્ધસમાઽધિક દ્વાદશિકા	૫૫	૫૯	૬૦	૦	૬૦	૦
					૩	૧
ધર્મોબ્ધિરથમુદાહરણં	૫૫	૦	૫૮	૦	૬૦	૧

દ્વાદશિ··માત્રાધિક્યવતિ,- શુદ્ધા ભેદ સુલેખ;
એકાદશિયે સ્માર્તે ધૃત, દ્વાદશિ વૈષ્ણવ પેખ. ૯૯૧
એ પ્રમાણ માધવ કહે, વળિ હેમાદ્રિ વિચાર;
દ્વાદશિયે સધળા કરે, એકાદશિ ધૃત સાર. ૯૯૨

Scanned with CamSca

સાતમા ભેદનું કોષ્ટક.

	દશમી.		એકાદશી		દ્વાદશી.	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ.
શુદ્ધાઽધિકાન્યૂન દ્વાદશિકા	૫૫	૫૯	૬૦	૦	૫૯	૫૮
			૦	૧	ક્ષ	૫
ધર્માબ્ધિરયમુદાહરણું	૫૫	૦	૬૦	૧	૫૮	૦
					ક્ષ	૫

ઓ એકાદશિને ગણે, ભાત્રાધિક્યવતિ શુદ્ધ ;
એકાદશિયે સ્માર્ત વ્રત, કરે ભક્ત અવિરૂદ્ધ. ૯૯૩
દ્વાદશિયે વૈષ્ણુવ યતિ, શેષૈકાદશિ વૃત્ત ;
ઉભય ઉપાસ હેમાંદ્રિ મત, પૂર્વસુ માધવ ભક્ત. ૯૯૪

આઠમા ભેદનું કોષ્ટક.

	દશમી.		એકાદશી		દ્વાદશી.	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ.
શુદ્ધાઽધિકા સમ દ્વાદશિકા	૫૫	૫૯	૬૦	૧	૫૯	૫૯
			૦	૧	ક્ષ	૫
ધર્માબ્ધિરયમુદાહરણું.	૫૫	૦	૬૦	૧	૫૮	૦
					ક્ષ	૫

ઓ પણ એકાદશિ થતી, ભાત્રાધિક્યવતિ શુદ્ધ ;
સ્માર્ત ગૃહસ્થ એકાદશી, પૂર્વનિ કરે પ્રબુદ્ધ. ૯૯૫
યતિ વૈષ્ણુવ એકાદશી, બીજી કરે સુલેખ ;
માધવ ભક્ત કહ્યો હવે, હેમાદ્રી મત પેખ. ૯૯૬
સકામ વા નિષ્કામ વ્રત, ઉભય દિવસ સુઉપાસ ;
વિચાર કરવા યોગ્ય છે, યતિવૈષ્ણુવને ખાસ. ૯૯૭

Scanned with CamSca

નવમા ભેદનું કોષ્ટક.

	દશમી.		અગિયારસ		બારસ
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.
શુદ્ધાઽધિકાઽધિક, દ્વાદશિકા	૫૫	૫૯	૬૦	૧	૩
ધર્મોદ્ધિસ્થમુદાહરણં	૫૫	૦	૬૦	૧	૫

એ એકાદશિ તો થતી, ઉભયાધિક્ય વતિ શુદ્ધ ;
સ્માર્ત વૈષ્ણવ ઉભય તણી, બીજી કહિ અવિરુદ્ધ. ૯૯૮
માધવ હેમાદ્રીમતે, એકાદશિ વૃત સાર ;
વૈષ્ણવની શુદ્ધા તણા, નવધા ભેદ વિચાર. ૯૯૯

વૈષ્ણવોની વિદ્ધા એકાદશીના નવ ભેદ.

સૂર્યોદયથી પ્રથમ જે, ઘટિકા ચાર પ્રમાણ ;
અરુણોદયમાં દશમિતો, વિદ્ધા પાગ વખાણ. ૧૦૦૦
એ વૈષ્ણવ વિદ્ધાતણા, પણ નવ ભેદ સ્વિકાર ;
ન્યારા ન્યારા કોઇકે, વ્યાખ્યા રૂપટ વિચાર. ૧૦૦૧

પ્રથમ ભેદનું કોષ્ટક.

	દશમી.		અગિયારસી.		બારસી.
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.
વિદ્ધન્યૂનાન્યૂન દ્વાદશિકા.....	૫૬	૧	૫૮	૦	૫૯
ધર્મોદ્ધિસ્થમુદાહરણં	૫૭	૦	૫૮	૦	૫૯

એહ અનુભયાધિક્યવતિ, વિદ્ધૈકાદશિ થાય ;
સ્માર્ત વૃત્ત એકાદશી [illegible]

Scanned with CamScanner

બીજા ભેદનું કોષ્ટક.

	દશમી.		અગિયારસ		બારશ	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ.
વિદ્ધન્યૂનાસમ દ્વાદશિકા	૫૬	૧	૫૮	૦	૬૦	૦
ધર્મામ્બિધરથમુદાહરણું	૫૭	૦	૫૮	૦	૫૯	૦

એહ અનુભયાધિક્યવતિ, વિદ્ધૈકાદશિ લેખ;
સ્માર્ત વૃત્ત એકાદશિ, વૈષ્ણવ દ્વાદશિ પેખ. ૧૦૦૩

ત્રીજા ભેદનું કોષ્ટક.

	દશમી.		અગિયારસ		બારશ	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ.
વિદ્ધન્યૂનાઽધિક દ્વાદશિકા.....	૫૬	૧	૫૮	૦	૬૦	૦
					૧	૧
ધર્મામ્બિધરથમુદાહરણું	૫૮	૦	૫૯	૦	૬૦	૧

દ્વાદશિ માત્રાધિક્ય વતિ, વિદ્ધોકાદશિ જાણ;
એકાદશિયે સ્માર્ત વૃત, વૈષ્ણવ બીજિ વખાણ. ૧૦૦૪
માધવમત પૂર્વે કહ્યો, હેમાદ્રીમત સાર;
સઘળા દ્વાદશિને દિવસ, વૃત્ત કરે ત્રિયકાર. ૧૦૦૫

Scanned with CamSca

ચોથા ભેદનું કોષ્ટક.

	દશમી.		અગિયારશી		બારશી	
	ઘ.	૫.	ઘ.	૫.	ઘ.	૫.
વિદ્ધસમાન્યૂન દ્વાદશિકા	૫૮	૫૯	૬૦	૦	૫૯	૫૯
ધર્માબ્ધિસ્થમુદાહરણું	૫૭	૦	૫૮	૦	૫૯	૦

વિદ્ધ અનુભયાધિક્યવતિ, સ્માર્તૈર્દ્વાદશિ સાધ;
વૈષ્ણુવ વિદ્ધા તેયકી, દ્વાદશિયે આરાધ. ૧૦૦૬

પાંચમા ભેદનું કોષ્ટક.

	દશમી.		અગિયારશી		બારશી	
	ઘ	૫.	ઘ.	૫.	ઘ.	૫
વિદ્ધસમાસમ દ્વાદશિકા	૫૯	૧	૬૦	૦	૬૦	૦
ધર્માબ્ધિસ્થમુદાહરણું	૫૭	૦	૫૮	૦	૫૯	૦

વિદ્ધ અનુભમાધિક્યવતિ, સ્માર્તૈર્દ્વાદશિ જાણુ;
વૈષ્ણુવ વિદ્ધા તે થકી, દ્વાદશિ વૃત્ત પ્રમાણુ. ૧૦૦૭

છઠ્ઠા ભેદનું કોષ્ટક.

	દશમી		અગિયારશી		બારશી	
	ઘ.	૫.	ઘ.	૫.	ઘ.	૫
વિદ્ધસમાધિક દ્વાદશિકા	૫૭	૧	૬૦	૦	૬૦	૦
					૧	૦

પૂર્વ કથી સર્વાનુમત, હેમાદ્રીમત ખાસ ;
સ્માર્ત વૈષ્ણવાદિક કરે, દ્વાદશિયે ઉપવાસ. ૧૦૦૯

સાતમા ભેદનું કોષ્ટક.

	દશમી.		એકાદશી.		દ્વાદશી.	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ.
વિદ્ધાધિક્યાન્યૂન દ્વાદશિકા.....	૫૯	૧	૨૦	૯	૫૯	૫૮
			૦	૧	ક્ષ	૫
ધર્માબ્ધિરથમુદાહરણું	૫૮	૦	૬૦	૧	૫૮	૦
					ક્ષ	૫

વિદ્ધા માત્રાધિક્યવતિ, એકાદશિ વૃત નેક ;
સ્માર્ત ગૃહસ્થ પહેલી કરે, વળિ વધિ કહું વિવેક. ૧૦૧૦
વાનપ્રસ્થ સન્યાસિ વળિ, ગૃહસ્થ વૈષ્ણવ સાર ;
વિધવા સદ્ધ દ્વાદશિ દિવસ, વૃત્ત કરે પ્રિયકાર. ૧૦૧૧
સ્માર્ત ઉભય વૃત આચરે, કહે કેટલાએક ;
વિષ્ણુ પ્રીતિ ઇચ્છા કરણ, આટે કથ્યો વિવેક. ૧૦૧૨

આઠમા ભેદનું કોષ્ટક.

	દશમી.		એકાદશી.		દ્વાદશી.	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ.
વિદ્ધાધિકા સમ દ્વાદશિકા	૫૯	૧	૬૦	૯	૫૯	૫૮
			૦	૧	ક્ષ	૫
ધર્માબ્ધિરથમુદાહરણું.	૫૮	૦	૬૦	૧	૫૮	૦
					ક્ષ	૫

એ પણ માત્રાધિક્યવતિ એકાદશિ છે વિદ્ધ ;
સ્માર્ત પ્રથમ વૈષ્ણવ બિજી, સમમ ભેદ પ્રસિદ્ધ. ૧૦૧૩
જે કહ્યું સમમ ભેદમાં, તેજ અષ્ટમાં જાણ ;
માધવાદિમત જોઇને, દલપતિ કહે પ્રમાણ. ૧૦૧૪

Scanned with CamSca

નવમા ભેદનું કોષ્ટક.

	દશમી		અમાવાસ		દ્વાદશી	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ.
વિદ્ધાધિદ્ધાઽધિક દ્વાદશિકા	૫૬	૧	૬૦	૦	૫	૦
ધર્માબ્ધિધ્રુવમુદાહરણં	૫૮	૦	૬૦	૧	૫	૦

ઉભયાધિક્ય વતી થતી, વિદ્ધૈકાદશિ ખાસ;
સર્વ સ્માર્ત વૈષ્ણવ કરે, બીજી યેજ ઉપાસ. ૧૦૧૫

સ્માર્તોની શુદ્ધા એકાદશીના નવ ભેદ.

સૂર્યોદય સમયે તિથી, દશમી જો નવ હોય;
તવ શુદ્ધા તે સ્માર્તની, ચાર પ્રકારે જોય. ૧૦૧૬
શુદ્ધાને વિદ્ધાતણા, નવ નવ ભેદ સ્વિકાર;
ધર્મ શાસ્ત્રમાં જોઇલે, વૃતવિધાન વિસ્તાર. ૧૦૧૭

પ્રથમ ભેદનું કોષ્ટક.

	દશમી.		અમાવાસ.		દ્વાદશી.	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ.
શુદ્ધન્યૂનાન્યૂન દ્વાદશિકા.....	૫૯	૫૯	૫૯	૦	૫૯	૦
ધર્માબ્ધિધ્રુવમુદાહરણં	૫૭	૦	૫૮	૦	૫૯	૦

શુદ્ધ અનુભયાધિક્યવતિ, સ્માર્તૈકાદશિ સાધ;
વૈષ્ણવ વિદ્ધા તેથકી, દ્વાદશિયે આરાધ. ૧૦૧૮

Scanned with CamScanner

બીજા ભેદનું કોષ્ટક.

	દશમી.		એકાદશી.		દ્વાદશી	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ.
શુદ્ધન્યૂનાસમ દ્વાદશિકા	૫૯	૫૯	૫૯	૪૫	૬૦	૦
ધર્માબ્ધિસ્થમુદાહરણું	૫૭	૦	૫૮	૦	૫૯	૦

શુદ્ધ અનુભયાધિક્યવતિ, સ્માર્તૈકાદશિ લેખ;
વૈષ્ણવ વિદ્ધા દ્વાદશી, વૃત્ત વિચારી પેખ. ૧૦૧૯

ત્રીજાભેદનું કોષ્ટક.

	દશમી.		એકાદશી.		દ્વાદશી.	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ.
શુદ્ધન્યૂનાધિક દ્વાદશિકા.....	૫૯	૫૯	૫૯	૫૯	૬૦	૦
					૧	૦
ધર્માબ્ધિસ્થમુદાહરણું	૫૮	૦	૫૯	૦	૬૦	૦
					૦	૧

દ્વાદશિ માત્રાધિક્યવતિ, શુદ્ધૈકાદશિ થાય;
જરૂર સ્માર્ત એકાદશી, માધવ મતે લહાય. ૧૦૨૦
હેમાદ્રિમતે સર્વને, દ્વાદશિછે અનુકૂળ;
કેચિદ્મતે સુસ્માર્તને, બીજી નથિ પ્રતિકૂળ. ૧૦૨૧

Scanned with CamSca

ચોથા ભેદનું કોષ્ટક.

	દશમી.		અગિયારશ		બારશ	
	ઘ.	૫.	ઘ.	૫.	ઘ.	૫.
શુદ્ધસમાન્યૂન દ્વાદશિકા	૫૮	૫૯	૬૦	૦	૫૯	૫૯
ધર્માબ્ધિરથમુદાહરણું	૫૭	૦	૫૮	૦	૫૯	૦

એહ અનુભયાધિક્યવતિ, શુદ્ધૈકાદશિ વૃત્ત;
વિદ્યા વૈષ્ણવની બિજી, ધર્મશાસ્ત્ર સમ્મત. ૧૦૨૨

પાંચમાં ભેદનું કોષ્ટક.

	દશમી.		અગિયારશ		બારશ	
	ઘ	૫.	ઘ.	૫.	ઘ.	૫.
શુદ્ધસમાસમ દ્વાદશિકા	૫૮	૫૯	૬૦	૦	૬૦	૦
ધર્માબ્ધિરથમુદાહરણું	૫૭	૦	૫૮	૦	૫૯	૦

એહ અનુભયાધિક્યવતિ, શુદ્ધૈકાદશિ પેખ;
વિદ્યા માટે વૈષ્ણવો, દ્વાદશિયેજ સુપેખ. ૧૦૨૩

છઠ્ઠા ભેદનું કોષ્ટક.

	દશમી		અગિયારશ		બારશ	
	ઘ.	૫.	ઘ.	૫.	ઘ.	૫.
શુદ્ધસમાધિક દ્વાદશિકા	૫૯	૫૯	૬૦	૦	૧૦	૦
	૫૮	૦	૫૯	૦	૧૦	૦

Scanned with CamScanner

હેમાદ્રીમતે સર્વને, દ્વાદશિનોજ ઉપાસ ;
મુમુક્ષુ સ્માર્ત કરે બિજી, કેચિદમતે તપાસ. ૧૦૨૫

સાતમા ભેદનું કોષ્ટક.

	દશમી.		એકાદશી.		દ્વાદશી	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ.
શુદ્ધાધિકાન્યૂન દ્વાદશિકા.....	૧૯	૫૯	૬૦	૦	૫૮	૫૯
			૧	૦	ક્ષય	
ધર્માબ્ધિસ્થમુદાહરણું	૫૮	૦	૬૦	૧	૫૮	૦
					ક્ષય	

એછે માત્રાધિક્યવતિ, શુદ્ધૈકાદશિ જાણ ;
સ્માર્ત ગૃહસ્થે પ્રથમની, વૈષ્ણવ બીજિ પ્રમાણ. ૧૦૨૬
નિષ્કામ ગૃહસ્થ સન્યાસિ વળિ, વાન પ્રસ્થ પણ લેખ ;
વિધવાદિક વૈષ્ણવ કરે, શેષૈકાદશિ પેખ. ૧૦૨૭
વિષ્ણુ પ્રીતિ ઇચ્છા કરણ, બેવદિવસ ઉપવાસ ;
કરે એમ કોવિદ કથે, કેચિદ મતે તપાસ. ૧૦૨૮

આઠમા ભેદનું કોષ્ટક.

	દશમી.		એકાદશી.		દ્વાદશી.	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ.
સુદ્ધાધિકાસમ દ્વાદશિકા.....	૫૯	૫૯	૬૦	૦	૫૯	૦
			૧	૦	ક્ષય	
ધર્માબ્ધિસ્થમુદાહરણું	૫૮	૬૦	૬૦	૧	૫૮	૦
					ક્ષય	

એપણ માત્રાધિક્યવતિ, શુદ્ધૈકાદશિ સાર ;
સ્માર્ત પ્રથમ એકાદશી, વૈષ્ણવ બીજિ વિચાર. ૧૦૨૯

Scanned with CamSca

સપ્તમ ભેદ વિચારીને, વાન પ્રસ્થ સન્યાસિ;
વૈષ્ણવાદિ સુગૃહસ્થ સૌ, બીજી કરે તપાસિ. ૧૦૩૦

નવમા ભેદનું કોષ્ટક.

	દશમી		અગિયારશી		બારશી	
	૫.	૫.	૫.	૫.	૫.	૫.
શુદ્ધાધિકાઽધિક દ્વાદશિકા	૫૯	૫૯	૬૦	૦	૩	૦
			૧	૦		
ધર્માબ્ધિસ્થમુદાહરણં	૫૮	૦	૬૦	૦	૪	૦
			૧	૦		

એપણ ઉભયાધિક્યવતિ, શુદ્ધૈકાદશિ ભેદ;
સ્માર્ત વૈષ્ણવાદી સકળ, કરે બીજિ નિર્વેદ. ૧૦૩૧

સ્માર્તોની વિદ્ધા એકાદશીના નવ ભેદ.

સૂર્યોદય સમયે જ્યા, ક્ષણ લવાદિ જે કાળ;
વ્યાપી રહ્યા થકી થતો, વિદ્ધા ભેદ વિશાળ. ૧૦૩૨
તે વિદ્ધા પણ ચતુરવિધ, જેહવા શુદ્ધા ભેદ;
તેહરિત વિદ્ધાતણા, વિસ્તારૂં નિર્વેદ. ૧૦૩૩

પ્રથમ ભેદનું કોષ્ટક.

	દશમી		અગિયારશી		બારશી	
	૫.	૫.	૫.	૫.	૫.	૫.
વિદ્ધાન્યૂનાન્યૂન દ્વાદશિકા	૨	૦	૫૭ ક્ષય	૫૯	૫૭	૦
ધર્માબ્ધિસ્થમુદાહરણં	૨	૦	૫૬ ક્ષય	૦	૫૫	૦

એસુ અનુભયાધિક્યવતિ, વિદ્ધા ભેદ વિચાર;
સ્માર્ત મત એકાદશી, દ્વાદશિ વૈષ્ણવ બાર. ૧૦૩૪

Scanned with CamScanner

બીજા ભેદનું કોષ્ટક.

	દશમી.		અમાવસ		દ્વાદશી.	
	ઘ.	૫.	ઘ.	૫.	ઘ.	૫.
વિદ્ધન્યૂનાસમ દ્વાદશિકા	૨	૦	૫૭ દ્વા	૫૯ ૫	૬૦	૦
ધર્માબ્ધિસ્થમુદાહરણું	૨	૦	૫૬ દ્વા	૦ ૫	૫૫	૦

વિદ્ધ અનુભયાધિક્યવતિ, સ્માર્તૈકાદશિ સાધ ;
વૈષ્ણુવ વિદ્ધા તે યકી, દ્વાદશિયે આરાધ. ૧૦૩૫

ત્રીજા ભેદનું કોષ્ટક.

	દશમી.		અમવસ		દ્વાદશી.	
	ઘ.	૫.	ઘ.	૫.	ઘ	૫.
વિદ્ધન્યૂનાધિક દ્વાદશિકા	૧	૦	૫૮	૫૯	૬૦	૦
					૧	૦
ધર્માબ્ધિસ્થમુદાહરણું	૧	૦	૫૮	૦	૬૦	૦
					૦	૧

દ્વાદશિ માત્રાધિકયવતિ, વિદ્ધૈકાદશિ સાધ ;
સ્માર્ત કરે દ્વાદશિ દિવસ, વૈષ્ણુવ ને નથિ બાધ. ૧૦૩૬
માત્રાધિક્ય દ્વાદશિ છતાં, ઉભયાધિક્ય પણ તેમ ;
વિદ્ધૈકાદશિ સ્માર્ત લજ, બીજે સ્થળ નહિં એમ. ૧૦૩૭

Scanned with CamScanner

ચોથા ભેદનું કોષ્ટક.

	દશમી.		એકાદશી		દ્વાદશી.	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ.
વિદ્ધસમાન્યૂન દ્વાદશિકા	૨	૦	૫૮ ક્ષય	૦	૫૮	૫૬
ધર્માબ્ધિક્ષયમુદાહરણં	૨	૦	૫૬ ક્ષય	૦	૫૫	૦

વિદ્ધઅનુભંયાધિક્યવતિ, એકાદશિ વિકાર ;
સ્માર્ત વૃત્ત એકાદશી, દ્વાદશિ વૈષ્ણવ સાર. ૧૦૩૮

પાંચમા ભેદનું કોષ્ટક.

	દશમી.		એકાદશી.		દ્વાદશી.	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ.
વિદ્ધસગાસમ દ્વાદશિકા	૨	૦	૫૮ ક્ષય	૦	૬૦	૦
ધર્માબ્ધિક્ષયમુદાહરણં	૨	૦	૫૬ ક્ષય	૦	૫૫	૦

એદ્ધ અનુભયાધિક્યવતિ, વિદ્ધૈકાદશિ લેખ ;
સ્માર્ત વૃત્ત એકાદશી, દ્વાદશિ વૈષ્ણવ પેખ. ૧૦૩૯

છઠ્ઠા ભેદનું કોષ્ટક.

	દશમી.		એકાદશી		દ્વાદશી.	
	ઘ.	પ.	ઘ.	પ.	ઘ.	પ.
વિદ્ધસમાધિક દ્વાદશિકા.....	૨	૦	૫૮ ક્ષય	૦	૬૦ ૧	૦ ૦
ધર્માબ્ધિક્ષય મુદાહરણં	૧	૦	૫૮ ક્ષય	૦	૬૦ ૦	૦ ૦

દ્વાદશિ માત્રાધિક્યવતિ, વિદ્ધૈકાદશિ થાય ;
સ્માર્ત અને વૈષ્ણવ ઉભય, બીજ કરે મતાય ૧૦૪૦

Scanned with CamScanner

ત્રીજો ભેદ વિચારિ લૈ, સ્માર્ત પ્રથમની ત્યાગ;
વૈષ્ણુવ તો કરતા બિજી, દલપતિ ભેદ અયાગ. ૧૦૪૧

સાતમા ભેદનું કોષ્ટક.

	દશમી.		એકાદશી		દ્વાદશી.	
	ઘ.	૫.	ઘ.	૫.	ઘ.	૫.
વિદ્ધાધિકાન્યૂન દ્વાદશિકા.....	૭	૦	૨	૦	૫૫ ક્ષય	૦
ધર્મોબ્ધિરયમુદાહરણું	૪	૦	૨	૦	૫૮ ક્ષય	૦

વિદ્ધા માત્રાધિકયવતિ, એ એકાદશિ જાણુ;
સ્માર્ત ગૃહસ્થ પ્રથમ કરે, વૈષ્ણુવ બીજિ વખાણુ. ૧૦૪૨
વાનપ્રસ્થ સન્યાસિ વળિ, વિધવાદીક પ્રમાણુ;
વિષ્ણુ પ્રીતિકર સ્માર્ત બે, કેચિદ મતે સુજાણુ. ૧૦૪૩

આઠમા ભેદનું કોષ્ટક.

	દશમી.		એકાદશી		દ્વાદશી.	
	ઘ.	૫.	ઘ.	૫.	ઘ.	૫.
વિદ્ધાઽધિકાસમ દ્વાદશિકા	૫	૦	૨	૦	૫૮ ક્ષય	૦
ધર્માબ્ધિસ્થમુદાહરણું	૪	૦	૨	૦	૫૮ ક્ષય	૦

વિદ્ધા માત્રાધિકયવતિ, એકાદશિ ઉર ધાર;
સ્માર્ત ગૃહસ્થ પૂર્વનિ કરે, વૈષ્ણુવ બીજિ વિચાર. ૧૦૪૪
સમ ભેદે જે કહ્યું, યતિ વૈષ્ણુવાદિ સાર;
તેમ સ્માર્તને એ કહી, કેચિદ મતે ધિકાર. ૧૦૪૫

Scanned with CamScanner

ધર્માબ્ધિરથમુદાહરણું	૨	૦	૩	૦	૪

વિદ્ધા ઉભયાધિક્ય વતિ, એ એકાદશિ ભેદ ;
સ્માર્ત વૈષ્ણુવ ઉભય તણી, બીજી કહું નિર્ભેદ. ૧૦૪૬
સ્માર્ત ત્યાગ વિદ્ધા વૃતે, પૂર્વે કહ્યું સુલેખ ;
સ્માર્ત ભેદ વિદ્ધા તણા, એ સુંદર નવ પેખ. ૧૦૪૭
ધર્મસિન્ધુ આદીક લઈ, શાસ્ત્ર ગ્રંથ આધાર ;
વૃત વિધાન એકાદશી, રત્નસારમાં સાર. ૧૦૪૮

અષ્ટવિંશતિ નર્ક નામ.

નર્ક અંધતામિશ્ર છે, વળિ તામિશ્ર વખાણુ ;
રૌરવ વળિ મહારૌરવ, કુમ્ભી પોક સુજાણુ. ૧૦૪૯
કાળસૂત્ર અસિપત્રવન, સૂકરમુખ વળિ પેખ ;
અંધઃકૂપ સંદંશ છે, ક્રમી ભોજનજ લેખ. ૧૦૫૦
તપ્તભૂમિ કુટ શાલ્મલી, વજ્ર કંટક વિચાર ;
પુયોદ પ્રાણુનિરોધના, વૈતરણી ચિત ધાર. ૧૦૫૧
વિશસન સાર મેયાદન, લાળ ભક્ષ અગપાન ;
અવિચિક્ષાર કરદગ અને, શૂલ પ્રોત ગુણુવાન. ૧૦૫૨
રક્ષોગણુ ભોજન અને, અવટો રોધન જાણુ ;
દંદશુકાસક્ત અષ્ટવિંશ, પાતકિના રહાણુ. ૧૦૫૩

Scanned with CamScanner

ત્રિશત્ સંખ્યાં નામ.

છપ્પય છંદ.

એક દશ શત સહસ્ર, અયુત લક્ષ પ્રયુત કોટી ;
દશ કોટી પછિ અબ્જ, અબ્જ દશ સંખ્યા મોટી ;
ખર્વ દશખર્વ પદ્મ, વળી દશ પદ્મ ચોકગણું ;
દશચોકસુ છક દશછક, ધ્વજ દશધ્વજ સમુદ્ર ભણું ;
દશસમુદ્ર લીલ સલિલ મધ્ય, મદસધ્યહ્ન સુપાર સહિ ;
દશપારમ સંખ્યા સંખ્ય દૃશ, દલપતિરામ પરમ કહી. ૧૦૫૪

બીજી રીતે વેદ સંહિતામાંથી એકોનવિંશતિ સંખ્યા નામ.

એક દશ શત સહસ્ર, અયુત લક્ષ પ્રયુત કોટી ;
દશ કોટી અરબૂદ, અબ્જમિશ્ર સંખ્યા મોટી ;
ખર્વ અનેજ નિખર્વ, પછી મહાપદ્મ વિચારો ;
શંકુ જલધી અંત્ય, મધ્ય પરાર્ધે ચિકારો ;
એ એકોનવિંશતિ અંકગણું, વેદસંહિતામાં કહી ;
પ્રાચિન સંખ્યા એ રીત છે, કવિ કોવિદ કયતા સહી. ૧૦૫૫

વૃદ્ધચાણક્ય નીતિ શાસ્ત્રે બત્રિશ લક્ષણ.

દોહરા.

લક્ષણ એક સુસિંહમાં, બગ કગમાં પણ એક ;
કુરકટના ગણ ચાર પછિ, કાક પંચ વિષ નેક. ૧૦૫૬
શ્વાનતણા પટ પ્રિયવળી, રાસભ ત્રણસુ વિવેક ;
પટ ગધુર ત્રણ સર્પ ગુરુ, માતપિતા એકેક. ૧૦૫૭

પ્રથમ સિંહ લક્ષણ એક.

આળસ રહિત પરાક્રમી, આગ્રહ છે અનુકૂળ ;
આરમ્ભે તત્કાળ તે, દલપતિ સદ્ગુણ મૂળ. ૧૦૫૮

Scanned with CamScanner

બગલો બક લક્ષણ એક.

સકળ ઇન્દ્રિ ચન્ચળ સહિત, દેશ કાળ બળનેક ;
બંકલક્ષણ સુવિચારતા, કાર્ય સાધ્ય સુવિવેક. ૧૦૫૯

કુકડો કુર્કટ લક્ષણ ચાર.

કુટુંબ પોષણ યુદ્ધમાં, વળિ સ્ત્રી ઊપર પ્યાર ;
વ્હેલાં ઉઠવું ચતુરએ, કુર્કટ લક્ષણ ચાર. ૧૦૬૦

કાગડો વાયસ લક્ષણ પંચ.

ગુપ્ત-રમે રતિ સમજિને, સદન બનાવે પેખ ;
અવિશ્વાસિ નિર્લજ વળી, આળસ રંચન લેખ. ૧૦૬૧

કુત્તરો શ્વાન લક્ષણ પટ્ટ.

અધિક ખાય અલ્પથિ પ્રસન, નિદ્રા સ્વલ્પ વળિ શૂર ;
સ્વામિ ભક્તિ ચાલાકચિત, પટ્ટ લક્ષણ ધરજૂર. ૧૦૬૨

ગધેડો ગર્દભ લક્ષણ ત્રણ.

ભાર વહન સંતોષિ મન, દંડથિ ડરેન ચિત્ત ;
એ ત્રણ લક્ષણ તો કહ્યાં, રાસભના સુણ મિત્ર. ૧૦૬૩

મોરના લક્ષણ પટ્ટ.

ઉચ્ચ પદે બહુ રાચતો, શત્રૂને કરિ જેર ;
વિવેકિ મધુર વચન વદે, શિખી કળામાં મેર. ૧૦૬૪
ગર્વહીન શોભિત સરસ, મયુર અંગ પ્રિયકાર ;
પટ્ટ સદ્લક્ષણ શિખિ મહીં, ચતૂર ચિત્ત વિચાર. ૧૦૬૫

સર્પના લક્ષણ ત્રણ.

સવિષ રહે ધન રક્ષણે, ગુરુઆજ્ઞા શિર ધારિ ;
એ લક્ષણ ત્રણ સર્પના, જો ચાણક્ય વિચારિ. ૧૦૬૬

Scanned with CamScanner

શ્રી ગુરૂ માતા પિતા એકેક લક્ષણ.

શ્રીગુરૂ માત પિતા તણા, વચન ધરે હિતકારિ ;
અપથ્ય તોપણ ગુણ કરણ, લે બત્રીશ શિકારિ. ૧૦૬૭

પટ્ત્રિંશત્ વાજિન્ત્ર નામ.

હરિગીત છંદ.

મોરલિ ખીન સુધામૃતકુન્ડલિ જલતરંગ મૃદંગછે ;
શુભ મદનભેરિ નિશાન દુંદભિ ખંજરી મુરચંગછે ;
ડફ મધુકરીને શંખ ઘંટા ઝાલરી કિરતાલછે ;
વળિ આનક ઘોંસા સુઘુટકી ઉપંગ શૃંગી તાલછે. ૧૦૬૮
શુપિનાક સારંગી દુધારા યંત્ર સુમનોહારિછે ;
ધુનિ ઢોલ ડિમિ ડિમિ ઝાંઝ ગિરિ ગિરિ મંદિરા સુરસારિછે ;
સરણાઇ રણતુંર સૂરમન્ડળ ચિકારી સુખકારિછે ;
સુરણાળ સુંદરિ સરોદા સહ બંશિની બલિહારિછે. ૧૦૬૯

પટ્ત્રિંશત્ રાજકુળ ક્ષત્રિય ભેદ.

દોહરા.

સુર્ય ચંદ્ર રાઠોડને, કછુવા વણિ પરમાર ;
ગુણનિધિ ગોહિલ ગર્જતા, જાદવ દધીચિ સાર. ૧૦૭૦
ચૌહાણ હૂન ચાવડા, રાજપાળ ધનપાળ ;
જ્યોતિક જાટસુ જોહ્યા, સોળંકી સેલાળ. ૧૦૭૧
કોટપાળ મકવાણને, અભિવા તુવર વિચાર ;
ટાંક ચંદેલ અનિંગછે, ધેલોતર પઢીયાર. ૧૦૭૨
કાળછરાને દેવડા, કાડા ગૌડ પૃતિહાર ;
નકુમ્ભ સિંધળ કાઠિને, દાહિમાસહ જુઝાર. ૧૦૭૩

પટ્ત્રિંશત્ રાજકુલ ક્ષત્રિયની શત્ શાખા ભેદ.

પંચત્રિંશત્ શાખા કહી, પ્રથમ કુળ પરમાર ;
શાખા લહો ત્રયોદશજ, રાઠોડનિ સુખ સાર. ૧૦૭૪

Scanned with CamSca

ઓકવીંશ જાદવતણી, ચતુર્વિંશ ચૌહાણ ;
સોળંકીની સમસઢ, યે ઓકસો પ્રમાણ. ૧૦૭૫
પ્રકાશ નામ શત અંકમાં, જો શો શાખા ન્યારિ ;
દલપતિરાજ પરગ વદે, રાજ્ય રંગ સંભારિ. ૧૦૭૬

ષટ્ ત્રિશત્દન્ડાયુધ.

હરિગીત છંદ.

અર્ધ્વાંગ ખડ્ગ સુચર્મ અંકુશ પાશ ડમરૂ શૂલછે ;
વળિ ચાપ બાણ ગદા સુભિન્દી પ્રાશ પરિઘ ત્રિશૂલછે ;
ભાલા દંડ કૃપાણ ભૂશંડી ટોકણ્યાણ કટારછે ;
વજ્ર કુઠાર છુરિકા સુમુર્કુલ શતઘ્ની સરદારછે. ૧૦૭૭
શક્તિ દળ મૂશલ દિર્ઘપટ્ટિશ ચક્ર તોમર સજ્જિલડે ;
જો શંખ ઘંટા ધ્વજ પતાકા ઢોલ દુંદભિ ગડગડે ;
રણભેરિ રણસિંગુ નફેરી શરણાઇ રણતુરછે ;
ષટ્ત્રિંશ દન્ડાયૂધ ધરતા, ક્ષત્રિય જયરણશૂરછે. ૧૦૭૮

મુખ્યષટ્ત્રિશત્ રતિ કામભોગાસન.

હરિગીત છંદ.

પ્રથમ સુરતિ આસન ઊત્તાપજ સંદ્યુગાસન લેખતા ;
મદનોદિતાસન ને ઈન્દ્રાસન લાલસાસન પેખતા ;
વળિ વિપરિતાસન અમ્બુજાસન દ્વિતાસન ઉરધારતા ;
ત્રુચિપોષકાસન મૃગાસનછે સુરતાસન ઉચારતા. ૧૦૭૯
શુક પલ્લવાસન મૃણાલાસન આલસાસન જનલહે ;
મહાવિલાસન સંકોચાસન ગેંડુકાસન ગુણિકહે ;
પ્રિય શિથિલાસન પરપરાસન તમાલાસન જાણતા ;
કઠિણ ઉદર વૃદ્ધાસન કહાવે હિંડોલાસન માણતા. ૧૦૮૦
કાલકંઠ વળિ ગલકંદાસન ઉત્તાનાસન સારછે ;
સુજઠરાસન પગપલ્લવાસન ઉર્ધાસન સુખકરછે ;
એકપાસ વળિ અગાસન ખંભાસન બત્રીશછે ;
ઉદ્વેગાસન અધર સરલાસન લલિત સહ છત્રીશછે. ૧૦૮૧

Scanned with CamScanner

ભરતખંડની અડતાળીશ મહા નદી નામ.

કૃત માલા વૈહાયસી, વળિ અવટોદા નામ;
તામ્રપરણિજ પયસ્વિની, ચંદ્રવસા અભિરામ. ૧૦૮૨
કાવેરી વેણા કહી, શર્કરાવતિ સુન્નણ;
તુંગભદ્રાને ભીમરથિ, કૃષ્ણા વેણિ પ્રમાણ. ૧૦૮૩
નિરવિન્ધ્યા ગોદાવરી, પયોષ્ણિ તાપી સાર;
સુરસા અને સુનર્મદા, દર્શણથી ભવ પાર. ૧૦૮૪
ચરમન્વતિ સિંધૂ અને, મહા નદી ઉર ધારિ;
અંધનદાને શોણનદ, સરિતા ગાંગ વિચારિ. ૧૦૮૫
રુપિકુલ્યાને કૌશિકી, મંદાકિની વિશાખ;
દૃષદ્વતીને ગોમતી, સરસ્વતિ સુખ ધામ. ૧૦૮૬
સુધોપા યમુના સુપ્તતી, સૂર્યઉધ્વતી જાણ;
શતદ્રુ વિતસ્તા છે દ્વિધા, અસક્નિ મહી વખાણ. ૧૦૮૭
ચંદ્રભાગાને કાશ્યપી, પયોરણા પ્રિયકાર;
વિશ્વામિત્રિ સુપૂરણા, વૈતરણી સરદાર. ૧૦૮૮
અંબિકાસુ ભાગીરથી, ગંગા અનંત નામ;
એ અડતાળિશ મહા નદી, પ્હોંચાડે સુખધામ. ૧૦૮૯

પંચાશત્કોટી યોજન પૃથ્વી પ્રમાણ.

કુન્ડળિયા છંદ.

કોટિ સંપ્ત જળભાંહ્ય ક્ષિતિ, ઓગણીસ નગ સાર;
રોકી તેર વનસ્પતિ, સપ્તદ્વીપ અગિયાર;
સપ્તદ્વીપ અગિયાર, મળ્યાં યે પચાસ કોટી;
તિગિર ભાંહ્ય દશ ચાર, પ્રકાશે સંખ્યા મોટી;
છત્રિશ સૂર્ય પ્રકાશ, ગણત્રીએ નહિં ખોટી;
દલપતિ અહિ વિસ્તાર, સુયોજન પચાસકોટી. ૧૦૯૦

Scanned with CamScanner

બીજી રીતે શ્રીમત્ ભાગવત્ પ્રમાણે પંચાશત્કોટી યોજન પૃથ્વી.

છપ્પય છંદ.

દુકોટી ત્રેપન લક્ષ, પંચાસ સહસ્ર ગણુ;
સપ્ત દ્વીપ તેમાંહિ, સપ્ત સાગરને પણ ભણુ;
એક કોટિ ને લક્ષ, સાડિસત્તાવન મહિછે;
અકાજ પૃથ્વી કહી, બાકિ હીરણ્યમયીછે;
તે અષ્ટ કોટીને લક્ષ કહું, એગણચાળિશ ઉપરી;
મહિ કોટી સાડાબાર યે, એકદિશા ગણુતી કરી. ૧૦૫૧

દોહરા.

એહ રીત ચારે દિશા, કોટી સાડાબાર;
ગણુતાં પચાસકોટી મહિ, યોજનછે વિસ્તાર. ૧૦૫૨

ત્રીજી રીતે પંચાશત્કોટી યોજન પ્રમાણ.

દુકોટી સુપચાસછે, લક્ષ સહસ્ર પચાસ;
સપ્ત દ્વીપ સાગર મહી, કહી પ્રકાશ પ્રકાશ. ૧૦૫૩
હેમમયી દશ કોટી મહિ, લોકાલોક નગ સાર;
દેવ તપો ભોમી કહું, દશ સહસ્ર વિસ્તાર. ૧૦૫૪
પંચત્રિંશત્ કોટી ઉપર, એકોનવિંશતિ લક્ષ;
સહસ્ર ચત્વારિશ લહો, અન્ધઃકાર પ્રત્યક્ષ. ૧૦૫૫
એક કોટી ને લક્ષ ગણુ, ત્રીશ સુગતાર્દ્રખોટિ;
એક કોટી સુકટાહછે, સીમળિ પચાસ કોટિ. ૧૦૫૬

સાઠ દક્ષ પુત્રી નામ.

સપ્તવિંશ નક્ષત્રતે, અર્પિચંદ્રને સાર;
ભાનું લંબા વિશ્વાવસૂ, કકુભજ્ઞભિ સુવિચાર. ૧૦૫૭
સંકલ્પાસુ મરુત્વતિ, સ્વાધ્યા મહુતા લેખ;
ભૂતભારયા યુગ્મછે, અન્યા સકુપા પેખ. ૧૦૫૮
વળિ અંગિરસ અંગના, સતિ સ્વાધ્યા બે જાણુ;
કશાશ્વને ધિષ્ણુા અરચિ, અર્પી સત્ય પ્રમાણુ. ૧૦૫૯

Scanned with CamScanner

મુનિ કશ્યપ ને સપ્તદશ, પણ નથિ ચાર પ્રકાશ ;
સૌ મળિને યે સાહસ્ત્રે, કીધી બહુ તપાસ. ૧૧૦૦

ચતુઃષષ્ટિ કળા નામ.

દોહરા.

ગીત વાદ્યને નૃત્ય શુભ, નાટ્યાલેખ્ય વિચાર ;
તંડુલકુસુમબલીવીમા, વિશેષક છેદ્ય પ્રકાર. ૧૧૦૧
પુષ્પાસ્તરણ દશન વસન, અંગરાગ સુઉચ્ચાર ;
મણિભૂમિકા શયન રચન, ઉદક વૃદ્ધિ પ્રિયકાર. ૧૧૦૨
ચિત્રકળાસુ ઉર્ણાટન, માલ્યગ્રંથન વિકલ્પ ;
વળિ શેખરાપિડયોજન, નેપથ્યયોગ સ્વરૂપ. ૧૧૦૩
સુગન્ધ ભૂષણ યોજના, કર્ણે પત્ર પ્રિય ભંગ ;
કેતુમાર શુભ યોગને, હસ્તલાઘવ સુરંગ. ૧૧૦૪
ચિત્ર શાકાપુપભક્ષની, વિક્રિયા સુચિત ધર્મ ;
પાનકરસ રાગાશવ, ક્રીડાસૂત્ર શુચિ કર્મ. ૧૧૦૫
યોગ દુર્વચક પ્રહેલિકા, પ્રતિમાલા સદ્‌તૂર્ણ ;
પુસ્તક વાંચન તર્ક વળિ, કાવ્ય સમસ્યા પૂર્ણ. ૧૧૦૬
નાટકાખ્યાયિક દર્શન, તક્ષણ ધાતૂ વાદ ;
પટિકાવેત્ર બાણવિકળી, રાગજ્ઞાનં પ્રિય નાદ. ૧૧૦૭
મણી રત્નને રૂપ્યનો, પરિક્ષક આકર જ્ઞાન ;
વૃક્ષાયુરવેદીખરો, ભાષા દેશનું ભાન. ૧૧૦૮
ઇંદ્રજાળ શુક સારિકા, પ્રલાપન ઉત્પાદન ;
કેશ માર્જન કુશળતા, છંદોજ્ઞાન સુકજ્ઞ. ૧૧૦૯
અક્ષર મુષ્ટિકા કથન વળિ, મ્લેચ્છિત કુતર્ક લેખ ;
પુષ્પશકટિકા નિર્મિતને, યંત્રમાતૃકા પેખ. ૧૧૧૦
માતૃકાસુસંવાય વળિ, માનસીક કળ કાવ્ય ;
અભિધાનકોષ ને વળી, ક્રિયા વિકલ્પ દર્શાવ્ય. ૧૧૧૧
છલિતકયોગ સુદ્યૂત વળિ, વસ્ત્રગોપન વિચાર ;
ક્રીડાઆર્યવૈનાયિકા, બાળક્રીડન પ્રકાર. ૧૧૧૨
વૈતાલિકવિદ્યા સહિત, ચોસઠકળા નિધાન ;
દલપતિરામ કહે લહે, કોઇક પુરુષ પ્રધાન. ૧૧૧૩

Scanned with CamSca

બોહોતેર કળા નામ.

દોહરા.

લેખક પઠિત કવિત્તને, અંક કળા શુભ ગાન ;
નૃત્ય કળાને વ્યાકરણ, વાજિત્ર છંદ જ્ઞાન. ૧૧૧૪
અલંકાર નાટક વળી, સાટકકળ નખછેદ ;
પત્રછેદ આયુધકળા, ગજઆરોહણ ભેદ. ૧૧૧૫
અશ્વારોહણ અશ્વની, વળી હસ્તિની જાણ ;
રત્ન પરિક્ષા પુરુષને, સ્ત્રી લક્ષણ ઉર આણ. ૧૧૧૬
મંત્ર યંત્ર વાદાદિ વળિ, પશુ લક્ષણ મર્યાદ ;
વિખવાદસુ રસવાદછે, વળિ ગંધર્વ સુવાદ. ૧૧૧૭
યુધ્યપ્રકાર વિઘાતણો, વાદ યુદ્ધની રીત ;
તર્ક વાદ સંસ્તૂતને, પ્રાકૃત વાદ પુનીત. ૧૧૧૮
પ્રત્યુત્તર કાપટય કળ, ભાષા દેશ છત્રીશ ;
નિર્મળ સત્યસિદ્ધાન્તને, ચિત્ર વિજ્ઞાન કવીશ. ૧૧૧૯
કળા અધિપ વેદાન્તની, ગારુડિ વિદ્યા લેખ ;
ઇન્દ્રજાળ વિદ્યા અને, વિનય સુવિદ્યા પેખ. ૧૧૨૦
આચાર્ય દાનની કળા, શાસ્ત્ર કળા સંપૂર્ણ ;
પુરાણ ધ્યાન કળાઃ કહી, ઇતિહાસેન અપૂર્ણ. ૧૧૨૧
દર્શણ મુદ્રા ખેચરી, અમરકળા ઉરલાવ ;
ગમન કળા પાતાળને, ધૂર્ત કળા દર્શાવ. ૧૧૨૨
રોપણિ તરુવરને કહું, કાષ્ઠ ઘાટ ઘડનાર ;
વાણિજ્ય કરવેકુશળ વળિ, વશીકરણ વિસ્તાર. ૧૧૨૩
ઘાટ ઘડે પાષાણના, ચિત્ર કળા વિધિ ધર્મ ;
તંત્ર કળા કૃતવર્ણિને, રસવંતી શુભ કર્મ. ૧૧૨૪
પ્રયોગ મંત્ર ઢસિત કળા, જ્ઞાન કળા વિજ્ઞાન ;
પૂર્વ પુણ્ય વણ કોઇને, મળેન એ સનમાન. ૧૧૨૫
ચોર કળા ચાતુર્ય ને, તરવું કોક કળાજ ;
કળા કહી બ્હોતેર એ, દલપતિ જન સુખ સાજ. ૧૧૨૬

Scanned with CamScanner

ચતુરશીતિ જ્ઞાતિ નામ.

દોહરા.

નાગર પદ્ મોતી પ્રથમ, વડનગરા પ્રિય જાણ;
વળી વિશાલનગરા ત્રિદે, સાહોદરા સુજાણ. ૧૧૨૭
ત્રિવેદા ચોબે દુબે, પ્રભોદા અધુ પાંચ;
છઠ્ઠે પ્રભોદા સહિત, નાગરમાં પદ્ ખાંચ. ૧૧૨૮
દે ઉદિચ્ય સદસ્ય વળિ, ટોળકિયા છે બેદ;
એવિન સાગર જાતયી, અનેક શાખા વેદ. ૧૧૨૯
ત્રિવેદિ ચાતુર્વેદિને, દેરીભલ્લ તથા ભટ્ટોડ;
તાંદળજા ને ધિણોજા, અગિયારસયા જોડ. ૧૧૩૦
ભટ્ટોડ પદ્ મેવાડા ચતુર, બટ ચોર્યાશી પેખ;
ત્રિપાઠિ સાર્યા એ કલા, ખેડાવાળ સુલેખ. ૧૧૩૧
બાલ્ય બીજા બે લલા, શ્રિગૌડમાળવિ સાર;
ભાર્ગવ મેડતવાળ ગુજ, દધિમાણા સુવિચાર. ૧૧૩૨
પુષ્કરણા શ્રીમાળિને, ઝારોળા અભિધાન;
મૈત્રિક ત્રણે બાલપમ, નાંદોરા ગુણવાન. ૧૧૩૩
અન્તેખરાને કપિલ વળિ, ઓરસદા ચિત લાવ;
સાંખારા સુંદર ખરા, સોનપરા દર્શાવ. ૧૧૩૪
ગિરનારા ગુર્જર બલા, અન્તેખરા ઉર આણ;
ચોપીસા સુવડાદરા, રાયકવાળ વખાણ. ૧૧૩૫
નાર્મદીકને વાયડા, અનાવળા સોહાય;
શ્રીમાલા ને ખેડુવા, ખડાયતા જોવાય. ૧૧૩૬
નંદવાણા પારાશર, દરસોળા ગુજ નામ;
કરાડા કરેહા અને, દધીચિ પન્ચ દમામ. ૧૧૩૭
રોઢવાળ રવિયાળને, પલ્લિવાળ પ્રેમાળ;
ગયાં ગોમતી વાળછે, ક્રિનેવાળ સંભાળ. ૧૧૩૮
શ્વેતવાળનુ કનોજિયા, દિશાવાળ સુવિશેષ;
સારસ્વત સુમયૂરિયા, મૈથિલ ગૌડ સુવેષ. ૧૧૩૯
ગંગાપુત્ર સનોડિયા, દ્રાવિડ ત્રિલંગ સાર;
મહારાષ્ટ્ર કરનાટકી, કહાનકુબ્જ ચિત ધાર. ૧૧૪૦

સરવરિયાને ગરુડ વળિ, ગરુડગલિત કહેવાય ;
નારદીકને નાગદા, ન્હાપલ નટવર ગાય. ૧૧૪૧
ગોમિંત્રી ગુગળી-અને, સ્થળાદિયા સુપ્રકાશ ;
ભારતિયાને વિનંપરા, વળી દિસોરા ખાસ. ૧૧૪૨
આમોદ સુ કંડોળિયા, વળી કહું ભૂસુર ;
આભિર સૂપ દ્વિ પારહી, વૈનાવળ યશ પૂર. ૧૧૪૩
બાદરવા સુવિવેકિ છે, દુરગમનાજ તદર્થ ;
મોકલવડા વિચારતાં, સતાણુંજ સમર્થ. ૧૧૪૪
દોઢ અધિક ચોર્યાશિમાં, પેટા બેદ ગણાય ;
બાકિ મુખ્ય ચોર્યાશિમાં, ભૂદેવોજ ભણાય. ૧૧૪૫

ચતુરશીતિ વણિક મહાજન નામ.

દોહરા.

વિસા દસા પટ જાતિના, નાગર વણિક સુ હોય ;
ઓહોડ વણિક પટ જાતના, લાડ બેદ બે જોય. ૧૧૪૬
વીસા દસા બડાયતા, બંડાયતા ભણાય ;
પોરવાડ શ્રીમાલિજ્ઞે, પંચમ દસા ગણાય. ૧૧૪૭
ઓસવાળ ડીડૂ અને, પુષ્કરવાળ સુજાણ ;
દિસાવાળને સુરાણા, હર રોળા ઉર આંણ. ૧૧૪૮
મેડતવાળ ભાભૂ અને, સુહડવાળ સોહાય ;
પલ્લિવાળ બન્ડેરને, ન્હાનાવાળ કહેવાય. ૧૧૪૯
વેધવાળને પોકુવા, ચિત્રવાળ સોનાર ;
ચોરવાળ ચીચા અને, ગોલવાળ સુવિચાર. ૧૧૫૦
ગુર્જર કોરટવાળ ને, કથરોટી કામ્બોજ ;
સોત્રિતવાળ અનંત ને, નાગહુડા કરખોજ. ૧૧૫૧
ખખટ ભટેરા બરગમા, રસિર સીકલા સાર ;
વપડા વાડાકરદિયા, વળી બાબરા ધાર. ૧૧૫૨
પંચોળી પાંચા ગણો, ને જળહરા જુઝાર ;
ભાન્હિ મધુકરા જનડા, ઉકા આકુતિ વિચાર. ૧૧૫૩

Scanned with CamSca

તિસોરા સુબ્હેરા અને, આન્દોરા પ્રિય લેખ ;
કપોળ દરોરા બાજને, સિંગોડ લોઢી પેખ. ૧૧૫૪
હુમ્મડ રોટ પદ્માવતી, વાલમીક સર્વાક ;
ગજઊંડા તેટલ અને, ઊઠા નીમા થાક. ૧૧૫૫
વધરોણા વિધુ ધાકડા, સેહરિયા શુભ નામ ;
માથુ જેહરાના અને, સાંચોરા અભિરામ. ૧૧૫૬
નાંગોરા ને ભૂંગડા, વાગડ કાકલિ માન ;
મડહેડા ને ભાડિયા, સંડોરા વરભાન. ૧૧૫૭
મીફાડા ને મહતિયા, સોરઠિયાજ સુજાણ ;
ઝારોળા સહ એક વધુ, મહાજન વણિક વખાણ. ૧૧૫૮
દક્ષણમાં લિંગાયતી, પાસુપતી સુવિશેષ ;
મારવાડિને મેશરી, શ્રાવક જૈન સુલેખ. ૧૧૫૯
લાડવાશ્રિમાળી વળી, શ્રાવકમાં બહુ ભેદ ;
ચોર્યાશિ ગચ્છ પંથવા, મહાજન છે નિર્વેદ. ૧૧૬૦

ચતુરશીતિ રતિ કામ ભોગાસન નામ.

હરિગીત છંદ.

સમાસન ને ખોડિબારાસન પુરુષાસન વિપરીતછે ;
વિષમાસન સ્કન્ધદ્વિપદાસન સન્મુખાસન રીતછે ;
કક્ષદ્વિપદાસન નાગપાસજ જાનુજુગ્માસન પ્રીતછે ;
એકપદસ્કધાસન વિરાસન પદ્માસન સુપુનીતછે. ૧૧૬૧
એકપદકક્ષાસન ચક્રાસન દ્રઢાસન પ્રિયકારછે ;
પદવેષ્ટીત કઢાસન શોભા ગોકર્ણાસન સારછે ;
ગૂઢાસન પ્રષ્ટાંગુષ્ટાસન પ્રસ્તારાસન જાણતા ;
જાતપ્રસૂતાસન વસ્યાસન કુન્દાસન સુપ્રમાણતા. ૧૧૬૨
મુખપ્રષ્ટાસન દ્વિતિય ચક્રાસન કર્વટાસન માણતા ;
હસ્ત ચરણ બદ્ધાસન જાણો કુચાસન્ન વખાણતા ;
મુખપ્રસ્થાસન ઘૂંટિઆસન માખપ્રસ્તાસન ગણે ;
સુખાસન ઉકટાસન છે વળિ સિકાસન સુખદા ભણે. ૧૧૬૩

Scanned with CamSca

દીપાસન પદતળ છત્રાસન યોનિમુદ્રાસન નામ છે ;
ભદ્રસદનસંક્રાસન છે વળિ પદ્માસન અભિરામ છે ;
ત્રિપદાસન સુઅધોવદનાસન રથાસન સુવિરાગછે ;
અધરચુમ્બનાસન મંચાસન વળિ દીપાસન ધામછે. ૧૧૫૪
હિંડોળાસન વળિ પંકજાસન ચંચળાસન ચતુરછે ;
વળિ જાનુયુગનાસન દ્વિતિય છે ભદ્રાસન સુભમૂર છે;
પેહુક યોનિસ્થંભાસનછે શુભ અદ્દાસન શૂરછે;
નાભિપ્રદિપાસન વળિ મુકુટાસન ભગરાસન રસપૂર છે. ૧૧૫૫
વિકટાસન વળિ ભૈરવાંસન ક્ષુરિકાસન ગુણવન્તછે ;
છિદ્રાસન પારેવિ ચકલી શુક કુક્કિંગિ ધિગન્ત છે ;
શ્વાનાસન ગર્ધર્વિ સુકુરકુટ માંજારાસન પ્રિયલહે ;
સિંહિણી કરિણી હરિણિ શોભા અશ્વિની વાનરિ કહે. ૧૧૫૬
બકિ ઉરભિ ક્રૌકિલ હંસલી શુભ સારિકા ગરુડી ગણે;
ચક્રારી સર્પાસનસહિતએ રતિભોગાસન જે ભણે ;
ચોર્યાશિએ ગણતા રસિકજન કોકકળા ચતુરાઈ છે ;
દલપતિ ગુજરમાં પ્રકાશિત હરિચિતે અભુરાઇ છે. ૧૧૫૭

ચતુરશીતિ પુષ્પ જાતિ નામ.

દોહરા.

કમળ કુમુદ કેતકી કહી, કમોદ કરેણુ લેખ ;
કિંમકરેણુ કરવીર ને, કુરબક પ્હોપ સુપેખ. ૧૧૬૮
કુમ્ભિ કદંબ કેશર અને, કંચન લતા વખાણ ;
કુંદ કોકિલ કલિંગ વળિ, કલ્પદ્રુમ ઉર આણ. ૧૧૫૯
પારિજાત મંદારને, હરિચંદન અભિરામ ;
સુસમ કુસ સન્તાન છે, સેવતિ કનક સુનામ. ૧૧૭૦
સૌભાગ્ય સુંદરી સદા, ગુલાબ સદાસુહાગ ;
માલતિ માધવિ માધુરી, મુક્તવેલ સુઅથાગ. ૧૧૭૧
મૃગમદવેલ સુમલ્લિકા, રત્નલતા સુવિચાર ;
રાયવેલિને જૂથિકા, બકુલ મોતિયા સાર. ૧૧૭૨

Scanned with CamSca

બંધુક વસંત બોરસલિ, ચંદન ચારુ ચમેલિ ;
ચંપક ચંદ્રલતા અને, ઘનસારા સુરહેલિ. ૧૧૭૩
નિવારા સુસુપ્તાસ ને, શૃંગારહાર જાણ ;
માલ્યતુસારા અતસિછે, અશોક કેશુ પ્રમાણ. ૧૧૭૪
પીતપુષ્પ ગુલબાસને, ગુલતોરા ગુણવાન ;
ગુલસબ્બા ને ગુલછડી, ગુલદાવરિ અભિધાન. ૧૧૭૫
ગુલ્લાલા ગુલમેંદિ વળિ, ગુલજનાર પ્રિય માન ;
ગલગોટા હજારી ફિરકિ, મુલખેંટી મુલવાન. ૧૧૭૬
નાફરમાન કુસુમ અને, કૂજા સિખંડિ પ્યારિ ;
પાડર પોપ કુન્દી વળી, વાસકઝારિ વિચારિ. ૧૧૭૭
પયાલ પધુલા જાઇને મલયમાલ્ય જુઇ સારિ ;
અર્ક શિરિશ કંટકસરી, મોગરાનિ બલિહારિ. ૧૧૭૮

ચતુરશીતિ યોગાસન નામ.

હરિગીત છંદ.

સુરસિદ્ધાસન મત્સિન્દ્રાસન વિરાસન્ન વખાણતા ;
બદ્ધપદ્માસન નેતિ આસન સિદ્ધાસન પ્રમાણતા ;
અનુશયાસન વળિ ગોરખાસન યોનિપરાસન જાણતા ;
ભૈરવાસન ને ઉદારાસન આરમ્ભાસન માણતા. ૧૧૭૯
સપ્તઋષિ ફોટયાસન્ન કહાવે પશ્ચિમતાનાસન કહે ;
મહામુદ્રાસન ખિડોકાસન શિવાસન સમરથ લહે ;
પુરઢાસન્ન યોનિમુદ્રાસન ભેદ ગોરખાસન ગણે ;
વળિ સાયન્ની સમાધિ આસન સિંહાસન્ન શુચી ભણે. ૧૧૮૦
શોકાસન્ન વળિ સાંકડાસન ચિંચિન્યાસન નામછે ;
બ્રહ્મજ્વરાંકુશાસન વખાણે હંસાસન અભિરામછે ;
દ્વિતિય ભૈરવ રુદ્રાસન બે વજ્રસિદ્ધાસન ગુણી ;
અંધાસન્ન સુર્યભેદાસન સુર્યાસન શોભા સુણી. ૧૧૮૧
અઘોરાસન ભસ્ત્રિકાસન શુભ વિયોગાસન સારછે ;
યોગાપયોગાસન મત્સાસન ભેડંગિ પ્રિયકારછે ;

Scanned with CamSca

એકસિદ્ધ મુક્તાવળિઆસન મૃગાસન સુપ્રકારછે ;
સરસાસન ને પ્રિય મયુરાસન ચક્રાસન સરદારછે. ૧૧૮૨
મૃતિભેજિકાસન ઉદ્રકપાસન વૃશ્ચિકાસન રાજતૂં ;
અજગરાસન વિપરિતકરાસન સવાસન શુભ છાજતૂં ;
હંસ કરમ આસન કમડાસન નડાસન સુનિવાજતૂં ;
ગર્બાસન શબ્દાસન શોભા કુમ્ભકાસન વિરાજતૂં. ૧૧૮૩
ચક્રી શરભાસન થમ્ભાસન વજ્રાસન પ્રિય લેખતા ;
અઘોરવૃશ્ચિકાસન બીજૂં શુન્યાસન શુભ પેખતા ;
ભદ્રાસન સુકપાલિસહએ સિત્તેરે સુખકારછે;
પ્રમાણલક્ષ ચોર્યાશિયોની દલ્પતિ શાસ્ત્રા ધારછે. ૧૧૮૪

ઋષભદેવના શત પુત્ર ભેદ.

દોહરો.

એકયાશી બ્રાહ્મણ થયા, દશ પ્રચેતપ્રિય જાણ ;
નવ યોગીશ વખાણતા, શત્ સોમળી પ્રમાણ. ૧૧૮૫

ષટ્ત્રિંશત રાજકુળ ક્ષત્રિયની શત્ શાખા નામ

હરિગીત છંદ.

પરમારમાં જયસંખલા વળિ જાળિયા સંખેરછે;
મેહોરને રોહોર ખોહર ગળચર હૂન સુમેરછે ;
સુબાલમિયાણા ને ખટાણા પાણિસિમા હરજા કહે ;
પાવડા ને કાળવા ખોખર સેજવાળ સુખી લહે. ૧૧૮૬
ચાવળા વળિ ભોટેલ દહિયા ઘેલોતર ગુણવન્તછે ;
વૈતાળ ગામી ગામિગળચર ઘેલાપલાણ ધિમન્તછે;
ચાવડા વૈસ્ય મકવાણ ઉમ્મડ મોરિ જેઠૂ બાળછે ;
બોડાણા ખાડાત ધારવા રાજસિયા સુવિશાળછે. ૧૧૮૭
રાઠોડમાં નિરભયપરા શુભ ચિત્રકારા લેખતા ;
કાળરા સુરાવત હળખેડા સૂર સૂરમા પેખતા;
ખેહોદને ગોહોડ ક્રમધ્વજ દાનેશ્વરપ્રિય જાણતા ;
વાઢેલ પારકરા ત્રયોદશ રાઠોડે સુવિરાજતા. ૧૧૮૮

Scanned with CamSca

જાદવે હરખાહરા મેહર જાડેજા પઢિયાર છે ;
મોડેચા હંસલા સુડાળી સંખોધર સરદારછે ;
ચૂડાસમા દેવંગરા કાળા બાલેચા જામછે ;
ખુમાણખાચર સાંચેલશોભે વાગલા અભિરામછે. ૧૧૮૯
ઉમા આંખાકર પઢારાપ્રિય સવૈયા શુભ માન છે ;
જાદવની એકવિંશ શાખા દલ્પતિ સકળ ધિમાનછે ;
ચૌહાણ કછુવા તુવર રાજે ગલેચા હાડા ગણે;
ડોડજા પ્હાડા ડોડિયા વળિ ગૌળ ચીબા જન ભણે. ૧૧૯૦
દેવડા રમ્રેચા નચિન્દા રત્યવિલા સુવિરાજતા ;
છબાક ડખીચિ કટારિયાને અનભિ રાવરિ રાજતા ;
પેલડા સંભરિ સવાળા શુભ વાવસને વડવાહછે ;
વાળીસ સહ એ ચતુર્વિંશતિ ચૌહાણે ઉત્સાહછે. ૧૧૯૧
સોળંકિમાં પ્રિય સપ્તશાખા ગોહિલ શંકવર્તી ગણે ;
વળિ બિહોલા દાહિમા બારડ નકુમ્ભ સિંધા કવિ ભણે;
પીયલા સહ સોળંકિકેરી સપ્ત શાખા ભાવતી;
ક્ષત્રિય શાખા શત્ વિસ્તારી દલ્પતિ જય યશ લાવતી. ૧૧૯૨

રૂફુટ વિષય.

संस्कृत प्राकृत शब्द रत्ना वळि.

અશ્વ નામ.

દોહરો.

વાજી વાહ તુરંગ હય, સૈંધવ અર્વ કેકાણ ;
તરલ તુરંગમ નર કહે, અશ્વ નામ નિર્ભાણ. ૧૧૯૩

અમૃત નામ.

સોમ સુધા પીયુષ અમૃત, અગદરાજ સુરભોગ ;
અમી સહિત દલપતિ કહે, નામ અમૃત જન જોગ. ૧૧૯૪

Scanned with CamSca

કેશ શિરોરુહ ચિકુર કચ, કુંતલ લટ અહિ સાર ;
લટકી લલિત લટા અટા, ચઢિ સુકવે સકુમાર. ૧૧૯૫

અર્જુન નામ.

જિષ્ણુ ધનંજય વિજય નર, ફાલ્ગુન કિરીટિ શ્વેત ;
ગુડાકેશ ગાન્ડીવધર, પાર્થ કપિધ્વજ પેખ. ૧૧૯૬

અગ્નિ નામ.

પાવક વન્હી દહન દવ, જ્વલન ધનંજય હોય ;
વાયુસખા શિખિ ઉર્ધ્વમુખ, વીતિહોત્ર જગ જોય. ૧૧૯૭
જાતવેદાનલ હુતાશન, નિર્જરજિહ્વ કૃપાનુ ;
વૈશ્વાનર અગ્નિરેપ ને, ધૂમકેતુ સલમાનુ. ૧૧૯૮
અનળ અગ્નિ બળિ દ્રુમલતા, કરિ દળ ફુલ ફળ જોય ;
વચન દગ્ધ મનથી બળી, કહિ નવપલ્લવહોય. ૧૧૯૯

અપરાધ નામ.

અહ અંદસ હેલન અહિત, અવગુણ વળિ અપરાધ ;
વંક વાંક કવિજન વદે, જે નકરે પિતુ શ્રાધ. ૧૨૦૦

અતિ નામ.

ભૃશાસુ અલં અતિશય વળી, અધિક અત્યંત નિતંત ;
અતિ સર્વત્ર ભલી નહીં, કહે સુસંત અનંત. ૧૨૦૧

અર્ધરાત્રી તથા ઈષદ નામ.

નિશિથિનિ શિથિનિ મહાનિશી, ગણે લોક મધરાત ;
દરસ્તોક અલ્પજ કષદ, રંચક મંદ મનાત. ૧૨૦૨

અટા તથા પાદત્રાણ નામ.

સૌધ હર્મ્ય પ્રાસાદ તે, અટા નામ યશ પૂર્ણ ;
પાદત્રાણ પદપીઠ વળિ, ઉપાન કંટકચૂર્ણ. ૧૨૦૩

Scanned with CamSca

અરુણ તથા અશ્વત્થ નામ.

અરુણ શોન આરક્ત વળિ, લોહિત ઉદય સુરક્ત;
ચળ દળ પીપળ ગજ અશન, બોધ્યવૃક્ષ અશ્વત્થ. ૧૨૦૪
મૂળ મધ્ય ને અગ્રસ્થળ, બ્રહ્મા વિષ્ણુ મહેશ;
અનુક્રમ સ્મર્યું કરી સદા, રાખો દક્ષ વિશેષ. ૧૨૦૫

આકાશ નામ.

અંબર પુષ્કર નભ વિયત, અંતરીક્ષ ઘનવાસ;
વ્યોમ અનંત વિહાયસજ, સુરપથ ખં ખગવાસ. ૧૨૦૬
ગગન સુચંદ્ર ઉદય થઇ, શોભાવ્યું આકાશ;
ભાવનગર ભૂષિત કરણ, તખ્તસિંહ સુપ્રકાશ. ૧૨૦૭

આજ્ઞા નામ.

વયસા દેશ નિદેશ વળિ, આજ્ઞા શાસન યોગ;
આયસ આજ્ઞા નામ એ, આગે કરિ રસ ભોગ. ૧૨૦૮

આમ્ર નામ.

પિકવલ્લભ કામાંગ ચુત, મદ્દિશમિત્ર સહકાર;
આમ્ર ડાળિ નૂતન ભલી, નમી નમી ફળ ભાર. ૧૨૦૯

અંજન નામ.

કાજળ ગજ પાટલમુખી, નાગ દીપસુત સોભ;
લૂકાંજન દૃગમાં ભરે, તે થકિ જન મન મોંઘ. ૧૨૧૦

અંતરધાન નામ.

અંત તિરોહિત અંતરિત, ગૂઢ દુરહ નિલીય;
અંતરધાન અલોપવળિ, અદૃષ્ય નામ સુપ્રીય. ૧૨૧૧

અંધકાર નામ.

અંધ તમિસ્ર નિકાયતન, ધ્વાન્ત કુહર તમ ધાર;
અઘ તિમિર આયમિ ઉદય, જ્ઞાનચંદ્ર પ્રિયકાર. ૧૨૧૨

Scanned with CamSca

ઇન્દ્ર નામ.

શક્ર શતક્રતુ સચિપતી, સંકંદન પુરુહૂત ;
કૌશિક વાસવ વૃત્રહા, મઘવા માતલિસુત. ૧૨૧૩

જિષ્ણુ પુરંદર વજ્રધર, આખંડલ શુચિહારિ ;
લેખર્ષભ ને ગોત્રભિત, જંભભેદિ પાકારિ. ૧૨૧૪

વૃષ વિરોચન સહસ્રદૃગ, બલારાતિ વિબુધેશ ;
બૃહશ્રવા બકુલોન હરિ, હય સુત્રામ સુરેશ. ૧૨૧૫

ઇન્દ્ર વહ્નિ રોચન વણી, શતચિત ત્રિશિખ વખાણ ;
વિશ્વ મંત્રદ્રુમ શુત બણી, ધૃતિ સ્વર્ગેશ સુજાણ. ૧૨૧૬

શંભુ શુચી વળિ દિવસપતિ, દુતધાગા પ્રિય પેખ ;
દક્ષપતિરામ પરમ બણે, ઇન્દ્ર નામ જય લેખ. ૧૨૧૭

ઉજ્વળ નામ.

શુક્લ શુભ્ર પાંડુર વિશદ, અર્જુન સિત અવદાત ;
ધવલ નવલ ઊજ્જ્વી અટા, કરે ધટાસું વાત. ૧૨૧૮

ઉશીસા નામ.

ઉપવરહણ ઉપધાન વળિ, કંદુક ઉશીસું માન ;
મૃદુલ ઉશીસે અઢંગી, બેઠા રાજ દિવાન. ૧૨૧૯

એળચી નામ.

ચંદ્રકન્યકા કપિલતા, ત્રિકુટિ બાલિકા વેલિ ;
એળચિ વળી ઇલાયચી, સ્નેહ પ્રિયા ચૈ ઘેલિ. ૧૨૨૦

ઓષ્ઠ નામ.

વિનિત ઓષ્ઠ વળિ રદનચ્છદ, અધર મધુર રસ પ્રાણ ;
પ્રવાલ આંબા કાતળી, ઉપમા જાણ સુજાણ. ૧૨૨૧

કર્ણ નામ.

શબ્દગૃહ શ્રુતિ શ્રવણને, કર્ણ કાન ઝબિવંત ;
સૂર્ય ચંદ્ર કુન્ડળ ઝળક, શોભા થઈ અનંત. ૧૨૨૨

Scanned with CamScanner

કર તથા કુચ નામ.

હસ્ત બાહુ ભુજ પાણિ કર, શુંડાકાર સુઅંગ ;
રતન પયોધર ઉરોજ કુચ, ઉરમન્ડન છબિ રંગ. ૧૨૨૩

કદલી નામ.

રંભા મોચા ગજ મુખી, ભાનુફલા સુકુમાર :
કદળી કામિની ઉરુકયે, કવિ ઉપમા શૃંગાર. ૧૨૨૪

કદમ્બ નામ.

નીપ મદીરાગંધ વળિ, સુધારા શીતળ છાંય;
કંદુક ભીરા કદંબ ચઢિ, કૃષ્ણ કુંવા દ્રહ માંય. ૧૨૨૫

કમળ નામ.

પુન્ડરીક પુષ્કર કમળ, જલજ અબ્જ અંભોજ ;
પંકજ સારસ તામરસ, કુવલય કંજ સરોજ. ૧૨૨૬
અકરંદી અરવિન્દ વળિ, પદ્મ કુશેશય સાર ;
નલિન સહિત એ કમળના, દલપતિ નામ વિચાર. ૧૨૨૭

કૃપા નામ.

મયા દયા સુકૃપા કૃણા, અનુકંપા અનુક્રોશ ;
કરુણા કરિ કરુણાનિધે, કરાવ કાન્ય અદોષ. ૧૨૨૮

કાયા નામ.

કાય કલેવર કુનુપ વપુ, દેહ આતમા અંગ ;
વિગ્રહ ઉપધન સંહનન, ધામ શરિર તન સંગ. ૧૨૨૯

કાલિન્દી નામ.

રવિજા યમાનુજા યમી, કૃષ્ણા શ્યામલ આપ;
યમુના કાલિન્દી તિરે, કદંબ છે અઘાપ. ૧૨૩૦

કીર્ણ નામ.

અંશુ ગભસ્તિ મયૂખ કર, ગો મરીચિ વસુ જ્યોત ;
રશ્મી પ્રસરી સૂર્યની, જાગમગ જાન ઉદ્યોત. ૧૨૩૧

Scanned with CamSca

કુબેર નામ.

પુણ્યજનેશ્વર વૈશ્રવણ, ધનદ ઔલબિલ જાણ ;
ગુહ્યકપતિ ત્રયંબકસખા, રાજરાજ સુપ્રમાણ. ૧૨૩૨

નરવાહન કિન્નરઅધિપ, યજ્ઞાધિશ પૌલસ્ત્ય ;
મનુષ્યધર્મા યક્ષપતિ, શ્રીદ ધનાધિપ સત્ય. ૧૨૩૩

અલકાપુરપતિ ધનપતી, યક્ષરાજન કુબેર ;
ઔકપિંગ ને યક્ષ તે; ફરિ ફરિ ધરેન બેર * ૧૨૩૪

કુસુમ નામ.

સુમન કુસુમ સુપ્રસૂન વળિ, પુષ્પ ફળપિતા નામ ;
કંદુક પૂલ તણો ગુંથી, રમતાં રતિ ને કામ. ૧૨૩૫

કુસલ નામ તથા પ્રીત નામ.

ક્ષેમ અનામય ભદ્ર ભવ, શિવ શં શુભ કલ્યાણ ;
પ્રીત સ્નેહ રસ ભાવ હિત, પ્રેમ નેહ ઉર આણ. ૧૨૩૬

કુંદ તથા બપોરિયા વા બંધુક નામ.

આપ્વી કુંદલતા લલિત, શ્વેત કળી સરસાય ;
બંધુજીવ બંધુક જપા, બપોરિયાં દરસાય. ૧૨૩૭

કેતકી તથા લવિંગ નામ.

તાલિ ખર્જુરી તૃણદ્રુમા, કેતકિ વિકસિ લખાણ ;
દેવકુસુમ શ્રીસંગ વળિ, જાપક લવિંગ સુજાણ. ૧૨૩૮

કેશર તથા સ્વર્ણયુથિકા નામ.

કાશિમર કુંકુમ રુધિર વળિ, દેવવલ્લભા પેખ ;
હરિણી ગુણિકા જૂથિકા, હેમપુષ્પિકા લેખ. ૧૨૩૯

કોકિલા નામ.

પરભૃત કલરવ રક્તદૃગ, પિકધ્વનિ પ્રિય રસપુંજ ;
કોકિલની આરત નિરખિ, વદતિ કોકિલા કુંજ. ૧૨૪૦

* બેર એટલે અવતાર અથવા જન્મ

ક્રોધ તથા સમય નામ.

ક્રોપ ક્રોધ આમર્ષ ને, રોષ મન્યુ તમ ભાળ ;
સામય સમય અનીહ વળિ, વેળા અનિમિષ કાળ. ૧૨૪૧

કૌચ નામ.

કુાલવલ્લિકા કપિલતા, નાવિસેયસી નામ ;
ખજુરિ કરતી અંગમા, કૌવચ સીંગ તંમામ. ૧૨૪૨

કંઠ નામ તથા બૃહસ્પતિ નામ.

કંઠ કપોતી દિવ્ય નળ, ગળ કંધર ને ગ્રીવ ;
ધિષણ શિખન્ડિજ આંગિરસ, સુરાચાર્ય ગુરુ જીવ. ૧૨૪૩

ખડ્ગ નામ.

નિસ્ત્રિંશને કૃપાણ અસિ, મન્ડલાગ્ર કરવાલ ;
ખડ્ગ ખાંડુ તરવારના, ધાવ ઝિલે શુભ ઢાલ. ૧૨૪૪

ગણેશ નામ.

દ્વૈમાતુર હેરંબ વળિ, લંબોદર સુખકંદ ;
મૂષકવાહન ગજવદન, ગણપતિ ગૌરીનંદ. ૧૨૪૫
કવિ ગણનાયક એકરદ, બુદ્ધિસદન સુગણેશ ;
ગિરિન્દસુત શિવસુત વળી, આદપુજ્ય દેવેશ. ૧૨૪૬
ધુંડિરાજ જગવંદ્ય પ્રિય, વિશ્વવિનાયક સાર ;
પૃથ્વિ પત્ર કરિ ગુણ કથે, તોયન આવે પાર. ૧૨૪૭

ગંગા નામ.

વિષ્ણુંપદી નિર્ઝરનદી, નિગમનદી હરિરૂપ ;
ત્રૈવનંદા મંદાકિની, ભાગીરથી અનૂપ. ૧૨૪૮
સુરસરિ ગંગા નામઞે, પાપહારિ શુભકારિ ;
શિવપ્રિયા મસ્તક ધરી, જનમધ્યે મુખ વારિ. ૧૧૪૯

ગુણિકા નામ.

દાસી દારિ કલંજિકા, ખલા પુંશ્ચલી ક્ષેમ ;
રસા યવા કામિની, પણ્યયોષિતા પેખ. ૧૨૫૦

Scanned with CamSca

વારમુખી જગવલ્લભા, કહે સંભલી જોય ;
મુખ સંભાળી બોલવું, વાંનયિ ગુણિકા કોય. ૧૨૫૧

ગુંજા નામ

કાકચંચુકા કૃષ્ણલા, ગુંજા ચનોઠિ નામ ;
ત્રિવિધ રંગ સિત અસિત વળિ, લાલ રંગ અભિરામ. ૧૨૫૨

ચર્ણ તથા ભય નામ.

ચર્ણ ચલણ ગતિવંત વળિ, અંઘ્રિ પાદ પદ ખાસ ;
દર સાધ્વસ આતંક ભય, ભી ઉદ્વિજ ડર ત્રાસ. ૧૨૫૩

ચાકર નામ.

વિધિકર કિંકર દાસ વળિ, સેવક અનુગ પદાતિ ;
ભૃત્ય સહિત ગુણિ જન લહે, ચાકર રથગિધર ખ્યાતિ. ૧૨૫૪

ચંદન નામ.

ગંધ સાર શ્રીખન્ડ હરિ, મલયજ ભદ્ર પટીર ;
ચંદનનાં ઇન્ધન કરે, મલયાચળના ભીર. ૧૨૫૫

ચંદ્રમા નામ.

ઇન્દુ સુધાનિધિ કલાનિધિ, અબ્જ જીવ હિમ રોમ ;
શશધર હિમકર નિશાકર, ઔષધીશ શશિ સોમ. ૧૨૫૬
કુમુદબન્ધુ શ્રીબન્ધુ વળિ, રોહિણિધવ સુરશ્રેય ;
ઉડુરાજન દ્વિજરાજ હરિ, મૃગો મૃગાંક આત્રેય. ૧૨૫૭
ચંદ્ર કળા જ્યમ ચંદ્રથી, ન્યારિ પ્રકાશિત હોય ;
કાવ્ય કળા ત્યમ કવિ થકી, ન્યારી જગ જન જોય. ૧૨૫૮

ચંદ્રકાંતિ તથા વીથિ નામ.

જ્યોત્સ્ના કૌમુદિ ચંદ્રિકા, મકર મરીચી નામ ;
રથ્યા પર્ણ પ્રતોલિકા, વળી વીથિકા વામ. ૧૨૫૯

Scanned with CamScanner

ચંપા: નામ.

ચાંપેય ચંપક સુરભિવલ્લ, હેમપુષ્પ ફલભાર;
ત્રિગુણ રંગ રૂપ વાસ પણ્ણ, ભમર.ન લે સુખસાર. ૧૨૬૦

જન્મ નામ.

ભવ ઉદ્ભવ ઉદ્ગમ જનન, જનિ ઉત્પત્તિ આપ;
જન્મ સફળ તવ જાણિયે; પ્રણવ મંત્ર આલાપ. ૧૨૬૧

જૂઠ નામ.

મિથ્યા મોષ મૃષા અનૃત, વ્યર્થ અલીક નિરર્થ;
જૂઠ સહિત એ નામછે, વદત ન કદી સમર્થ. ૧૨૬૨

તપસ્વી નામ.

ઋષિ ભિક્ષુક તાપસ યતી, તપિ મુનિ જન સરમાય;
યોગી નિર્મળ ચિત્તકરિ, મોક્ષ ગતી ચિત ચહાય. ૧૨૬૩

તમાલ નામ.

કાલસ્કન્ધ તાપિચ્છ વળિ, તિન્દુક અને તમાલ;
દાણુ ધાંટ રચિ રોકતા, પ્રિયકર મોહનલાલ. ૧૨૬૪

તરંગ તથા તીર નામ.

ભંગ તરંગ કલ્લોલ વળિ, લહરી છોળ પ્રકાશ;
કૂલ પુલિન ઉપકંઠ તટ, તીર રોધ અભ્યાસ. ૧૨૬૫

દર્પણ તથા પાન નામ.

પ્રતિબિમ્બી આદર્શ વળી, મુકુર સુકરમાં માન;
તાંબૂલી અહિવલ્લરી, દ્વિજ મુખમન્ડન પાન. ૧૨૬૬

દાડિમ નામ.

રક્ત બીજ દાંલિમ કરક, શુકપ્રિય કુટ્ટિમ માર;
દાડિમ બીજ સુકુપમા, પ્રિય રતિ કરાના કાર. ૧૨૬૭

Scanned with CamScanner

દાસી નામ.

ભૃત્યા દાસી કિંકરી, ચેરી ભરતિ સુઅંભ;
સૌરંધ્રી સહરાજતી, રાજ મંદિરે રંભ. ૧૨૬૮

દ્રાક્ષ નામ.

સ્વાદ્વી મૃદુકા મધુરસા, કાલમેખલા નામ;
ગુડા પ્રવાલા ગોસ્તની, ચાકુ દ્રાક્ષ અભિરામ. ૧૨૬૯

દિશા તથા પંથ અને સૂક્ષ્મ નામ.

કન્યા કાષ્ઠા કુકુભ દિશિ, ગો આશા ઉર આણ;
વર્ત્મા અધ્વા સરનિ પથ, પંથ નામ પ્રિય જાણ. ૧૨૭૦
પાંથ માર્ગ મગ પગ્યિ વળિ, સંચર પાદ વિહાર;
તુચ્છ અલ્પ લવ સૂક્ષ્મ તનુ, નિપટ કૃશોદર સાર. ૧૨૭૧

દિર્ઘ નામ.

પ્રથુલ પ્રાંસુ પરિનાહ પ્રથુ, આયત બ્યૂઢ વિશાળ;
દીર્ઘ સ્વાસ ભરિ દોડતાં, ભાખે વચન રસાળ. ૧૨૭૨

દુઃખ તથા પત્ર નામ.

કદન વિધુર સંકટ તુદન, ગ્લહન વૃજિન અઘ દુઃખ;
પત્ર પર્ણ દલ બર્હિ છદ, વૃક્ષ વૃદ્ધિકર સૂખ. ૧૨૭૩

દેવ નામ.

દેવ અમર નિર્જર વિબુધ, સુર સુમનસ ત્રિદિવેશ;
વૃંદારક સુવિમાનગતિ, અગ્નિજિવ્હ અમૃતેશ. ૧૨૭૪
દિવિષદ લેખા બર્હિમુખ, ગિર્વાણ નામ દેવ;
તખ્તસિંહ મહારાજ પ્રિય, શર્વ દેવ નિત સેવ. ૧૨૭૫

દૈત્ય નામ.

દાનવ દનુજ સુદૈત્ય જન, સુરરિપુ અશુર અસંત;
માયાવૈ કુમનસ્વિ જટ, ડોલે દુષ્ટ અનંત. ૧૨૭૬

Scanned with CamSca

દંત નામ તથા શ્યામ નામ.

દસન દંત દ્વિજ રદન રદ, દમકે કળિ પુલ કુન્દ ;
શ્યામ નીલ મેચક અસિત, ચિભુક બિન્દુ સુમુક્ત-દ. ૧૨૭૭

ધનુષ્ય નામ.

ધનુ કોદંડ ધ્વાસ વળિ, શાર્ંગ રિપુસંતાપ ;
ચાપ શરાસન વણ પણ્છ, પણ્છ વિના નહિં ચાપ ૧૨૭૮

ધન નામ.

દ્રવ્ય દ્રવિણ વસુ વિત્ત બલ, રાય અર્થ સુખ રોક ;
શિવ ભન્ડારી ધનદ ધન, સમ નમળે ત્રૈલોક. ૧૨૭૯

ધામ નામ.

સદન સદ્મ આગાર ગૃહ, ગેહ વેશ્મ મંકેત ;
આસ્પદ લયન સુધિષ્ણ્યપદ, આલય નિલય નિકેત. ૧૨૮૦
મંદિર ભવન આયતન, વસતિ નિકાય સ્થાન ;
ભુવન સહિત એ ધામના, વિવિધ કહ્યાં અભિધાન. ૧૨૮૧

નમસ્કાર નામ.

વંદન પ્રણત નતી નુતી, અભિવાદન ઉર આણ ;
નમસ્કાર વિપ્રો વદે, દલપતિરામ વખાણ. ૧૨૮૨

નખ નામ.

કરજ પુનર્ભવ નખ નખર, વધારવે દારિદ્ર ;
યોગિ મુની અનુષ્ઠાનિ વળિ, તપસ્વિને દારિદ્ર. ૧૨૮૩

નદી નામ.

સરિતા ધુની નરંગિણી, તટિની હૃદિની વક્ર ;
શ્રોતા સવંતી નિમ્નગા, પમા રિરેખા નામ. ૧૨૮૪

નવનિધિ નામ.

મહાપદ્મ વે પદ્મ વળિ, કચ્છપ મકર મુકુન્દ ;
શંખ ખર્વ ને નીલમણિ, નવમે નામ સુકુન્દ. ૧૨૮૫

Scanned with CamSca

નાક ઘ્રાણ ને વાસ ગૃહ; ગજ મુક્તા સોહંત;
શુકચંચૂ સમ નાસિકા, શોભે શોભાવંત. ૧૨૮૬

નાળિયર નામ તથા સોપારી નામ.

વાનરમુખ લાંગૂર વળિ, નાલિકેર સુવિચારિ;
ઘોટા ત્રામુક સુવાક વળિ, પૂંગીફલ સોપારિ. ૧૨૮૭

નાગરવેલ તથા માધવી નામ.

તાંબૂલી અહિ વલ્લરી, દ્વિજા પાન રતિ રીઝ;
અલિઉત્સવ વળિ મુક્ત શુભ, પુન્નક વાસંતીજ. ૧૨૮૮

નિકટ નામ.

અંતિ પાર્શ્વ અવિદૂર તટ, વળિ સમીપ અભ્યાસ;
અવસ અનાદર હોય બળિ, રહે નિરંતર પાસ. ૧૨૮૯

નીચ નામ.

નિમ્ન નિમાતન કુબ્જ અધ, અવચ અજશની ખાણ;
નીચ [illegible] કરે, પ્રીત રીત રસ હાણ. ૧૨૯૦

નીર નામ.

અંબૂ કમળ કીલાલ જળ, પય પુષ્કર વન વારિ;
અંભ અરુણ જીવન ભુવન, ઘનરસ કુશ પાપારિ. ૧૨૯૧
મેઘપુષ્પ વિષ સલિલ વળિ, કં કબન્ધ રસ તોય;
પાથ પાણિ સંવર ઉદક, અપ કૃપીટ જન જોય. ૧૨૯૨

નૂપુર નામ.

પાદાંગદ વળિ ઘૂઘરા, તુલા કોટિ મંજીર;
કલ્યાં નૂપુર કાંબિ કહિ, ઝાંઝર ઝમકતધીર. ૧૨૯૩

નેત્ર નામ.

લોચન અંબક ચક્ષુ દ્રગ, ઇક્ષણ રૂપાધીન;
લોચન રાતાં નયન જો, [illegible] ૧૨૯૪

Scanned with CamSca

નૌકા નામ

ઉડુપ પોત નૌકા પલવ, સુતરિ વહિત્ર જલયાન ;
કર્ણનાવ ચહિ ભવ ઉદધિ, કેહ તર્યા અજાન. ૧૨૯૫

પતિવ્રતા નામ.

સાધ્વી સતી મનસ્વિની, સુચરિત્રા શુચિનાર ;
પતિવ્રતા સહ નામ એ, પવિત્ર કુળ શૃંગાર. ૧૨૯૬

પથ્થર નામ.

ગ્રાવ અસ્મ પ્રસ્તર ઉપલ, શિલ પલાણ અતિમાર ;
પાષાણ પાણિપર તર્યા, રામ નામ આધાર. ૧૨૯૭

પપૈયા નામ.

કપિતકંદ દાત્યૂહ હરિ, ચાતૃકને સારંગ ;
પપૈયો બપૈયો કહે, ચાતક વાણિ સુરંગ. ૧૨૯૮

પવન નામ.

સ્વસન સદાગતિ મારુત હરિ, ઓઘુગ ને જગપ્રાણ ;
અનિલ પ્રભન્જન ગન્ધવહ, નભસ્વ પવન વખાણ. ૧૨૯૯
તવ તન પરિમલ પરસિંજવ, ગવન કરત સુસમીર ;
તે પવમાન સન્માનં સહ, પરિરમ્ભત પ્રિયધીર. ૧૩૦૦

પર્વત નામ.

અગ નગ ભૂભૃત દરિભૃતસુ, શિખરી શૃંગી જાણ ;
શૈલ સિલોચ્ચય ગોત્ર હરિ, અચલ અદ્રિ સુવખાણ. ૧૩૦૧
ગિરિ દુર્ગ ગઢ પાઢ એ, બચાવના કરનાર ;
ધાતુ ઝાડ જળ ફૂળ જડે, જ્વાદ્રિરાદિ ભન્ડાર. ૧૩૦૨

પલાસ.

દોત ઓથ વળિ બ્રહ્મદ્રુમ, પુંગવપણું પલાસ ;
કિંશુકપુષ્પ સુરંગ કરિ, રચત વસંત વિલાસ. ૧૩૦૩

પૃથ્વી નામ.

પૃથિવિ ક્ષિતિ ક્ષોણી ક્ષગા, ધરણી ધાત્રી ગોય ;
ઉર્વી જગતી વસુમતી, વસુધા સર્વંસ થાય. ૧૩૦૪
અચલા વિપુલા સાગરા, ધરા ઉર્વરા રહોય ;
અવની ગોત્રા કુમ્ભિની, મહી મેદિની જોય. ૧૩૦૫
વસુંધરા વિશ્વંભરા, ધિરા કાશ્યપી કોજ ;
રસા અનંતા ભૂ ધરા, વિદ્યા કહે કવિરાજ. ૧૩૦૬

પાડલ નામ.

થાલી પાટલ ફલકુલા, વામા રમ્યા નામ ;
અંશુવસા મધુદૂતિકા, પાડલ પ્રિય અભિરામ. ૧૩૦૭

પાપ નામ.

એન વૃજિન દુષ્કૃત દુરિત, અઘ મલીન વળિ પંક ;
અમીવ કલ્માષ કિલ્વિષાજ, કશ્મલ શમલ કલંક. ૧૩૦૮

પાર્વતિ નામ.

ઉમા અપર્ણા ઇશ્વરી, ગૌરી ગિરિજા સાર ;
મૃડા ચંડિકા અંબિકા, ભવા ભવાનિ વિચાર. ૧૩૦૯
આર્યા મેનકજા અજા, સર્વમંગળા નામ ;
શિવા ધર્ષિ શિવ ઉર વસી, પાર્વતિ પ્રિય અભિરામ. ૧૩૧૦

પન્ડિત નામ.

કૃતી કુશલ કોવિદ નિપુણ, ક્ષણ પ્રવીણ નિખ્યાત ;
પટુ વિદગ્ધ નાગર ચતુર, જાણે રસ રિત ખ્યાત. ૧૩૧૧

પિતા તથા લઘુ ભ્રાત નામ.

તાત જનક જન્મદ પિતા, નામ જપત રમણીય ;
નાભિ અવર્જસ જવિષ્ઠજ, અનુજ કનિષ્ઠ કનીય. ૧૩૧૨

પ્રિયા નામ.

ધૃષ્ટ દયિતા વલ્લભા, પ્રિયા પ્રેયસી જોધ ;
વામાંગના સુપ્રણયિની, તોયક અવરજ કોધ. ૧૩૧૩

Scanned with CamScanner

પીડા નામ.

બાધા વિધુરં વ્યથા દુંજા, પીડા આરતિ આનિ ;
પીડ દુઃખ પ્રતિ પ્રીતિમાં, વિપ્રલમ્ભ દુખદાનિ. ૧૩૧૪

પીપર નામ.

કોલા કૃષ્ણા ભાગધી, તિમ્ભ તુંડિલા સાર ;
વેદેહી શ્યામા કના, શૌંડિ પીપર વિચાર. ૧૩૧૫

પ્રીતમ નામ.

સુહૃદ મિત્ર વલ્લભ સખા, દયિતા ઇષ્ટપ્રિય પ્રાણ ;
પ્રિતમ સહ કવિજન કહે, પ્રિયા પ્રીત રસ ખાણ. ૧૩૧૬

પુત્ર નામ.

સુવન અપત્ય આત્મજ સુસુત, તનુજ તનયને તાત ;
યશવત્સિંહ સુપુત્ર પ્રિય, તમ્તસ્સિંહ વિખ્યાત. ૧૩૧૭

પુત્રી નામ.

પુત્રિ બાલિકા કન્યકા, તનયા તનુજ નેક ;
ચાલતું કોરા ભલું નહીં, દુહિતા બલીન એક. ૧૩૧૮

બ્રહ્મા નામ.

અજ કમલજ વેધા પિતા, ધાતા રાતમૃતિ જાણ ;
સૃષ્ટા ચતુરાનન વિપણ, વિપણ વિધી સુવખાણ. ૧૩૧૯
બ્રહ્મ વિધાતા આત્મભૂ, અજ સ્વયંભૂ જ્યેષ્ઠ ;
પંકજભૂ સુપ્રજાપતિ, પર્મેષ્ટી સુર શ્રેષ્ઠ. ૧૩૨૦
કુહિન વિરંચી ચતુરમુખ, હિરણ્યગર્ભ ગુમાન ;
પદ્માસન દલપંતિ કહે, બ્રહ્મદેવ સુમહાન. ૧૩૨૧

બલિભદ્ર નામ.

રોહિણેય બલભદ્ર બલ, સંકર્ષણ બળરામ ;
નીલામ્બર રેવતિરમણ, મૂશલ પાલક કામ. ૧૩૨૨.

પ્રલમ્બમ તાલાંક વળિ; યમુનાંભેદી ચેત ;
હળધર હળથી પ્રિય રણે, ગદા યુદ્ધ યશ દેત. ૧૩૨૩

બાણ નામ.

તોમર ખડ્ગ જિહ્મગ અસુગ, વિશિગ શિલિમુખ બાણ ;
માર્ગન કન નારાય ઇશુ, પત્રી શોષણ પ્રાણ. ૧૩૨૪
સાયક ધાથિ પિડાય પણ, તેહ ઘાવ વિસરાય ;
વચન તીરનું દુઃખ તો, મિટેન જો જુગ જાય. ૧૩૨૫

બાગ નામ.

કર્ત્રિમવન ઉદ્યાન વળિ, ઊપવનને આરામ ;
બાગ વાડિ વળિ વાટિકા, રાજ રાજ વિશ્રામ. ૧૩૨૬

બિલ્વ નામ.

સદાફળ શિલૂપી સુરભિ, તાલ બિલ્વ માલૂર ;
એ શ્રીફળ સ્તન ઉપમા, કથતા કવિજન શૂર. ૧૩૨૭

બુદ્ધિ નામ.

બુદ્ધિ મનીષા શેમુખી, મેધા ધિષ્ણા ધીય ;
બુદ્ધિ નામ શુભ મત મતી, સર્વ જનોને પ્રીય. ૧૩૨૮

બહેડા નામ.

અક્ષ બિભીતક કર્ષફળ, સંવર્ત્તક કલિવૃક્ષ ;
ભૂતાવાસ બ્હેડા કહે, ચતુર ચેતિદે લક્ષ. ૧૩૨૯

ભાલ નામ.

ભાલ અલિક સુલલાટમાં, નખલો સોભા જડાવ ;
સુંદર શોભા નિરખતાં, ભાળથિ પ્રકટ સ્વભાવ. ૧૩૩૦

ભ્રકુટી નામ.

ભૂ તંદ્રિ ભ્રકુટી ત્રિકુટિ, ભ્રમર હસે પ્રિય ભાળ ;
લલાટ લાલ પિયળ ઝળક, શોભે વદન રસાળ. ૧૩૩૧

Scanned with CamSca

ભ્રમર નામ.

મધુલિહ મધુકર મધુપ અલિ, અલિનિ શિલીમુખ ભૃંગ ;
ચંચરીક રોલમ્બ હરિ, કીલાલપ સારંગ. ૧૩૩૨
પદ્મપદ ઈંદીવર ભ્રમર, વળિ દ્વિરેફ રસ ચોર ;
વસંત વાસુ મકરંદના, ચોરથિ ચમડ્યા જોર. ૧૩૩૩

મન નામ.

સ્વાન્ત હૃદય મન્મથપિતા, આત્મા માનસ નામ ;
મન સહીત દ્વોવિંદ કયે, મનોરાજના ધામ. ૧૩૩૪

મદન નામ.

મદન મનોભવ મન્મથન, સમર પંચસર માર ;
મીનકેતુ કન્દર્પ વળિ, દર્પક ચિત્ત વિકાર. ૧૩૩૫
પુષ્પ ચાપ મનસિજ ચિતજ, સંબરારિ રતિકામ ;
ચિતન આત્મભૂ રતિરમણ, જગહેતૂ અભિરામ. ૧૩૩૬
કૃષ્ણ પુત્ર પ્રદ્યુમ્ન વળિ, ઝષકેતૂ જય લેખ ;
કામદેવ સહ કવિ કયે, મદન નામ પ્રિય પેખ. ૧૩૩૭

મનુષ્ય નામ.

માનુષ મર્ત્ય મનુષ્ય નર, માનવ મનુજપ્રમાન ;
ચતુર લક્ષ જાતી ગણે, મનુંષ્ય ભેદ નિદાન ૧૩૩૮.

મહાદેવ નામ.

શંકર શશિધર શૂલધર, હર ગંગાધર વામ ;
શર્વ શંભુ શિવ ભીમ ભવ, ભર્ગ કામરિપુ નામ. ૧૩૩૯
ત્રિનયન ત્ર્યંબક ત્રિપુર અરિ, ઈશ ઊમાપતિ સાર ;
જટી પિનાકી ધુર્જટી, રુદ્ર વૃષધ્વજ ધાર. ૧૩૪૦
ઉમા કપર્દી ભૂતપતિ, પશુપતિ મૃડસુધશાન ;
વળિ શ્રીકંઠ સિતિકંઠ શુભ, નીલકંઠ કલ્યાણ. ૧૩૪૧

Scanned with CamSca

મનોહર નામ.

અદ્ભુત મંજુ મનોજ્ઞ મધુ, મધુરમાર સુકુમાર;
લલિત મનોહર નાયિકા, કંઠ કુસુમનો હાર. ૧૩૪૨

મકરી વા કરોળિયા નામ.

લૂતા સૂત્રા ઊર્ણનાભિ સંભારિ;
ચતુરવિંશ ગુરુમાં ગણે, દત્ત ગુરૂ ચિતધારી. ૧૩૪૩
જાળ પ્રસારણ સંહરણ, કરોળિયો રચનાર;
જગમાયા રચિ સંહરણ, કરે પ્રભુ સુખ સાર. ૧૩૪૪

મદિરા નામ.

મધુ માધ્વી મદિરા ભિરા, સુરા વારુણી પેય;
આસવ મદ કાદમ્બરી, મધુવારા ગૌરેય. ૧૩૪૫
સિંધુર રસના ગુડિકા, હાલા સિંધુ પ્રસૂત;
મદ્ય સહિત મદિરા પિયે, વામ મંડાયિ સપૂત. ૧૩૪૬

મધુ નામ.

માધવ મધુકુંભ મધુ શ્રવસ, મધુષ્ટીલ મધુપૂલ;
એ મધૂક રસ વાસપ્રિય, જો માતંગ મદ તૂલ. ૧૩૪૭

મરી નામ.

તિક્ત ઊષના ટોલકા, કૃષ્ણફળા વળિ જાણ;
મરિચ મરી મરિયાં વદે, ગુણકારી સુવખાણ. ૧૩૪૮

મૃગ નામ.

એન હરણ વાતપ પૃષદ, હરિ કુરંગ સારંગ;
મૃગ શિશુ સમ તવ નયનછે, અધિક અંજન સુરંગ. ૧૩૪૯

માન નામ.

સ્તંભ દર્પ અહંકાર મદ, ગર્વ સમય અભિમાન;
લઘુ મધ્યમ ગુરુ માન સહ, એકાદશ અભિધાન. ૧૩૫૦

Scanned with CamScanner

માતા નામ.

અંબા સાવિત્રી પ્રસૂ, જનયિત્રી મા નામ ;
માતાધાતા જગતમાં, શોભે સુંદર ધામ, ૧૩૫૧

માલતી નામ.

સુમના જાતી મલ્લિકા, ઉત્તમગંધા વામ ;
અંગુષ્ઠા પ્રિય વાદીની, રાજ પુત્રિકા નામ. ૧૩૫૨

માલા તથા સોરભ નામ.

માલા સ્રક સ્રજ ગુણવતી, જપિ વિડાર જગફંદ ;
સારગ મધુવળિ પુષ્પરસ, કુસુમસાર મકરંદ. ૧૩૫૩

મિલાપ તથા યુગલ નામ.

સંગમ સંગ સંકેતયન, સાથ સહીત મિલાપ ;
યમલ યુગ્મ યુગ દ્વંદ્વ દ્વય, ઉભય મિથુન આલાપ. ૧૩૫૪

મીન નામ.

સફરી અનિમિષ મત્સ્ય તિમિ.. પૃથુરોમા પાઠીન ;
મકર ઉલૂપી અન્ડભવ, વૈસારિણ ઝષમીન. ૧૩૫૫

મુખ નામ.

આનન આસ્ય લપન વદન, વક્ત્ર તુન્ડ છબિ રહોય ;
મુખ શોભા શશિ સમ બની, પ્રિય દર્પણ લઇ જોય. ૧૩૫૬

મૂર્ખ નામ.

મુગ્ધ મૂઢ જડ મૂક નડ, અજ્ઞ કટુકવદ શઠ ;
મૂરખ નર જાણેજશું, મુક્તમાળ કપિકન્ઠ. ૧૩૫૭

મેઘ નામ.

ધારાધર જલધર જલદ, જગજીવન જીમૂત ;
અભ્ર બલાહક મુદિર હરિ, કામુકિ ધૂમ સપૂત. ૧૩૫૮

નીરદ ક્ષીરદ અંબુવહ, વારિદ જલમુચ નામ ;
ધન તડિત્વાન સુમેઘ સહ, કહ્યાં સુકવિ અભિરામ. ૧૩૫૯

મોર નામ.

નીલકંઠ કેકી શીખી, બર્હિ શિખન્ડી હોય ;
શિવસુતવાહન અહિભખી, મયુર કલાપિ સ્હોય ૧૩૬૦
નાચે મોર અટારિ ચઢિ, જોઇ ઘટા આનંદ ;
મોરનામ સુવિવિધ નિરખિ, હરખે કવિજન વૃંદ. ૧૩૬૧

મોતી નામ.

શશિ મોતી ગોતી ગુલિક, જલજ સીપસુત નામ ;
મુક્તાહાર સુકંઠમાં, સુંદર સુંદરિ ધામ. ૧૩૬૨

મોક્ષ નામ.

મુક્તિ અમૃત કૈવલ્ય વળિ, અપુનર્ભવ અપવર્ગ ;
નિઃશ્રેયસ નિર્વાણ પદ, મહાસિદ્ધિવર સ્વર્ગ, ૧૩૬૩

મંગળ નામ.

કુજ અંગારક ભૂમિસુત, લોહિતાંગ અહિબાળ ;
મંગળ સમ રથળ રથળ ઉદિત, મંદિર દિપક નિહાળ. ૧૩૬૪

યુધિષ્ઠિર નામ.

ધર્મ તાત સુઅજાતરિપુ, કૌંતેય સત્ય ગાય ;
નૃપતિ યુધિષ્ઠિર કંકમુનિ, બ્રુભૂજેન્દ્ર કુરુરાય. ૧૩૬૫
યમનન્દન ને પાન્ડુસુત, સમરાંગણ શુરધીર ;
અશ્વમેધ ને રાજસૂ, યજ્ઞ કાર્યમ વીર. ૧૩૬૬

યંત્ર તથા શુક નામ.

તંત્રી યંત્ર વિતાન વળિ, બીન વિપંચક વીર ;
રક્તચંચુ શુક કીર વળિ, સુડા પોપટ ધીર. ૧૩૬૭

Scanned with CamScanner

રજ નામ.

ધૂલી ધૂસરિ ખેહ રજ, પાંસુ શર્કરા મંદ ;
પ્રભુપદરજને પરસવા, ઈચ્છે સનક સનંદ. ૧૩૬૮

રાજા નામ.

નૃપ સુનરેશ ઇશાનને, અધિપતિ મહિપતિ ભૂપ ;
રાજાથી ગોહેલ કુળ, તખ્તસિંહજિ અનૂપ. ૧૩૬૯

રાજી તથા ક્ષુદ્રઘંટિકા નામ.

રાજી આવલી અલિતતી, રોમપંક્તિ અભિરામ ;
રસના કાન્ચનિ કિંકણી, સુત્ર મેખલા નામ. ૧૩૭૦

રાક્ષસ નામ.

કુનપ સર્પને પુણ્યજન, નિકષાસુત દુર્નાદ ;
કર્બુર અસુર નિશાચરજ, યાતુધાન ક્રવ્યાદ. ૧૩૭૧

રાત્રી નામ.

તમસ્વિની ક્ષણ દાક્ષપા, તમી તમિસ્રા વામ ;
નિશી શર્વરિ વિભાવરી, નિશા જામિની નામ. ૧૩૭૨
રજની સજની શરદની, રમ્યાં રંગ રસ રાસ ;
રાત્રિ સુખદ પટ્માસની, પરમ પ્રકાશ વિલાસ. ૧૩૭૩

રાયવેલી તથા સંજીવની નામ.

અબ્જસિ પ્રિયવલ્લરિ વદે, રાજધ્વનિકા સાર ;
જીવા જીવનિ મધુશ્રવા, જીવંતી સુવિચાર. ૧૩૭૪

રુધિર નામ.

શોણિત રક્ત કુનપ વળી, અસૃક અક્ષત જાત ;
લોહી પીતાં પૂતના, પડી પૃથ્વિપર ખ્યાત. ૧૩૭૫

રૂપ્ય નામ.

રૂપ્ય રજત દુર્વર્ણ વળિ, જાતરૂપ ખર્જૂર ;
રૂપૂં ચાંદી નામ છે, ધાતુ શ્રેષ્ઠ ધર ઊર. ૧૩૭૬

લજ્જા નામ.

હ્રી લજ્જા વ્રીડા ત્રપા, લજ્જા ને સંકોચ;
પ્રિય રતિ પતિસું હસિ નહીં, પછી કરે શું સોચ. ૧૭૭૭

લતા નામ.

વતતી વિસતી વલ્લરી, વિશિની લતા વિતાન;
અમરવેલિ સમ શોભતી, લતિકા લલિતં રતિમાન. ૧૭૭૮

લક્ષ્મી નામ.

શ્રી પદ્મા પદ્માલયા, કમળા ચપળા લેખ;
સિન્ધુ સુતા મા ઇન્દિરા, વિષ્ણુવલ્લભા પેખ. ૧૭૭૯
જેહનિ નયન કટાક્ષ છબિ, રહી સકળ જગ છાય;
તે લક્ષ્મી પ્રિય વિષ્ણુના, મન્દિરમાં સરસાય. ૧૭૮૦

વક્ર નામ.

વામ વક્ર કુંચિત કુટિલ, વાંકડિ ભ્રકુટિ તરંગ;
અનિ હનિ આવી મેનકા, કરાવવા તપ ભંગ. ૧૭૮૧

વજ્ર નામ.

અશનિ કુલિશ નિર્ઘાત પવિ, વજ્ર ભિદુર યશ જાણ;
પડો શત્રુના શીષ પર, વિરસ કરે રસખાણ. ૧૭૮૨

વટ વા વડ નામ.

જટી કંપર્દી રક્તફળ, બહુપદ ધ્રુવ ન્યગ્રોધ;
વટ વડ સાવિત્રી પુજે, છાંય ઉનાળે શોધ. ૧૭૮૩

વન નામ.

કાનન વિપિન અરણ્ય વન, કક્ષ ગહન કાન્તાર;
અટવી મહીં ઉદય થતા, વ્યાધ કરી હરિ સાર. ૧૭૮૪

વનચર નામ.

કપિ શાખા મૃગ વાલિમુખ, કિશ પ્લવંગ લાંગૂર;

વરુણ નામ.

વરુણ પ્રચેતા પાશપતિ, અપપતિ જળચરેશ;
યાદશપતિ સહનામ છે, કહે કોવિદ મુનીશ. ૧૩૮૬

વનસ નામ.

ચૈલ નિચોલ દુકૂલ પટ, અંશુક વાસસ ચીર;
નીલ વસ્ત્રમાં દીપતું, ગોરી ગૌર શરીર. – ૧૩૮૭

વસંત નામ.

કુસુમાકર ઋતુરાજ બંધુ, સુરભી વળી વસંત;
કામભિત્ર કવિજન કહે, સકળ પ્રાણિ વિલસંત. ૧૩૮૮

વૃક્ષ નામ.

શાખી-વિટપી-અનુજ કુજ, દ્રુમ વળિ પાદપ નામ;
અહિરૂઢ દલિ પત્રી ફલી, બહિ કલ્પતરુ ધામ. ૧૩૮૯

વિદ્યુત નામ.

ક્ષણરુચિ છટા અકાલિકા, તડિત ચંચલા સોદા;
દામિનિ ચપળા વીજળી, દંપતિનાં મન મોદા. ૧૩૯૦

વિદ્રુમ નામ.

સુષિર નટી નલિની વિદ્રુમ, કપોતાંઘ્રિ સુપ્રવાળ;
તવ અધરસમા કવિ કહે, પણ નહિં મૃદુલ રસાળ. ૧૩૯૧

વિવાહ નામ.

પત્ની સેવન કરગ્રહણ, ઉદ્વહ વિદ્યા વિવાહ;
લગ્ન સહિત એ નામ છે, વિવાહ શબ્દ પ્રવાહ. ૧૩૯૨

વિષ નામ.

ગરલ હલાહલ ઝેર મૃતક, કાલકૂટ રસસાર;
બ્હાલ વાણિ કટુ ઝેરસમ, લાગે વિષન વિચાર. ૧૩૯૩

Scanned with CamSca

વિહંગ નામ.

દ્વિજ શકુન્ત પક્ષી શકુનિ, અંડજ વિહગ વિહંગ ;
વિહંગમ પતત્રિ પત્રરથ, પત્રી પતગ પતંગ. ૧૩૯૪
ખગરથળ સ્થળ બોલે નવલ, કોમળ કંઠ સુજાત ;
નૃપ તવ આગમ મુદિત દ્રુમ, કરત પરસ્પર વાત. ૧૩૯૫

વેતસ નામ.

વંજુલ સિત બિંદુલરથી, અભ્રપૂષ્પ વાનીર ;
જળસ્થળ વેતસ કુંજમાં, સુંદર વાય સમીર.- ૧૩૯૬

વેદ નામ.

આમ્નાય શ્રુતિ ઋક્ષભવ, ધર્મમૂળ સહ ભેદ ;
નિગમાગમ ત્રો ગણ ચતુર, તેમ ચતુર ઉપવેદ. ૧૩૯૭

વંચક નામ.

બ્યાજ નિકૃ કૈતવ કુટિલ, છદ્મી ધૂર્ત છલકાર ;
કપટી વંચક સહ સમજ, વંચક નામ પ્રકાર - ૧૩૯૮

શય્યા નામ.

કશિપુ તલ્પ શય્યા શયન, સંવેશન શયનીય ;
દુગ્ધફીચ્છ સમ સેજ પર, પિયુ પ્રિયા રગણીય. ૧૩૯૯

શરકોષ નામ.

ઉપાસંગ તૂનીર વળિ, ષષુધી તૂન નિષંગ ;
તીર ભાથું શરકોષ તે, શોભે યુદ્ધ પ્રસંગ. ૧૪૦૦

શીઘ્ર નામ.

આસુ તરસ સહસા ઝટિત, ત્વરિત તૂર્ણ દ્રુત હોય ;
સત્વર શીઘ્ર સુક્ષિપ્ર લઘુ, ત્વર રય રંહસ જોય. ૧૪૦૧
વાજિ વેગ જવ રભસરભ, અવલંબિત ઉત્તાલ ;
ચપળ ચાલિ ચાતુર અલી, આતુર દેખી લાલ. ૧૪૦૨

Scanned with CamScanner

શબ્દ તથા ઇન્દ્રિય નામ.

નાદ નિનાદ નિઃસ્વન સુષિર, રુત રવ સ્વન ધ્વનિ નામ ;
ગો દ્વીક ખં કરણ ગુણ, ઇન્દ્રિય પ્રિય અભિરામ. ૧૪૦૩

શુક્ર નામ.

ઉશના ભાર્ગવ કાવ્ય કવિ, અસુરપુરોહિત હોય ;
જગમગતી જ્યોતી ઉંચે, શુક્ર ઉદય જન જોય. ૧૪૦૪

શેષ નામ.

શેષ મહા અહિ સર્પપતિ, ધરણીધરણ અનન્ત ;
સહસ્રવદન કરે સ્તવન, તદપિન આવે અન્ત. ૧૪૦૫

શોભા નામ.

શોભા આભા ભા પ્રભા, સુખમા પરમા કાન્તિ ;
શોભા નામ વિવિધ નિરખી, કોવિદ રહે નિર્ભ્રાન્તિ. ૧૪૦૬

સખી નામ.

વયસા સધ્રિચિ સખિ વળી, વાણી સહચરિ સાર ;
અલી સહિત સખિ નામ એ, કહ્યાં વિવીધ પ્રકાર. ૧૪૦૭

સર્પ નામ.

પન્નગ નાગ ભુજંગ વળિ, જિહ્વાગ ભોગી સર્પ ;
ચક્ષુશ્રવા સરિસૃપ હરી, કાકોદર ગરદર્પ. ૧૪૦૮
આશીવિષ વિષધર ફણી, મણી વિલેશય વ્યાળ ;
ચક્રી દર્પી ગૂડપા, લેલિહ અહિ વિકાળ. ૧૪૦૯

સમુદ્ર નામ.

સિન્ધુ સરિતપતિ સલિલપતિ, અમ્બો નિધિ અકૂપાર ;
ઇરાવાન અર્ણવ ઉદધિ, કુશલય અબ્ધિ અપાર. ૧૪૧૦
રત્નાકર સાગર સહિત, સમુદ્ર નામ વિચાર ;
ભવસમુદ્ર દલપતિ કહે, તે તરિ ઉતરો પાર. ૧૪૧૧

Scanned with CamSca

સરસ્વતિ નામ.

વાણી વાક સરસ્વતી, ગિરા શારદા નામ ;
ભારતિ સાથે કહ્યાં સુધડ, વચન ચાતુરી કામ. ૧૪૧૨

સમૂહ નામ

સમુદય વ્યુહ સમૂહ ગણ, પ્રકર નિકર નિકુરંબ ;
પૂર પૂગ વ્રજ પટલ ચય, સંચય નિચય કદંબ. ૧૪૧૩
વિરસ નિવહ સંદોહ ઉહ, યૂથ વ્રાત ધનજાત ;
ચક્ર અનંત સમાજ બહુ, તોમ રાગ સંઘાત. ૧૪૧૪
કંદલ જાલ કલાપ કુલ, કૂટ અને કસુગ્રંદ ;
સમૂહ નામ જયા સહિત, કવિ કોવિદ પદ વંદ. ૧૪૧૫

સ્વભાવ નામ.

પ્રકૃતિ નિસર્ગ સહજ અને, વિશ્વ સુશીલ સ્વભાવ ;
કવણ ટેવ વાંકું વદે, શુદ્ધ સરળ દર્શાવ. ૧૪૧૬

સરોવર નામ.

હ્રદ પુષ્કર કાસાર સર, સરસી તાલ તડાગ ;
સરોવરે કુમુદનિ ખિલી, ભ્રમર મધૂરસ જાગ. ૧૪૧૭

સિંહ નામ.

કંઠીરવ હરિ કેસરિ, પૂંડરીક હર્યક્ષ ;
મૃગપતિ દ્વીપી વ્યાઘ્ર વળિ, પંચાનન પલ્લાક્ષ. ૧૪૧૮
વળિ સારંગ વખાણતા, વનપતિ હરિ કુળકાળ ;
સિંહનામ કવિજન કહે, વીર વદન વિકરાળ. ૧૪૧૯

સીઢી વા નિસરણી નામ.

આરોહણિ આરોહ વળિ, નિઃશ્રેણી સોપાન ;
મણિમય દાદર ચઢત કવિ, ભૂપ કરે સનમાન. ૧૪૨૦

સ્ત્રી નામ.

સ્ત્રી નારી વનિતા વધૂ, લલના જુવતી વામ ;
અબળા બાળા રમણિ

તરુણી રમણી સુંદરી, સીમન્તની સુહોય ;
ત્રિય તવસરખિ ત્રિલોકમાં, રચી વિરંચિ ન કોય. ૧૪૨૨

સુવર્ણ નામ.

કાંચન અર્જુન કાર્તસ્વર, હેમ હિરણ્ય સુવર્ણ ;
અષ્ટાપદ હાટક પુરટ, શાતકુમ્ભ હરિ સ્વર્ણ. ૧૪૨૩
જાતરૂપ કલધોત વળિ, ચામીકર તપનીય ;
રુકમ રુદ્ર રોદન કનક, મહારજત રમણીય. ૧૪૨૪

સુંદર નામ.

સુભગ સુખમ રુચિરુચિરને, કાન્ત કમન કમનીય ;
રમ્ય સુપેશલ ભવ વિપદ, રાસ રમણ રમણીય. ૧૪૨૫

સૂર્ય નામ.

સૂર દિવાકર વિભાકર, દિનકર ભાસ્કર હંસ ;
મિહિર તિમિરહર સહસ્રકર, ઉષ્ણરશ્મી તિગ્માંસ. ૧૪૨૬
બુધ્ન વિરોચન વિભાવસુ, માર્તન્ડ ત્રયિઅંગ ;
દિનમણિ અંબર મણિ તરણિ, સવિતા પતગ પતંગ. ૧૪૨૭
અંશુમાન બૃહદસ્વ હરિ, જગચક્ષૂ ભગવાન ;
બૃહદ્ભાનુ વિવસ્વાન વળી, ચિત્રભાનુ દ્યુતિવાન. ૧૪૨૮
રવિ મંડલ મંડન નવલ, ખન્ડન તમ સંસાર ;
દલપતિ પ્રભા પ્રભાકરસુ, નિરખિ કરે નમસ્કાર. ૧૪૨૯

સૂંઠ નામ.

વિશ્વા નાગર ગજભિષક, મહાઔષધિ વિચાર ;
સૂંઠ ફજેતામાં ગુણી, ગુણકારી સુખ સાર. ૧૪૩૦

સેના નામ.

પૃતના ધ્વજિની વાહિની, ચમૂ વરૂથિનિ એન ;
સૈન્ય કટક દળ વણ નૃપતી, નૃપતિ વિના નહિં સેન. ૧૪૩૧

સ્નેહ નામ.

દ્રોહદ હારદ સ્નેહ હિત, પ્રણય રાગ અનુરાગ ;
કહાં ગયો તવ પ્રેમ રસ, પ્રીતિ રીતિ રતિ બાગ. ૧૪૩૨

Scanned with CamSca

સંગ્રામ નામ.

આયોધન રણ આજિ મૃધ, આહવ સંખ્ય સમીક ;
સર્વરાજ સંગર સમર, સંયુગ કલહ અનીક. ૧૪૩૩
સુરત યુદ્ધ જવ દંપતી, નામ કહ્યા સંગ્રામ ;
વ્યૂહરમણ દલપતિ કહે, રચે રાજ સુખધામ. ૧૪૩૪

સંધ્યા નામ.

સંધ્યા નિશિમુખ પિતૃપ્રસુ, સાયંકાળ પ્રદોષ ;
ત્રય સંધ્યા ત્રણ વર્ણ કરિ, રહેતા સદા અદોષ. ૧૪૩૫

સૌમ્ય નામ.

સૌમ્ય વામ વર મુગ્ધ વળિ, સુષ્ઠુ અપીચ્ય પ્રશસ્ત ;
સુંદર વળિ બુધવારને, કહેતા સૌમ્ય સમસ્ત. ૧૪૩૬

હરડે નામ,

અભયા પથ્યા અવ્યથા, અમૃતા ચેતકિ ધાર ;
કાયસ્થા વળિ પૂતના, શિવા શ્રેયસી સાર. ૧૪૩૭
હરીતકી હરડે હરડ, હરતિ ઊદરના રોગ ;
મોટિ બાળ હરડે કહે, હીમજ હિમજિ સુયોગ. ૧૪૩૮

હરિદ્રા નામ.

પીતા ગૌરી કાન્ચની, રજની પીડા નામ ;
હળદ હરિદ્રા કહત કવિ, આવે જન સુખ કામ. ૧૪૩૯

હસ્તિ નામ.

હસ્તી દંતી દ્વિરદ દ્વિપ, પદ્મી વારણ વ્યાલ ;
કુંજર ઇભ કૂંભી કરી, સ્તમ્બેરમ શુંડાલ. ૧૪૪૦
સિંધુર વળિ પન્નગ હરી, ગજ સામજ માતંગ ;
ગયંદ ધૂમે નગરમાં, રાજે રાજ સુરંગ. ૧૪૪૧

હીરા નામ.

નિષ્ક પદિક ને વજ્ર વળિ, હીરા દીપ વખાણ ;
શોભિત કંઠો મુદ્રિકા, જડિત સુવર્ણ સુજાણ. ૧૪૪૨

Scanned with CamSca

स्फुटविषय.

સંસ્કૃત પ્રાકૃત અને કાર્ય શબ્દ રત્નાવળી.

અજનામ

દોહરો.

અજવિધિ અજ બકરો કહે, અજ કહિયે પ્રિય ઈશ;
યૌવન ને અજ જન કહે, અજ કહિયે જગદીશ, ૧૪૪૩

અજા તથા નિશા નામ.

માયા અજા બકરિ અજા, સાવિત્રી અજ વામ;
નિશા રાત્રિ વળિ કેફછે, નિશા હરિદ્રા નામ. ૧૪૪૪

અનંત નામ.

ગગન અનંત કહત સુકવિ, વળી અનંત અનેક;
રૂપ અનંત જાણે સકળ, જિવ અનંત શિવ એક. ૧૪૪૫

અલ નામ.

અલ અત્યર્થ સમર્થ અલ, અલસુ પૂર્ણ પ્રિય જાણ;
ભૂષણ અલ આળસજ અલ, તજિ ભજ બ્રહ્મ સુજાણ. ૧૪૪૬

અવિ નામ.

અવિ પર્વત અવિ મેઘ વળિ, અવિ સવિતા સુવખાણ;
અવિરક્ષક જગ સકળનો, સદાશીવ ઉર આણ. ૧૪૪૭

આત્મજ નામ,

આત્મજ રુધિર કહે જનો, આત્મજ કહેતાં કામ;
આત્મજ પુત્ર સુપુત્ર તે, કરે જગતમાં નામ. ૧૪૪૮

આત્મા નામ.

મન બુદ્ધિ ચિત્ત સ્વભાવ તન, ધર્મ જિવ અહંકાર;
એહ સકળ આત્મા સમજ, પર્માત્મા આધાર. ૧૪૪૯

Scanned with CamSca

આવરણ નામ.

ઢક્કિયે ગાત્રત આવરણું, ગગન આવરણું લેખ;
- માયાના આવરણથી, પ્રકાશ જ્ઞાન ન પેખ. ૧૪૫૦.

ઇડા નામ.

વામ ચંદ્ર નાડી ઇડા, ઇડા ભોગ અભિરામ;
ઇડા અગ્નિકા માંતછે, ઇડા વાણિ વિશ્રામ. ૧૪૫૧

ઇલા નામ.

ઇલાગા ઇલા બુધત્રિયા, ઇલા પૃથ્વિ વિખ્યાત;
ઇલા સરસ્વતિથી સકળ, વ્યાસાદિક મુનિ ખ્યાત. ૧૪૫૨

ઉડુ તથા ઉડુપ નામ.

ઉડુ ત્રિલંગ નક્ષત્ર ગણુ, ઉડુ કૈવર્તક જાણુ;
ઉડુપ ચંદ્ર નૌકા ઉડુપ, ઉડુપ ગરૂડ વખાણુ. ૧૪૫૩

કર્ણ નામ.

કર્ણ કહાવે રવિ તનય, કર્ણ કહે કવિ કામ;
કર્ણ જોડથકિ સાંભળે, નિગમાગમ અભિરામ. ૧૪૫૪

કબંધ નામ.

વિના શીર કબન્ધ ધડ, અસ્થિ-કબંધ પ્રિય ધીર;
રાક્ષસ જોક કબંધને, મોક્ષ કર્યો રઘુવીર. ૧૪૫૫

કર નામ.

કર ગજ પુષ્કર હસ્ત કર, કરસુ કિરણુ કર દાન;
કર વિષાદ તજિ ગુણ ગ્રહે, તજે જગમાં સનમાન. ૧૪૫૬

કલભ નામ.

કલભ સાવક કલભ કરી, વળી કલભ ઉત્તાલ;
કલભ કલુષ કલિ કાલથી, તારો દેવ દયાલ. ૧૪૫૭

Scanned with CamSca

કલાપ નામ.

ગુણ કલાપ તૂનીર વળિ, ભૂષણ જાણ કલાપ ;
મયૂર ચંદ્ર કલાપ વદિ, પ્રભુ સ્મર કરનવિલાપ. ૧૪૫૮

કલ્પ નામ.

કલ્પ દિવસ વિધિનો ગણે, કલ્પ સમર્થજ કોઇ ;
કલ્પ કપટ તજિ બ્રહ્મરટ, કલ્પ વૃક્ષ સમ જોઇ. ૧૪૫૯

કલિ નામ.

કલિ ક્લેશ વળિ કલિ સુરમ, કલિ સંગ્રામ નિષંગ ;
કલિ કલિયુગ કથતા સુકવિ, અનેકાર્થ સુપ્રસંગ. ૧૪૬૦

કં નામ.

કં શુભ કંજળ કં અનળ, કંશિર કં વળિ કામ ;
કં કન્ચનથી પ્રીતિ તજ, કર સત્કર્મ તમામ. ૧૪૬૧

કંબલ નામ.

કંબલ ગુગલ તરુ કહે, કંબલ સલિલ પ્રવાહ ;
કંબલ ઓઢે ઊનની, કહાં ગરિબ કે શાહ. ૧૪૬૨

કંબુ નામ તથા ભુવન નામ.

કંબુ શંખ વળિ કંબુ ગજ, કંબુ ઇષ્ટનું નામ ;
ભુવન ગગન વળિ ભુવન ગૃહ, ત્રિભુવન નાયક શામ. ૧૪૬૩

કામ નામ.

કામ ભોગ અભિલાષ વળિ, મન્મથ કહિયે કામ ;
કામ કાર્ય ને તજિ કામના, ભજ પ્રિય આત્મારામ. ૧૪૬૪

કાલ નામ.

કાલ નીલ ને કાલ વપ, ધર્મરાજ વળિ કાલ ;
કાલ કાલિદ્રહમાં ધસી, નાથ્યો શ્રી ગોપાલ. ૧૪૬૫

Scanned with CamSca

કુજ નામ.

મંગળ કુજ વળિ નીર દ્રુમ, કુજ ભૂમાસુર નામ;
કુજ ગજ કુજ યમરાજથી, રક્ષ તું સુંદરશામ. ૧૪૬૬

કુશ નામ.

કુશ સીતાસુત દર્ભ કુશ, કુશ કહિયે વળિ નીર;
કુશ દાનવ દમિ દ્વારિકાં, માર્યો શામશરીર. ૧૪૬૭

કૂટ નામ.

કૂટ બહૂ વળિ કૂટ ગિરિ, નિશ્ચલ કૂટ કહંત;
કૂટ કાપટ્ય અગમ્ય તે, કૂટ અર્થ ન લહંત. ૧૪૬૮

કૌશિક નામ.

કૌશિક ગુગળ ઇન્દ્ર વળિ, કૌશિક ઘૂવડ નામ;
કૌશિક વિશ્વામિત્ર મુનિ, રાજિ કર્યા શ્રીરામ. ૧૪૬૯

ખગ નામ.

ખગ શશિ ખગ રવિ ખગ પવન, ખગ અમ્બુદ ખગ દેવ;
ખગ વિહંગ ખગ સુરતરૂ, ખગ નિવાસિ સુર સેવ. ૧૪૭૦

ખર નામ.

ખર રાક્ષસ ખરશાણિ ખર, ખર તિક્ષણ અભિરામ;
ખર ગર્ધવ વત જગત નર, જો ન રટે પ્રભુનામ. ૧૪૭૧

ખં નામ.

ખં નક્ષત્ર ખં શુન્ય ગ્રહ, ખં રન્ધ્રન મન લેખ;
ખં ઇન્દ્રિય આકાશ ખં, કવિ કોવિદ મત પેખ. ૧૪૭૨

ગુણ નામ.

ગુણ રાજસ ગુણ સત્વ વળિ, તમો જ્યા સુકોદન્ડ;
ગુણ ચરિત્ર ગોહેલ પ્રિય, શકવન્ત ભરતખન્ડ. ૧૪૭૩

Scanned with CamSca

ગો નામ.

ગો ઇન્દ્રિય દૃગ વાક જળ, સ્વર્ગ વજ્ર ખગ ઉંદ ;
ગો પર ગો તનુ ગો કિરણ, ગો પતિ ગૌરી નન્દ. ૧૪૭૪

ગોત્ર નામ.

ગોત્ર નામ શુભ કહત કવિ, ગોત્ર શૈલ સુખરાસ ;
ગોત્ર વંશ પ્રિય ધન્યછે, તખ્તસિંહ સુપ્રકાશ. ૧૪૭૫

ધન નામ.

ધન દ્રઢ ધન વિસ્તાર વળિ, ધન ધણ ધટત ધુહાર ;
ધન અખ્ખુટ ધન ઝાલરી, સચ્ચિદધન સુવિચાર. ૧૪૭૬
ધન ધનમૂળ ગણીતમાં, વેદ વિકૃતિ ધન સાર ;
અષ્ટ વિકૃતિમાં ધન ચતુર, દલપતિ જય યશ દાર. ૧૪૭૭

જલજ નામ.

જલજ મીન મોતી જલજ, જલજ શંખ શશિ જાણ ;
જલજ કમળ લક્ષ્મી સહિત, ચૌદ રત્ન ઉર આણ્યુ. ૧૪૭૮

જાલ નામ.

જેપ જોખ ક્લિશ્યન્ધનજ, જાલ દંભ વળિ ગંદ ;
જાલ અવિદ્યા જગતમાં, જ્ઞાનિ વિડારત ફંદ. ૧૪૭૯
મોહજાલ મન વશ કરે, ત્રિગર પ્રસારે જાલ ;
ઇન્દ્રજાલ કૌતક કથે, તખ્તસિંહ મહિપાલ. ૧૪૮૦

જિહ્વ નામ.

જિહ્વ આરકસ કારિ નર, જિહ્વ કપટ વળિ મૂઢ ;
જિહ્વ સુઆતમા જાણિયે, ઘટ ઘટ પ્રકટજ ગૂઢ. ૧૪૮૧

જીવ નામ.

જીવ બૃહસ્પતિ સુરગુરૂ, જીવ કહાવે ચંદ્ર ;
જીવ આતમા મિત્ર જિવ, જિવનો જિવન મહેન્દ્ર. ૧૪૮૨

Scanned with CamScanner

જ્યોતિ નામ.

નક્ષત્ર જ્યોતિ જ્યોતિ દ્યુતિ, કિર્ણ અગ્નિ પણ જ્યોત ;
જ્યોતિલિંગ દ્વાદશ કહે, જે થકિ જગ ઉદ્યોત. ૧૪૮૩

તનુ નામ.

તનુ શરીર વિસ્તાર તનુ, તનુ સુક્ષમ તનુ તાત ;
તનુ વિરલા કો જગતમાં, મુમુક્ષુ પ્રિય પ્રખ્યાત. ૧૪૮૪

તમ નામ.

તમ તામસને રાહુ તમ, તમ તિમીર તમક્રોધ ;
તમ અજ્ઞાન તજ કર્મ કરિ, ધર મન સત્ય પ્રબોધ. ૧૪૮૫

તર્ક નામ.

તર્ક નામ કોવિદ કથે, તર્ક વિચાર સુનામ ;
તર્ક ભીલભામિનિ થકી, રાચ્યા સુંદર શામ. ૧૪૮૬

તાલ નામ.

તાલ તાલિ હરતાલ વળી, ભુજ આસ્ફોટણ તાલ;
તાલ તાડ ફળ ખાઇ હરિ, હર્યો સખાનો કાલ. ૧૪૮૭
રૂદ્ર બ્રહ્મ પ્રતિમન્ઠ ધૃવ, લક્ષ્મી રૂપક ત્રિતાલ ;
એક તાલ સુનિસાર રસ, અડુ સુલફાગ ધમાલ. ૧૪૮૮

તુરંગ તથા કુરંગ નામ.

ગરૂડ વિચાર તુરંગ મન, મોજાં અશ્વ તુરંગ ;
કુરંગ મૃગ કસ્તૂરિ સુર, ચઢત પૂજન પ્રસંગ. ૧૪૮૯

દર નામ.

દર સુ કહે કવિ શંખને, ઈષદ દર શુભ નામ ;
દર ડરથી રાખ્યો અભય, ગુરૂ મહાદેવ પ્રણામ. ૧૪૯૦

દલ નામ.

દલ કહિયે નૃપ સૈન્યને, દલ સુપત્ર પ્રિય નામ ;

Scanned with CamSca

· દલ ભમૂર પિછ ચંદ્ર શિર, ધરે મુકુટ ધનશામ. ૧૪૯૧

દાન નામ.

દાન વિપ્રને આપતા, ગજમદ કહિયે દાન ;
દાન સુરતિ ઋતુદાન લે, સંતતિ પ્રકટ પ્રધાન. ૧૪૯૨

દ્વિજ નામ.

દ્વિજ પક્ષીને કહત કવિ, દ્વિજ કહિયે વળિ દંત ;
બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય દ્વિજ, જે જાણે ભગવંત. ૧૪૯૩

ધનન્જય નામ.

અગ્નિ ધનન્જય વદત કવિ, વાયુ ધનન્જય લેખ;
પાર્થ ધનન્જય પાન્ડુસુત, ગાંડિવધર પ્રિય પેખ. ૧૪૯૪

ધામ નામ.

ધામ તેજ વળિ ધામ તન, ધામ કિરણ ગૃહ ધામ ;
ધામ જ્યોતિ જગ બ્રહ્મ તે, સત્ત સત્ત ત્રિભાગ. ૧૪૯૫

ધાત્રી નામ

ધાત્રી ધામ સુ આમળી, ધાત્રી સખી વખાણ ;
ધાત્રી ધરણી ક્ષોણિશિર, પરન્તુ તલ સુપ્રમાણ. ૧૪૯૬

ધ્રુવ નામ.

ધ્રુવ નિશ્ચય સંયોગ ધ્રુવ, ધ્રુવ ધ્રુવપદ ધ્રુવતાલ ;
ધ્રુવ તારો જો છે અચળ, ગુણ ગાતાં ગોપાલ. ૧૪૯૭

નગ નામ.

નગ કહિયે કુંભ નગર નગ, નગ કહિયે વળિ ધાગ ;
નગ ગિરિથી ગિરિજા પ્રકટ, શિવ મન્દિર અભિરામ. ૧૪૯૮

નભ નામ.

નભ આવણ વર્ષા સુનભ, નભસ્ય ભાદ્રપદ માસ ;
નભ સુનિકટ આકાશ નભ, ઘટ ઘટ રમા નિવાસ. ૧૪૯૯

Scanned with CamScanner

પટુ નામ.

પટુ આરોગ્ય કહત ગુણી, પટુ તિક્ષણ ગુણવન્ત ;
પટુ પ્રવીણ કો જગતમાં, જપે જાપ મુનિ સન્ત. ૧૫૦૦

પત્ર નામ.

પત્ર પર્ણ વળિ પત્ર રથ, વાહન પત્ર સુચિત્ત ;
પત્ર પાંખ પંખી તણી, પત્ર પતાકા. ચિત. ૧૫૦૧

પત્રિ નામ.

પત્રી તરૂ પત્રી કમળ, વળિ કહું પત્રિ વિહંગ ;
પત્રિ શરારા ચિત્ત સહ, પત્રિ નામ શ્રીરંગ. ૧૫૦૨

પતંગ નામ.

તરણિ પતંગ પતંગ ખગ, પાવક સૂર્ય પતંગ ;
સૌભાગરંગ પતંગસો, હરી એક નવરંગ. ૧૫૦૩

પદ્મ નામ.

પદ્મ આમિષને કહત કવિ, ૬૪ શ્વાસ પદ્મ થાય ;
પદ્મ સુપદ્મક પતિસું પડિ, પદ્મિ સુમુગ વહિ જાય. ૧૫૦૪

પયોધર તથા ભુધર નામ.

મેધ અદ્રિ કુચ શૈલ દ્રુમ, પાંચ પયોધર વાહ ;
ભૂધર ગિરિ ભૂધર નૃપતિ, ભૂધર આદિ વરાહ. ૧૫૦૫

પુષ્કર નામ.

પુષ્કર જળ પુષ્કર ગગન, પુષ્કર ગયંદ સાર ;
પુષ્કર તીરથ પાપહર, પુષ્કર કમળ વિચાર. ૧૫૦૬

પોત નામ.

પોત કહાવે નિપટ શિશુ, પોત સુપુત્ર અનૂપ ;
પોત તરન્ડક ભવ ઉદધિ, પરબ્રહ્મ સુખ રૂપ. ૧૫૦૭

Scanned with CamScanner

પંથી નામ.

પંથી શશિ પંથી મદન, પંથી ગ્રાહ પ્રચન્ડ ;
પંથિ ઘણા મતભેદને, કરિ શંકરે વિખન્ડ. ૧૫૦૮

બલ નામ.

બલ સુવિર્ય ધીરજ અને, બલભા પતિનુ નામ ;
બલ સાહસ બલ દૈત્ય વળિ, બલ કહિયે બલરામ. ૧૫૦૯

બર્હી નામ.

બર્હિ અગ્નિ કુમ દર્ભ વળિ, બર્હી કુરકુટ નામ ;
બર્હિ મયુર પિછ ચંદ્રનો, ધરે મુકુટ અભિરામ. ૧૫૧૦

બ્રહ્મ નામ.

બ્રહ્મ બ્રહ્મ વળિ જ્ઞાન વિધિ, બ્રહ્મ દેવ વળિ જીવ ;
બ્રહ્મ બ્રહ્માને વિષ્ણુ વળિ, બ્રહ્મ નામ પ્રિય શીવ. ૧૫૧૧

બલિ નામ.

બલિ દોરી બલિ ગૂજરી, બલી ભાગ્ય બલિ ભક્તિ ;
બળિ રાજા કહિયે બલી, ઈશ્વર મૂં આશક્તિ. ૧૫૧૨

બાણ નામ.

બાણ કહાવે બળિ તનય, વિશિખ કહાવે બાણ ;
બાણ કહે કવિ સ્વર્ગને, વળિ પ્રભુ પદ નિર્વાણ. ૧૫૧૩

બાલ નામ.

બાલ શિરોરુહ બાલ શિશુ, મુઢમતિ કહાવે બાલ ;
આજ જગતમાં ભગત જન, ભજે બાલગોપાલ. ૧૫૧૪

બુધ નામ.

બુધ પંડિતને કથત કવિ, બુધ શશિસુત સનમાન ;
બુધ પ્રભુનો અવતારછે, બુધ નાસ્તિક અનુમાન. ૧૫૧૫

Scanned with CamSca

ભવ નામ.

ભવશંકર સંસાર ભવ, ભવ-કટિયે કલ્યાણ;
ભવ સુજન્મ જગ તવ સફળ, જય પરમેશ્વર વખાણ. ૧૫૧૫

મધુ નામ.

મધુ વસંત મધુ ચૈત્ર નભ, મધુ-નંદિરા મકરન્દ;
મધુ પય મધું ઘૃત ગંધુ સુધા, મધુસૂદન ગોવિન્દ. ૧૫૧૭

માયા નામ.

માયા ધન માયા દયા, માયા સ્નેહ કહંત;
માયા વિજયા શક્તિથી, જો મોહ્યાં જગ જંત. ૧૫૧૮

માર નામ.

માર મૃતક વિષ માર વળિ, માર કહાવે કામ;
માર અમૃતથી પણ અમૃત, વિશ્વમ્ભર અભિરામ. ૧૫૧૯

મિત્ર નામ.

મિત્ર ભાનુ પ્રિય નામછે, મિત્ર અગ્નિનું નામ;
મિત્ર અમિત્રજ જગતમાં, સત્ય મિત્ર શ્રીરામ. ૧૫૨૦

મંદ નામ.

મન્દ શનિશ્ચર મંદ ખળ. મંદ અલ્પ અધમંદ;
મન્દ મૂઢ નર જગતમાં, ફસતા માયા ફંદ. ૧૫૨૧

રજ નામ.

રજ રાજસ ગારહંત રજ, રજ રજસ્વળા સાર;
રજ પ્રભુ પદ રજ પેખતી, વંદતિ વ્રજ વ્રજનાર. ૧૫૨૨

રસ નામ.

રસ નવ રસ રસ અમૃત ઘૃત, રસ વળિ વિષ રસ નીર;
વીરરસ પ્રેમ પિયૂષ રસ, મધુ મધ રસ ગામ્ભીર. ૧૫૨૩

રસના નામ.

રસના ક્રાન્ચીને કહે, રસના મણિ કુઘાત ;
રસના જિવ્હા જપત જપ, રસના લક્ષ્મી જ્યોત. ૧૫૨૪

રંભા નામ.

રંભા કહિયે અપ્સરા, રંભા કદળી વામ ;
રંભા ગોકુળ ગામ ધન, ભોલા શ્રીધનશ્યામ. ૧૫૨૫

લોક નામ.

લોક વ્યાકરણ લોક જન, ચૌદ લોક શિવ મૂળ ;
સ્વર્ગ મૃત્યુ પાતાળ એ, લોક ગણે અનુકૂળ. ૧૫૨૬

વર્ણ નામ.

વર્ણ સ્તુતી વર્ણાક્ષરમુ, વર્ણ દ્વિજાદિક ચાર ;
વર્ણ અરુણ સિત પીત પ્રિય, અવર્ણ જો ત્રિપુરાર. ૧૫૨૭

વન નામ.

વન પાણીને કહત કવિ, વન વાદીની જાળ ;
વન કાનન ગોચારતા, સુંદરશામ દયાળ. ૧૫૨૮

વય નામ.

વય વિહંગ ક્રોવિદ કયે, વય કહિયે વળિ કાળ ;
વય સુ વહ્યો કમ જાયછે, ભજ મન કૃષ્ણ કૃપાળ. ૧૫૨૯

વર નામ.

વર સુંદર વર શ્રેષ્ટ વળિ, વરસુ દેવતા દેય ;
વર વરઘોડે રાજતો, ગુરુ પ્રિય આશિષ લેય. ૧૫૩૦

વરૂણ નામ.

વરૂણ કહેછે નીરને, વરુણ સારનું નામ ;
વરુણ દેવ [illegible] આમકર અભિરામ. ૧૫૩૧

Scanned with CamScanner

વસુ નામ.

અષ્ટ અમર વસુ વન્હિ વસુ, કિરણ અને વસુ નીર ;
વસુ ધન જગ સુધનેશ ગૃહ, ધનપતિ શિવ પ્રિય ધીર. ૧૫૩૨

વૃક નામ.

વૃક પાવક કવિ જન કહે, વૃક વિરહાનું નામ ;
વૃક દાનવ વર દેય શિવ, વૃક વરુ વનમાં ધામ. ૧૫૩૩

વૃષ નામ.

વૃષ સુરપતિ વૃષ કર્મ વળિ, વૃષ સુરૂપમ વૃષ કામ ;-
વૃષ સુધર્મ ધરિ કર્મ પ્રિય, કરો મોક્ષ સુખ ધામ. ૧૫૩૪

વામ નામ.

વામ કુટિલ વળિ વામ શિવ, વામ કામ કર વામ ;
વામ મનોહર વામસ્ત્રી, વામ માર્ગ પ્રિય નામ. ૧૫૩૫

વારણ નામ.

વારણ કહત અજામને, વારણ પતિ સુપ્રવાહ ;
વારણ ગજ હરિથી બચ્યો, જળે ગ્રસ્યો જય આહ. ૧૫૩૬

વ્યાલ નામ.

વ્યાલક્રૂર નર વ્યાલગજ, વ્યાલસિંહ ભુજ વ્યાલ ;
વ્યાલ સર્પ શિર નૃસપ્રિય, કર્યું .કનૈયાલાલ. ૧૫૩૭

વિટપ નામ.

વિટપ ડાળિ પલ્લવ વિટપ, વિટપ કહે વિસ્તાર ;
વિટપ વૃક્ષની ડાળ ગૃહિ, ઊભા દેવ મુરાર. ૧૫૩૮

વિધિ નામ.

વિદ્યા વિધિ વળિ વેદવિધિ, વિધિ તે કહત વિધાન ;
વિધિ બ્રહ્મા ને દૈવ વિધિ, કવિતા વિધિ સુપ્રધાન. ૧૫૩૯

Scanned with CamSca

વિરોચન.

વન્હિ વિરોચન સૂર્ય વળિ, ચંદ્ર વિરોચન ચાર.
દૈત્ય વિરોચન સુત બળી, વામન દાન વિચાર. ૧૫૪૦

શિવ નામ.

શિવ સુખ શિવ કલ્યાણ વળિ, અષ્ટ પુરા શિવ હોય ;
શિવ શંકર શિવ મોક્ષ વળિ, સદાશીવ જગ જોય. ૧૫૪૧

શિવા નામ.

શિવા શિવપ્રિયા સતિ ઉમા, શિવા સારિકા વામ ;
શિવા શૃંગાલી હરિતકી, શિવા શુભ અભિરામ. ૧૫૪૨

શુક્ર નામ.

શુક્ર વીર્ય ધળિ અગ્નિ છે, શુક્ર જોષ શુભ માસ ;
શુક્ર દૈત્ય ગુરુને કહું, એકાદશી વાર ખાસ. ૧૫૪૩

શંબર નામ.

શંબર જળ શંબર અસુર, શંબર શૈલ અનૂપ ;
શંબર માર્યો યુદ્ધ કરિ, રતિ પતિ મદન સ્વરૂપ. ૧૫૪૪

સાર નામ.

સાર વીર્ય ધીરજ યશ, સાર ધર્મ ઘૃત સાર ;
સાર અર્થ સર્વેશ્વર, તુતારતો ભવ પાર. ૧૫૪૫

સારંગ નામ.

રવિ હય શશિ ગજ ગગન ગિરિ, કેસરિ કૂજ કુરંગ ;
ચાતક દાદુર દીપ અલિ, કૃષ્ણ ધનુષ સારંગ. ૧૫૪૬
રાગ નામ સારંગ તે, મધ્યાનેજ ગવાય ;
વાદ્ય સેજ સારંગ છે, રતિ પતિ જન્મ સરસાય. ૧૫૪૭

સુમન નામ.

સુમન દેવ ગોધુમ કુસુમ, સુગન જાઇ સુવસંત ;

Scanned with CamScanner

સુમનુ સંત ચિતમાં વસે, પાર્વતિ પ્રિય ભગવંત. ૧૫૪૮

સુમના નામ.

સુંમના કહિયે માલતી, સુમના નારિ સુહાય;
સુમના રતિ પ્રીતી નિરખિ, જગ જન બહુ લલચાય. ૧૫૪૯

સુરભી નામ.

ચંદન સુરભિ સુગંધ મૃગ, સુરભી વળી વસંત;
સુરભી ગાય વખાણતા, દુધ દધિ ઘૃત ગુણવંત. ૧૫૫૦

સ્નેહ નામ.

તેલ સ્નેહ ઘૃત સ્નેહ વળિ, સ્નેહ પ્રીતિ રસ ખાણ;
સાચો સ્નેહ જગત વિષે, પ્રભુપદ લે નિર્વાણ. ૧૫૫૧

સ્યંદન નામ.

સ્યંદન જય જન જગ કહત, સ્યંદન ચિત્ત તરંગ;
સ્યંદન રથમાં રુક્મિણી, હરિ લાવ્યા શ્રીરંગ. ૧૫૫૨

હરિ નામ.

પંથ પાણિ પાવક પવન, ગિરિ ગજ નાગ નરેન્દ્ર;
કપિ કેસરિ કેકાણ વળિ, અલિ અરવિંદ સુરેન્દ્ર. ૧૫૫૩
કન્ચન કામ કુરંગ વન, ઘનમંડલ શશિ સાર;
હરિ ઇશ્વર ભગવન્ત ભવ, તારક પ્રિય સંસાર. ૧૫૫૪

હસ્ત નામ.

હસ્ત કહે ગજ શુંડને, નક્ષત્ર હસ્ત પેખ;
હસ્ત હાથથી આપવું, દાન ઉચ્ચિત કવિ લેખ. ૧૫૫૫

હંસ નામ.

હંસ તુરંગમ હંસ રવિ, હંસ મરાળ સુ છંદ;
હંસ જીવ કોવિદ કથે, પરમહંસ ગોવિંદ. ૧૫૫૬

ક્ષય નામ.

ક્ષય નિવાસ કવિ જન કહે, ક્ષય કહિયે ક્ષૈરોગ ;
ક્ષય પ્રલય ભય ભવ વિષે, નિત્ય શિવ પ્રિય સંયોગ. ૧૫૫૭
જોતાં અર્થ અનેક છે, વિચારશો નર કોય ;
દલપતિ અર્થ પ્રકાશતા, પણ પરમારથ જોય. ૧૫૫૮

ધર્મ સાસ્ત્રમાંથી.

ગૃહસ્થ ધર્મ.

દોહરા.

વૃદ્ધ યુવાકે બાળ જને, આવે આપણુ ધામ ;
ગૃહસ્થ ધર્મ વિચારિને, યથા શક્તિ વિશ્રામ. ૧૫૫૯
શશિ સ્નાન્છન ભૃગુ સ્નાત હરિ, વડવાગ્નિ ને સમુદ્ર ;
વડા રાખિ ત્યાગે નહીં, શેષ ભૂમિ વિપ્ર રુદ્ર. ૧૫૬૦
દેવ મૂર્તિ ગુરુ વૈદ્ય નૃપ, વિપ્ર સંત મુખ મૂળ ;
મળતાં અર્પો મન સહિત, વસ્તુ કંઈ ફળ ફૂલ. ૧૫૬૧
પટ્ શ્રી ગુરુ વળિ દેવને, નૃપતિ પાંચ રિપુ ચાર ;
ત્રણ સુમિત્ર દે બારુન, એક શિષ્ય સુત સાર ૧૫૬૨
પઠ લખન વિક્રયન રાયન, ભોજન નિન્દિત કર્મ ;
ત્રય સંધ્યાદિક કર્મ વણુ, કરતાં હોય અધર્મ. ૧૫૬૩
તરુ નદિ કુપ તટ પંથમાં, વળિ જળ ભસ્મ રમશાન ;
ગોષ્ટ દહન દેવાલયે, સૌચ કર ન શુચિસ્થાન. ૧૫૬૪
દાતણ દક્ષિણ પશ્ચિમે, કરિ મુખ ધોય સદાય ;
તેના પિતર ન આવતા, સ્નાનસુ નિષ્ફળ જાય. ૧૫૬૫
સરિતાશ્રવસન મુખ કરે, કૂપ પૂર્વે મુખ લેખ ;
તળાવમાં રવિ સન્મુખે, ઉત્તર ઘરમાં પેખ. ૧૫૬૬
પ્રથમ સ્નાન સુ બ્રાહ્મણે, ક્ષત્રિય સ્નાન તળાય ;

Scanned with CamScanner

નાગ કન્યા પર ગૌતમને, શુદ્ધ ઘરે ચિત લાવ. ૧૫૬૭
નિજ પૂર્વ ભવોની કથા કળી, બદ્યાર ઉપજ્યુ વળ તેય ;
તેણે પુણ્ય ના રત્નાન તું, બનજે ચિરલા કોય. ૧૫૬૮
વળ શાકળી નાદિં રત્નાનની, તવ કર બાદ્ય નિદાન ;
બીજવિ વસ્ત્ર શુદ્ધો શારિર, ઓલ કાપિલી રત્નાન. ૧૫૬૯
કર્ણ નયન શિર રોગમાં, વળિ કક્ષ ભય તેલ ;
ત્યાગ કરીને કફ હરે, શિરસ્નાન સમ તેલ. ૧૫૭૦
ચતુરાંગુળથી અધિક મૂલ, પથ્થર મૂર્તિ ન પૂજ ;
દ્વાદશ આંગુળથી અધિક, ધાતૂ તણી આપૂજ. ૧૫૭૧
જેવર્ણે પૂજો શિલા, પ્રતિમાં શુદ્ધ પ્રમાણ ;
ગણદેવ ગુરુ વચન એ. દક્ષપતિરામ વખાણ. ૧૫૭૨
ભોજન પૂર્વ હોમ વળિ, દાન પતી ગૃહ કર્મ ;
દેવાનુ મધ્ય રાત્રિકર, કર આચમ્ય સ્વયંમે. ૧૫૭૩
ચેષ્ટા કર્યા લક્ષી નહીં, વળિ ઓલે જળપાન ;
અન્ન પુરિ નવ ખાદ્યે, ભોગમાં ગુણવાન. ૧૫૭૪
વદતાં શબ્દ ન પીજિયે, પય પાયસ થી વારિ ;
તેમ ન કર આચમ્ય વળિ, સુરાપાન સુવિચારિ. ૧૫૭૫
ભોજન સમયે વામ દિશિ. વળ ઘૃત ધરો ન કોય ;
વળી ગદિરા સમ બનજિયે, ઘૃત શોણિત વત હોય. ૧૫૭૬
વામપાદપર હાથ ધરિ, દક્ષિણ મુખ કરિ ખાય ;
વસન લપેટે શીપપર, તે રાક્ષસ બનિ જાય. ૧૫૭૭
વિના ઉદક અગ્નીવટે, આમ પંક્ત વત્વ હોય ;
લેનું ફળ લેગે સ દૃશ. દોષ લેશ નહિં જોય. ૧૫૭૮
પ્રાગ શીર કર શયન કરી, દક્ષિણ આયુર વૃદ્ધિ ;
પશ્ચિમ અધિક પશ્ચિમ દિશા, વર્જિત ધનદ પ્રસિદ્ધિ. ૧૫૭૯
પશ્ચિમ શિર સુપ્રવાસમાં, શ્વસુર ગૃહે દક્ષીણ;
શિરા કરે અતિ ચિંત કરી, કુશળ ક્ષેમ સુપ્રવીણ. ૧૫૮૦
પર્વક આદ્યની લેશ છટ, ક્ષીર ચતુર્દશિ ધાર ;
આમારા જોણ વત્ન ન કર, આયુ ક્ષીણ કરનાર. ૧૫૮૧
કે બાળાના કે બગિનિ કે, ભાઇ બગિનિ તું પ્રમાણ ;

એ રિત મન્ડપ એકમાં, લગ્ન થાય ન સુજાણ. ૧૫૮૨
વાંઝ વૃદ્ધ યા રોગિણી, નવી જણી જે ધેન ;
તેહનું છાણ સુકામમાં, લેજ નહીં મતિ એન. ૧૫૮૩
પિતા પુત્ર ભાઇ જુગમ, બ્રાહ્મણ ત્રણ નવ નારિ ;
મિશ્રિત થૈ પરદેશ પ્રિય જાય ન ચિત્ત વિચારિ. ૧૫૮૪
ખન્ડિત ભાજનમાં જમે, પગપર પગ ધરિ જેહ ;
વળિ ગૃહ વાળવું સાંજરે, અશુભ કર્મ ગણ એહ. ૧૫૮૫
નર નારી બન્યો અશુચિ, શયન માંહિ જવ હોય ;
ઉઠે પુરુષ અપવિત્રછે, નારી અશુચિ ન કોય. ૧૫૮૬
પ્રથમ દિવસ ચાન્ડાલણી, બીજે ગણ બ્રહ્મઘાતિ ;
ત્રીજે દિન ધોબણ ગણે, ચોથે પવિત્ર થાતિ. ૧૫૮૭
જો રજસ્વળા હોય ત્રિય, અષ્ટાદશ દિન લેખ ;
અશુચી નહિં તે જાણિયે, ધર્મશાસ્ત્ર પ્રિય પેખ. ૧૫૮૮
બાળ જનક પતિ તરુણમાં, વૃદ્ધા પુત્ર સુરોષ ;
ત્રયરિત રક્ષા જો કરે, તો સ્ત્રી રહે અદોષ. ૧૫૮૯
ક્ષુધા દ્વિગુણ ધીરજ ૭ ગુણ, બુદ્ધિ હોય ગુણચાર ;
કામ અષ્ટગુણ દશગણી. લાજ જાણ સૌ નાર. ૧૫૯૦
ઉત્તમ મધ્યમ અધમ સ્ત્રી, યુવા વૃદ્ધ વા બાળ;
ક્ષણ વિશ્વાસ ન કીજિયે, ભાખે વચન રસાળ. ૧૫૯૧
કારીગરનો હાથ શુચિ, ઔષધ શુચી પ્રમાણ ;
બાળક મુખ ચુંબન શુચી, સ્ત્રી મુખ મૈથુન જાણ. ૧૫૯૨
ઉપનયન જહાં લગિ નહીં, અષ્ટ વર્ષનો બાળ ;
ત્યાં લગિ ભક્ષ્યા ભક્ષ્યનો, નહીં દોષ જંજાળ. ૧૫૯૩
નૌકા રથ પર્યંક તરૂ, તૃણ ચમુ જન સંઘાત ;
ભીત કાષ્ટમાં સ્પર્શનો, દોષ ગણો નવ ભ્રાત. ૧૫૯૪
તામ્ર પાત્રમાં રાખિયે, દધિ ઘૃત મધ કે ક્ષીર ;
ભાજન સહીત વસ્તુ તે, નષ્ટ જાણ પ્રિય ધીર. ૧૫૯૫
કાંસું રાખથી શુદ્ધ છે, તામ્ર આમ્લથી શુદ્ધ ;
રજસ્વળાથી નારિ શુચિ, નદી વેગથિ વિશુદ્ધ. ૧૫૯૬
ગૌ મહિષી ઘેટી દ્વિજા, જણી હોય તવ દુધ ;

Scanned with CamSca

વીતે દશ નિશિ ખાય તવ, કવિ કોવિદ ગણિ શુદ્ધ ૧૫૯૭
પય પાયસ ધૃત તક્ર મધ, સેરડિ રસ સુખકાર ;
શુદ્ર ભાજને હોય તો, દોષ નહીં નિર્ધાર ૧૫૯૮
દ્વિજપદ શુચિ શુભ જાણવા. શુચિ.અજાશ્વ મુખ જાણ ;
ગોમુખ પીઠ પવિત્ર છે, સ્ત્રી સર્વાંગ પ્રમાણ. ૧૫૯૯
ચંદ્રગ્રહણ શત રવિ સહસ્ર, તુલા મેષમાં લક્ષ ;
અનંત ગણું વ્યતિપાતમાં. પુણ્યદાન પ્રત્યક્ષ ૧૬૦૦
શશિ પ્રહર ત્રણ ચતુર રવિ, ગ્રહણ પૂર્વ નહિં ખાય ;
છુટે ગ્રહણ તવ સ્નાન કરિ, આર્ય પ્રજા ચિત ચ્હાય. ૧૬૦૧
જોડા ભૂષણ વસ્ત્ર વળિ, પાન પાત્ર ઉપવીત ;
વૃદ્ધનિ આજ્ઞા લે ધરે એ શિષ્ટાઇનિ રીત. ૧૬૦૨
અમાવાસ્ય પુનેમવા, સંક્રાતી રવિવાર ;
દ્વાદશિ તુળસિ ન તોડવી, મહાદોષ ચિત ધાર. ૧૬૦૩
નાગવલ્લિ દળ મુળમાં. વ્યાધિ અગ્રમાં પાપ ;
ફાટયું પાન તવ આયુ હર, નસ તૃટિ તવ સંતાપ. ૧૬૦૪
સૂના કંકર પાન નસ, કાથ ગોટિ કરિ સાફ ;
છાલ ક્રમુકની દૂર કરિ, પછિખા.નહિં તો માફ. ૧૬૦૫
કહું આચ્છમન તુલ્ય જો, રવિ દર્શણ પ્રિય માન ;
વળિ ગોપીઠે હાથ શુચિ, ધર નિજ જમણો કાન. ૧૬૦૬
શિષ્ય હણેજ ચતુર્દશી, અષ્ટમિયે ગુરૂઘાત ;
અમાવાસ્ય ને પૂર્ણિમા, વર્જતિથી પ્રખ્યાત. ૧૬૦૭
પ્રતિપદ પાઠ તજે પ્રવિણ, ઉભય પક્ષ સુવિચાર ;
નવિન પાઠ લેવો નહીં, બ્રહ્મચારિ ચિતધાર. ૧૬૦૮
દ્વિજહિત ગોહિત વૃતિહિત, પ્રાણ વિપત્તિ સુપેખ ;
સ્ત્રીસું વળિ ઉપહાસમાં, અનૃત અનૃત નવ લેખ. ૧૬૦૯

જુદી જુદી જાતના શિવલિંગ પુજવાથી જુદી જુદી જાતનું ફળ.

દોહરા:

હીરાના શિવલિંગથી, આયુષ્ય વૃદ્ધિ સાર :
મોતીના શિવલિંગથી, રોગ શાંતિ સુવિચાર:- ૧૬૧૦
વૈદૂર્ય વા પ્રવાલના, લિંગથિ શત્રુ નાશ ;
માણિક્યના સુલિંગથી, લક્ષ્મી પ્રાપ્ત પ્રકાશ. ૧૬૧૧
પુખરાજનાથિ સુખ મળે. નીલમણિથિ યશ નેક ;
મરકતમણિના લિંગથી, પુષ્ટિ શરીર વિશેક. ૧૬૧૨
સ્ફટિકમણિસુ રચેલથી, સર્વ કામના સિદ્ધ ;
રૂપ્ય લિંગથી રાજ સુખ, પિતૃ મોક્ષ સુપ્રસિદ્ધ. ૧૬૧૩
સુવર્ણના હાટક તણા, લિંગથિ લક્ષ્મી સ્થીર ;
સત્યલોકની પ્રાપ્તિ વળિ, મુક્ત પ્રત્યક્ષણ ધીર. ૧૬૧૪
ત્રાંબાના શિવલિંગથી, આયુષ્ય પુષ્ટિ વખાણ ;
પિત્તળના શિવલિંગથી, પ્રિય સંતોષ સુજાણ. ૧૬૧૫
કાંસાના શિવલિંગથી, કીર્તિમાન સન્માન ;
લોહતણા શિવલિંગથી, શત્રુ નાશ ધીમાન. ૧૬૧૬
સીસાના શિવલિંગથી, આયુષ્ય વૃદ્ધી ધાર ;
ચંદનના શિવલિંગથી, સ્ત્રી સૌભાગ્ય વિચાર. ૧૬૧૭
દંતિદંત શિવલિંગથી, સેનાધીપતિ ખાસ ;
ચોખાદિકના લોટના, લિંગથિ રોગ વિનાશ. ૧૬૧૮
વળી પુષ્ટિ સુખ આપતા, ધાન્ય લોટ સુપ્રકાર ;
અડદ લોટ શિવલિંગથી, પ્રાપ્ત થાય સ્ત્રિ વિચાર. ૧૬૧૯
છાણ લિંગથી રોગટળિ, નિરોગિ દેહ નિહાળ ;
ગોળતણા શિવલિંગથી, ધાન્યાદીક રસાળ. ૧૬૨૦
વાંસ તણા અંકૂરથી, વંશ વૃદ્ધિ સુખ સાર ;
ચતુર્વિંશત પ્રકાર એ, કલા પરમ પ્રિયકાર. ૧૬૨૧
લિંગાર્ચ ચંદ્રિકા કૌસ્તુભે, એ થકિ અધિક પ્રકાર ;
ન્યારં ન્યારં ફળ આપતા, દલપતિ જય યશકાર. ૧૬૨૨

Scanned with CamScanner

માટીના એકથી અધિક અગિયાર ચિંતામણી સુધી પુજવાથી ન્યારૂં ન્યારૂં ફળ.

માટીના ચિંતામણી, કરે પુરૂષ સ્ત્રી કોય;
એકાદશ વિધિ પૂજને, ન્યારું ન્યારું ફળ જોય; ૧૬૨૩
પ્રતિદિન એક સુલિંગ કરિ, વિધિ ષોડશોપચાર.
રીંગણિ પુષ્પક નિવેદ ઘૃત, દિવસ એકશત સાર. ૧૬૨૪
ઋણ મુક્ત થૈ જગતમાં, પામે પરમ વિલાસ;
પ્રતિદિન કર ચિંતામણી, થકિ પ્રિય ફળ તું તપાસ. ૧૬૨૫
પુષ્પ મલ્લિકા મુક્ત વિધિ, નિવેદ ગોળ પ્રમાણ;
કન્યા પ્રાપ્ત ચખાણુના, કવિ કોવિદ નિર્માણ. ૧૬૨૬
પ્રતિદિન કરિ શિવલિંગ ત્રય, કરેરૂ પુષ્પ ચખાણ;
શર્કરા તણું નિવેદ ધર, શત દિન પૂજા જાણ. ૧૬૨૭
દ્રવ્યાદિક સમૃદ્ધિ પ્રિય, એ વિધિથી અભિરામ;
શ્રદ્ધા રાખિ કરે પુજા, વધે ધાન્ય ધન ધામ. ૧૬૨૮
પ્રતિ દિન લિંગ ચતુર કરી, કુબક પુષ્પ પ્રિય કાર;
કદળીફળસુ નિવેદ ધર, દિવસ શત ત્રય-સાર. ૧૬૨૯
પુત્ર પ્રાપ્તિ એ વિધિ થકી, દલપતિરામ હરાવ;
પંચ લિંગ પ્રતિ દિન કરી, ચંપક પુષ્પ ચઢાવ. ૧૬૩૦
નિવેદ ક્ષીર તણું કહ્યું, દિવસ પંચ શત નેક;
વિવાદ ગળતો એ થકી, ઘરે સુજન કોટેક. ૧૬૩૧
પ્રતિદિન પદ્મ શિવલિંગકર, બકુલ પુષ્પ સંયુક્ત;
નિવેદ મધ શત ત્રય દિવસ, પુત્રતાં ક્લેશાયિ મુક્ત. ૧૬૩૨
પ્રતિદિન સામ શિવલિંગકર, કમળ પુષ્પ ઉપચાર;
દધિં ભાતનું નૈવેદ્ય શુભ, દિવસ પંચ શત સાર. ૧૬૩૩
તીર્થ સુયાત્રા એ થકી, દલપતિ રામ વિચાર;
પાગે મૃત્યુ સુતીર્થમાં, શિવ સમીપ સુખકાર. ૧૬૩૪
પ્રતિદિન અષ્ટસુ લિંગપુજ, બિલ્વ પત્ર સુવધાવ;
નિવેદ લાડુ દિન શત ત્રય, વિદ્યા વૃદ્ધિ બતાવ. ૧૬૩૫

Scanned with CamScanner

પ્રતિદિન લિંગ સુનવ કરી, ધતુર પુષ્પ સુચઢાવ ;
નિવેદ સપ્ત સુધાન્ય શત, દિવસ વણજ સુપ્રભાવ ; ૧૬૩૬
પ્રતિદિન દશ શિવ લિંગકર, કંચુક પુષ્પ પ્રમાણ ;
નિવેદ માલપુડા વરસ, ફરે પ્રદેશથિ જાણ. ૧૬૩૭
પ્રતિદિન લિંગ સુએકદશ, દ્રોણ પુષ્પ ઉપચાર ;
શ્રીફળ કહ્યું નિવેદમાં,-બંધ મોચન વિચાર. ૧૬૩૮
વિધિ સંયુક્ત પુજા કરે, વશિષ્ઠ બોધ વખાણ ;
ઉપર કહ્યાં ફળ પામતા, શ્રદ્ધાવાન સુજાણ. ૧૬૩૯

वैद्यकशास्त्र.

प्रथम वैद्य लक्षण.

દોહરા.

ગુરૂકુળમાં વિદ્યા શિખી, આયુરવેદ વિચારિ ;
વૈદ્યવિદ્યામાં કુશળકર, પદ્મરેખ સુખકારિ. ૧૬૪૦
ઔષધ વિધિ જાણે સકળ, લોભ રહિત યશવાન ;
દયા ધૈર્ય ધર્મિષ્ઠ પ્રિય, લેશ નહીં અભિમાન. ૧૬૪૧
કપટ જુઠ શઠ હઠ રહિત, શરિર સુખિ સદાચાર ;
ભગવત્ ભક્ત ન આળસૂ, લક્ષણ વૈદ્ય વિચાર. ૧૬૪૨
સો સો ઉપાયની ખબર, તે તો વૈદ્ય સુજાણ ;
ત્રણ ત્રણસેં જે જાણતો, તે ચિકિત્સક પ્રમાણ. ૧૬૪૩
સાતસેં કે સહસ્ર લગિ, એકરોગ સુઉપાય ;
જાણે તે ધન્વન્તરી, જગ જન જાણ્યો જાય. ૧૬૪૪

વૈદ્ય પ્રકાર.

દૈવી વેશ રસાયણી, રાક્ષસ ચતુર વિચાર ;
વચન સિદ્ધિથિ મટાડતા, તે દૈવી સુવિચાર. ૧૬૪૫

કાણાદિ વનસ્પતિ થકી, મટાડતો તે વેશ ;
ભાત્રા ધાતુથિ નિવારતા, રસાયણી સુવિશેષ. ૧૬૪૬
નસ્ત્ર શસ્ત્રથિ મટાડતા, રાક્ષસ મહા કનિષ્ટ ;
વેશ મધ્યમ રસાયણી, કનિષ્ઠ દૈવિ વરિષ્ટ. ૧૬૪૭
વ્યાધીની પીડા ખમી, મુંર્ખ વૈધને લાગ ;
વ્યભિચારિણિ સ્ત્રીને તજે, જે રિત કુલિન સભાગ. ૧૬૪૮

અષ્ટ વિધ રોગ પરિક્ષા.

રોગ પરિક્ષા અષ્ટવિધ, નાડિ મુત્ર મળ જોય ;
મુખચર્યા જિભ નયન વળિ, વાણિ સ્પર્શથી હોય. ૧૬૪૯

નાડી પરિક્ષા.

પુરૂષ હાથ જમણો કહ્યો, સ્ત્રીનો વામ વિચાર ;
હાથ તેમ પગની જુએ, નાડી વૈધ પ્રકાર. ૧૬૫૦
નાડી જોતાં રોગિયે, એક ચિત્ત રહિ સ્થીર ;
તેમ વૈધ પણ એકચિત, પરખે રોગ સુધીર ; ૧૬૫૧
વીણાયંત્ર વગાડતાં, દર્શાવેછે રાગ ;
સધ નાડિ ધરિ વૈધ પણ, લહે રોગનો યાગ. ૧૬૫૨
કામાર્તિ સુક્ષુધાર્તિ વળિ, શ્વાસ મુત્ર સુવિચાર ;
તેલ મલન વા સ્નાન વળિ, ભોજનાન્તે નવધાર. ૧૬૫૩
તેમ સુતાં ઊભાં અને, દોડતાનિ સંભાળ ;
જળપાનાદિ નિશાકરે. મળમુત્રાદિ તત્કાળ. ૧૬૫૪
વળિ ચિન્તાતુર ખેદસહ, નર નારિનિ પ્રિય શ્વાસ ;
ચતુર વૈધ નાડિ ન ધરે, થાય ન રોગ તપાસ. ૧૬૫૫
માટે એક ચિત્તે કહ્યું, નાડી વૈધ જો જોય ;
જ્વેરિ જ્વાદિરની પરખ, કરે તેમ શુભ હોય. ૧૬૫૬
વૈધ શાસ્ત્ર બળથી કહે. વળી અધિક અભ્યાસ ;
નેત્રે નિરખિ પ્રકાશતા, સાધ્યાસાધ્ય વિલાસ. ૧૬૫૭
હરતાંગુણ મૂળથી, અનુક્રમે ત્રણ નેક ;
પ્રથમ વાત પછિ પિત્ત કફ, કહું લક્ષણ સુવિવેક. ૧૬૫૮

Scanned with CamScanner

પ્રાતઃકાળે દશ ધટી, કફ નાડી પછિ પિત્ત ;
દશ ધટિ ને મધ્યાનથી, દશ ધટિ વાત પ્રચિત્ત. ૧૬૫૯
રાત્ર નાડિ કહિ વાતની, તે પછિ ગતી વિચાર ;
વાંકિ સર્પવત ચાલતાં, વાત નાડિ ચિતધાર. ૧૬૬૦
ત્વરીત દાદુર કાકવા. કુલિંગ પિત્ત સુવંદ ;
હંસ મોર કુરકુટ અને, પારેવા કફ મંદ. ૧૬૬૧
સન્નિપાત નાડિ તણી, તીતર પક્ષિનિ ચાલ ;
દ્વિદોષ નાડિ ધિગે ધિગે, વળિ ઉતાવળિ સગાલ. ૧૬૬૨
સ્વસ્થાનેથી ન્હે ક્ષુટી. વા રહિ રહિને વેહ ;
અથવા ક્ષીણ બહુ શિતળ, નાડિ પ્રાણ સંદેહ. ૧૬૬૩
સામાન્ય જ્વર કોપથી, ઉષ્ણ વેગમાં જ્ઞેય ;
રંગ ભંગ સ્ત્રી.પુરૂષની, ક્રોધિ વેગ બહુ હોય. ૧૬૬૪
વળિ ચિંતા ભય યુક્તની, નાડી ક્ષીણ જણાય ;
મંદાગિનિ વા ધાતુક્ષિણ, તો અતિ મંદ બણાય. ૧૬૬૫
રક્ત કોપથી વ્યાધની, કઠિણ સ્વલ્પ કે તાતિ ;
હલકિ પુષ્ટ ગાંભીર ગતિ, ગર્ભિણિની મદમાતિ. ૧૬૬૬
તરસ્યો ઉંઘેલ આળસ, વળિ સુખિ સુપ્ત ઉઠેળ ;
વળી કાર્ય યોજક તણી, સ્થીર ગતીજ ઠરેલ. ૧૬૬૭
મળ મુત્રાદિક વ્યાધથી, જ્વર સમાન ચિત લાવ ;
લોભ અને મદ વ્યાધની, કિંચિત ચપળ બતાવ. ૧૬૬૮
તિવ્રવળી.કૈં નમ્રછે,..ચોર નાડિની ચાલ ;
ઉદ્યોગિ વા પ્રવાસિની, ઉષ્ણ ચંચળ વિશાલ. ૧૬૬૯
કનિષ્ઠિકાની નાડથી, ભૂતોપદ્રવ લેખ ;
અનામિકાની નાડથી, કુળદેવ દોષ પેખ. ૧૬૭૦
મધ્યમાનિ કહિ નાડતો, સંબંધિક દુખ જાણ ;
તળાર્ધમૂળ વહેજ્ય તવ, વરૂણ ક્ષોભ ઉર આણ. ૧૬૭૧
કાક હંસ વત ચાલતાં,.અનિર્ણ્ય લક્ષણ એહ ;
સુતેલાનિ વા કફ સમી, એમાં નહિં સંદેહ. ૧૬૭૨
જાગ્રતની સુપ્રદીપ તવ, હલકિ વેગ અભિરામ ;
સ્થીરછતાં ને પ્રબળતો, સ્વસ્થ સુખી ને ધામ. ૧૬૭૩

Scanned with CamScanner

ક્ષુધાતૂર ચંચળ ચલણ, નિશ્ચળ તૃપ્તનિ ધીર,
તૃટક તૃટક વળિ અતિ ત્વરિત, કઠિણ કાષ્ટવત સ્થીર. ૧૫૭૪
વાંકડિ ક્ષણ હળુ ક્ષણ ત્વરિત, અતી ઉપ્પણ બહુ જોમ.
ત્વરયિ વ્યાપ્ત તીતર ગતી, ગુંથાયલી બે ફ્રોમ. ૧૫૭૫
અથવા સ્થાન તજી ભ્રમત, વળી આવતી હામ ;
અસાધ્ય સન્નીપાતની, નાડિ પરિક્ષા આમ. ૧૫૭૬
જે નાડી રહિ રહિ વહે, તથા તિત્ર બહુ ટલાડિ ;
કહોણિ સુધી ગૈ હોય તો, તે આખરની નાડિ. ૧૫૭૭
તર્જનીનિ ચાલી તદા. તેપણ આખર જાણ ;
સ્થાન છોડિને ચક્રમ, ભ્રગે અંત એધાણ. ૧૫૭૮
વળિ ભયવત્ વા મૂર્ચ્છ અતિ, તે અસાધ્ય ચિત લાવ ;
ત્વર દ્વિપ્રહર અગ્નીસમી, વિચિત્ર મૃત્યુ બતાવ. ૧૫૭૯
ભમરવત નાડી તદા, ચાર દિવસમાં નાશ ;
સ્થાન છોડિ દે નાડિ તવ. ત્રણ દિવસેજ નિરાશ. ૧૫૮૦

મુત્ર પરિક્ષા.

આદિ અંત ધારા તજી, પાંત્ર ચિની જિલિ પ્રાત ;
તેલ બિંદુ પસરેજ તવ, જાણ અધિક્ર તન વાત. ૧૫૮૧
પિત્ત કોપ પીળાસપર, તેલ ટિપાંથી જોસ ;
કફ પ્રકોપથી બરફ સમ, શીણ તરંગી દોષ. ૧૫૮૨
લાલ કાળું પીળું અને, વિચિત્ર સન્નીપાત ;
તેલ બિંદુ તળિયે જવે, રોગિ અસાધ્ય નિપાત. ૧૫૮૩

બિંદુ પરિક્ષા.

ચાગર પદ્મ સુશંખ ફળ, પર્ણ પુષ્પ મણિ લેખ ;
બિંદુ સ્થિતી મૂત્રમાં, રોગિ સાધ્ય તવ પેખ. ૧૫૮૪
કુરકુટ જંતુ મનુષ્યને, સર્પ શસ્ત્ર માંજાર ;
વૃશ્ચિક વાનર સુકર સમ, રોગિ અસાધ્ય વિચાર. ૧૧૮૫

મળ પરિક્ષા.

જો વાયુના કોપથી, શીણ યુક્ત મળ લેખ ;
લૂખો કાળો ને વળી, ફૂટ્યા પાણી પેખ. ૧૫૮૬

Scanned with CamSca

પિત્ત નીલ પિત પાતળો, ઉષ્ણ દુર્ગંધાધીક;
શ્વેત લિલો સૂકોજ કફ, દ્વિ ત્રિદોષ લક્ષણીક. ૧૬૮૭

મુખ પરિક્ષા.

મુખચર્યા જો પ્રાતરે, વાત શ્યામ નિસ્તેજ;
પિત્ત કોપ થોયર મુખે, પિળાસ વૈદ્ય બુઝેજ. ૧૬૮૮
વળી કહું કફ કોપથી, કળા હીન મુખ હોય;
તેલ લગાડેલું લિસું, વૈદ્ય ચિકિત્સક જોય. ૧૬૮૯

જિહ્વા પરિક્ષા.

વાત કોપથી જીભજો, ખડબચડી ફાટેલી;
પિત્ત કોપથી લાલ કે, કાંળી આળી થઓલિ. ૧૬૯૦
તેમ કહું કફ કોપથી, ઉજ્વળ લીસી ભાનિ;
જિભ પરિક્ષા એ રિતે, કરિ પિંડ હર રોગીનિ. ૧૬૯૧

નેત્ર પારક્ષા.

વાત કોપથી નેત્રજો, લૂખાં ધૂમ્ર વળિ તમ;
ચંચળ કે બ્હેબાકળાં, ઘરક વિકાશ પ્રશાંત ૧૬૯૨
પિત્ત પિળાં રાતડાં સમાં, તમ તેજ ન ખમાય;
કફ પ્રકોપથી શ્વેત વળિ, તેજહીન દર્શાય. ૧૬૯૩

વાણી પરિક્ષા.

કંઠમાંથિ હલકો કદી, વદે શબ્દ તત્ર વાત;
સ્પષ્ટ શબ્દ બોલાયતો, પિત્ત પરિક્ષા ખ્યાત. ૧૬૯૪
ભારિ ઘરઘરા યુક્ત તો, કફ પ્રકોપ તું વિચાર;
દ્વિદોષ ત્રિદોષ ઉભયના, લક્ષણ શબ્દ પ્રકાર. ૧૬૯૫

સ્પર્શી પરિક્ષા.

સાગ પલાસના પત્ર સમ, ખડબચડું જો અંગ;
વાત કોપ તત્ર જાણવો, તપ્તસુ પિત્ત પ્રસંગ. ૧૬૯૬
શીતળ વળિ લીલાસપર, કફ પ્રકોપ સુતપાસ;
એથકિ વિશેષ ભાખિતી, ગ્રંથેસુ નિઘંટપ્રકાશ. ૧૬૯૭

Scanned with CamScanner

દૂત શુભાંશુભ લક્ષણ.

વૈદ્ય તેડવા જે જતો, દૂત રોગિનો જાતિ ;
શ્વેત વસ્ત્ર તેજસ્વિ વળિ, મધુર વચન શુભ ખ્યાતિ. ૧૬૯૮
મ્લાન વદન ચંચળ અતી, કઠોર વચન વિચાર ;
નેત્ર વારિ ભભરાયલો, વસન મલિન દુખકાર. ૧૬૯૯

દૂત શુભાશુભ શકુન.

દૂત માર્ગમાં ચાલતાં, સૌમ્ય શુકન દુખદાય ;
પ્રદિપ્ત અશુભ શકુનસદા, શુભદાયક સુનવાય. ૧૭૦૦

દૂત પ્રશ્ન વિચાર.

વૈદ્ય દૂતના પ્રશ્નના, બોલે બોલ તપાસ ;
તે અક્ષર કરિ ત્રણુગણા, અષ્ટ ભાગથિ પ્રકાશ. ૧૭૦૧
શેષ વધે તેમાં વિસમ, સંખ્યા તણ પર આશ ;
જો કદિ શેષે સમ રકમ, તો રોગીનો નાશ. ૧૭૦૨

વૈદ્ય શુભાશુભ શકુન.

વૈદ્ય રોગિ ગૃહ જાય તવ, સૌમ્ય સુકન સુખકાર ;
ભેરિ મૃદંગાદિક કહ્યા, એથકિ સૌમ્ય અપાર. ૧૭૦૩
વૈદ્ય રોગિ ગૃહ જાય તવ, પ્રદિપ્ત અશુભ પ્રકાર ;
વિધવા વન્હી ભરમ જો, એથકિ વિઘ્ન અપાર. ૧૭૦૪

સાધ્ય લક્ષણ.

કરપદ નાભી તપ્ત વળિ, તૃષા વિશેષ ન હોય ;
કોમળ સુભ અભીરહે, શુભ લક્ષણ ત્રિય જોય. ૧૭૦૫
ઈન્દ્રિય ચિત ચૈતન્યતા, સ્વપ્ન ભાંલ સુવિચાર ;
સ્વાદ ગન્ધ ગુણ જાણતા, વણી અધિક ઉરધાર. ૧૭૦૬
જ્વર પ્રસ્વેદ ન થાંય વળિ, વિના કષ્ટ સરળ શ્વાસ ;
વૈદ્યરાજ ઔષધ કરો, સાધ્ય લક્ષણ પ્રકાશ. ૧૭૦૭

અસાધ્ય લક્ષણ.

વાયુ વસે જવ પિત્ત ગૃહ, કષ્ટ ગૃહ પિત્તજ લેખ ;
કષ્ટ આવે જવ કન્ઠમાં, રોગી અસાધ્ય પેખ. ૧૭૦૮

Scanned with CamScanner

રાત્રિ દાહ શિત દિવસમાં, તહેનો નહીં ઉપાય ;
ગુદાભ્રષ્ટ શ્વાસાશિતળ, રોગી જમપુર જાય. ૧૭૦૯
વ્યાકુળ હેડકિ શોષ તન, કીપ તેપ્ત કર કીત ;
હૃદય નાભિ પદ નાશિકા, કીતળ મૃત્યુ ખચીત. ૧૭૧૦
દરપણ ઘૃત જળ તેલમાં, અવર છાંય દરીાય ;
કીપ રહિત તન દેખતા, પક્ષ માંહ્યજ કસાય. ૧૭૧૧
મંજન કરવા અંગ ગણુ, કર પદ હૃદય કપાળ ;
સુકાય તે તત્કાળ તવ, ઝડપે તહેને કાળ. ૧૭૧૨
દીપક વડો કરી જુએો, જો નવ આવે ગંધ ;
પ્રીતી લજ્જા પરહરે, મિટે સગાં સંબંધ. ૧૭૧૩
ભૂત જેહની દૃષ્ટિને, ભડકાવે દિન રાત ;
રોગી જો ભાષ જતો, આયુ ક્ષીણ દિન સાત. ૧૭૧૪

મનહર છંદ.

ભોજન કરાવ્યુ તોય, તુરત ક્ષુધીત થાય,
દંત વિકરાળ નર, સ્વપ્નેજ સતાવતા ;
નાક દાંડિ થરડાઈ, કાન લાળિ ભરડાઇ,
નેત્રે વહિ રક્તાં નીર, કાચ દળ્યા કહાવતા ;
દક્ષિણ દિશાથિ દળ, ઉલટયું અપાર જોય,
ભય ભચડાઈ જશું, દુઃસ્વપ્નો બૌ જમતા ;
બદલે સ્વભાવ એમ, પ્રકૃતિ વિપરીત થૈ,
શિરોસ્વાસ આયુ ક્ષીણ, તે મરણ પામતા. ૧૭૧૫

કાળચક્ર.

દોહરા.

આરદ્રાની આદ્યમાં, મૃગશિર અંત વિચાર ;
મૂળ મધ્ય જો હોયતો, કાળચક્ર ચિત ધાર. ૧૭૧૬
વળી પુનુપ નક્ષત્રમાં, રવિ ધન્હુનો મુકામ ;
મહાદેવનું વચન પ્રિય, કાળચક્ર ધર નામ. ૧૭૧૭
અશ્લેષા સત્તારકા, આરદ્રા ઉરચાણુ ;
ધનેણા જ્યેણા મધા, ત્રણ પુર્વા પણ જાણુ. ૧૭૧૮
ભરણિ વિશાખા કૃતિકા, શનિ રવિ મંગળવાર ;

Scanned with CamSca

પ્રતિપદ નવમી દ્વાદશી, ચતુર્થ અષ્ટમ ચાર. ૧૭૧૯
ચતુર્દશી નક્ષત્ર તિથિ, વા વારે મંદવાડ ;
મર્યું રોગથિ કવચિત બચે, ઝડપે જમની ધાડ. ૧૭૨૦
આરદ્રા કૃત્તિકા મઘા, અશ્લેષા ઉર આણ ;
મૂળ વિશાખાયે કદી, સર્પ દંશ તો હાણ. ૧૭૨૧

રોગ પરિક્ષાર્થ નક્ષત્ર તિથીવાર પટ વિચાર.

સપ્ત વીસ નક્ષત્ર વળિ, તિથી સોળને વાર ;
અનુક્રમે તે તે તણો, ઉભય મતે અનુસાર. ૧૭૨૨
લખ્યા કોષ્ટકે અંક છે, નીચે ઉચે નેક :
ત્યાં ત્યાં તે મત ભિન્નતા, દર્શાવે સુવિવેક. ૧૭૨૩
એમ રોગ હદ જાણવા, નક્ષત્રો તિથિવાર ;
સર્વનો આપટ વિષે, લખ્યો સ્પષ્ટ વ્યવહાર. ૧૭૨૪
નક્ષત્રો તિથિ વારના, નામ નિચે ગત અંક ;
તે પ્રમાણ દિન ભોગવે, પીડા રોગિ નશંક. ૧૭૨૫
શુન્ય મૃત્યુ સ્થિર બહુ ફિણે, બાકિ અંક આરામ ;
રચ્યો રોગ પરિક્ષાર્થ પટ, સુલભસુ દલપતિરામ. ૧૭૨૬

રોગ પરિક્ષાર્થ નક્ષત્ર પટ.

અશ્વિની	ભરણી.	કૃત્તિકા.	રોહિણી.	મૃગશિર	આરદ્રા.	પુનર્વસુ.	પુષ્ય.	અશ્લેષા
૧	૦	૧૦	૩	૫	૦	૭	૭	૯
૯	૧૧	૬	૭	૩૦	૦	૭	૭	૦

મઘા.	પુર્વાફા-લ્ગુની.	ઉત્તરા-ફાલ્ગુની	હસ્ત.	ચિત્રા.	સ્વાતી.	વિશાખા	અનુરાધ	જ્યેષ્ઠા.
૦	૩૦	૨	૧૫	૦	૧૫	૬૦	૨૦	૧૦
૨૦	૦	૭	૧૫	૧૧	૦	૧૫	સ્થીર.	૦

Scanned with CamScanner

રોગ પરિક્ષાર્થ તિથિ પટ.

પ્રતિપદા.	દ્વિતિયા.	તૃતિયા.	ચતુર્થી.	પંચમી.	ષષ્ઠી.	સપ્તમી.	અષ્ટમ
૧૫	૩૦	૩	૦	૫	૫	૩૦	૩
૧૦	૩૦	૩	૦	૫	૧૦	૩૦	૦

નવમી.	દશમી.	એકાદશી.	દ્વાદશી.	ત્રયોદશી.	ચતુર્દશી.	પૂર્ણિમા.	અમા-વાસ્યા
૦	૫	૫	૩૦	૩	૦	૫	૦
૦	૫	૧૦	૦	૩	૦	૫	૦

રોગ પરિક્ષાર્થ વાર પટ.

રવીવાર.	સોમવાર.	મંગળવાર	બુધવાર.	ગુરૂવાર.	શુક્રવાર.	શનીવાર.
૩૦	૪૫	૦	૮	૬	૭	૩૦
૦	૪૫	૦	૮	૬	૭	૦

Scanned with CamScanner

આયુ પ્રમાણ એ રિતે, ઋષિ મુનિ કહે સર્વત્ર ;
સમજે વૈદ્ય ચતુરકો, એક ન સમજે અન્ન. ૧૭૩૧

સ્ત્રી પુરૂષમાં આદી મૃત્યુ પરિક્ષાર્થે પ્રશ્ન વિચાર.

રાશી પૂર્વક સ્ત્રી પુરૂષ, નામાક્ષર ગણિ સાર ;
નામાક્ષર બમણા કરી, વળી અધિક ઉરધાર. ૧૭૩૨
વર્હુ અનુસ્વર આવતાં, તહેને બમણા લેખ ;
કાનો માત્રા અન્જુને, ચતુરગણાં કરિ પેખ. ૧૭૩૩
સઘળાંની બેરીજ કરિ, ભાગ શિવનયન[૩] આસ ;
શુન્ય એક બ્ને શેષ તો, પ્રથમ પુરૂષનો નાશ. ૧૭૩૪
કહી આવતા શેષ બે, તો સ્ત્રી પ્રથમે નાશ ;
આદિ મૃત્યુરિત સમ વિષમ, શેષ દલપતિ પ્રકાશ. ૧૭૩૫

સ્ત્રી પુરૂષ શુભાશુભ પ્રશ્ન વિચાર.

વય રાશી નક્ષત્ર ગણ, અનુક્રમ અંક વિચાર ;
મેળવી બમણા ત્રણગણા, ચતુરગણા કરિ સાર. ૧૭૩૬
સમા[૩]ષ્ટ[૮] રસે[૬] ભાગદે, આદિ શુન્ય બ્ને શેષ ;
પડે કષ્ટ કહિ મધ્ય તો, ધનક્ષય કહું વિશેષ. ૧૭૩૭
અંત્ય શુન્ય કહિ આવતું, તવત્યાં મૃત્યુ વખાણું ;
આદિ મધ્ય અંત્યાકને, શેષ વિજય પ્રિય જાણ. ૧૭૩૮

વૈદ્યને ઔષધી લાવવાને મૂર્ત.

હસ્ત અશ્વિની પુષ્યને, પુનર્વસૂ અભિજીત ;
મૃગશિર અનુરાધા વળી, શત્તારકા ખચીત. ૧૭૩૯
સ્વાતિ આદિ નક્ષત્રને, અમૃતસિદ્ધી યોગ ;
વાર ગુરૂ રવિ શુક્ર બુધ, શુકલપક્ષ સંજોગ. ૧૭૪૦
વળી કહું શુભ જોઈને, ઔષધિ નવિન તું લાવ ;
વૈદ્યકશાસ્ત્ર વિચારતાં, કરે જીત દર્શાવ. ૧૭૪૧

વૈદ્યને રસાયણ ઔષધી કરવાને મૂર્ત.

હસ્ત અશ્વિની પુષ્ય વળિ, મૃગશિરને અભિજીત ;
ચિત્રા રેવતિ શ્રવણને, અનુરાધા સુપુનીત. ૧૭૪૨
ધનેષ્ઠા સુશત્તારકા, પુનર્વસૂ ને મૂળ ;
સ્વાતિ આદિ નક્ષત્ર શુભ, શુક્ર સોમ અનુકૂળ. ૧૭૪૩

Scanned with CamSca

ગુરૂ બુધવાર ભલા ગણે, મિથૂન કન્યા મીન;
ધનસહીત લગ્નાદિશુભ, કર રસાયણ નવીન. ૧૭૪૪

વૈદ્યને ઔષધી આપવાને મૂર્ત.

ગુરૂ શુક્ર રવિવાર વળિ, કર્ક મકર ને મેષ;
તુલા લગ્ન શુભ યોગ પ્રિય, વળિ શુભ કર્ણ વિશેષ. ૧૭૪૫

રોગીયે ઔષધ લેવા યા ખાવાને મૂર્ત.

રોગી ઔષધ લેતદા, ચતુર અષ્ટકે બાર;
હોયચંદ્ર વા ઘાતતિથિ, ઘાત ચંદ્ર વળિવાર. ૧૭૪૬
વળી જન્મ નક્ષત્ર કે, કાળ રાહુ જો પૃષ્ટ;
વિશ વિશ ઘટિ નક્ષત્ર તિથિ, મંગળ શનિ પણ નષ્ટ. ૧૭૪૭
સોમવાર પણ નષ્ટ છે, વૈધૃત ને વ્યતિપાત;
કુયોગ કુકર્ણ વિષ્ટિ ત્યજિ, રોગિ ઔષધી ખાત. ૧૭૪૮

વમન વિરેચન અને રક્ત કઢાવવાને મૂર્ત.

વમન વિરેચન ભોમ રવિ, ગુરૂ ઉત્તમ ગણાય;
રક્ત કાઢવાને વળી, મૂર્ત શાસ્ત્રથિ ભણાય. ૧૭૪૯
મૃગશિર અનુરાધા શ્રવણ, મંગળ ને રવિવાર;
સમુદ્ર ભરતી હોય તવ, કઢાવતાં સુખકાર. ૧૭૫૦

વાત પિત્ત કફોત્પત્તિ લક્ષણ શમન વિચાર.

વૈદ્યકમાં પ્રિય પ્રથમ જો, વાયુ પિત્ત કફ લેખ;
ઉત્પત્તી લક્ષણ શમન, દલપતિ કહે સુ પેખ. ૧૭૫૧

વાતોત્પત્તિ.

ચિન્તા વળિ બક બક કરે, રાત્ર દિવસ હઠમાંહ;
કરિ ઉપાસ ભયભીત વળિ, કે લૂખૂં કૈં ખાય. ૧૭૫૨
ભક્ષે કટુ વળિ ખાય અતિ, નિશિ જાગે શિત ખાઇ;
પૌષ માઘ પાવસ અઘન, અષાઢ ઉપજે વાઇ. ૧૭૫૩

વાત લક્ષણ.

તન પીડા જિવ ડૂબતો, ઊંઘ ભૂખ ક્ષિણ દેહ;
અંગ શિતળ પગતળ બળે, વાયુ જાણ પ્રિય એહ. ૧૭૫૪

Scanned with CamSca

વાત શમન.

મર્દન કરવું તેલ તલ, તાતે પાણી ન્હાય ;
તન સેકે મદિરા પિવે, વાયૂ તુરત સમાય. ૧૭૫૫

પિત્તોત્પત્તિ.

કટૂ તિક્ત કૈં ખાય વળિ, ભૂખ તરસને સાધ ;
બહુ શ્રમ કરિ ભોજન કરે, કે મદિરા આરાધ. ૧૭૫૬
જ્યેષ્ઠ બપોરે તાપમાં, કે અગ્નીની પાસ ;
માધવ આશ્વિન કાર્તિકસુ, જ્યેષ્ઠે પિત્ત પ્રકાશ. ૧૭૫૭

પિત્ત લક્ષણ.

વ્યાકુળ ચિત સૂકે અધર, મુખ કટુ તપ્ત શરીર ;
જળ લિમ્બૂ રક્ષા કરણ, પિત્ત શમન પ્રિય ધીર. ૧૭૫૮
શીતળપર મન દોડતું, પૂછિ રોગિનો ભાવ ;
પિત્ત પરિક્ષા કરિ પછી, ઉપાય ઝટ દર્શાવ. ૧૭૫૯

પિત્ત શમન.

રતિ માણે પંખે પવન, શીલેપાણી ન્હાય ;
કરિ મિષ્ટાન્ન સુગન્ધિલે, પિત્ત તુરત સમિ જાય. ૧૭૬૦

કફોત્પત્તિ.

તલ ખાટૂં મીઠૂં દહીં, કે માંખણ કો ખાય;
જો કદિ ફાગણ ચૈત્રમાં, તો કફ જોર જણાય. ૧૭૬૧

કફ લક્ષણ.

ઊંઘ નાશ મુખ મધુર વળિ, આળસ અધિકી દેહ ;
ગળફો અટકે કન્ઠમાં, શ્વાસ ખાંસિ કફ એહ. ૧૭૬૨

કફ શમન.

ક્ષાર કસાણૂં તિક્ત કટુ, તપ્ત ઉદક ઉપવાસ ;
વમન વિરેચન સ્વેદ થકિ, શમન જાણ કફ નાશ. ૧૭૬૩

Scanned with CamSca

કર્મબન્ધ વણ છૂટવે, મૃત્યુ સમય દર્શાય ;
તે ક્ષણ ચિત્ત ચૈતન થતાં, પ્રભુ સન્મુખ જન જાય. ૧૭૬૪
તિથી યોગ પદ જેહનો, સિદ્ધિ જોય નહિં જોય ;
એહ જાણિયે યોગછે, મૃત્યુ કાળ નિજ હોય. ૧૭૬૫
સૂરપન્થ શશિ છાંય વળિ, શુક્ર અરુન્ધતિ સાર ;
વરસ સરસ જીવેન જો, દેખે નહિં નર નાર. ૧૭૬૬
વિના હસ્ત રવિ તેજનો, ગણે અગ્નિની ઝાળ ;
તેહનો માસ અગિઆરથી, અધિકન જીવન કાળ. ૧૭૬૭
દેખે મળ મુત્રાદિમાં, કનકરજ તરંગ જેહ ;
આંખતણા સ્વપ્ના સદૃશ, માસ જિવે નર તેહ. ૧૭૬૮
પ્રેત પિશાચાદીક વળી, દેખે સુવર્ણ વૃક્ષ ;
જીવે નહિં નવ માસથી, અધિક પુરુષ પ્રત્યક્ષ. ૧૭૬૯
કૃશતન ગણતો સ્થૂળ વળિ, સ્થૂળ દુર્બળું જોય ;
પ્રકૃતી પલટે રોગિતો, માસ જિવન તન ખોય. ૧૭૭૦
પાદ એડિના અગ્રપર. અથવા અધવચ માંતા ;
કરડે સ્વાન વિચારતા, સાત માસમાં ઝાંય. ૧૭૭૧
ગીધ કાક ઉલૂકજો, શિરપર પડેજ પેખ ;
જીવે નહિં ષટ્ માસથી, તે નર અધિકું લેખ. ૧૭૭૨
કાક અને વાનર હણે, વિના વિચારે ખાસ ;
છાયા તનની અવરસી. તે જીવે ચોમાસ- ૧૭૭૩
ઈન્દ્ર ધનુષ યમ દિશિ જુવે, વળિ વણ વાદળ વીજ ;
બે ત્રણ માસે ભંગછે, તેહ પુરુષની રીઝ. ૧૭૭૪
ઘૃત જળ તેલ મહીં જુવે, જો શિરુંબે દેખાય ;
એક માસથી અધિક નહિં, જીવન આશ રખાય. ૧૭૭૫
દર્પણના પ્રતિબિમ્બમાં, નિજ મુખ જે નવ જોય ;
એક માસમાં તેહનો, આયુ અંત પ્રિય હોય. ૧૭૭૬
જેના તનની ગંધ જવ, મૃતક ગંધ સમ હોય ;
અર્ધમાસથી અધિક તે, રોગિન જીવે કોય. ૧૭૭૭

નિર્જળ સરિતા ભસ્મ વળિ, શ્યામ સર્પ બહુ જોય ;
સ્વપ્ને દેખે મર્ણ તે, એકાદશદિન સ્હોય. ૧૭૭૮
રોમહર્ષ મતિ બન્ધ વળિ, જીભમૂળ જો સ્થૂળ ;
જાણ પડે તે પક્ષથી, અધિકન જીવન મૂળ. ૧૭૭૯
કાનતણી દૂર્ગંધ તે, અવર ગંધ કરિ નાશ ;
દાંત જિભે જો શામતા, ત્રિપક્ષ માંહ્ય વિનાશ. ૧૭૮૦
ઇન્દ્રિ સકળ નિજ નિજ વિષે, જો જાણે નહિં તેહ ;
માસ અંત આયુષ્યનો, તે પછિ પડતી દેહ. ૧૭૮૧
જે નર સ્નાન કિધે તુરત, સૂકે સરસ કપોળ ;
તરસ મિટે નહિં જળ પિધે, દશ દિન મર્ણ સુબોલ. ૧૭૮૨
અર્ધ વપૂ શીતળ રહે, અર્ધ તપ્ત વિખ્યાત ;
કર્ણ થકી નહિં સાંભળે, મૃત્યુ જાણ દિન સાત. ૧૭૮૩
શ્યામ વસન ઓઢે ધરે, દંડ લોહનો હાથ ;
જે દેખે યમ સ્વપ્નમાં, ત્રણદિન મર્ણ સુગાય. ૧૭૮૪
યોગી જ્ઞાની અવર જે, મહત્ પુરુષ પ્રવીણ ;
મર્ણકાળ જાણી ચહે, ચિત ચૈતન્ય ન ક્ષીણ. ૧૭૮૫
સવારે બપોરે પડે, તેમ દીવસ કે રાત ;
ગણે અરિષ્ટજ ચિત્ત દૈ, યોગી જન વિખ્યાત. ૧૭૮૬
બાહ્યાંતર બે લક્ષથી, અંતકાળ કરિ એન ;
યમ નિયમાદિક યુક્ત થૈ, રાખિ અધખુલા નેન. ૧૭૮૭
દૃષ્ટિ નાશિકા અગ્ર પર, રાખિ અચળ કરિતાર ;
ઇન્દ્રિય રોકિ વિકલ્પ તજિ, વળી રૂંધિ નવદ્વાર. ૧૭૮૮
સમ વપુ નિશ્ચલ ચિત્ત કરિ, સિદ્ધિ પદ્માસન સાધિ ;
ક્રમથી પ્રાણાયામ કરિ, સાધે શુદ્ધ સમાધિ. ૧૭૮૯
વચ કરિ મન કરિ પ્રણવનો, મનન જાપ ઉરધાર ;
ત્રણ સુકાળ ત્રણ લોક વળિ, અગ્ની ત્રણ આધાર. ૧૭૯૦
વેદ ત્રણ વળિ શક્તિ ત્રણ, ત્રણ સુ દેવતા સાર ;
એહજ માત્રા ત્રણ તણા, સઘળે ગ્રહિ આધાર. ૧૭૯૧
એ જો છે પરબ્રહ્મ વર, શબ્દ બ્રહ્મ નિર્ધાર ;
પરમ જ્યોતિ પર્માત્તમા, સૌથી પર ઓંકાર. ૧૭૯૨

Scanned with CamSca

શુચિ અથવા અશુચી જપે, જો એ જપ દિનરાત ;
ત્હેને પાપ નડે નહીં, ભસ્મ ભસ્મ છે ખ્યાત. ૧૭૯૩
પ્રાણાપાનજ રૂંધિને, દાંત દાંત દૃઢ સ્થાપિ ;
હૃદયામ્બુજ પર ક્ષેપિમન, પ્રણવ મન્ત્ર આલાપિ. ૧૭૯૪
ઓંકારનું ધનુષ કરી, સત્વ ગૂણ સુપ્રમાણ ;
આત્મ ભૂત ઈન્દ્રિય સહિત, દશે દ્વાર સુનિશાણ. ૧૭૯૫
લક્ષી છત્રિશ તત્વ સહ, પર્માત્મા માલીન ;
જેહ પર્મ આકાશ છે, સચ્ચિદ આનન્દ પીન. ૧૭૯૬
જે કો ત્યાગે દેહને, એહ અવસ્થામાંહ ;
તેહ સુમુક્ત વિદેહિમાં, યોગી રવિ ભવ છાહ. ૧૭૯૭

ભગ્વદ્ગિતામાંથી શુભાશુભ મૃત્યુ.

અગ્નિ જ્યોતિ દિન શુક્લ પટ્, ઉત્તરાયન સુમાસ ;
જાય જ્ઞાનિ એરીત તો, બ્રહ્મલોકમાં વાસ. ૧૭૯૮
ધૂમનિશા દક્ષિણ અયન, કૃષ્ણ પક્ષ જો હોય ;
શશિમન્ડલ યોગી લહે, પિતૃલોક પ્રિય જોય. ૧૭૯૯
તિર્થાટન સન્મુખ સમર, પરહિત હેતુ સુમર્ણ ;
કવિ કોવિદ મત પેખતાં, એ સુભ મૃત્યુ સુવર્ણ. ૧૮૦૦

અકાળ મૃત્યુ.

અગ્નિ દહન જળમાં બુડયો, સર્પ ડસેકે શ્વાન ;
ઝાડ પડયો વૃષભે હણ્યો, સિંહ ભક્ષણે માન. ૧૮૦૧
વળી વતરડયો વન વરૂ, કે જન વિષકો ખાય ;
આપઘાત આદી સમજ, મૃતુ અકાળ મનાય. ૧૮૦૨

સદૃશ મૃત્યુ.

વૃદ્ધ સમય સ્ત્રીનૂં મરણ, પુત્ર હસ્ત ધન લેખ ;
અસન વધૂને વશ વસન, સદૃશ મૃત્યુ ત્રણ પેખ. ૧૮૦૩
નદી પાર જ્હેની કૃષી, નારિ કર્કશા ક્રૂર ;
અભ્યાસ સર્પને પકડવો, ત્હેને મૃત્યુ ન દૂર. ૧૮૦૪
જિર્ણ વૃક્ષની છાંય વળિ, જિર્ણ ભુવનમાં વાસ ;
જિર્ણ કૂપનૂં નીર સહ, મૃત્યુ ત્રણની પાસ. ૧૮૦૫

Scanned with CamSca

ગૃહિણિ દુષ્ટ શઠ મિત્ર વળિ, ઉત્તર દે નિજ ભૃત્ય ;
સર્પ સહિત ગૃહમાં વસવું, ચાર મૃત્યુ એ સત્ય. ૧૮૦૬
મૃત્યુ ડોલવૂં રાત્રનૂ, મૃત્યુ ભૂપ ત્રિય પ્રીતિ ;
મૃત્યુ વિપ્રના દોષથી, મૃત્યૂ નારિ પ્રતીતિ. ૧૮૦૭
તરુ ચઢવૂં તરવૂં સરિત, વળી અજિર્ણે ખાણું ;
શૃંગી વિષ પાવક નિકટ, એષટ્ મૃત્યુ પ્રમાણું. ૧૮૦૮
જિર્ણ અન્ન પ્રતિ દિન જમે, ભોગે વૃદ્ધા વામ ;
શૂર પુરાણો યુદ્ધથી, મૃત્યુતુલ્ય ત્રણ નામ. ૧૮૦૯

કર્મવીપાક.

પૂર્વ જન્મમાં જે કિધાં, પાપ કર્મ ચિત લાવ ;
આ જન્મે તે યોગથી, થાય રોગ દર્શાવ. ૧૮૧૦
તે રોગોની શાંતિ જપ, દેવ પુજનને દાન ;
બ્રહ્મ ભોજન સુઔષધે, થાયસુ આયુષ્યવાન ૧૮૧૧
બ્રહ્મહત્યાથી ક્ષૈથતો, રાજયક્ષ્મા જો નામ ;
મૃત્યુંજય અનુષ્ઠાન જપ, શિવ પૂજા અભિરામ. ૧૮૧૨
સુવર્ણ દાન કહ્યું સુગમ, શરિર તુલા સુવખાણ ;
એ પ્રકાર શાંતી કહી, કર્મવિપાક પ્રમાણ. ૧૮૧૩
પરદ્રવ્યાદિ હરે કદી, ભોજન કરતાં ભંગ ;
રોગ વિશૂચિકા રંકને, ઇચ્છા ભોજન પ્રસંગ. ૧૮૧૪
સ્વકુળ સુતા કદિ ભોગવી, ચોર્યૂ સુવર્ણ પેખ ;
મુત્રકૃછ્ર પ્રમેહ પર, દાન સુવર્ણનું લેખ. ૧૮૧૫
દેવળ ભંગ ધન ધાન્ય હર, મારિ માન મોડાય ;
પાન્ડુ રોગપર શાંતિ ભૂ, સાકર પાણી પાય. ૧૮૧૬
કઠોર પીડા જો કિધે, સોફા રોગ પ્રભાવ ;
જાસુદ હાર કરી પુજો, દેવ સમર્પણ ભાવ. ૧૮૧૭
મંત્ર જંત્ર વા ઔષધે, ગર્ભપતન જોકીધ ;
રોગ જળોદર શાંતિકર, પરબ પાણિ સુપ્રસિદ્ધ. ૧૮૧૮
હિંસા નિન્દા તો કિધે, થાય નાડિવ્રણ રોગ ;
ઉભયતોમુખી દાન ગૌ, જોઇ દિવસ શુભ યોગ. ૧૮૧૯

Scanned with CamSca

બાળ હત્યા કરવા થકી, ગર્ભ પતન નહિ વૃદ્ધિ;
દેવ બ્રાહ્મણ સુપૂજનો, કર્મવિપાક પ્રસિદ્ધિ. ૧૮૨૦
વિશ્વાસઘાત ગાળદે, પ્રાણઘાત કરનાર;
દેવદ્વિજ શાસ્ત્રાર્થપર, દોષારોપણ સાર. ૧૮૨૧
વણ વાંકે કરિ કેદનો, રીસ નિરર્થક દ્વેષ;
હોમકુન્ડ કે યાગ શુભ, વિઘ્ન ટળે સ્થળ દેશ. ૧૮૨૨
અરણ્યાદિ નાશક તદા, સન્નિપાત ને તેર;
સુવર્ણ તુલા વાપિ કુપ, દેવળ દાન ઝવેર. ૧૮૨૩
અશ્વદાન વળિ ગાર્ગમાં, બિલ્વ આમ્ર શુભ વૃક્ષ;
કર્મવિપાકે શાંતિ કહિ, વિચારજો કો દક્ષ. ૧૮૨૪
દેવ મૂર્તિ કોડે વળી, વર્ત્તી છેદ પ્રકાર;
સજ્જન પુરૂષને કહે, ખૂઠ ચોરને ખાર. ૧૮૨૫
મળ વ્યાધિ અતિસાર વળિ, કાસશ્વાસ વિચાર;
દેવળ બાગ તળાવ મહ, ભોમિ દાન પ્રિયકાર. ૧૮૨૬
ભોજન કરતો કોઈ જન, આય અધિક તવ દુઃખ;
ધરે થાય અશુચી સદા, દે અન્નોદક સુખ. ૧૮૨૭
છેદે કર પદ કર્ણ વળિ, શૂળી ચઢાવનાર;
આંખ ફોડવી ગાળિને, ને મારે બહુ માર. ૧૮૨૮
તો સત્તાવિશ ભવતની, શૂળ વ્યાધિ દર્શાય;
નિર્ભય માર્ગ શાસનકરી, બન્ધિવાન છોડાય. ૧૮૨૯
ફળ રસ નવીન દાનકરે, જળાશયસુ બન્ધાય;
હોમ શાન્તિ જપ વિપ્રને, ભોજન દાન કરાય. ૧૮૩૦
પડો દુઃખ ઇચ્છે કદી, કે દીધું બહુ દુઃખ;
વિશ્વાસઘાત ને કરે, કાસશ્વાસ અસુખ. ૧૮૩૧
શાન્તિ પીપળા પ્રદક્ષિણા, પ્રાયશ્ચિત્તથિ શુદ્ધ;
દેવ ગાય પૂજન અધિક, ગ્રહશાન્તિથી વિમુદ્ધ. ૧૮૩૨
પરસ્ત્રિ કન્યા ગાયનો, વિક્રય જે કરનાર;
વાયુ ઉપદ્રવ શાન્તિ મંથ, ગૌપ્રદાન સુખકાર. ૧૮૩૩
ઈશ્વર કથાન સાંભળી, કર્ણમૂળ તવ રોગ:
પંચગવ્ય પ્રાસન કરે, થાય અરોગિ નિરોગ. ૧૮૩૪

Scanned with CamScanner

પરદ્રવ્ય ઇંશુન્યથી, અપસ્માર દર્શાય ;
સવત્સ કપિલા ગાયનું, દાન કરે સુખ થાય. ૧૮૩૫
દેવ દ્વિજાદિક ભક્તિ ન્હે, દમ્ભ પણે ધરિ ક્રોધ ;
વ્યાધિ પેટમાં દાનદે, સુવર્ણ પ્રતિમા બોધ. ૧૮૩૬
સુતા મુનિસ.ન્હે પુત્રુપ, કુકર્મે કરતા રોઝ ;
પથરિ પિસાએ દુખ મહા, યાત્રા તીર્થ સુયોગ. ૧૮૩૭
પરદ્રવ્ય પરસ્ત્રી હરણ, વળિ નિન્દા કરનાર ;
નેત્ર રોગ શાંતી કરે, ચાન્દ્રાયણ ઘૃતસાર. ૧૮૩૮
રાજા ગી વળિ વિપ્ર વધ, ગૃહ જળ સ્થળનો નાશ ;
પરદ્રવ્યાદિક ધાન્ય ગુરુ, સ્વામિ કુટુમ્બ સ્ત્રી ખાસ. ૧૮૩૯
હરણ કરે તપ ક્રોધ વળિ, રાજયક્ષ્મા અતિસાર ;
મુત્રકૃચ્છ પાંડુર વળી, પથરિ પ્રમેહ વિચાર. ૧૮૪૦
શૂળ કાસ વર્ણાદિ દશ, રોગ તેમ દશ દાન ;
રોગ મુક્ત થૈ જગતમાં, પામે તે સન્માન. ૧૮૪૧
રાખ્યો દેહ અશુદ્ધ તપ, સંગ્રહણી દર્શાય ;
બીજાને અપશબ્દતો, ઢોં ગૌદાન અપામ. ૧૮૪૨
અનેક પ્રકાર વિલક્ષણ, જ્વર આવે તન જાણ ;
તે આપે પ્રિય દાન દશ, વળિ ગૌદાન બખાણ. ૧૮૪૩
પાન્ડુરોગ વા ક્રોધતો, હિ. કાન્ચન ગૌદાન ;
શ્વાસકાસ જ્વર હોય તો, શિવ પૂજાદિક માન. ૧૮૪૪
શૂળ ભગંદર શ્વાસ વળિ, પ્રમેહ ચિત્ત વિચાર ;
શાન્તી સુવર્ણ દાનથી, રોગ હઠે હિતસાર. ૧૮૪૫
સોજ વર્ણ પિત્તસ અને, દાહ જ્વર સહ ચાર ;
શાન્તી કરવાથી મટે, ચાર અનુક્રમસાર. ૧૮૪૬
ઓકરી પર જાણવું, અન્નદાન શુભ રીત ;
બ્રંશ રોગપર રાજ્યનું, જાણો દાન ખચીત. ૧૮૪૭
પ્રમેહ પથરી લવણનું, ગુલ્મ સુકન્યાદાન ;
રક્તપિત્ત ધી મધ ગણે, ક્રોધ સુધાતુ પ્રધાન. ૧૮૪૮
બ્રાહ્મણ ભોજન શૂળ પર, મંદાગ્નિ અગ્નિ સેવ ;
વર્ણ ઉપર પાંણી સિંચે, પિપળ શ્રીદમ્બર દેવ. ૧૮૪૯

Scanned with CamScanner

સંગ્રહણી અતિસાર પર, ચતુર્વિધ મહાદાન ;
બહુમુત્ર ગોદાન પ્રિય, નેત્રરોગ ઘૃતદાન. ૧૮૫૦
નાક રોગપર સુગન્ધી, પદાર્થ દાન ગણાય ;
ત્વચા રોગપર તેલ પ્રિય, એરિત દાન ભણાય. ૧૮૫૧
જિવ્હા રોગ ઉપર સદા, પટ્ટરસ દાન વિચાર ;
દંત રોગપર દલપતી, સ્તોત્ર પાઠ સુખકાર. ૧૮૫૨

॥ सामुद्रिक शास्त्र, ॥

દોહરા.

રમ્ય શિખર કૈલાશપર, શિવ પાર્વતિ સંવાદ ;
પ્રિય સામુદ્રિક શાસ્ત્ર શુભ, વરણું આદિ અનાદ. ૧૮૫૩
પાર્વતિજી પૂછે પ્રથમ, સ્ત્રી પુરૂષોના ચિન્હ ;
શુભાશુભ વરણુન કરો, પ્રિય લક્ષણ અવિચ્છિન્ન. ૧૮૫૪
તવ શિવ કૃપા કરી કહે, પ્રથમ પુરૂષ સ્ત્રી હસ્ત ;
વામ હસ્ત સ્ત્રી પુરૂષને, જાણે ચિન્હ સમસ્ત. ૧૮૫૫
સુખ દુખ આવરદા મરણ, સુબુદ્ધિ વિદ્યા ગર્વ ;
ધનવર ગૃહસ્ત્રી સુતસુતા, હસ્ત રેખમાં સર્વ ૧૮૫૬
એ વિન અનંત વાતનો, સાર જાણવા સારૂ ;
વિધિયે નિર્મ્યો ચિન્હ જ્યે, પ્રિય સામુદ્રિક ચારૂ. ૧૮૫૭
સામુદ્રિકમાં પ્રથમ કહું, હસ્તરેખ સુ વિચાર ;
સારાસાર વિચારિને, વરણું મતિ અનુસાર. ૧૮૫૮
શિવતાંત્રોક્ત સામુદ્રિકે, જ્ઞાન ગુહ્ય સુભાગ ;
દલપતિરામ વિચારતાં, કરે શોક નર ત્યાગ. ૧૮૫૯
જ્યે કર પ્હોંચ્યા મધ્યમાં, મત્સ્ય ચિન્હ પ્રત્યક્ષ ;
તો ધન વાહન પુત્ર સ્ત્રી, માન પ્રતિષ્ઠા લક્ષ. ૧૮૬૦

Scanned with CamScanner

તુલા દાડિ સહ વળિ કહું, ત્રાગ ચિન્ન ચોખૂણ ;
વજ્ર ચિન્ન ત્રણ હસ્તતો, વણજ સિદ્ધિ સંપૂર્ણ. ૧૮૫૧
પદ્મ ચાપ કે ખર્ગ વળિ, અષ્ટખૂણ નિર્માણ ;
તો તે નર ધનવાન બહુ, સામુદ્રિક સુપ્રમાણ. ૧૮૫૨
સ્ત્રી કર વામ કમળ જદા, રાજ રાણિ પ્રિય શુદ્ધ ;
પુરુષ હસ્ત ધનુ અષ્ટખુણ, પ્રજા પાળ વિરયુદ્ધ. ૧૮૫૩
શંખ ચક્ર ધ્વજ મત્સ્યથી, ન્યાકું ન્યાકું ફળ જોય ;
શંખ ચિન્ન કર મધ્ય તો , પ્રિય શાસ્ત્રજ્ઞ સુ હોય. ૧૮૫૪
ચક્ર ચિન્ન પંડિત યતો, ધ્વજાથિ વેદ વેદાન્ત ;
મત્સ્ય ચિન્ન વાણિ જય જય, થાય ધનાધિપ શાન્ત. ૧૮૫૫
શંખ ચક્ર ધ્વજ મત્સ્યઓ, સકળ ચિન્ન જો હસ્ત ;
તે નર નિગમાગમ સકળ, જ્ઞાતા શાસ્ત્ર સમસ્ત. ૧૮૫૬
કર મધ્યે જો ત્રિશુળ તો, નિશ્ચે રાજા થાય ;
જો કદિ અપૂર્ણ હોય તો, મંત્રેશ્વર કહેવાય. ૧૮૫૭
વળિ ધની ભ્રમાંતમા, ગૌ બ્રાંહ્મણ પ્રતિપાળ ;
જ્રી કરમાં કદિ હોયતો, ધન ગુણ ધર્મ કૃપાળ. ૧૮૫૮
શાંતી તોમર વહાણ વળિ, રથ ધ્વજ ચક્રાકાર ;
સકળ ચિન્ન સુ પ્રતાપથી, નરવર પદ સુવિચાર. ૧૮૫૯
અંકુશ કુંડળ ચક્રતો, ચક્રવર્ત્તિ રાજન ;
એક ચિન્નથી ન્યૂન સુખ, જે થકી બમાણું માન. ૧૮૬૦
ગિરી નેત્ર નરમુંડ પટ, દક્ષિણ કર દર્શાય ;
ચતુર ચિન્ન સુપ્રતાપથી, રાજ મંત્રિ સોહાય. ૧૮૬૧
દિનકર ચંદ્ર લતા નયન, અષ્ટખૂણ ત્રણખૂણ ;
મન્દિર ગજ વળિ અશ્વથી, રાજ સુખ સમ્પૂર્ણ. ૧૮૬૨
જો કદિ નજ મન્દિરતો, હસ્તી ડોલે દ્વાર ;
અશ્વ ચિન્ન જો હોય તો, હયશાળા સુવિચાર. ૧૮૬૩
કર અંગુષ્ઠ મધ્ય જો, યવ રેખા પ્રત્યક્ષ ;
વિદ્યા ધન ગુણ જ્ઞાન વળિ, બુદ્ધિ જન્મ શુદ્ધ પક્ષ. ૧૮૬૪
મધ્યમાંગુલી પ્રથની, મધ્યે યવ શુભ હોય ;
તે નર શ્રી ધન માન ગૃહ, ભોગી સંતતિ સોહ્ય. ૧૮૬૫

Scanned with CamScanner

અનામિકાના પૃષ્ઠની, મધ્યે યવ અભિરામ ;
દ્રવ્યવાન ગુણવાન સ્ત્રી, કીર્તિમાન તન કામ. ૧૮૭૬
દિવસ રેખિ આનન્દમાં, મન્દિર સુન્દર કામ ;
ભાગ્યશાળિ કુળમાં અધિક, કહે કવિ દલપતિરામ. ૧૮૭૭
કનિષ્ઠિકાના મૂળથી, છેટે આંગળ બેક ;
હથેળિમાં યે તર્જની, મૂળે ઠરે વિવેક. ૧૮૭૮
બે આયુષ્ય રેખા કહી, તૂટિ વા વચમાં બોલ ;
બાધીતો બાળઘાતછે, સામુદ્રિક પ્રિય બોલ. ૧૮૭૯
બે આયુષ્ય રેખા કહી, ઉપર ચઢી નમિ હોય ;
મળે કોટ કે વૃક્ષથી, પડે ઘાત જન જોય. ૧૮૮૦
બે આયુષ્ય રેખા કહી, ઠેઠ તર્જની મૂળ ;
સુખી અખન્ડ રતાશમાં, વય શત વિંશન ભૂલ. ૧૮૮૧
કર અંગુષ્ઠા પર કહી, ઉર્ધ્વ રેખ જો સ્પષ્ટ ;
છત્રપતી સેનાપતી, ધ્વજ પતાકા અષ્ટ. ૧૮૮૨
નિશાન ડંકો સાહ્યબી, શૂર વીર સરદાર ;
વય પંચાવન સાઠ શુભ, તીર્થે મૃત્યુ પ્રિયકાર. ૧૮૮૩
તર્જનિ મૂળે જો કહિ, ઉર્ધ્વ રેખ દર્શાય ;
રાજ દૂતમાં અતિ નિપુણ, રક્ષક શૂર સહાય. ૧૮૮૪
મધ્યમાંગુલીની થકે, ઉર્ધ્વ રેખ ગુણવાન ;
સુંદર સ્ત્રી ધન વૈભવી, પુત્ર પુત્રિ સન્માન. ૧૮૮૫
પ્હોંચેથી શુભનાગિકા, મુખી ઉર્ધ્વ જો રેખ ;
સુખી દુખી રહિ જગતમાં, સાધારણ સુખ પેખ. ૧૮૮૬
કનિષ્ઠિકાના મૂળમાં, ઉર્ધ્વ રેખ પ્રત્યક્ષ ;
તો લહેનું આયુષ્ય શત, વર્ષ લગી પ્રિય લક્ષ. ૧૮૮૭
કનિષ્ઠિકા થઇ રેખના, ન્યારા ન્યારા ભેદ ;
એક રેખતો યત્ન કરિ, પામે મુક્તી વેદ. ૧૮૮૮
બેરેખા દાતાર નર, ત્રણ રેખાથી જ્ઞાન ;
ચાર રેખથી રાજ સુખ, પાંચ જ્ઞાનિ વિદ્વાન. ૧૮૮૯
પદ્મ રેખાથી ચોધરી, રણ ક્ષેત્રે સન્માન ;
સપ્ત દરિદ્રી દ્રવ્ય વિણ, લોક ગાંલ અપમાન. ૧૮૯૦

Scanned with CamScanner

કનિષ્ઠિકાના મૂળમાં, ત્રણ રેખા અભિરામ ;
તે પદાર્થ ત્રણ.ભોગવે, ધર્મ અર્થને કામ. ૧૮૯૧
જો કદિ રેખા એક તો, થાય તેહ ધનવાન ;
બે રેખા ધર્મ્યાંતમા, ચાર અધિક સ્ત્રી માન. ૧૮૯૨
પાંચ રેખ જ્ઞાની થતો, કીર્તિવાન પ્રિયકારિ ;
વામ કરિ કર સુકનિષ્ઠિકા, પાસ હોય વ્યભિચારિ. ૧૮૯૩
મધ્યમાંગુળી મૂળ લગિ, આયુષ્ય રેખા સાર ;
તત્ર વય પંચોતેર જો, સામુદ્રિક સુવિચાર. ૧૮૯૪
આયુષ્ય રેખા જો કદી, મધ્યમાથિ બરિ દૂર ;
હથેળિ ગમ વય તત્ર વરસ, આડત્રીસ બારૂ. ૧૮૯૫
આયુષ્ય રેખા જો કદી, અનામિકા મુળ પાસ ;
હથેળિ ગમ વય રેખતો, ત્રીશ વર્ષમાં નાશ. ૧૮૯૬
જો બે વય સમિ રેખતો, ત્રેસઠ વર્ષ પ્રમાણ ;
સામુદ્રિક નિરખી કરે, દલપતિરામ વખાણ. ૧૮૯૭
આયુષ્ય રેખા સ્વલ્પતો, અલ્પાયૂષિ ગણાય ;
શ્યામ રંગ રેખા કદી, સુખિ દુખિ નિર્ધન બણાય. ૧૮૯૮
અંગુષ્ઠ તર્જની મધ્યથી, બે રેખા ગુણવાન ;
અખન્ડ માત પિતાનિતો, સપ્તાદ્ધ સંપ તું માન. ૧૮૯૯
કદિ તૂટક વા આવિ મળિ, બીજી રેખા હોય ;
તો કુસંપ માણાપમાં, કલેશ યુક્ત બન જોય. ૧૯૦૦
હથેળિમાં ત્રણ રેખ વંડિ, વચલી રેખ પિતાનિ ;
અંગુષ્ઠના તરફની, માતુ રેખ સુખદાનિ. ૧૯૦૧
માત પિતાની રેખને, હ્રાનિ અલ્પ આયૂષિ ;
વડી લાલ જો હોયતો, કહે અધિક આયૂષિ. ૧૯૦૨
માત પિતાની રેખમાં, ત્રિશુળ ચિન્ન દેખાય ;
તેનાં માત પિતા સદા, સ્વર્ગે જઈ સોહાય. ૧૯૦૩
માત પિતાની રેખની, મધ્ય ધણી જો રેખ ;
હ્રાની હ્રાની હોય તો, વ્યાધી નિર્ધન લેખ. ૧૯૦૪
માત પિતાની રેખની, મધ્ય શુન્ય વત ચિન્ન ;
મહા દરિદ્રી જાણવો, જો અધીક અવિચ્છિન્ન. ૧૯૦૫

Scanned with CamScanner

માત પિતાની રેખની, મધ્યે ગદા ત્રિશૂલ ;
ચક્ર અષ્ટખુણ શંખ કે, ત્રિશળાદિ સમ્પૂર્ણ. ૧૯૦૬
એ રીતે જે ચિન્ન તો, બુદ્ધિ વિવેક યશપૂર ;
સુખી રહે જગમાં વિદિત, કીર્તિવન્ત જયશૂર. ૧૯૦૭
કર આંગુળિ દશના ગણી, વેદા શુદ્ધ તમામ ;
ત્રણથી ભાગ દઈ જુઓ, તો ફળ શ્રુતિ છે આમ. ૧૯૦૮
ભાગાકાર રકમ કદી, આવે જો અગિયાર ;
કે આવે જો બાર તો, ધન ગુણ સુખ સંભાર. ૧૯૦૯
એ રીતે ગણતાં કદી, ભાગરકમ જો તેર ;
રોગિ દુખી ધનહીણ વળિ, અન દાંતને વેર. ૧૯૧૦
પંદર જો ભાગાંક તો, વડો ચોર ચિત ધારિ ;
જો આવે કદિ સોળ તો, ઠગ વળિ ધૂર્ત જુગારિ. ૧૯૧૧
જો આવે સત્તર કદી, મહાપાપિ અભિમાનિ ;
અઢારશ ભાગાંક તો, સૌ પ્રકાર સુખદાનિ. ૧૯૧૨
ઓગણીશ ભાગાંક તો, બુદ્ધિવાન ગુણવાન ;
જો આવે કદિવિંશ તો, યોગિ તપસ્વી માન. ૧૯૧૩
એકવિંશ ભાગાંક તો, જ્ઞાનિ મહાત્માશિષ્ટ ;
તેજસ્વી વિખ્યાત જગ, ગણુતા લોક વરિષ્ટ. ૧૯૧૪
લક્ષણ રેખા કર્મની, આંગળિ માંહ વિચાર :
ચાર ચાર પ્રત્યેકમાં, વેદા ગણ સુખ સાર. ૧૯૧૫
આઠ ચોક બત્રીશ છે, તે લક્ષણ ગુણ વાન ;
સુખ દુખ એથિ ગણાયછે, વળી રાજ સન્માન. ૧૯૧૬
એકત્રીશ કદી યતો, તે પ્રાણી દુખિ દેહ ;
કર્મહીનજ મલીન તન, કવિ કોવિદ મત એહ ૧૯૧૭
તેત્રિશ વા છત્રીશ તો, અન ધન સુખ સમ્પત્તિ ;
સદા રહે આનંદમાં, ભોગે નહીં વિપત્તિ. ૧૯૧૮
એક ચક્ર વાચાળ પ્રિય, બે થકિ ગુણ હારિદ્ર ;
ત્રણ ચક્રે વાણિજ્યમ ધન, ચાર ચક્ર દારિદ્ર. ૧૯૧૯
પાંચ ચક્ર સુ વિલાસિ નર, છ રસ કામ પ્રકાશ ;
સાત ચક્ર સુખકર સદા, સામુદ્રિક સુવિલાસ. ૧૯૨૦

Scanned with CamSca

આઠ ચક્ર રોગી અને, કરે કષ્ટનાં કામ ;
નવ ચક્રે રાજા સુપ્રિય, દશ થકિ સિદ્ધિ તમામ. ૧૯૨૧
એક શંખ નર નારિ સુણિ, બે શંખે દારિદ્ર ;
ત્રણ શંખે નિર્ગુણિ લહો, ચારથિ ગુણ હારિદ્ર. ૧૯૨૨
પંચ શંખ નિર્ધન ગણો, પદ્મ સંખે સરદાર ;
જગ જન જાણો જય તે, વ્યાપે યશ તરવાર ૧૯૨૩
સપ્ત આદિ ને અંત દશ, શંખ હોય એ રીત ;
દાસ ગૃહે જન્મો કદી, રાજા થાય ખચીત. ૧૯૨૪
એક સીપ ગુણવન્ત નર, બે સિપ થતા દક્ષ ;
ત્રણ સિપ ધનાઢય જગતમાં, ચાર ગુણી યશ લક્ષ. ૧૯૨૫
ચાર સીપથી અધિક ને, દશ પર્યંત જણાય ;
રીદ્ધિ સીદ્ધિ સુખ સર્વદા, ભક્ત પુરૂષ ભણાય. ૧૯૨૬
પ્હોંચે રેખા એક ધન, બે થકિ પંડિત જણ ;
ત્રણ રેખા શુભ ભાંત નર, ચાર દરીદ્રિ પ્રમાણ. ૧૯૨૭.
કરતળ રેખા જેહની, મરીમાંહ્ય સમાય ;
સિદ્ધિ સિદ્ધિ દાતા સુખી, નિશ્ચે રાજા થાય. ૧૯૨૮
ભલા ભોગિ નર જાણિયે, પાસુ કરતળ તલ હોય ;
તો નિશિ દિન ચિન્તા કરે, મહાદુખી દુખ જોય. ૧૯૨૯
અરૂણ રંગિ નખ હોયતો, પુત્રવાન ધનવાન ;
ઉત્તમ ગૃહ સુવિલાસિનર, સદા સુખી સન્માન. ૧૯૩૦
કાળા નખ જે હોય તો, તે નર જાણ કુશીલ ;
મહાદુખી જન જાણિયે, વળી હોય બેદીલ. ૧૯૩૧
શ્વેત રંગિ નખ હોયતો, અધિક દુખી તે હોય ;
જ્વર પીડા વ્યાપે સદા, કદી ન તે સુખ જોય. ૧૯૩૨
પીતરંગ નખ પુરૂષના, તે પરદેશ મુકામ ;
ઘેર રહે નહિં તે કદી, ચિન્તા નિત ધન ધામ. ૧૯૩૩
નીલા નખ જે પુરૂષના, તે પાપી નિત્ય જણ ;
સદા દુખી જે શાસ્ત્ર શુભ, સામુદ્રિક સુવખાણ. ૧૯૩૪
લાલ નયન નખ લાલતો, શુભલક્ષણયુક્તે એહ ;
મહા સુખી નર જાણિયે, કાન્તિમાન પ્રિય દેહ. ૧૯૩૫

Scanned with CamSca

ફણાકાર કર હોય તો, તે નર ચતુર સુજાણ ;
ભોગી ધન સંગ્રહ સુખી, સામુદ્રિક સુપ્રમાણ: ૧૯૩૬
પત્રાકાર કર હોય તો, તે નરને સન્માન ;
રાજ ભોગ સુખ સાહ્યબી, ન્યાય સત્ય રાજાન. ૧૯૩૭
કર સુમન્ડળાકાર તો, તે નર દુખી વિશેષ ;
નિત્ય ગુલામી તે કરે, કદિ ગૃહ જન્મ નરેષ. ૧૯૩૮
લાંબો હસ્ત વિચિત્ર નર, ટુંકા ભુજનો દાસ ;
હોય સુશિળ સોહામણો, નહીં સ્તુતી સુપ્રકાશ. ૧૯૩૯
કર જમણો લાંબો જદા, શર પરાક્રમ સાર ;
જો ડાબો કદિ લંબતો, કાયર નર સુવિચાર. ૧૯૪૦
ઊંચ કપાળે શંખ સમ, ઝીણા ઝીણા ચિન્ન :
ભ્રમર કડણ વા ભાળમાં, અર્ધ ચંદ્ર અવિચ્છિન્ન. ૧૯૪૧
ઓરિત ચિન્ન સુ હોયતો, નિર્ધન ગૃહ અવતાર :
પરંતુ ધન ગૃહ માનસહ, સુખ પામે સંસાર. ૧૯૪૨
કદિ કપાળપર સીપ સમ. નાડી યે ગે હોય ;
વંચક ભક્ત સુવેષથી, અતિથ વિરાગી સોહ્ય. ૧૯૪૩
પાપ કર્મમાં પણ પ્રવૃત, લોકોમાં વિખ્યાત :
કમળ ચિન્ન કદિ ભાળપર. શ્રેષ્ઠ ગૃહસ્થે ખ્યાત. ૧૯૪૪
ઊંચું કપાળ ધનાઢ્ય નર. દુખીજ નીચુ ભાળ :
અર્ધચંદ્ર સુકપાળ નર. કોવિદ ભણે ભુપાળ. ૧૯૪૫
કપાળ મધ્યે ખાડજો. આસપાસ ઊંચાણ :
વધ કરવાને યોગ્ય તે, દુષ્ટ ક્રૂર જન જાણ. ૧૯૪૬
કપાળ ન્હાનું હોયતો, તે કંજૂસ ગમાર ;
સ્વચ્છ ભાળપર રેષ ત્રણ, શતાયુ વદતા સાર. ૧૯૪૭
કદિ કપાળ પર ચાર તો, શ્રેષ્ઠ રાજ સુખકાર :
પાંચ રેષ કદિ ભાળપર, વય પંચાણું વિચાર. ૧૯૪૮
કપાળપર કદિ રેષ નહિં, તો વય નેવુ ભણાય ;
કદિ રેષા ઘણિ મળિ ગઇ, તો લંપટજ ગણાય. ૧૯૪૯
વળિ પરધન ચોરિ ચહે, મહાપાતકી લેખ:
કરે ન કો વિશ્વાસ જન, સામુદ્રિક મત પેખ. ૧૯૫૦

કપાળ ઊંચે વાળમાં, કદી રેખ જો હોય ;
આવરદા ઓંશી વરસ, સુખી જગત જન જોય. ૧૯૫૧
પાંચ પાંચ વા દશ દશસુ, ગોળગોળ થૈ રેખ ;
કદિ એકાદશ કે સુધી, અથવા અગણિત લેખ. ૧૯૫૨
એ રીતે રેખાજનો, આયુ વર્ષ ચાળીશ ;
ભૃકુટી થડમાં એકતો, આયુષ્ય ગણતા ત્રીશ. ૧૯૫૩
કપાળ ડાબી બાજુએ, હાનિ હાનિ મળિ લેખ ;
રેખા તો વય વીંશ છે, ઋષિ મુનિ જન મત પેખ. ૧૯૫૪
ભમર ઉપરની રેખ જો, બીજચંદ્ર સમ હોય ;
આવરદા પરિપૂર્ણ છે, વિંશોત્તરશત સોહ્ય. ૧૯૫૫
ભૃકુટી ઉપર રેખા કદિ, અર્ધેન્દુચંદ્રાકાર ;
લલાટ ઊંચે રોમવણ, રેખા સ્પષ્ટ વિચાર. ૧૯૫૬
એ રિત રેખા હોય શુભ, તો રાજા ગુણવાન ;
વિવિધ ભોગ ભોગે વદે, બંદીજન યશ ગાન. ૧૯૫૭
વાંસ પત્ર વા પત્ર સમ, જો સ્ત્રિ નાસિકા ઊંચ.
હરિત રોમ સમ રોમ વળિ, તેમ ગળું પણ ઊંચ. ૧૯૫૮
એ રીતે સ્ત્રી નિરખતાં, અશુભ ચિન્હ કહેવાય ;
સામુદ્રિક શુ વિચારતા, બાહુસ કઠિન હગાય. ૧૯૫૯
કક્ષા પીપળા પત્ર સમ, સુગંધિ ઊંચે રોમ ;
સુખદાયક ફળ શ્રેષ્ટ છે, હોય નહીં એ ક્રોમ. ૧૯૬૦
જો એ રીત નહોય તો, દરિદ્રતા ફળ જોય ;
અપુત્રવાન સદા રહે, સુતા સંતતી હોય. ૧૯૬૧
મેદહીન ભુજ લંબતો, તે સુખદાયક ચિન્ન ;
આજાનુબાહુ જનુ લગિ, ભુજા લંબ અવિચ્છિન્ન ૧૯૬૨
રાજા થૈ સુખ ભોગવે, પરદુખભંજન પવિત્ર ;
પન્ડિત પ્રિય યુદ્ધે જીતે, ધર્મકાર્યમાં મિત્ર. ૧૯૬૩
હરિત શુંડ સમ લંબ કર, કુંવાટિ સુખદ ભણાય ;
જો ભુજ ટુંકા વાળ બહુ, દારિદ્રીજ ગણાય. ૧૯૬૪
અધર વર્તુલાકાર પ્રિય. મેદયુક્ત શુચિસાર ;
કંઠ કોકિલા ચેતરદ, શ્રેષ્ઠ ચિન્ન સુખકાર. ૧૯૬૫

Scanned with CamScanner

હય હસ્તીને કલ્પતરુ, યવ આયુધ નગ લેખ ;
સ્તંભ ધ્વજા માલા અને, ચામર કુન્ડળ પેખ. ૧૯૬૬
તોમર સ્વસ્તિક કમલ રથ, મન્દિરાદિ અવિચ્છિન્ન ;
નરનારી કર પદ નિરખ, શ્રેષ્ઠ સુખી જો ચિન્ન. ૧૯૬૭
કર પદ દીર્ઘ મણિબંધ પણ, સ્થૂળ સૂખ સામાન્ય ;
કરતળ કમળા કારતો, રાજ સૂખ ધન ધાન્ય.. ૧૯૬૮
પ્હોંચાથિ મધ્યમાંગુળી, સુધી ઉર્ધ્વ જો રેખ ;
તેમ પદે પણ હોયતો, સકળ સૂખ પ્રિય પેખ. ૧૯૬૯
કનિષ્ટિકા થડમાં કદી, એક ન્હાનિ જો રેષ ;
શતાયુ તેથાતો વળી, દલપતિ કહે વિશેષ. ૧૯૭૦
અનામિકા વા મધ્યમા, થડે હોય એ રીત ;
તો પતિવ્રતા સ્ત્રી થકી, પુરુષ પતિવ્રત નીત. ૧૯૭૧
ધર્મશીલ ગુણવાન ધનિ, જગ પ્રસિદ્ધ નર તેહ ;
સત્યવાદિ સુખ ભોગતો, શુભ લક્ષણ જો એહ. ૧૯૭૨
અનામિકા ત્રણ પર્વથી, કનિષ્ટિકા સરસાઇ ;
તો જાણો નર બાપથી, સૌ વાતેજ સવાઇ. ૧૯૭૩
અંગુષ્ઠાનિ નીચે ઝિણી, સેળ ભેળ થૈ રેષ ;
તો આયુષ્યજ અલ્પછે, પૂર્ણ રેખથિ વિશેષ. ૧૯૭૪
અંગુષ્ઠાનાં મૂળમાં, લઘૂ દીર્ઘ જો રેખ ;
દીર્ઘ તેટલા પુત્રછે, લઘૂ સુપુત્રી લેખ. ૧૯૭૫
એક રેખ માથે ધની, જુગલ પન્ડિત પ્રમાણ ;
ત્રણ રેખા ભૂપતિ ભણું, ચાર સુયોગિ વખાણ. ૧૯૭૬
એક રેખ વય વીંશ ગણ, યુગ્મ ચાળિશ વિચાર ;
ત્રણ રેખાથી સાઠછે, ચાર એંશિ નિર્ધાર. ૧૯૭૭
એક રેખગ્રિવ આયુ બહુ, યુગલ રેખ ગુણવાન ;
ત્રણ રેખા નાયક ધની, ચાર રેખ ધીમાન. ૧૯૭૮

સોરઠા છંદ.

જ્હેનાં લોચન લાલ, ત્હેને તારુણિનાં તજે ;
જો ગૃહ લક્ષ નિવાસ, લોચન પીળાં કનકશાં. ૧૯૭૯

નેત્ર તેજ શોભાગ્ય, દંત તેજ ભોજન ભલું ;
ત્વચા તેજ વડું ભાગ્ય, પાગ તેજ વાહન લહે. ૧૯૮૦
દીર્ઘ લિંગ દારીદ્ર, સ્થૂળ લિંગ હોયે દુખી ;
કૃશલ લિંગ હારિદ્ર, જાણો તે રાજા સુખી. ૧૮૮૧

દોહરા.

ઉર વિશાળનો ધન અધિક; શિર વિશાળ નર નાથ ;
કટિ વિશાળ તો પુત્ર બહુ. પદ વિશાળ સુખ સાથ. ૧૯૮૨
દશ ભમરા ભોગી ધની, વળી વિશેષ વિચાર ;
મધ્યમાંગુલીનો ભમર, તથા કનિષ્ઠિકા સાર. ૧૯૮૩
ચક્ર તર્જનીયે ભલું. શીપ કનિષ્ઠિકા લેખ ;
સારૂં ફળ એ આપતાં. ચતુરં ચિન્ન પ્રિય પેખ. ૧૯૮૪
પદાંગુલી તર્જનિ કહી, અંગુષ્ઠાથી વાધિ ;
તો બહુ વનિતા સુખ લહે, નટેન આધી વ્યાધિ. ૧૯૮૫
અધિક હોય અંગુષ્ઠથી. જો અનામિકા નામ ;
તે વિદ્યા ભોગી લહે, સકળ સુખ ધન ધામ. ૧૯૮૬

અઠ્ઠાવિશ કુલક્ષણ.

કામ ક્રોધ નષ્ટક્રિયા, દુરવાદી અતિ લોભ,
લંપટ લક્ષ્મી હીન વળિ, વિદ્યા રહિત અશોભ. ૧૯૮૭
અતિ આળસ નિદ્રા ઘણી, દુષ્ટ દયા કર હીન ;
સૂમ દરિદ્રી જાણિયે, રોગી સદા મલીન. ૧૯૮૮
દે કુપાત્ર ને દાન વળિ, મરણ દાન દ્રઢ નાંહિ ;
ભોગી સર્વન સમજણો. સકળ શાસ્ત્ર નિજ માંહિ. ૧૯૮૯
અતિ અહાર પ્રિય જાણિલે, અહંકાર મય દેખું ;
મહા કુલક્ષણ નરતણાં, એહ અષ્ટવિશ લેખું. ૧૯૯૦

બત્રીસ સુલક્ષણ.

શુક્લ રૂપ વળિ શીલ ગુણ, સત્ય પરાક્રમ જાણ ;
શુચી આત્મ અભ્યાસ નિત, વેદ વિચાર પ્રમાણ. ૧૯૯૧

Scanned with CamSca

શાસ્ત્રજ્ઞાન જ્ઞાની પરમ, પૂર્ણ પરત્રિય ત્યાગ;
માનવાન લોકેશ વળિ, છે દાસત્વ વિભાગ. ૧૯૯૨
વિદ્યા પુષ્ટિ વખાણિયે, પ્રિય વાદી શુભ અંગ ;
આત્મ કામ સૂક્ષમ અધિક, ગુણ પરિપૂરણ સંગ. ૧૯૯૩
માત પિતા ગુરુ ભક્તિ દ્રઢ, મન વચ કર્મે માન ;
રૂપ કર્ણ ઈન્દ્રીયજિત, દાતા ધર્મ નિધાન. ૧૯૯૪
નિદ્રા અલ્પ દેવાર્ચની, સ્વલ્પાહારી સોત્ય :
બત્રિશ લક્ષણ યુક્ત કો, વિરલા જગમાં હોય. ૧૯૯૫

શ્રીરામચન્દ્ર ચર્ણ ચિન્ન.

દક્ષિણ પાગનિ મધ્યમાં, ઉર્ધ્વ રેખ છે સ્વચ્છ ;
વામ પાગ સરજૂ નદી, અવિચ્છિન્ન પ્રિય અચ્છ. ૧૯૯૬
એ બે પાદ સુચિન્નના, પ્રકટ વખાણ સુ લેખ ;
તેના અંતર લક્ષથી, મન વિચાર શુભ પેખ. ૧૯૯૭
સ્વસ્તિક વસૂ ત્રિકોણ શ્રી, હળ મૂશળ અહિ જાણ :
બાણાવરને અષ્ટ દળ, પંકજ પ્રિય ઉર આણ. ૧૯૯૮
કલ્પ વૃક્ષ અંકુશ ધ્વજા, મુકુટ ચક્ર શુભ રેખ ;
સિંહાસન યમદન્ડ સહ, ચામર છત્ર સુ પેખ. ૧૯૯૯
રથ વળિ સુંદર વજ્ર છે, યવ અંગુષ્ટ સુવૃદ્ધિ :
ઉર્ધ્વ રેખની વામદિશિ, લક્ષણ લક્ષ પ્રસિદ્ધિ. ૨૦૦૦
શુભ સોહેનર મુન્ડ વળિ, યવ માલા અભિરામ :
ચતુર્વિંશ પ્રિય ચિન્ન એ, લક્ષ દક્ષ પદરામ. ૨૦૦૧
ગોક્ષુર પૃથ્વી કુમ્ભને, વિજય પતાકા લક્ષ ;
જાંબુ ફળ શશિકળ નિરખ, શંખ ષટ્ખુણ પ્રત્યક્ષ. ૨૦૦૨
ત્રયખુંણિ સુખદાયક ગદા, છે લક્ષણ સુખકન્દ ;
સરજૂ દક્ષિણ ભાગમાં, એ ચિન્નો શુભ વન્દ. ૨૦૦૩
શક્તિ સુધા શર ત્રિવલિને, મીન પૂર્ણ વિધુ બિમ્બ ;
વીણા બંશી ધનુષ વળિ, લક્ષ નયન પ્રતિબિમ્બ. ૨૦૦૪
તૂણ મરાલ શુભ ચન્દ્રિકા, ધરે શીષ અભિરામ ;
કવિ કોવિદ મત ચિન્ન શુભ, રામચન્દ્ર પદ વામ. ૨૦૦૫

જે જે દક્ષિણ રામ પદ, ચિન્ન જણાતાં દક્ષ ;
તે તે સીતા વામ પદ, દેખાતાં પ્રત્યક્ષ. ૨૦૦૬
જે જે રામ તણા કહું, વામ ચરમાં ચિન્ન ;
તે તે પ્રિય સીતા તણા, દક્ષિણ પદને ભિન્ન. ૨૦૦૭

શ્રીકૃષ્ણચંદ્ર ચર્ણ ચિન્ન.

છપ્પય છંદ.

ઉર્ધ્વ રેખ શુભ છત્ર, ચક્ર યવ કમલ ધ્વજ સાર ;
અંકુશ કળશ સુચામ, ચાર સ્વસ્તિક જાંબૂવર,
અષ્ટખૂણ અગિયાર, દક્ષ પદ લક્ષણ જાણો ;
વામ પાદ આકાશ, શંખ વળિ ધનુષ વખાણો,
ગૌ પદ ત્રિકોણ ઘટ ચાર શશિ, મીન આઠ શુભ ચિન્ન એ ;
શ્રી દ્વારિકેશ અવતારિ પ્રભુ, સોડષકળા સંપન્ન એ. ૨૦૦૮

દોહરો.

સર્વ લક્ષ સામુદ્રિક, લક્ષણ લક્ષ અપાર ;
તેમાંથી સંક્ષેપ કરિ, કહ્યાં બુદ્ધિ અનુસાર. ૨૦૦૯
સામુદ્રિક છે રાજ પ્રિય, તપ્તસિંહ મહારાજ ;
રાજ્ય સાહ્યતા વણ મહંત, દ્રવ્યપતિ પાપ ન કાજ. ૨૦૧૦

॥ શાલીહોત્ર શાસ્ત્ર. ॥

યાને

અશ્વ પરિક્ષા.

પ્રથમ મસ્તક લક્ષણ.

દોહરા.

જે રૂપ મસ્તક શ્રંગ સમ, ચિન્ન હોય તવ લેખ ;
દીર્ઘ ખોડ ધણિને દુખી, કરતો વિશેષ પેખ: ૨૦૧૧

કર્ણ બેયમાં ભમરતો, શુન્ય મસ્તક ભણાય ;
આયુષ્ય પંચ વર્ષનું, જીવ્યે દુઃખ જણાય. ૨૦૧૨
કર્ણમૂળ બે કર્ણપર, ભમર હોય પ્રત્યક્ષ ;
સંપત્તિ સકળ નાશકર, લેતા કદીન દક્ષ. ૩૦૧૩
દ્વેકર્ણ સર્વે વાજિને. પરન્તુ ત્રિકર્ણ જ્ઞેય ;
ત્રિકર્ણે વાજિંયિ જન દુખી, હરિશ્ચંદ્ર સમ હોય. ૨૦૧૪

કપાળ પરિક્ષા.

ઉંચ ત્રિકોણ કપાળ કે, ભમર ત્રિકોણ કપાળ ;
લાવ્યા થકિ દારિદ્રતા, ચતુર તપાસો ભાળ. ૨૦૧૫
કપાળ ઉતરડ એકપર, એક એક એમ ત્રણ ;
હોય ભમર તવ સ્વામિનું, નિશ્ચે લાવે મર્મ. ૨૦૧૬
ઉપરા ઉપરી હોય બે, ભમર તપાસો ભાળ ;
સ્વામી ઘાતક અક્ષ એ, બોડ વિચિત્ર કપાળ. ૨૦૧૭
કપાળમાં બે ભમરની, હાર ચિમટ દુશ્ચિન ;
હોય તજી શુભ લાવતાં, શાલિગ્રોત્ર સંપન્ન. ૨૦૧૮
એકલરંગ શરીર વળિ, શ્વેત ચાંદલા ભાળ ;
બોડ તપાસો એ બરી, નહિંતો ઝડપે કાળ. ૨૦૧૯
જુજવા રંગી ચાંદલા, મુખપર હોય વિચાર ;
બોડ અર્જલી તે.કરે, સકળ સંપતિ ખુવાર. ૨૦૨૦

નેત્ર પરિક્ષા.

એક નેત્ર ઊત્તમ અને, એક નેત્ર જ ળધાર ;
કેરા બોડ કરે બરે, સ્વામીનો સંહાર. ૨૦૨૧
લોચન નીચે ભમરતો, કહે લોચના વર્ત ;
અશ્વ પરિક્ષક કદિનલે, ન્હે જીતે બહુ સર્ત. ૨૦૨૨
દ્વે લોચનનિ કડણ નિચે, ભમર વા જળે પ્રવાહ ;
અશ્રુકાળ ગણતા ગુણી, લેતાં પ્રગટે.દાહ. ૨૦૨૩
કહાં-લોચન કે ઉર ઉપર, અથવા ગળે વિચાર ;
ગુંજ ગોળિ સમ ચિન્નતે, ઉરગળિ દુખદ અપાર. ૨૦૨૪

Scanned with CamScanner

નાશિકા લક્ષણ.

મુખપર શ્વેત પટા સરિખું, ત્રુટક ત્રણ સ્થળ તેય ;
શાલિહોત્ર કહે તૂટપટા, ધણિને અતિ દુખ દેય. ૨૦૨૫
નાક ઉપર ઉજ્વળ ટિલો, શ્વેત શાલશૂક ખોડ ;
શાલિહોત્ર કહે ધણિતણા, મોડે મનના કોડ. ૨૦૨૬
નાક ઉપર બે ભમરતો, કહે નાશિકાવર્ત ;
દાન આપવો તે ભલો, રાખ્યે હોય અનર્થ. ૨૦૨૭

મુખ પરિક્ષા.

એક રંગિ હયને જુઓ, પણ મુખ ઊપર શ્યામ ;
કાક મુખી અતિ નષ્ટકર, રાખો અરચિન દામ. ૨૦૨૮
જે હયનું મુખ સર્પસમ, અશ્વિમુખ વદતા દક્ષ :
પરિક્ષિતનો તે કાળયે, લાગ્યો ઓ પ્રત્યક્ષ. ૨૦૨૯
ભમર હોય હય દાઢપર, કહે દાઢ સાંકળ ;
દુખદાયક અશ્વિને ઘણો, કરે સગાળ નિર્બળ. ૨૦૩૦
મેઢક સમમુખ અશ્વનું, મેઢક મુખિ અભિધાન :
ગોપટ સમમુખ કિર મુખી, કરે ગોડ એ વ્યાન. ૨૦૩૧
નિચલા હોઠથિ ઉપરનો, હોઠ લુગસ જો હોય :
ખરમુખ વા વાનર મુખી, ચતુર તપાસી જોય. ૨૦૩૨
એ બોડો અતિ આકરી, વાંકીનૂ મુખ શ્યામ ;
કરે નષ્ટ વદતો નકુલ, શાલિહોત્ર મુખ ધામ. ૨૦૩૩
મંડુક કિર ખરને ગણો, ચતુર વંણી લંગૂર ;
ચાર બોડ અતિ નષ્ટકર, રાખે નહિં કો શૂર. ૨૦૩૪
હોઠ હોઠ મેળવિ કરી, અશ્વહિંસે બહુ નેહ ;
માલિક કુળ વિધ્વંસ કર, વિનાશ કરતા એહ. ૨૦૩૫
હોય દંત મુંની અશ્વતે, અધિક દંતિ કહેવાય ;
પંચ દંત જે અશ્વને, હીન દંતિ દુખદાય. ૨૦૩૬
અષ્ટ દંત અભિધાન તે, સ્વાગી ઘાતક જાણ ;
એ ત્રણ બોડ વિચારતા, શાલિહોત્રજ સુજાણ. ૨૦૩૭

Scanned with CamScanner

લગામં મુખમાં આપતાં, જીભ કહાડતો બ્હાર ;
ઉપજાવે તે સાલ અતિ, ખોડ સર્પિણિ વિચાર. ૨૦૩૮
ગુરૂ ઉપરના દંત વળિ, નીચેના લઘુ ધાર ;
કરાળ વદની કહત કવિ, ચતૂર ચિત્ત વિચાર. ૨૦૩૯
લંબ નીચલા દંતને, ઉપલા ઠુમસજ ભાળ ;
બળિ ચાંપ્યો પાતાળમાં, વદે વદન વિકાળ. ૨૦૪૦
ચાઠું કૃષ્ણ જો તાલુપર, કૃષ્ણ તાલુકા નામ ;
ખોડ ધણીનાં પ્રાણલે, બાંધો નહિં કો ધામ. ૨૦૪૧
ખાતાં ચંદી ચાર હય, ડોલે મસ્તક કાન ;
ડંખિક ખોડ ગણત ગુણી, કુળ ક્ષય કરે નિદાન. ૨૦૪૨

કંઠ પરિક્ષા.

ગળા નિચેનો લોથડો, લટકે કૌસ્તુકિ જાણ ;
મહા હાનિ કરતા ગણે, લેય પતિના પ્રાણ. ૨૦૪૩
જો હય કંઠે ભમરતો, હયકંઠી અભિધાન ;
સ્વામીને સુખ કર સદા, પુત્ર પૌત્ર ધન માન. ૨૦૪૪

હૃદય પરિક્ષા.

હૃદય ઉપર જે અશ્વને, લંબ રેખ જવ સ્હોય ;
તંવ ત્હેને કહે દેવમન, ધણિને અતિ સુખ હોય. ૨૦૪૫
પાંચ નેત્ર સહ હૃદય પર, ભમર સુચિત્ર ગણાય ;
પંચમુખી ગુણિજન મુખે, ઉત્તમોત્તમ ભણાય. ૨૦૪૬

ડોક પરિક્ષા.

કાન સમિપ વા પાસ જો, વાળ ગુચ્છ દર્શાય ;
દોષ નથી એ ચિત્રનો, શાલિહોત્ર સરસાય. ૨૦૪૭
સ્કંધે ભમરજ હોયતો, ખોડિલખાદ્ય કહંત ;
બન્ધુ સ્વામિ બે સમરમાં, પડતા લહે ધિગંત. ૨૦૪૮
અધોમુખી જો ગોમ તો, લેનારો સુખિથાય ;
ઉર્ધ્વમુખી જો ગોમતો, લેનારો દુખિ થાય. ૨૦૪૯

સ્કંધ ઉપર જો ગોમતો, વેચનારને દુઃખ;
અગ્નિહોત્ર સંભાળતાં, સદા ઊપજે સુખ. ૨૦૫૦
સર્વાંગે વા પગ ઉપર, ઉર્ધ્વ ગોમ દે દુઃખ;
અધોમુખી ધણિને ભલી, સદા કરે તે સુખ. ૨૦૫૧

બાલ પરિક્ષા.

બાલ પડે જો બાજુપર, બગણી હાણી જાણ;
હ્રાસ લોચન દુખી કરે, સર્વ વાતની તાણ. ૨૦૫૨
લંબ બાલ જો બર સુધી, બરપર વાળી સુલંબ;
રેમ તેહ ચિન્તામણી, જય યશરલે અચંભ. ૨૦૫૩

પૃષ્ઠ પરિક્ષા.

પીઠ ઉપર જો બાજુયે, બમર હોય તવ જાણ;
સયનગંઠ અભિધાન તે, ધણિને સુખદ સુજાણ. ૨૦૫૪
પીઠ ઉપર જો બમરતો, આસન બોય કહંત;
સ્વામી ઘાતક રણ વિષે, રાખો નહિ ગુણ વંત. ૨૦૫૫
એકરંગિ તહકે બુઓ, ઝણક પડે હય અંગ:
તવતે ઉત્તમ રાખવો, કર ન તે રંગ બંગ. ૨૦૫૬
એકરંગિ હયની ઝણક, બ્યાઘ્ર સમી દર્શાય;
બ્યાઘ્રહાંત અતિ દુખ કરે, સ્વામીનિજ સદાય. ૨૦૫૭
ચાર ચર્ણ જો શ્વેતછે, તેમ મુખપટો શ્વેત;
કહે પંચ કલ્યાણિ શુભ, રાખો ધણિને હેત. ૨૦૫૮
એક રંગિ હય હોય પણ. પીઠ પટો જો શ્વેત;
તે હરિ નામ રહ્યું પડે, સ્વામી ઘાત સમેત. ૨૦૫૯

પુચ્છ પરિક્ષા.

પુચ્છ પાસ જો બમરતો, પુચ્છાવર્ત બણાય;
સ્વામી ઘાતક દોષ એ, કાલિહોત્રથિ જણાય. ૨૦૬૦
પુચ્છ દાંડિ જો હય ધરે, એક બાજુજ સમારિ;
સન્માર્જનિ તેહને કહે, ધણિને કરે બિખારિ. ૨૦૬૧

Scanned with CamSca

પુચ્છ દાંડિના મુળનિચે, મધુશ્રાવ જો થાય;
સર્વસ્વનાશ સ્વામિનૂં, જનં જગમાં દર્શાય: ૨૦૬૨
પાછળ પુઠ્ઠા પર ભ્રમર, દલભંજન અભિધાન;
સમરમાંહા સ્વામી તણા; દળનો ઘાણ નિદાન. ૨૦૬૩

અંગ પરિક્ષા.

એકરંગિ હય ચાંદલા, રક્ત નીલ પિત શ્યામ;
ખોડ અંજનિથિ વન વસ્યા, સિતા અનુજ સહ રામ. ૨૦૬૪
એકરંગિ હય ચાદલો, ડાબી કૂખે રક્ત;
રક્તાન્જનિથી ઘર ખુડે, ધણિને કરે અશક્ત. ૨૦૬૫
એકરંગિ હય હૃદય પર, કૃષ્ણ ચાંદલો જોય;
કાળાંજનિ રાખો ન પ્રિય, સ્વામી ઘાતક હોય. ૨૦૬૬
એકરંગિ હય ચાંદલા, પીતરંગિ બે કાંખ;
પીતાંજની લગાડતા, માલિક કુળને ઝાંખ. ૨૦૬૭
એકરંગિ હય ચાંદલા, જો પાંસળિ પર શ્વેત;
શ્વેતાંજનિ રાખો ન કદિ, માલિકને દુખ દેત. ૨૦૬૮
ચતુરાન્જનિ રાવણ ગૃહે, આવ્યે થયો ભિખારિ;
સતી સિતાનો ચોર ઠરિ, વળિ કરિ સ્વકુળ ખુવારિ. ૨૦૬૯

ઉદર પરિક્ષા.

સ્વારથતાં બે બાજુયે. ભ્રમર ઉપર જો પાગ;
તલાવર્તથી સ્વામિનૂં, પ્રકટે સદા અભાગ. ૨૦૭૦
પેટ ઉપરની રેખ પર, ભ્રમર હોય તવ ગોમ;
આગળ મુખ લેનાર દુખિ, વળિ કરતો બેફોમ. ૨૦૭૧
પાછળ મુખ જો ગોમતો, વેચનારને દુઃખ;
શાલીહોત્ર સુજાણને, સદા ઊપજે સૂખ. ૨૦૭૨
તંગ પાસ પેટનિ નિચે, ભ્રમર હોય તવ જાણ;
કહે શિંપિલા ખોડ પણ, સુલભા કહે સુજાણ. ૨૦૭૩
પેટ તણી બે બાજુ પણ, એક બાજુપર લેખ;
ભ્રમર ખોડ સામાન્યતે, ધણિને સુખદજ પેખ. ૨૦૭૪

Scanned with CamSca

નૃષણ સમિપ જો ભમરતો. અંડાવર્ત ગણાય;
એહ ખોડ સામાન્યછે, અવગુણ નહીં જણાય. ૨૦૭૫
પેટ નિચે જો ગોળિ સમ, ચિન્ન હોય પ્રત્યક્ષ;
રતન ગણતા ગુણિ તેહને, કરે સ્વામિનો ભક્ષ. ૨૦૭૬
એક અંડ પણ ખોડછે, ધણિને અતિ દુખ દાઇ;
શાલિહોત્ર સંકેતથી, કોઇ ન રાખે ભાઇ. ૨૦૭૭
એકરંગિ હય પણ ગળે, શ્વેત ચાદલો જોય;
એકરંગિ અતિ નષ્ટ કર, રાખો નહિં જન કોય. ૨૦૭૮
ગંગાપટ પેટનિ નિચે, પ્રવાહ સરખો હોય;
તેમધ્યે મ્હોટો ભમર, હોય સ્વામિ સુખ જોય. ૨૦૭૯
કાંખમાંહિં જો ભમર તો, કક્ષાવર્ત ભણાય;
સકળ કાર્ય વિદ્વંશકર, ધણિને અશુભ જણાય. ૨૦૮૦
બે બાજુના પાવડા, નીચે ભમર વિચાર;
એહ ખોડ સામાન્યછે, ધણિને સુખદ અપાર. ૨૦૮૧
પૃષ્ઠનિ બે બાજુ ઉપર, ભમરા અંગાવર્ત;
બે જાનૂપર ભમરતો, ગણતા ખીલાવર્ત. ૨૦૮૨
અંગાવર્ત તથા ગણો, ખિલાવર્ત એ બેય;
ખોડ દોષ સામાન્યછે, સ્વામીને સુખ દેય. ૨૦૮૩
કૂખાવર્ત કૂખે ભમર, હોય ખોડ સંભાળ;
રાજ્ય ભ્રષ્ટ કૈ થે ગયા, વિક્રમ સમ મહિપાળ. ૨૦૮૪
જંઘ ઉપર જો ભમર તો, જાનુવર્ત સુવિચાર;
દોષ નહીં સામાન્ય એ, ખોડ સુખદ સંસાર. ૨૦૮૫
આગળ પૂટણપર ભમર, ખુંટા ઉપાડ વિચાર;
હયશાળા વિદ્વંશકર, રહે એકલો સાર. ૨૦૮૬
ચતુષ્પાદ હય માત્રને, કદિ પંચમ દુશ્ચિન્ન;
અતિ નગીત તે હયન લે, શાલિહોત્ર સંપન્ન. ૨૦૮૭
એકલ રંગ શરીર પણ, શુભ પાછલા પાગ;
શાલિહોત્ર અરજલ કહે, સહસા કરે અભાગ. ૨૦૮૮

અથ ચતુર્જાતિ અશ્વ લક્ષણ.

પૂર્વ દિશાના હય સદા, અબળ અલ્પ આયુષ્ય;

શાલિહોત્ર સંભાળતાં, ઠગાય નહિ માનુપ્ય. ૨૦૮૯
તેજવંત બળવંત બહુ, દિશા દક્ષિણે વાજિ ;
ચોવિશ વર્ષ જિવી કરે, સ્વામીનૂ મન રાજિ. ૨૦૯૦
પશ્ચિમના હય ઉચ્ચ અતિ, પુષ્કળ કરે આહાર ;
સમરે કોને તે જિવે, વર્ષ અઠ્ઠાવિશ સાર. ૨૦૯૧
ઉત્તરના બળવાનને, નિરોગિ હય ગુણવાન ;
કરિ કલ્યાણ જિવે અધિક, ત્રીશ વર્ષ સન્માન. ૨૦૯૨

વર્ણ લક્ષણ.

દુગ્ધ સુગંધી વિપ્રને, પવિત્ર કરતો ધામ ;
ભાત સુગંધી ક્ષત્રિ તે, રક્ષણ કરતા દામ. ૨૦૯૩
ઘી રંગ સુગંધિ વૈશ્યને, મધ્યમ દુષ્ટ સ્વભાવ ;
મચ્છ રંગધિ શૂદ્રને, કરે કાર્ય ચિત લાવ. ૨૦૯૪
શાલીહોત્રનુ નકુલ કૃત, પ્રિય અશ્વાલંકાર ;
પ્રકટ પંચમોધ્યાય શુભ, અશ્વચિકિત્સા સાર. ૨૦૯૫
ગોપાલકુલ ગદાધરશ્રી, તખ્તસિંહ અભિરામ ;
ગુર્જર ભાષામાં રચ્યું, શાલિહોત્ર સુખ ધામ. ૨૦૯૬

काव्यशास्त्र संबंधी.

વાણી વર્ણન.

દોહરા.

સકળ છંદસ વદત જન, છંદસ વદત કવીશ ;
યમકાલંકૃત રસ ભરી, સમજે સુજન મુનીશ. ૨૦૯૭

છંદસ લક્ષણ.

છન્દસમાં બે ભેદછે, કહું ગદ્ય સુણિ પદ્ય ;

Scanned with CamSca

પાદ રહિત તે ગયછે, પાદ પદ્યમાં સદ્ય. ૨૦૯૮

પાદ લક્ષણ.

વર્ણ મત્ત સંખ્યા મળ્યે, પાદ કહે કવિ વ્રન્દ :
સંસ્કૃતમાં નહિં પ્રાકૃતે, પ્રાસ અધિક સુખકંદ. ૨૦૯૯

યતિ લક્ષણ.

એક પાદમાં આવતાં, સ્થાન ચિન્ન વિશ્રામ :
બે થકિ વધતાં આવતાં, તે ઓળખ યતિ નામ. ૨૧૦૦

વર્ણ વર્ણન.

ગુરુ લઘુ એ બે ગણ ગણો, શબ્દ બ્રહ્મથી આદિ ;
ત્રણ ત્રણ વર્ણ લઇ રચે, કવિ પિંગળ મગણાદિ. ૨૧૦૧

લઘુ વર્ણન.

અ ઇ ઉ ઋ ઌ એ પાંચ લઘુ, લૈક આદિ તેત્રિશ ;
વળી ગુરૂ લઘુ બોલતા, તે લઘુ ગણે કવીશ. ૨૧૦૨
જોડાક્ષરાદિ વર્ણ વળિ, અનુસ્વાર ગુરુધાર ;
લઘુ ઉચરાતા ત્યાં લઘુ, પ્રાકૃત મત સુવિચાર. ૨૧૦૩

ગુરુ વર્ણન.

આ ઈ ઊ એ ઐ અને, ઓ ઔ સંયુક્તાદિ ;
અનુસ્વાર વિસર્ગ સહ, કાદિ તેત્રિ ગુરુ નાદિ. ૨૧૦૪

કવિની ત્રણ રીતિ.

એક સત્ય વર્ણન કરે, બીજિ જૂઠિ સરદાર ;
ત્રિજી નિયમ પ્રમાણ સમ, રચતા કવિ સુવિચાર. ૨૧૦૫

પ્રથમ સત્ય યથા.

ચંદન વૃક્ષે ફૂલછે, સુવર્ણ માંહિ સુગંધ ;
સેરડિમાં ફળ જાણવાં, એજ સત્ય પ્રતિબંધ. ૨૧૦૬

Scanned with CamSca

મિથ્યા યથા.

પ્રસવતિ વંઝા સત શત, તૃષ્ણા જળ ગંભીર;
સકળસિન્ધુ મૌક્તિક ભર્યો, મરૂસ્થળમાં અતિ નીર. ૨૧૦૭

નિયમ યથા.

વરણે ઝાઝ સમુદ્રમાં, ગિરિ ગેબ્બર વિત્રાળ; ——
નયન કુગળ સમ સુખ કરણ, મનહર બાલતિ બાળ. ૨૧૦૮

કવિની ત્રણ કળા.

ધાર્ષ્ટ્યું પાઠી પ્રસાદી ત્રણ, કવિકુળ કળા પ્રકાશ;
વિરતારી વ્યાખ્યા રચે, પન્ડિત કરી પ્રયાશ. ૨૧૦૯

ધાર્ષ્ટ્યું યથા.

અર્થ વર્ણ ન્યમ સ્થમ ધરે, દોષ અતી દર્શાય:
તેહ કળા ધાર્ષ્ટ્યું લહો, કહે ગદાકવિરાય. ૨૧૧૦

પાઠી યથા.

કાવ્ય પાઠ સામર્થ્યથી, તાણિ તુણિ રચે છંદ;
ક્ષીર નીર ભણિ સ્વાદ વણ, પાઠિકળા અતિમંદ. ૨૧૧૧

પ્રસાદિ યથા.

નગ અમ્બુજ પાંખડિ ખિલી, પણ ન થાય તે દૂર;
નગ શબ્દાર્થ સુહાગિણી, કળા પ્રસાદિક પૂર. ૨૧૧૨.

કવિતાના ગુણ વર્ણન.

શુદ્ધ શબ્દ રચના સરળ, પ્રકટ અર્થ રસ રીત;
અલંકાર ગુણથી ભરી, સુણતાં ઉપજે પ્રીત. ૨૧૧૩

કવિની શક્તિ વર્ણન.

કવિતા કારણ પૂર્વભવ, સંસ્કાર સુવ્યુત્પત્તિ;
ગિમ્ર શક્તિ અભ્યાસથી, થાતી કવિતા શક્તિ. ૨૧૧૪

Scanned with CamScanner

કવિની બુદ્ધિ વર્ણન.

અર્થ નવિન પદ પ્રસનતા, યુક્તિ અનેક પ્રકાર ;
સકળ વાતમાં બુદ્ધિબળ, તે કવિ બુદ્ધિ અપાર. ૨૧૧૫

કવિની વ્યુત્પત્તિ.

કોશ વ્યાકરણ ધર્મ ધન, કામ શાસ્ત્ર સુપ્રવૃત્તિ ;
જગરિત યથાર્થ મતમતી, અસામાન્ય વ્યુત્પત્તિ. ૨૧૧૬

કવિનો અભ્યાસ.

ગુરૂનિકટ જે નિત્ય રહિ, રચે કાવ્ય ધરિ પ્રીત ;
વળી ભણાવે શિષ્યને, એ અભ્યાસ પુનીત. ૨૧૧૭.

કવિતાના સપ્ત ફળ.

સુયશ વળી ધન ચાતુરી, ત્રિય સમ કરે વિનોદ ;
હરે પાપ મન વશ કરે, દેય મોક્ષપદ મોદ. ૨૧૧૮

કવિનો મત.

યમક ચિત્ર વળી શ્લેશમાં, [illegible] ગણિ એક ;
અનુસ્વાર સુવિસર્ગની, ઘાત દોષ ન વિવેક. ૨૧૧૯

કુકવિ લક્ષણ.

દોષ સહિત કવિતા કરે, પરકૃત છંદનિ ચોરિ ;
અઘટિત વચનો જોડતા, સુકવિ સાથ બળજોરિ. ૨૧૨૦

સપ્ત દશ કાવ્ય દોષ.

દોષયુક્ત પન્ડિત તજે, કવિતા વનિતા જાણ ;
પય સાકરમાં વિષ મળે, પીતાં તજતા પ્રાણ ૨૧૨૧
અંધ બધિરને પંગુ વળિ, નગ્ન મૃતક યતિ ભંગ ;
અગણ હીન રસ હીન ગ્રામ, વ્યર્થ અપાર્થ પ્રસંગ. ૨૧૨૨
દેશકાલ આગમ વિરુધ, કર્ણકટૂ પુનરુક્તિ ;
લોક વિરોધી નવ રચો, કવિજન કવિતા યુક્તિ. ૨૧૨૩

Scanned with CamSca

પંધ વિરોધિ અંધ લક્ષણ.

ઉડધનથી રવિ શોભતો, મૃગગણથી મૃગરાજ ;

અવિરોધી લક્ષણ.

રવિથી ઉડધન ભાસતા, મૃગપતિથી મૃગ આજ. ૨૧૨૪.

શબ્દ વિરોધી અધીર લક્ષણ.

ધર્મી રાવણ જાણતો, જનકિને નિન્દગાય ;

અવિરોધી લક્ષણ.

દુષ્ટ રાવણે અદ્રિસિતા, ગૃદ્ધિણિ કાજ હરિ જાય. ૨૧૨૫

છંદ વિરોધી પંગુ લક્ષણ.

છંદ ભંગજ કવીતા, કરે કવિ મતિ મન્દ ;

અવિરોધી.

જેમ તેમ કુકવિરચી, માંને સાચા છન્દ. ૨૧૨૬

અલંકાર હીન નગ્ન લક્ષણ.

દોડતિ આવે ભામની, નન્દકુંવરની પાસ ;

સાલંકાર લક્ષણ.

દોડી ભેટિ ધનશ્યામસું, જ્યમ ઘન વિજળિ વિલાસ. ૨૧૨૭

અર્થહીન મૃતક લક્ષણ.

લોલ વિલોલ કુલોલ કળ, અમળ વિમળ અતિ ગમ્ય ;

સજીવ લક્ષણ.

લાલ લોલ લોચન કળા, અમળ કમળથી રમ્ય. ૨૧૨૮

યતિ ભંગ લક્ષણ.

કૃષ્ણ કૃપા કરિને કૃપણ, તાહ્યારી હરિ લેય ;

Scanned with CamSca

યતિ દ્રઢ લક્ષણ.

કૃષ્ણ કૃપાકરિ કૃપણતા, દૂરકરી સુખ દેય. ૨૧૨૯

અગણ લક્ષણ.

જ ત ર સ ચાર અગણ ગ્રહે, વિપ્ર સદા ત્યાં હોય ;

સુગણ લક્ષણ.

ચાર સુગણ ન ભ મ યુ ગ્રહે, વિપ્ર વદંત નવ કોય, ૨૧૩૦

હીન રસ લક્ષણ.

પ્રીતમ અતિ ચાતુરિ કરે, પણ ઝાંખે નહિં નાર ;

સુરસ લક્ષણ.

દેખતાંજ દૃગ મળિ રહ્યાં, નીર ક્ષીર સુવિચાર. ૨૧૩૧

હીન ક્રમ લક્ષણ.

ભૃકુટી ધનુષ કટિ કેશરી, નયન કમલ સોહાય ;

યથા ક્રમ લક્ષણ.

ભૃકુટિ ધનુષ પંકજ-નયન, અધર બિમ્બ અલકાય, ૨૧૩૨

વ્યર્થ લક્ષણ.

પિયૂ રાંધિયે ખીચડી, ભેળિ ભાત મગ ભાષ ;

સાર્થક લક્ષણ.

કામિનિ કરજે ખીચડી, પાપડ સાક સજાઈ. ૨૧૩૩

અપાર્થ લક્ષણ.

કાયર રોગી મઢિમાં, સકળ મહો અહિ લેય ;

શુદ્ધાર્થ લક્ષણ.

સકળ મહોની જ્યોતિને, સૂર્ય ઢાંકિ પ્રિય દેય. ૨૧૩૪

Scanned with CamScanner

દેશવિરોધી લક્ષણ.

વહે ગોમંતી કાશિમાં, લંકાં ક્ષિમગિરિ જ્યાંય ;

અવિરોધી લક્ષણ.

લંકાં દક્ષિણ સિન્ધુમાં, ગોમતિ યદુપુરિ ત્યાંય. ૨૧૩૫

કાલવિરોધી લક્ષણ.

આંબા પાકે આશ્વિને, જ્યેષ્ઠે બાજરિ પેખ ;

અવિરોધી લક્ષણ.

આંબા પાકે જ્યેષ્ઠમાં, બાજરિ આશ્વિન પેખ. ૨૧૩૬

આગમવિરુદ્ધ લક્ષણ.

પરણે સન્યાસી ત્રિયા, શુદ્ર ભણે સન્યાસ ;

આગમોક્ત લક્ષણ.

પરણે દ્વિજોત્તર કન્યકા, દ્વિજ થૈ યતિ તજ ત્રાસ. ૨૧૩૭

કર્ણ કટુ લક્ષણ.

પ્યારા પ્રીતમ છો વધૂ, ત્યજ સાપિણિ ને સાપ ;

કર્ણ મિષ્ટ લક્ષણ.

ત્યજ ચક્રોરિને ચન્દ્ર પ્રિય, ત્યજ પ્રિય મુજને આપ. ૨૧૩૮

પુનરુક્ત લક્ષણ.

સોરઠો.

આવ્યા સ્વામીનાથ, પતિજી આપ કૃપા કરો ;

અપુનરુક્ત લક્ષણ.

ભામિનિયે ભરિ ખાય, નહિં જાવાદવું પ્રાણપ્રિય. ૨૧૩૯

Scanned with CamScanner

લોકવિરોધી લક્ષણ.

દોહરો.

વ્યભિચારિણિ નૃપ રાણિને, કહે પ્રજ્ઞા સતિભામ ;

અવિરોધી લક્ષણ.

નૃપતિ પ્રિયા સતિને પ્રજ્ઞા, ગાત કહી હરખાય. ૨૧૪૦
દોષ સમદશથી અધિક, કાવ્યમાં ન દર્શાવ્ય ;
દલપતિ સકલ ધિમંત કવિ, કરે અદોષિત કાવ્ય. ૨૧૪૧

વર્ણછંદ પરિભાષા.

દોહરો.

પાદ ચરણ પદને કહે, છેદ વિરતિ વિશ્રામ ;
યતી કહે વળિ ગણ સમજ, એક વર્ણથી નામ. ૨૧૪૨
એક વર્ણ તે હ્રસ્વ કહું, દીર્ઘ કોઈ સ્થળ હોય ;
મન માનામન સુરૂપથી, મગણ નગણ પ્રિય જોય. ૨૧૪૩
છંદ નામ વૃત્ત નામ વળિ, વૃત્ત વર્ણ મત અંક ;
સૂત્રપાદને લઘુ ગુરૂ, ચિન્હ પ્રથમ ગણ અંક. ૨૧૪૪
એક છંદના નામ બે, ચાર હોય પ્રિય બનણ ;
ટિકા યતીના અંક મળી, દશવિધ છંદ પ્રમાણ. ૨૧૪૫
સંખ્યાવાચક શબ્દના, નામ શાસ્ત્રથી લેખ ;
વળી ટિકાથી મૂળના, માર્ગિક અંક સુપેખ. ૨૧૪૬
વર્ણ છંદને વર્ણવું, બ્રહ્મના પ્રદછે ચાર ;
તેમાં છે ત્રણ ભાગ વળિ, વિભાગ પણ સુખદાર. ૨૧૪૭
સમસુ અર્ધસમ વિષમ છે, એ ત્રણ જાણો ભાગ ;
ઉક્તાદિક દંડક કવિત, સમમાં ત્રણજ વિભાગ. ૨૧૪૮
નથી અર્ધ સમમાં કહું, વિષમ માંહ્ય છે ચાર ;
પદ્મચતુર્ધ્વસુ ઉદ્ગતા, પ્રચુપિત ગાથા સાર. ૨૧૪૯
એકથિ લૈ પચ્ચવિંશ લગિ, ઉક્તાદિક વૃત ધામ ;
સમ વિંશથી શતાધિક, વર્ણથિ દંડક નામ. ૨૧૫૦

Scanned with CamScanner

એકત્રીશ બંત્રીશને, કવિત કહે કવિરાજ;
વર્ણ છંદ શાસ્ત્રાર્થ પ્રિય, પરિભાષા શિરતાજ. ૨૧૫૧

હરિગીત છંદ

જો સમ ભાગે ઊકતાદિકમાં પ્રથમ વૃત્ત ઉક્તા ગણો,
શ્રીછંદ એકજ અત્યુક્તામાં સ્ત્રી વા કામ મધૂ ભણો;
અષ્ટાવૃતે મંદર અને પ્રિય નારિ મૃગિ ત્રણ છંદ છે,
પ્રતિષ્ઠા વૃત્તે વાર સમુદ્ધા કન્યા કુમારિ નંદ છે. ૨૧૫૨
સુપ્રતિષ્ઠામાં હંસા પદ્મિ વિલાસ પિયા નામ છે,
હારીય બંધો સમોદ્ધાસહ પાંચ છંદ અભિરામ છે;
ગાયત્રિમાં કામલતા શશિ મુખિ વા શશિ વદના લેખતા,
ત્રિગોદ્ધા અર્ધ કામ મોદ્ધિની વાસ્તવ્યિણિ કવિ પેખતા. ૨૧૫૩
અર્ધભુજંગિ વા શોભનાછ હરિ શંખાણુ બનણુતા,
શંખ નારિ સહ ચાર એ પ્રિય નામ ચતુર્દાજ વખાણુતા;
અર્ધ તોટક વા જિલ્લ તિલકા ત્રણ ભેદ કવિ ઉર આણુતા,
માલતી મંથાન તનુ મધ્યા વસુમતી સુપ્રમાણુતા. ૨૧૫૪
સોમકુલ શશિવૃતાદિક એ એકાદશ છંદો કહ્યા,
ઉષ્ણિકૃતે સામાનિકા વળિ કલિતા કરહ બને લહ્યા;
કુમાર લલિતા મધુમતિ અને ચૂડામણિ પ્રિય ચિતહરા,
હંસમાલા મદલેખા સુભગ ઉષ્ણિકૃતને નવ છેબરા. ૨૧૫૫
અનુષ્ટુપ વૃતમાં ત્રયોદશગણ ચિત્રપદાને કામતા,
માલતી તુંગા કમલ વિરાજે વિદ્યુન્માલા બે મતા;
બીજુ માલા કહે કોઈક બંજા મલ્લિકા માલિકા,
ત્રણ નામ અર્ધ નારાચના જો નગસ્વરૂપિણિ પ્રમાણિકા. ૨૧૫૬
વળિ બાણવક ને હંસરૂતછે વિનાન નારચ પ્રિય ગણો,
છંદ ત્રયોદશ અનુષ્ટુપમાં કવિ કોવિદ જન બે ભણો;
બૃહતિ વૃતે રત્નકરા તોમર સારંગ ભિન્ના સારછે,
મણિ બંધ વા મણિ મધ્ય રાજે હલમુખી પ્રિયકારછે. ૨૧૫૭
ભુજગશિશુસ્મુતા ભદ્રિકા સહ અષ્ટ બૃહતિવૃતે લહે,
પંક્તિ વૃતે દશ પ્રથમ પાવક સંયુગતા કવિજન કહે;

Scanned with CamScanner

રુકમવતી વા ચંપકમાલા બિન્દુ વિરાટ પણુંવ કહ્યા,
મયૂરસારિણિ મત્તા છંદજ મનોરમા હંસી લહ્યા. ૨૧૫૮
ત્રિષ્ટુપ વૃત્તે ચોવીશ દોધક શાલિની શુભ લેખતા,
ઇન્દ્ર વજ્રા ને ઉપેન્દ્રવજ્રા ઉપજાતિ પ્રિય પેખતા;
આખ્યાનકી ને ઉપસ્થિત વળિ ચપળા સુ મુખી નામછે,
આર્દ્રા અનુકુલા વા સાન્દ્રપદા સ્વાગતા અભિરામછે. ૨૧૫૯
વિબુધવંદિતા વાનોર્ગી વળિ અશ્વવિલાસ વખાણુતા,
અમરવિલસિતા રથોદ્ધતા શુભ વૃત્તા બ્રાદ્રિકા જાણુતા;
રથેનિકા શિખન્ડિત ઉપસ્થિત ઉપચિત્રાને કહ્યુંછે,
ત્રિષ્ટુપ વૃત્તે એ ચતુર્વિંશતિ એકાદશ પ્રિય વર્ણુંછે. ૨૧૬૦
જગતી વૃત્તે પ્રિય ચંદ્રવર્ત્મ વા ચન્દ્રવર્તન વંસસ્થછે,
ભાક્તિકદામ વા મોતિદામજ ઇન્દ્ર વંશ પ્રશસ્યછે;
ઇન્દુવંસા પણ કહે કોઈક ત્રોટક વા તોટક ગણે,
દ્રુતવિલમ્બિત પુટ વળિ પ્રભા વા પ્રમુદીત વદના ભણે. ૨૧૬૧
કુસુમવિચિત્ર સુવસંતચલ્વર વલ્લોદ્ધત ગતિ સારછે,
ભુજંગપ્રયાત વા ભુજંગી સ્ત્રગ્વિણી સરદારછે;
કામમોહિની વા ચંદના સ્ત્રગ્વિણિ સહિત નામછે,
પ્રિયવંદા ને પુષ્પવિચિત્રા મણિમાલા પ્રિય ધામછે. ૨૧૬૨
લલિતા પ્રમિતાક્ષરા ઉત્પલા વૈશ્વદેવી લેખતા,
વલયધરમાલા નવમાલિની વળિ તામર ગોદક પેખતા;
માલતી સપલસુ રામણીયક મેના વળિ અભીધાનછે,
તરલનયન સહ ત્રિશંત છંદો વગતિ વૃત્તે સન્માનછે. ૨૧૬૩
અતિજગતીકૃત ત્રયોદશાક્ષર છંદ ચતુર્દશ શોભતા,
ક્ષમાપ્રહર્ષિણી ઉપસ્થિત વળિ રુચિર દિક પ્રિય ઓપતા;
મત્ત ગયુર વા માયા એ બે મંજુભાષિની વાગછે,
મંજુભાષિણી અને નંદની ચન્દ્રિકા અભિરામછે. ૨૧૬૪
તારકને કલિહંસ પ્રભાવતિ કુંધા પંક્તાવલિ ભણે,
ચતુર્દશાક્ષર શક્વરી વૃત્તે ગસંબાધા પ્રિય રણે;
અપરાજિતા વળિ પ્રહરણકલિતા વસંતતિલકા છંદછે,
સિંહોન્નતા મધુ માધવી વા ઉદ્ગર્ણિ પ્રિય મંદછે. ૨૧૬૫

Scanned with CamScanner

જો અલોલા ને ઇન્દુવદના કુટિલમતિ પથ્યા ભણે,
હંસસેની લીલા ચક્રપદ ગોપ છંદ ગુણી ગણે;
અતિ શક્વરિ વૃત પંચ દશાક્ષર અષ્ટાદશ પ્રિય છંદછે,
શશિકલા-ભ્રક મણિગુણનિકર વા માલા નામ અમંદછે. ૨૧૬૬
સારંગિકા વા કામક્રીડા માલિની માનનિ કહે,
પ્રભદ્રક અને કવિરતિરેલા ચંદ્રલેખા કવિ લહે;
વૃષભ સુકેશર ચંદ્રરેખા મૃદંગ પમંગલ મણી,
ચામર નિશંપાલિકા નિશ્ચલ શોભા ભ્રમરાવલિ તણી. ૨૧૬૭
મનહંસ સહ અષ્ટાદશ છંદો અતિશક્વરિ વૃત સારછે,
જો અષ્ટિવૃત ષટ્ છંદ અભિનવ જગવિલસિત પ્રિયકારછે;
વાણિની અશ્વગતિ નીલ નામ ત્રિજું વિશેષ પ્રમાણતા,
નારાચ નામસુ પંચ ચામર ચંચલા શરભ વખાણતા. ૨૧૬૮
વર્ણ સપ્તદશ અત્યષ્ટિવૃત્તે શિખરિણી પૃથ્વી ગણે,
પ્રિય વંશપત્રપતિતસુ હરિણી મંદાક્રાન્તા કવિ ભણે;
નરકુટક કોકિલ વાણિની વળિ રૂપમાલ સુમોહને,
સુધાધારા દલપતિ પ્રિયકર માલાહરા તન શોભને. ૨૧૬૯
અષ્ટાદશાક્ષર ધૃતિવૃતે શુભ પ્રથમછે કુસુમિતલતા,
નારાચ તારક ચંદ્રકુળ કવિ ચંચરી ચર્ચરિ છતા;
સારસ્વતી મંજિરા ક્રીડા ચક્ર છેલ વખાણતા,
અતિધૃતિવૃત્તે ષટ્ છંદો પ્રિય ઓગણિશાક્ષર જાણતા. ૨૧૭૦
પ્રથમે મેઘવિસ્ફુર્જિતાછે શાર્દુલવિક્રીડિત ગણે,
વળિ ઝૂલના મુનિ ચંદ્રમાલા શક્ર ષટ્ છંદો ભણે;
કૃતિવૃત વિંશાક્ષર ગીતકા વા મુનિશેખર મત ભાખતા,
જોસુવદના વૃત છંદ શશિધર ગંડિકા ગુણિ દાખતા. ૨૧૭૧
મનોભવ સહ કૃતિવૃતે ષટ્ પ્રિય છંદ દલપતિ જાણતા,
પ્રકૃતિવૃતે ત્રણ છંદ અભિનવ સ્રગ્ધરા ઉર આણતા;
નરિન્દ્ર શુભતા છંદો પ્રિયકર એકવિંશાક્ષર લેખતા,
આકૃતિવૃત દ્વાવિંશાક્ષરે ત્રય ભદ્રક મદિરા પેખતા. ૨૧૭૨
સર્વગામીછંદ સુંદર પ્રિય છંદ નવ વિકૃતિવૃતે.
પ્રિયલલિત મત્તાક્રીડ કેકનિશારદા કલિકા કૃતે;

Scanned with CamSca

વળિ વર્ણવાયેશ્વરિ શોભા વા ઇન્દ્રવિજય પ્રખ્યાતછે,
મલિકા અને સુંદરી શોભે સહાસહ નવ જાતછે. ૨૧૭૩
ચતુર્વિંશાક્ષર સંકૃતિવૃતે છંદ સુંદર સાત છે,
કિરીટ વા કીરત વળિ તન્વા મહાભુજંગપ્રયાત છે;
દેવ પણ કેા કેાવિદ કહે છે વૈકુન્ઠધામા નામછે,
દુમિલા વા દુમેલા વખાણે પછિ સુખદા અભિરામછે. ૨૧૭૪
નેહપાલ સહ સપ્ત નૈાતમજ અભિકૃતિવૃત્તે આપ્તછે,
હરિછંદ દાસ ત્રૈાંચપદા વળિ કળાકુશળજ રપષ્ટછે;
અરવિન્દમુખિ સુમિલા અને પ્રિય પ્રિયકર ગુણુમાલાધરા,
જો ચાર સહ શુભ આપ છંદેા પંચ ઉત્કૃતિયે ખરા. ૨૧૭૫
ભુજંગવિજૃમ્ભિત અપવાહાખ્ય ભુજંગેરિત કિશેારછે,
વિલાસ સહ પદ્ વિંશાક્ષર કવિ અક્ષરવૃત શિરમેારછે;
ઉક્તાદિ સમભાગે પ્રથમ જો પદ્વિંશવૃત્ત.. રસાળછે,
દ્વિતિય વિભાગે દંડક વૃતમાં પાંચ છંદ વિશાળછે. ૨૧૭૬

દેાહરા.

સમભાગે દંડક ભણું, દ્વિતિય વિભાગ વિચાર;
પાંચ છંદ કવિજન પ્રથમ, ચંડવૃષ્ટિ પ્રિયકાર. ૨૧૭૭
પ્રચિતકુસુમ તે પછિ કહું, અશ્વધાટિ શુભ નામ;
અર્ણવ શંખ સહ પાંચ એ, છંદ કહ્યા અભિરામ. ૨૧૭૮
સમ ભાગે મુકવિત્ત વૃત્ત, તૃતિય વિભાગ ગણાય;
ચતુર છંદ મનહર પ્રથમ, ઘનાક્ષરી સુભણાય. ૨૧૭૯
રૂપક ઘનાક્ષરી અને, સાલુર સહ એ ચાર.
દ્વિતિય, અર્ધ સમ ભાગમાં, છંદ ત્રયેાદશ સાર. ૨૧૮૦
ઉપચિત્રા દ્રુતમધ્ય વળિ, વેગવતી સુખકંદ;
બદ્રવિરાટ સુકેતુમતિ, વિપરિત પૂર્વા છંદ. ૨૧૮૧
હરિણપ્લુતા અને કહું, વૈતાળિય બે નામ;
અપરવકત્ર સહ બે થયા, - વળિ ઉપપૂર્વ સુધામ. ૨૧૮૨
છંદ પુષ્પિતાગ્રા ઉભય, ઔપછંદસિક સાર;
વાગ્મતિ હીરાચંદ્ર સહ, દ્વિતિય ભાગ સુખકાર. ૨૧૮૩

Scanned with CamScanner

વિષમપાદ ભાગે ચતુર્થિય, પદચતુરર્દ્ધ વિભાગ ;
પ્રથમે પદ ચતુરર્દ્ધછે, પાંચ છંદથી યોગ. ૨૧૮૪
આપિડ કલિકા લવલિ વળિ, અમૃતધારા છંદ ;
પદચતુરર્દ્ધ વિભાગમાં, પાંચ પરગ સુખકંદ. ૨૧૮૫
વળિ ઉદ્ગતા વિભાગમાં, પ્રિય ત્રણે છંદ વિશાળ ;
સૌરભ પ્રથમે ઉદ્ગતા, લલિત સુકવિ ઉરમાળ. ૨૧૮૬
પ્રચુપિત વિભાગ ચતુર્થિયમાં, પણ ત્રણ છંદ પ્રકાર ;
પ્રચુપિત અથવા ઉપસ્થિત, પ્રવર્ધમાંન વિચાર. ૨૧૮૭
શુદ્ધવિરાટ પ્રિય છંદ છે, વિષમપાદ પ્રિય નેક ;
ભાગ ચતુર્થિય પ્રચુપિત સાકિત, વર્ણ છંદ સુવિવેક. ૨૧૮૮
માત્રા માત્રાગણ તણી, સંખ્યાથી યતિપાદ ;
ઓચિત માત્રા છંદની, કહે કવી મર્યાદ. ૨૧૮૯
હેમાંછે મત બે પ્રકટ, આર્યાદિક દોહાદિ ;
આર્યાદિક પિંગળ કહે, દોહા પ્રાકૃત વાદિ. ૨૧૯૦
આર્યાદિકમાં બેદ છે, આર્યાદિક વક્ત્રાદિ ;
આર્યાદિકમાં પાદ છે, વક્ત્રાદિ ચતુષ્પાદિ. ૨૧૯૧
આર્યાદિકમાં બેદ પ્રિય, ચતુર ગણે કવિ વંદ ;
આર્યાદિક ગીતી અને, વૈતાલિય સુખકંદ. ૨૧૯૨
ચતુર શિખા શુ વિભાગમાં, અનેક બોલતા છંદ ;
વક્ત્રાદિક પદ ચારમાં, બે વિભાગ શુભ વંદ. ૨૧૯૩
વક્ત્રાદિ તથા અચળધૃતિ, પ્રકારમાં અનંત ;
છંદ શાર્દૂલ જાણે સુકવિ, જે પ્રસાદ ભગવંત. ૨૧૯૪
આર્યાને પ્રાકૃત કવી, ગાહા કહે અજાણ ;
પ્રથમ ત્રીશ માત્રા બિજે, સત્તાવીશ પ્રમાણ. ૨૧૯૫
વળી નિયમ લઘુ ગુરુ તણો, કહેન કોઇ પ્રિય જોઈ ;
તે થકિ ગાહામત વૃથા, હોય આગ્રહી કોઇ. ૨૧૯૬
તેમજ ગીતિ ગહાણિ કહિ, તે પણ વૃથા પ્રકાર ;
પિંગળ નાગ મતે સુગમ, માત્રા ગણ સુવિચાર ૨૧૯૭
આર્યાદિ વિભાગે ગણે, કવિપ્રિય જો પદ્ય છંદ ;
આર્યા વા ગાહાવદે, પદ્યા વિપુલા વંદ. ૨૧૯૮

Scanned with CamScanner

ચપલા મુખચપલા અને, જઘનચપલા વિચાર;
આર્યાદિવિભાગેસુ પટ્, છંદ કહ્યા સુખકાર. ૨૧૯૯
ગીતિ વિભાગે છંદ પ્રિય, ચતુર કહે કવિરાજ;
ગીતી વા સુગહાણિ વળિ, ઉપગીતિ અધિક સાજ. ૨૨૦૦
ઉદગીતિસુ ત્રણ ચતુરછે, આર્યાગીતિ પ્રમાણ;
વૈતાળીય વિભાગમાં, છે નવ છંદ સુ જાણ. ૨૨૦૧
પ્રથમે વૈતાળીય પ્રિય, ઔપછંદસિક લેખ;
આપાતળિકા ને વળી, દક્ષિણાન્તિકા પેખ. ૨૨૦૨
ઉદિચ્યવૃત્તિ પ્રાચ્યવૃત, પ્રવર્તકા સુખ કંદ;
પરાંન્તિકા નવમો કથે, ચારુહાસિની છંદ. ૨૨૦૩
શિખા વિભાગ ચતુરમાં, ચતુર છંદ કવિરાજ;
શિખા અને ખંજા વળી, અનંગક્રીડોક્તાજ. ૨૨૦૪
અતિરૂચિરા સહ ચારછે, આગળ કહું વિસ્તાર;
ચતુર કવી કો સમજશે, માત્રા ગણ સુવિચાર. ૨૨૦૫
વક્ત્રચતુષ્પાદે ગણે, પ્રિય નવ છંદ પ્રમાણ;
વજ્ર સુ પથ્યાવજ્ર વળિ, વિપરિતપથ્યા જાણ. ૨૨૦૬
ચપલાવજ્ર સુ કવિ કહે, યુગ્મ વિપુલા ગણાય;
અયુગ્મવિપુલા ને વળી, ઋવિપુલાજ ભણાય. ૨૨૦૭
વળિ રવિપુલા સુતવિપુલા, એ નવ છંદ રસાળ;
અચળધૃતિ ચતુષ્પાદમાં, અષ્ટ છંદ સુવિશાળ. ૨૨૦૮
અચળધૃતિસુ માત્રાસમક, ચપટને વિશ્લોક;
વાનવાસિકા ને વળી, ચિત્રા કહે કવિ લોક. ૨૨૦૯
ઉપચિત્રા બે નામછે, ન્યારાં લક્ષણ સાર;
પાદાકુલક સહ થયા, અષ્ટછંદ પ્રિયકાર. ૨૨૧૦

દોહાદિ પ્રાકૃત છંદ વર્ણન.

દોહાદિકસુ દ્વિપાદ પ્રિય, વિભાગ પરવિશ છંદ;
પ્રથમ દોહરા સોરઠા, કાવ્યછંદ સુખકંદ. ૨૨૧૧
હરગીતિ ઉલાળા અને, હરિપદ લલિત દ્વિ લેખ;
હિમકર ચુડિયાળા ત્રિવિધ, ચુડિયા ચુલિયા પેખ. ૨૨૧૨

ઉડુરાજ ચૌપદી આદિછે, ચોબોલા ચિતલાવ ;
પૃતા સુઘત્તા નંદ વળિ, ત્રિભંગી છંદ મ્હલાવ. ૨૨૧૩
પદ્માવતિને કહત કવિ, પોમાવતિ સુખરાસ ;
લીલાવતિસુ દુમીલિયા, દંડક રકુ ધ તપાસ. ૨૨૧૪
જનહર જળહર નામ છે, રંગિકતા અભિરામ ;
કાનરને હંસાલ વળિ, રાજચંદ્ર સુખધામ. ૨૨૧૫
મદનહરા ખંજા સહિત, એ ષટ્‌વિંશ સુછંદ ;
ગમકાદિ ચતુષ્પાદના, જો બાવન સુખકંદ. ૨૨૧૬
ગમક વામ કાન્તા અને, દીપક વળિ મધુ ભાર ;
અભીર આભિર નામ બે, વળિ બરવીર વિચાર. ૨૨૧૭
મૂળચંદ્ર હાલક અને, હાકલિ એ બે નામ.
ગજલ અને ચંપક વિદિત, વળિ માલતિ પ્રિય વામ. ૨૨૧૮
વજ્રચંદ્ર પાઈકતને, જે કરિ શુભ ચોપાઈ ;
પદભુટિકા ચર્ણાકુળસુ, અલક છંદ સુખદાઈ. ૨૨૧૯
પધડી અથવા પાધડી, અને પાઘડી લેખ ;
અડિલ અને મહચન્દ્ર પ્રિય, બરવા બોધક પંખ. ૨૨૨૦
નંદિ હંસગતિ છંદછે, રામા છંદ અધીપ ;
પમંગલ પવંગમ અરિલ, લીલાને મહિદીપ. ૨૨૨૧
નિસાની વા વરવેદ બે, વારિદ્રઢપટાં હીર ;
હીરનિ પૂર્વે મૃગાંક પછિ, રોડા રોડક ધીર. ૨૨૨૨
રસાવળી સહનામ ત્રણ, ગુપ્ત ગગન પ્રિય છંદ ;
ચાવર શંકર નામ બે, આત્રેય દત્ત વંદ. ૨૨૨૩
વૈતાલ ગિયા હરિગીત ત્રણ, શ્રી બંધૂ સુખધામ ;
ચોપાયા દુવિયા અને, પંડિ છંદ અભિરામ. ૨૨૨૪
મરહદા અને મરહટા, મરહઠા સુત્રણ નામ ;
સવાયા અને રેણુકી, દંડકળા સુદમાંમ. ૨૨૨૫
કડખા વા ઝુલના કહે, હિંડોળ છંદ રસાળ ;
બાવન છંદ કહ્યા સુગમ, ગમકાદિકે વિશાળ. ૨૨૨૬
પ્રાકૃત ભાગે શોભતા, કુન્ડળિયા ષટ્ પાદ ;
વિભાગ કુન્ડળિયા પ્રથમ, ચતુર છંદ પ્રિયરવાદ. ૨૨૨૭

Scanned with CamSca

છપ્પય છંદ રસીક વળિ, રંગ છંદ વિચાર ;
બહુપાદમાં એ ચતુર, ગણતા કવિ મતિ પાર. ૨૨૨૮

ગુર્જર છંદ.

ગુર્જર દેશે જે નવિન, પ્રકટ પ્રાકૃતી છંદ ;
સમોકા સુ ચંદારણા, વર્ણવંતના સુખકંદ. ૨૨૨૯

દક્ષિણ દેશના છંદ.

દક્ષિણ દેશે સાંભળ્યે, પ્રકટ પ્રાકૃતી છંદ ;
જેહવિ અભંગ પનાકરી, હિન્દી સાખી વંદ. ૨૨૩૦
કવીજનહર કટાર પ્રિય, એકછંદ જે નામ ;
બહુપાદી સહ સપ્તએ, દક્ષિણમાં અભિરામ. ૨૨૩૧

યાચનીછંદ.

વચન લોકમાં પ્રિય પ્રકટ, પાંચ છંદ સુવિચાર ;
ગણત્રિ તણીપ્ર કુમાર્ઇ વળિ, ભેત ફરદ સુખકાર. ૨૨૩૨

છંદપરિક્ષા.

લખી ગુરૂ લઘુ છંદમાં, સમવિષ પાદ યતિ ભાગ ;
સમસ્ત અર્ધસમ વિષમમાં, જાણીસિંગે યાગ. ૨૨૩૩
વર્ણછંદના વર્ણ સમ, પદના મળતા તેમ ;
માત્રાસમુચ્ચય માનના, છંદે મળતા એમ. ૨૨૩૪
પછિ પિંગળમાં જોઈને, લક્ષણ જેહનું હોય ;
તેહ નામ કહેવું સુગમ, મળે ન તો નવું કોય. ૨૨૩૫
વર્ણમુમાત્રાનો નિયમ, કોઈકે મનમાં સાથ ;
સરળ સરસ ઉચ્ચારમાં, કવિએ છંદ અબાધ. ૨૨૩૬
નામ ગમેને અપિયે, જેન પુરાણું હોય ;
મણીવદે પ્રસ્તારમાં, સંખ્યા એરિત સોય. ૨૨૩૭

કાવ્યશાસ્ત્રે સપ્તદશગણિત બોલ.

સંખ્યા પ્રસ્તારાદિ સુચિ, ગાદિષ પૂર્વે નષ્ટ ;

Scanned with CamSca

વર્ણ સંખ્યા તથા માત્રા સંખ્યા કોષ્ટક.

વર્ણ સંખ્યા.		માત્રા સંખ્યા.
— ૨	૧	૧
૪	૨	૨
૮	૩	૩
૧૬	૪	૫
૩૨	૫	૮
૬૪	૬	૧૩
૧૨૮	૭	૨૧
૨૫૬	૮	૩૪
૫૧૨	૯	૫૫
૧૦૨૪	૧૦	૮૯
૨૦૪૮	૧૧	૧૪૪
૪૦૯૬	૧૨	૨૩૩
૮૧૯૨	૧૩	૩૭૭
૧૬૩૮૪	૧૪	૬૧૦
૩૨૭૬૮	૧૫	૯૮૭
૬૫૫૩૬	૧૬	૧૫૯૭
૧૩૧૦૭૨	૧૭	૨૫૮૪
૨૬૨૧૪૪	૧૮	૪૧૮૧
૫૨૪૨૮૮	૧૯	૬૭૬૫
૧૦૪૮૫૭૬	૨૦	૧૦૬૪૬
૨૦૯૭૧૫૨	૨૧	૧૭૭૧૧
૪૧૯૪૩૦૪	૨૨	૨૮૬૫૭
૮૩૮૮૬૦૮	૨૩	૪૬૩૬૮
૧૬૭૭૭૨૧૬	૨૪	૬૫૦૨૫
૩૩૫૫૪૩૨	૨૫	૧૦૧૩૬૩
૬૭૧૦૮૬૪	૨૬	૧૬૫૪૧૮
૧૩૪૨૧૭૨૮	૨૭	૨૬૭૮૧૧
૨૬૮૪૩૫૪૫૬	૨૮	૪૬૪૨૨૯
૫૩૬૮૭૦૯૧૨	૨૯	૮૩૨૦૪૦
૧૦૭૩૭૪૧૮૨૪	૩૦	૧૩૪૬૨૬૯
૨૧૪૭૪૮૩૬૪૮	૩૧	૨૧૭૮૩૦૯
૪૨૯૪૯૬૭૨૯૬	૩૨	૩૪૨૪૧૭૮

Scanned with CamScanner

૨૪૪ (B)

વર્ણ પ્રસ્તાર કોષ્ટક તથા માત્રા પ્રસ્તાર કોષ્ટક.

એક વર્ણના પ્રસ્તાર ૨.

૧	ડ
૨	ા

બે વર્ણના પ્રસ્તાર ૪.

૧	ડ ડ
૨	ા ડ
૩	ડ ા
૪	ા ા

ત્રણ વર્ણના પ્રસ્તાર ૮.

૧	ડ ડ ડ
૨	ા ડ ડ
૩	ડ ા ડ
૪	ા ા ડ
૫	ડ ડ ા
૬	ા ડ ા
૭	ડ ા ા
૮	ા ા ા

૧ માત્રાનો પ્રસ્તાર ૧.

૧ ..... ા

૨ માત્રાનો પ્રસ્તાર ૨.

૧ ..... ડ.

૨ ..... ા ા

૩ માત્રાના પ્રસ્તાર ૩.

૧ ..... ા ડ.

૨ ..... ડ ા

૩ ..... ા ા ા

૪ માત્રાના પ્રસ્તાર ૫.

૧ ..... ડ ડ.

૨ ..... ા ા ડ.

૩ ..... ા ડ ા

૪ ..... ડ ા ા

૫ ..... ા ા ા ા

૫ માત્રાના પ્રસ્તાર ૮.

૧ ..... ા ડ ડ.

૨ ..... ડ ા ડ.

૩ ..... ા ા ા ડ.

૪ ..... ડ ડ ા

૫ ..... ા ા ડ ા

૬ ..... ા ડ ા ા

૭ ..... ડ ા ા ા

૮ ..... ા ા ા ા ા

પાંચ માત્રાના પ્રસ્તારનીશુચિનું ઉદાહરણ.

રૂપનો આકાર ... એવાં કેટલાં. રૂપ.

આદિ લઘુનાં ૫

અંત લઘુનાં ૫

આદિ ગુરૂનાં ૩

અંત ગુરૂનાં ૩

આદ્યંત લઘુનાં ૩

આદિ લઘુ ને અંત ગુરૂનાં ૨

આદિ ગુરૂને અંત લઘુનાં ૨

આદ્યંત ગુરૂનું ૨

ત્રણઅક્ષરના પ્રસ્તારની શુચિનું ઉદાહરણ.

દેપનો આકાર..... એવાં કેટલાં.

આદિ લઘુનાં ૪

અંત લઘુનાં ૪

આદિ ગુરૂનાં ૪

અંત ગુરૂનાં ૪

આદ્યંત લઘુનાં ૨

આદિ લઘુ ને અંત ગુરૂનાં ૨

આદિ ગુરૂ ને અંત લઘુનાં ૨

આદ્યંત ગુરૂનાં ૨

Scanned with CamSca

પ્રશ્નોત્તર રૂપ વર્ણોદ્દિષ્ટ ઊદાહરણ.

પ્રશ્ન ૧.	પ્રશ્ન ૧.	પ્રશ્ન ૩.
૨ આ રૂપ કેટલામુંછે તે કહો.	૧ આ રૂપ કેટલામુંછે તે કહો.	૨ આ રૂપ કેટલામુંછે તે કહો.
૮	૨	૪ ડ ા ા ડ ડ
૧ ડ ા ડ ા	૮ ા ા ડ ા ા	૧ ૧ ૨ ૪ ૮ ૧૬
— ૧ ૨ ૪ ૮	૧૬ ૧ ૨ ૪ ૮ ૧૬	— — —
૧૧ મું. — —	૧ — — — —	૭ મું.
	—	
	૨૮ મું.	

પ્રશ્નોત્તરરૂપ માત્રોદ્દિષ્ટ ઊદાહરણ.

Scanned with CamScanner

(૧૨)

પ્રશ્ન ૧. (ચાલુ)

૧૩ ૧૨ ૧૧ ૧૦ ૯ ૮ ૭ ૬ ૫ ૪ ૩ ૨ ૧

(१) अंकपाणिसंगक्रिया.

(२) शेषपाणिसंगक्रिया.



(३) [illegible]

૨૪૪ (F)

કાવ્યશાસ્ત્ર ગણીત ૧૦ મું.

વૃત્ત સંખ્યા. ...	૧	૨	૩	૪	૫	૬	૭	૮	વૃત્ત.
રૂપ સંખ્યા. ...	૨	૪	૮	૧૬	૩૨	૬૪	૧૨૮	૨૫	રૂપ.
વર્ણ સંખ્યા. ...	૨	૮	૨૪	૬૪	૧૬૦	૩૮૪	૮૯૬	૨૦૪	વર્ણ.
ગુરૂ સંખ્યા. ...	૧	૪	૧૨	૩૨	૮૦	૧૯૨	૪૪૮	૧૦૨	ગુરૂ.
લઘુ સંખ્યા. ...	૧	૪	૧૨	૩૨	૮૦	૧૯૨	૪૪૮	૧૦૨	લઘુ.
માત્રા સંખ્યા....	૩	૧૨	૩૬	૯૬	૨૪૦	૫૭૬	૧૩૪૪	૨૦૧૦	માત્રા.

વૃત્ત સંખ્યા.	૧	૨
રૂપ સંખ્યા	૧	૨
માત્રા સંખ્યા ...	૧	
વર્ણ સંખ્યા... ...	૧	
ગુરૂ સંખ્યા... ...	૦	
લઘુ સંખ્યા	૧	

Scanned with CamSca

મેરુ પતાકા મર્કટી, વર્ણ છંદમાં અષ્ટ. ૨૨૩૮
એજ અષ્ટ જુદીરિતે, માત્રાછંદે હોય ;
સામળિ માત્રા વર્ણના, શોડષ ભેદ સુજોય. ૨૨૩૯
એકદ્યાદિલગક્રિયા, વર્ણમેરુનું મૂળ ;
સહ સત્તરસુ પ્રકારછે, ગણિત પ્રમાણ ન ભૂલ. ૨૨૪૦

વર્ણસંખ્યા લક્ષણ.

હરિગીતછંદ.

લખિ વામ બાજૂ એક હેઠળ, એક એક વધારિયે ;
બે દક્ષબાજૂ લખી બમણા, આગથી કરિ સારિયે ; ૨૨૪૧

માત્રાસંખ્યાલક્ષણ

એક સંખ્યા પ્રિય એકની બે, બેનિ બે કર ત્રય થકી ;
લે અગ્ર યુગને ઐક્ય કરિને, ભિન્ન ગૃહમાં ધર નકી. ૨૨૪૨

વર્ણપ્રસ્તાર લક્ષણ.

દોહરા.

વર્ણતણા પ્રસ્તારમાં, પ્રથમ સર્વ ગુરૂ ચિન્ન ;
પછી પ્રથમ ગુરુને લઘૂ, કરો એમ અવિચ્છિન્ન. ૨૨૪૩
સર્વ ગુરૂ લઘુ થૈ રહે, થાય તેટલાં રૂપ ;
વર્ણ આદિ પ્રસ્તારએ; લક્ષણ જો કવિ ભૂપ. ૨૨૪૪

માત્રાપ્રસ્તાર લક્ષણ.

સકળ ગુરૂ સમ વિષમ લઘુ, એક સકળ ગુરુધાર ;
આદિ દીર્ઘતો એક લઘુ, ધારી ઉપર પ્રકાર. ૨૨૪૫
વામ બાજુ માત્રા ઘટે, બે તવ ગુરૂ એધાણ ;
એક ઘટે તવ લઘુ ધરો, કળ પ્રસ્તાર પ્રમાણ. ૨૨૪૬

વર્ણસુચિ લક્ષણ.

ગુર્વાદિ સુ હ્રસ્વાદિ વળિ, ગુર્વાન્ત સુ હ્રસ્વાન્ત ;
તે સંખ્યાર્ધ વિચારિ વળિ, ચતુર્થાંસ લે સ્વાન્ત. ૨૨૪૭

Scanned with CamSca

આદ્ય અંતજો દીર્ઘ કે, લવી ઝરવ આદ્યાન્ત ;
દીર્ઘાદિસુ લઘ્વાન્ત કે, લઘ્વાદિ સુ દીર્ઘાન્ત. ૨૨૪૮

માત્રા સૂચિ લક્ષણ.

માત્રા સંખ્યા જેટલી, તે પર ત્રીજું સ્થાન ;
તે સમ લઘુ આદ્યાન્તના, રૂપ લહે ધીમાન. ૨૨૪૯
ચોથાનો સમ આદિ ગુરૂ, આદિ લઘૂ પણ જાણ ;
પ્રથમ સમ આદ્યાંત ગુરૂ, માત્રા સૂચિ પ્રમાણ. ૨૨૫૦

વર્ણ નષ્ટ લક્ષણ.

ચોપાઇ.

અમુક વર્ણનું અમુક રૂપ, કહેવું કો પૂછેજ અનૂપ ;
ત્હેનો ઉત્તર દેય વિચારિ, રૂપ અંક લખિ કવિ મન ધારિ. ૨૨૫૧
અર્ધ અર્ધ કરતાં જો સાર, પ્રશ્ન વર્ણ સમ ભાગ પ્રકાર :
કરતાં અર્ધન પૂરણ અંક, આવે તો ધર એક નિશંક. ૨૨૫૨
શેષ એકથી ઘરમાં ખામિ, આવે તવ ફરિ એક સુનામિ :
વળિ વિષમાંક તજો ગુરૂચિન્ન, સમ નીચે લઘુ કર અવિચ્છિન્ન. ૨૨૫૩

માત્રા નષ્ટ લક્ષણ.

માત્રા અમુકનું અમુક રૂપ, કહેવુંછે કહિદો કવિ ભૂપ :
એમ પુછે તવ મત સમ રેખ, અધ ઉર્ધ્વે ધર વામ-વિશેખ. ૨૨૫૪
એકેક ઉપર સંખ્યા અંક, વામ બાજુકર ગણિત અશંક ;
આખર સંખ્યા જેટલિ હોય, રૂપ અંક કરિ બાદ સુજોય ૨૨૫૫
શેષ રહે ત્હેમાંથી વળી, નિકળે તેવી સંખા મળી ;
તેહ કહાગ્નિ ધરવી શેષ, આગળ સમ વળિ કરસુ વિશેષ. ૨૨૫૬
શેષ રહે ત્રણ વા બે એક, ત્યાં સુધિ બાદ કરો સુવિવેક ;
સંખ્યા બાદ થતાં મળિજાય, ગુરૂ કરિ નીચે તેહ લખાય. ૨૨૫૭
રહે રેખ તે લઘુકર ખાસ, કળા નષ્ટ રિત પૂર્ણ પ્રકાશ ;
કાવ્યશાસ્ત્રની કઠીણ વાત, જે થકિ કવિ કોવિદ વિખ્યાત. ૨૨૫૮

વર્ણ ઉદ્દિષ્ટ લક્ષણ.

દોહરા.

પ્હેલાં રૂપ બનાવીને, પૂછે સંખ્યા લેખ ;

Scanned with CamSca

કહિતે કહે પ્રકાશ કરિ, ચતુર ગણિત કરિ પેખ. ૨૨૫૯
આદિ ચિન્નના અંકથી, બમણા અંક વધાર ;
પછિ લઘુ સંખ્યા ચિન્ન કરિ, સર્વાજો સુવિચાર. ૨૨૬૦
એક મેળવીને કહું, પ્રશ્ન રૂપે દર્શાવ ;
એ રિત વર્ણોદ્દિષ્ટનો, છુપો ભેદ બતાવ. ૨૨૬૧

માત્રા ઉદ્દિષ્ટ લક્ષણ.

પૂછે માત્રા છંદ રૂપ, દેખાડી પ્રત્યક્ષ ;
કેટલાગું કહિદો સુ કવિ, પ્રશ્નાનર પ્રિયદક્ષ. ૨૨૬૨

ચોપાઇ.

તવ ગુરુ અધ લઘુ ઉર્ધ્વ મુકીશ, સંખ્યા ક્રમથી લખી કવીશ ;
ઊપર નીચે ન્યારી જોડ, બાદ કરો નવ આવે ખોડ. ૨૨૬૩
શેષ રહે તે ઉત્તર જાણ, ઉદ્દિષ્ટ કળા પ્રશ્ન પ્રમાણ :
એ રિત ગણિત મુધારી જોય, સંશય કવિ જન ધરે ન કોય.૨૨૬૪

વર્ણ એકદ્યાદિલગક્રિયા.

ચોબોલા છંદ.

પ્રસ્તારમાં આટલા ગુરુ લઘુ, અથવા ગુરુ લઘુ રૂપ કહો ;
એમ પૂછતા ને દો ઉત્તર, રીત વિચારી સત્ય લહો. ૨૨૬૫
ચતુષ્કોણની અર્ધ આકૃતી, કાટ ખુણેકરિ અંક ભરો ;
વર્ણ તણા પ્રસ્તાર જેટલા, તેહ એક બે બાજુ ધરો. ૨૨૬૬
પછી વામ બાજુસર્વાજો, કરી કરી કવિ દક્ષ ભરો ;
એરિત ઊપર ફળ આવે તે, ઊપર સૌ ગુરુ ચિન્ન કરો. ૨૨૬૭
પછી એક્ય તે ઊપર મૂકી, એક ગુરુ ઘટે લઘુ કરિયે ;
એ લગક્રિયા મૂળ મેરુની, ગણિત સમજિ કવિ મન ધરિયે. ૨૨૬૮

વર્ણ મેરૂ લક્ષણ.

રસાવળી છંદ.

બેની નીચે ત્રણજ, ત્રણ તળે ચારજ ધરિયે,

એ રિત એક વધારિ, ખન્ડ ઈચ્છા લગિ ભરિયે ;
ત્હેની ડાબી-બાજું, બ્હારથી અંકજ ભરવા,
દલપતિ સમજે ચતુર, સુકવિ નહિ સમજે અડવા. ૨૨૬૯
એક વધી વધિ નિચે, આંકડા ઠેઠ ભાગમાં ;
જમણે ધર બે અંક, ઉતરતા દ્વિગુણ લાગમાં ;
બે બાજૂના ખન્ડ, માંહ્ય એકેક જ ભરિયે ;
બે બાજૂ કરિ એક્ય, રકમ તે નીચે ધરિયે. ૨૨૭૦
એ રિત મેરૂ ચાહ્ય, ત્યાંસુધી પગથી કરિયે ;
પછિ ગુરુ લઘુના અંક, એક વધ ઘટ કરિ ધરિયે ;
એમ મેરુની રીત, ગુરૂ-વણ સમજિ ન જૈયે ;
ગુરૂ કૃપાથિ રચિ કરી, કેમ-આનંદિન થૈયે. ૨૨૭૧

માત્રા મેરૂ લક્ષણ.

દોહરા.

એક શિખરનો ખંડ કરિ, નીચે બબ્બે જોડ ;
એક એક સુ વધારતાં, આવે કદીન ખોડ. ૨૨૭૨
એમ ડાબિ બાજૂ કરી, જમણે ચિત્ત વિચાર ;
યથાક્રમ ઉતરતી ધરો, માત્રા સંખ્યા બ્હાર. ૨૨૭૩
શિખર સુજમણી બાજુના, ખંડે અંક સુ એક ;
તેમ વામખંડે કરો, એક સુધરી વિવેક. ૨૨૭૪
જોડ ઉપરના ખન્ડમાં, પણ ધર સંખ્યા એક ;
વળી જોડ હેઠળ અધિક, એક એકથી નેક. ૨૨૭૫
બબ્બે ખન્ડ વાંકા કરી, બેરિજ ધરિતે હેઠ ;
એ રિત માત્રા મેરુની, કો કવિ સમજે શ્રેષ્ઠ. ૨૨૭૬

વર્ણ પતાકા લક્ષણ

હરિગીત છંદ.

કરિ પ્રશ્નના અંકની સંખ્યા દંડમાં લખિ દાખિયે ;
પછિ દંડ અગ્ર સુઅંત એકક છાંડિ ખન્ડ સુરાખિયે ;
વળિ પ્રિય વચમાં અધો ઉર્ધ્વજ પ્રશ્ન સમ ખન્ડો ઠરે ;
તે દંડ વચમાં મેરૂ સમ ક્રમ જો પતાકા ફર હરે. ૨૨૭૭

ગૃહ બેય સંખ્યા ઐક્ય-વચમાં અંક અકલંકી કરો ;
વળિ દંડ આગળ વામ બાજૂ ગુરૂ લઘૂ ખંડે ધરો ;
સુવર્ણ પતાકા રીત એ શુભ; છંદ શાસ્ત્ર ગણીત છે ;
રચી દલપતિરામ પ્રાકૃત, ગુણ લણો અગણીત છે. ૨૨૭૮

માત્રા પતાકા લક્ષણ.

દોહરા.

માત્રા સંખ્યા અધ અને, ઉર્ધ્વ દંડમાં સાર ;
વામ બાજુ કરિ મેરુની, નીશ્રેણી વિસ્તાર ; ૨૨૭૯
વિષમ પતાકા પ્રથમ કર, તજિ એકેક સુખન્ડ ;
સમમાં છાંડિ સુએક ગૃહ, પતાકાકર પ્રચંડ. ૨૨૮૦
વિશદ દંડના અંકથિ, લઘુ કર બાદ વિચારિ ;
ભરો પતાકા ખન્ડ શુભ, એ રિત સુલભ સ્વિકારિ. ૨૨૮૧

વર્ણ મર્કટી.

વૃત સંખ્યા એકેકથી, વધારવી પ્રિય લેખ ;
પછી રૂપ સંખ્યા દ્વિગુણ, દ્વિગુણ ચઢાવી પેખ. ૨૨૮૨
વર્ણ સંખ્યાપણ રૂપ વૃત, ગુણાકાર કરિ ખાસ ;
પછિ ગુરૂ સંખ્યા વર્ણથી, અર્ધ કરી સુપ્રકાશ. ૨૨૮૩
લઘુ સંખ્યા ગુરૂ સમ રકમ. ભરવી ખન્ડ પ્રકર્ણ;
માત્રા સંખ્યા લઘુ થકી, ત્રિગુણ મર્કટી વર્ણ. ૨૨૮૪

માત્રા મર્કટી લક્ષણ.

વૃત રૂપ માત્રા વર્ણ વળિ, ગુરૂ લઘુ કરિ ષટ ખન્ડ ;
ઈચ્છા સુધિ વધિ દક્ષિણે, કર વૃત ખન્ડ અખન્ડ. ૨૨૮૫
વૃત સંખ્યા એકેકથી, વધારિ વધારિ સાર ;
રૂપ સંખ્યા મુકિ એક બે, યુગ કરિ ઐક્ય સુધાર. ૨૨૮૬
વૃત રૂપને ગુણિ રકમ મુક. માત્રા સંખ્યા માંહ;
એક પ્રથમ લઘુ અંક ધરિ, પછિ રિત જોવી ન્યાંય. ૨૨૮૭
બમણા કરિ માત્રા તણા, ખન્ડ રકમથી બાદ ;
શેષ લઘૂમાં નાખવા, એ રિત આદિ અનાદ. ૨૨૮૮

Scanned with CamSca

ગુરૂ સંખ્યા બિન્દૂ પ્રથમ, લખિ લઘુ સંખ્યા ધાર ;
ગુરૂ લઘુ સંખ્યા યુક્ત કરી, વર્ણ અંક વિસ્તાર. ૨૨૮૯
ઓરિત માત્રા મર્કટી, ગણિત વિવેક સુલેખ ;
દલપતિ કઠિણ પરંતુ તે, સરળ ગુરૂ મુખ પેખ. ૨૨૯૦

નાયિકા ભેદ.

દોહરા.

નવ રસમાં શૃગાર રસ, સકળ રસથિ સરસાય ;
તે રસ મય પ્રિય નાયિકા, નાયક ભેદ સુહાય. ૨૨૯૧
અનુકુળાદિ કહ્યા પ્રથમ, ચતુર નાયક પ્રકાર ;
આલંબન નાયક કચે, દલપતિરામ વિચાર. ૨૨૯૨

આલંબન નાયક લક્ષણ.

કુન્ડળિયા છંદ.

નાયક ભવ્ય છબી રસિક, શૂર સુશિળ કુળવંત ;
પર્મોર્થે પુરૂષાર્થિ પ્રિય, પન્ડિત પરમ ધિમંત ;
પન્ડિત પરમ ધિમંત, દાન દુખ મોચનં દાતા ;
ધીર ધર્મ કુચિ ધની, ગીત ગાથા ગુણજ્ઞાતા ;
ચોસઠ કલા નિધાન, માન શુભ શોભા લાયક ;
દલપતિ રસ શૃગાર, યુક્ત આલંબન નાયક. ૨૨૯૩

નાયિકા જાતિ.

દોહરા.

પદ્મિન્યાદિક કહિ પ્રથમ, ચતુર જાતિની નાર ;
ત્હેમાં સ્વકિયા પરકિયા, સામાન્યા સુવિચાર. ૨૨૯૪

પ્રથમ સ્વકિયા લક્ષણ.

લક્ષણ જો સ્વકિયા તણાં, વર્ણવતા કવિ ભૂપ ;
પતિની અતિ સેવા કરે, શિલવૃત લાજ અનૂપ. ૨૨૯૫

Scanned with CamSca

મુગ્ધા મધ્યા પ્રૌઢ ત્રણ, ત્હેમાં ભેદ વિચાર ;
એક એકમાં ગણિ ચતુર, કથતા કવિ મતિ પાર. ૨૨૯૬

મુગ્ધા ચતુર ભેદ.

નવલ વધૂ નવ જોબના, નવલ અનંગા નામ ;
લજ્જા પ્રાઇ રતિ સહ ચતુર, દલપતિ પ્રિય અભિરામ ૨૨૯૭

નવલ વધુ મુગ્ધા લક્ષણ.

સૂર્યોદય ઝળકાર સમ, ઝળકે જોબન અંગ ;
નવલ વધૂ તવ નાયકા, વદતા કવિજન રંગ. ૨૨૯૮

નવ જોબના ભૂષિતા મુગ્ધા લક્ષણ.

તે નવ જોબન ભૂષિતા, મુગ્ધાનો શુભ વેશ ;
બાલ દશા વીતી પ્રકટ, જોબન અંગ પ્રવેશ. ૨૨૯૯
નવ જોબન દે ભાતિની, પ્રથમ કહિ અજ્ઞાત ;
જોબન આવ્યું નવ લહે, લહે પ્રિયા રતિ જ્ઞાત. ૨૩૦૦

નવલ અનંગા મુગ્ધા લક્ષણ.

નવલ અનંગા જ્ઞાન પ્રિય, મુગ્ધા કહી પ્રકાશ ;
ખેલે બોલે બાલ વિધિ, હસે તૂસે સુ વિલાસ. ૨૩૦૧

લજ્જા પ્રિયારતિ મુગ્ધા લક્ષણ.

મુગ્ધા લજ્જા પ્રિય રતિ, વર્ણે કવિ પ્રિય રીત :
કરેજ રતિ અતિ લાજથી, પતિ સું વધારે પ્રીત. ૨૩૦૨

મુગ્ધા સયન સુરતિ લક્ષણ.

મુગ્ધા સૂઇ રહે નહીં, પતિ સંગે ગુણવાન ;
જો કદિ સખિસંગે સુવે, સુખ નહિં તેહ સમાન. ૨૩૦૩
મુગ્ધા સુરતિ કરે નહિં, સ્વપ્ને પણ ન સુજાણ ;
છળ બળ કરવાથી થતી, સુખ શોભાની હાણ. ૨૩૦૪

મુગ્ધા માન લક્ષણ.

મુગ્ધા માન કરે નહીં, કદિ જો ધરે ગુમાન ;
હિત કર સહજ ડરાવિયે, તવ તે તજતી માન. ૨૩૦૫

પ્રથમ મધ્યા લક્ષણ.

લાજ ઘટે મનમથ વધે, થાતાં બેહુ સમાન ;
દલપતિ મધ્યાનાયિકા, શોભે રૂપ નિધાન. ૨૩૦૬

મધ્યા ચતુર ભેદ.

મધ્યા આરૂઢ જોબના, પ્રગલભવચના લેખ ;
પ્રાદુર્ભૂતમનોભવા, સુરતવિચિત્રા પેખ. ૨૩૦૭

મધ્યાઆરૂઢજોબના લક્ષણ.

મધ્યાઆરૂઢજોબના,. પૂરણ જોબન વન્ત ;
માંગ સુહાગ ભરી સદા, ભાવતિ તે મન કન્ત. ૨૩૦૮

પ્રગલ્ભવચના મધ્યા લક્ષણ.

પ્રગલ્ભવચના જાણ પ્રિય, કોવિદ કહે પ્રકાશ ;
વચનમાંહ ઠપકો દઇ, વળી દાખવે ત્રાસ. ૨૩૦૯

પ્રાદુર્ભૂતમનોભવા મધ્યા લક્ષણ.

પ્રાદુર્ભૂતમનોભવા, મધ્યા દલપતિ કામ ;
તનમન ભૂષિત શોભતાં, કામ કળા અભિરામ. ૨૩૧૦

સુરતવિચિત્રા મધ્યા લક્ષણ.

અતિ વિચિત્ર સુરતા સુપ્રીય, સુરતિમાંહ સુ વિચિત્ર ;
વર્ણવતાં કવિકુલ કઠિણ, સાંભળિ પ્રેમ પવિત્ર. ૨૩૧૧

મધ્યા સુરતિ લક્ષણ.

લજા કામ સમાન પ્રિય, અંગ તરંગ સુરંગ ;
સુરતિ સોહ મધ્યા પ્રસન, દલપતિ મદન પ્રસંગ. ૨૩૧૨

Scanned with CamSca

મધ્યાધીરાદિ ભેદ.

સઘળી મધ્યાછે ત્રિવિધ, ધીરા અને અધીર ;
ધીરા ધીરા ત્રીજિ પ્રિયં, વર્ણે કવિશ્વર ધીર. ૨૩૧૩
ધીરા બોલે વક્રવિધિ, વાણી વિષમ અધીર ;
પતિને હપકો દૈ કહે, તે ધીરા ન અધીર. ૨૩૧૪

મધ્યા ધીરા લક્ષણ.

મધ્યા ધીરા નાયિકા, તેહનિ છે શુભ રીત :
કહેના સુવચન માન ધરિ, રહે રીસનિ પ્રતિત. ૨૩૧૫

મધ્યા અધીરા લક્ષણ.

બોલે બોલ કઠોર અતિ, ક્રોપ છુપ્યો નવ કાય ;
મધ્યા અધિરા તે સદા, કહે મહા કવિરાય. ૨૩૧૬

મધ્યાધીરાધીરા લક્ષણ.

કોઇ ગુપ્ત કોઇ પ્રકટ, કરે ક્રોપ સુવખાણ ;
મધ્યા ધીરાધીર પ્રીય, દલપતિરામ સુજાણ. ૨૩૧૭

પ્રૌઢા ચતુર ભેદ.

પ્રથમ સમસ્તરસક્રોવિદા, ચિતવિભ્રમયા લેખ ;
ત્રીજિ આક્રમિત નાયિકા, ચતુરસુ સુખ્યા પેખ. ૨૩૧૮

સમસ્તરસક્રોવિદા પ્રૌઢા લક્ષણ.

કહું સમસ્તરસક્રોવિદા, ક્રોવિદ કરત વખાણ ;
જે રસ બાંધે પ્રીતમાં, તે રસદા પ્રિય જાણ. ૨૩૧૯

વિચિત્ર વિભ્રમયા પ્રૌઢા લક્ષણ.

અતિ વિચિત્ર વિભ્રમ સદા, પ્રૌઢા પ્રકટ અનૂપ ;
જેહનિ દીપતિ દ્યુતિકા, મેળવતિ પ્રિય જૂપ. ૨૩૨૦

આક્રમિત પ્રૌઢા લક્ષણ.

તે આક્રમિતા સુનાયિકા, પ્રૌઢા પરમ પવિત્ર ;
મનસાવાચા કર્મણા, પ્રિય વશકરતિ સુચિત્ર ; ૨૩૨૧

Scanned with CamSca

લુબ્ધાપતિનાયિકા પ્રૌઢા લક્ષણ.

પ્રિય લુબ્ધાપતિ નાયિકા, દલપતિ પ્રકટ પ્રમાણ ;
વખાણતા પતિ કુળ સકળ, પ્રભુતા સુજસ સુજાણ. ૨૩૨૨

પ્રૌઢા ધીરા લક્ષણ.

આદર માંહ અનાદરજ, પ્રકટ કરે હિત તેય ;
આકૃતિ આપ છુપાવતી, પ્રૌઢા ધીરા બેય. ૨૩૨૩

પ્રૌઢા અધીરા લક્ષણ.

પતિનો અતિ અપરાધ ગણિ, માર મારવો ચ્હાય ;
કહે અધીરા પ્રૌઢ પ્રિય, કવિજન મન સરસાય. ૨૩૨૪

પ્રૌઢાધીરાધીરા લક્ષણ.

મુખ કરી વાતોકરે, મનમાં પીયુની ભૂખ ;
ધીરાધીરા નાયિકા, જહેવી મીઠિ પિયુખ. ૨૩૨૫

પરકીયા લક્ષણ.

છાનિ છાનિ પરપુરુષસું, કરે પ્રિયા પ્રિય પ્રિત ;
બુદ્ધિમંત ચતુરાઈ સહ, કવિ પરકિય શુભ રીત. ૨૩૨૬

પરકીયા ભેદ.

પરકીયા દ્વે ભાતિની, ઊઢા અને અનૂઢ ;
જે જોતાં વશ હોય પ્રિય, સદૈવ મૂઢ અમૂઢ, ૨૩૨૭

ઊઢા અનૂઢા લક્ષણ.

ઊઢા વિવાહિતા ગણે, અવિવાહિતા અનૂઢ ;
તેહ તણા સુવિલાસ કવિ, વર્ણે ગૂઢ અગૂઢ. ૨૩૨૮
કહેન કોસું કાંઇ પ્રિય, વાત અનૂઢા ગૂઢ ;
સખિ સાહેલી સું કહે, ઊઢા ગૂઢ અગુઢ. ૨૩૨૯

દર્શણ ભેદ.

દર્શણ દંપતિ પરસ્પર, હોય સકામ શરીર ;

Scanned with CamSca

દર્શણ ચાર પ્રકારનાં, વર્ણ્યું કવિ મતિ ધીર. ૨૩૩૦
પ્રથમ કહું સાક્ષાત વળિ, બીજું દર્શણ ચિત્ર ;
ત્રીજું સ્વપ્ન વિચારતાં, ચોથું શ્રવણ સુમિત્ર. ૨૩૩૧

સાક્ષાતદર્શણ લક્ષણ.

દર્શણ કરતાં દંપતી, પ્રસન્ન વદન પ્રિય પ્રાણ ;
દર્શણ તે સાક્ષાત કવિ, કથતા સરસ સુજાણ. ૨૩૩૨

ચિત્રદર્શન લક્ષણ.

પ્રકટ કામ રૂપ કલ્પ તરુ, કહિન શકે મતિ મૂઢ ;
ચિત્ર માંહ્ય પ્રિય મિત્રની, અતિ અદ્‌ભુત ગતિ ગૂઢ. ૨૩૩૩

સ્વપ્નદર્શણ લક્ષણ

કહી પ્રકટ નવ દેખીયે, સાજન હૃદય સુ વિલાસ ;
દક્ષપતિ દર્શણ સ્વપ્ન તે, ગુપ્ત રહે ન પ્રકાશ. ૨૩૩૪

શ્રવણ દર્શણ લક્ષણ.

બૂધ હોય જે વાતની, વિના નિરખે નેક ;
શીલ રૂપ ગુણ વર્ણવે, સખી શ્રવણ સુવિવેક. ૨૩૩૫

ગુપ્તાદિ પંચ ભેદ.

ગુપ્તા વિદગ્ધા લક્ષિતા, કુલટા મુદિતા નામ ;
અને અનુશયાનાદિકો. પરકીયાના પ્રમાણ. ૨૩૩૬

ગુપ્તા લક્ષણ.

થયો થાય અને થશે, સુરતણુ ત્રિવિધ વિચાર :
ગુપ્તા તેહ કહુપાવતી, પન્ડિત પરકિય નાર. ૨૩૩૭

વિદગ્ધા લક્ષણ.

કહું વિદગ્ધા નાયિકા, ગણતા દ્વિવિધ વિવેક ;
વાક વિદગ્ધા એક વળિ, ક્રિયા વિદગ્ધા નેક. ૨૩૩૮

Scanned with CamSca

વાક્ વિદગ્ધા વાણિમાં, ચાતુરિ કરતી શોભા ;
ક્રિયા વિદગ્ધા કરિ ક્રિયા, પ્રિય ઉપપતિ મન મોભા.. ૨૩૩૯

લક્ષિતા લક્ષણ.

જે ઉપપતિ મું પ્રીતિ અતિ, વળી ગણે સખિસાર ;
દલપતિ પરક્રિય નારિમાં, લક્ષ લક્ષિતા નાર. ૨૩૪૦

કુલટા લક્ષણ.

નિશિ દિન ભાવે રતિ કથા, સદા કામ સુખ ધામ ;
અનેક ઉપપતિ મુંઝમે, પરક્રિય કુલટા નામ. ૨૩૪૧

મુદિતા લક્ષણ.

સાંભળિ ભાવતિ વાતથી, જેહનું ખૂલે અંગ :
મુદિતા મોદ પમાડતી, પરક્રિય પ્રિય રંતિ રંગ. ૨૩૪૨

અનુશયાના ત્રિવિધ ભેદ.

કહું અનુશયાના ત્રિવિધ, પ્રથમ ભેદપ્રિય જણ ;
વણમે સાંકેતીક કથળ, ભેદ પામતી પ્રમાણ. ૨૩૪૩
સોચવતી તે સંકેત કથળ, આગળ હોય ન હોય ;
ભેદ અનુશયાના દ્વિતિય, જણે કવિ સૌ કોય. ૨૩૪૪
કથળ સંકેતથી આવશે, અટકળ મન સુવિચાર ;
અરિ નગર્ઇ પરતાપ તે, તૃતિય અનુશયા સાર. ૨૩૪૫
ઉત્તમ મધ્યમ અધમ વળિ, દિવ્ય અદિવ્ય અનંત ;
એમ ભેદ જે વર્ણવે, તો નવ આવે અંત. ૨૩૪૬
તે થકી કહું સંક્ષેપમાં, નથિ કરતો વિસ્તાર ;
અષ્ટનાયિકા અષ્ટ પ્રિય, ભેદ સકળ સુખકાર. ૨૩૪૭

અષ્ટમહાનાયિકા ભેદ.

પ્રોષિતપતિકા ખન્ડિતા, કલહાંતરિતા નામ ;
વિપ્રલબ્ધ ઉત્કન્ઠિતા, વાસકસજ્જા વામ. ૨૩૪૮
સ્વાધિનપતિકા નાયકા, અભિસારિકા અનૂપ ;
અષ્ટ નાયિકા અષ્ટ પ્રિય, વર્ણવતા કવિભૂપ. ૨૩૪૯

પ્રોષિત પતિકા લક્ષણ.

કંથ વિદેશ અવધ કહી, ગયો હોય તવ નાર ;
વિરહ વ્યાકુળી પિયુવિના, પ્રોષિત પતિકા સાર. ૨૩૫૦
પ્રોષિત પતિકા નારિની, રીતિ કહે કવિરાજ ;
દશે અવસ્થા દેહમાં, વ્યાપે દમવા કાજ. ૨૩૫૧

ખન્ડિતા લક્ષણ.

અન્ય માણિ રતિ પતિ કહું, આવે તવ ગૃહનાર ;
નિરખી ચિન્ન પ્રકાશતી, તેહ ખન્ડિતા સાર. ૨૩૫૨
રીતિ ખન્ડિતા નારિની, કહે મહાકવિરાય ;
રૂઠી અતિ ચિન્તા કરે, ચુપ થે વળી રિસાય. ૨૩૫૩

કલહાન્તરિતા લક્ષણ.

પ્હેલાં પતિથી રિસકરે, વળિ વજતી પસ્તાય ;
કલહાન્તરિતા નાયિકા, કહે ગુણી કવિરાય. ૨૩૫૪
કલહાન્તરિતા નારની, કહું રીત ભ્રમ તાપ ;
સ્વાસ ખેંચિ નિશ્વાસતી, ઈન્દ્રિય વિકળ વિલાપ. ૨૩૫૫

વિપ્રલબ્ધા લક્ષણ.

જઇપ્હોંચી સંકેત સ્થળ, પિયુ નમળ્યો કહું સાર ;
તેહ વિપ્રલબ્ધા કહી, પન્ડિત જન પ્રિયકાર. ૨૩૫૬
રીતિ વિપ્રલબ્ધા તણી, અશ્રુભરી નિશ્વાસ ;
મુકિ સખિને ઠપકો દઈ, ચિન્તા વિકળ ઉદાસ. ૨૩૫૭

ઉત્કન્ઠિતા લક્ષણ.

સાશારૂ આવ્યો નહીં, પિયુ સાંકેતિક સ્થાન ;
એમ કરે ચિન્તા પ્રિયા, ઉત્કન્ઠિત અભિધાન. ૨૩૫૮
કંપે તન મન સોચતી, અતિ મરડાઈ નાર ;
ખાય બગાસાં જોભ વળિ: સખિને કહી વિચાર. ૨૩૫૯

Scanned with CamSca

વાસકસજ્જા લક્ષણ.

નિશ્ચે મ્હારી સેજપર, પિયૂ આવશે આજ ;
તે વાસકસજ્જા પ્રિયા, સજે સુરત સુખ સાજ. ૨૩૬૦
વાટ જોતિ સખિ સૂં હસી, પુછે સજે શૃંગાર ;
તે વાસકસજ્જા તણા, ગુણિ ગણ શુભ વ્યવહાર. ૨૩૬૧

સ્વાધિનપતિકા લક્ષણ.

જે સ્ત્રી વશ અતિ પતિ રહે. સદા પ્રીતિ પ્રિયકાર ;
તે શુભ સ્વાધિનભર્તૃકા, ગણ માંહા સરદાર. ૨૩૬૨
રીતશુ સ્વાધિન ભર્તૃકા, પિયુની રસદા નાર ;
રાગ રંગ રતિ ભાગમાં, ભાવે ગર્વ અપાર. ૨૩૬૩

અભિસારિકા લક્ષણ.

બોલિ ઠોલિ પિયુ સૂં કરે, પિયુ ગૃહ પોતે જાય ;
તે રમ્યમાં અભિસારિકા, કહે સકળ કવિરાય. ૨૩૬૪
હિતથી પ્રિય મદ મદનથી, પિયુને ભળે સુપ્રીત ;
તે કહિયે અભિસારિકા, ત્રિવિધ રીત સુપુનીત. ૨૩૬૫
રીત નારિ અભિસારિકા, સમય સમાન શૃંગાર. ;
સાહસ શંકા ચાતુરી, વળિ કપટે વ્યવહાર. ૨૩૬૬

કૃષ્ણાભિસારિકા લક્ષણ.

શ્યામ અંગ સુકુમાર અતિ, શ્યામ રંગ શૃંગાર ;
કૃષ્ણાભિસારિકા સુભગ, અલક ઘુટો પ્રિયકાર. ૨૩૬૭

દિવાભિસારિકા લક્ષણ.

સાદ સાંભળિ ધસેપ્રિયા, ગલિ કુંચિયે ગળિ સાર ;
દિવસે દિવાભિ સારિકા, રતિ માણે સરદાર. ૨૩૬૮

ચંદ્રાભિસારિકા લક્ષણ.

શ્વેતાભૂષણ ચંદ્રવત, ચંદ્રવદન ઝળકાર ;
ચંદ્રાભિસારિકા ચલે, ચારુ ચાંદિની સાર. ૨૩૬૯

Scanned with CamSca

વિપ્રલમ્ભશૃંગાર લક્ષણ.

મળેન પિયુ પ્રિય પ્રીતથી, તે લક્ષણ રસ સાર ;
વિપ્રલમ્ભશૃંગાર તે, કથતા કવિ સરદાર. ૨૩૭૦
વિપ્રલમ્ભસૃગારમાં, ચાર પ્રકાર પ્રકાશ ;
પ્રથમ પૂર્વ અનુરાગ વળિ, કરુણા માન પ્રવાસ. ૨૩૭૧
દેખી દંપતિ ધૂતિ તન, ઊપજતો અનુરાગ ;
વણદેખે દુખ દેખતાં, તે પૂર્વા અનુરાગ. ૨૩૭૨
અવલોકન આલાપથી, મળવાને અકળાય ;
યાય દશા દશ વણ મળ્યે, દલપતિ ક્રમ વર્ણાય. ૨૩૭૩

અથ દશ દશા નામ.

અભિલાષ સ્મૃતિ ગુય કથન, ચિંતા વ્યાધિ પ્રલાપ ;
ઉન્માદસુ ઉદ્વેગ વળિ, જડતા મર્ણાન્ત તાપ. ૨૩૭૪

અભિલાષ લક્ષણ.

નયન વચન મન મળિ રહ્યાં, મળવા ચાહ શરીર ;
દલપતિ તે અભિલાષ પ્રિય, વર્ણે કવિ મતિ ધીર. ૨૩૭૫

સ્મૃતિ લક્ષણ.

હાવ ભાવ લાવણ્ય તન, દંપતિ રૂપ શૃંગાર ;
વિરહભાંહ સંભારતાં, સ્મૃતિસુ કહે પ્રિયકાર. ૨૩૭૬

ગુણકથન લક્ષણ.

વિરહભાંહ પ્રિય દેહદ્યુતિ, ગુણ ગણિ કરત વખાણ ;
કહે ગુણકથન કવિ સકળ, મનમય મયન સુજાણ. ૨૩૭૭

ચિન્તા લક્ષણ.

મળવા દંપતિ પરસ્પર, વિરહભાંહ ચિત ચાહ ;
સોચે કોણ ઉપાય કરુ, તે ચિન્તા દર્શાય. ૨૩૭૮

Scanned with CamSca

વ્યાધી લક્ષણ.

દંપતિ મદન સુવેદના, સૂકે સરસ શરીર ;
તાવ તપે તન નયન જળ, વહે વ્યાધિ કવિ ધીર. ૨૩૭૯

પ્રલાપ લક્ષણ.

ભમત રહે મન ભ્રમરવત, વ્યર્થ વચન આલાપ ;
અથવા મન ગમતું બકે, તે જાણો પ્રલાપ. ૨૩૮૦

ઉન્માદ લક્ષણ.

ચમકિ ઉઠે વળિ દોડતાં, ગર્વ સૂખને કાજ ;
રોષ હસે ઉન્માદપ્રિય, જાણો કવિ સિરતાજ. ૨૩૮૧

ઉદ્વેગ લક્ષણ.

દંપતિ કામ કલેશથી, ગમેન કોમું વાત ;
ભલી વાત લાગે બુરી, તે ઉદ્વેગ ગણાત. ૨૩૮૨

જડતા લક્ષણ.

સુખ બુધ વિસરે દંપતી, સુખ દુખ હોય સમાન ;
ચિત ચૈતન્ય ન હોય તય, કવિજન જડતા માન. ૨૩૮૩

મરણ લક્ષણ.

જળ બળ કરતાં દંપતી, મળવું કદી ન થાય ;
પૂરણ પ્રેમ પ્રતાપથી, મહેદશા યે જાય. ૨૩૮૪

પ્રથમ હાવ લક્ષણ.

પ્રેમ પરસ્પર દંપતી, હૃદય થતો શૃંગાર ;
હસેના ભાવ પ્રભાવથી, ઊપજે હાવ વિચાર. ૨૩૮૫

હાવ નામ.

કિલકિંચિત વિભ્રમ લલિત, હેલા લીલા હાવ ;
વિક્રત કુટ્ટ મિત મદ તપન, મોટ્ટાયસુ પ્રિય દર્શાવ. ૨૩૮૬

Scanned with CamScanner

ગોટ્રાયિત વિક્ષિપ્ત કહું, વળિ વિક્ષોભ વિલાસ ;
વિક્ષેપક સહ સોળ એ, દલપતિ કહે પ્રકાશ. ૨૩૮૭

કિલકિંચિતહાવ લક્ષણ.

અશ્રુ રીસ મિશ્ર વિકારતા, સકળ રતિ સમય હોય ;
કંપિ હસે પતિ તન નિરખિ, કિલકિંચિત મન મોહ. ૨૩૮૮

વિભ્રમહાવ લક્ષણ.

ક્ષણમાં ભૂષણ પહેરતી, ક્ષણમાં મુકે ઉતારિ ;
ક્ષણમાં રસ_અનરસ ક્ષિણક, વિભ્રમ સુજન વિચારિ. ૨૩૮૯

લલિતહાવ લક્ષણ.

અલક ભૃકુટિ સુંદર ચતુર, હાસ્ય વદનનુ પ્રમાણ ;
હાથ પાગ સકુમાર અતિ, એહિત લલિત સુજાણ. ૨૩૯૦

હેલાહાવ લક્ષણ.

આલિગન પિયુ સું કરી, ઊપજતે રતિ રાગ ;
કરિ વિલાપ ક્રીડા કરે, હેલા પ્રિય_સુખ ધામ. ૨૩૯૧

લીલાહાવ લક્ષણ.

પિયુ-આવ્યાની આગમચ, પિયુનો લેકરિ વેષ :
રમિમું હાસ્ય કરી હસે, એ લીલા સુવિશેષ. ૨૩૯૨

હાવ લક્ષણ.

કામાંકુર કે હૃદય થૈ, પ્રિય તનં શોભ્યું અનૂપ ;
પિયુ દેખી ચમકે ડરે, હાવ કહે કવિ ભૂપ. ૨૩૯૩

વિહૃતિહાવ લક્ષણ.

પતિ સમીપ પ્રિય હૃદયમાં, વધે ચાહ અતિ નીત ;
પૂર્ણ મનોરથ મન તણા, કરે વિહૃતિ શુભ પ્રીત. ૨૩૯૪

Scanned with CamSca

કુટમિતહાવ લક્ષણ.

પતિ આંલિગંન દે ગ્રહે, કુચસુ અધરક્ષત લેખ;
હાં હાં નહિં નહિં રતિ સમે, કહે કુટ્ટમિત પેખ. ૨૩૯૫

મદહાવ લક્ષણ.

યૌવન મદમાતી મતી, રતી રૂપ શૃંગાર;
નયન નચાવે ચાલતી, પન્ડિત મદ સુવિચાર. ૨૩૯૬

તપનહાવ લક્ષણ.

ઘડી ચાર આવેન પિયુ, પ્રિય તપિને અકળાય;
નિંદતિ રતિ નિજ ભાગ્યને, તેહ તપન કવિરાય. ૨૩૯૭

મૌગ્ધ્યહાવ લક્ષણ.

વાતમાંહ કે મૂર્ખતા. દાખવતી જે નારિ;
મૌગ્ધ્યહાવ ત્હેને કહે, કોવિદ કુળ સુવિચારિ. ૨૩૯૮

મોટ્ટાયિતહાવ લક્ષણ.

બેખ ધરે લઈ તજે, પ્રકટે સાત્વિક ભાવ;
અર્થ છુપાવે બુદ્ધિબળ, તે મોટ્ટાયિત હાવ. ૨૩૯૯

વિક્ષિપ્તહાવ લક્ષણ.

પિયુ સું રીસ તેથી પ્રિયા, ધરે નહીં શૃંગાર;
સખિ મનાવિ શૃંગારતી, તે વિક્ષિપ્ત પ્રકાર. ૨૪૦૦

વિક્ષોભકહાવ લક્ષણ.

રૂપ પ્રેમના ગર્વથી, કપટ અનાદર હોય;
તવ ઉપજે વિક્ષોભ રસ, તે જાણે સૌ કોય. ૨૪૦૧

વિલાસ હાવ લક્ષણ.

હસતાં રમતાં બોલતાં, જોબન ગર્વપ્રકાશ;
જળ સ્થળાદિમાં ઉપજે, દલપતિ હાવ વિલાસ. ૨૪૦૨

Scanned with CamSca

વિક્ષેપક હાવ લક્ષણ.

અંબર ભૂષણ ચળ વિચળ, શરિરનિ નહિં સંભાળ ;
ભોળનઘેલી નાયિકા, વિક્ષેપક સુવિશાળ. ૨૪૦૩

ત્રણસોસાઠ નાયિકા ભેદ.

જે સ્વકિયા કહિછે ત્રિવિધ, ચાર ચાર સુપ્રકાર ;
મળતાં બારથઇ અધિક, પરકીયા બે સાર. ૨૪૦૪
પરકીયા મળતાં થઇ, સંખ્યા ચૌદ વિચાર ;
વળિ સ્વકિયા પરકીય નહિં, તે સામાન્યા સાર. ૨૪૦૫
એરીતે પંદર કહી, તેહ અષ્ટગુણ લેખ ;
મહાનાયિકા અષ્ટથી, વિંશોત્તર શત પેખ. ૨૪૦૬
ઉત્તમા દ ત્રણુથી ગુણો, વિંશોત્તર શત પાહ ;
રસિકપ્રિયા મત નાયિકા, પ્રકટસુ ત્રણુસેંસાહ. ૨૪૦૭

નાયક સહુચર વા સખાભેદ.

અનુકુળાદિ નાયક કહ્યા, તહેના સખાસુનામ ;
ન્યારાં ન્યારાં નામ વળિ, લક્ષણ ભેદ વખાણ. ૨૪૦૮
જે નાયક સૂં નાયકા, મેળવતા પ્રિય રંગ ;
નર્મ સચિવ તહેને કહે, પ્રિય રતિ મદન પ્રસંગ. ૨૪૦૯
નર્મ સચિવ છે ચતુર વિધ, તે કવિ ભૂપ વખાણ ;
પીઠ મર્દ વિટ ચેટકસુ, ચતુર વિદૂષક જાણ. ૨૪૧૦
કોપવતીના કોપને, પરમ વચનથી શાન્ત ;
કરિ રસવર્ધન મેળવે, પીઠમર્દ ધર ખ્યાન્ત. ૨૪૧૧
ધાત ઘાત સૈા કામની, સકળ કળાથિ જુજાણ ;
દૂતપણામાં અતિ નિપુણ, દલપતિ વિટ સુવખાણ. ૨૪૧૨
જે વાતથિ પ્રીતમ પ્રિયા, વાધે મનમાં પ્રીત ;
તે વાતોમાં અતિ ચતુર, કવિ ચેટક રસ રીત. ૨૪૧૩
હાસ્ય ખેલમાં વક્ર વિધિ, કરે વિચાર ન જોહ ;
ફૂટ કરે જન સકળની, સદા વિદૂષક એહ. ૨૪૧૪

Scanned with CamScanner

દૂતિકા ભેદ.

સુકવિ દૂતિકા વર્ણવે, અમુક જાતિની નાર;
પણ ઉત્તમ મધ્યમ કનિષ્ટ, વળિ કનિષ્ટ વ્યવહાર. ૨૪૧૫

ઉત્તમ લક્ષણ.

ઉત્તમ દૂતી સાંભળી, સકળ કાર્ય ચિત લાવિ;
અણ શિખવી વાતો કહે, યુકતી સરસ ચલાવિ. ૨૪૧૬

મધ્યમ લક્ષણ

દૂતી મધ્યમ હોય તે, ચાલ વિશેષન સાર;
ચોટી વાતો કહિ કરે, જેમ તેમ હિત કાજ. ૨૪૧૭

કનિષ્ટ લક્ષણ.

કનિષ્ટ કહિ શ્રીષ્ટ પ્રિયા, કહું સમજિ સુણિલેય;
અધિક ન્યૂન નહિં આવટે, કહો સંદેશો દેય. ૨૪૧૮

ગ્રંથપ્રયોજન.

કાવ્યશાસ્ત્ર સાગર સમો, તેમાંથી સંક્ષેપ;
રચ્યો કાંઈ સુંદર ગુણી, ધરી અધિક આક્ષેપ; ૨૪૧૯
દક્ષ પ્રધાન સામળ વચન, ધારી હિતકર સાર;
તેમ મહારાજ વચન, અધિક અધિક પ્રિયકાર. ૨૪૨૦
સર્વોપરિ રાકવંત કુળ, ગોલક્ષ ગુણ ભંડાર;
રાજધાનિ બાવાપ્યપુર, જગજનકાર શૃંગાર. ૨૪૨૧
રચ્યો ગ્રંથ શ્રીરાજપ્રિય, કરી અધિક જગ શોધ;
તપ્તસિંહ નૃપ નેહથી, દક્ષપતિ કુયે સુબોધ. ૨૪૨૨

સ્વરોદયશાસ્ત્ર.

દોહરા.

આદ્યપુરુષ અવિચળ સદા, સદાશિવ તવ પ્રસાદ ;
આદ્યશક્તિના પ્રશ્નથી, વાધ્યોગ્રિય સંવાદ. ૨૪૨૩
શાસ્ત્ર સ્વરોદય તત્વ સહ, જ્ઞાન બોધ સુપ્રકાશ ;
અનંન્ત ભાષામાં કથ્યો, પણ ગુર્જરમાં ખાસ. ૨૪૨૪
સર્વયોગનો યોગ એ, સર્વ જ્ઞાનમાં જ્ઞાન ;
સર્વસિદ્ધિમાં સિદ્ધિદા, પરમતત્વ સ્વર ધ્યાન. ૨૪૨૫
બ્રહ્મજ્ઞાનનો જાપ તે, અજપા સોહં સાધ ;
પરમહંસકો જાણતા, જેહનિ બુદ્ધિ અગાધ. ૨૪૨૬

અધિકારી લક્ષણ.

ક્ષુદ્ર દુષ્ટ દુર્જન અને, કપટી સત્ય વિહીન ;
દુરાચારિ ગુરુ લોપિને, કરવો શિષ્ય કદીન. ૨૪૨૭
શાંત શુદ્ધ આચાર કુળ, ગુરૂ ભક્તિ દ્રઢ ચિત ;
તત્વજ્ઞાન જ્ઞાતા વિમળ, કરવો શિષ્ય ખચીત્ત. ૨૪૨૮

શારીરિક ભેદ.

શારીરિક ઉત્પત્તિનો, આદી કર્યો પ્રયાશ ;
માટે અત્રે નથિ કથ્યો, પંચીકરણ પ્રકાશ. ૨૪૨૯
વામ બાજુપર અગ્નિને, જમણે જળ સુપ્રકાશ ;
મનનું સ્થાન હૃદયગણો, પવન નાભિમાં વાસ. ૨૪૩૦
મૂળ કમળ દળ ચારનું, લાલરંગ સુકુમાર ;
ગૌરીસુત વાસોવસે, છસો જાપ સુવિચાર. ૨૪૩૧
પીતરંગ પટ્ દળ કમળ, નાભી સ્થાન નિવાસ ;
બ્રહ્મા સાવિત્રી જપે, પટ્સહસ્ત્ર જપ ખાસ. ૨૪૩૨
નીલવરણ દશ દળ કહ્યાં, લક્ષ્મી વિષ્ણુ પ્રકાશ ;
પટ્સહસ્ત્ર શુભ જાપ પ્રિય, નાભી ઉપર નિવાસ. ૨૪૩૩
અનહદ ચક્ર હૃદય રહે, દ્વાદશ દળ વિખ્યાત ;
પટ્સહસ્ત્ર પ્રિય જાપ શુભ, શિવશક્તી સાક્ષાત. ૨૪૩૪

ષોડશ દળ પ્રિય કમળછે, કંઠે વાસ શશિ રૂપ ;
જાપ સહસ્ત્ર જપે સદા, ભેદ લહે કવિ ભૂપ. ૨૪૩૫
અગમ ચક્ર દ્વીદળ કમળ, ત્રિપુટી ધામ અનૂપ ;
સહસ્ત્ર જાપ જપે સુધડ, જાણે જ્યોતિ સ્વરૂપ. ૨૪૩૬
દળ સહસ્ત્રનું સુકમળછે, ગગન મન્ડળમાં વાસ ;
જાપ સહસ્ત્ર જપે સદા, તેજ પૂંજ સુપ્રકાશ. ૨૪૩૭
જોગ જુક્તિથિ તપાસિલે, સુરત નિરત શુભ રીત ;
દશ પ્રકાર અનહદ કહ્યો, અલા નાદ ધર ચિત્ત. ૨૪૩૮
પ્રથમ ભ્રમર ગુંજાર વળિ, બીજે શંખ વખાણ ;
ત્રીજે નાદ મૃદંગનો, ચોથે તાલ સુજાણ. ૨૪૩૯
પંચમ ઘંટા વાગતી, છટ્ટે મોરલિ નાદ ;
સપ્તમ ભેરિ સુઅષ્ટમે, દુંદભિ નાદ અનાદ. ૨૪૪૦
સિંધુ ગર્જના નવમને, દશમે ધુધરૂ સાર ;
દશ પ્રકાર અનહદ રટુરે, વૃત્તી અલ્લાકાર. ૨૪૪૧
વળી વિચારો તન વિશે, ગણે ષોડશાધાર ;
આધ વળિ મધ્ય સુઊર્ધ્વ ત્રણ, શુન્ય લહો સુખકાર. ૨૪૪૨
વળી પંચ આકાશ તે, શરીરમાં નથિ દૂર ;
જાણે પદાર્થ સર્વત્રો, સ્વર વેત્તાજ જરૂર. ૨૪૪૩
ઓકરયંભ નવ દ્વાર વળિ, પંચ દેવ ત્રણ શુન્ય ;
પંચેન્દ્રિય સુકુટુમ્બ પ્રિય, આત્મા પોતે સુન્ય. ૨૪૪૪
આત્મા તેજ શરીરછે, અંતરાત્મ મન ટેલ ;
પરમાત્મા તે પ્રાણછે, પંચ તત્વનો દેહ. ૨૪૪૫

નાડી ભેદ.

નાભી સ્થાને કંદછે, સ્થાસો સ્થાસાંકુર ;
સહસ્ત્ર ગ્રંથિને છસો, નિત્ય વહે ભરપૂર. ૨૪૪૬
સર્પાકારે નાભિસ્થળ, કુન્ડળિ ચક્ર તપાસ ;
તેપર દશ નાડી થકી, દશદિશ ચાલે શ્વાસ. ૨૪૪૭
તીર્યગતિ બે સન્મુખે, બેના બમણા ચાર ;
દશથી બમણા વીશછે, સૈાભળિ ચોવિશ સાર. ૨૪૪૮
બ્હોતેર સહસ્ત્ર આદિછે, તનમાં નાડિ વિચાર ;

ત્હેમાં મુખ્ય ચોવીશછે, તથાકે દશ સુખકાર. ૨૪૪૯
વામ નાસિકાયે ઇડા, જમણિ પિંગળા વેહ;
મધ્ય ભાગમાં સુક્ષ્મણા, બેમાં ત્રીજી રેહ. ૨૪૫૦
ગંધારિ વામ અક્ષિકા, હસ્તિનિ જો દક્ષીણ;
દક્ષિણ કર્ણ યશસ્વિની, પૂષા વામ પ્રવીણ. ૨૪૫૧
અલંબુષા મુખમાં વહે, કુહુકા લિંગે લેખ;
મૂલદ્વારપર સંખિની, એવિધિ દશ દિશ પેખ. ૨૪૫૨

દશ વાયુ ભેદ.

હૃદય વિષેછે પ્રાણને, ગુદાસ્થળેજ અપાન;
નાભી મધ્ય સમાનછે, કંઠસ્થાન ઉદાન. ૨૪૫૩
વ્યાપિક વ્યાન શરીરમાં, પ્રકટ વાયુ એ પાંચ;
સુક્ષ્મ પંચ બીજા કહૂં, જિવન મરણની ખાંચ. ૨૪૫૪
ઓડકારતે નાગથી, કૂર્મ નેત્ર સંચાર;
કૃકર ક્ષુધાકર દેવદત, બગાસિ જોભે સાર. ૨૪૫૫
ધનન્જય સુજીવન મરણ, આખર સુધી રહેછ;
દશ વાયૂ દશ નાડિમાં, જીવરૂપે વિચરેછ. ૨૪૫૬
ઇડા પિંગળા સુક્ષ્મણા, પ્રિયનાડી ત્રણ લેખ;
ડાબો જમણો સ્વર વહે, બેમાં તૃતિય તું પેખ. ૨૪૫૭
એત્રણ નાડીયેકરી, પ્રાણાયામ પ્રકાશ;
ત્રિકાળ જ્ઞાન કથે મુની, જીવરૂપ થે ખાસ. ૨૪૫૮.
નાડિ પિંગળા સૂર્યની, ઇડા ચંદ્રની નાર;
ડાબિ ઈંગળા પિંગળા, જમણી ચિત્ત વિચાર. ૨૪૫૯
વહે સાથ બે સુક્ષ્મણા, મહાદેવ છે સ્વામિ;
કાળસ્વરૂપિ વિનાશકર, કાર્ય સકળે નકામિ. ૨૪૬૦
સ્થીર કાર્યમાં ચંદ્રશુભ, ચરકાર્યે શુભ ભાનુ;.
સુક્ષ્મણ પ્રિયછે ધ્યાનમાં, એનિશ્રે કરિ માનુ. ૨૪૬૧
ચંદ્ર વર્ણ પ્રિય ગૌરછે, સૂર્ય શ્વેત કંઈ રક્ત;
પુરૂષ સૂર્ય ને ચંદ્ર સ્ત્રી, ગણતા કવિ કુલ ભક્ત. ૨૪૬૨

પક્ષ ભેદ.

શુકલ પક્ષમાં ચંદ્રબળ, એનિશ્રે ઉરઆણ;
[illegible] ૨૪૬૩

મંગળ રવિ શનિવાર એ, સૂર્ય યોગમાં સાર;
સોમ શુક્ર બુધ ગુરુ ચતુર, ચંદ્રે ભલા વિચાર. ૨૪૬૪
શુક્લ પક્ષ પડવા થકી, ત્રણતિથિ ચંદ્ર વખાણ;
ત્રણ સૂરજ ત્રણ ચંદ્રમાં, એ અનુક્રમ એધાણ. ૨૪૬૫
કૃષ્ણ પક્ષ પડવે થકી, ત્રણતિથિ સૂર્યનિધાર;
ચંદ્રનિ ત્રણ-પછિ સુર્ય ત્રણ, એમ પક્ષતું વિચાર. ૨૪૬૬
શુક્લપક્ષ પડવે વહે, ચંદ્રસ્વર સુખદાઇ;
કૃષ્ણપક્ષ પડવે વહે, સૂરજ સ્વર શુભભાઇ. ૨૪૬૭
શુક્લપક્ષ પડવે વહે, કહિસ્વર સૂર્ય વિચાર;
કલેશ હાનિ પીડા નડે, અથવા દુઃખ અપાર. ૨૪૬૮
કૃષ્ણપક્ષ પડવે વહે, કહિ સ્વર ચંદ્ર ન સૂખ;
કલહ કરે પીડા વળી, હાનિ તાપ કે દુઃખ. ૨૪૬૯
ઊપર સાગા ને વહે, ડાબો સ્વર તવરંગ;
સિદ્ધિયોગમાં જોપુછે, તો તે સુખદ પ્રસંગ. ૨૪૭૦
નીચે પાછળ જો વહે, જમણો સ્વર સુખકાર;
જોકોઇ પૂછે પ્રશ્નતો, કાર્ય સુલભ તું વિચાર. ૨૪૭૧
જમણો સ્વર જવ ચાલતો, ડાબે પૂછે આવી;
શુક્લપક્ષ નહિં વાર તો, નિષ્ફળ દેવું બતાવિ. ૨૪૭૨
જોકોઇ પૂછે આવીને, જમણો બેરી તેય;
ચાલે ચંદ્ર ન સૂર્ય તો, કાર્ય અફળ કહિ દેય. ૨૪૭૩
જો સ્વર ચાલે સૂર્યમાં, જમણે આવી જેય;
લગ્ન વારને તિથિ મળે, કાર્ય સિદ્ધિ સુખ દેય. ૨૪૭૪
ચંદ્રસ્વર જવ ચાલતો, ડાબે પૂછે કાજ;
તિથિ અક્ષરને વાર જો, મળે થાય સુખસાજ. ૨૪૭૫
સાત પાંચ નવ ત્રણ વળી, જો પંદર પચ્ચીશ;
કાર્યવચન અક્ષર ગણે, સૂર્ય યોગ સુકવીશ. ૨૪૭૬
ચાર આઠ દશને વળી, ચૌદ સોળ ધર ચિત્ત;
ચંદ્ર યોગ અક્ષર ભલા, દલપતિ કહે ખચીત. ૨૪૭૭
ઋષભ કર્ક કન્યા અને, વૃશ્ચિક મકર સુગીન;
એ સંક્રાતી ચંદ્રબળ, માસ ભલો તું ચીન. ૨૪૭૮

Scanned with CamSca

મેશ મિથુન તોલા અને, સિંહ કુમ્ભ ધનરાશ;
સૂર્યતણી સંક્રાતિમાં, સૂર્ય ભલો જો ખાસ. ૨૪૭૯
શુભતિથિ વાર સુલગ્નબળ, ગ્રહ બળ ચંદ્ર વિચાર;
જોતા જ્યોતિષ શાસ્ત્રમાં, ત્યમ સ્વર શાસ્ત્રાધાર. ૨૪૮૦

તત્વ ભેદ.

ચિત્ત આપણું સ્થિર કરી, નાકદાંડિપર દૃષ્ટિ;
રાખી જોવો શ્વાસને, તત્વ વિચાર સમષ્ટિ. ૨૪૮૧
લંબીજે પૃથ્વી ભજે, વંબીજે જળ ધ્યાય;
રંબીજે અગ્ની વળી, યંબિજ મારુત ગાય. ૨૪૮૨
હુંબીજે નભધ્યાય પ્રિય, એ રિત તત્વનું ધ્યાન;
અષ્ટ રીતથી ઓળખો, પંચ તત્વ તવમાન. ૨૪૮૩
પાંચ પાંચ ઘટિ ચાલતાં, દરેક તત્વ સુમાર;
પાંચે તત્વ તણિ સમજ, સ્વર સાધનથિ વિચાર. ૨૪૮૪
પૃથ્વી જળ પાવક પવન, પંચમછે આકાશ;
સ્વરમાં તત્વ વહે સમજ, કહું પ્રકાશ પ્રકાશ. ૨૪૮૫
મધ્ય સદા પૃથ્વી વહે, પીતરંગ ઉરઆણ;
દ્વાદશ અંગુળ સ્વાસછે, પૃથ્વિ તત્વ ઓધાણ. ૨૪૮૬
વહે નિચે જળ તત્વ વળિ, શ્વેતરંગછે જાણ;
ષોડશ અંગુળ સ્વર વહે, જળ તત્વનૂં પ્રમાણ. ૨૪૮૭
અગ્નિ તત્વ ઊંચે વહે, રક્ત વર્ણ તૂં લેખ;
ચતુરાંગુળ સ્વર પાવકે, દલપતિ કહે સુપેખ. ૨૪૮૮
વાયુ તત્વ ત્રિકુટિ લગી, લીલો રંગ વિચાર;
અષ્ટાંગુળ સ્વર જો વહે, વાયુ તત્વ આધાર. ૨૪૮૯
બે સ્વરજો સાથે વહે, એક આંગળ સુમાર;
સ્યામ રંગ આકાશનો, સ્થાન મસ્તક વિચાર. ૨૪૯૦
પૃથ્વિ તત્વ ચોખૂણછે, જળ કહું ધનુષાકાર;
તેજ તત્વસુ ત્રિકોણછે, ષટ્ખુણ મારુત સાર. ૨૪૯૧
ગોળ તત્વ આકાશછે, સ્વાદ તત્વ ચિતધાર;
જીભ ફેરવી અધરપર, કર પરિક્ષા પ્રિયકાર. ૨૪૯૨

Scanned with CamSca

પૃથ્વી મધુર કસાણું જળ, અગ્નિ તિક્ત એષાણુ ;
વાત આમ્લ આકાશ કટુ, કવિ કોવિદ સુત્રખાણુ. ૨૪૯૩
પ્રમાણુ અંગુળ પાંચ ક્ષિતિ, જળ અંગુળ સુચતૂર ;
અગ્નિ તત્વ ત્રણ વાયુ બે, એકાકાશ જરૂર. ૨૪૯૪
બુધ પૃથ્વીને રોમ જળ, ભોમ વાયુનો વાર ;
ગુરૂ વાયુનો રવાગિછે, અગ્નિશુક્ર રવિ સાર. ૨૪૯૫
શની રાહુ આકાશના, ઓસિદ્ધાન્ત વખાણુ ;
શુભ રિત રવાગિ વિચારતા, કોઈક શાસ્ત્ર સુજાણુ. ૨૪૯૬
ગામ ગયાનો પ્રશ્નકો, પૂછે તવ જોસ્વામિ ;
બુધ શશિ તત્વે માર્ગમાં, આવેછે પ્રિય નાગિ. ૨૪૯૭
ગુરૂ શુક્ર તત્વે સમિપ, ભાનુ મંગળે દૂર ;
રાહુ શની આપત્તિમાં, જાણી કહેા જરૂર. ૨૪૯૮
સૂર્ય નાડિના કાર્યમાં, ચંદ્ર નાડિ જો વેહ ;
ચંદ્ર નાડિના કાર્યમાં, સૂર્ય નાડિ વહિ રેહ. ૨૪૯૯
પ્રશ્ન કરંતાં ઓરિતે, હોય યોગ ચિતલાવ ;
પ્રવાસિ તે સ્થળ કાર્ય તજિ, બીજે સ્થળે બતાવ. ૨૫૦૦
બીજે સ્થળ આદર્યું સકળ, કાર્ય કરીને ઘેર ;
આવે એ નિશ્ચય કહેા, ફરીન દોશું વેર. ૨૫૦૧
ભરણિ કૃત્તિકાને મઘા, પુષ્ય સ્વાતિ નક્ષત્ર ;
પૂર્વાફાલ્ગુનિ ને વળી, પૂર્વાભાદ્રપદ અત્ર. ૨૫૦૨
તેજવંત બળવંત બહુ, અગ્નિ તત્વનાં જાણુ ;
વાયુ તત્વનાએ પંછી, દલપતિરામ વખાણુ. ૨૫૦૩
વિશાખ ઉત્તરા ફાલ્ગુની, હસ્ત ચિત્રા મૃગશીર ;
પુનર્વસૂને અશ્વિની, વાયુ તત્વનાં વીર. ૨૫૦૪
રોહિણિ જ્યેષ્ઠા ધનેષ્ઠા, અનુરાધા અભિજીત ;
શ્રવણ ઉત્તરાષાઢપ્રિય, પૃથ્વિ તત્વસુ અજીત. ૨૫૦૫
પૂર્વાષાઢા મૂળને, આરદ્રા ઉર આણ ;
અશ્લેષાને રોહિણી, શતભીષાજ જાણુ. ૨૫૦૬
સપ્ત ઉત્તરા ભાદ્રપદ, જળ તત્વે સુખદાઈ ;
પોતાના તત્વે વહે, સિદ્ધિદાયક સવાઈ. ૨૫૦૭

Scanned with CamScanner

જળ પૃથ્વીના યોગમાં, જો કોઈ પૂછે વાત ;
સ્વસ્થ સ્વર ચાલે કદી, કાર્યસિદ્ધિ તથ્યાત. ૨૫૦૮
પાવક ને આકાશ વળિ, વાયુ ચાલતો જોય ;
આવી પુછે વાતતો, શુભ કારજ નવ હોય. ૨૫૦૯
જળ પૃથ્વી સ્થિર કાર્યમાં, ડાબો સ્વર ફળ દેય ;
અગ્નિ વાયુ ચર કાર્યમાં, જમણો સ્વર શુભ લેય. ૨૫૧૦
રોગી પૂછે આવિને, બેસે ડાબી પાસ ;
પૃથ્વિ તત્વ સ્વર વામ તો, રોગીનો નહિં નાશ. ૨૫૧૧
રોગી પૂછે આવિને, બેસી ડાબી બાજુ ;
ચંદ્ર બંધ સ્વર સૂર્યતો, જીવે નહિં તે ઝાઝું. ૨૫૧૨
પહે તત્વ આકાશ જળ, તત્વો પૂછે આવિ ;
રોગી નિરોગિ તે થશે, દેવું સત્ય બતાવિ ૨૫૧૩
બીજાં તત્વનિ સાથજો, વહે આવિ આકાશ ;
રોગી પૂછે પ્રશ્ન તો, હોયજ તહેનો નાશ. ૨૫૧૪
અવર સાથ આકાશજો, વહેતાં પૂછે કૃત્ય ;
તો તે યશના કાર્યસૌ, હોય સફળ કહું સત્ય. ૨૫૧૫
પૂછે સાંભળિ અવરનું, વહેતા સ્વરમાં આવિ ;
જરૂર કાર્ય કહું જોટલાં, થાય ઊલટાં ભાવિ. ૨૫૧૬
જમણા ડાબા સ્વરમહીં, જોકોઇ પૂરણ હોય ;
પૂછે પૂરણ અવરતો, કારજ પૂરણ જોય. ૨૫૧૭
વર્ષ એકનું ફળ કહું, તત્વમતિ લહે કોઇ ;
સારા માઠા યોગતે, કાળ સમયને જોઇ ૨૫૧૮
બેદ ભેદ સંક્રમણનો, જો વળિ તત્વ વિચાર ;
ડાબા સ્વરમાં પૃથ્વિતો, સુખ પામે સંસાર. ૨૫૧૯
દેશ વિધી વળિ સમય શુભ, પ્રજા સુખી સદ્ વૃષ્ટિ ;
ધાસ ધાન્ય બહુ નીપજે, સફળ યોગ પ્રિય સૃષ્ટિ. ૨૫૨૦
ડાબા સ્વરમાં જળ વહે, આનન્દોત્સવ હોય ;
ફળે પૃથ્વિ સુખ વૃષ્ટિ વળિ, જગ જન શુભ ફળ જોય. ૨૫૨૧
બે તત્વો ચંદ્રે ભલાં, જળ પૃથ્વી ઉર આણ ;
શુભ ફળ દાયક વર્ષ તે, દલપતિ કરે વખાણ. ૨૫૨૨

Scanned with CamScanner

હવે તત્વ ત્રણ જે રહ્યાં, તેહનો કહું વિચાર ;
જોપસંક્રમણ જોસતાં, વહે અગ્નિ ઉરધાર. ૨૫૨૩
રોગ દોષ ભય જો પ્રજા, અનાવૃષ્ટિ દુષ્કાળ;
દેશભંગ દુખ દાયકી, દર્સે પાવક ઝાળ. ૨૫૨૪.
વાયુ તત્વમાં સ્વર વહે, જગ ભય દંગો જોય ;
પડે અર્ધ દુષ્કાળ વળિ, અધિક વૃષ્ટિ નવ હોય. ૨૫૨૫
તત્વાકાશ સ્વર બે વહે, અનાવૃષ્ટિ તવ જાણ ;
ધાન્ય ઘાસ નહિં નીપજે, પડે કાળ ગુમ્બાણ. ૨૫૨૬
ચૈત્ર શુકલ પડવે થકી, પ્રાત શ્વાસમાં ચંદ્ર ;
તત્વ પૃથ્વિ જગ સમય સુખ, પ્રજા રાજ સુખકંદ. ૨૫૨૭
અંબુ તત્વમાં ચંદ્ર શુભ, વહે સમય સુખ રીત ;
વર્ષે મેહ પ્રજા સુખી, દલપતિ પૂરણ પ્રીત. ૨૫૨૮
ચદ્ર સ્થાનમાં જો વહે, જળ પૃથ્વીજ સમાન ;
જો દક્ષિણ સ્વરમાં કદી, સમય મધ્યમ નિદાન. ૨૫૨૯
પ્રાત સમય સૂક્ષ્મણ વહે, રાજ્યમાંહિં ઉત્પાત ;
સ્વર જોનારો પણ મરે, પડે કાળ દુખ ખ્યાત. ૨૫૩૦
રાજ્યમાંહિં ઉત્પાત વળિ, પડે કાળ નિશ્વાસ ;
મેહ નહીં જગ જન દુખી, હોય તત્વ આકાશ. ૨૫૩૧
દક્ષિણ સ્વર પાવક વહે, પડે કાળ ગુણવાંન ;
પ્રસરે રોગ પ્રજા દુખી, ઘટે રાજ સનમાન. ૨૫૩૨
ક્લેશ હોય ભય દેશમાં, વિગ્રહ ફેલે અંત ;
પ્રજા દુખી દુષ્કાળ જો, વહે વાયુનો તંત. ૨૫૩૩
સંક્રાંતીને ચૈત્રનો, કહ્યો ભેદ સુખદાય ;
જકંત કાર્ય કહું છઉં હવે, ચંદ્ર સૂર્યનો ન્યાય. ૨૫૩૪
યાગ દાનને પુણ્ય વળિ, વિવાહ તીરથ સ્નાન ;
વાસ્તાભૂષણ નવલ કર, કૂપ વાટિકા સ્થાન. ૨૫૩૫
દેવસ્થાન કરો નવિન, દવા વણજ વ્યાપાર ;
ગુરુ દર્શણાદિ દુર્લભા, ચંદ્રે સ્થીર વિચાર ૨૫૩૬
શાસ્ત્રાભ્યાસજ સૂર્યમાં, હય હસ્તી લેસાર ;
મંત્ર સાધના યુદ્ધ કર, મૈથુન જાને જુગાર ૨૫૩૭

Scanned with CamScanner

ઝાઝ નિધિયે લંકારવાં, પ્રિય ભોજન સુખમાણ;
ચરકાર્યાદિક સૂર્યનાં, સમજે શાસ્ત્ર સુજાણ; ૨૫૩૮
સૂર્ય ઉદયમાં સૂર્ય પ્રિય, ચંદ્ર ઉદયમાં ચંદ્ર;
યોગ્યરિતે જો સ્વર વહે, ગુણહિત સુખ આનંદ. ૨૫૩૯
સોમ બુદ્ધ ગુરુ શુક્ર પ્રિય, એવારે સ્વર ચંદ્ર;
શુક્લપક્ષ તો સિદ્ધિ કર, સકળ કાર્ય સુખકંદ. ૨૫૪૦
રવિ મંગળ શનિવારને, કૃષ્ણ પક્ષ જો હોય;
સૂર્ય નાડિમાં કઠિણ કૃત, કરે સિદ્ધિ સુખ જોય. ૨૫૪૧
વિવાદ છળ વ્યાપાર વા, શત્રુ સમીપે સાર;
સ્વામિ કોપકે ધુર્ત કૃત, ચોર વ્યાઘ્ર ભયધાર. ૨૫૪૨
વળી સર્પ ભય માર્ગમાં, તવ સુક્ષ્મણ પ્રિય સાધ;
શુન્ય કાર્યમાં શુન્ય સ્વર, પામે જયજ અબાધ. ૨૫૪૩
મૃત્યુ ઉચ્ચાટણ સુક્ષ્મણા, શોભા પામે શિવ;
પ્રાણાયામ સમાધિમાં, શોભે એહ વરિષ; ૨૫૪૪
પૃથ્વી તત્વે કાર્ય સ્થિર, ઉતાવળું જળ તત્વ;
સમધારણ કૃત અગ્નિમાં, મારણ અનિલ મહત્વ. ૨૫૪૫
ઉચ્ચાટન પણ વાયુમાં, તેમ ગણો આકાશ;
મારણ ઉચ્ચાટન કૃતે, એ બે તત્વ પ્રકાશ ૨૫૪૬
લાભ પૃથ્વિથિ ઉતાવળો, જળ તત્વે નહિ વાર;
અગ્નિ વાયુ બે હાનિકર, નિષ્ફળ ગગન વિચાર. ૨૫૪૭

ધાતુમુળ જીવચિન્તા.

ચંદ્રસ્વરમાં વાયુ જળ, તત્વ વહે તવ જાણ;
નિત્યચિન્તા કહિયે હવે, પ્રથ્વી તત્વ પ્રમાણ. ૨૫૪૮
ચંદ્રસ્વરમાં પૃથ્વિન્તે, તો મુળચિન્તા લેખ;
ચંદ્રસ્વરમાં અગ્નિતો, ધાતૂચિન્તા પેખ. ૨૫૪૯
ચંદ્રસ્વરે આકાશતો, શુન્ય કહે કવિરાજ;
દક્ષ સૂર્ય નાડિ થકી, પ્રશ્ન. કહો ધરિ દાઝ. ૨૫૫૦
દક્ષ સૂર્ય સ્વરમાં વહે, કહિ જળ વાયૂ સાર;
તવ મુળચિન્તા જાણ પછિ, પૃથ્વિ તત્વ સંભાર. ૨૫૫૧

Scanned with CamScanner

જમણા સ્વરમાં પૃથ્વિ તો, નિવચિન્તાજ ગણાય ;
જો કાઢે વહેજ અગ્નિ તો, તહેનૂ ફળ સુનણાય. ૨૫૫૨
ધાતુ સંયુક્તવળી કહું, નિવચિન્તા સુવખાણ ;
જો આકાશ દક્ષિણ વહે, ધાતૂ ચિન્તા જાણ. ૨૫૫૩
એ રિત સ્વરના ઉદયનું, જ્ઞાન જાણિ સુખકાર ;
સૂર્ય ચંદ્ર સ્વર ગતિઉપર, લાભાલાભ જય હાર. ૨૫૫૪
ડાબો વા જમણો વહે, તેહ તરફ રદ્ધિ કોય ;
શુભાશુભ પૂછેજ તો, કાર્ય સિદ્ધિ પ્રિય હોય. ૨૫૫૫
શુન્ય સ્વર વહેતો કહી, તેહ તરફથી આવિ ;
પૂછે કાર્ય ન સિદ્ધિ તવ, દેવું સત્ય બતાવિ. ૨૫૫૬
પ્રશ્ન પૂછતાં જોકહી, સ્વર પોતાને અંશ ;
તેમજ ગણ સ્વર તત્વપણ, વાર નક્ષત્ર પ્રશંસ. ૨૫૫૭
આપ આપણા ઈશને, ત્રિપે રક્ષા જો હોય ;
કાર્યસિદ્ધિ તવ જાણવી, સરસ નરસ સ્વર જોય. ૨૫૫૮
શુભ કાર્યે શુભ સ્વર ગણે, ક્રૂર કાર્યમાં ક્રૂર ;
સ્વર જોતા યોગીશ સૌ, જાણો એહ વિચાર. ૨૫૫૯
સ્વર પ્રવેશ સમયે કહી, પૂછે પ્રશ્ન તવ લાભ.
સ્વર બદ્લાર પડતાં કહી, પૂછે પ્રશ્ન અલાભ. ૨૫૬૦
સૂર્ય નાડિ વિષમાક્ષરે, વામ બાજુ રદ્ધિ જોય ;
તવ ત્યાં સિદ્ધિ પ્રકાશતા, જાગણો જય નવ દોય. ૨૫૬૧
દીઠેલું ખોવાયલું, નાસિગયેલું હોય ;
વળિ ચોરાયેલું અને, કેદપડેલું જોય. ૨૫૬૨
મરવાપડેલું કે કહી, દેશાન્તરે વિચાર ;
ચંદ્ર નાડિ વહેતાં પુછે, પ્રાપ્ત થાય નિરધાર. ૨૫૬૩
વામ તરફથી વામ સ્વર, વહેતાં પૂછે જાણ ;
જીવ નાડિ કહેવાય તે, અમૃતકારિ વખાણ. ૨૫૬૪
સૂક્ષ્મણ વહેતા સૂર્ય શશિ, તેજ વાયુ આકાશ ;
એ તત્વો કહિ હોય તો, કાર્ય સિદ્ધિનો નાશ. ૨૫૬૫
વાયુ અગ્નિ બે સૂર્યમાં, વહે સગાદ્વાર સાર ;
પૃથ્વી જળ કહિ સૂર્યમાં, વિપરિત વિષમ વિચાર. ૨૫૬૬
રિક્તાતિથિ શુચતૂરથી, નવમી ચૌદસ ગાય ;
વિપત્તિ નાડિ. કહે સાધુ. પ્રશ્ન કાર્ય નવ થાય ૨૫૬૭

Scanned with CamScanner

એ સ્વર વ્હે સમપૂર્ણ તત્ર, ઊભા રહિ સન્મૂખ ;
પૂછ્યા પછિ વ્હે મૂર્યતો, સૌમ્ય ક્રૂર પ્રમુખ. ૨૫૬૮
સર્વકાર્ય નિષ્ફળ થતાં, કહિ સ્વર યાતો ચંદ્ર ;
કાર્યસિદ્ધિ તત્ર વિલંબે, થાય સત્ય સુખ કંદ. ૨૫૬૯
શુન્ય સ્વર ઢળવો વહે, પૂર્ણ મોકળો વેલ ;
શુન્ય સમયમાં પ્રશ્નનો, તુરત પૂર્ણ યે ખેલ. ૨૫૭૦
શશિ અથવા જો મૂર્યમાં, કાર્યસિદ્ધિ તત્ર જોય ;
તેમ પ્રથમ સંપૂર્ણ પછિ, શુન્ય થતાં દુખ દોય. ૨૫૭૧

શુદ્ધ પ્રશ્ન.

પ્રશ્નકારનો પ્રશ્નજો, ઉગ્યો વા સન્મૂખ ;
વામ દક્ષ એ બાજુ વા, પાછળ રાખી મૂખ. ૨૫૭૨
યુદ્ધવાત પૂછેજતવ, વાયુ તત્વમાં ભાનુ ;
સ્વરચાલે તત્ર જય થતો, પ્રશ્નકારનો માનું. ૨૫૭૩
યુદ્ધ વિષે એ સૈન્ય જો, તહેમાં કહોની છત ;
પ્રશ્નકાર પુછેજતો, કહેવું તે શુભરીત ૨૫૭૪
પૂર્ણા તિથિ પંચમિ દશમિ, આદિ પૃથ્વિજો તત્વ ;
દેશપતિનો જય તદા, મિટે શત્રુનું મદત્વ. ૨૫૭૫
રિક્તા ચતુર્થિ નવમિને, ચતુરંગી ધર ચિત્ત ;
વળીહોય જળ તત્વતો, છતે શત્રુ બચીત. ૨૫૭૬
સમ્પૂર્ણ સૂર્ય સ્વર વિષે, તત્વ વહે આકાશ ;
આગળ થકોજ આવિને, શત્રુ કરે વિનાશ. ૨૫૭૭
વામ નાડિમાં પુછતાં, પ્રશ્નકારની છત ;
કહિ જમણીજ વહે તદા, શત્રુ જિતે શુભ રીત. ૨૫૭૮
વિષમાક્ષર કહિ સમ થતા, દેશપતીની છત ;
કહિ સમાક્ષર વિષમ થતા, શત્રુ જિતે શુભ રીત. ૨૫૭૯
ચંદ્ર સ્વર વ્હેતાં કહી, યુદ્ધ પ્રશ્ન સુવિચાર ;
સમ પ્રશ્ને જો મેળછે, સંધિ થાય સુખકાર. ૨૫૮૦
સૂર્ય સ્વર વ્હેતો કહી, વિષમ પ્રશ્ન દુખ દેખ ;
જયકો વાધે અતિ ઘણો, રોકે શેષનિ રેણ. ૨૫૮૧

Scanned with CamScanner

બે સ્વર વ્હેતા શુન્ય ને; સુક્ષ્મણમાં યુદ્ધ વાત ;
પૂછે શત્રુ પરસ્પરે, મુઝાઇ પડતા ખ્યાત. ૨૫૮૨
જનની મરડ મિટે નહીં, સંધિકાર્ય નવ થાય ;
દેશ બુદ્ધિ છાંડે નહીં, અંતર ક્રોપ ન જાય. ૨૫૮૩
બે સ્વર પૂર્ણ સુસુક્ષ્મણા, વ્હેતાં પ્રશ્ન ભણાય ;
તો બે શત્રુ મુકાણલે, રહાગા રહાગિ ન થાય. ૨૫૮૪
પ્રશ્ન પુછતાં જો કહી, ચંદ્ર સ્વર પર સ્વારિ ;
આવે એ નિર્માણછે, સૂર્ય સ્વરે નહિં ખ્વારિ. ૨૫૮૫
બે સ્વર સુક્ષ્મણ તો કટક, ચઢિઆવ્યું સંભળાય ;
પણ આવેન લડેન કો, યુદ્ધવાત સંથાય. ૨૫૮૬
યુદ્ધ સમય પ્રિય રાશિને, વિચારતા નર દક્ષ ;
કર્ક મકર ને મેષ તુલ, રાશિ સૂર્યની લક્ષ. ૨૫૮૭
ઉપર કહેલી રાશિ જન, સૂર્ય સ્વર કરિ બંધ ;
ચંદ્રસ્વરમાં જય થવે, ધરે ધનુષ પ્રિય સ્કંધ. ૨૫૮૮
સિંહ વૃશ્ચિક ને કુમ્ભ વૃષ, રાશિ ચંદ્રની સાર ;
એ રાશી જન ચંદ્ર સ્વર, ભિટાવતાં જય ધાર. ૨૫૮૯
ચંદ્ર નાડિ યુદ્ધે ભલી, સૂર્યનાડિ સંહાર ;
સુક્ષ્મણ યુદ્ધે અકળ છે, દલભંજન વળિ હાર. ૨૫૯૦
યુદ્ધ સમય જો ચંદ્ર સ્વર, વ્હેતાં પૂછે વાત ;
દેશપતી તવ છતશે, શત્રુ થશે નિપાત. ૨૫૯૧
જો સૂર્યનો પ્રવાહતો, શત્રુ છતે સંગ ;
સ્વર શિરુવાતે પૂછતાં, વિષ્ટી થાશે વધ. ૨૫૯૨
પૂર્વ ઉત્તરમુ ચંદ્રની, દક્ષિણ પશ્ચિમાદીત ;
વિચારિ સન્મુખ રાખવા, સમરે શત્રુ ખગીત. ૨૫૯૩
ચંદ્ર સ્વર વ્હેતો તદા, પૂર્વોત્તર સન્મૂખ ;
સૂર્ય સ્વરતો રાખવાં, દક્ષિણ પશ્ચિમ મૂખ. ૨૫૯૪
દિશા સાધતા ઓરિતે, રણક્ષેત્રે રણશૂર ;
માન પ્રતિષ્ઠા મેળવે, વળિ જય યશ ભરપૂર. ૨૫૯૫
દુર યુદ્ધે ચંદ્રે વધો, પાર્શ્વ સૂર્યસ્વર સાધ ;
છતે સાથ નરેશ પ્રિય, કહી ગુરીત અગાધ. ૨૫૯૬

Scanned with CamScanner

યુદ્ધે ચઢતાં વામસ્વર, તો પદ પ્રથમે વામ ;
સૂર્યસ્વર તો દક્ષપદ, પ્રથમ ધરો અભિરામ. ૨૫૯૭
જો સુક્ષ્મણ વહેતો તદા, પગલું ભરે ન કોઇ ;
ચેતવણી સંઘાતિને, કરવી જરૂર જોઇ. ૨૫૯૮

ગર્ભ પ્રશ્ન.

ચંદ્ર સ્વર જ્ય ચાલતાં, જમણે પૂછે કોઇ ;
ગર્ભ પ્રશ્ન તવ પુત્રછે, વળી વિગેરે જોઈ. ૨૫૯૯
કહેવા ચોથ નવમી અને, ચતુર્દશી કહેવાય ;
રિક્તા તિથિયે પ્રશ્ન તો, ગર્ભે પુત્રિ ભણાય. ૨૬૦૦
ચંદ્ર સ્વરમાં તત્વ બે, ગર્ભ પાત તવ થાય ;
વળી સુક્ષ્મણા જો વહે, બે બાળક કહેવાય. ૨૬૦૧
પૃથ્વિ તત્વમા પ્રશ્ન તો, પુત્રી ગર્ભે હોય ;
પ્રશ્ન સમય જળ તત્વ તો, કહો પુત્ર મુખ જોય. ૨૬૦૨
વાયુ તત્વમાં કન્યકા, અગ્નિ તત્વમાં પાત ;
વહે તત્વ આકાશ તો, કહો નપુંશક જ્યાત. ૨૬૦૩

કાળ જ્ઞાન.

રાત્ર દિવસ જો પુરૂષને, સુર્ય ચંદ્ર જો એક ;
વહેજ સ્વર એ રીત તો, જિવે વર્ષ ત્રણ નેક. ૨૬૦૪
રાત્ર દિવસ જો પિંગળા, સૂર્યસ્વર કદિ રેલ ;
તો આયુષ્ય દ્વિ વર્ષ છે, તે પછિ પડતી દેલ. ૨૬૦૫
એક સ્વર ત્રણ રાત્રતો, એક વર્ષમાં નાશ ;
કહે તત્વજ્ઞાની સમજ, દલપતિરાગ પ્રકાશ. ૨૬૦૬
મળ મુત્રાદિક વાયુસહ, પ્રાતઃકાળ સુરીત ;
પછિ દિવસ કે રાત્રમાં, થાયન કહું બચીત. ૨૬૦૭
તો તે પ્રાણી દશ દિવશ, જીવે જાણ સુજાણ ;
સોડશ દિવશમુ એકસ્વર, એક વર્ષમાં જાણ. ૨૬૦૮
સોડશ દિવસ સુચંદ્ર સ્વર, વહે લાભ જય મિત્ર ;
ઉત્તમ સુખ યશ ભોગવે, દલપતિ પરમ પવિત્ર ૨૬૦૯

Scanned with CamSca

એક માસને દિવશ દશ, સૂર્ય વહે દક્ષીણ ;
એમ દિવસમાં મૃત્યુને, દલપતિરામ પ્રવીણ. ૨૬૧૦
સૂર્ય ચંદ્ર તનિ સુક્ષ્મણા, ષોડશ દિવસસુ વેહ ;
તો તહેની તત્કાળને, દલપતિ પડતી દેહ. ૨૬૧૧
નહીં ચંદ્ર નહિં સૂર્ય વળિ, નહીં સુક્ષ્મણા સાર ;
મુખથી ચાલે શ્વાસ તવ, જીવે ઘટિકા ચાર. ૨૬૧૨
સપ્તઋષી. સુઅરુન્ધતી, ધ્રુવ તારો જે સ્થીર ;
ત્રણ પગલાં વિષ્ણું તણાં, માતૃમન્ડળ સુધીર. ૨૬૧૩
ઉપર કહ્યાં દેખે નહીં, મૃત્યુ જાણ ષટ્માસ ;
યોગ માર્ગ બીજી રિને, અર્થ પ્રકાશ પ્રકાશ. ૨૬૧૪
અરુંધતી નિભ ટેરવું, નાક દાંડિ ધ્રુવ નેક ;
ત્રિકુટિ મધ્ય ત્રણ પદ ગણે, વિષ્ણું તણા વિવેક. ૨૬૧૫
નેત્રકીકિ તે તારિકા, માતૃ મન્ડળ ભણાય ;
યોગ માર્ગ શુભ રીતથી, દલપતિ અર્થ જણાય. ૨૬૧૬
હંસકાર તે સર્વદા, શ્વાસનિકળતો ઓકાર ;
શંભૂ રૂપ પ્રકાશતા, હ્રદયે શક્તિ રુપ સાર. ૨૬૧૭
પ્રવેશ કરતાં અંતરે, શ્વાસ યોગ સુવિચાર ;
શક્તિ કહાવે ચંદ્રમાં, શંભુ સૂર્ય જય ધાર. ૨૬૧૮
જમણિ પિંગળાને કહે, યમુનાજી પ્રિયકાર ;
ડાબિ ઇડા ગંગા ગણે, મધ્ય સરસ્વતિ સાર. ૨૬૧૯
પૂરક કુંભક રેચકસુ, કરતા યોગિ તપાસ ;
પૂરક પુષ્ટિ કરે સદા, ધાતુ વૃદ્ધિ સુપ્રકાશ. ૨૬૨૦
કુંભક સ્થંભન કરિ કરે, જીવ વિવર્ધન નેક ;
રેચક પાપ હરે સદા, યોગ શાસ્ત્ર સુવિવેક. ૨૬૨૧

શાસ્ત્ર નીતિ.

સૂર્ય સ્વર કહિ ચાલતાં, શશિ કરવો ચિત લાવ ;
કે શશિ વહેતાં સૂર્યતો, શાસ્ત્રનીતિ સુહરાવ. ૨૬૨૨
કરવો જમણો વામને, તો સુખું શુભ વાગ ;
જમણો વહેતાં વામતો, સુખું દક્ષ દમામ. ૨૬૨૩

Scanned with CamScanner

વળિ કક્ષાપટમાં ધરો, વસ્ત્ર દડો એ રીતિ ;
સ્વર વહેતો તે પાર્શ્વપર, રાખો કરે સુનિતિ. ૨૬૨૪
વામ પાર્શ્વપર શયન વળિ, વામ સ્વરમાં નીર ;
દક્ષિણ સ્વર ભોજન ભલું, શાસ્ત્ર નીતિ ધરધીર. ૨૬૨૫
વામ સ્વરે ભોજન કરે, દક્ષિણ સ્વરમાં નીર ;
એમ ભુલે દશ દિવસતો, આવે રોગ શરીર. ૨૬૨૬
દક્ષિણ સ્વરમાં શૌચને, લઘુશંકા કર વામ ;
જુએ તી એ ગુરૂ મુખ લહે, સાધક સર્વ તમામ. ૨૬૨૭
ચંદ્ર સ્વર પ્રિય દિવસમાં, સૂર્ય સ્વર શુભ રાત ;
નિત સાધન એ રીત તો, કાયા પરેત ખ્યાત. ૨૬૨૮
શાસ્ત્ર સ્વરોદય જ્ઞાન શુભ, તપ્તસિંહ પ્રિય ભુપ ;
ગુર્જરિ પ્રજા સુલિત કરણ, દલપતિ કર્યું અનુપ. ૨૬૨૯

॥ संगीतशास्त्र. ॥

મંગળાચરણ.

મનહરછંદ.

પ્રથમ પુરાણ આદિ નારાયણથી પ્રકટ,
બ્રહ્મદેવે ચારવેદ ચાર મુખથી કહ્યા ;
નાદ વેદ પંચમ શ્રી વિધિયે ભરતમુનિ,
ભરતમુનિ અપ્સરા તેમ કિન્નરે લહ્યા ;
તેથિ ગાન ભેદ તણો અધિક વિસ્તાર થયો,
રીઝિ રીઝિને નવિન ભેદ ઉપજાવિયા ;
સ્વર્ગથી અવનિપર લાવિયા ભરતમુનિ,
તેથિ દેશ દેશ નર નારી મન ભાવિયા. ૨૬૩૦

પ્રથમ નાદભેદ.

દોહરા.

અતીસૂક્ષ્મ ને સૂક્ષ્મ વળિ, પુષ્ટ અપુષ્ટ વખાણ ;

Scanned with CamSca

કૃત્રિમ સદ્ગએ પાંચપ્રિય, નાદસ્વરૂપ સુજાણ. ૨૩૩૧.
આત્માની ઇચ્છા થતાં, મનને પ્રેરે દક્ષ;
પછિગનથી અગ્નિ પ્રકટ, અગ્નિથિ વાયૂલક્ષ. ૨૫૩૨
તે વાયુ હૃદય ગ્રંથિગાં, થંને ચઢતો લેખ;
તે નાભિ હૃદય કંઠ થૈ, મુર્ધ ય મુખે પેખ. ૨૫૩૩
ધ્વનીરૂપ ને વર્ણ રૂપ, નાદ ભેદ ઉત્પાણ;
ગાયેક નાયક સ્વરથકી, રાગ રાગણિ વખાણ. ૨૫૩૪
ભિન્ન ભિન્ન અભ્યાસથી, કંઠે કરતા નેક;
તેમ યોગિશ અનાહતે, અનુભવતાજ વિશેક. ૨૫૩૫
નાદબ્રહ્મ સમાધિથી, પામે મુક્તી વેદ;
રોગિસાંભણી નાદને, થાય નિરોગિ સુભેદ. ૨૫૩૬

સ્વરાધ્યાય પ્રકર્ણ.

પ્રથમ સ્વરો ત્રણ સમજવા, ષડ્જ પંચમ વિચાર;
તૃતિય સ્વર વા ટીપને, દ્વિતિય ષડ્જ તુંસ્વિકાર. ૨૫૩૭
મૂળ સ્વરો ત્રણમાં અધિક, બીજા પાંચ હરાવિ;
અષ્ટ સ્વરોમાં સપ્તને, સપ્તક નામ બતાવી. ૨૫૩૮
સ્વર સપ્તક ગણતાં રહ્યો, અષ્ટમ ષડ્જ દ્વિતીય;
હ ષડ્જને ગણ દ્વિતિય, સપ્તકમાં જન પ્રીય. ૨૫૩૯

સપ્તસ્વર નામ.

ષડ્જ ઋષભ ગાંધારને, મધ્યમ પંચમ સાર;
ધૈવત નિષાદ સપ્તસ્વર, સંગિતમાં પ્રિયકાર. ૨૫૪૦

સપ્તસ્વરોત્પત્તિ નાદ સ્થાનાદિ કથનમ્.

અડિલછંદ.

જંબૂદ્વીપે ષડ્જ સ્વરોત્પત્તી કહી,
શાકદ્વીપે ઋષભસ્વરો ત્પત્તીલહી;
કુશદ્વિપે ગાંધાર ક્રૌંચ મધ્યમ ગણે,
(હરિહાં) પંચમ શાલ્મલિદ્વીપ સ્વરોત્પત્તી ભણે. ૨૫૪૧

Scanned with CamScanner

શ્વેતદ્વિપે ધૈવત વળિ પુષ્કરદ્વીપમાં,
નિષાદ ઉત્પન થયો સપ્તક સમીપમાં ;
નાદક્રમે મયૂર પપૈયો કવિ કહે,
(હરિહાં) મેંઢક-કુલિંગ કોયલ હય હસ્તી લહે. ૨૬૪૨

દોહરા.

ષડ્જ નાભિથી ઊપજે, ઋષભ નાસિકા સ્થાન ;
કપોલથી ગાંધાર પ્રિય, મધ્યમ હૃદયતું માન. ૨૬૪૩
ગ્રિવાથકી પંચમ પ્રકટ, ધૈવત સોહ્ય કપાળ ;
તાલૂસ્થાન નિષાદનું, સંગીતેજ રસાળ. ૨૬૪૪

સપ્તસ્વરવર્ણજાત્યાદિ વંશોત્પત્તિ કથનમ્.

મનહર છંદ.

ષડ્જ ઋષભ સ્વર ગાંધાર સુમધ્યમછે,
પંચમને ધૈવત નિષાદસ્વર સાતછે ;
લાલરંગ ષડ્જસુ પીળોરંગ ઋષભજ,
ગાંધાર સુવર્ણ શ્વેત મધ્યમ પ્રખ્યાતછે ;
પંચમછે શ્યામરંગ પીતરંગ ધૈવતછે,
નિષાદ વિચિત્રરૂપ સંગિતમાં સારછે ;
ગ્રામ ક્રમ ગાન તાન મુર્છનાને લયસાનઃ,
દલપતિરામ ભેદ અનેક અપારછે. ૨૬૪૫
મધ્યમ ષડ્જ વળિ પંચમછે દ્વિજ જ્ઞાતિ,
ઋષભ સુધૈવત બે ક્ષત્રિય કહાવતા ;
ગાંધાર નિષાદ વૈશ્ય અંતર કાકલિ શૂદ્ર.
એહરીત જ્ઞાતિભેદ સંગિતે સુહાવતા ;
ષડ્જ ગાંધાર વળિ મધ્યમછે દેવવંશ,
પંચમ જો પિતૃ વંશ કોવિદ દર્શાવતા ;
ઋષિવંશે ઋષભસુ ધૈવત પ્રકાશમાન,
નિષાદ અસૂરવંશ ભેદાત્મક ભાવતા. ૨૬૪૬

સપ્તસ્વર દેવતા ગોત્ર ઋષિ છંદ રસાત્મક વિચાર.

દોહરા.

ષડ્જ વન્હિને ઋષભનો, બ્રહ્મદેવ ચિતભાવ ;
ગાન્ધારનોસુ દેવ શશિ, ગધ્યમ વિષ્ણુ બતાવ. ૨૬૪૭

પંચમનો નારદ પ્રકટ, ધૈવ સ્તુમ્બર સાર ;
નિષાદનો પણ સ્તુમ્બરજ, એરિત દેવ વિચાર. ૨૬૪૮

અગ્નિવેશ્ય કાશ્યપ અને, ગૌતમાંગિરસ ચાર ;
ભાર્ગવ કૌસિક સપ્તમે, વશિષ્ઠ ગોત્ર વિચાર. ૨૬૪૯

અગ્ની બ્રહ્મા ને વળી, મૃગાંક લક્ષ્મિશો સાર ;
નારદ સ્તુમ્બર ધનદ ક્રમ, સપ્તઋષી પ્રિયકાર. ૨૬૫૦

અનુષ્ટુપ ગાયત્રી ત્રિષ્ટુપ, બૃહતિ પંક્તિ ઉષ્ણિક ;
જગતિ સહિત સ્વર અનુક્રમે, છંદ ગણે ગુણિ ઠીક. ૨૬૫૧

ષડ્જ ઋષભના પ્રકટરસ, અદ્‌ભુત રૂદ્ર સુવીર ;
ગાન્ધાર નિષાદે ગણે, કરુણા ગાયક ધીર. ૨૬૫૨

ધૈવતનો રસ ભયાનક, વળિ બિભત્સ પણ થાય ;
મધ્યમ પંચમ હાસ્ય વળિ, શૃંગારે સોહાય. ૨૬૫૩

ઉદાત્ત અનુદાત્ત સ્વરિત મંદ્ર કલ કાકલી સ્વર વિચાર.

પંચમથી થાયે ઋષભ, ધૈવતથી ગાન્ધાર ;
નિષાદથી મધ્યમ પ્રકટ, ગાયક ભેદ વિચાર. ૨૬૫૪

નિષાદ વળિ ગાંધાર બે, ગણતા સ્વરસુ ઉદાત્ત ;
ઋષભ અને પંચમ ગણે, સ્વરશાસ્ત્રે અનુદાત્ત. ૨૬૫૫

ષડ્જ મધ્યમ અને વળિ, ધૈવત સ્વરિત સુપેખ ;
મંદ્ર અને કલ કાકલી, એ ત્રણસ્વર શુભલેખ. ૨૬૫૬

નાભિસ્થાનમાં જે થતો, નાદ અતીગાંભીર ;
મંદ્રનામથી ઓળખે, ગાયક પન્ડિત ધીર. ૨૬૫૭

મધુર થાય અસ્ફુટધ્વની, તે કલનાદ વખાણ ;
કલસ્વરની ધ્વનિ સુક્ષ્મથી, કાકલિ સ્વર સુભ જાણ. ૨૬૫૮

Scanned with CamScanner

સ્થાઇ આદિ વર્ણ ચતુર ભેદ.

સ્થાઇ અને આ રોહિ વળિ, અવરોહી સંચારિ ;
ચતુર વર્ણ વ્યાખ્યા વદે; દલપતિ શાસ્ત્રવિચારિ. ૨૬૫૯

હળુ હળુ એકજ સ્વરમહીં, ઉચ્ચારણ જય થાય ;
તવતે સ્થાઇ ગણાયછે, ગાયકથી દર્શાય. ૨૬૬૦

પડજ થકી નીષાદ લગિ, ચઢાવવો ચિતલાવ ;
આરોહી તેહને કહે, એ રિત વર્ણ દરાવ. ૨૬૬૧

નિષાદથીસ્વર પડજલગિ,, ઉતારવો અવરોહ ;
એનણુસ્વરની એકતા, સંચારી સંદોહ. ૨૬૬૨

સપ્તસ્વર શ્રુતિ જાત્યાદિ ભેદ કથનમ્.

પડજ ચારને ઋષભ ત્રણ, એ શ્રુતિછે ગાંધાર ;
મધ્યમનીપણ ચાર શ્રુતિ, પચમની પણચાર. ૨૬૬૩

ધૈવતની શ્રુતિ ત્રણગણે, નિષાદની એ સાર ;
એરીતે દ્વાવિંશ શ્રુતિ, દલપતિ બોદ્ધ વિચાર.. ૨૬૬૪

પ્રથમ દીપતા આયતા,. કરુણા મૃદૂ ભણાય ;
મધ્યાસહ ને પાંચમો, જાતી શ્રુતિનિ ગણાય. ૨૬૬૫

પડજ શ્રુતિ તિવ્રા અને, કુમુદ્વતી પ્રિયકાર ;
મંદા છંદોવતિ સહિત, ગાયક ગણતા ચાર. ૨૬૬૬

ઋષભ દયાવતિ રંજની, અને સુરતિક્રા લેખ ;
ગાંધાર શ્રુતિ એ પ્રકટ, રૌદ્રી ક્રોધા પેખ. ૨૬૬૭

મધ્યમની શ્રુતિ વજ્રિકા, પ્રસારિણીને પ્રીતિ ;
માર્જની સહિત ચારછે, ગુણનિધિ ગણે સુરીતિ. ૨૬૬૮

ક્ષિતિ રક્તા સંદીપની, આલાપિનિ ઉચ્ચાણ ;
પંચમ શ્રુતિ પણ ચતુરએ, દલપતિરામ વખાણ. ૨૬૬૯

ધૈવત શ્રુતિ સુ મદંતિને, રોહિણિ રમ્યા સાર ;
નિષાદ શ્રુતિ ઉગ્રા અને, ક્ષોભિનિ ચિત્ત વિચાર. ૨૬૭૦

Scanned with CamSca

દ્વાવિંશ શ્રુતિ જાત્યાદિ ચક્રમ્.

૧	૨	૩	૪	૫	૬	૭
તિવ્રા.	કુમુદ્વતિ.	મંદા.	છંદોવતિ.	દયાવતિ.	રંજની.	રતિકા.
દિપ્તા.	આયતા.	મૃદુ.	મધ્યા.	કરુણા.	મધ્યા.	મૃદુ.

૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
રૌદ્રી.	ક્રોધા.	વજ્રિકા	પ્રસારિણી	પ્રીતિ.	માર્જની.	ક્ષિતિ.
દિપ્તા.	આયતા.	દિપ્તા.	આયતા.	મૃદુ.	મધ્યા.	મૃદુ.

૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
રક્તા.	સંદીપની.	આલાપિ-	મદંતી.	રૌદ્રિણી.	રમ્યા.	ઉગ્રા.	ક્ષોભિની.
મધ્યા.	આયતા.	ની. કરુણા.	કરુણા.	આયતા.	મધ્યા.	દિપ્તા	મધ્યા.

કોમલ તિવ્રસ્વર વિચાર.

ઋ૬ અને પંચમ કહી, તિવ્રન કોમલ થાય;
ગ્રહિન પાંચ સ્વરો સદા, કોમલ તિવ્ર ગણાય. ૨૬૭૧
કોમલ તિવ્રનુ ભેદથી, પંચસ્વર દશ થાય;
ઋ૬ અને પંચમ મળી, દ્વાદશસ્વર કહેવાય. ૨૬૭૨

કોમલ તિવ્રાદિ દ્વાદશસ્વર ચક્રમ્.

૧	૨	૩	૪	૫	૬
ઋજ.	ઋષભ	ઋષભ	ગાંધાર	ગાંધાર.	મધ્યમ.
૦	કોમલ.	તિવ્ર.	કોમલ.	તિવ્ર.	કોમલ.

૭	૮	૯	૧૦	૧૧	૧૨
મધ્યમ.	પંચમ.	ધૈવત.	ધૈવત.	નિષાદ.	નિષાદ.
તિવ્ર.	૦	કોમલ.	તિવ્ર.	કોમલ.	તિવ્ર.

Scanned with CamSca

આદિ સપ્ત સ્વર શ્રુતિથકિ, પ્રકટ વિકૃતી હોય ;
પંડિત સંગિત પરખતા, દ્વાદશ વિકૃતિ જોય. ૨૬૭૩
પ્રથમ ધૃત અધૃત કાકલી, અતિ કાકલી અનૂપ ;
મધુપ અતિમધુપ વિકૃતિ, અતિવિકૃતિ યશરૂપ. ૨૬૭૪
અંતર સાંતર ને કબક, પછિ અતિ કબક વિચાર ;
વિસ્તારી વ્યાખ્યા કથે, સંગિત ગુણ ભંડાર. ૨૬૭૫
ઋષભ ષડ્જની પ્રથમ શ્રુતિ, લેતવ ધૃત કહેવાય ;
ઋષભ ષડ્જની બીજિલે, તવતે અધૃત લખાય. ૨૬૭૬
જો ગાંધાર ઋષભ શ્રુતી, લે તવ કાકલિ જાણ ;
ગાંધાર ગ્રહે બીજી તવ, અતિકાકલી પ્રમાણ. ૨૬૭૭
જો મધ્યમ ગાંધાર શ્રુતિ, લે તવ મધુપ વિચાર ;
મધ્યમ ગાંધારનિ બિજી, ગ્રહિ અતિમધુપ ઉચાર. ૨૬૭૮
પંચમ જો મધ્યમ શ્રુતી, લે તવ વિકૃતિ ધાર ;
લે પંચમ મધ્યમ બિજી, તવ અતિવિકૃતિ વિચાર. ૨૬૭૯
જો ધૈવત પંચમ શ્રુતી, લે તવ અંતર થાય ;
ધૈવત લે પંચમ બિજી, તવ સાંતર લેખાય. ૨૬૮૦
ધૈવત નિષાદની શ્રુતી, લે તવ કબક ગણાય ;
ધૈવતે નિષાદનિ બિજી, લેવી નહિંજ ભણાય. ૨૬૮૧
તે થકિ ધૈવત ટીપલે, તેને ષડ્જ સ્વિકાર ;
લે ધૈવત તે ટીપ શ્રુતિ, તવ અતિકબક વિચાર. ૨૬૮૨

હ્રસ્વ દીર્ઘ પ્લૂત સ્વરાદિ ગ્રામ મૂર્છના પ્રકર્ણ.

ત્રણ પ્રકાર સ્વર અનુક્રમે, હ્રસ્વ દીર્ઘને પ્લૂત ;
તેમ અનુક્રમ એક બે, ત્રણ માત્રાજ સપૂત. ૨૬૮૩
સામવેદથી સ્વર થયા. શોભે સ્વરોથિ ગ્રામ ;
જાતી સ્વરની ગ્રામથી, તેથકિ રાગ તમામ. ૨૬૮૪
ત્રિવિધ ગ્રામ સ્વર સપ્તથી, ત્રિગુણ મૂર્છના થાય ;
એકવિંશ સૌમળિ થતી, દલપતિ નાયક ગાય. ૨૬૮૫

પ્રથમ પડ્જ મધ્યમ અને, તૃતિય ગ્રામ ગાંધાર ;
ન્યારાં ન્યારાં નામછે, ત્રણ સપ્તકનાં સાર. ૨૬૮૬
સકળ કુટુંબથી વ્રત વસે, એક સંપથી ધામ ;
તે રિત સ્વર સંદોહથી*, દલપતિ શોભે ગ્રામ. ૨૬૮૭
આરોહી અવરોહિ ક્રમ, યાતા જે સ્વર સાત ;
તેથકિ દરેક ગ્રામની, ગણે મૂર્છના સાત. ૨૬૮૮

મનહરછંદ

સપ્તસ્વર તણા ક્રિય આરોહરૂ અવરોહ,
તેટલા વિચાર ગુણિ મૂર્છના પ્રકારછે ;
પાડવા ઔાડવા પૂર્ણા સાધારણ મૂર્છના એ,
દલપતિરામ કહે બેદશુભ ચારછે;
સર્વમળી મૂર્છનાછે શત દૂ અધીક ગ્રામ ;
ત્રણ જે પડ્જ વળિ મધ્યમ ગાંધારછે ;
બેદલેના પંચશત ત્રીશછે દંતીલમત,
પંચશત ચાળીશ મતંગનો વિચારછે. ૨૬૮૯

પ્રથમ પડ્જ ગ્રામની સપ્ત મૂર્છના નામ.

દોહરા.

ઉત્તરમંદ્રા રંજની, ઉત્તરાયતા નાણ ;
શુદ્ધપડ્જા મત્સરિકૃતા, અશ્વક્રાંતા જાણ. ૨૬૯૦
અભિરુદ્ગતા સહિત કહી, સપ્ત મૂર્છના નામ ;
પડ્જગ્રામની એ ગુગમ, પ્રગતારે અભિરામ. ૨૬૯૧

મધ્યમ ગ્રામની સપ્ત મૂર્છના નામ.

સૌવીરિ હારિણ્યશ્વને, કલોપંતા પ્રિયકાર ;
શુદ્ધમધ્યા માર્ગી અને, પૌર્વિ ઋષ્યકા સાર. ૨૬૯૨

ગાંધાર ગ્રામની સપ્ત મૂર્છના નામ.

નંદા વિશાલા ને સુમુખિ, ચિત્રા ચિત્ર વતીજ ;
સુખા અલાપી મૂર્છના, ગાંધારે ગણુતીજ. ૨૬૯૩

* એકતા વા જ્ઞાવટ.

સંખ્યા	મૂર્છના.	સ્વર પ્રસ્તાર.	દેવતા.	અન્ય મતે મૂર્છના નામ.
૧	ઉત્તરમંદ્રા.	ષ–ઋ–ગ–મ–પ–ધ–ની	યક્ષ.	અભિરુદ્ગતા.
૨	રજની	ની–ષ–ઋ–ગ–મ–પ–ધ	રક્ષાંસિ.	અશ્વક્રાંતા.
૩	ઉત્તરાયતા	ધ–ની–ષ–ઋ–ગ–મ–પ	નારદ.	સૌવીરી.
૪	શુદ્ધષડ્જા.	પ–ધ–ની–ષ–ઋ–ગ–મ	પ્રહ્લાદેવ.	ઋષ્યકા.
૫	મત્સરીકૃતા	મ–પ–ધ–ની–ષ–ઋ–ગ	નાગ.	ઉત્તરાયતા.
૬	અશ્વક્રાંતા.	ગ–મ–પ–ધ–ની–ષ–ઋ.	અશ્વિનીકુમાર	રજની.
૭	અભિરુદ્ગતા	ઋ–ગ–મ–પ–ધ–ની–ષ.	વરુણ.	આપ્યાયની.

મધ્યમ ગ્રામ.

સંખ્યા	મૂર્છના.	સ્વર પ્રસ્તાર	દેવતા.	અન્યમતે મૂર્છના નામ.

Scanned with CamScanner

સંખ્યા	મૂર્છના.	સ્વર પ્રસ્તાર.
૧	સૌવીરી ...	ની–ષ–ઋ–ગ–મ–પ–ધ–ની–ષ–ઋ–ગ–મ.
૨	હારિણાશ્વ...	ષ–ઋ–ગ–મ–પ–ધ–ની–ષ–ઋ–ગ–મ–પ.
૩	કલોપન્તા....	ઋ–ગ–મ–પ–ધ–ની–ષ–ઋ–ગ–મ–પ–ધ.
૪	શુદ્ધમધ્યા...	ગ–મ–પ–ધ–ની–ષ–ઋ–ગ–મ–પ–ધ–ની.
૫	માર્ગી.....	મ–પ–ધ–ની–ષ–ઋ–ગ–મ–પ–ધ–ની–ષ.
૬	પૌર્વી	પ–ધ–ની–ષ–ઋ–ગ–મ–પ–ધ–ની–ષ–ઋ.
૭	ઋષ્યકા.....	ધ–ની–ષ–ઋ–ગ–મ–પ–ધ–ની–ષ–ઋ–ગ.

શ્રુતિ જાત્યાદિ અંતર ભેદકથનમ્.

દોહરા.

દિપ્તા પ્રથમે ચતુર્વિધ, તિવ્રા રૌદ્રી વખાણ ;
તૃતિય વજ્રિકા ને ચતુર, ઉગ્રાનામ પ્રમાણ.. ૨૬૯૪

Scanned with CamSca

પાંચ જાતિની આયતા, કુમુદ્વતી ક્રોધાજ;
પ્રસારિણી સંદીપની, રોહિણિ જો શિરતાજ. ૨૬૯૫
કરુણા જાતિ ત્રિવિધછે, દયાવતી પ્રિય લેખ;
આલાપિની મદંતિઓ, શ્રુતિ ત્રણ ગાયક પેખ. ૨૬૯૬
ચતુર જાતિછે મૃદુ કની, મંદા રતિકા પ્રીતિ;
ચોથી ક્ષિતિ ગણુતા ગુણી, ગાયક નાયક નીતિ. ૨૬૯૭
મધ્યા છંદો વતિ પ્રથમ, રંજનિ માર્જનિ નેક;
રક્તા રમ્યા ક્ષોભિની, પડ્વિધ જાણુવિશેક. ૨૬૯૮

શ્રુતિ જાત્યાદિ સ્વર ગ્રામ ચક્રમ્

સંખ્યા	શ્રુતિનામ.	શ્રુતિજાતિ.	ષડ્જગ્રામસ્વ.	મધ્યમ ગ્રામસ્વ.	ગાંધાર ગ્રામસ્વ.
૧	તિવ્રા.	દિપ્તા.	૦	૦	ની.
૨	કુમુદ્વતી.	આયતા.	૦	૦	૦
૩	મંદા.	મૃદુ.	૦	૦	૦
૪	છંદોવતી.	મધ્યા.	સ.	સ.	સ.
૫	દયાવતી.	કરુણા	૦	૦	૦
૬	રંજની.	મધ્યા.	૦	૦	રી.
૭	રતિકા.	મૃદુ.	રી.	રી.	૦
૮	રૌદ્રી.	દિપ્તા.	૦	૦	૦
૯	ક્રોધા.	આયતા.	ગ.	ગ.	૦
૧૦	વજ્રિકા.	દિપ્તા.	૦	૦	ગ.
૧૧	પ્રસારિણી	આયતા.	૦	૦	૦
૧૨	પ્રીતિ.	મૃદુ.	૦	૦	૦
૧૩	માર્જની.	મધ્યા.	મ.	મ.	મ.
૧૪	ક્ષિતિ.	મૃદુ.	૦	૦	૦
૧૫	રક્તા.	મધ્યા.	૦	૦	૦
૧૬	સંદીપની.	આયતા.	૦	પ.	પ.
૧૭	આલાપિની.	કરૂણા.	પ.	૦	૦
૧૮	મદંતિ.	કરૂણા.	૦	૦	૦
૧૯	રોહિણી.	આયતા.	૦	૦	ધ.
૨૦	રમ્યા.	મધ્યા.	ધ.	ધ.	૦
૨૧	ઉગ્રા.	દિપ્તા.	૦	૦	૦
૨૨	ક્ષોભિની.	મધ્યા.	ની.	ની.	૦

Scanned with CamScanner

સપ્તવિધ ગમક નામ.

સપ્ત ગમક પ્રથમે સ્ફુરિત, કંપિત લીન સ્તિમીત.
આંદોલિત આહત અને, ત્રિક્‌ભિન્નાજ પુનીત. ૨૬૯૯

ગ્રંથાન્તરે ષટ્ પ્રાકૃત ગમક નામ.

પ્રાકૃત ગમકસુ તાન વળિ, મેંડ ઘસીટ વખાણ ;
ખટકા પુકાર સહ ગણે, એ ષટ્ ગમક સુજાણ- ૨૭૦૦
એક સ્વરથી ગમકછે, અધિક સ્વરોથી તાન ;
ગમકનિ આગળ સ્વર વધે, પ્રકટ તાન તવમાન. ૨૭૦૧
જે વિધિ ધનુષ કમાનથી, છુટે બાણ શુભરીત ;
મેંડ તેહ રિત સ્વર ઉપર, પ્હોંચે જાણ ખચીત. ૨૭૦૨
આરોહીપર જાય સ્વર, મેંડ નિકળતી લેખ ;
તેહ ઉલટ અવરોહ તવ, થાય ઘસીટ તું પેખ. ૨૭૦૩
ખટકામાં બે સ્વર મળે, મળેન જ્યાં દોકાર ;
એક સ્વર કરિ જોરમાં, હ્રસ્વ દિર્ઘાદિ પુકાર. ૨૭૦૪

તાનાદિક અલંકાર પ્રકર્ણ.

મનહર છંદ.

કાલ ત્રણવિધ દ્રુત મધ્યમ વિલંબપદ,
તાનના ચોર્યાશિ ભેદ સંગિતમાં લેખતા ;
વરણ ચતૂરવિધ સ્થાઇ વળિ આરોહજ,
અવરોહ ને સંચારિ ગાયક ગણ પેખતા ;
અલંકાર સાત તાર મંદ્ર ઉલસિત વૃત,
ઊપલોભને વિધૂત પ્રસન્ન ગણાવતા ;
કલાને કપાલ આઠ ક્રમછે અનેક વિધ,
કંવલનો ભેદ નાગકંવલ જણાવતા. ૨૭૦૫
ત્રણલક્ષ સપ્તવિંશ સહસ્ર પાંચસો એંસી,
દ્વે અધિક ગાન તાન ભેદનો વિચારછે ;
શુદ્ધતાન ફૂટતાન પુનરુક્ત તાન વળિ,
એમ ભેદ મળિ સર્વ તાનનો વિસ્તારછે ;

Scanned with CamSca

બાલ ભેદ ચાર તત ઘન અવનદ્ધ અને,
સુશિર શોભીત થંકી અનેક પ્રકારછે ;
વળિતેહ ચતુર્વિધ શુષ્ક ગીત અનુસાર,
નૃત્યાનુસારગીત નૃત્યાનુસારછે. ૨૭૦૬ .

ઓગણ પચાસ કોટ તાન વ્યાખ્યા.

દોહરા.

પડ્જથિ વધી નિષાદ લગિ, બનતાં સપ્ત ગણુય ;
તેમ ઋષભથી ટીપવા, બીજો પડ્જ ભણુય. ૨૭૦૭
વળિ ગાંધાર હરણિ સ્વર, સપ્તક માંહે સાર ;
બીજા સપ્તકનો ઋષભ, પડ્જ થશે પ્રિયકાર. ૨૭૦૮
એસ્તિ હરેક સ્વર થકી, માંડી સપ્તક લેખ ;
જો સ્વરગમ કરતાં ચતુર, ઓગણુ પચાસ પેખ. ૨૭૦૯
હરેક સ્વર સંજ્ઞા ગણે, કોટ નામ ગુણુવાન ;
સપ્તક સપ્તક ગૂણુતાં, ઓગણુપચાસ તાન. ૨૭૧૦

ઓગણુ પચાસ કોટતાન ચક્રમ.

ષ.	ઋ.	ગાં.	મ.	પં.	ધ.	ની.
ષ.	ઋ.	ગાં.	મ.	પં.	ધ.	ની.
ષ.	ઋ.	ગાં.	મ.	પં.	ધ	ની.
ષ.	ઋ.	ગાં.	મ.	પં.	ધ.	ની.
ષ.	ઋ.	ગાં.	મ.	પં.	ધ.	ની.
ષ.	ઋ.	ગાં.	મ.	પં.	ધ.	ની.
ષ.	ઋ.	ગાં.	મ.	પં.	ધ.	ની.

આલાપના ચાર મુકામ વા સુસ્થાન સ્વર નામ વ્યાખ્યા સહિત.

તાન તણું મંડાણ તે, આલાપથિ સમજાય ;
ચાર મુકામ આલાપના, જે સુસ્થાન ભણુાય. ૨૭૧૧

પ્રથમ સ્વર થકી સ્થાનછે, તે થકિ પ્રકટે રાગ ;
બીજો સ્વર રૂપક થકી, વૃદ્ધિ પામતો રાગ. ૨૭૧૨
ત્રીજો સ્વર ચિક્ક વદત કવિ, સદા સાદ્ય કરનાર ;
ચોથા વિશ્રામક થકી, દળ છપ્પ સુધડ વિચાર. ૨૭૧૩
સ્વર વાદીપર જે કરી, કરે પડજ પર સાર ;
તવ તે પ્રથમ સ્થાનછે, વ્યાખ્યા શુદ્ધ વિચાર. ૨૭૧૪
જેમ પડજપર જાય છે, તેમ પ્રમાણજ પેખ ;
અરધી અરધી ચાલથી, વધે વાદિ પર લેખ. ૨૭૧૫
રૂપક પડજથિ ઊપડી જાય વાદિપર જાણ :
ચિક્કસ્વર પડજ થકી લઇ, દીપ સુધી પરિમાણ. ૨૭૧૬
વળિ સ્વર ત્રીજિ પ્રકારથી, ત્રીજિ દીપ સુધિ સાર ;
એ દ્રષ્ટિ દ્વર દીપને, ઉંચિ નિચિ એ ત્રણ વાર. ૨૭૧૭
કરી રાગ રૂપ દાખવે, આવિ પડજપર લેખ ;
વિશ્રામક ગણતા ચતુર, સ્થાન દસપતી પેખ. ૨૭૧૮

ગ્રંથાંતરે આલાપ ભેદ.

સકળ રાગ ત્રણ ભાતિના, અલાપ વણ નવ થાય ;
અલાપ રાગવ્યાખ્યાની, પ્રકટ રૂપ દર્શામ. ૨૭૧૯
અલાપ સાત પ્રકારના, પ્રથમ રાગઆલીટ ;
સ્વરાલીટ રાકાકલિટ, અને રૂપઆલીટ. ૨૭૨૦
વરતિલંગ રૂપસંજિ વળિ, સ્થાઈભંજિ સહ સાત ;
એમાં ભેદ અપારછે, વર્ણવું જે પ્રખ્યાત. ૨૭૨૧
રૂપાલિટમાં ભેદ બે, તરકંગાને સ્થાઈ ;
સ્થાઇભંજિમાં ભેદ જે, અલાપભંજિ સવાઇ. ૨૭૨૨

પ્રથમ આલાપ ગીત દેશ વ્યવસ્થા.

મૂળ પ્રથમ " આનંત હરિ " વદિ કરતા આલાપ ;
કર્નાટકિ ગાયક ગુણી, રાખે તાલ મિલાપ. ૨૭૨૩
તજિ આનંત હરીકરે, લિંદુસ્તાનિ અલાપ ;
" આનદેતિ તદનોરિને, દનાપન યોમ્ " મિલાપ. ૨૭૨૪

Scanned with CamSca

તાલાધ્યાય પ્રકર્ણ.

રૂપષ્ટ વ્યાખ્યા.

દોહરા.

હ્રસ્વ દીર્ઘ દર્શાવતાં, ગાંયનં સ્થિતિમાં આય ;
સંધી આંદિક અંગની, સમજણ રૂપષ્ટ સમાય. ૨૭૨૬
કાલ માપ દર્શાવતા. તાલ પ્રકર્ણ સદાય ;
ગાયક નિયમ જણાવતા, પ્રાચિન શાસ્ત્ર પસાય. ૨૭૨૭
કમલ પુષ્પની પાંખડી, કલ્પિ શત ગણ્ય એકેક ;
ઉપરા ઉપરી ગોઠવી. રોપ ચોંચવી નેક. ૨૭૨૮
લાગે કાલ ગણે ગુણી, કોષ્ટકમાં લવકાલ ;
એવિત આઠ લવકાલને, વદતા ક્ષણ સુવિશાલ. ૨૭૨૯
અષ્ટક્ષણકાલ યતાં વદે, કાષ્ટકાલ શુભરીત ;
આઠ કાષ્ટકાળે ગણે, ન્મેખલકાલ પુનીત. ૨૭૩૦
એમજ એ પલકાલથી, એક અનધૃત કાલ ;
બે અનધૃતથી એક ધૃત, કાલ કર્યેજ નિલાલ. ૨૭૩૧
બે ધૃત કાલ થકી પ્રકટ, લઘૂકાલ પ્રિય એક ;
બે લઘુકાલ થકી થતો, ગુરૂકાલ સુવિવેક ૨૭૩૨
બે ગુરૂકાલ યતાં કહે, એક કાકપદ જાણ ;
એ વિત કાલ વિચારતા, સંગિત શાસ્ત્ર સુજાણ. ૨૭૩૩
માત્રા એક અનધૃતતણી, અનધૃત નામ વિરામ ;
અનધૃતથી લૈ કાકપદ, સુધી સોડસ મુકામ. ૨૭૩૪
માત્રા એકથિ સોળ લગિ, સંજ્ઞા નામ પ્રકાર ;
ન્યારાં ન્યારાં દાખવું, સમજી શાસ્ત્રાધાર. ૨૭૩૫
સોડશ સ્વર પ્રિય અનુક્રમે, એકથિ માત્રા સોળ ;
રૂપ સોડશ વિરામનાં, દર્શાવ્યાં કરિ ખોળ. ૨૭૩૬

Scanned with CamScanner

ષોડશવિરામ અક્ષરાદિ માત્રા સંજ્ઞા સહિત કોષ્ટક.

૧	અનઘૃતયતિ-વિરામ.	૨	ઘૃત.	૩	ઘૃતવિરામ.	૪	લઘુ.
સંજ્ઞા.	અ. એકમાત્રા.	સં.	આ. બેમાત્રા.	સં.	ઇ. ત્રણમાત્રા.	સં.	ઈ. ચારમાત્રા
૫	લઘુવિરામ.	૬	લઘુઘૃત.	૭	લઘુઘૃતવિરામ	૮	ગુરૂ.
સં.	ઉ. પાંચમાત્રા.	સં.	ઊ. છમાત્રા.	સં.	ઋ. સપ્તમાત્રા	સં.	ૠ. અષ્ટમાત્રા
૯	ગુરૂવિરામ.	૧૦	ગુરૂ. ઘૃત.	૧૧	ગુરૂઘૃતવિરામ	૧૨	પ્લુત.
સં.	ઌ. નવમાત્રા.	સં.	ૡ. દશમાત્રા.	સં.	એ. અગિયાર-માત્રા.	સં.	ઐ. બારમાત્રા.
૧૩	પ્લુતવિરામ.	૧૪	પ્લુતઘૃત.	૧૫	પ્લુતઘૃતવિરામ	૧૬	કાકપદ.
સં.	ઓ. તેરમાત્રા.	સં.	ઔ. ચૌદમાત્રા.	સં.	અં. પંદરમાત્રા	સં.	અઃ—સોળ માત્રા.

મુખ્ય પાંચ જાતની તાલ.

પાંચ જાતિની તાલછે, ચતુસ્ર તિસ્ર વખાણ;
મિશ્ર ખંડ સંકીર્ણછે, સંગિત શાસ્ત્ર પ્રમાણ. ૨૭૩૭

૧	ચતુસ્ર.	૨	તિસ્ર.	૩	મિશ્ર.	૪	ખંડ.	૫	સંકીર્ણ.

પાંચ જાતિ બંને મુખ્ય પણ, મૂલ તાલછે સાત;
સાત પાંચને ગૂણતાં, બોંદ પાંતરિસ ખ્યાત. ૨૭૩૮
પ્રથમ ધ્રુવ અને મઠ વળી, ત્રીજી રૂપક તાલ;
ઝંપાતાલ ત્રિપૂટને, અડતાલ એકતાલ. ૨૭૩૯

૧	ધ્રુવ તાલ.	૨	મહતાલ. મંઠતાલ	૩	રૂપક તાલ.	૪	ઝંપાતાલ
૫	ત્રિપુટતાલ.	૬	અડતાલ.	૭	એકતાલ.		

Scanned with CamScanner

જાતી.	ધ્રુવ તાલ.	મંઠ તાલ.	રૂપક તાલ.	ઝમ્પાતાલ.	ત્રિપુટ તાલ.	અડતાલ.
ચતુસ્ર.	ચતુ–ધ્રૂ.	ચતુ–મંઠ.	ચતુ–રૂપક.	ચતુ–ઝમ્પા.	ચતુ–ત્રિપુટ.	ચતુ–અડ.
સંજ્ઞા	ઈ–આ–ઈ–ઈ.	ઈ–આ–ઈ.	ઈ–આ.	ઈ–અ–આ.	આ–ઈ–આ.	ઈ–ઈ–આ–આ
માત્રા.	૪–૨–૪–૪	૪–૨–૪.	૪–૨.	૪–૧–૨.	૨–૪–૨.	૪–૪–૨–૨.
તિસ્ર.	તિસ્ર–ધ્રૂ.	તિસ્ર–મંઠ.	તિસ્ર–રૂપક.	તિસ્ર–ઝમ્પા	તિસ્ર–ત્રિપુટ.	તિસ્ર–અડ.
સંજ્ઞા.	ઇ–આ–ઇ–ઇ.	ઇ–આ–ઇ.	ઇ–આ.	ઇ–અ–આ.	ઇ–આ–આ.	ઇ–ઇ–આ–આ.
માત્રા.	૩–૨–૩––૩	૩–૨–૩	૩–૨..	૩–૧–૨	૩–૨–૨.	૩–૩–૨–૨.
મિશ્ર.	મિશ્ર–ધ્રૂ.	મિશ્ર–મંઠ.	મિશ્ર–રૂપક.	મિશ્ર–ઝમ્પા.	મિશ્ર–ત્રિપુટ.	મિશ્ર–અડ.
સંજ્ઞા.	ઊ–આ–ઊ–ઊ	ઊ–આ–ઊ.	ઊ–આ.	ઊ–અ–આ.	ઊ–આ–આ.	ઊ–ઊ–આ–આ.
માત્રા.	૬–૨–૬–૬	૬–૨· ૬.	૬–૨.	૬–૧–૨.	૬–૨–૨.	૬–૬–૨–૨.
ખન્ડ.	ખંડ–ધ્રૂ.	ખંડ–મંઠ.	ખન્ડ–રૂપક.	ખન્ડ–ઝમ્પા.	ખન્ડ–ત્રિપુટ.	ખન્ડ–અડ.
સંજ્ઞા.	ઉ–આ–ઉ–ઉ	ઉ–આ–ઉ	ઉ–આ.	ઉ–અ–આ.	ઉ–આ–આ.	ઉ–ઉ–આ–આ.
માત્રા.	૫–૨–૫–૫	૫–૨–૫	૫–૨.	૫–૧–૨.	૫–૨–૨.	૫–૫–૨–૨.
સંકીર્ણ.;	સંકીર્ણ–ધ્રૂ.	સંકીર્ણ–મંઠ.	સંકીર્ણ–રૂપક.	સંકીર્ણ–ઝમ્પા.	સંકીર્ણ–ત્રિપુટ.	સંકીર્ણ–અડ.
સંજ્ઞા.	ઋ–આ–ઋ–ઋ	ઋ–આ–ઋ	ઋ–આ.	ઋ–અ–આ.	ઋ–આ–આ.	ઋ–ઋ–આ–આ
માત્રા.	૭–૨–૭–૭	૭–૨–૭	૭–૨.	૭–૧–૨.	૭–૨–૨.	૭–૭–૨–૨.

Scanned with CamScanner

૧	આડચો તાલ.	૨	સુલફાક તાલ.	૩	રૂપકતાલ.	૪	ઝપ તાલ
૫	અદ્ધા. ત્રિતાલા. ત્રિવટ.	૬	ચોતાલ.	૭	એકા.		

અંથાતરે અષ્ટતાલ તથા તહેના ઓગણપચાસ ભેદ.

મનહર છંદ.

ધ્રુવ વળિમંઠ પ્રતિમંઠ એકતાલ સુણી,
નિસાર રસ અડતાલ રૂપકસુ જાણિયે ;
ધ્રુવ ભેદ ગોડસ જપત ચંદ્ર શેખરસુ,
નંદનતિલક જય મંગળ પ્રમાણિયે ;
કામ દર કુન્તલ કમલ નિરમલ પ્રિય,
મધુર ઉત્સાહ સુલલીત મેધ તાલછે ;
ચોતાલસુ શેખરએ ભેદ ધ્રુવ તાલતણા,
શોલિત સકળ ગાન વિધિમાં રસાળછે. ૨૭૪૦
પંચ વિધ મંઠતાલ જય પ્રિય મંગલન્તે,
સુંદર વલ્લભ ભેદ સંગિતમાં લેખતા ;
પ્રતિમંઠ ચતુર્વિધ તારકુન્દ અમરેશ,
વિચાર રસાળતાલ ભેદ શુભ પેખતા ;
એકતાલ ત્રિવિધ જે વિપુલા ચંદ્રિકારમાં,
ભેદ એ સુગમતાલનાયક પ્રમાણતા ;
શુભ ચાંદ્રિત વિશાલ કાંતાર કુંદ આનંદ,
સમર પદ્મ ભેદ એ નિસારે વખાણતા. ૨૭૪૧
ચતુર્વિધ રસતાલ કંજુન્જ વિનોદ વણી,
આનંદ વદ્રપ્રિય ભેદ એ ગણે ગુણી ;
શંક રીલ વિજયા નિશંક ચારુ મકરંદ,
કવિ પદ્મસુ ભેદ અડતાલ સંગિતે સુણી ;

પરિવૃત તાર ખલ ભંજન પટા-તરએ,
રૂપકના પાંચ ભેદ અધિક શોભેભણી ;
એહરીત તાલસર્વ સંગિત વિલોકિ કહે,
સુરસ વિચારિ ગાન તાન નૃત્યમાં ગણી. ૨૭૪૨

અંથાતરે અષ્ટ તાલ નામ.

૧	ધ્રુવતાલ.	૨	અંઠતાલ.	૩	પ્રતિમંઠતાલ.	૪	એકતાલ.
૫	નિસાર. તાલ.	૬	રસતાલ.	૭	અડતાલ.	૮	રૂપકતાલ.

ચતુરંગ અથવા તાલના સ્થાન.

દોહરા.

સમ વળિ વિષમ અતીતને, અનાઘાત સહ ચાર ;
નાયક ગણે ચતૂર અહ, તાલ સ્થાન પ્રિયકાર. ૨૭૪૩
તાલ સ્થાન ચતૂર પણ, સમમાં ભેદ વિચાર ;
સમ ભરિ ઘાતજ ખાલિ બે, ભેદ ગુણી ચિત ધાર. ૨૭૪૪

તાલના ત્રણ મુખ્ય નિયમ નામ.

વિલંબપદતે દીર્ઘછે, દ્રુત તે હ્રસ્વ સુલેખ ;
મધ્યમ હ્રસ્વસુ દીર્ઘથી, મધ્યમ કાલ તું પેખ. ૨૭૪૫

૧	વિલંબ પદ. વિલંબિત.	૨	દ્રુત.	૩	મધ્યમ. મધ્ય.

મુખ્ય ત્રણનિયમથી તાલ પ્રસ્તારે પદ્મમાર્ગનામ.

વિલંબપદ વા વિલંબિત, દ્રુત મધ્યમ ચિત ધાર ;
એત્રણ નિયમ થકી થતા, પદ્મ માર્ગો પ્રિયકાર. ૨૭૪૬
ચિત્ર ચિત્રતર ચિત્રતમ, અતિવિચિત્ર સહ ચાર ;
વાર્ધિપ્રય પ્રકટ પાંચમે, છટ્ટે દક્ષણ સાર. ૨૭૪૭

મુખ્ય ત્રણનિયમથી ષડ્માર્ગ નામ.

૧	ચિત્ર માર્ગ.	૨	ચિત્રતર માર્ગ.	૩	ચિત્રતમ માર્ગ.
૪	અતિવિચિત્ર માર્ગ.	૫	વાર્ધિક્યમાર્ગ.	૬	દક્ષિણ માર્ગ દક્ષિણ માર્ગ.

વિકૃતસ્વરતાલિકા ભેદ.

કૈશિક ચ્યુત તે પડ્જને, વિકૃત ઋષભ ધિકાર ;
પડ્જ આગ અનુકૂળને, મધ્યમ શત્રુ વિચાર. ૨૭૪૮
કેવળ મધ્યમ આગમાં, ચ્યુત મધ્યમને ગોત્ર ;
સાધારણ ગાંધાર પ્રિય, વિકૃત પંચમ ખોત્ર. ૨૭૪૯
વળિ વિકૃત ધૈવત પ્રકટ, શેષ ઉભય સ્વર સાર ;
ઇતિ વિકૃતસ્વરતાલિકા, સંગિત શાસ્ત્રાધાર. ૨૭૫૦

વિકૃતસ્વરતાલિકા કોષ્ટક.

સંખ્યા	નામ.	શ્રુતિ વ્યવસ્થા.	અવસ્થા.
૧	ચ્યુંત પડ્જ :	મંદા સ્થિત	દ્વિશ્રુતિક :
૨	અચ્યુત પડ્જ :	છંદો વતીસ્થ :	દ્વિશ્રુતિક :
૩	વિકૃતર્ષભ :	રતિકા સ્થિત :	ચતુ : શ્રુતિક :
૪	સાધારણ ગાંધાર :	વન્હિકા સ્થિત :	ત્રિશ્રુતિક :
૫	અંતર ગાંધાર :	પ્રસારિણીસ્થ :	ચતુઃ શ્રુતિકા :
૬	ચ્યુત મધ્યમ :	પ્રીતિ સંસ્થિત :	દ્વિ શ્રુતિક :
૭	અચ્યુત મધ્યમ :	માર્જની સ્થિત :	દ્વિ શ્રુતિક :
૮	ત્રિશ્રુતિ પંચમ :	સંદીપની રથ :	ત્રિ શ્રુતિક :
૯	કૈશિક પંચમ :	સંદીપની રથ :	ચતુઃ શ્રુતિકા :
૧૦	વિકૃત ધૈવત :	રમ્યા સંસ્થિત :	ચતુઃ શ્રુતિક :
૧૧	કૈશિક નિષાદ :	તિમ્રા સંસ્થિત :	ત્રિ શ્રુતિક :
૧૨	કાકલી નિષાદ :	કુમુદ્વતિસ્થ :	ચતુઃ શ્રુતિક :

Scanned with CamScanner

મૂલ કર્મવિચાર.

મૂલકર્મ દશારીતથી, પ્રકટ તાલ શુભ ધારિ ;
તાલ મધ્ય સ્વર આવતા, તેસ્વર ગણતિ વિચારિ. ૨૭૫૧
ગાતાં ગાયક માત્રને, તાલ સ્વરુપ દર્શાય ;
મૂલકર્મ વ્યાખ્યા પ્રકટ, દક્ષપતિ શાસ્ત્ર પસાય. ૨૭૫૨

રાગરાગણી નિરાકર્ષે ચતુરસ્વરનામ વ્યાખ્યા સહિત.

રાગ રાગણી કારણે, ચાર ચતુરસ્વર ધાર ;
મૂળી સપ્ત સ્વર પણ અધિક, જુદાં નામ વિચાર. ૨૭૫૩
વાદી સમ્વાદી અને, તૃતિય જાણ અનુવાદિ ;
વિવાદિ સ્વર ગણતા ચતુર, વ્યાખ્યા સમજ અનાદિ. ૨૭૫૪
વાદી સ્વર તે રાયછે, સમ્વાદીજ પ્રધાન ;
અનુવાદી સેવક સમો, વિવાદિ શત્રુ સમાન. ૨૭૫૫

ઔડવાદિક ત્રણરાગ જાતિ વ્યાખ્યા સહિત.

ચતુર ચાર સ્વરમાંથકી, રાગજાતિ ત્રણ લેખ ;
ઔડવ પાડવને સિધ્ધે, સંપૂર્ણ શુદ્ધ પેખ. ૨૭૫૬
સપ્તસ્વર સંપૂર્ણમાં, ઔડવમાં સ્વર પાંચ ;
માલ કોષ ઔડવ ગણે, ચતુર વિચારી માંચ. ૨૭૫૭
ઋષભ અને પંચમ કહી, ગાલકોષમાં થાય ;
તો તે રાગ તણું સ્વરુપ, કળા છાંમાં ફરિ જાય. ૨૭૫૮
શત્રુ એકના બે ખરા, ઋષભ પંચમ વિચાર ;
પાડવ જો મધુમાધ્વિમાં, પરસ્વર નહિં ગાંધાર. ૨૭૫૯
આવે સ્વર ગાંધારતો, રૂપ ફરે મધમાધ ;
શત્રુ રૂપ ગાંધાર જણિ, પન્ડિત લેતા બાંધ. ૨૭૬૦
રાગતણી ઋિતુવાતથી, ક્રમમાં સ્વર એ ચાર ;
આવે તવ તે રાગનું, સ્વરૂપ શુદ્ધ શ્રિકાર. ૨૭૬૧
આવે બેકે ત્રણ સ્વરો, તોન શુદ્ધ પરખાય ;
ઔડવાદિ સંપૂર્ણ ત્રણ. ચાર સ્વરથિ સરમાય. ૨૭૬૨
શાસ્ત્રઘાત બારિક સમજ, કસરત વિનાન લેપ ;
અનુભવમાં નથિ આવતી, ગુરુ મુખ વિના વિશેષ. ૨૭૬૩

Scanned with CamSca

૫૬ રાગોત્પત્તિ કથનમ્.

પાંચ મુખ શંકર તણા, તેમ રાગ પણ પાંચ ;
અઘોર મુખ ભૈરવ પ્રકટ, ચતુર વિચારે માંય. ૨૭૬૪
સદ્યો જાતાથી ઉદય, દલપતિ જો શ્રીરાગ ;
વામ દેવથી જાણતા, હિંડોલ વસંત યોગ. ૨૭૬૫
ભાલક્રોધ તત્પુરુષથી, ઈશાન મેઘમલાર ;
ગિરિજાથી દીપક ઉદય, ઓરિત ઉદય વિચાર. ૨૭૬૬
ગણદેવના અંગથી, ભક્તિ ઉદય થે જેમ ;
આદી ભૈરવ અંગથી, રાગ રાગણી તેમ. ૨૭૬૭
ઉદય થયા ૫૬ રાગની, રાગણિ ગણના ત્રીશ ;
અષ્ટ પુત્ર દરે રાગના, ગણતાં અડતાળીશ. ૨૭૬૮
તેમ પુત્રની ભારજા, તે પણ અડતાળીશ ;
સાર પછી ગુણિની કૃતી, તે દેશીમાં ગણીશ. ૨૭૬૯
રાગ રાગણી પુત્ર વધુ, ચારનિછે ત્રણ ભાત ;
શુદ્ધ અને સાલંગ વળિ, છે સંકીર્ણ સુ જાત. ૨૭૭૦
બે જાતીનો શુદ્ધછે, મહાશુદ્ધ ને શુદ્ધ ;
રાગ રાગણીના સ્વરો, પ્હોળા તત્ર મહા શુદ્ધ. ૨૭૭૧
સ્વરૂપ લિક્ષાણ સ્વભાવ રિત, ભેદ કહ્યું ખ્યાત ;
જો સારંગ સુ કાનડો, મહા શુદ્ધ વિખ્યાત. ૨૭૭૨
શુદ્ધ તણી શુભ રીત પણ, વિકૃત સ્વર જો કોય ;
તવતે શુદ્ધ સાલંગછે, તોડિ ગુર્જરી હોય. ૨૭૭૩
જો કદિ ખીજા રાગની, છાયાનો રંગ લેય ;
ગૌરિ રંગ શ્રીરાગ લે, સાચો સાલંગ છેય. ૨૭૭૪
ત્રીજોછે સંકીર્ણ વળિ, લક્ષસંકીર્ણ કહેછ ;
શુદ્ધ સ્વરો પ્હોળા થકી, ભૈરવ ગુણી લહેછ. ૨૭૭૫
મહા સંકીર્ણ પટ્‌વિધ ગણે, લક્ષસ્વર શુભ પ્હેલ ;
શુદ્ધ તથા સાલંગથી, ગણે અડાંણો છેલ. ૨૭૭૬
ગદ્દસ્વર શુભ જો ભિન્ને, શુદ્ધ સંકીર્ણ થાય ;
ભૈરવિ જો તોડી અને, રામ કળિથિ સોહાય. ૨૭૭૭
ત્રીજો લક્ષસ્વર પણ ખરો, બે સાલંગથિ જોય ;
ગણે રાગ શ્રીને સદા, ધનાસરીથી હોય. ૨૭૭૮

Scanned with CamSca

સાલંગને સંકીર્ણથી, ગદ્દસ્વર ગણ ચોથ ;
લે કલ્યાણ ધનાસરી, વળિ જેતશ્રી ઓથ. ૨૭૭૯
પંચમ લક્ષ સ્વર તિ ગણે, સંકીર્ણથિ વા શુદ્ધ ;
હિંડોલ વસંતથી ઉદય, પંચમ ગણત! શુદ્ધ. ૨૭૮૦
શુદ્ધ તથા સાલંગને, સંકીર્ણે ૫૬ સોલ ;
ભૈરવ લલિત ત્રિલાવતી, ત્રણથી હિંડોલ હોય. ૨૭૮૧

રાગાર્ણવમતે સંગીત પ્રશંસા.

રાગ અને કહૂં તાલનો, કદી ન આવે અંત ;
માત્ર સદાશિવને પ્રસન્ન, કરવા ગાય અનંત. ૨૭૮૨
ગાન કળા કૈલાશમાં, પ્હોંચાડે સુચરિત્ર ;
તે રિત ગંગા સરસ્વતી, પ્હોંચાડે ન પવિત્ર. ૨૭૮૩
સુરમ્ય સુસ્વર સુમધુર વળિ, સુરાગ લક્ષણ સાર ;
સાલંકાર પ્રમાણ સહ, પદ્વિધ સુગિત વિચાર. ૨૭૮૪

પ્રકાશ સુસંગીત લક્ષણ.

મનહર છંદ.

ચતુર્દશ દોશ જન સ્વરમાં ન આવે વળી,
શૃંગારાદિ નવરસ યુક્ત કરિ ગાય છે ;
રાગાંગ ઉત્તમ પ્રિય રાગમાંથિ શોધ કરી,
મધુર ગાયર વટે સંગિત સોહાયછે ;
તાનાદિકે યુક્ત સ્વર સાલંકૃત શોભિ રહે,
ગાયન ગુણિ શાસ્ત્રના પ્રમાણે મ્હાલાવતા ;
દલપતિરામ પદ્ યુક્તિ યુક્ત ગાયનની,
સુખિના નિધાન પ્રિય સંગિતે બતાવતા. ૨૭૮૫

દોહરા.

સ્વરથી પદ સંયુક્ત તે, સુછંદ યુક્તજ હોય ;
માત્રા તાલ સુયુક્તિથી, સંગિત ગાયક જોય. ૨૭૮૬

Scanned with CamSca

સંગીતશાસ્ત્રે ચતુર્દશ દોષ વિચાર.

મનહર છંદ.

કંપિતજ ભીતિયુક્ત વદે વળી ઉચ્ચ સ્વરે,
ધર્ષણ થાય સબળ કાકે સ્વર નષ્ટછે;
અસ્પષ્ટ અનુનાસિક ગસ્તકમાં ભમે સ્વર,
સ્થાન ભ્રષ્ટ કરે સ્વર આલાપ અસ્પષ્ટછે;
અપસ્વર વિરસ જ્યે સુરસ વિરસ કરે,
સ્વર વર્ણ અવિધિયે મૂરખ ઉચારતા;
વિષમ સ્વરાક્ષર સુસ્વરૂપ નજ્ઞેય કદી,
નાયક ચતુર કોઈ દોષ એ નિવારતા. ૨૭૮૭

દોહરા.

વર્ણ સ્વર વિધિહીનથી, સંકોચે સહુતેર;
તાન વિહિન સંગિત નપ્રિય, દોષ ચતુર્દશ હેર. ૨૭૮૮

પટરાગને ગાવાની પટ ઋતુ નામ.

ભૈરવ શરદ હિમંત શ્રી, હિંડોલ ઋતુ સુવસંત;
મેઘમૂપા કૌશિક શિશિર, ગ્રીષ્મ દિપક ગુણવંત. ૨૭૮૯

પટરાગ રાગણીનાં સમય. ઋતુ તથા સ્વરૂપ વર્ણન.

આદિ રાગ ભૈરવ સ્વરૂપ.

દોહરા.

શરદ ઋતૂતણિ પ્રાતમાં, ભૈરવ ગાય અનૂપ;
મહાદેવ સમ રાજતું, ભાલુતપિ ભવ્ય સ્વરૂપ. ૨૭૯૦
શ્વેત વસન મસ્તક જટા, વ્હેતી ગંગા સાર;
ત્રિનયન ભૈરવ રાગનો, સુંદર કરે ઉચાર. ૨૭૯૧
ત્રિશૂલ શોભે કર વિષે, દેવ નદી તટ સોહા;
વળી દેવની મૂર્તિયો, જ્ઞેય સ્વરુપ મન મોહ. ૨૭૯૨

ભૈરવની પ્રથમ રાગણી ભૈરવી સ્વરૂપ.

સમય રહ્યારે પ્રિય ગણે, શરદઋતૂ કહિ નેક ;
શ્યામ રંગ શણગાર રતિ, ભૈરવિ નામ વિશેક. ૨૭૯૩
સુંદર અંગે ઓપતાં, વસ્ત્ર શ્વેત કે લાલ ;
અંબોડો છૂટો ગળે, ચંપક હાર-વિશાલ. ૨૭૯૪
ઉચ્ચ શિખરે શોભે પ્રિયા, સીસમ પુલ-ચોપાસ ;
શિવપૂજન કરતી સદા, ઝાંઝ મંજિરા ખાસ. ૨૭૯૫
વગાડિ ગાતી રાગ વળિ, હરપ તિલક બેસૂત ;
કોમળ સ્વર મુખ રાખતી, રાગણિમાં અદ્‌ભૂત. ૨૭૯૬

ભૈરવની બીજી રાગણી વૈરાડી સ્વરૂપ.

સમય સાંજ ઋતુ શરદ પ્રિય, રૂપ અપ્સરા સાર ;
સુગંધ મય લટ લટકતી, બે પ્રિય સર્પાકાર. ૨૭૯૭
બાજુ બંધ શ્વેતામ્બરી, નાયક સંગે પેખ ;
પરિજાતના પુષ્પથી, કર્યુંનિ શોભા લેખ. ૨૭૯૮
ગળે હાથ નાંખી કરે, હાવ ભાવ રતિ રંગ ;
વાયુ નાંખતી વીંજણો, દક્ષપતિ મદન પ્રસંગ. ૨૭૯૯
માધવ પુત્ર વખાણુતા, રૂપ અનોપમ ભાખ ;
મોતન માળા કંઠમાં, સુંદર અધર પ્રવાલ. ૨૮૦૦

ભૈરવની ત્રીજી રાગણી મધુમાધ્વી વા મધ્યમાદ સ્વરૂપ.

ભૈરવિ વત ઋતુ સમય પ્રિય, ભૈરવિ સમ રતિ અંગ ;
શોભે પીત વસન નવિન, કેશરિ લલ્લેર સુરંગ. ૨૮૦૧
વૈરાડી સમ પ્રિય તમા, પ્રીતમ સંગે ખેલ ;
કરે હરે મન મોહુ તન, રતિ મધુમાધ્વી મ્હેલ. ૨૮૦૨

ભૈરવની ચોથી રાગણી સિંધવી સ્વરૂપ.

સમય સાંજ ઋતુ શરદની, ભવ્ય છબિ વસન લાલ ;
કર્ણે શૃંગાર બંધૂક પુલ, હાથ ત્રિશૂલ વિશાલ.. ૨૮૦૩
ક્રોધ ભરેલી શોભમાં, પતિ મળવાનો પ્રેમ ;
રમણે કરે મહાદેવનું, માળા મહિ શુભ નેમ. ૨૮૦૪

Scanned with CamScanner

વ્યાકુળ સજિ શૃંગાર પ્રિય, રતિ વસંતમાં જેમ;
શોભે સિંધવિ પુત્ર બે, મધુ બલનેહન તેમ. ૨૮૦૫

ભૈરવની પાંચમી રાગણી બંગાળી સ્વરૂપ.

સમય સાંજ પ્રિય શરદઋતુ, સ્વરૂપ જોગણિ લેખ;
મુખ પર બભુત વિરાજતી, અંગે ચંદન પેખ. ૨૮૦૬
બંબોડોછે વાંકડો, વામ હસ્ત ત્રીશૂલ;
કેશરિ રંગ દુકૂલ કર, દક્ષ કમળનું ફૂલ. ૨૮૦૭
પુરિયા પંચમ પુત્ર બે, મૃગ મદ રેખ કપાલ;
મંત્ર જંત્રથિ અલોપ તન, કરતી રતિ બંગાલ. ૨૮૦૮

બીજો શ્રીરાગ સ્વરૂપ.

ઋતુ હેમંત દિવસ તણો, પ્રહર પાછલો જાણ;
પૃથ્વીની નાભી થકી, ઉદય થયો ઉર આણ. ૨૮૦૯
રૂપ પૂટકું રંગિલો, શ્વેત વસ્ત્ર પરિધાન;
સ્ફાટિકમણિ માણિમયના, હાર સોહ્ય ગુણવાન. ૨૮૧૦
મતાંતરે રાતાં વસન, કમળ પુષ્પ કરમાંહ્ય;
સિંહાસન પર રાજતો, ગુણિજન ગાતા ત્યાંય. ૨૮૧૧
સુકા વક્ષ નિચે કદી, જો ગાતા શ્રીરાગ;
સજિય થઇ પ્રફુલ્લિત થતું, વળિ આનંદે યાગ. ૨૮૧૨

શ્રીરાગની પ્રથમ રાગણી માલસરી સ્વરૂપ.

ઋતુ હેમન્ત દિવસ તણો, દ્વિતિય પ્રહર અનુકૂલ;
રૂપ ગુલાબિ ગૃહસ્થ પ્રિય, અંગ શૃંગાર અમૂલ ૨૮૧૩
પીત વસ્ત્ર અભરાઇમાં, સાહેલીછે સંગ;
અલગ ખેલ પ્રીતમ પ્રિયા, સમજી પ્રિય રસ રંગ. ૨૮૧૪
પતિમું રીઝિ રિઝાવતી, સિંધૂ પુત્ર સુજાણ;
ધન્ય માત કહિ સભરમાં, વીર મુખેજ વખાણ. ૨૮૧૫

શ્રીરાગની બીજી રાગણી માલવી સ્વરૂપ.

સમય સાંજ હેમંત ઋતુ, સાભળિ પ્રિય છબિ સોહ્ય;
ગધ્યા વસન શૃંગાર સજિ, બેઠી સખિ મન મોહ્ય. ૨૮૧૬

Scanned with CamScanner

પતિ આગમ દ્વારે પુર્યા, સાથિયા ઉર ઉભંગ ;
બાલૂ પુત્ર વખાણુતા, મુદિતા મદન પ્રસંગ. ૨૮૧૭

શ્રીરાગની ત્રીજી રાગણી ધનાસરી સ્વરૂપ.

ઋતુ હેમંત દ્વિપ્રહરની, આદિ વખાણુ સ્વરૂપ ;
બાલતિ પુષ્પ સુ અંગ છબિ, ચરુણ વસને અનૂપ. ૨૮૧૮
વિરહવ્યાકુળી પતિ વિના, બેઠિ બકુલ સ્થળ બાગ ;
કુદન કરંત ધનાસરી, ગૌડ સુત ગુણુ અથાગ. ૨૮૧૯

શ્રીરાગની ચોથી રાગણી વસંત સ્વરૂપ.

ઋતુ વસંત વાસર પ્રથમ, પ્રહર અંત સુવસંત ;
ગુલ્લાલા કાન્તી પુરુષ, કેશરિયાં ગુણુવંત. ૨૮૨૦
વસ્ત્ર અનોપમ શોભતાં, મોર મુકુટ મન મોહ ;
ચંપક હાર સુ કંઠ કર, આમ્ર મોરથી સોહ. ૨૮૨૧
નૃત્ય ગાન કરિ નાયિકા, રીઝિ રિઝાવણુ હાર ;
ઉઠિ ઉઠિ મધ્યે નૃત્ય કરિ, વસન્ત ગાય ધુગાર. ૨૮૨૨
પુત્ર પ્રતાપી ત્રણુ ભલા, ગુણુ સાગર ગંભીર ;
ત્રીન્હે કુમ્ભા ગણે ગુણી, ગાયક નાયક ધીર. ૨૮૨૩

શ્રીરાગની પાંચમી રાગણી અસાવરી સ્વરૂપ.

ઋતુ વસંત પ્હેલો પ્રહર, શ્યામ અંગ સકુમાર ;
સુપડશ્વેત વસનાંગપર, કરપુર રેણા સાર. ૨૮૨૪
અદ્‌ભુત હસ્ત ચરણ ઉપર, સર્પાભૂષણ લેખ ;
મરતક વાળ લપેટિયા, મુકુટ સમા પ્રિય પેખ. ૨૮૨૫
પર્વતના મેદાનપર, બેઠી પાણી માંહ ;
મતાંતરે વલકલ દુકુલ, શોભે વસ્ત્ર ન ત્યાંય. ૨૮૨૬
ગિરિજા સમ ગુણુવાન રતિ, અસાવરી પણુ એક ;
સુપુત્ર શંકર બિહાગર, સર્પ ડોલતા નેક. ૨૮૨૭

ત્રીજો રાગ હિંડોલ સ્વરૂપ.

ઋતુ વસંત વાસર પ્રહર, પ્રથમ ગાય સુહિંડોલ ;
ઋષભદેવની નાભિથી, પ્રકટ કરંત કલ્લોલ. ૨૮૨૮

મેઘ સમી કાન્તી જરા, ગોતિ હિર સભિરતાસ;
પીત વસન પરિધાન ફુલ, હીંડોળે રતિ પાસ. ૨૮૨૯
ગેઠી એક બિજી જુઓ, હિંડોળતી પ્રિય વામ;
ચાગર કરતી એક ઉભિ, એક બેઠિ અભિરામ. ૨૮૩૦
રાગ રંગ શુભ સાજ સહ, ગાન તાન સંગીત;
ગાય રિઝવતી નાતમા, પ્રકટ પ્રિત રસ રીત. ૨૮૩૧

હિંડોલ રાગની પ્રથમ રાગણી રામકળી સ્વરૂપ.

ઋતુ હિંડોળવત વસંતે, સમય ઉદય જ્યે સૂર;
ગોદિનિ ગૌર રતાસ કૈં, અધિર નાયિકા પૂર. ૨૮૩૨
વસનનીલ ઘનશ્યામ વળિ. પતિ મળવાની ચાહ;
સજિશૃંગાર રતિ ખન્ડિતા, બેઠિ જ્યેય બહુરાંહ. ૨૮૩૩
આવ્યો પતિ પાગે પડ્યો, ક્ષમા માગતો સાર;
બોલિ ઠોલિ તોયે કરે, નિરખી ચિન્હ અપાર. ૨૮૩૪
ચંદ્રબિંબ ગંગળ ઉભય, પુત્ર પરાક્રમિ જાણ;
પ્રથમ રાગણિ હિંડોલની, રામકળી ઉર આણ. ૨૮૩૫

હિંડોલ રાગની બીજી રાગણી દેશાખ સ્વરૂપ.

ઋતુ વસંત જ્યે દિવસનો, પ્રથમ પ્રહર દેશાખ;
સ્વરૂપ કામકુદેશની, છબ્યા પુરૂષ જ્યે લાખ. ૨૮૩૬
શુન્ન જ્યે મલ્લ સમૂં હૃદય, અભુત વિરાજે સાર;
વામણ સમ ધુરકે ધરી, બાંકિ નગ્ન તરવાર. ૨૮૩૭
તેજયિ શત્રુ દણીજતા, મોહયિ ભય વધુ જાણ;
પશુ બીકે જ્યમ બાંધિયાં, પુરૂષ તેમ ઉરઆણ. ૨૮૩૮
કસરતિ અંગ દમામ પ્રિય, શોભતિ ભવ્ય વિશેષ;
શોભાને આનંદ બે, પુત્ર પ્રતાપિ વિરેષ. ૨૮૩૯

હિંડોલ રાગની ત્રીજી રાગણી લલિત સ્વરૂપ.

ઋતુ વસંત જ્યે સમયપ્રિય, દેશાખ પછિ પ્રમાણ;
ગૌર ગુલછડી પુષ્પવત, સુંદરિ સુંદર જાણ. ૨૮૪૦
પ્રફુલ્લિત મન સુગુલાબ ફુલ, આભુષણ બહુ મૂલ;
ગળરયળ અતિ સુંદર નવલ, ઘેરાં લાલ દુકૂલ. ૨૮૪૧

Scanned with CamScanner

ઋતુ વસંત ગા લલિત પછિ, દિવસે ચ્હડતો પ્હોર;
સ્વરૂપ સામળી ભ્રમરવત, પાતળિ રાખે તોર. ૨૮૪૩
પિતં કિરમજિ વસના ભુષણ, શૃંગારી પ્રિય દેહ;
સાંકેતિક સ્થળ આવિને, ધરતી મન સંદેહ. ૨૮૪૪
વાટ જુએ પ્રિય છેલની, ચતુર બિલાવલ નાર;
પુત્ર સોહા ગૌરવ ઘણો, દલપતિ પ્રિય ઉરહાર. ૨૮૪૫

હિંડોલ રાગની પાંચમી રાગણી પટમંજરી સ્વરૂપ.

ઋતુ વસંત નો સમય શુભ, મધ્ય રાત્રિ ઉર આણ;
સ્વરૂપ મુગ્ધા જાત પ્રિય, વિરહ વ્યાકુળિ સુજાણ. ૨૮૪૬
પતિવણ સૂની ધામમાં, ભય ધરતી ઉર થામ;
ધડકતિ છાતીપર સુમ્યા, ફુલના હાર તમામ. ૨૮૪૭
જુરાપાયિ કાન્તી પિળી, પણ જપતી પ્રિય જાપ;
શ્વેત વસ્ત્ર પટમંજરી, હિંડોલની અધ્યાપ. ૨૮૪૮
ણિભાસ વા ભાસ્કર ભલો, પટમંજરિનો પુત્ર;
દલપતિ શોભે કટિઉપર, સુવર્ણનો કટિ સુત્ર. ૨૮૪૯

ચોથો રાગ માલકોષ વા કૌશિક સ્વરૂપ.

શિશિર ઋતુ સમય રજનિને, ચોથે પ્રહર ગથાય;
રૂદ્ર દેવ તન લાલ પ્રિય, માલકોષ મુખ થાય. ૨૮૫૦
ઘનશ્યામ રંગાં વસન, કરમાં સાંગ પ્રચંડ;
રત્નખચિત કુંડ માલ વળિ, જોબન અંગ અખંડ. ૨૮૫૧
મતાંતરે ગાતાં પ્રવિણ, પથ્થર પિગળી જાય;
શ્યામ અંગ પટ પીત છબિ, ત્રિભંગિ વાંસળિ વાય. ૨૮૫૨
અનુભવે રસ શૃંગાર રતિ, સાથે રમે જુગાર;
કૌશિક નામ વિરાજતું, દલપતિ રામ વિચાર. ૨૮૫૩

Scanned with CamScanner

માલકોષની પ્રથમ રાગણી તોડી સ્વરૂપ.

ઋતુ શિશીર પ્હેલો પ્રહર, દિવસતણો પ્રિય જાણ;
ગૌર અંગ સકુમાર.પ્રિય,-કિરમજિ વસન.વખાણ. ૨૮૫૪
કેશર વળિ કર્પૂરની, અંગે લહેર નવીન,
લિલિ હરિયાળી ઉપવને, કર વાજિંત્ર સુખીન. ૨૮૫૫
બેઠિ ગાય શુભ નાદથી, મોહિત મૃગ તલ્લીન;
મસ્તક નમાવતાં નિચાં, તોડિ તોરિ અવિચ્છિન. ૨૮૫૬
પુત્ર માર મેવાડ બે, નાયક બોદ વિચાર;
માલકોષની પ્રથમ પ્રિય, રાગણિ સ્વરુપ શિકાર. ૨૮૫૭

માલકોષ રાગની બીજી રાગણી ગૌરી વા ગૌડી સ્વરૂપ.

ઋતુ શિશિર પ્રહર પાછલો, દિવસ સાંજની સંધિ;
નાતયૌવના સ્વરુપમાં, શ્યામ સલૂણી બંધિ. ૨૮૫૮
વાણિ મિષ્ટ શ્વેતાભરણ, કરેણ પુલને મોર;
શોભે કર્ણે જૂમખા, સ્વર દ્રાક્ષારસ ઘોર. ૨૮૫૯
હાવ ભાવ પ્રિય પ્રેમ રસ, મધુપાનાદિક ખેલ;
લડ્યઉતી ગાતી પ્રિયા, બરહંસ પુત્ર છેલ. ૨૮૬૦

માલ કોષ રાગની ત્રીજી રાગણી ગુણકલી.

રમય પ્રાત ઋતુ ને શિશિર, પ્રિય કુપ વિયોગિ વામ;
પતિ વણ સૂની વેણિ વળિ, વિખરેલી અભિરામ. ૨૮૬૧
નિરાશયે બાગે રહે, અઠંગિ કદમ્બ વૃક્ષ.;
ગુણ કલિ પુત્ર પ્રતાપિ બે, ચંદ્રક ભ્રમર સુદક્ષ. ૨૮૬૨

માલકોષ રાગની ચોથી રાગણી સ્તંભાવતી વા ખમાચ સ્વરૂપ.

ઋતુ શિશીર રાત્રી પ્રહર, બીજ પછી વિચાર;
રંભા ગૌર સ્વરૂપમાં, અવાજ પ્રિયકર સાર. ૨૮૬૩
ઘેરાં લાલ વસન છબી, જ્વાહિરાદિ શૃંગાર;
ફરકે લીલી ઓઢણી, વાજિન્ત્રો પ્રિયકાર. ૨૮૬૪
નૃત્ય ગાનના નાદમાં, રહે સદા તલ્લીન;
ચર્યા ભાળે શોભતી, પુત્ર નંદ દ્રગ મીન. ૨૮૬૫

Scanned with CamSca

ભાલકોષ રાગની પાંચમી રાગણી કકુભ વા કોંકબા સ્વરૂપ.

ઋતુ શિશીર રાત્રી પ્રહર, ત્રીજા માંહ વિચાર ;
નયન લાજ વણ સ્વરૂપમાં, ઉજાગરણ ઉરધાર. ૨૮૬૬
રૂમિ આવી રતિ રાતમાં, કરમાયા ફુલહાર ;
વસ્ત્ર-ચળવિચળ શોભતાં, કસ ત્રુટિ કંચુકિ સાર. ૨૮૬૭
વિખરેલી વેણી અને, લડથડતી જો ચાલ ;
ઉર આનંદ વિરાજતી, દશન અંક છબિ ગાલ. ૨૮૬૮
ખોખરને બીજો પ્રમલ, પુત્ર સોહ ગુણવાન ;
દલપતિ જાણ કકુભ તણાં, એ થકિ બહુ સન્માન. ૨૮૬૯

પાંચમો રાગ મેઘ મલાર સ્વરૂપ.

વર્ષાઋતુ જો રાત્રિનો, ચતુર પ્રહર ચિત લાવ ;
બ્રહ્મ દેવના શિર થકી, ઉદય મેઘ દર્શાવ. ૨૮૭૦
મતાંતરે આકાશથી, ઉદય ઈન્દ્ર અભિરામ ;
દર્શણીક છબિ ભવ્યછે, અંગ રંગ ધનસ્યામ. ૨૮૭૧
વસ્ત્રા ભૂષણ ઝળકતાં, તડિતા કાશ અનૂપ ;
અંબોડો ખુબ ઓપતો, ખડ્ગ કરે કવિ ભૂપ. ૨૮૭૨
કામાતુર શોભે ગળે, હાર મનોહર નેક ;
ગાતાં મેઘમલારને, વૃષ્ટી થાય વિશેક. ૨૮૭૩

મેઘરાગની પ્રથમરાગણી ટંકલ વા તંક સ્વરૂપ.

મધ્યરાત્રી વર્ષાઋતુ, મધ્યા ભાનુનિ નેક ;
ટંકલ સ્વરૂપ સુહામણી, વિયોગિ વામ વિશેક. ૨૮૭૪
શ્વેતવસ્ત્ર વ્યાકુળ ધણી, વિરહથિ અંગપિળાસ ;
કમળપુષ્પ પાંખડિતણી, સોજયકી શિતળાસ. ૨૮૭૫
તોપણ તલપતિ વિલપતિ, સન્યા તન્યા શૃંગાર ;
પુત્ર પ્રતાપી એકછે, જાલંધર પ્રિયકાર. ૨૮૭૬

મેઘરાગની બીજી રાગણી મલાર સ્વરૂપ.

મધ્યરાત્રી વર્ષાઋતુ, સુરતવિચિત્રા જાણ ;
શ્વેતાંગી ચમ્પેલિસમ, પણ વિરહિણિ ઉરઆણ. ૨૮૭૭
પિળચટ્ટી પ્રિય શોચથી, ઉર ચંપકની માળ ;
તંબૂરો કર દક્ષમાં, એકાંતેજ રસાળ. ૨૮૭૮

Scanned with CamScanner

કેહી ગાય વિયોગિણી, ધટેત રાગ પ્રિયકાર;
નંદનરામણ ને બીજો, સુત સારંગ વિચાર. ૨૮૭૯

મેઘરાગની ત્રીજી રાગણી ગુર્જરી સ્વરૂપ.

ગ્રીષ્મઋતુ વાસરતણા, પ્રથમ પ્રહરે ગવાય;
રૂપશૃંગાર મનમોહ છબિ, સિંહલંકિ સોહાય. ૨૮૮૦
ઘેરાંલાલ વસન પ્રિયા, ચતુર સંગિતે સાર;
આભૂષણ.અતુ ઓપતાં, રત્નખચિત ઉરહાર. ૨૮૮૧
મિષ્ટસ્વરે આલાપતિ, હાવભાવ રતિ અંગ;
પુત્ર શંકરાભરણ પ્રિય, ગુર્જરિ રાગણિ રંગ. ૨૮૮૨

મેઘરાગની ચોથી રાગણી ભૂપાલી સ્વરૂપ.

ઋતુવર્ષા પ્રિય સમય શુભ, સાંજ સ્વરૂપ ગુલાબ;
શ્વેત વસ્ત્રપર કેસરી, લહર હાથમાં ખ્યાબ. ૨૮૮૩
નવાહિરાદિ મોતિ તણો, સજી સમાન શૃંગાર;
પતિને અહંગિ રંગિકર, ગળે નાંખિ પુલહાર. ૨૮૮૪
સ્વાધિન પતિકા શોભતી, આનંદી ઉપભોગ;
ગન્ધરને કલ્યાણ સુત, ઇચ્છે પતિ સંયોગ. ૨૮૮૫

મેઘરાગની પાંચમી રાગણી દેશકારી વા દેશસ્વરૂપ.

ઋતુવર્ષા રાત્રીતણો, ચોથે પ્રહરે લેખ;
દેશકારિ રતિ રાજતી, શ્વેત મુખે તલ પેખ. ૨૮૮૬
અંગ ગુલછડી મોગરા, સમી શ્વેત શૃંગાર;
મોતિહાર ઉર અતુલવત, શોભા નાણ અપાર. ૨૮૮૭
ચંદન સુરભસુ અંગજા, ગળસ્થળ મેંદી રંગ;
આભૂષણ અતિ ઓપતાં, મિષ્ટવચન પતિસંગ. ૨૮૮૮
નૌતમ નખરે રીઝવે, હાવ ભાવ પ્રિયકાર;
શોહન વાસુદા કહે, પુત્ર બિન્દે ગંધાર. ૨૮૮૯

છઠો દીપકરાગ વા નટનારાયણ સ્વરૂપ.

ગ્રીષ્મઋતુ મધ્યાનનો, સમય શાસ્ત્ર આધાર;
સૂર્યપુત્ર નારંગિ વા, અગ્નિસ્વરૂપ વિચાર. ૨૮૯૦
અતુલવસન પ્રિય કુંકમાં, રાજ મોતિ ઉરમાળ;
મદ ઝરતા માતંગપર, શોભે દિપક વિશાળ. ૨૮૯૧

Scanned with CamScanner

શોભામાં શુભ નાયિકા, નટનારાયણ નામ ;
મતાંતરે દીપક વડો, કરવાથી અભિરામ. ૨૮૯૨
કૈાતક ભેદથિ નવ જુઓ, વિલાસિ વિલાસ નેક ;
ગિરિજાયંકી હૃદય હવો, નટનારાયણ એક. ૨૮૯૩
દીપક ગાવાથી પ્રકટ, દીપક દીપક જ્યોત ;
દીપક દાયો શાંતિકર, મેઘમલાર ઉદ્યોત. ૨૮૯૪

દીપકરાગની પ્રથમ રાગણી દેશી સ્વરૂપ.

ગ્રીષ્મઋતુ કહું સમય.પ્રિય, વાસર પ્રિય મધ્યાન ;
સુંદરિ સુંદર રાજતી, રક્ત વદન ધરધ્યાન. ૨૮૯૫
વસન લિલાં શૃંગાર રતિ, રત્નાભૂષણ જ્યોત ;
નેખન મદ· મનમથ પ્રકટ, પર્યંકે ઉદ્યોત. ૨૮૯૬
પતિ રોકણ ટોકણ નવલ, થકિ ઝંખવાણી લેખ ;
કુન્તલ કુમલ સુપુત્ર બે, દિપક દેશિ પ્રિય.પેખ. ૨૮૯૭

દીપકરાગની બીજી રાગણી કામ્બોદી વા કમોદસ્વરૂપ.

ગ્રીષ્મઋતુ સમયં દેસિ પછિ, કામ્બોદિ વા કમોદ ;
સ્વરુપ ગુલાબિ વસન પિળાં, વદન પમાડે મોદ. ૨૮૯૮
વિયોગિ વિરહે વ્યાકુળી, રુદન કરે રતિરાન ;
વાટ જુએ પતિની પ્રિયા, દચુ પચુ મનથી માન. ૨૮૯૯
આજ આવશે કે નહીં, સ્નેમ વિચારતિ મન ;
દક્ષિંગ પુત્ર પરાક્રમી, દલપતિ કહે સજ્ઞાન. ૨૯૦૦

દીપકરાગની ત્રીજી રાગણી નટ સ્વરૂપ.

ગ્રીષ્મઋતુ પ્રહર પાછલે, ગાયક સમય વિચાર ;
સ્વરૂપ ગુલાબી પુષ્પવત, યૌવન નર શૃંગાર. ૨૯૦૧
યુદ્ધે હય બે પાગથી, ઉભો હાથ તરવાર ;
સોલ અપ્સરા એ રિતે, શત્રુ ચોતરફ સાર. ૨૯૦૨
પડયા નિચે પોકારતા, નટ રાગણિ પ્રિયકાર;
ચંપક કુસુમ સુપુત્ર બે, વીરરસે સુવિચાર. ૨૯૦૩

દીપકરાગની ચોથી રાગણી કેદાર વા કેદારી સ્વરૂપ.

ગ્રીષ્મઋતુ રાત્રી પ્રહર, બીજે જે કેદાર;

ભગવાં વસ્ત્રસુ જટા જુટ, સર્પયિ બંધન નેક ;
લ્હેમાંથી ગંગા વહે. બાલ ચંદ્ર સુવિવેક. ૨૯૦૫
રાખી અદખુલાં નયન રિયર, મહાદેવનું ધ્યાન ;
પુત્ર પ્રતાપી રાગછે, દલપતિ દે સન્માન. ૨૯૦૬

દિપકરાગની પાંચમી રાગણી કાનરા વાં કર્નાટ સ્વરૂપ.

ગ્રીષ્મઋતુ સમયં દિવસનો, છેલ્લો પ્રહર વિચાર ;
સ્વરુપ ભવ્ય છબિ ઓપતી, પુરુષ મલ્લ પ્રિયકાર. ૯૯૦૭
દક્ષ હાથમાં ખડ્ગ છે, વામ હસ્ત કરિદંત ;
તુરત ઉખેડેલો ભલો, સન્મુખ કવિ ગુણવંત. ૨૯૦૮
સ્તુતિ કરતો સંગીતમાં, પંચમ દિપકનિ દાર ;
વિહેલ ને હીમાલ બે, પુત્ર પરાક્રમિ સાર. ૨૯૦૯

વિશેષ વિવેચન.

દોહરા.

પડ્જ નામ સા ઋષભને, રી કરતા ઉચ્ચાર ;
ગ ગાંધાર મ મધ્યમે, પંચમ નેન્દ પકાર: ૨૯૧૦
ધૈવત ને ધ ઉચારતા, નિષાદ ની સુવિચાર ;
દ્વિતિય પડ્જને પણુસદા, સા પ્રાકૃત ઉરધાર. ૨૯૧૧
રાગ રાગણિ સમય સ્વરુપ, પુત્ર ભારજા નેક ;
સર્વ કુટુમ્બી એક સ્થળ, વૃક્ષે લહેા વિશેક. ૨૯૧૨
સપ્ત મતે શુભ દાખવ્યાં, રાગ રાગણી નામ ;
ધ્રુપદ રાગ રાગણિ તણી, સ્વરગમ સહિત તમામ. ૨૯૧૩
સંગિતશાસ્ત્ર સુરાનન્દપ્રિય, ગ્રંથ રચ્યેા ગુણધામ ;
મતમતાન્તરસુ જોઈને, શોધ અધિક અભિરામ. ૨૯૧૪
લાલન પાલન ગુણિ તણું, પાત્ર પરિક્ષક સાર ;
વિદ્યાવાદ વિનોદ પ્રિય, મંત્રેશ્વર પ્રિયકાર. ૨૯૧૫
ગુણનિધિ ગોહલ કુલપતિ, મહિપતિ માંહ્ય વિરેશ ;
તખ્તસિંહ મહારાજશ્રી, પ્રસન કરણ ઉદ્દેશ. ૨૯૧૬
ગુરુ મહાદેવ કૃપાથકી, રચના થઈ અનામ ;
ગુર્જરપ્રજાસુ હિત કરણ, અભિનવ દલપતિરામ. ૨૯૧૭

	પ્રસ્તુત મત.	નારાયણ મત.
	(૧) ભૈરવી રાગ.	ભૈરવ રાગ. (૧)
...	ભૈરવી	વૈરાડી ... ...
...	રામકલી	મધુમાધવી ... ...
...	તોડી	ભૈરવી ... ...
...	ગુર્જરી	સિંધવી ... ...
...	બંગાલી	બંગાલી ... ...
	(૨) કૌશિક રાગ.	(૨) મેઘમલાર રાગ
...	ખંભાવતી	ટંકલ ... ...
...	વાઘેશ્વરી	ભૂપાલી ... ...
...	કકુભ	દેશાકરી ... ...
...	પરજ	મલ્લારી ... ...
...	શોભની	ગુર્જરી ... ...
	હિંડોલ રાગ (૩)	શ્રીરાગ. (૩)
...	વસંતી	માલવાશ્રી ... ...
...	પંચમી	ધનાશ્રી ... ...
...	વેલાવલી	અસાવરી ... ...
...	વિચારી	વસંતી ... ...
...	લલિત	માલવી ... ...
	દીપક રાગ. (૪)	(૪) માલકોષ રાગ.
...	ધનાશ્રી	તોડી ... ...
...	મુલતાની	ગાડી ... ...
...	નટી	ગુનકલી ... ...
...	જયતશ્રી	ખમ્માવતી ... ...
...	ભીમપલાશી	કકુભ ... ...
	શ્રીરાગ. (૫)	હિંડોલ રાગ (૫)
...	માલવી	રામકલી ... ...
...	ત્રિવેની	દેશાખ્ય ... ...
...	ગૌરી	લલિતા ... ...
...	કર્પુરી	વિલાવલી ... ...
...	બિટકી	પટમંજરી ... ...
	મેઘ રાગ (૬)	દીપક રાગ. (૬)
...	સોરટી	દેશી ... ...
...	સારંગ	કેદારી ... ...
...	બહુર	નટ ... ...
...	બડહંસી	કનાટી ... ...
...	મધુમાધવી	કામ્બોદી ... ...

Scanned with Cam
Scanned with CamSca

(૧) શ્રીરાગ.	(૧) ભૈરવ રાગ.	ભૈરવ રાગ (૧)	ભૈરવ રાગ (૦)
આસારી	ભૈરવી.	મધ્યમ	અંગાલી ... ...
કિરવણી	વેરાડી.	ભૈરવી	ગુજરી ... ...
ગોરી...	અધુમાખ્યી યા બધમાસ. ...	બગાલી	મધ્યમ ... ...
ટોડારી	સિંધવી	વરાડિયા	વરાડિયો ... ...
પધુમાખ્યી	બંગાળી.	વંપકી	પનજારી ... ...
પરાડિયા	(૨) શ્રી રાગ.	દેવગિરિ રાગ (૨)	પંચમ રાગ (૧)
(૨) વસંત રાગ.	ગાધારી	ગોરી...	લલિત ... ...
દેશી	ગજરી	વસંતાવતી	સુઘરી ... ...
દેવગિરી	પનાશરી	સિંધી...	દેશી ... ...
પેરારી	પરાજ્ય	પુરુષિયા	ગૌરી ... ...
તોડિયા	અસાવરી	કનુપા	રામકલી ... ...
લલિતા	(૩) વેલાવલિ રાગ.	વિલાવલ રાગ (૩)	ગાંધાર રાગ (૩)
વિભાસી	રામકલી	બેલાવલી.	ગાંધારી ... ...
ભૈરવ રાગ (૩)	દેવાખ્ય	રામગિરી	કેદારા ... ...
ભૈરવી	લલિત	દેવાખ્યા	કેદાર... ... ...
સુઘરી	વિભાસક	પરમંજરી	કેદારો ... ...
દેશ	પટમંજરી	લલિતા	ગાંધારપંચમી ... ...
ગુજરી	(૪) આલ કેદાર યા આડાણ	રીપક રાગ (૪)	ગાંધારપંચમ રાગ (૪)
બંગાળી	તોડિ...	કેદારી	ગોવા ... ...
ગુજ્જરી	તોડી યા તોડિ	કાનડી	મલ્હારી ... ...
પંચમ રાગ (૪)	કુકુભા	દેવગિરિ	આલ કેદારિકા... ... ...
વિભાસ	વસંતભરણી યા બસંત ...	ગાંધારિ	પરમંજરી ... ...
ગુજરી	કકુભ યા દેવાખ્ય	(૫) મેઘ મલ્હાર રાગ.	ગૌડ આડાણ રાગ (૫)
પાટવિકા	(૫) મેઘ મલ્હાર રાગ.	દેશકર પાંચમ.	દિપોક ... ...
આસારી	મલ્હાર	મલ્હારે	વિપાસા ... ...
પરમંજરી	સુઘરી	સુઘરી	ગૌરી... ... ...
મેઘ રાગ (૫)	ગુપાણી	ગુપાણી	ધારી... ... ...
મલ્લારી	દેશકારી યા દેશ	દેશકારી યા દેશ	આડાણિકા... ... ...
ગોરી	(૬)દીપક યા નટનારાયણ	મેઘ રાગ (૬)	દેશાખ્ય રાગ (૬)
સામેરી	દેવગિ	મલ્લારી	ગુજરી ... ...
ગિરિજા	કમોદ	દેશકારિ	ગ્રાર્ડ ... ...
ગોપારી	નટ યા નાટ	ગુપાણી	સામેરી ... ...
દરબારિયા	કેદાર યા કેદારી	સુઘરી	ગજરિકા ... ...
નટ નારાયણ રાગ (૬)	કામરા યા કનોદ	દેશ...	બેલાવલી ... ...

* સામેરી—ગજરી—ગામેરી.—ગજિકા —સારંગ.—ના ઉખીર.

Scanned with CamScanner

(૨) ષટ્રાગના ધૃપદની સ્વરગમ.

(૧) પ્રથમ રાગ ભૈરવના ધૃપદની સ્વરગમ.

ગ-મ-ની-ધ-પ-ધ-મ-ગ-ઋ-ગ-પ-મ-ગ-ઋ-ગ-પ-મ-ગ-ઋ-ગ-ધ-પ-ની-ધ-પ-ની-ધ-ની-પ-ધ-મ-ગ-પ-મ-ધ-ની-ધ-ની-ધ-પ.

(૨) શ્રીરાગના ધૃપદની સ્વરગમ.

આરામ—ગૌરી, મારૂ અને ટંકલના સ્વરોથી થાયછે.

(ટંકલ) ગ-ઋ-ગ-ની- (ગૌરી) ધ-પ-ધ-ની- (ટંકલ-મારૂ) પ-ઋ-પ-મ-ધ-મ-ગ-પ-મ-ગ- (ગૌરી) ઋ-ગ-ઋ-ગ-ની-ઋ-ગ-ઋ-ગ-પ-પ-મ-ધ-પ- (મારૂ ટંકલ) ની-ઋ-ગ-ઋ-ની-ધ-ગ-પ-મ-ધ-પ- (મારૂ.) ની-ઋ-ગ-ઋ-ની-ધ-પ-મ-ધ-ગ-ની-ગ-મ- (ટંકલ) ધ-ગ-ગ-ઋ-ગ-ની-ધ-મ-ધ-મ ગ-ઋ.

(૩) હિંડોલ વા હિંડોલ રાગના ધૃપદની સ્વરગમ.

આરામ—ભૈરવ, માલકૌશિક, લલિત અને બિલાવરના સ્વરોથી થાયછે.

(બિલાવર-લલિત-) ધ-ગ-ધ-પ-મ- (માલકૌશિક.) ધ-ગ-ની-ધ-પ- (ભૈરવ.) ઋ-ની-ગ-મ-ઋ-ગ- (લલિત.) ની-ગ-ઋ-ગ (બિલાવર) ગ-પ-ધ-પ- (ભૈરવ-બિલાવર.) ગ-ઋ-ગ-પ-મ-ગ-મ-ગ-ઋ-ગ-ધ-મ-મ-ઋ-પ-મ-ઋ-ગ- (માલકૌશિક.) ધ-ગ-ધ-ની- (ભૈરવ-લલિત.) ઋ-ગ-ની-ઋ-ની-ધ-પ-ધ-પ- (બિલાવર-ભૈરવ.) ધ-પ-ની-ધ-ગ-મ-ધ-મ-મ- (ભૈરવ.) ગ-ઋ-ગ-ની-ઋ-પ- (બિલાવર) ગ-મ-ધ-પ- (માલકૌશિક.) ધ-ગ-ની-ધ-ગ (બિલાવર-પ-મ-ગ-મ-ઋ-ગ- (ભૈરવ-લલિત.) ગ-મ-ધ-ની-પ-મ.

(૪) માલકોષ વા કૌશિક રાગના ધૃપદની સ્વરગમ.

આરામ—મારૂનસ્વર બે (ધ-ની-) અને બાકીના બધા કૌશિકના સ્વરોથી થાયછે.

ધ-ની-ધ-ની-ધ-મ-ધ-પ-ની-ગ-ની-ગ-ની-ધ-ગ-ની-મ-ગ-મ-ગ-મ-ગ-પ-ની-ધ-ગ ધ-ગ-ની-ધ-ની-ધ-ની-ધ-મ-ગ-ગ-ની-ધ-ગ-મ.

(૫) મેઘમલાર રાગના ધૃપદની સ્વરગમ.

આરામ—કરનાટ, વા, કાનડા અને તિલકકામ્બોદી તથા સારંગના સ્વરોથી થાયછે. ને મલારનો રંગ રાખેછે.

(કરનાટ-તિલકકામ્બોદી.) ધ-ધ-પ-ધ-પ-ગ-ની-ગ-ની-ઋ-ગ-ની- (સારંગ-તિલકકામ્બોદી-કરનાટ.) ધ-ગ-ઋ-પ-ગ-પ-મ-ગ-ઋ-ગ-ની-પ-મ-ની-ધ-ની-ધ-ની-ગ-ની-ગ-ની-ઋ-ગ- (સારંગ.) ધ-પ-ધ-પ-મ-ધ- (તિલકકામ્બોદિ-કરનાટ) ધ-પ-પ-મ-ધ-ગ-ધ-પ-મ-ગ-ઋ-મ-ધ-ગ-ની-ધ-પ-મ-પ-મ-ગ-ઋ-પ

(૬) દીપક-વા નટનારાયણ રાગના ધૃપદની સ્વરગમ.

આરામ—કાફી, કેદાર, બેહાગ, ભીમપલાશી અને શંકરાભરણના સ્વરોથી થાયછે.

(કાફી.) ધ-ની-ધ-પ (કેદાર.) ની-ધ-ગ-ની- (કાફી.) ઋ-ગ-ની-ધ-ગ- (બેહાગ.) ની-ગ-ઋ-ગ-મ- (ભીમપલાશી.) ઋ-ગ-ની-ગ-ઋ-મ- (કેદાર.) ગ-ઋ-ગ-મ- (શંકરાભરણ.) ધ-ગ-ની-ગ-ની- (કેદાર.) ઋ-ગ-ની-ધ- (કાફી) ની-ધ-પ-મ-પ- (બેહાગ.) ગ-ઋ-ગ-ઋ-મ- (શંકરાભરણ) ગ-ઋ-ગ-ઋ- (ભીમપલાશી.) ગ-પ-ધ-પ-મ- (બેહાગ-કેદાર.) ધ-ની-ગ-ની-ધ-ની-પ-મ-ગ-ઋ- (કાફી.) ધ-ઋ-ગ-ની- (કેદાર.) પ-મ-ગ-ઋ- (કેદાર.) ગ-પ-ની-ધ-પ- (બેહાગ-શંકરાભરણ.) ની-ગ-પ-ની-ગ-ની-ધ-પ-ધ-પ- (ભીમપલાશી.) મ-પ-મ-ગ.

૫. ની. ૧. ઋ. ગ. ઋ. ૫.	સોમેશ્વર.	ઋ. ૦. ૫. ની. ૧. ગ. ની.	સોમેશ્વર.
૫. ની. ૧. ઋ. ગ. ગ. ૫.	નારાયણ.	૧. ૦. ગ. ૫. ૦. ૫. ની.	નારાયણ.
૪. ની. ૧ ૦. ગ. ગ. ૦.	અંધાન્તરે.	૧. ૦. ગ. ઋ. ૫. ૦. ની.	અંધાન્તરે
(૧) સિંધવી.		(૧) રામ કલી.	
૧. ઋ. ગ. ઋ. ૫. ૫. ની.	સોમેશ્વર.	૧. ઋ. ગ. ઋ. ૫. ૫. ની.	સોમેશ્વર.
૧. ૦. ગ. ગ. ૦. ૫. ની.	નારાયણ.	૧. ઋ. ગ. ઋ. ૫. ૫. ની.	નારાયણ.
૧. ૫. ૫. ની. ૧. ઋ. ગ.	અંધાન્તરે.	૧. ૦. ગ. ગ. ૫. ૦ ની.	અંધાન્તરે.
(૨) પૈરાડી.		(૨) દેશાખ.	
૫. ઋ. ગ. ઋ. ૫. ૫. ની.	સોમેશ્વર.	ગ. ગ. ગ. ઋ. ૦. ૧. ઋ.	સોમેશ્વર.
૫. ઋ. ગ. ગ. ૫. ૫. ની.	નારાયણ.	ગ. ગ. ૫. ૫. ની. ૧. ૦.	નારાયણ.
૫. ઋ. ગ. ઋ. ૫. ૫. ની.	અંધાન્તરે.	ગ. ઋ. ૫. ૫. ની. ૧. ૦.	અંધાન્તરે.
(૩) મધુમાધવી.		(૩) લલિત.	
ગ. ૫. ૫. ની. ૫. ૦. ૦.	સોમેશ્વર.	૧. ઋ. ગ. ઋ. ૦. ૫. ની.	સોમેશ્વર.
ની. ૫. ૦. ૦. ઋ. ૫. ૫.	નારાયણ.	૧. ૦. ગ. ગ. ૫. ૦. ની.	નારાયણ.
ઋ. ૫. ૫. ની. ૧. ઋ. ગ.	અંધાન્તરે.	૫. ની. ૫. ૦. ગ. ઋ. ૦.	અંધાન્તરે.
(૪) સિંધવી વા સૈંધવી.		(૪) બિલાવલ	
૫. ઋ. ૦. ઋ. ૫. ૫. ની.	સોમેશ્વર.	૫. ની. ૫ ૦. ગ. ઋ. ૦.	સોમેશ્વર.
૧. ૫. ની. ૫. ઋ. ગ. ઋ.	નારાયણ.	૫. ની. ૫. ઋ. ગ. ઋ. ૫.	નારાયણ.
૫. ઋ. ગ. ઋ. ૫. ૫. ની.	અંધાન્તરે.	૫. ની. ૫. ઋ. ગ. ઋ. ૦.	અંધાન્તરે
(૫) બંગાળી.		(૫) પટમંજરી.	
૧. ઋ. ગ. ૫. ૫. ૫. ની.	સોમેશ્વર.	૫. ૫. ની. ૫. ઋ. ગ. ઋ.	સોમેશ્વર.
૫. ઋ. ગ. ઋ. ૫. ૫. ની.	નારાયણ.	૫. ૫. ની. ૫. ઋ. ગ. ઋ.	નારાયણ.
૪. ઋ. ગ. ઋ. ૫. ૫. ની.	અંધાન્તરે.	૫. ૫. ની. ૫. ઋ. ૧. ગ.	અંધાન્તરે.
૨ બીજો રાગ શ્રી.		૪ ચોથો રાગ માલકોશ.	
ની. ૫. ઋ. ગ ૧. ૫. ૫.	સોમેશ્વર.	ની. ૫. ઋ. ગ. ઋ. ૬. ૫.	સોમેશ્વર.
૫. ઋ. ગ. ઋ. ૫. ૫. ની.	નારાયણ.	ઋ ૦. ૫. ની. ૫. ૦. ગ.	નારાયણ.
૫. ઋ. ગ. ઋ. ૫. ૫. ની.	અંધાન્તરે.	૧. ઋ. ગ. ગ. ૫. ૫. ની.	અંધાન્તરે.
(૧) માલશ્રી વા માલવાશ્રી.		(૧) તોડી.	
૫. ૦. ઋ. ગ. ૫. ૦. ની.	સોમેશ્વર.	ગ. ઋ. ૫. ૫. ની. ૧. ઋ.	સોમેશ્વર.
૫. ઋ. ઋ. ગ. ૫ ૫. ની.	નારાયણ.	ગ. ૫. ૫. ની. ૧. ઋ. ગ.	નારાયણ.
૫. ઋ. ગ. ઋ. ૫. ૫ ની.	અંધાન્તરે.	૫. ઋ. ગ. ઋ. ૫. ૫. ની.	અંધાન્તરે.
(૨) માલવી.		(૨) ગૌરી વા ગૌડી.	
ગ. ૪ ૫. ૦. ની ૧. ૦.	સોમેશ્વર.	ની. ૧. ઋ. ૦. ઋ. ૫. ૦.	સોમેશ્વર.
૧. ૦. ગ. ઋ. ૬. ૫. ની.	નારાયણ.	ની. ૫ ઋ. ગ. ઋ. ૦. ૫.	નારાયણ.
૧. ૦. ગ. ઋ. ૫. ૫. ની.	અંધાન્તરે.	૫. ૦. ઋ. ઋ. ૫. ૫. ની.	અંધાન્તરે.
(૩) પનાંસરી.		(૩) ગુણકલી.	
૫. ૦. ગ. ઋ. ૫. ૦. ની.	સોમેશ્વર.	૫. ઋ. ગ. ઋ. ૫ ૦. ની.	સોમેશ્વર.
૫. ઋ. ગ. ઋ ૫. ૫. ની.	નારાયણ.	૫. ૦. ગ. ઋ. ૦ ની.	નારાયણ.
૫. ઋ. ઋ. ઋ. ૫. ૫. ની.	અંધાન્તરે.	ની. ૧ ૦. ગ. ગ. ૦.	અંધાન્તરે.
(૪) ધરાન્ત.		(૪) સ્તંભાયતી વા ખભાવ.	
૫. ઋ. ગ. ગ. ૦. ૫. ની.	સોમેશ્વર.	૫. ની. ૧ ઋ. ઋ. ઋ.	સોમેશ્વર.
૫. ઋ. ગ. ઋ. ૫. ૫. ની.	નારાયણ.	ઋ. ની. ૧ ઋ. ગ. ઋ. ૦.	નારાયણ.
૫. ઋ. ગ. ઋ. ૫. ૫. ની.	અંધાન્તરે.	૫. ની. ૧ ઋ. ગ. ઋ. ૦.	અંધાન્તરે.
(૫) આશાવરી.		(૫) કકુભ વા કેદારા.	
ઋ. ૫. ૫. ની. ૧. ઋ. ગ.	સોમેશ્વર.	૫. ની. ૧. ઋ. ગ. ઋ. ૦.	સોમેશ્વર.
ઋ. ગ. ઋ ૫. ૫. ની. ૧.	નારાયણ.	૫. ની. ૧. ઋ. ગ. ઋ. ૦.	નારાયણ.
૫. ની. ૧. ૦. ૦. ઋ. ૫.	અંધાન્તરે.	૫. ની. ૧ ઋ. ગ. ગ. ૦.	અંધાન્તરે.

Scanned with CamSca

| | | |

॥ જ્યોતિષ શાસ્ત્ર પ્રારમ્ભ. ॥

મંગળાચરણ.

દોહરા.

સ્મરી ખલ નિષ્કામ પ્રિય, ભય ભન્જન તવ ધ્યાન ;
જો જ્યોતિષના સિંધુને, વરણું બિંદુ સમાન. ૨૯૧૮
અયરજ અજ કમલજ કરત, કમલજ અજથી ખર્વ ;
સિંધુ બિંદુ વળિ બિંદુથી, સિંધુ સુગમ સુખસર્વ. ૨૯૧૯

શક પ્રકરણ.

શાલીવાહન શકયકી, સંવત્સર શુભનામ ;
ચાલુ અંકમાં બાર વધુ, ગણિ મેળવ અભિરામ. ૨૯૨૦
પછી સાહયી ભાગતાં, આવે શેષ સુઅંક ;
અનુક્રમ કોષક માંહયી, જાણો નામ નિશંક. ૨૯૨૧
શાલીવાહન શકમહીં, મેળવ અંક સુમાર ;
એકસો અને પાંતરિસ, વિક્રમ શક સુવિચાર. ૨૯૨૨

સાઠ સંવત્સર નામ.

હરિગીત છંદ.

પ્રભવ વિભવ ને શુક્લ પ્રમોદ પ્રજાપતી જન લેખતા,;
અંગિરા શ્રીમુખ ભાવ ને વળિ યુવા સુધાતા પેખતા ;
ધ્વર વળી બહુધાન્યને કહું પ્રમાથિ વિક્રમ છાજતા ;
વૃષ ચિત્ર ભાનુ સુભાનુ તારણ પાર્થિવ વ્યય સુવિરાજતા ૨૯૨૩
સર્વજીતણી વીશી વિરાજિત વિષ્ણુ વીશિ બિજી કહી,
જો સર્વજિતને સર્વધારી વિરોધિ વિકૃત સહ લહી ;
ખર નંદન સુવિજય જય મન્મથ દુર્મુખાદિ ગણે ગુણી ,
વળિ હેમલંબ વિલંબ વિકારી શાર્વરિપ્લવ શુભકૃત સુણી. ૨૯૨૪

શોભન ક્રોધી વિશ્વાવસુ ને પરાભવ વીશી થઈ ;
વીશિ ત્રીજી રૂદ્રની ને પ્લવંગ કીલક સહુ લઈ ;
શૌમ્ય વળિ સાધારણ વિરોધિકૃત વિકૃત પરિધાવી કહ્યા.
પ્રમાદિ આનંદ રાક્ષસને નલ પિંગલ કાલાદિક લહ્યા. ૨૯૨૫
સિદ્ધાર્થ રૌદ્રને દુર્મતિ દુંદુભિ રુધિરોદ્ગારિ રક્તાક્ષછે ;
ક્રોધન ને ક્ષય લગી વીશી રૂદ્રતણી પ્રખ્યાતછે ;
સાહ નામ સંવત્સર ગણો ફરિ ફરિ ક્રમથી આવતા ;
દક્ષપતિ વીશિમતાંતરે વળિ બ્રાહ્મિ રીત બતાવતા. ૨૯૨૬

અન્યમતે ત્રણ વીશિવિચાર ફળ સહિત.

દોહરા.

આનંદાદિ થકી ગણો, શ્રીમુખ સુધી વિચાર :
પ્રજાપતી વીશી પછી, વિષ્ણુ વીશિ વિસ્તાર. ૨૯૨૭
ભાવાદિ થકિ વિજયલગી, વીશી વિષ્ણુની સાર ;
વ્યયાદિ થકિજ પ્રમાદિ લગિ, શંકરની વિસ્તાર. ૨૯૨૮
પ્રભવથકી ગણિ ચાલતાં, સુધી ત્રિગુણ કરિ લેખ ;
બાદ કરી ત્રણ સમથી, બાકી શેષ ફળ પેખ. ૨૯૨૯
એક ચાર દુઃકાળ ફળ, પાંચ બેયિજ સુકાળ ;
ત્રણ છેજ સમ જાણવું. શુન્યથિ પીડા બાળ. ૨૯૩૦

સંવત્સર સ્વામી નામ.

પાંચ સંવત્સર એકયુગ, સાઠ તણા તવ ચાર ;
એમ સ્વામિ શુભ જાણતા, અનુક્રમે આધાર. ૨૯૩૧

૧ ૨ ૩ ૪ ૫ ૬
વિષ્ણુ બૃહસ્પતિ ઇન્દ્રને, અગ્નિ બ્રહ્મા શિવ સાર ;
૭ ૮ ૯ ૧૦
પિતર વિશ્વદેવજ પ્રકટ, ચંદ્ર અગ્નિ દશ ધાર. ૨૯૩૨
૧૧
અશ્વિનિકુમાર સૂર્યસહુ, સ્વામિ દ્વાદશ પ્રમાણ ;
દક્ષપતિરાગ વિચારશો, કોઇક શાસ્ત્ર સુજાણ. ૨૯૩૩

પંચ સંવત્સર સ્વામિ સહિત.

ઈષ્ટ શક પાંચે ભાગતાં, શેષ સંવત્સર નામ ;

Scanned with CamSca

અનુક્રમ પ્રથમ સંવત્સરે, વન્હિ સ્વામિ અભિરામ. ૨૯૩૪
દ્વિતિય પરીવત્સર તણો, સ્વામિ અર્ક વિચાર ;
તૃતિય ઈડાવત્સર તણો, સ્વામી ચંદ્ર સ્વિકાર. ૨૯૩૫
ચતુર્થ અનુવત્સર તણો, સ્વામી બ્રહ્મા લેખ ;
પંચમ ઈદ્વત્સર તણો, સ્વામી શિવ શુભ પેખ. ૨૯૩૬

ઋતુ પ્રકરણ.

અયન.

શિશિર વસંત સુચિમ્ભ ત્રણ, ઉત્તરાયન ગણાય ;
વર્ષા શરદ હેમંત ત્રણ, દક્ષિણાયન ભણાય. ૨૯૩૭

અયન વિષે શુભા શુભ કાર્ય.

ગૃહપ્રવેશજ વિવાહ વળિ, ત્રિદશ પ્રતિષ્ઠા સાર ;
ચૌલવ્રતબંધ વિધી કહું, મંત્ર ગ્રહણ સુવિચાર. ૨૯૩૮
ઉત્તરાયને શુભ ગણ્યા, એ થકિ રહિત સુકર્મ ;
દક્ષિણાયને તે કરે, તો નવ હોય અધર્મ. ૨૯૩૯

સંક્રાન્તિ પરત્વે ઋતુ.

મકરાદી દ્વય રાશિ શુભ, સૂર્ય ભોગવે જાણ ;
એ રિત રાશી બારથી, પટ્ ઋતુ શાસ્ત્ર પ્રમાણ. ૨૯૪૦

સંક્રાન્તિ પરત્વે ઋતુ કોષ્ટક.

મતાંતરે રાશી પરત્વે ઋતુ કોષ્ટક.

રાશિ.	ઋતુ.	રાશિ.	ઋતુ.	રાશિ.	ઋતુ.
૧ મેષ. ૨ વૃષભ.	વસંત.	૫ સિંહ. ૬ કન્યા.	વર્ષા.	૯ ધન. ૧૦ મકર.	હેમંત.
૩ મિથુન. ૪ કર્ક.	ગ્રીષ્મ.	૭ તુલા. ૮ વૃશ્ચિક.	શરદ.	૧૧ કુંભ. ૧૨ મીન.	શિશિર.

માસ પરત્વે ઋતુ કોષ્ટક.

માસ.	ઋતુ.	માસ.	ઋતુ.	માસ.	ઋતુ.
૧ ચૈત્ર. ૨ વૈશાખ.	વસંત.	૫ શ્રાવણ. ૬ ભાદ્રપદ.	વર્ષા.	૯ માગશિર્ષ ૧૦ પોષ.	હેમંત.
૩ જ્યેષ્ઠ. ૪ [illegible]	ગ્રીષ્મ.	૭ અશ્વિન. ૮ કાર્તિક.	શરદ.	૧૧ માઘ. ૧૨ ફાલ્ગુન	શિશિર.

માસ પ્રકરણ.

પૂર્વરાશિનો ત્યાગ કરિ, આગળ રાશિ પ્રવેશ ;
મેષાદિક સંક્રાતિ ઋતુ, માસ અયન વર્ષેશ. ૨૯૪૧
શુક્લ પ્રતિપદાથી લઈ, અમાવાસ્ય લગિ લેખ ;
ચાંદ્ર માસ તેહને કહે, સૌર માસ પછિ પેખ. ૨૯૪૨
એક રાશિ ભોગવિ રહે, સૂર્ય તદા તે માસ ;
સૌરમાસ ગણિ જ્યોતિષી, આગળ કરે તપાસ. ૨૯૪૩
ત્રીશ દિવસનો માસ તે, સાયન માસ ગણાય ;
જ્યોતિષિ સંવત્ કાઢતાં, એ ઉપયોગિ ભણાય. ૨૯૪૪
નક્ષત્રોનું પરિભ્રમણ, ચંદ્રકરેજ તપાસ ;
તેહને જ્યોતિષિયો કહે, નાક્ષત્રમાસ ખાસ. ૨૯૪૫

Scanned with CamScanner

બત્રિશ માસ સોડશ દિવસ, ચાર ઘટી ચિત લાવ ;
ભોગવતાં દલપતિ કહે, અધિક માસ દર્શાવ. ૨૯૪૬
જે માસે સંક્રાતિ નહિં, તે તો અધિકજ માસ ;
જે માસે બે સંક્રમણ, તે ગણતા ક્ષય માસ. ૨૯૪૭
કાર્તિકાદિ ત્રણમાસમાં, આવે તે કહું જાણ ;
સારે એકજ વર્ષમાં, અધિક માસ દ્વિ પ્રમાણ. ૨૯૪૮

નક્ષત્ર પ્રકરણ.

ચૈત્રાદિસુ ગત માસવળી, ચાલતા સહિત માસ ;
બમણા કરિ ગત તિથી પણ, ચાલુ તિથી સુધિ ખાસ. ૨૯૪૯
ભેળવિ સર્વ એકત્રને, સત્તવિંશ થકિ ભાગ ;
શેષ રહે તે જાણવો, નક્ષત્ર તણો યોગ. ૨૯૫૦

નક્ષત્ર નામ.

અશ્વિનિ ભરણી કૃત્તિકા, રોહિણિ મૃગશિર નામ ;
આર્દ્રા જાને પુનર્વસુ. પુષ્યાશ્લેષા વામ. ૨૯૫૧
મઘા સુપૂર્વાફાલ્ગુણી, ઉત્તરાફાલ્ગુણિ જાણ ;
હસ્ત ચિત્રાને સ્વાતિ પછિ, વિશાખા સુકૃત્માણ.- ૨૯૫૨
અનુરાધા જ્યેષ્ઠા અને, મૂળસુ પૂર્વાષાઢ ;
શ્રવણ ધનેષ્ઠાની અગત્ય, આવે ઉત્તરાષાઢ. ૨૯૫૩
શતભિષા પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ જાણ ;
અંત્ય રેવતિ નક્ષત્ર સહુ, સત્તવિંશજ વખાણ.- ૨૯૫૪

નક્ષત્ર તિથિની શુભાશુભ ઘટીકા.

તિથી નક્ષત્રના અંતની; ત્રણ ઘટિકા ગણિ લેત ;
વર્જનીય શુભ કાર્યમાં, તે થકિ રહો સચેત. ૨૯૫૫

નક્ષત્ર સ્ત્રી પુરૂષ નપુંશક.

આર્દ્રાથી દશ સ્વાતિ લગિ, સ્ત્રી નક્ષત્ર ભણાય ;
ચાર નપુંશક તે પછી, તેર પુરૂષ ભણાય. ૨૯૫૬

નક્ષત્ર દશાંગભેદ કોષ્ટક વિચાર.

સંજ્ઞા નામ શુભા શુભજ, સ્વાગી મૂખ પ્રકાર ;
રૂપ સંજ્ઞા બે રીતથી, લોચન સંજ્ઞા સાર. ૨૯૫૭
સ્વરૂપાકૃતિ તારાતણી. સંજ્ઞા સહિત દશાંગ ;
નક્ષત્ર કોષ્ટકે જ્યોતિષી, અષ્ટવિંશ સર્વાંગ. ૨૯૫૮

Scanned with CamScanner

શુભાશુભ સંજ્ઞા.	સ્વામી.	મુખ સંજ્ઞા	રૂપ સંજ્ઞા નામ	રૂપ સંજ્ઞા નામ.	લોચન સંજ્ઞા નામ.	સ્વરૂપાકૃતિ.	ફેરલા તારા.
શુભ.	અશ્વિનિકુમાર	તિર્યંડ. મુખ.	લઘુ.	ક્ષિપ્ર.	મંદ લોચન	અશ્વ મુખ.	૩
નાશક.	યમ.	અધો મુખ.	ઉગ્ર.	ક્રૂર.	મધ્ય લોચન	ગોની રૂપ.	૩
કાર્યનાશ.	અગ્નિ.	અધો મુખ.	મિશ્ર,	સાધારણ.	સુલોચન.	સુરાભ.	૬
સિદ્ધિ.	બ્રહ્મા.	ઉર્ધ્વ મુખ.	મૃદુ.	સ્થિર.	અંધલોચન.	શકટ.	૫
શુભ.	ચંદ્ર.	તિર્યંડ. મુખ	ગૃદુ.	મૈત્ર.	મંદ લોચન.	મૃગોત્તમાંગ.	૩
શુભ.	શિવ.	ઉર્ધ્વ મુખ.	તીક્ષ્ણ.	દારૂણ.	મધ્ય લોચન	મણિનાભ.	૧
મધ્યમ.	દેવમાતા.	તિર્યંડ. મુખ.	ચર.	ચક્ર.	સુલોચન.	ગ્રહ.	૪
શુભ.	ગુરૂ.	ઉર્ધ્વ મુખ.	લઘુ.	ક્ષિપ્ર.	અંધ લોચન	શર.	૩
શોક.	સર્પ.	અધો મુખ.	તિક્ષ્ણ.	દારૂણ.	મંદ લોચન.	ચક્રાકાર.	૫
નાશક.	પિતર.	અધોમુખ.	ઉગ્ર.	ક્રૂર.	મધ્ય લોચન.	શાલા.	૫
મૃત્યુપ્રદ.	ભગ.	અધોમુખ.	મિશ્ર.	ક્રૂર.	સુલોચન.	અર્ધપર્યંક.	૨
વિદ્યા.	અર્યમા.	અધોમુખ,	ધ્રુવ.	સ્થિર.	અંધ લોચન.	અર્ધપર્યંક.	૨
લક્ષ્મી.	રવિ.	ઉર્ધ્વ મુખ.	લઘુ.	ક્ષિપ્ર.	મંદ લોચન.	હસ્તાકાર.	૫
શુભ.	બ્રહ્મા.	તિર્યંડ. મુખ.	મૃદુ.	મૈત્ર.	મધ્ય લોચન.	ભક્તિકામ	૧
અશુભ.	વાયુ.	તિર્યંડ.મુખ.	ચર.	ચલ.	સુલોચન.	પ્રવાલસદૃશ	૧
અશુભ.	ઇન્દ્રાગ્નિ.	તિર્યંડ. મુખ.	મિશ્ર.	સાધારણ.	અંધ લોચન	તોરણાકૃત્તિ.	૪
સર્વસિદ્ધિ.	મિત્ર.	અધો મુખ.	મૃદુ.	મૈત્ર.	મંદ લોચન.	મણિનાભ.	૪

Scanned with CamScanner

૧૮	જ્યેષ્ઠા.	ક્ષય નારા.	ઇન્દ્ર.	તિર્યંડ.મુખ.	તીક્ષ્ણ..	દારુણ.	મધ્ય લોચન.	કુંડલાભ.
૧૯	મૂળ.	હાનિપ્રદ.	રાક્ષસ.	અધોમુખ.	તીક્ષ્ણ,	દારુણ.	સુલોચન..	કૃષ્ણકેસરિ.
૨૦	પૂર્વાષાઢા.	હાનિપ્રદ.	ઉદક.	અધોમુખ.	ઉગ્ર.	ક્રૂર.	અંધ લોચન.	શય્યા.
૨૧	ઉત્તરાષાઢા.	બુદ્ધિદા.	વિશ્વેદેવ.	ઉર્ધ્વમુખ.	ધ્રુવ.	સ્થિર.	મંદ લોચન.	હરિતવિલાસ.
૨૨	અભિજીત.	બુદ્ધિદા.	બ્રહ્મા.	૦	લઘુ.	ક્ષિપ્ર.	મધ્ય લોચન.	શૃંગાટક.
૨૩	શ્રવણ.	સુખદા.	વિષ્ણુ.	ઉર્ધ્વમુખ.	ચર.	ચલ.	સુલોચન.	ત્રિવિક્રમ.
૨૪	ધનિષ્ઠા.	શુભદા.	વસુ.	ઉર્ધ્વમુખ .	ચર.	ચલ.	અંધ લોચન.	મૃદંગ.રૂપમ.
૨૫	શત્તારકા.	કલ્યાણ	વરૂણ.	ઉર્ધ્વમુખ,	ચર.	ચલ.	મંદ લોચન.	મન્ડલરૂપમ.
૨૬	પૂર્વા ભાદ્ર–પદ.	મૃત્યુદા.	અજૈકચરણ.	અધોમુખ.	ઉગ્ર.	ક્રૂર.	મધ્યલોચન.	વર્તુલાકાર.
૨૭	ઉત્તરા ભાદ્રપદ.	લક્ષ્મી.	અહિર્બુધ્ન્ય.	ઉર્ધ્વમુખ.	ધ્રુવ.	સ્થિર.	સુલોચન.	પર્યંક રૂપ.
૨૮	રેવતી.	કામદા.	સૂર્ય.	તિર્યંડ.મુખ.	મૃદુ.	મૈત્ર.	અધ લોચન.	મુરજ.

Scanned with CamScanner

તિથિ નામ સંજ્ઞા.

નંદા ભદ્રા ને જયા, રિક્તા પૂર્ણા લેખ ;
સંજ્ઞા તિથિની પંચ એ, ક્રમથી ફરિ ફરિ પેખ. ૨૯૫૯

પંચતિથિમાં કર્તવ્ય કાર્ય.

નંદા પ્રતિપદ પષ્ઠિને, એકાદશી વખાણ ;
દેવાદિક ઉત્સાહને, આનન્દાદિ કૃત જાણ. ૨૯૬૦
ગૃહ સંબંધી કૃત્યવા, સ્થળ સમારવું પ્રકારા ;
નવીન લેવાં વાદ્ય વળિ, નૃત્ય ગીત કૃત ખાસ. ૨૯૬૧
ભદ્રા દ્વિતિયા સપ્તમી, દ્વાદશિ ચિત્ત વિચાર ;
વિવાહ આભૂષણ નવિન, રથાદિ માર્ગ સમાર. ૨૯૬૨
પ્રયાણ વળિ પુષ્ટિક્રિયા, ભદ્રા બાંધ કરાય ;
જયા ત્રીજ અષ્ટમિ અને, ત્રયોદશીજ લહાય. ૨૯૬૩
યુદ્ધ સમયમાં સૈન્યને, કામ આવતાં સાજ ;
તરવાર ધ્વજાદિક ધરો, સરે સિદ્ધ સૌ કાજ. ૨૯૬૪
રિક્તા ચતુર્થિ નવમિને, ચતુર્દશી ત્રણ લેખ ;
નાશક વિદ્યા કાર્યમાં, ઘાત કર્મ હિત પેખ. ૨૯૬૫
સિદ્ધિ પામતાં એદિવસ, વિષ પ્રયોગને શસ્ત્ર ;
દલપતિરામ વિચારીને, કર્યાં કૃત્ય સર્વત્ર. ૨૯૬૬
પૂર્ણા પંચમિ દશમિને, પૂર્ણિમાજ ત્રણ જાણ ;
વિવાહાદિ શુભ કૃત્ય વળિ, મહાયાત્રા ઉર આણ. ૨૯૬૭
શાંતિક પૌષ્ટિક કાર્ય સૌ, કરો એ દિવસ સાર ;
વાર કૃત્ય આગળ કર્યાં, ફળ પ્રકૃતિ અનુસાર. ૨૯૬૮

Scanned with CamScanner

તિથિ નામ.	ફળ.	સ્વામી.	સંજ્ઞા તિથિ.	શુકલ.	કૃષ્ણ.
પ્રતિપદા.	સિદ્ધિ.	અગ્નિ.	નન્દા.	અશુભ.	શુભ.
દ્વિતીયા.	કાર્ય સાધન.	બ્રહ્મા.	ભદ્રા.	,,	,,
તૃતીયા.	આરોગ્ય.	ગૌરી.	જયા.	,,	,,
ચતુર્થી.	હાનિ.	ગણેશ.	રિક્તા.	,,	,,
પંચમી.	શુભ.	સર્પ.	પૂર્ણા.	,,	,,
ષષ્ઠી.	અશુભ.	સ્કંદ.	નન્દા.	મધ્યમ.	મધ્યમ.
સપ્તમી.	શુભ.	સૂર્ય.	ભદ્રા.	,,	,,
અષ્ટમી.	વ્યાધી નાશ.	શિવ.	જયા.	,,	,,
નવમી.	મૃત્યુ.	દુર્ગા.	રિક્તા.	,,	,,
દશમી.	ધનદા.	યમ.	પૂર્ણા.	,,	,,
એકાદશી.	શુભ.	વિશ્વેદેવ.	નન્દા.	શુભ.	અશુભ.
દ્વાદશી.	સર્વસિદ્ધા.	હરિ.	ભદ્રા.	,,	,,
ત્રયોદશી.	,,	મદન.	જયા.	,,	,,
ચતુર્દશી.	ઉગ્રા.	શિવ.	રિક્તા.	,,	,,
પૂર્ણિમા.	પુષ્ટિદા.	ચંદ્ર.	પૂર્ણા.	,,	૦
અમાવાસ્યા.	અશુભ.	પિતર.	૦	૦	અશુભ

યોગ નામ વ્યાખ્યા સહિત.

પુષ્ય નક્ષત્રથિ ચાલતા, સૂર્ય નક્ષત્ર લગિ જાણ ;
વળી શ્રવણથી જાણવું, દિવસ નક્ષત્ર પ્રમાણ. ૨૯૬૯
ગણી હરી યે એકઠા, સપ્તવિંશથી ભાગ ;
શેષ રહેતે યોગછે, એહિત યોગ સુયોગ. ૨૯૭૦
પ્રથમ યોગ વિષ્કુમ્ભ વળિ, પ્રીતિમુ આયુષ્યમાન ;
સૌભાગ્યમુ શોભન ગતી, ગંડમુ કર્મ નિધાન. ૨૯૭૧
ધૃતિ શૂલ વળિ ગંડછે, વૃદ્ધિ ધ્રુવમુ વ્યાઘાત ;
હર્ષ વજ્ર વળિ સિદ્ધિ કહું, વ્યતીપાત વિખ્યાત. ૨૯૭૨
વરિયાણુ પછી પરિઘ શિવ, સિદ્ધિ પછી કહું સાધ્ય ;
શુભ શુકલ પછી બ્રહ્મછે, ઇન્દ્રમુ વૈધૃત બાંધ. ૨૯૭૩

Scanned with CamScanner

અશુભ યોગ અને ત્યાગ ઘટી.

વજ્ર વિષ્કુમ્ભ ગંડ અતિ, ગંડ પરિઘ વળિ શૂલ;
વ્યતીપાત વ્યાઘાત નવ, અશુભ વૈધૃત ગૂલ. ૨૯૭૪
ત્રણ ત્રણ રસ રસ સમજિએ, ત્રીશ પાંચ, ને નન્દ
શેષ એહુની સર્વતજ્ઞ, વજ્ર ક્રમાદિ નવ મન્દ. ૨૯૭૫

કર્ણ પ્રકર્ણ.

શુક્લ પક્ષ પ્રતિપદ થકી, જેવો જે તિથિ કર્ણ;
તો તે તિથી સુધી ગણી, બમણા અંક પ્રકર્ણ. ૨૯૭૬
એક બાદ તેહુમાં થકી, કરી સપ્તથી ભાગ;
શેષ રહે તે કર્ણછે, દિવસ રાત્રિ બે યાગ. ૨૯૭૭

ભદ્રાવિચાર.

શુક્લ પક્ષ તિથિ આદિમાં, આઠમ પૂનમ સંત;
ચતુર્થિ એકાદશિ વિષે, ભદ્રા તિથિનો અંત. ૨૯૭૮
કૃષ્ણ પક્ષ પાછળ રહે, ત્રીજ દશમ તિથિ જેમ;
પ્હેલે ચૌદશ સપ્તમી, ભદ્રા વાસજ હોમ. ૨૯૭૯

ભદ્રા સ્થાન.

વૃશ્ચિક સિંહ સુ મીન ઘટ, ભદ્રા પૃથ્વી વાસ;
અજ વૃષ કર્ક મકર સ્વરગ, શેષ પતાળ નિવાસ. ૨૯૮૦

ભદ્રાસ્વરૂપ ફળ સહિત.

ભદ્રા રવિ ગુરૂ દેવતા, સોમ શુક્ર માનુષ્ય;
શનિ મંગલ પક્ષિ કહે, બુધ ખર જાણતું મુખ્ય. ૨૯૮૧
દેવ કાર્યપૂરે સદા, મનુષ્ય સુખદ સમેત;
પક્ષી કાર્ય વિલંબતા, ખર અતિ અશુભજ દેત. ૨૯૮૨

ભદ્રાદિશા વાસ અને નામ વિચાર.

પૂર્વાદિક દિશિમાં વસે, કહું સંખ્યા તિથિ ત્યાંહ;
૧૪ ૯ ૭ ૧૫ ૪ ૧૦ ૧૧
ઈન્દ્ર નાગ નગ તિથિ નિગમ, દિશા રુદ્ર ગણ ત્યાંહ. ૨૯૮૩

Scanned with CamScanner

ભદ્રા હંસી નંદિની, મિશ્રી સુમુખી વામ ;
વણી કરાણી વૈષ્ણવી, રૌદ્રી દુરમુખિ નામ. ૨૯૮૪

ભદ્રામાં કર્તવ્યકાર્ય.

નૃપ દર્શન વળિ યુદ્ધ ભય, નદી તરણ વિષ કામ ;
મારણ બન્ધન વનગવન, ઋતુસ્નાન રતિ વામ. ૨૯૮૫
સંકટ વૈદ્ય ગૃહ તેડવે, ઉચ્ચાટન પશુ કાંજ ;
ભદ્રામાંહ્ય કિધે સુખદ, કહે સકળ દ્વિજરાજ. ૨૯૮૬

યોગિની વિચાર.

પડવે નોમે યોગિણી, પૂર્વ ચઢી ગજ લક્ષ ;
ત્રિજ અગિયારશ અગ્નિખુણ, વાહન અજ પ્રત્યક્ષ. ૨૯૮૭
પાંચમ તેરશ વ્યાઘ્ર ચઢિ, દક્ષિણ દિશિમાં વાસ ;
ચોથ દ્વાદશી ખર ચઢી, નૈઋત્ય કરે નિવાસ. ૨૯૮૮
પષ્ઠી ચૌદશ પશ્ચિમે, વૃષભ સુવાહન સાજિ ;
પૂનમ સપ્તમિ સાંઢણી, વાયવ્ય દિશિ વિરાજી. ૨૯૮૯
બીજ સુદશમી ઉત્તરે, અશ્વવાહિની માન ;
અષ્ટમિ અમાસ બેદિવસ, શ્વાન વાહિની ઈશાન. ૨૯૯૦
પ્રાગ્રે પૃષ્ટે યોગિણી, સુખ સંપત્તિ.સુનાણ ;
દ્રવ્ય નસાડે દક્ષિણે, સન્મુખ લેતી પ્રાણ. ૨૯૯૧

કાલ વિચાર.

રવિ ઉત્તર વાયવ્ય શશિ, ભોમ પ્રતીચિ પ્રમાણ ;
બુધ નૈઋત્ય દક્ષિણ ગુરૂ, શુક્ર અગ્નિ ઉર આણ. ૨૯૯૨
શની પૂર્વ દિશિમાં કહે, સાતવાર દિશ સાત ;
કાળ દક્ષિણે શુભભદ્રા, સન્મુખ અતિ ઉત્પાત ૨૯૯૩

તારા વિચાર.

જન્મસુ સંપત્તિ વિપતિ, ક્ષેમ પાપ શુભ હોય ;
કષ્ટ મિત્ર અતિ મિત્ર એ, નવ તારા પ્રિય જોય. ૨૯૯૪

Scanned with CamScanner

જન્મ વિપત્તિ કષ્ટ વળિ, જે દિન તારા પાપ ;
તેદિન શુભ કારજ કર્યે, થાય મહા સંતાપ. ૨૯૯૫
જન્મ નક્ષત્રથિ લઇ ગણો, કાર્ય નક્ષત્ર પ્રમાણ ;
ભાગ લઇ નવથી પછી, બચે સુતારા જાણ. ૨૯૯૬

વાહન વિચાર.

જન્મ નક્ષત્ર કરિ ચોગણું, વળિ મેળવ તિથિવાર ;
ભાગ લઇ નવથી બચે, વાહન તેહ વિચાર. ૨૯૯૭
ખર તુરંગ હસ્તી કહે, મેષ શૃંગાલજ હોય ;
સિંહ કાક જે ગોર વળિ, હંસ નવે ક્રમ સોય. ૨૯૯૮

અભિજિત મુહુર્ત શંકુયાત્રા વિધિ.

નખ ગોડશને પંચદશ, ચૌદ તોર તું માન ;
બાર બાર શુભ સૂર્યથી, છાયા શંકુ સમાન. ૨૯૯૯
આલે સ્વર પદ પ્રથમ ધરિ, ગવન કરે જે કોય ;
વિઘ્ન ન આવે નિકટ કહું, સિદ્ધ કાર્ય સૌ હોય. ૩૦૦૦

શુક્ર વિચાર.

આગ જતાં વિપદા પડે, તીર્થાટનમાં મર્ન ;
વિવાહ દોષ ન શુક્રનો, કહે સકલ ધીમાન. ૩૦૦૧

શુક્રદોષ નિવારણ.

રેવતિથી મૃગશિર્ષ લગિ, શુક્ર અંધ જવ હોય ;
તપ કરતા જન કાર્ય શુભ, તહેને દોષ ન કોય. ૩૦૦૨

સંક્રાન્તિ વિચાર.

યાત્રા શુભ અતિ દુરની, કરવિ ચાલ નર જોઇ ;
ગોપ સિંહ ધનની સદા, સંક્રાન્તી શુભ કોઇ. ૩૦૦૩

શુભ યાત્રિક નક્ષત્ર.

અશ્વિનિ પુષ્ય પુનરવસૂ, હસ્ત ધનેષ્ટા જાણ ;

Scanned with CamSca

શ્રવણ ત્રિત્ર મૃગશિર નવમું, રેવતિ શુભ ક્રિર આણ. ૩૦૦૪

મધ્યમ યાત્રિક નક્ષત્ર.

મૂળ રોહિણી શતભિષા, ત્રણ ઉત્તરા સુજાણ ;
વળિ પૂર્વા જ્યેષ્ઠા સહિત, મધ્યમ ગમન વખાણ. ૩૦૦૫

યાત્રા વર્જિત નક્ષત્ર.

અશ્લેષા આર્દ્રા મઘા, સ્વાતિ કૃતિકા રાજ ;
ભરણી ચિત્રા વિશાખા, આઠ વર્જ યાત્રાજ. ૩૦૦૬

યાત્રા સમય લગ્ન વિચાર.

દક્ષિણ સન્મુખ લગ્નતે, કરે સિદ્ધ સૌ કાજ ;
વાંમે મધ્યમ જાણિયે, પૃષ્ટે કરે અકાજ. ૩૦૦૭
જો ન લગ્નમાં રવિ તણે, તહેનો કરવું વિચાર ;
પૂર્વ અગ્નિ દિશિ ચાલતા, તે થાયે અતિખ્વાર. ૩૦૦૮

ચંદ્રલગ્ન ઇત્યાદિ ગુણ.

તિથી એક ચોગુણ નક્ષત્ર, વાર આઠ ગુણ જાણ ;
સોળ ગૂણછે કર્ણના, બત્રિશ યોગ વખાણ. ૩૦૦૯
શત શશિ તારા સાહછે, લગ્ન સહસ્ત્ર સુજોય ;
એયકિ યાત્રાને વિષે, લગ્ન ચંદ્ર મુખ હોય. ૩૦૧૦

દ્વાદશરાશી ચંદ્રઘાત.

૧ ૫ ૯ ૨ ૬ ૧૦ ૩ ૭ ૪ ૮ ૧૧ ૧૨
રાશિ શર નવ દ્વી ૭ દશ ગુણ, મુનિ કૃળ વસુ હર ભાનુ ;
મેષાદિક ક્રમથી ગણો, ઘાત ચંદ્ર જાન માનુ. ૩૦૧૧

સ્ત્રી ચંદ્રઘાત.

૧ ૮ ૭
મેષાદિક સ્ત્રી રાશિનો, ચંદ્ર જન્મ વસુ સાત ;
૯ ૬ ૩ ૪ ૨ ૧૦ ૧૧ ૫ ૧૨
નંદ શાસ્ત્ર ત્રણ વેદ છે, દશ શિવ શર રવિ ઘાત. ૩૦૧૨

Scanned with CamScanner

યાત્રા સમય શુભા શુભ ચંદ્ર.

સન્મુખ લાભજ ચંદ્રમા, દક્ષિણ શુભ સુખ જાણ ;
પૃષ્ટ શોક સંતાપ કર, વામ ધનક્ષય પ્રમાણ. ૩૦૧૩
બીજે ત્રીજે પાંચમો, સપ્તમ દશમો જેય ;
એકાદશછે શુભ વળી, મધ્યમ નેટજ હોય. ૩૦૧૪
પષ્ટ જન્મ ને નવમ એ, મધ્યમ જાણ સુરીતિ ;
અષ્ટમ ચતુર્થ બારમો, સર્વ રાશિને ભીતિ. ૩૦૧૫

બારમા ચંદ્ર આટલે ઠેકાણે શુભ.

ગર્ભાધાન સુપતિલક, વ્રતારમ્ભ ઉપવીત ;
વિવાહ સહ રાશિ બારમો, મુનિજન ગણે પુનીત. ૩૦૧૬

યાત્રાથી ઘેર જતાં શુભાશુભ નક્ષત્રાદિ જાણવા દીપચક્ર.

અ.	૨.	ધ.	ચં.	અર્થ લાભ.	ધર્મ.	અર્થ.	કામ.	મોક્ષ.
અ.	૨.	કા.	ચં.	કાર્યસિદ્ધિ.	અ.	બ	કૃ.	રો.
અ.	૨.	મો.	ચં.	ગજભૂમિલાભ.	પુ.	પુ.	આ.	મૃ.
અ.	૨.	અ.	ચં.	હાની.	અશ્લે.	મ.	પૂ.	ઉ.
ધ.	૨.	અ.	ચં.	કુશલ.	વિ.	સ્વા.	ચિ.	હ.
ધ.	૨.	કા.	ચં.	વિગ્રહ.	અ.	જ્યે.	મૂ.	પૂ.
ધ.	૨.	મો.	ચં.	ગજશ્વાદિલાભ.	ધ.	અ.	શ્ર.	ઉ
ધ.	૨.	ધ.	ચં.	સામ્ય.	રા.	પૂ.	ઉ.	રે.
ધ.	૨.	મો.	ચં.					

Scanned with CamScanner

વ્યતીપાત યમ વૈધૃતજ, વિષ્ટિ ઘાત ત્રિજરાજ ;
ત્યાગ વિપ્રથી જાણિને, કર પ્રવેશ શુભ સાજ. ૩૦૧૮
અશુભ અર્ક કુજ ઋક્ષ શુભ, ચિત્રા રોહિણિ હોય ;
મૈત્ર ઉત્તરા ત્રણસુ મૃગ; રેવતિ જોતિષિ જોય. ૩૦૧૯
મધ્યમ અભિજિત શતભિષા, હસ્ત અશ્વિની જાણું ;
સ્વાતિ પુષ્ય ને શ્રવણુમાં, ફરિથી થાય પ્રયાણ. ૩૦૨૦
શેષ બચ્યાં તે સૌ અશુભ, લગ્ન સ્થીર શુભ જાણુ ;
દ્વિસ્વભાવ મધ્યમ ગણે, ચર અતિ અશુભ પ્રમાણું. ૩૦૨૧
લગ્ન શુદ્ધ વળિ ચંદ્રબળ, જોઈ વિચારે ફેર ;
ગયન ઋક્ષ જો લગ્નમાં, તે પ્હોંચે નહિ ઘેર. ૩૦૨૨
પરસ્થળ નિજ ગૃહથી જવે, માસ નવમ દિન નેષ્ટ ;
પ્હોંચે તેમ નપ્હોંચિયે, પ્હોંચે હોય ન શ્રેષ્ટ. ૩૦૨૩

ચંદ્ર અંગ વાસ સ્થાન.

લગ્ને[1] ત્રીજે પાંચમે, ચંદ્ર વાસ ગણુ શીર ;
બીજે સપ્તમ ઉરવિષે, દશમ રૂદ્ર કર ધીરણ. ૩૦૨૪
શિર ઉર કર ત્રણ શુભ કહે, પદ્ નવ મધ્યમ પૃષ્ટ ;
અષ્ટમ ચતુર્થ દ્વાદશે, ચરણ વિશેષ નિકિષ્ટ. ૩૦૨૫

ચંદ્રત્રિલોક વાસ.

તિથી પંચગુણિ ચંદ્રની, જે ગત રાશિ મિલાવ ;
ત્રણથી ભાગ લધ જુઓ, બચે સુ સ્થાન ગણાવ. ૩૦૨૬
મૃગ પતાલ શશિ સ્વર્ગમાં, શુન્યે મૃત્યુ લોક ;
સ્વર્ગ મૃત્યુ શુભ જાણુવા, જો પતાળ તજ શોક. ૩૦૨૭

ચંદ્રવર્ણ વિચાર.

મેષ સુ વૃશ્ચિક સિંહ શશિ, રક્ત યુદ્ધ કર લોય ;
વૃષભ તુલાને કર્ક શશિ, શ્વેત સિદ્ધિને જોય. ૩૦૨૮
મિથુન મીન ધન પીત શશિ, તે લક્ષ્મી દાતાર ;
કન્યા કુમ્ભ મકર શશી, કૃષ્ણ મૃત્યુ દેનાર. ૩૦૨૯

ચંદ્રક્ષીણ પુષ્ટ.

વદ પંચમિથી યાય શશિ, શુદ્ધ પંચમિ લગિ ક્ષીણ ;
તારા બળ તવ લીજિયે, કહે જ્યોતિશિ પ્રવીણ. ૩૦૩૦

પૂર્વાદિક દિશાના યાત્રિક નક્ષત્ર ઇત્યાદિ.

પૂર્વ અગ્નિ દિશિ ચલણની, તિથિશુભ કરો પ્રયાણ ;
દશમી દ્વિતિયા પંચમી, સપ્તમિ તેરશ જાણ. ૩૦૩૧
રવિ કુજ ગુરૂ ભૃગુ વાર એ, કહ્યું રુક્ષ શુભ લેખ ;
કૃત્તિ અશ્વિનિ પ્રથમાર્ધપ્રિય, મૃગ મુખનેટા પેખ. ૩૦૩૨

એનો દિશા શૂલ.

દિશા શૂલ શનિ સોમછે, નવમી પડવે જાણ ;
જ્યેષ્ણ ભરણી શ્રવણુએ, પૂર્વ અગ્નિ તું પ્રમાણ. ૩૦૩૩

દક્ષિણ નૈઋત્યના યાત્રિક નક્ષત્ર.

દ્વિતિયા દશમી સપ્તમી, શુક્ર ચંદ્ર કુજ મંદ ;
હસ્ત શ્રવણ મૃગ પુનરવસુ, દ્વિપદ યાગ્ય સુખકંદ. ૩૦૩૪

એનો દિશા શૂલ.

તેરસ પડવો પંચમી, સુરગુરુવાર વિચાર ;
અશ્વિનિ પંચક સકળ એ, દિશા શૂલ નિર્ધાર. ૩૦૩૫

પશ્ચિમ વાયવ્યના યાત્રિક નક્ષત્ર.

પશ્ચિમ વાયવ્ય ખુણના, દ્વિતિયા ત્રીજ વખાણ ;
દશમ ઇકાદશિ પંચમી, તેરશ એ તિથિ જાણ. ૩૦૩૬
સોમ શુક્ર ગુરૂવારને, મૃગશિર અર્ધ પવિત્ર ;
અનુરાધા ધનિષ્ઠાએ, શુભ કારક સુણ મિત્ર. ૩૦૩૭

એનો દિશા શૂલ.

પષ્ઠિ ચતુર્દશિ બોમ રવિ, અશ્વિનિ પુષ્ય વિચાર ;
પશ્ચિમ વાવ્ય દિશા તણો, દિશાશૂલ ઉર ધાર. ૩૦૩૮

Scanned with CamScanner

ઉત્તર ઇશાનના યાત્રિક નક્ષત્ર.

ત્રીજ ઇકાદશિ પંચમી, સપ્તમિ તેરસ લેખ ;
સુરગુરુ કવિ શનિવારને, જ્યોતિષિ અશ્વિનિ પેખ. ૩૦૩૯

એનો દિશા શૂલ.

મૈત્ર પુષ્ય પૂષા ઈતી, પરદલ શુભ સુણ શૂલ;
રવિકુજ બુધ દ્વે સપ્તમી, હસ્ત ઉફા પ્રતિકૂલ. ૩૦૪૦

સપ્તવારના દિશાશૂલ નિવારણ.

પાન ખાય દર્પણ જુએ, મૂળો મધ સહ ચાર ;
દહિં મરિ વળિ તલ તેલ એ, ક્રમે વાર ઉપચાર. ૩૦૪૧

મધ્યાનોત્તર નિર્દોષ.

વ્યતીપાત વૈધૃત વળી, જન્મ નક્ષત્ર કુજ વિષ્ટ ;
પરતરિ તારા ષષ્ટ એ, મધ્યાનોત્તર શિષ્ટ. ૩૦૪૨

યાત્રા સમય મુહૂર્તાદિચતુર મત્ત.

પ્રથમ મુહૂર્ત શકુન અને, મનોત્સાહ દ્વિજ વાક ;
ઉત્તર ઉત્તર એ પ્રબળ, મુની ચારની હાક. ૩૦૪૩
ભરદ્વાજ ગુરુ અંગિરા, જનાર્દન સહિત ચાર ;
મુહૂર્તાદિ ક્રમથી કહ્યા, બુદ્ધિમંત નિર્ધાર. ૩૦૪૪

ચતુરવર્ણની પ્રસ્થાન વસ્તુ.

બ્રાહ્મણને ઉપવિત્તશુભ, આયુધ ક્ષત્રિય જાણ ;
વૈસ્યે ભૂષણ મૂકવૂં, શુદ્ર સુવસ્ત્ર વખાણ. ૩૦૪૫

દિનઈષ્ટકાલ વિચાર.

શંકૂ આંગળ ત્રણતણી, છાયા શંકુ ભેળ ;
ચોસેઠે ભાગી ધરો, ઇષ્ટકાલનો મેળ. ૩૦૪૬
લબ્ધ ઘટી પછિ શેષને, સાઠગણી કરિ દેય ;
પછિ ત્રણથી ભાગી કરી, લબ્ધ પલા ગણિ લેય. ૩૦૪૭
ગત ઘટિકા મધ્યાનની, અંદર ઊપર શેષ ;
ઇષ્ટકાલ સૂર્યાશ ગણિ, જાણો લગ્ન વિશેષ. ૩૦૪૮

Scanned with CamSca

રાત્રી નક્ષત્ર ઉદય વિચાર.

વિષાખ જ્યેષ્ઠા રેવતી, અશ્લેષા પુષ્ય મિત્ર;
મસ્તક ઊપર હોયતો, અષ્ટમ ઉદય પવિત્ર. ૩૦૪૯
મૂલ મૃગશિર્ષજ્ઞ શિર્ષપર. નવમ ઉદય તવ જાણ;
શેષભાંખ સપ્તમ ગણે, એરિત ઉદય પ્રમાણ. ૩૦૫૦

પંચક ક્ષેદ.

અંત ધનેષા અર્ધથી, અવર નક્ષત્ર ગણ વેપ;
પંચક તેહને જાણિયે, કરતાં કાર્ય નિષેધ. ૩૦૫૧

પંચક વર્જિત કાર્ય.

વસ્ત્ર ધોવું નહિં કાષ્ટ તણ, સિંચન મૃત્તક દાહ;
પર્યંક ભરણ દક્ષિણે, ભૂલિ ચાલવું ન રાહ. ૩૦૫૨

અંથાંતરે દિનમાન રાત્રિમાન જાણવાની રીત.

કર્ક સંક્રમણથી ગણે, મકર સંક્રમણ સાર;
તેમ મકરથી કર્ક લગિ, પટ્ટ પટ્ટ માસ વિચાર. ૩૦૫૩
વળિ જે દિવસ તણું મહે, દીનમાન તે દીન;
ત્યાં લગિ તે સંક્રમણથી, ગણતા જ્યોતિષિ ચીન. ૩૦૫૪
ઓકંદર સંક્રમણથી, ગણી દિવસ શુભ રીત;
ત્રણથી ગુણવા તેહને, આવે અંક અચીત. ૩૦૫૫
પંદરસેં ત્રિશ તેહમાં, મેળવ અંક સુજાણ;
પછી સાઠથી ભાગવા, શેષમાન ઉરઆણ. ૩૦૫૬
કર્કથી રાત્રીમાનને, મકર થકી દિન માન;
ગણિત ભેદ દિન રાત્રિનો, દલપતિ દે સનમાન. ૩૦૫૭

દિવસ કેટલો ચહુડયો તે જાણવાની રીત.

પોતાની છાયા ગણે, પગલાં થકી પ્રમાણ;
તે પગલાંના અંકમાં, સાત મેળવિ સુજાણ. ૩૦૫૮
ભેપ સંક્રમણથી ગણે, કન્યા સુધી સુઅંક;
ગણતા ક્ષેપક અંકતે, સંજ્ઞા ઇન્દુ નિશંક. ૩૦૫૯

Scanned with CamScanner

બાદકરી તે એકને, ઔરત જાણો સાર ;
આગળ તુલાથિ મીન લગિ, જૂદા ક્ષેપક ધાર. ૩૦૬૦
ત્રણ તુલાજ વૃશ્ચિક ચતુર, ધન મકર તણા પાંચ ;
કુમ્ભ ચાર ને મીન ત્રણ, એ રિત ક્ષેપક આંચ. ૩૦૬૧
જાણી બાદ-કરો ગુણી, રહ્યા અંક જે સાર ;
તેહ નિરાળા રાખવા, આગળ કહું વિચાર. ૩૦૬૨
દિન દળ પંદરને ગુણો, સાતથિ આવે યાગ ;
તેહ એકસો પાંચને, પદાંક ઉપલે ભાગ. ૩૦૬૩
આવે જે ભાગાંક તે, ઘટિકા ગણતા નેક ;
પુર્વાર્ધે ઘટિકા દિવસ, ચ્હડતો જાણ વિશેક. ૩૦૬૪
ઉત્તરાર્ધે ઘટિકા ગણો, વીત્યો કાળ વિચાર ;
ઔરિત કાલ વિચારવા, કર્યો ગણિત વ્યવહાર. ૩૦૬૫

રાત્રી માન જાણવાની રીત.

રાત્રી મધ્યે આવતાં, તે નક્ષત્ર ગણ સાર ;
સૂર્ય નક્ષત્રથિ લે કરી, આપે જેહ સુમાર. ૩૦૬૬
સાત બાદ તે ભાંખ્યથી, રહ્યા શેષ જે અંક ;
વિંશ થકી ગુણિ નવ થકી, ભાગ જ્યોતિષિ નિશંક. ૩૦૬૭
શેષ રહ્યા સંખ્યાંકતે, ભાગ્યં રાત્રિ ઉરઆણ ;
દલપતિરામ વિચારશે, ઔરિત શાસ્ત્ર સુજાણ. ૩૦૬૮

ચંદ્ર ગ્રહણ વ્યાખ્યા.

સૂર્યનક્ષત્રથિ પંચ દશ, શશિ નક્ષત્રજ ખાસ ;
પૌર્ણિમાવિતી શેષરહિ, રાત્રી તોજ તપાસ. ૩૦૬૯
ચંદ્ર ગ્રહણ તે રાત્રિયે, જ્યોતિષિ જાણે સાર ;
ઔરિત ચંદ્રગ્રહણની, વ્યાખ્યા સ્પષ્ટ વિચાર. ૩૦૭૦

સૂર્ય ગ્રહણ વ્યાખ્યા.

સકળ માસનિ અમાસને, દિવસે એકજ રાશિ ;
ભાંખ આવતા સૂર્ય શશિ, જ્યોતિષિ કહે પ્રકાશિ. ૩૦૭૧
પરન્તુ ગ્રહણ સમય દિવસ, એક નક્ષત્રે આવિ ;
અમાવાસ્ય તિથિ દિવસ જો, શેષ રહે દર્શાવિ. ૩૦૭૨

Scanned with CamScanner

સૂર્ય ગ્રહણ સંધી પ્રકટ, રીત વિશેષ વિચાર;
વળી ચંદ્ર નક્ષત્રથી, સૂર્ય નક્ષત્રજ ધાર. ૩૦૭૩
ગણી અંક તે માંહ્યથી, બાદેકાદશ અંક;
શેષ ષોડશજ સૂર્યનૂં, તવ ત્યાં ગ્રહણ નિશંક. ૩૦૭૪

સ્ત્રીને નવાં આભૂષણ પ્હેરવાનાં નક્ષત્ર.

સ્વાતિ વિશાખા રેવતી, અનુરાધા સહ ચાર;
હસ્ત ધનેષ્ઠા અશ્વિની, ચિત્રા અષ્ટધિકાર. ૩૦૭૫

પુરૂષા ભૂષણ પ્હેરવાના નક્ષત્ર.

આઠ કહ્યાં જે નારિનાં, તે સૌ ગણવાં સાર;
ત્રણ ઉત્તરાસુ રોહિણી, પુષ્ય પુનર્વસુ ધાર. ૩૦૭૬

નવિન વસ્ત્ર પ્હેરવાનાં શુભા શુભ નક્ષત્ર ચક્ર.

અ.	બહુ વસ્ત્ર પ્રાપ્તી.	મ.	મૃત્યુ.	મૂ.	સર્વદા આદર.
ભ.	વસ્ત્ર નાશ.	પૂ.	રાજભય.	પૂ.	રોગ પ્રાપ્તિ.
કૃ.	વસ્ત્ર અગ્નિ ભય.	ઉ.	દ્રવ્ય લાભ.	ઉ.	મિષ્ટાન્ન પ્રાપ્તિ
રો.	દ્રવ્ય લાભ.	હ.	કાર્ય સિદ્ધિ.	શ્ર.	નયન રોગ
મૃ	મુષક ભક્ષ.	ચિ.	અગ્નિથી મૃત્યુ.	ધ.	ધાન્ય પ્રાપ્તિ.
આ.	મૃત્યુ.	સ્વા.	મિષ્ટાન્ન પ્રાપ્તિ.	શ.	વિષ ભય.
પુ.	દ્રવ્ય લાભ.	વિ.	લોક વલ્લભ.	પૂ.	જલ ભય.
પુ.	દ્રવ્ય લાભ.	અ.	મિત્ર પ્રાપ્તિ.	ઉ.	દ્રવ્ય પ્રાપ્તિ.
અશ્લે.	વસ્ત્ર હાની.	જ્યે.	વસ્ત્ર હાની.	રે.	રત્ન લાભ.

ત્રિપુષ્કર યોગ.

ભદ્રાતિથિ વળિ ક્રૂરદિન, વિષમ રાશિ ઉડુઅંત;
યોગ ત્રિપુષ્કર લાભ વય, ત્રિગુણ કહે ગુણવંત. ૩૦૭૭

પર્યંક ભરાવવાને શુભા શુભ વિચાર.

પિતૃપક્ષ શ્રાવણ ભરણિ, પૌષ ભાદ્રપદ નેષ્ટ;
બુધ કુજ શનિ પંચક અશુભ, ભર પર્યંક નશ્રેષ્ઠ. ૩૦૭૮
દિત્તિ મૃગ અર્યમ પુષ્ય કરિ, ધાત્રિ વિશ્વ હય મિત્ર;
માસ શેષ દિન શુભ મહા, મધ્યમ ભ ગણ વિચિત્ર. ૩૦૭૯

Scanned with CamSca

દ્વાદશ રાશી નામ.

મેષ વૃષભ ને મિથુન પછિ, કર્ક સિંહ પ્રિય ચીન;
કન્યા તૂલા વૃશ્ચિકસુ, ધન મકર કુમ્ભ મીન. ૩૦૮૦
પ્રથમ શીષ મુખ બાહુ ઉર, ઉદર અને કટિ જાણુ;
વસન ગુહ્યને જાનુપછિ, જંઘ ચરણ ઉર આણુ. ૩૦૮૧
જે સ્થળ ક્રૂર કઠોર અહ, પડે કરે અતિ દુઃખ;
સૌમ્ય અહ સધળે સુગમ, અધિક વધારે સૂખ. ૩૦૮૨

દ્વાદશ રાશી વર્ણ.

રક્ત શ્વેત ને હરિત વળિ, પાટલ પાન્ડુ વિચિત્ર;
કૃષ્ણ પિત્ત પિંગલ કર્બુર, બજુ સ્વરુપ પ્રિયમિત્ર. ૩૦૮૩
મેષાદિકના રંગ શુભ, દ્વાદશ વિધિ ઉર આણુ;
ચરસ્થિર વળિ દ્વિસ્વભાવનાં, એકેક કર્મ જાણુ. ૩૦૮૪
ચરસ્થિર વળિ દ્વિસ્વભાવ શુભ, અશુભ જાણુવા નેક;
મેષાદિકમે જ્યોતિષી, કહેતા એહ વિશેક. ૩૦૮૫

લગ્ન સ્ત્રી પુરૂષ.

મેષ મિથુન ને સિંહ ધન, તુલા કુમ્ભ નર જાણુ;
વૃષભ કર્ક કન્યા મકર, વૃશ્ચિક મિન સ્ત્રિ વખાણુ. ૩૦૮૬

લગ્ન વાસ સ્થાન.

મેષ પૂર્વ દક્ષિણ વૃષભ, મિથુન સુપશ્ચિમ લેખ;
કર્ક ઉત્તરે સમજિયે, અવર એહકમ પેખ. ૩૩૮૭

કાશ્યાં લગ્ન પ્રમાણ.

મેષ મીનની ત્રણ ઘટી, પલ પાકતાલિસ જાણુ;
ચાર ઘટીને તેર પલ, વૃષભ કુમ્ભનિ પ્રમાણુ. ૩૦૮૮
મિથુન મકરની જાણિયે, ઘટીપાંચ પલ ચાર;
કર્ક સુધનની પાંચ ઘટિ, ચાળિસ પલ પ્રિય ધાર. ૩૦૮૯
સિંહસુ વૃશ્ચિક પાંચ ઘટિ, પિસ્તાળિસ પલ સાર;
પાંચ ઘટી પાંત્રીશ પલ, કન્યા તુલા વિચાર. ૩૦૯૦

Scanned with CamSca

લગ્ન સ્વરૂપ.

મેષ વૃષભ મૃગપતિ બધે, અર્ધસુ ધનનો અંત ;
અર્ધ મકર પદ પ્રથમ દ્વે, ચાર પાદ ગુણવંત. ૩૦૯૧
કુમ્ભ મીન સર્વાંગ વળિ, મકર સાર્ધ જળ જંત ;
વૃશ્ચિક કર્ક ઉભય ભણે, અગ્નિચિંતસુ ધિમંત. ૩૦૯૨
તુલા મિથુન કન્યા સુધન, અંગ અર્ધજ ગણંત ;
નર સ્વરૂપ ઉરમાં ધરો, જેહ ધરે સૌ સંત. ૩૦૯૩

લગ્ન સ્વભાવ.

લગ્ન મેષ ધન સિંહ એ, ત્રણછે અગ્નિ સ્વભાવ ;
વૃષભ મકર કન્યા તણો, ગુણિજન ક્ષિતિનો ભાવ. ૩૦૯૪
મિથુન તુલાને કુમ્ભની, પ્રકૃતિ વાયુ સુવિચાર ;
મીન કર્ક વૃશ્ચિક તણો, નીર નિપુણ નિર્ધાર. ૩૦૯૫

લગ્ન સબલ.

સૌમ્ય ગૃહ જ્હેને ગણે, કે ત્હેમાં તે હોય ;
નિશ્ચય કરિને જાણિયે, સબળ લગ્ન તે સોહ્ય. ૩૦૯૬
પ્હેલા ઘરમાં નર લગન, સપ્તમ અગ્નિ સ્વભાવ ;
દશમે ઘર ચોપદ સબળ, ચોથે નીર બતાવ. ૩૦૯૭
રાત્રિ લગ્ન ચોપદ સબળ, અગ્નિ સ્વભાવનિ સાંઝ ;
જેહનિ જળની પ્રકૃતિ તે, સબળ સકાળામાંઝ. ૩૦૯૮

લગ્નોદય વિચાર.

મકર મેષ વૃષ કર્ક ધન, ઉદય પૃષ્ઠથી આશ ;
લગ્ન પંચ સુખ સંચ હિત, જોતિષિ ગણિત પ્રકાશ. ૩૦૯૯
મિથુન સિંહ કન્યા તુલા, વૃશ્ચિક કુમ્ભ ષટ્ લેખ ;
રાત્ર દિવસ આકાશમાં, ઉદય શીર્ષથી પેખ. ૩૧૦૦
ઉદય મીન ઉભયોદયજ, બે બાજુ થકી લક્ષ ;
ગ્રંથકાર જ્યોતિષ વિષે, સંજ્ઞા કહિ પ્રત્યક્ષ. ૩૧૦૧
મિથુન વિના શિર્ષોદયસુ, કહિ દિવસે બળવાન ;
એ શિવાય રાશી સકળ, નિશિયે બળિ સન્માન. ૩૧૦૨

Scanned with CamSca

અહ રાશિ જ્ઞાન.

અશ્વિનિ ભરણી કૃત્તિકા, પાયે મેષ ગણાય ;
ત્રણપદ કૃત્તિકા રોહિણી, મૃગાર્ધ વૃષભ ભણાય. ૩૧૦૩
મૃગશિરાર્ધ આર્દ્રા અને, પુનર્વસુ ત્રણ પાદ ;
મિથુન જાણ વળિ પુનર્વસુ, તણો ગણે ૪૬ પાદ ૩૧૦૪
પુષ્યાશ્લેષા-તે કરક, મઘા પૂર્વફાલ્ગૂન ;
ઉત્તરા પાયે સિંહ વળિ, ત્રણ ઉત્તરા નમૂન. ૩૧૦૫
હસ્ત ચિત્રાર્ધ કહી સુગમ, કન્યા વળી વિચાર ;
ચિત્રાર્ધ સ્વાતિ વિશાખા, પાદ ત્રણ તુલા સાર. ૩૧૦૬
વિશાખ પાદમુ એકને, અનુરાધા ઉર આણ ;
જ્યેષ્ઠાન્તે વૃશ્ચિક લહો, વળી મૂળમુ પ્રમાણ. ૩૧૦૭
પૂર્વા પાઢા ઉત્તરા, પાયે ધન શુભ લેખ ;
ઉત્તરા પાદ ત્રણ શ્રવણ, ધનેષ્ટાર્ધ મકર પેખ. ૩૧૦૮
ધનેષ્ટાર્ધને શતભિષા, પૂર્વાભાદ્રપદ જાણ ;
ત્રણ પાદાંતે કુમ્ભ વળિ, મીન વિશેષ વખાણ. ૩૧૦૯
પૂર્વાભાદ્રપદ એકપદ, ઉત્તરાભાદ્રપદ પૂર્ણ ;
રેવત્યા-તે મીન સહ, ગૃહરાશી સમ્પૂર્ણ. ૩૧૧૦

સ્પષ્ટ રાશી જ્ઞાન.

ચોપાઇ.

ચૂચે ચોલા અશ્વિનિ જાણ, લીલૂ લેલો ભરણિ વખાણ ;
આ ઈ ઊ એ કૃત્તિકા લેખ, ઓવા વીવૂ રોહિણિ પેખ. ૩૧૧૧
વે વો કટી મૃગશિર્ષ પ્રમાણ, કૂ ઘ ઙ. છ આર્દ્રા એ ધાણ ;
કે કો હિ સુપુનરવસુ નેક, હુ હે હો ડા પુષ્ય વિશેક. ૩૧૧૨
ડી ડૂ ડે ડો શ્લેષા સાર, મિ મૂમે પ્રિય મઘા વિચાર ;
મોટા ટીટૂ પૂર્વા ફાલ્ગુની, ટેટો પપિ ઉત્તરાફાલ્ગુની. ૩૧૧૩
પુપણ ઠ હરતે જ્યે નિર્ધાર, પેપો રારી ચિત્રા ધાર ;
રે રે રોતા સ્વાતિ સુજાણ, તીતૂ તે તો વિશાખ જાણ. ૩૧૧૪
નની નૂને અનુરાધા લેખ, નોયા યીયૂ જ્યેષ્ઠા પેખ ;
યેયો ભભી મૂલ નક્ષિંરાઢ, ભૂધા ફાઢા પૂર્વા પાઢ. ૩૧૧૫

Scanned with CamSca

બે બો જ જી ઉત્તરાષાઢ, ભૂજે જોય અભિજિત નક્ષિ રાઢ ;
ખી ખૂ ખે ગો શ્રવણ વિચાર, ગં ગી ગૂગે જ ધનેષા સાર. ૩૧૧
ગો સ સી સૂ શતભિષા વખાણ. દલપતિ જો શુભ રીત પ્રમાણ ;
સે સો દદિ પૂર્વા ભાદ્રપદા, ઝ્ઞાઞ જ ઉત્તરાભાદ્રપદા. ૩૧૧૭
દેદો ચચી રેવતી સુજાણ, અષ્ટવિંશ નક્ષત્ર પ્રમાણ ;
નક્ષત્ર નામ અક્ષર સાર, દલપતિ રપષ્ટ રાશિ ઉરધાર. ૩૧૧૮

પુનઃ નષ્ટ રાશિ જ્ઞાન.

મનહર છંદ.

પ્રયગેજ આલા મેશ ઉણા વૃષ જાણિ લીજે,
કાછા છે મિથુન ડાઢા કરક વખાણિયે.
મોટા સિંહ પાઢા કન્યા રાતા તુલા જાણિ લેય,
નોપા કઢિ વૃશ્ચિકસ્તુ કવિ ઉર આણિયે ;
ભાષા પ્રાઢા ધન મન જોતિષિ વિચારિ જોઇ,
જાખા છેમકર ગોસા કુમ્ભ નેજ જાણિયે ;
દાચા દ્વયાગીન સુણિ લઇયે પ્રવીણ રાશી,
બાર નષ્યકી નામ, પંડિત પ્રમાણિયે ; ૩૧૧૯

નામ વિચાર.

દોહરા.

રણ વિવાદ સેવા વણજ, નામ રાશિ સુપ્રધાન ;
ગૃહ વિચાર સુવિવાહ વળિ, યાત્રા જન્મ તું માન. ૩૧૨૦.

દ્વાદશ ગ્રહ જન્મ કુન્ડલી નામ.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
તન ધન સહજ સુહૃદ સુસુત, રિપુ જાયા પછિ મૃત્ય ;
૯ ૧૦ ૧૧ ૧૨
ધર્મ કર્મ વળિ આયુ વ્યય, જન્મ કુન્ડલી કૃત્ય. ૩૧૨૧

પુનઃ કેન્દ્રાદિનામ સંજ્ઞા.

તન ચોથું સપ્તમ દશમ, ચતુર તું કેન્દ્ર વખાણ ;
પંચમ નવમું જે ભુવન, તેહત્રિકોણ સુજાણ. ૩૧૨૨

ત્રીજું અષ્ટ અગિયારમૂં, પદ્ દશમૂ ધર લેખિ ;
જ્હેને ઉપચય કહત કવિ, ગ્રંથાન્તર મત દેખિ. ૩૧૨૩
ત્રણ પદ્ નવમૂં બારમૂં, આપોદ્લીમ વખાણ ;
બીજું પાંચમૂં અષ્ટમૂં, અગિયારમું ફર જાણ. ૩૧૨૪
ચોથું આઠમૂં ઓહની, ચતુરસ્ર સંજ્ઞા લેખ ;
બીજું સાતમૂં ઓહટી, મારક સંજ્ઞા પેખ. ૩૧૨૫
વળિ બીજૂં ને બારમૂં, સંજ્ઞા નેત્ર વિચાર ;
પદ્સુ અષ્ટ દ્વાદશ તણી, ત્રિક સંજ્ઞા ચિતધાર. ૩૧૨૬

દ્વાદશ ગ્રહ જન્મ કુન્ડલી સ્પષ્ટ વિચાર.

પ્રથમ લગ્નથી જાણિયે, તનનો વર્ણ અનૂપ ;
આવરદાનો ભેદ વળિ, સુખ દુખ સઘળ સ્વરૂપ. ૩૧૨૭
બીજા ધરથી જાણિયે, ધનપ્રાપ્તિ અભિરામ ;
વળી વણજ કું વસ્તુનૂં, યત્ન કરે શુભ ધામ. ૩૧૨૮
ત્રીજે પરિજન દેશનો, ભાઇ ભગિની વિચાર ;
અને ચપળંતા શરતા, આકર ચરવાદાર. ૩૧૨૯
ચોથા ધરથી જાણિયે, ભેદ મિત્ર વળિ માત ;
બાગ ક્ષેત્ર વાહન અયન, જાણો સુખની વાત. ૩૧૩૦
પંચમ ધરથી જાણીયે, ભેદ ભાવ સન્તાન ;
ગર્ભ મંત્ર વાણી વિબુધ, વિદ્યા બુદ્ધિ મન ગાન. ૩૧૩૧
પષ્ટમ રિપુ ભય દષ્ટિ દુખ, ભ્રાત માત ગુણવાન ;
લડવું ગિન્નાદિક તણૂ, વળિ વરદાતા માન. ૩૧૩૨
સપ્તમ વાણિજ્ય વ્યાજ વળિ, લડવૂં રિપુથી જાણ ;
ફરિ વિદેશ સુખ આવવૂં, ઇચ્છા ફળ સ્ત્રિ વખાણ. ૩૧૩૩
અષ્ટમ ધરથી જાણિયે, જીવન મર્ણનિ આડ ;
ગૈ વસ્તુ જડવી ફરી, કરવી રિપુસૂં રાડ. ૩૧૩૪
નવમાં ગૃહથી જાણિયે, ધર્મ યત્ન વળિ દાન ;
મ્હેલાદિક બંધાવવાં, વળી જળાશય માન. ૩૧૩૫
દશમા ગૃહથી રાજ વિધિ, તાત ભેદ વળિ મિત્ર ;
સકળ વાત આકાશની, ગેહ વૃષ્ટિ સુપવિત્ર. ૩૧૩૬

Scanned with CamSca

એકાદશગૃહ લાભનું, વિદ્યા ભૂષણે ભાલ ;
હય હરતી ધન ધાન્ય વંળિ, આવરદા શુભ બાલ. ૩૧૩૭
દ્વાદશમું ગૃહ ખરચનું, બંદિ બેદપણુ જાણ ;
વળી કર્મ ખેતી સકળ, સુખ આનંદ વખાણ. ૩૧૩૮

નવગ્રહનામ.

સૂર્ય ચંદ્ર મંગળ અને, બુધ ગુરુ શુક્ર સુજાણ ;
શની રાહુ કેતુ મળી, નવગ્રહ નામ પ્રમાણ. ૩૧૩૯

ગ્રહરાશિસ્વામી.

મેષવૃશ્ચિક બોગપતિ, વૃષતુલ શુક્ર કરાવ ;
મિથુન કન્યા બુધ ધન, મીન ગુરૂ ચિત લાવ. ૩૧૪૦
મકર કુમ્ભ સ્વામીશની, સૂર્યસિંહ ચિતધાર ;
કર્કરાશિપતિ ચંદ્રમા, ઓરિત સ્વામિ વિચાર. ૩૧૪૧

ગ્રહવાસદિશા.

સૂર્ય વાસ દિશિ પૂર્વમાં, શુક્ર અગ્નિખુણ જાણ ;
દક્ષિણ દિશિ મંગલ વસે, નૈરુત્ય રાહુ પ્રમાણ. ૩૧૪૨
પશ્ચિમદિશિ શનિ જાણિયે, વાયવ્યે શશિવાસ ;
ઉત્તરદિશિમાં બુધવસે, ગુરૂ ઇશાન નિવાસ. ૩૧૪૩

ગ્રહસૌમ્ય ક્રૂર.

સૂર્ય શની મંગળ અને, રાહુ કેતુ ગ્રહક્રૂર ;
બુધ બૃહસ્પતિ શુક્ર વળિ, ચંદ્ર સૌમ્ય સુખપૂર. ૩૧૪૪

ગ્રહસ્ત્રીપુરૂષ નપુંસક.

રાહુ કેતુ ગુરુ ભોગ રવિ, પાંચ પુરૂષ વખાણ ;
શુક્ર ચંદ્ર નારીશની, બુધનપૂંસક જાણ. ૩૧૪૫

ગ્રહ જાતી.

વિપ્ર બૃહસ્પતિ શુક્રઓ, ક્ષત્રિભોગ રવિનેક ;
ચંદ્ર વૈશ બુધ શુદ્રછે, શનિ અંત્યજ સુવિશેક. ૩૧૪૬

ગ્રહરંગ.

રક્ત-શ્યામ શ્રીસૂર્ય વળિ, ગૌરચંદ્ર અભિરામ ;
રક્ત ગૌર મંગળ સમજ, બુધ દુર્વાદલ શ્યામ. ૩૧૪૭
ગૌરપીત ગુરૂ શ્વેત ભૃગુ, કૃષ્ણ શનિ ઉર જાણ ;
રાહુ રંગ કાળું સમજ, ધુમ્ર કેતુજ પ્રમાણ. ૩૧૪૮.

ગ્રહઅવસ્થા.

બુધશિશુ મંગલ તરૂણ રવિ, શુક મધ્યવય સાર ;
રવિ શનિ સુરગુરુ જાણવા, કવ્વૃદ્ધ સુખકાર. ૩૧૪૯
ચાર અવસ્થામા રહી, પોતાના ગુણ લેય ;
જન્મ કુંડલી શુભ અશુભ, કર્મ ચારેફળ દેય. ૩૧૫૦.

ગ્રહત્રિગુણ:

રવિ શશિ સુરગુરુ એ ગ્રહો, સત્વગુણીજ ભણાય ;
બુધ શુક્ર એ બે ગ્રહો, રજો પ્રકૃતિ ગણાય. ૩૧૫૧
રાહુકેતુ શનિ ભોમિસુત, તમો ગુણીજ પ્રમાણ ;
સ્વભાવમળતા જો ગ્રહો, મળેતોજ બળજાણ. ૩૧૫૨.
જે ગ્રહ રવિસંગે પડે, તે ગ્રહનિર્બળ માન ;
માત્ર એક બુધ સબળછે, જોતિષિ જો ગુણવાન. ૩૧૫૩

ગ્રહ ઉચ્ચ નીચ સ્થાન.

અજ વૃષ મૃગ કન્યા કરક, મીન તુલા એ જાણ ;
સાતે ગ્રહક્રમ ઉચ્ચ સ્થળ, નીચજ સપ્ત પ્રમાણ. ૩૧૫૪

ગ્રહ ઉચ્ચાંશ.

દશ ત્રણ અઠ્ઠાવીશ તિથિ, પંચ સપ્તવિશ વીશ ;
રાહુ મિથુન ને કેતુ ધન, ત્રણુત્રણુ અંશ ગણીશ. ૩૧૫૫

પુનઃ-

જે ગ્રહથી બીજે ત્રીજે, બેહો ગ્રહ જો જોય ;
૧૧ ૧૨
કે ચોથે દશમે ભુવન, હુંદે સૂર્યે હોય. ૩૧૫૬

Scanned with CamSca

મિત્ર હોય જે ગૃહવિષે, તો બમણું હિત જાણ ;
સહજ હોય જે ગૃહવિષે, તો તે વેરિ પ્રમાણ. ૩૧૫૭

ગ્રહદ્રષ્ટિ.

ત્રિદશ ત્રિભુજ ચતુરષ્ટગ્રહ, ક્રમથી દેખે તેય ;
શનિ ગુરુ મંગલ એકબે, ત્રણ ચરણ તું ગણી લેય. ૩૧૫૮
સપ્તમ સૌગૃહ દેખતા, ચાર ચરણથી જાણ ;
લગ્ન ૨ સ્થાન ગ્રહની સદા, પૂરણ દૃષ્ટિ વખાણ. ૩૧૫૯

ગ્રહ સબલં.

ઉચ્ચસ્થળ ગ્રહઆપણે, સૌમ્ય ગ્રહસું મળિ જોય ;
મિત્ર દૃષ્ટિ સંયુક્ત થે, તો તે સબલજ હોય. ૩૧૬૦
શશિ મંગલ શનિ સબલનિશિ, શુક્ર સૂર્ય દિનમાંઝ ;
બુદ્ધ સબલ રાત્રીદિવસ, જો સવાર વા સાંઝ. ૩૧૬૧
શશિ ભૃગુ બુદ્ધ ગુરૂ સબળ, સદા શુક્લપક્ષેજ ;
રાહુકેતુ શનિસૂર્ય કુજ, સબળ કૃષ્ણપક્ષેજ. ૩૧૬૨
ચંદ્રશુક્ર ગુરુ સબલછે, પુરુષ લગ્નમા જાણ ;
બીજાસૌ બ૩ળવંતછે, નારી લગ્ન પ્રમાણ. ૩૧૬૩
ગુરૂબુદ્ધ તન ગૃહસબલ, શશિ ભૃગુ ચોજોમિત્ર.
શનિગ્રહસપ્તમ સૂર્યકુજ, દશમે સ્થાન પવિત્ર. ૩૧૬૪
બુદ્ધથાય કદિ વક્રતો, તે અતિ સબલજ માન ;
એમાં કંઇ સંદેહ નહિં, પોતે મન અનુમાન. ૩૧૬૫

ગ્રંથાન્તરે દશ વર્ગનામ.

પ્રથમ જન્મકુન્ડલિ અને, હોરા વળિ દ્રેશકાણ ;
સપ્તમાંશ નવમાંશને, દશાંશ દ્વાદશ જાણ. ૩૧૬૬
ષોડશાંશ ત્રીશાંશ વળિ, શષ્ટિઅંશ દશ સાર ;
વિષમ રાશિમાં સૂર્યની, હોરા અંશ વિચાર ; ૩૧૬૭
પંદર અંશ સુધી ગણે, તેપછી ચંદ્રનિ જાણ ;
સમરાશીમાં ચંદ્રની, પંદર અંશ વખાણ. ૩૧૬૮.

Scanned with CamSca

તે પછી યાતી સૂર્યની, ગણિત ભેદ ઉર આણુ ;
રાશિપ્રથમ દશ અંશલગિ, પોતાથિ દ્રેશકાણુ. ૩૧૬૯
દશથી વીશજ અંશ તો, પંચમ રાશિથિ લેખ ;
વીશથિ છેવટ સુધિ ગણે, નવમ રાશિથી પેખ. ૩૧૭૦
વિષમરાશિ પોતાથકી, સપ્તમાંશ ગણુનેક .
સમરાશી પોતાથકી, સપ્તમથી સુવિવેક. ૩૧૭૧
ચરરાશી પોતાથકી, નવમાંશગણે સાર ;
સ્થિરમાં નવમીથી ગણે, નવમાંશજ સુવિચાર. ૩૧૭૨
દ્વિસ્વભાવ પંચમ થકી, ગણુતા બ્રે નવમાંશ ;
વિષમ માંહ્ય પોતાતણી, રાશિથિ ગણ સુદશાંશ. ૩૧૭૩
સમમાં નવમી રાશિથી, જ્યોતિષિ ગણે દશાંશ ;
સર્વરાશિ પોતાતણી, રાશીથિ દ્વાદશાંશ . ૩૧૭૪
પોતાની રાશી થકી, શોડશાંશ શુભ જાણુ ;
વિષમમાંહ્ય બ્રે ચતુરમુખ, હરિહર ભાનુક્રમ નાણુ. ૩૧૭૫
સમરાશીમાં ઉલટ ક્રમ, એ રીત પોડશાંશ :
વિષમમાંહ્ય મંગલ શની, ગુરુ બુધ શુક્ર પ્રશંશ. ૩૧૭૬
પાંચ પાંચને આહવળિ, સાત પાંચ ગણુઅંશ :
સમમાં એહ વિલોમ ગણુ, શુભરીતેજ ત્રિશાંશ. ૩૧૭૭
પોતાની રાશી થકી, ગણુતાં શષ્ટી અંશ ;
વિસ્તારી હરિગીતમાં, દલપતિ કરે પ્રશંશ. ૩૧૭૮

હરિગીત છંદ.

વિષમ રાશિમાં ઘોર[૧] રાક્ષસ[૨] દેવ[૩] કુબેર[૪] શુભ નામછે ;
રક્ષોગણુા કિન્નર[૫] ભ્રષ્ટ કુલજ[૬] ગરલ[૭] અગ્નિ[૮] અભિરામછે[૯] ;
માયા[૧૧] પ્રેતપુરૂષ[૧૨] વરુણ[૧૩] ને દેવગણેશ[૧૪] કલા[૧૫] કહી ;
અહિભાગ[૧૬] વળિ અમૃતાંશુ[૧૭] ચંદ્ર[૧૮] મૃદુ[૧૯] કોમલ[૨૦] પદ્મ[૨૧] લક્ષ્મી[૨૨] લહી. ૩૧૭૯
વાગીશ[૨૩] દિગમ્બર[૨૪] દેવ[૨૫] આર્દ્ર[૨૬] કલિનાશ[૨૭] ક્ષિતિશ્વર[૨૮] લેખતા ;
કમલાકર[૨૯] મંદાત્મજ[૩૦] વળિ મૃત્યુ[૩૧] કાલ[૩૨] દાવાગ્નિ[૩૩] પેખતા ;

૩૪ ૩૫ ૩૬ ૩૭ ૩૮ ૩૯
અધોર અભય કંટક સુધા અમૃત પરિપૂર્ણેન્દુ પ્રમાણતા;
૪૦ ૪૧ ૪૨ ૪૩ ૪૪ ૪૫
વિપ્રદગ્ધ કુલિ નારા વંશક્ષય ઉત્પાત કાલરુપ જાણતા; ૩૧૮૦
૪૬ ૪૭ ૪૮ ૪૯ ૫૦ ૫૧
સૌમ્ય મૃદુ સુશીતલ દંષ્ટ્રાકરાલ ઈન્દુમૂખ પ્રવીણ છે;
૫૨ ૫૩ ૫૪ ૫૫ ૫૬ ૫૭
કાલાગ્નિ દંડયુદ્ધ નિર્મલ શુભા શુભ અતિશીતલ નહિં ક્ષીણછે;
૫૮ ૫૯ ૬૦
સુધાપયોધી જાણને વળિ ઇન્દુરેશ વિરાજતા;
અનુક્રમે યષ્ટિ અંશો કલા સમમાં વિક્ષોભજ ભાજતા: ૩૧૮૧

દોહરા.

જે ગ્રહ પોતે ઉચ્ચવા, મૂળ ત્રિકોણ અધિગિત્ર;
ક્રુ.સ્વરાશિનો હોય તો, જ્યોતિષિ કહે પવિત્ર. ૩૧૮૨
વળિ જેગ્રહ દ્રરા વર્ગમાં, બે બળ પામ્યો હોય;
પારિજાત તેહને કહે, ત્રણ થકી ઉત્તમ સોય. ૩૧૮૩
ચારથકી ગોપુરમણે, પાંચે સિંહાસનાંશ;
પારાવતાંશથકીબળે, સમાટ દેવલોકાંશ. ૩૧૮૪
ઐરાવતાંશ નવથકી, દલપતિરામ વખાણ;
વૈશેષિકાંશ દશથકી, એમ વર્ગબળ જાણ. ૩૧૮૫

સૂર્યાદિક ધાતુ વિચાર.

અસ્થિ રુધિર મજ્જા અને, ત્વક વસા સુપ્રિય નેક;
શુક્ર અને સ્નાયૂ સહિત, અનુક્રમ ધાતુ વિશેક. ૩૧૮૬

ગ્રહમૈત્રી.

શશિ મંગલ ગુરુ સૂર્યના, મિત્ર બુધસમ જાણ;
શુક્ર શની બે શત્રુછે, એ રિત મૈત્રી વખાણ. ૩૧૮૭
સૂર્ય બુધ બે મિત્રછે, ચંદ્રતણા અભિરામ;
શુક્ર શની મંગળ ગુરૂ, સમ ગણાય શુભનામ. ૩૧૮૮
મંગળના ગુરૂ ચંદ્ર રવિ, મિત્ર જાણવા નેક;
શુક્ર શની સમ શત્રુ બુધ, એ વિધિ જાણ વિવેક. ૩૧૮૯

Scanned with CamScanner

સૂર્ય શુક્ર બે મિત્ર બુધ, ચંદ્રશત્રુ નિર્ધાર ;
મંગળ ગુરુ શનિ સમ થતા, ઓરિત મૈત્રિ વિચાર. ૩૧૯૦
ચંદ્ર સૂર્ય મંગલ સદા, ગુરુના મિત્ર ગણાય ;
શનિ સમ જાણો મનુ વળિ, બુધ શુક્રજ ભણાય. ૩૧૯૧
શનિ બુધ મિત્રજ શુક્રના, મંગલ ગુરુ સમ લેખ ;
સૂર્ય ચંદ્ર શત્રુ થતા, શુક્રતણા પ્રિય પેખ. ૩૧૯૨
શુક્ર અને બુધ મિત્રછે, શની તણા શુભ ખાસ ;
ગુરુ સમ રવિ મંગલ શશી, શનિના શત્રુ પ્રકાશ. ૩૧૯૩

તાત્કાલિક મૈત્રી.

ગ્રહ થકિ બે ભાન્યૂ તણા, ત્રણ ભુવનેજ નિવાસ ;
કરેલ ગ્રહ તત્કાલ તે, મિત્ર જ્યોતિષિ તપાસ. ૩૧૯૪
બારીના ભુવને રહ્યા, શત્રુ ગણે તત્કાલ ;
તત્કાલ મૈત્રિમાં મિત્રને, નિસર્ગ મિત્ર નિહાલ. ૩૧૯૫
તો તે છે અધિમિત્ર ગ્રહ, સુખ પામે સંસાર ;
શત્રુ શત્રુ મળતાં ગણો, અધિશત્રુ ઉદ્ધાર. ૩૧૯૬
શત્રુ મિત્ર મળતાંજ સમ, મિત્ર સમ મળતાં મિત્ર ;
શત્રુ સમ મળતાં શત્રછે, શાસ્ત્ર નિયમ સુપવિત્ર. ૩૧૯૭

અંશાન્તરે ગ્રહ અવસ્થા.

વિષમ રાશિમાં ક્રમથકી, બાલ કુમાર વિચાર ;
યુવાન વૃદ્ધ ગણે ગુણી ; સમમાં વિલોમ સાર. ૩૧૯૮

પુનઃ શયનાદિક અવસ્થા.

ગ્રહ નક્ષત્ર સંખ્યા પ્રથમ, ગ્રહ સંખ્યાથીગૂણ ;
તે પછિ ગ્રહના અંશની, સંખ્યા યકીજ ગૂણ. ૩૧૯૯
પછી જન્મનક્ષત્ર ને, ઇષ્ટ કાળ વળિ લગ્ન ;
સંખ્યા યુક્ત કરી પછી, બારથિ ભાગ નિમગ્ન. ૩૨૦૦
રોગ રહે શયનાદિકે, જાણ અવસ્થા સાર ;
એક રહેતો શયન વળિ, બે ઉપવેશન ધાર. ૩૨૦૧

Scanned with CamSca

ત્રણથિ નેત્ર પાણી અને, ચારથિ કહે પ્રકાશ ;
પંચથિ ગમન વખાણતા, ષટ્ આગમન તપાસ. ૩૨૦૨
સાતે સભા સુઅષ્ટથી, આગમ ગણે સુજાણ ;
નવથી ભોજન દશથકી, નૃત્યલિપ્સા ઉરઆણ. ૩૨૦૩
રૂદ્રે કૌતુક દ્વાદશે, નિદ્રા એહ પ્રમાણ ;
શયનાદિકની અવસ્થા, જ્યોતિષિ કરે વખાણ. ૩૨૦૪

ગ્રહ દિપ્તાદિ વિચાર.

ઉચ્ચરાશિ બેઠેલ ગ્રહ, દીપ્ત કહાવે નેક ;
સ્વરાશિનો જે હોય તે, સ્વસ્થ ગણાય વિશેક. ૩૨૦૫
શત્રુરાશિનો ગ્રહસદા, હર્ષિત શુભનો શાન્ત ;
દીપ્તકીર્ણ ગ્રહ શસ્તછે, અસ્તથિ લુપ્ત મતાન્ત. ૩૨૦૬
નીચરાશિ ગ્રહ દીન વળિ, પાપ અને અરિ રાશિ ;
હોયપિડિત તવ જાણવો, તે ગ્રહ સદા નિરાશિ. ૩૨૦૭

ગ્રહગર્વિતાદિ ષટ્ભાવ વિચાર.

ભાવ ગર્વિતાદિક સુષટ્, જ્યોતીષેજ ભણાય ;
ઉચ્ચ રાશિ પંચમગૃહે, ગ્રહગર્વિત સુગણાય. ૩૨૦૮
ગુરુસહ સુમિત્ર રાશિનો, કે સુમિત્ર સહ સોહ્ય,
અથવા મિત્રે જોયલો, તે તો મુદિત હોય. ૩૨૦૯
પંચમ મંગલ સૂર્ય શનિ, વળિ રાહુજ સમેત ;
તે ગ્રહ લજ્જિત જાણવો, જ્યોતિષિ જાણે બેત. ૩૨૧૦
પાપગ્રહ વા શત્રુગ્રહ, કે રવિયે જોયેલ ;
પ્રક્ષોભિત તે જાણવો, જ્યોતીષેજ ઠરેલ. ૩૨૧૧
શત્રુરાશિમાં જે રહ્યો, વળિ શત્રૂ શનિસાથ ;
અથવા તો જોયેલ તે, સંક્ષુભિત પૂર્વગાથ. ૩૨૧૨
પાપ અને શત્રૂ ગ્રહે, જોયેલો ગ્રહલેખ ;
યુતશુભ ગ્રહેન જોયલો, તે ગ્રહ તૃષાર્ત પેખ. ૩૨૧૩

ગ્રહરાશિ ભોગ.

મેષ વૃષભ કન્યા કરક, સિંહ લગ્ન દિન ઇશ ;
એ પંચમાં રહે સદા, દિવસ કહૂં એકત્રીશ.. ૩૨૧૪

Scanned with CamSca

તુળ ધન વૃશ્ચિક કુંભ વળિ, મીન માંહ્ય દિનત્રીશ ;
ઓગણત્રિશ વસિમકરમાં, મિથુન મધ્ય બત્રીશ. ૩૨૧૫
સંક્રાંતી જે રાશિની, સૂર્ય ઉદય જવ હોય ;
તે રાશી લગિ ગણિત કરિ, લગ્ન જ્યોતિષી જોય. ૩૨૧૬
દિવસ બેય એક પ્રહર, ચંદ્ર રહે એક રાશિ ;
ત્રિતાણીશ દિવસસંદા, મંગળ ફરે નિવાસિ. ૩૨૧૭
વીશદિવસ પંદરઘડી, બુદ્ધતણો શુભવાસ ;
ગુરુ ત્રયોદશમાસ લગિ, શુક્રસુ એકજમાસ. ૩૨૧૮
બેય વર્ષ પરમાસ લગિ, રાજે શનિ એક રાશિ ;
કહે અરાદજ માસલગિ, રાહુ કેતુજ નિવાસિ. ૩૨૧૯

ગ્રહ શુભાશુભ સ્થાન.

રવિમંગલ ત્રીજે સુખદ, જો અષ્ટમ દુખદેણ ;
નવ દશ અગિયારે ભલા, સદા તેલ સુખદેણ. ૩૨૨૦
શશિ ગુરુ બુદ્ધ બૃગુ પ્રથમ, ત્રીજે ચોથે સાર ;
સપ્તમ નવદશ એકદશ, એ સ્થળમાં પ્રિયકાર. ૩૨૨૧
શનિ ત્રીજે પરમ રુદ્ર ગૃહ, અને બારમે નેક ;
સારું ફળ શનિ આપતા, એ ગૃહ માંહ્ય વિશેક. ૩૨૨૨

પ્રસૂતી ગ્રહ ભેદ.

જન્મ લગ્ન બાળક તણો, રવિઉચ્ચો બળવાન ;
તો જે ગૃહમાં સુત ઉદય, તે ગૃહ સુંદરમાન. ૩૨૨૩
હોય ચંદ્ર ઊંચો સબળ, તો તે ગૃહનૂરેલ ;
બોમસબળ જો હોયતો, તેહો સમય જબેલ. ૩૨૨૪
બુદ્ધ હોય ઊંચો સબળ, ભુવન ચિત્રમય જાણ ;
જો ગુરુ ઊંચો ગૃહ નબલ, શુક્ર સ્વચ્છ રહેવાણ. ૩૨૨૫
જો શનિ ઊંચો હોયતો, ભુવન જીર્ણ ચિતધાર ;
હવે પ્રસૂતિકા ભુવનનો, ઢારભેદ સુવિચાર. ૩૨૨૬
ઉલ્કા કર્ક કે મેષમાં, જન્મ થયો નિર્ધાર ;
અથવા વૃશ્ચિક કુમ્ભ તો, પૂર્વદિશા ગૃહદ્વાર. ૩૨૨૭

ધનમિથુન કન્યા અને, જન્મ લગ્ન જો મીન ;
તો તે ગૃહનું દ્વારશુભ, ઉત્તર જ્યોતિષિ ચીન. ૩૨૨૮
જન્મ લગ્ન જ્યહેનું ઋષભ, તેહનુ પશ્ચિમ દ્વાર ;
મકર સિંહનો હોયતો, દક્ષિણ દ્વાર વિચાર. ૩૨૨૯

પર્યંક ક્ષેત્ર.

જન્મ કુન્ડલીમાં કહી, પડયા ક્રૂરગ્રહ જાણ ;
તવ પ્રસુતાનો ખાટલો, જ્યોતિષિ ત્રુટક વખાણ. ૩૨૩૦

નારીજ્ઞાન.

લગ્ન ગૃહથકી ગણિકરી, શશિ સુધિ ગ્રહ સુવિચાર ;
જન્મસમય તેટલિ ગણો, પ્રસુતાપાસે નાર. ૩૨૩૧
સપ્તમ ગૃહથી સોગલગિ, ગણિ ગ્રહતણો સુમાર ;
થાય જેટલા તેટલી, ગૃહ આંગણુનિ વિચાર. ૩૨૩૨
નવમાંશમાં સ્વરાશિનો, જો હોય દ્રેશકાણ ;
વળી વક્ર કે ઉચ્ચક્રમ, ભમણી ત્રમણી જાણ. ૩૨૩૩
મીન મેષ લગ્ને પ્રસુત, તવ સાં બે સ્ત્રી હોય ;
ઋષભ કુમ્ભમાં ચતુરસ્ત્રી, કહોજ પૂછેકોય. ૩૨૩૪
કન્યા તુલાથિ સપ્તસ્ત્રી, ધન કર્કે પંચલેખ ;
ઓશિવાય જો અન્યતો, ત્રણ સ્ત્રી કહો વિશેખ. ૩૨૩૫

દીપજ્ઞાન.

જન્મ કુન્ડલી માંહ્ય શશિ, કર્કે મકર સ્થિર જાણ ;
વળિ સંગે શુભ ક્રેશની, તો દીપક ન ગુન્હણ. ૩૨૩૬
સોમ હોય સ્થિર લગ્ન તો, દીપ દીવિપર ધાર ;
ભાનુ હોય જો લગ્ન સ્થિર, તો દીપક કર સાર. ૩૨૩૭
જો રવિ બેઠો જાણિયે, લગ્ન મધ્ય દ્વિશભાવ ;
તો દીપક ક્ષિણ હાથમાં, આંખો તેહ બતાવ. ૩૨૩૮

દીવેટ તેલ જ્ઞાન.

જન્મકાળનું લગ્ન જો, પીત્યું જોટલું લેખ ;

Scanned with CamScanner

તેટલીજ દીવટ બળી, દીપ મધ્ય ચિત પેખ. ૩૨૩૯
નિશિનો પતિ જે લગ્નમાં, વિત્યો જેટલો જાણ;
તેટલું દીપકમાં બળ્યું, તેલ ચતૂર સુવખાણ. ૩૨૪૦

ગ્રંથાંતરે પ્રસુતિ ગ્રહ ભેદ.

સ્ત્રી જન્મ રાશિમાં કહું, ચંદ્ર અનુપચય સ્થાન;
વિષે જોય કુજ ગર્ભ રુતુ, ધારણ કરણ તું માન. ૩૨૪૧
શુભ ગ્રહ યુક્ત વા જોયલું, કલત્ર ભુવનજ હોય;
મૈથુન વિલાસ યુક્ત તે, જોઇ જ્યોતિષી મોહ. ૩૨૪૨
પાપ ગ્રહે કદિ યુક્ત કે, પાપ ગ્રહે જોયેલ;
રોષ યુક્ત મૈથૂન તે, જો જ્યોતિષે ઠરેલ. ૩૨૪૩
સૂર્ય ચંદ્ર કુજ શુક્ર જો, સ્વનવાંશે વિશ્રામ;
કરી રહ્યાતો ગર્ભનો, સંભવછે અભિરામ. ૩૨૪૪
ગુરુ ત્રિકોણ કે લગ્નમાં, સંભવ ગર્ભ સુજાણ;
સૂર્યથકી જો સાતમે, શનિ મંગળ રહેઠાણ. ૩૨૪૫
તવ બાળકના તાતને, રોગ કહો નિર્માણ;
વળિ તે બીજે બારમે, તાતનું મૃત્યુ પ્રમાણ. ૩૨૪૬
સૂર્ય યુક્ત જો એકને, બીજો જોતો હોય;
તોપણ મૃત્યુ તાતનું, એરિત જ્યોતિષિ જોય. ૩૨૪૭
ચંદ્ર થકી જો સાતમે, શનિ મંગળને લેખ;
તવ સુતાને રોગ બે, બારે મૃત્યું પેખ. ૩૨૪૮
વળી ચંદ્ર યુત એકને, બીજો જોતો હોય;
પાપગ્રહ ગૃહ બાર બે, શુભ ગ્રહ લગ્ન ન જોય. ૩૨૪૯
તવ પ્રસુતાનો નાશછે, જ્યોતિષિ ચિત્ત વિચાર;
લગ્ન શનીને ચંદ્ર ક્ષિણ, વળી મંગળ જોનાર. ૩૨૫૦
પ્રસુતા મૃત્યુ પામતી, વળી ચંદ્ર પણ ક્ષીણ;
ચોથે દ્વાદશ સૂર્ય કુજ, તોપણ નાશ પ્રવીણ. ૩૨૫૧
જો અધિપતિ જે માસનો, પરાજયજ તે માસ;
ગર્ભ પતન થાતો તદા, દલપતિ કહે પ્રકાશ. ૩૨૫૨
શશિ લગ્ને કે જે ભુવન, શુભ ગ્રહ ત્રિકોણ કેન્દ્ર;
અથવા બીજે વળિ કહું, પાપગ્રહ ય ત્રણ મહેન્દ્ર. ૩૨૫૩

હોય એહ રીતે સુગ્રહ, તેમ સૂર્ય જોયેલ ;
ગર્ભ પુષ્ટિ વાળો ગણે, જ્યોતિષ મતે ઠરેલ. ૩૨૫૪
લગ્ન સૂર્યને ચંદ્ર ગુરુ, વિષમ રાશિમાં સાર ;
વળી વિષમ નવમાંશમાં, જન્મ પુરુષ નિર્ધાર. ૩૨૫૫
વળિ તે સમ નવમાંશનો, પુત્રિ જન્મ ઉરઆણ ;
સૂર્ય ગુરૂ જો વિષમમાં, તવત્યાં પુત્ર પ્રમાણ. ૩૨૫૬
શુક્ર ચંદ્ર મંગલ કદી, સમમાં પુત્રિ વખાણ ;
દ્વિસ્વભાવ નવમાંશમાં, સૂર્ય શશી કુજ જાણ. ૩૨૫૭
વળી ગુરૂ કે શુક્રને, બુદ્ધ જોય સુવિશેક ;
તવ જ્યોતીષી ત્યાં કહો, બે બાળક સુવિવેક. ૩૨૫૮
વિષમ રાશિ કેરો શની, લગ્ન વિના કો સ્થાન ;
તવત્યાં જ્યોતીષી કહો, પુત્ર જન્મ સન્માન. ૩૨૫૯
પોતાના નવમાંશમાં, બુદ્ધ રહેલો લેખ ;
તન૧ દ્વિસ્વભાવ નવાંશને, જોય હોય ત્રણ પેખ. ૩૨૬૦
પોતાના નવમાંશમાં, જો ધન લગ્ન સુજાણ ;
બળિષ્ટ ગ્રહ જો બુદ્ધ શનિ, જોતાં હોય પ્રમાણ. ૩૨૬૧
તો તે કોષે ત્રણથકી, અધિક જન્મ સુઉચાર ;
વિષમ અને સમરાશિમાં, સૂર્યશશી ચિતધાર. ૩૨૬૨
એક બીજાને જોય જવ, તવ નપુંશક વિચાર ;
એરિત બુદ્ધ શનિ જોયનો, તેહ નપૂંશક સાર. ૩૨૬૩

ગર્ભ માસાધિપતિ ભેદ.

પ્રથમ માસમાં શુક્રરૂપ, અધિપતિ શુક્ર તું લેખ ;
બીજે માસે કઠિણતા, અધિપતિ મંગલ પેખ. ૩૨૬૪
અવયવ ત્રીજા માસમાં, અધિપતિ સુરગુરૂ જાણ ;
ચોથેમાસે અસ્થિનો, અધિપતિ સૂર્ય પ્રમાણ. ૩૨૬૫
પંચમમાસે ચર્મનો, અધિપતિ ચંદ્ર વખાણ ;
છઠ્ઠેમાસે વાળનો, અધિપતિ શની સુજાણ. ૩૨૬૬
સપ્તમ માસે સ્મૃતિ તણો, અધિપતિ બુદ્ધ વિચાર ;
અષ્ટમ પોષણ અધિપતી, લગ્ન સ્વામિચિત ધાર. ૩૨૬૭

Scanned with CamSca

નવમ માસ ઉદ્વેગનો અધિપતિ ચંદ્ર નિવાસ ;
દશમ માસમાં પ્રસવનો, અધિપતિ સૂર્ય તપાસ. ૩૨૬૮
બુદ્ધ ત્રિકોણમાં હોયને, અવર ગ્રહો બળહીન ;
તવ પ્રસુતાનાં બાળને, અંગુળિ વૃદ્ધિ નવીન. ૩૨૬૯
બુદ્ધરાશિ નવમાંશમાં, શનિ મંગલનો વાસ ;
દંત સહિત બાળક તણો, જન્મ જ્યોતિષિ પ્રકાશ. ૩૨૭૦
ચંદ્ર સ્વરાશી લગ્નમાં, મંગલ શનિ કુદિ જોય ;
તો તે બાળક કુબડું, જન્મ કાલથી હોય, ૩૨૭૧
મીન રાશિના લગ્નને, ચંદ્ર શની કુજ જોય ;
તવતે બાળક પાંગળું, જન્મ કાલથી હોય. ૩૨૭૨
પાપગ્રહ કુદિ સંધિમાં, અથવા ચંદ્ર સુજાણ ;
શુભગ્રહ જોતા નોયતો, બાળક બહેરું પ્રમાણ. ૩૨૭૩
લગ્નભાંલ્ય ભાનૂ શશી, તહેને શનિ કુજ જોય ;
જન્મઅંધ બાળક તણો, જાણે જ્યોતિષિ કોય. ૩૨૭૪
લગ્નભાંલ્ય શનિ રાશિનો, અથવા અંશજ લેખ ;
વળિ સપ્તમ શનિ જન્મ તવ, ત્રણ વર્ષે પ્રિય પેખ. ૩૨૭૫
લગ્નભાંલ્ય શશિ રાશિનો, જો નવમાંશજ ખાસ ;
વળિ સપ્તમ શશિ જન્મ તવ, દ્વાદશ વર્ષ પ્રકાશ. ૩૨૭૬
સિંહ લગ્નમાં સૂર્ય કુદિ, તહેને શનિ કુજ જોય ;
તો તે જમણી આંખનું, કાણું બાળક હોય. ૩૨૭૭
સિંહ લગ્નમાં ચંદ્રને, શનિ કુજ જોય સુજાણ ;
તવતે ડાબી આંખનું, કાણું બાળ વખાણ. ૩૨૭૮
સિંહ લગ્નમાં સૂર્ય શશિ, શુભા શુભ ગ્રહ જોય :
તવ તે બાળક જન્મથી, પુષ્પિત આંખે સોલ. ૩૨૭૯
શિર્ષોદય કુદિ લગ્નકે, નવમાંશેજ પ્રમાણ ;
તવ તે બાળકનો પ્રસવ, મસ્તકથી ઉર આણ. ૩૨૮૦
ઉભયોદય કુદિ લગ્નતો, પ્રસવ હસ્તથી લેખ ;
એ યદિ અવરજ હોયતો, પ્રસવ પાગથી પેખ. ૩૨૮૧
સર્વે ગ્રહે નવ જોયલો, લગ્ને ચંદ્રજ રેહ ;
તવ મનુષ્યવણ અવરનો, જન્મ જ્યોતિષી કેહ. ૩૨૮૨

Scanned with CamScanner

હરિગીત છંદ.

મેષ વૃષભ કહિ લગ્ન તો ગૃહ પૂર્વ ભાગે જન્મછે,
મિથુન અગ્નિય ખુણ કર્કસુ સિહ દક્ષિણ જન્મછે ;
કન્યા નૈઋત્યે કહેા વળિ કુમ્ભ વૃશ્ચિક પશ્ચીમમાં,
ધન લગ્ને વાયવ્ય મકરે ગૃહરયળ ઉત્તર સીમમાં. ૩૨૮૩

દોહરા.

ગીન લગ્ન ઇશાનમાં, શૈયા પ્રકાર ત્રેમ ;
લગ્ન દિશાયે શિર કહેા. શૈયાનું શુભ નેમ. ૩૨૮૪
પાપરાશિ જ્યે લગ્નમાં, કુજ ત્રિભાગમાં ચંદ ;
દ્વી અગિયારે શુભ ગ્રહેા, સર્પ વિટયેા શિશુ વંદ. ૩૨૮૫
સૂર્યમકી જ્યે સપ્તગે, અથવા ત્રિકોણ સ્થાન ;
પાપરાશિ કુજ શનિ શિશુ, પિતુકારાગ્રે માન. ૩૨૮૬
શશિ સ્વરાશિ બળિ પૂર્ણ વળિ, લગ્ને શુદ્ધ વખાણ ;
વળિ ગુરૂ ચોથે વહાણમાં, જન્મ શિશુનેા પ્રમાણ. ૩૨૮૭
જળચર રાશી લગ્નમાં, વળિ શશિ સપ્તમ સાર ;
તોપણ જન્મ વહાણમાં, જ્યોતિષ શાસ્ત્ર વિચાર. ૩૨૮૮
જળચર રાશી લગ્ન શશિ, તવ જળ સાંગમાં લખ ;
શશિ જળચર વળિ કેન્દ્રસ્થળ, જન્મ જળ સન્નિપ પેખ. ૩૨૮૯
લગ્ને શશિ દ્વાદશ શનિ, પાપગ્રહેા કહિ જ્યેય ;
તવતે શિશુનેા જન્મજ્યે, કારાગૃહમાં હેાય. ૩૨૯૦
નરરાશી શનિ લગ્નમાં, ગંગલ જ્યેય પ્રમાણ ;
તવતે શિશુનેા જન્મ જ્યે, સ્મશાન ગાંલ વખાણ. ૩૨૯૧
ઓરિત શુક્ર શશિ જ્યેયતેા, જન્મ ગૃહ અભિરામ ;
ઓરિત સુરગુરુજ્યેયતેા, અગ્નિહેાત્ર શુભધામ. ૩૨૯૨
ઓરિત ભાનુ જ્યેયતેા, દેવ રાજ ગૃહ જાણ ;
ઓરિત બુધે જ્યેયલેા, શિલ્પ લય સુવખાણ. ૩૨૯૩
પાપગ્રહ સહ સૂર્ય શશિ, બેગા હેાય સુજાણ ;
જારકર્મ ઉત્પત્તિ તવ, જ્યેાતિષ શાસ્ત્ર પ્રમાણ. ૩૨૯૪
લગ્નચંદ્ર જુદાં જુદાં, સુરગુરુ કહિન જ્યેય ;
લગ્ને શનિ નવ જ્યેય ગુરુ, તોપણ જારથિ હેાય. ૩૨૯૫

Scanned with CamSca

લગ્ને ભાનૂ હોયને, ચોથે રાહૂ લેખ ;
કાકાયી ઉત્પત્તિ તય, તેપણ જારથિ પેખ. ૩૨૯૬

અંથાન્તરે જારજ યોગ.

રાહુ કેતુ શનિ શુક્રજો, રવિસંગે કુમિ જોર :
નિશ્ચે તે બાળકતણો, પિતા જાણુ ક્રોધ ઓર. ૩૨૯૭
અષ્ટમિ ચોથ ચતુર્દશી, શનિ મંગળ રવિવાર ;
ક્રમથી ગણિ ત્રણ ઉત્તરા, જારજ યોગ વિચાર. ૩૨૯૮
સ્વામી બીજા ભુવનનો, તેહ સ્થળે હરી રેહ ;
તો સ્ત્રીયે તે સુત જણ્યો, કરિ બીજાસું નેહ. ૩૨૯૯

જારજ ભંગયોગ.

જો ગુરુ દેખે લગ્નને, કે લગ્ને તે હોય ;
અથવા ગુરુના વર્ગનો, તેહ બિજાથી જોય. ૩૩૦૦

અરિષ્ટ યોગ.

શુક્લ કૃષ્ણ આનુકૂમિતે, જન્મ કુંડલી માંય ;
પષ્ઠાષ્ટમ શશિને જુએ, પાપગ્રહ જો સાંય. ૩૩૦૧
દુરત મૃત્યુ બાળક તણું, વળિ જ્યોતિષિ તપાસ ;
જોવિત શુભગ્રહ જોયતો, અષ્ટમ વર્ષે નાશ. ૩૩૦૨
મિશ્ર ગ્રહોયે જોયલો, ચોથે વર્ષ વિનાશ ;
પષ્ઠમ અષ્ટમ શુભગ્રહો, કદી વક્રગ્રહ ખાસ. ૩૩૦૩
જોતો હોયજ તેહ શિશુ, એક માસમાં નાશ ;
લગ્નસ્વામી યદિ ચંદ્રમા, તણો સ્વામિ તું તપાસ. ૩૩૦૪
અષ્ટમ સર્વપાપગ્રહે, જોયો તવ બે વર્ષ ;
આયુ જાણુ બાળક તણું, હોય ન જો ઉત્કર્ષ. ૩૩૦૫
મંગલ રાશિનો ગુરૂ, અષ્ટમ સ્થાને હોય ;
સૂર્ય ચંદ્ર શનિ જોયને, શુક્રકદી નવ જોય. ૩૩૦૬
આયુષ્યશિશૂ વર્ષ ત્રણ, પછિ મૃત્યુ ઉરઆણ ;
ગ્રન્થાન્તરે મત જોઇને, દલપતિ કરે વખાણ. ૩૩૦૭
પષ્ઠમ સપ્તમ અષ્ટમે, પાપગ્રહનો વાસ ;
બાળક પ્રસુતા બેતણો, કહો જ્યોતિષી નાશ. ૩૩૦૮

Scanned with CamSca

ચોથે વા દશમે ભુવન, સૂર્ય શનિ કુજ યોગ ;
બાળક જન્મ્યાં પૂર્વતે, લેય પિતાનો ભોગ. ૩૩૦૯

બાળક વર્ણ વિચાર.

ચંદ્રહોય તનુ ભુવનકે, તનનો જોતો રેહ ;-
ગૌર અંગ ઉજ્વળ વદન, અતિસુંદર સુત તેહ. ૩૩૧૦
જોશનિ દેખે તનુ ભુવન, કે ત્યાં વસે સુજાણ ;
તો કાળું વપુ બાળનું, શ્યામરંગ ઉરઆણ. ૩૩૧૧
લગ્નતણા નવમાંસની, તુલ્ય શરીર વિચાર ;
અથવા બળિષ્ટ ગ્રહસમું, શરીર કહેવું સાર. ૩૩૧૨
ચંદ્રતણા નવમાંસના, પતિસમ વર્ણ વખાણ ;
સૂર્યતણા ત્રિકાંશ પતિ, સરખો ગૂણ સુજાણ. ૩૩૧૩
જે અવયવ રાશીવિષે, સૂર્ય મંગલ નિવાસ ;
તે અવયવમાં જાણવું, રક્તચ્હિન્ન સુપ્રકાશ. ૩૩૧૪
જે અવયવ રાશી વિષે, શની રાહુ રહેનાણ ;
તે અવયવમાં જ્યોતિષી, કાળું ચ્હિન્ન વખાણ. ૩૩૧૫
વળિ જે અવયવ રાશિમાં, પાપગ્રહજ અધીક ;
યોગ હોય એરીત તો, ચ્હિન્નજ વર્ણાદીક. ૩૩૧૬
ચંદ્ર શનિશ્વર બુહ ભૃગુ, જો તનુ ગ્રહ ભોગાર ;
વળિ સપ્તમ મંગલજ તો, તે પાછળ ન કુમાર. ૩૩૧૭

પ્રતિકૂળ નક્ષત્ર.

અશ્વિનિ આશ્લેષા મઘા, રેવતિ જ્યેષ્ટા મૂલ ;
પર નક્ષત્રજ મૂલનાં, બાળકને પ્રતિકૂલ. ૩૩૧૮

ગ્રંથાંતરે અરિષ્ટ યોગ.

જો રવિથી ગૃહ સપ્તમે, શનિ કે મંગલ જાણ ;
તો તે સુતનીભાતને, રોગ કષ્ટનું પ્રમાણ. ૩૩૧૯
રવિમંગલથી સપ્તમે, જો શશિ બેઠો આવિ ;-
તો તે સુતની ભાતને, દૈયે કષ્ટ બતાવિ. ૩૩૨૦

જો તન૧ગૃહથી સપ્તમે, શનિકે મંગલ જાણ ;
તો બાળકના બાપને, કાંદક રોગ પ્રમાણ. ૩૩૨૧
શનિ વળિમંગલ યુગલ કે, પડે મધ્ય જો ભાનુ ;
મરે તાત તે બાળનો, કે માતા દુખ માનુ. ૩૩૨૨
શનિ મંગળ રવિ સંગજો, કે રાખે તે દૃષ્ટ ;
તો બાળકની માતને, હોય કષ્ટ અતિ નષ્ટ. ૩૩૨૩
શનિમંગલ તન૧ ગૃહ રહે, કે થે યુગ્મ લગ્નેય ;
તો તે બાળક જન્મથી, રોગમયી ગણિલેય. ૩૩૨૪
જ્હેને શશિ ષટ્ અષ્ટમા, ભુવન મધ્ય જો હોય ;
ક્રૂરગ્રહ તે દેખતાં, ક્ષણમાં મૃત્યૂ જોય. ૩૩૨૫
તનનો સ્વામી સપ્તમે, પડે સંગ શશિ જાણ ;
તો તે સુતનૂં જીવવૂં, વર્ષ એક તું પ્રમાણ. ૩૩૨૬
હોય સોમ કદિ લગ્નમાં, સપ્તમ ગૃહમાં કેતુ ;
કે રાહૂ મંગલ શની, જિવે વર્ષ એહેતુ. ૩૩૨૭
થયું ગ્રહણ જે દિવસમાં, તે દિનનો શશિ જાણ ;
કોઇ ક્રૂર ગ્રહ સંગમાં, પડે ભુવન તન ખાણ. ૩૩૨૮
વળિ ત્હેને છટ્ઠે ભુવન, બેઠો મંગલ લેખ ;
સુત જનની બન્યો મરે, વર્ષ એકમાં પેખ. ૩૩૨૯
ગ્રહણ હોય જે દીવસમાં, તે દિનનો જો ભાનુ ;
પડે સોમના સંગમાં, મધ્ય ભુવન તન માનુ. ૩૩૩૦
વળિ મંગલ અષ્ટમ ભુવન, બેઠો હોય વિચાર ;
તે સુત થોડા દિવસમાં, મરે જાણું નિર્ધાર. ૩૩૩૧
રવિ મંગલ શશિ શુક્રએ, ચારે તન ગૃહ જાણ ;
કે અષ્ટમ વા દ્વાદશે, કે નવમે ચિત આણ. ૩૩૩૨
એહ રીત જ્હેના ગ્રહો, ઉપર કહ્યે સ્થળ દેખ ;
તે બાળકના મર્ણનો, જન્મ કાળતૂં લેખ. ૩૩૩૩
પડે કદી ગૃહ એકમાં, ત્રણ ગ્રહ સંગે ભાનુ ;
અંશ એકમાં હોયતો, થાય બ્હાવરો માનુ. ૩૩૩૪
સ્વામી પંચમ ભુવનના, સંગ પડે જો ભાનુ ;
યુગલ અંશ થે એક જો, તવ બ્હાવરો હું માનુ. ૩૩૩૫

Scanned with CamSca

સુયોગ.

જો પ્રિમ ઉજ્વળ પક્ષમાં, જન્મ રાત્રિયે હોય ;
તો શશિ અવગુણ તેહને, નડેન ગુણિજન કોય. ૩૩૬
ગુરુ બુદ્ધ શુક્ર કેન્દ્રમાં, કે ત્રિકોણમાં હોય ;
સકળ દોષ હરતા ઠરે, જાતક ફળ શુભ જોય. ૩૩૭
લ્હેમાં જો રજનીશને, રવિની દ્રષ્ટિ હોય ;
દ્રવ્ય આપુ ધનવન્ત અતિ, માણે વિરલા કોય. ૩૩૮
રવિ તૂલા ધટ મકરનો, તનુ ત્રીજે રિપુ ધામ ;
અરિષ્ટ લ્હેને હોય નહિં, તન નિરોગિ અભિરામ. ૩૩૯
શુકલપક્ષની રાત્રિયે, જન્મ છતાં શશિ પૂર્ણ ;
સર્વારિષ્ટ હરણ કરણ, જ્યોતિષિ જો પરિપૂર્ણ. ૩૩૪૦
પાપ ગ્રહો શુભ રાશિમાં, શુભગ્રહ જોતા પાસ ;
સર્વારિષ્ટ હરણ કરણ, જ્યોતિષિ કરો તપાસ. ૩૩૪૧
તેમજ શુભના અંતરે, પૂર્ણ ચંદ્ર શુભ રાશ ;
લગ્ન વિષે ગુરુ ઉચ્ચ તો, સર્વારિષ્ટજ નાશ. ૩૩૪૨
બળવાળો લગ્નાધિપતિ, પાપગ્રહો ન જોય ;
કેન્દ્ર રહ્યા શુભગ્રહ જુયે, તો દિર્ઘાયુ હોયે. ૩૩૪૩
લગ્નયિ છઠ્ઠે આઠમે, ચંદ્રે કર્યો નિવાસ ;
બુદ્ધ ગુરુ શુક્ર ત્રિભાગમાં, તવ દિર્ઘાયુ પ્રકાશ. ૩૩૪૪
સર્વ ગ્રહોયે જોયલો, પૂર્ણચંદ્ર પણ જાણ ;
મિત્ર રાશિ કે ઉચ્ચમાં, સર્વ ગ્રહો સુપ્રમાણ. ૩૩૪૫
શુભગ્રહ બળ પામેલ જો, કેન્દ્ર વિષેજ મુકામ ;
લાભસ્થાને સૂર્યનો, દૂર અરિષ્ટ તમામ ૩૩૪૬
કેન્દ્ર વિષે ગ્રહ રાશિ શુભ, વા નવાંશ પામેલ ;
શુભગ્રહ મહામૃત્યુંજયી, જાપ સમાન ઠરેલ. ૩૩૪૭
ત્રીજે છઠ્ઠે લાભમાં, રાહુ શુભગ્રહ યુક્ત ;
કે શુભગ્રહ જોયેલતો, સર્વારિષ્ટથિ મુક્ત. ૩૩૪૮

સ્ત્રીયોગ.

સમમ ભુવને જોટલા, પાપગ્રહ તું પ્રમાણ ;
કન્યા પરણી તેટલી, લાવે તે નર જાણ. ૩૩૪૯

Scanned with CamScanner

મંગલ તન ગૃહમાં પડે, કે ચોથે ગૃહ હોય ;
કે દ્વાદશ પષ્ટાષ્ટ તો, પ્રિયાન જીવે કોય. ૩૩૫૦

અનફા સુનફા દુર્ધુરા યોગ.

અનફા વિધુથી બારમે, સુનફા બીજે હોય ;
બન્યો ગ્રહમાં દુર્ધુરા, રવિ વણ ગ્રહ જો કોય. ૩૩૫૧
સુખી ધની અનફા વિષે, સુનફા બુદ્ધિ નિધાન ;
શીલવંત જ્ઞાનીમહા, યોગ દુર્ધુરા માન. ૩૩૫૨

કેમ દ્રુમ યોગ.

શશિથી બીજે બારમે, હોય નહીં ગ્રહ કોય ;
કેમ દ્રુમ તેને કહે, મહા દરિદ્રી હોય. ૩૩૫૩

વેસી વોસી ઉભય ચરી યોગ.

વેસી રવિથી દ્વાદશે, બીજે વોસી પ્રમાણ ;
ઉભય ચરી બે થકિ થતો, શશિ વણ કોગ્રહ જાણ: ૩૩૫૪
બળ વિદ્યા ધનવંત અતિ, વેસીનૂં ફળ માણ ;
દયા ધર્મ વળિ જ્ઞાનયુત, વોસી તણા વખાણ. ૩૩૫૫
ઉભય ચરી વણ ચંદ્રમા, પડે યોગ સુવિવેક ;
અતિ સુખ પ્રાપ્તી દ્વારપર, ફરે લોક બહુ નેક. ૩૩૫૬

કંટકદ્રુમ યોગ.

રવિથી બીજે બારમે, કોઇ ગ્રહજ નહોય ;
કંટકદ્રુમ ત્હેને કહે, ફલ દરિદ્રતા જોય. ૩૩૫૭

ગજબંધ યોગ.

સ્વામી દશમા ધામનો, નવમાધિપની સાથ ;
કેન્દ્ર કોણ બીજે પડે, હોય વાજિ ગજ નાથ. ૩૩૫૮

છત્ર યોગ.

તનાં ધનર સપ્તમ નેત્રિજે, રુદ્રો સૂર્યો જાણ ;
[illegible] યોગ સપ્રમાણ. ૩૩૫૯

Scanned with CamSca

છત્ર યોગ જન્મેને પડે, તે જાતક ક્ષુળ ભાવિ ;
જો જન્મ્યો તે કૂળમાં, દંગે અધિક બતાવિ. ૩૩૬૦

રાજયોગ.

સ્વામી તનૂનો સબળ થૈ, કેન્દ્ર સ્થાનમાં હોય ;
કે પંચમ એકાદશે, આયુ વર્ષ શત જોય. ૩૩૬૧
વળી હોય ધનવાન અતિ, સુંદર વદન સુજોષ.
પુષ્ટ દેહથી રાજતો, નાયક શુભી વખાણ. ૩૩૬૨
એક જાતિના લગ્નમાં, ગમન કરે પરદેશ ;
તો તેનું કારજ સફળ, પૂજે જોષિ મહેશ. ૩૩૬૩
જો કદાપિ એ લગ્નમાં, એકો ભૂપતિરાજ ;
તો જાણો બહુ વર્ષ લગિ, કરે રાજ શુભ કાજ. ૩૩૬૪
શુક્રસુ બીજા ભુવનમાં, વળિ નવમે ગુરુ હોય ;
રહે રાહુ છટ્ઠે ભુવન, નિશ્ચય રાજા સોય. ૩૩૬૫
આયુ ધર્મમાં ગુરુ પડે, રાજનો સુપ્રધાન ;
બહુ સેનાનિત સંગમાં, કે જાણો ધનવાન. ૩૩૬૬
સૌમ્ય અને પંચમ નવમ, રાહુ અષ્ટ ગૃહ માન ;
કે દ્વાદશમે જાણ તે, રાજનોજ પ્રધાન. ૩૩૬૭

બહુ ઉચ્ચ ફૂલ.

એક ઉચ્ચ સુખ હોય અતિ, બેથકિ બહુ પરિવાર ;
ત્રણ અને ઉચ્ચથિ ભૂમિપતી, મહા મહીપતિ ચાર. ૩૩૬૮
પંચ ગૃહ જો ઉચ્ચતો, કરે ચક્ર જગ સાર ;
વિના રામ અવતાર એ, હોયનયોગ વિચાર. ૩૩૬૯
મકર સહિત ત્રણ ઉચ્ચ જો, એક લગ્નમાં લેખ ;
એ નિજ ગૃહના જાણિયે, વિના કૃષ્ણ નહિં પેખ. ૩૩૭૦

દારિદ્ર યોગ.

તાનથી બીજા ભુવનો, પતિ જો દ્વાદશ હોય ;
કે દ્વાદશનો જોડિજો, દારિદ્રી નર સોય. ૩૩૭૧

Scanned with CamScanner



ચેરા યોગ.

ત્રણ ગ્રહ હોયજ નીચના, તો તું ભેદ ચિત આણ;
નિશ્ચે તેહજ બાળને, ચેરા દાસ વખાણ. ૩૩૭૨

એકગ્રહપ્રતિ યોગ.

રવિથી મંગલ જો બિજે, કે દ્વાદશમે રેહ;
તો જાણો ધનવાન નર, વળી શૂરવિર તેહ. ૩૩૭૩
જો રવિથી બીજેજ બુદ્ધ, કે દ્વાદશમે નેક;
તો તે નર હરિચરણનું, રાખે ધ્યાન વિશેક. ૩૩૭૪
સૂરજથી બીજે ગુરૂ, કે દ્વાદશમે વાસ;
તો જાણો વિદ્યા બહૂ, રહે મહીપતિ પાસ. ૩૩૭૫
શુક્ર રવીથી જો બિજે, કે દ્વાદશમે માન;
મગન રહે નિશિદિન સદા, હોય બહૂ ધનવાન. ૩૩૭૬
જો રવિથી બીજે શની, કે દ્વાદશે પવિત્ર;
સેવક સ્ત્રી સુખ ભ્રાત અતિ, વળી હોય બહુ મિત્ર. ૩૩૭૭

દ્વીગ્રહ પ્રતિ યોગ.

જો રવિ શશિ બે ગ્રહ પડે, જાણો એકજ ધામ;
તો તે નરને ઓળખો, કરે કજાના કામ. ૩૩૭૮
રવિ મંગલ ગૃહ એકમાં, સૂમ નિર્દયી માન;
ભાનુ બુદ્ધ જો એક ગૃહ, હોય મહા ધનવાન. ૩૩૭૯
રવિ ગુરૂ જ્હેના એકગૃહ, મહાધની નરજોય;
કરે પત્નિ અતિ હેતને, વળી મિત્ર બહુ હોય. ૩૩૮૦
સૂર્ય શુક્ર જો એક ગૃહ, ચપળ શૂર સરદાર;
પડે એક ગૃહ ભાનુ શનિ, પરખે માણિક સાર. ૩૩૮૧
શશિ મંગલ જો એકગૃહ. હોય ચુગલ નર લેખ;
શશિ બુદ્ધ એક ગૃહજ તવ, બુદ્ધિ વિશેષજ પેખ. ૩૩૮૨
એક ઠામ શશિ ગુરૂપડે, અધિક કુટુમ્બી હોય;
ચંદ્ર શુક્ર જો એક ગૃહ, તો નૃપ મંત્રી સોહ્ય. ૩૩૮૩
ચંદ્ર શનિશ્ચર એક ગૃહ, વૃદ્ધપ્રિયા તવમાણ;
પર ખોળે તે બેસતાં, હય ગોપાળ પ્રમાણ. ૩૩૮૪

Scanned with CamSca

મંગલ બુદ્ધજ એક ગૃહ, તત્ત્વ વિષ્ણવા પતિ જાણુ ;
મંગલ ગુરુ જો એક ગૃહ, બોલે વચન પ્રમાણ. ૩૩૮૫
મંગલ ભૃગુ જો એક ગૃહ, પ્રિયા ઉપર નિત ચિત્ત ;
મંગલ શનિ જો એક ગૃહ, તો ન હોય પ્રિયવિત્ત. ૩૩૮૬
બુદ્ધ ગુરૂ ગૃહ એકતો, ચંચળ સત્ય સ્વભાવ ;
નારી હોય પતિવૃતા, પોતે મનથી રાવ. ૩૩૮૭
બુદ્ધ ભૃગુ ગૃહ એકતો, વાણિ મિષ્ટ પ્રિય માન ;
હોય બુદ્ધ શનિ એક ગૃહ, કરે સદા કલકાન. ૩૩૮૮
ગુરૂ ભૃગુ જો ગૃહ એકનો, હોય સુવિધાવાન ;
ગુરૂ શનિ જો ગૃહ એકતો, સેનાપતિ બળવાન. ૩૩૮૯
ભૃગુ શનિ જો ગૃહ એકતો, ધુત કર્મ ચિતધાર ;
મલ્લ પશુપતિ જાણિયે, કરે બહુ હિતનાર ૩૩૯૦
એક ધામ ગ્રહ જોટલા, પડયા જાણિયે મિત્ર ;
તેનો શુભ ફળ આપતા, ધર પન્ડિત મન ચિત્ર. ૩૩૯૧

અથ સૂર્ય દ્વાદશ ભાવ ફલં.

પડે ભાનુ લગ્નેજ તો, બાળક પણ દુ:ખ ;
વળી પ્રિયા કે પુત્રનું, કદીન દેખે સુખ. ૩૩૯૨
પડે ભાનુ બીજે ભુવન, તો સુતથી સુખ ચેન ;
વળિ તન લાંબું દુર્બળું, બહુ ધન રાતા નેન. ૩૩૯૩
વસે સદા પરદેશમાં, વિકટજ પંથ કઠોર ;
રાત્ર દિવસ ચિંતા રહે, જુસ્સો માત્ર ન જોર. ૩૩૯૪
ત્રીજે ગૃહ રવિ એકલો, જિવેન કોઈ ભ્રાત ;
સ્ત્રી પુત્રાદિથિ સુખરહે, બુદ્ધિવાન શુભ ગાત્ર. ૩૩૯૫
ચપલ ગવન ધનમાન અતિ, ચાહ્ય પરસ્ત્રીસાર ;
બહુ પરાક્રમ જાણ વળિ, વિધાવાન વિચાર. ૩૩૯૬
ચોથે ગૃહ જો રવિ પડે, જ્ઞાનવાન ગ્રિયગાન ;
સ્ત્રી સહીત આનંદમાં, બહુ વિધા ધનવાન. ૩૩૯૭
વળી ઘર તે હોય બહુ, છતે યુદ્ધ અપાર ;
કરે પ્રિતિ ભૂપતિ સકળ, વ્યાપે યશ તરવાર. ૩૩૯૮

Scanned with CamScanner

પડેભાનું ગૃહ પંચમેં, સુતસું રહે વિયોગ ;
કર્મ ધર્મ ચોટું કરે; રહે દેહમાં રોગ. ૩૩૯૯
વળી સભાચાતુર અધિક, તિક્ષ્ણ બુદ્ધિ બળવાન ;
જાણે વિદ્યા તંત્રની, વળી યંત્રની માન. ૩૪૦૦
પડે ભાનુ ૭ષ્ટે ભુવન, તો દુર્બળતન માન ;
બુદ્ધિવાન સુંદર વદન, ધર્મવાંન યસવાન. ૩૪૦૧
કરે ઘણું હિત કુટુમ્બે, પરમ ભક્ત હરિજન ;
પ્રિયા આપણી સું રમે, અવર ભાત ધરિમન. ૩૪૦૨
સપ્તમ ગૃહગ્રે રવિપડે, કરે પરસ્ત્રીય ભોગ ;
મહા અહંકારી કૃપણ, ગૃહસ્ત્રી સહે વિયોગ. ૩૪૦૩
અષ્ટમ ગૃહગ્રે રવિપડે, લંબશરીર દુખિસોક ;
કરે ચાકરી નીચની, રહે દામનો શોક. ૩૪૦૪
નવમે ગૃહગ્રે રવિપડે, ધર્મવાન નરમાન ;
બહુધન અતિ સુંદર યતી, વડું આયુ બળવાન. ૩૪૦૫
બાળાપણુમાં હોય બહુ, રોગ કષ્ટ અતિદુઃખ ;
તરુણ અવસ્થા થાયતવ, પામે તનથી સૂખ. ૩૪૦૬
દશમે ગૃહગ્રે રવિપડે, બહુસુખ લધુ આહાર ;
ગર્વ બાળપણ વૃદ્ધમાં, થાય વિરુદ્ધ વિચાર. ૩૪૦૭
એકાદશગૃહ રવિપડે, રહે મહીપતિ પાસ ;
બુદ્ધિવાન અતિ દુર્બળો, બહુધન સેવક દાસ. ૩૪૦૮
કરે પ્રીતિ પ્રિય કુટુમ્બથિ, સ્ત્રીસું રાખી હેત ;
એકચિત્ત કદી નહીં, જ્યોતિષિ એ કહિદેત. ૩૪૦૯
દ્વાદશ ગૃહમાં રવિપડે, અધિક દયા બુદ્ધિવાન ;
નયનરોગ દુખ દેહમાં, પામે કષ્ટ નિદાન. ૩૪૧૦

ચંદ્રભાવફલં.

તન ગૃહમાં જો ચંદ્રમા, સુંદર રાશિ સમજાણ ;
સ્ત્રીસું રાખે હેત અતિ, મહાધની નિર્માણ. ૩૪૧૧
કુરગ્રહ સંગ ચંદ્રમાં, જો લગ્ને હરિ રેહ ;
મૂરખ કરખાણી સદા, દારિદ્રી નર તેહ. ૩૪૧૨

Scanned with CamScanner

જો બીજે ગૃહ શશિ પડે, અતિ સુંદર મુખમાંન;
બુદ્ધિવાન બહુધન ચતુર, વળી થાય યશવાન. ૩૪૧૩
હોય સુધાકર નીચનો, કે શનિ ગૃહનો હોય;
કે દૃષ્ટિ ક્રુર ગૃહતણી, તો અર્ધૂ ફળ જોય. ૩૪૧૪
જો ત્રીજે ગૃહ શશિ પડે, સ્ત્રીરાખે બહુ હેત;
સકળ વસ્તુથી સુખ રહે. વિદ્યા મિત્ર સમેત. ૩૪૧૫
અબળ હોય શશિ જાણિયે, જીવે ક્રોધન જ્ઞાત;
વળી મૂઢ અતિ હોય તે, કહિન સમજે વાત. ૩૪૧૬
ચતુરભુવન શશિ સ્ત્રીયહિત, વળિ સુખમાન પ્રમાણ;
ક્રુર હરતી સંયુક્ત જો, અબળ અર્ધસુખ જાણ. ૩૪૧૭
પંચમ ગૃહ શશિ મૂઢ અતિ, સ્ત્રી સુતનું સુખ લેખ;
પ્રથમે કન્યા પ્રાપ્તિ કહિ, અબળા દરિદ્રિ પેખ. ૩૪૧૮
શશિ છઠ્ઠે ગૃહ જો પડે, બોલે વચન દુરુક્ત;
દયાહીન શત્રૂ અધિક, રોગી આળસ યુક્ત. ૩૪૧૯
સપ્તમ ગૃહ શશિ જાણવું, બહુધન સુંદર દેહ;
પામે સુંદર નારનો, તે પવિત્ર શુભ સ્નેહ. ૩૪૨૦
અબળા હોય શશિ સપ્તમે, સદા રોગ તન જાણ;
વળિ તેની રોગી પ્રિયા, જ્યોતિષિ કહે સુજાણ. ૩૪૨૧
પડે સોમ ગૃહ અષ્ટમે, રોગી ચોર વખાણ;
ચિત્તભાંત ઉદ્વેગ નિત, દારિદ્રી અતિ જાણ. ૩૪૨૨
નવમે ગૃહ જો શશિ પડે, હોય મહા ધનવાન;
રાખે સ્ત્રી સું હેત અતિ, ધર્મ ધ્યાન બહુ માન. ૩૪૨૩
પડે નવમ ગૃહ અબળ શશિ, હોય મૂઢ અજ્ઞાન;
રડને હાય સદારહે, મહાદરિદ્રિ સમાન. ૩૪૨૪
હોય સોમ દશમે ભુવન, બુદ્ધિવન્ત ધ્રિયમાન;
સ્ત્રી સહ આનંદે રહે, સદા સુખી ધનવાંન. ૩૪૨૫
અબળ હોય નિશિનો પતી, જો ઋદ્ધિ દશમસ્થાન;
રહે રાત્ર દિન શોકમાં, દેહ દુર્બળી માન ૩૪૨૬
પડે સોમ અગિયારમે, ધન સેવક બહુ જાણ;
દેહ દુર્બળી અબળ તો, મૂર્ખ દરિદ્રિ પ્રમાણ. ૩૪૨૭

Scanned with CamSca

દ્વાદશમે ગૃહ શશિ સુખી, ધાર્મિક અને નિરોગ ;
અબળ શોક દારિદ્રતા, એક આંખમાં રોગ. ૩૪૨૮

ક્ષોભ ભાવ ફલં.

તન ગૃહમાં મંગળ પડે, લહે બાળપણ દુઃખ ;
તન કાળું વળિ દુર્બળું, હોયન સુતનું સૂખ. ૩૪૨૯
ચુગલ ચપળ વળિ સુખ અતિ, કફની દેહજ હોય ;
નારી તેહની નવ જિવે, સુણો મિત્ર સૌ કોય. ૩૪૩૦
ક્રિયા કર્મ નિજનારનાં, કરે આપણો હાથ ;
એરિત સ્ત્રી નિજ પુરુષથી, સદા વિયોગી ગાય. ૩૪૩૧
બીજે ગૃહ મંગલ પડે, દારિદ્રતાજ દુઃખ ;
દેણદાર નિશિદિન રહે, કદીન પામે સૂખ. ૩૪૩૨
વળી રહે પરદેશમાં, દુર્બળ શરિર પ્રમાણ ;
કાર્ય ક્ષેત્ર ખેતીકરે, સદા ગવન ચિત આણ. ૩૪૩૩
ત્રીજે ગૃહ મંગલ પડે, હોય સદા સુખી લોક ;
વળી હોય તે નીચ તો, રાત્ર દિવસ અતિ શોક. ૩૪૩૪
ચોથે ગૃહ કુજ મિત્ર બહુ, વાહનનું અતિ દુઃખ ;
રહે સદા પરદેશમાં, લહે કદી નહિં સૂખ. ૩૪૩૫
પડે ભોમ અહ પાંચમે, જિવેન તહેને તન્ન ;
સબળ હોય જો ભોગતો, એક જિવે ધરમન્ન. ૩૪૩૬
મંગલ છઠે ભુવન જો, સુત ધન સુખ રહેજાણ ;
કદી.હોય તે અબળ તો, થાય મૂઢમતિ જાણ. ૩૪૩૭
સપ્તમ ગૃહ મંગલ પડે, સ્ત્રી ચિન્તા નિત ચિત્ત ;
અબળ હોય તો નારિથી, રહે વિયોગી નિત્ત. ૩૪૩૮
અષ્ટમ ગૃહ મંગલ પડે, હોય ચપળ લઘુદાન ;
સુત ચિન્તા નિશિ દિન રહે, મૃત્યુ ક્ષેત્ર સ્થાન. ૩૪૩૯
નવમે ગૃહ મંગલ પડે, જાણતું લિંગક યોગ ;
તન દુર્બળ ધીમંત પ્રિય, બહુધન સુત સુખ ભોગ. ૩૪૪૦
દશમ ગૃહે મંગલ પડે, કરે સદા ઉપકાર ;
દ્રવ્યવાન ઉત્સાહ યુત કુળમાં શ્રેષ્ઠ વિચાર. ૩૪૪૧
એકાદશ ગૃહ ભોમતો, કર્મવાન જિવ જાણ ;

Scanned with CamScanner

કરે તાત માતા તણી. સેવા ચતુર સુજાણ. ૩૪૪૨
દ્વાદશમે ગૃહ ભોગતો, કરે મિત્રનું દ્વેશ ;
તેજહીન વળિ ક્રોધ સહ, ખરચે દ્રવ્ય વિશેષ. ૩૪૪૩

શુદ્ધ ભાવ ફલં.

પડે શુદ્ધ તન ભુવનતો, મિષ્ટ વચન પ્રિયમાન ;
કરે હિત બહુ કુટુમ્બથી, ધર્મવાન ધીમાન. ૩૪૪૪
બીજે ગૃહ જો શુદ્ધતો, કાવ્ય કુશળતા માન ;
કાન્તિ યુક્ત ધનવાન અતિ, વિમળ શીળ ગુણવાન. ૩૪૪૫
શુદ્ધ ભુવન બેઠો ત્રીજે, કરે પુણ્ય લઘુદાન ;
હોય બહુ સેવક પ્રિયા, ધન યૌવન સન્માન. ૩૪૪૬
ચોથે ગૃહગત જો શુદ્ધ તો, નૃત્ય ગાનમાં પ્રિત ;
ધન ધાન્ય વિદ્યા બહુ, મળેજ મિત્ર પુનીત. ૩૪૪૭
જો કદિસંગે રાહુ કે,–રવિસુત કે-કુજ હોય ;
તો તે નરને જાણિયે, ભાતન જીવે કોય. ૩૪૪૮
રહે શુદ્ધ પંચમ ભુવન, ચાતુર કવિ ગુણવાન ;
બહુ પુત્ર સુખમાં વળી, હોય રાજ સન્માન. ૩૪૪૯
પડે શુદ્ધ છઠ્ઠેભુવન, હોના રિપુ બહુ જાણ ;
આળસ સહ વ્યાકુળ સદા, જ્યોતિષિ કહે સુજાણ. ૩૪૫૦
શુદ્ધ પડે સપ્તમ ભુવન, પામે સુંદર વાગ ;
શીળવંત સત્યવાક્ય મુખ, સદા વિભવતે ભાગ. ૩૪૫૧
શુદ્ધ અષ્ટમે આયુ બહુ, વળી રાજ સન્માન ;
પામે તે નર મૃત્યુ શુભ, કાશી ગંગા સ્થાન. ૩૪૫૨
નવમે શુદ્ધ સુપુત્ર બહુ, પરોપકારી હોય ;
સદા ધર્મમાં તે રહે, મહાધની સુખજોય. ૩૪૫૩
દશમે શુદ્ધ કરેજ તે, બહુ પુણ્ય વળિ દાન ;
સેવામાં અતિચિત રહે, તાત માતની માન. ૩૪૫૪
શુદ્ધ પડે અગીયારમે, ઘીસું અતિ હિત આપ ;
સદારહે આનંદમાં, વિદ્યા લાભ પ્રતાપ. ૩૪૫૫
પડે શુદ્ધ ગૃહ બારમે, ચાહે પરધન નાર ;
મલિન ધૂર્ત નિર્દયમહા, જ્યોતિષશાસ્ત્ર વિચાર. ૩૪૫૬

Scanned with CamSca

ગુરૂ ભાવ ફૂલ.

તનુગૃહમાં જો ગુરુ પડે, બહુ વિદ્યા ધનવાન;
કરે પ્રિતિ ભૂપતિસકળ, અતિ ઉદાર સહ જ્ઞાન. ૩૪૫૭
સુરગુરુનો બીજે ગૃહે, મગન રહે દિન રેણિ;
હોય ધની અતિ અલંકૃતિ, વદે જ્યોતિષિ કહેણિ. ૩૪૫૮
ત્રીજું ગૃહમાં ગુરુપડે, અતિ કૃતઘ્ની તે માન;
રાખે પ્રીતિ ન કુટુમ્બમાં, મહાકૃપણ ધનવાન. ૩૪૫૯
ચોથે ગૃહ ગુરુ જો પડે, હોય પ્રિયા સુત સૂખ;
સદારહે આનંદમાં, કદીન દેખે દુઃખ. ૩૪૬૦
પંચમ ગૃહમાં ગુરુ પડે, પ્રિયા પુત્ર બહુ હોય;
વિશાળ તન ધીમાન અતિ, સદા વિભવ જન જોય. ૩૪૬૧
છઠે ગૃહ ગુરુ જો પડે, હોને રિપુ બહુ જાણ;
અબળ હોયતો દેહમાં, રોગ કષ્ટ નિર્ગાણ. ૩૪૬૨
સપ્તમ ગૃહ ગુરુ જો પડે, અતિઆનંદ નિધાન;
મિષ્ટ વચન ચાહેપ્રિયા, બુદ્ધિવાન ધનવાન. ૩૪૬૩
અષ્ટમ ગૃહ જો ગુરુપડે, ચાકર દીન કૃપીણ;
આળસ યુક્ત રહે સદા, નિર્વિવેક તન ક્ષીણ. ૩૪૬૪
નવમે ગૃહ જો ગુરુ પડે, હોય મહા ધનવાન;
રાખે હિત બહુ કુટુમ્બે, કરે પુણ્ય અતિ દાન. ૩૪૬૫
વળી લહે પદવી વડી, કર્મવાન ધનવાન;
સદા રહે આનંદમાં. હોય મહા બળવાન. ૩૪૬૬
દશમે ગૃહ જો ગુરુ પડે, રાજ ચિહ્ન સહમાન;
ઉત્તમ વાહન કુટુમ્બી, દયા ધર્મ યશવાન. ૩૪૬૭
પડે ગુરૂ એકાદશે, સામર્થી બહુ જોય;
વસ્ત્ર રત્ન વાહન અધિક, રાજ કૃપાથી હોય. ૩૪૬૮
પડે ગુરુ ગૃહ દ્વાદશે, રહે રોગ દિન રેણ;
દાન પુણ્ય થોડું કરે, જ્યાંહાં ત્યાંહાં વેણ. ૩૪૬૯

શુક્ર ભાવ ફૂલ.

પડે શુક્ર જો લગ્નમાં, કરે પુણ્ય બહુ દાન,
પ્રસન્ન વદન પ્રિય પ્રીતિમન, વિદ્યા ધન યશવાન. ૩૪૭૦

Scanned with CamScanner

શુક્ર બીજે ભુવને પડે, સ્ત્રીસું રાખે હેત ;
અણચિન્ત્યું ધન પામતો, શ્રીધીમાન સચેત. ૩૪૭૧
ત્રીજેગૃહ ભૃગુનો પડે, હોય કૃસિત ધનહીન ;
અપ્રિય વચન વદે સદા, કામી મલા મલીન. ૩૪૭૨
જો ભૃગુ ચોથે ગૃહ પડે, હોય પ્રિયા બહુ પુત્ર ;
રહે ભક્તિ ગુરુ દેવમાં, વળી હોય બહુ મિત્ર. ૩૪૭૩
પડે શુક્ર પંચમ ભુવન, કાવ્ય કળારુચિ જેમ ;
ચતુર ધની અતિ જાણિયે, રસિક વિલાસી હોય. ૩૪૭૪
છઠ્ઠે ગૃહ ભૃગુ જો પડે, કરે સ્ત્રીયોની વાત ;
હોય શત્રુ તેના અધિક, વિશ્વમાંહ્ય સુણ ભાત. ૩૪૭૫
સપ્તમ ગૃહ ભૃગુ જો પડે, હોય પ્રિયા સુત મૂખ ;
બહુધન આનંદી રહે, દેખે કદીન દુઃખ. ૩૪૭૬
અષ્ટમ ગૃહ જો શુક્ર તો, અતિ પ્રસન્ન મુખમાન ;
સ્ત્રી સુતની ચિન્તા સદા, વળિ નિશંક બળવાન. ૩૪૭૭
નવમેગૃહ ભૃગુ હોયતો, ભાગ્યવાન ઉરચાણ ;
નિશિદિન મન આનંદમાં, ધર્મવાન ગુણિ જાણ. ૩૪૭૮
દશમ ગૃહે કદિ શુક્રનો, રહે સુખી દિન રેન ;
સ્ત્રીસુતસું અતિ પ્રીતિનિત, મલાધની મન ચેન. ૩૪૭૯
પડે ભૃગુ જોકાદશે, નૃત્ય ગાન રુચિ હોય ;
દ્રવ્યાગમન સદા રહે, ધર્મવાન નર જોય. ૩૪૮૦
દ્વાદશમે ગૃહ ભૃગુ પડે, રહે જ ચિત્ત મલીન ;
ક્રોધી વળી વિરોધિ સહ, કામી સસ વિહીન. ૩૪૮૧

શની ભાવ ફલં.

શનિ તન[1] ગૃહમાં જો પડે, લગ્ન તુલા વા મીન ;
હોય નૃપતિ જગમાં વિદિત, જે કુલદિપક પ્રવીણ. ૩૪૮૨
મકર કુમ્ભમાં ધન બહુ, અન્ય રાશિમાં દુઃખ ;
તનમાં રોગ સદા રહે, કદી ન દેખે સુખ. ૩૪૮૩
પડે શનિશ્ચર જો બિજે, દેશાન્તરમાં જાય ;
તો પામે અતિ દુઃખ તે, નહિંતો દુખી ગણાય. ૩૪૮૪

Scanned with CamSca

પડે શનિશ્ચર જોત્રિજે, વાહનાઢ્ય નૃપ માન ;
પાળે બહુ જનને સદા, વિક્રમ સમ બળવાન. ૩૪૮૫
પડે ભુવન ચોથે શની, દારિદ્રી ઉરઆણ ;
વળિ કુશીલ દુર્બળ પ્રકૃતિ, વાત પિત્ત મય જાણ. ૩૪૮૬
પડે શનિશ્ચર પાંચમે, મહા મૂઢમતિ જાણ ;
વિત્તહીન રોગીસદા, પુત્ર સૌખ્યની હાણ. ૩૪૮૭
છઠ્ઠે હોય શનિશ્ચરસુ, ત્હેને શત્રુન કોય ;
પુષ્ટ અંગ બળવાન તે, સદાસૂખી નર હોય. ૩૪૮૮
પડે શનિશ્ચર સપ્તમે, સ્ત્રીનું દુખ બહુ જાણ ;
હીન વૃત્તિ બળહીન પણ, મકર કૂમ્ભ સુખ માણ. ૩૪૮૯
પડે શનિશ્ચર આઠમે, કૃષતન આળસ યુક્ત ;
હોય વાયુ ઇત્યાદિ વળિ, કહું સંતોષ વિમુક્ત. ૩૪૯૦
નવમ ગૃહે શનિ જો પડે, ધર્મ કર્મ મતિ હીન ;
કામ શક્તિ નહિ તન વિષે, રહે સદાજ મલીન. ૩૪૯૧
તુલા મીનનો હોય તો, ધર્મ કર્મ પર પ્રીત ;
સુખી ધની મોસાળથી, વિદ્યા જ્ઞાન વિદીત. ૩૪૯૨
દશમ ગૃહે શનિ ઉચ્ચતો, બુદ્ધિવાન ધનવાન ;
હોય શનિશ્ચર નીચ તો, દારિદ્રી નર માન. ૩૪૯૩
એકાદશ ભુવને શની, લહે સભામાં માન ;
હોય શનિશ્ચર નીચતો, મળે અર્ધ સન્માન. ૩૪૯૪
પડે શનિશ્ચર દ્વાદશે, દયા ન રાખે ચિત્ત ;
નીચ સંગતી નિતરહે, કદી હોય નહિં વિત્ત. ૩૪૯૫
કદી બારમે સ્વગૃહી, હોય શનિશ્ચર જાણ ;
ધન આવે ખરચે અધિક, જ્યોતિષિ કરે વખાણ. ૩૪૯૬

રાહુ કેતુ ભાવ ફલં.

રાહુ કેતુ લગ્ને પડે, સુણો જોતિષિ મિત્ર ;
રહે રોગ તનમાં સદા, વળિ દરિદ્ર અપવિત્ર. ૩૪૯૭
રાહુ કેતુ બીજે ભુવન, તો ત્યાં ધન નવ હોય ;
વિપત્તિમાંહ્ય સદારહે, કદીન સુખ તે જોય. ૩૪૯૮

Scanned with CamSca

રાહુ કેતુ ત્રીજે ભુવન, જીવે નહિં કો ભ્રાત ;
સકળ અરિષ્ટ નાશક ઠરે, શરિર સુખી શુભ વાત. ૩૪૯૯
રાહુ કેતુ ચોથે ભુવન, હોય દ્રવ્યનું દુઃખ ;
વળી ભ્રાત સુત માતનું, કદીન દેખે સૂખ. ૩૫૦૦
રાહુ કેતુ પંચમ ભુવન, જિવેન પુત્ર પ્રમાણ ;
પડે રાહુ જો ઉચ્ચનો, હોય ધનાઢ્ય વખાણ. ૩૫૦૧
રાહુ કેતુ પષ્ટમ ભુવન, ત્હેને શત્રુ ન કોય ;
પામે પદ્વી ઉચ્ચની, દ્રવ્ય માન અતિ હોય. ૩૫૦૨
રાહુ કેતુ સપ્તમ ભુવન, તવ ખુશિમાં તે લેખ ;
પુણ્ય દાન થોડું કરે, પ્રિયાન જીવે પેખ. ૩૫૦૩
રાહુ કેતુ અષ્ટમ ભુવન, રોગવાન તે માન ;
ચપળ શૂરવિર તે ખરો, બુદ્ધિવાન ધનવાન. ૩૫૦૪
રાહુ કેતુ નવમે ભુવન, હોય ચુગલ બહુ જાણ ;
દાન પુણ્ય કદિ નવ કરે, જન્મારેજ સુજાણ. ૩૫૦૫
રાહુ કેતુ દશમે ભુવન, રહે નિધન નર લેખ ;
ધરે ચિત્ત પરદ્રવ્યમાં, પામે સુખ નવ પેખ. ૩૫૦૬
રાહુ કેતુ એકાદશે, ગજ ઘોડા બહુમાન ;
કદીરાહુ હોયે અબળ, તોન એહ સન્માન. ૩૫૦૭
રાહુ કેતુ ગૃહદ્વાદશે. પડે કરે લઘુ દાન ;
એક માર્ગ ખર્ચેજ ધન; ઉપકારી ગુણવાન. ૩૫૦૮
રાહુ ત્રિજે છઠ્ઠે અને, એકાદશે નિદાન ;
મકર કન્યા વૃષભ મિથુન, કર્ક મેશ શુભ માન. ૩૫૦૯

ગ્રંથાન્તરે ભાવ સમાસ વિચાર.

પોતાનો સ્વામી અને, શુભગ્રહો યુત સાર ;
શુભગ્રહોયે જોયલા, ભાવનિ વૃદ્ધિ વિચાર. ૩૫૧૦
પાપગ્રહોયે હાનિ વળિ, મિશ્રથિ મિશ્ર વખાણ ;
એ રિત ભાવ વિચારતા, જ્યોતિષિ સર્વ સુ જાણ. ૩૫૧૧
ઉચ્ચરાશિ વા મિત્ર ગૃહ, રહેલ ગ્રહ કહું નેક ;
ભાવતણી અતિ પુષ્ટિ કર, જ્યોતિષિ જાણ વિશેક. ૩૫૧૨

Scanned with CamSca

શત્રુ વા નિચ રાશિમાં, રહેલ ગ્રહથી નાશ ;
ભાવ તણા બીજા અને, પંચમ કેન્દ્ર તપાસ. ૩૫૧૩
જો શુભ પાપ ગ્રહો અને, મિશ્ર મળે કે જોય ;
અનુક્રમ વૃદ્ધિ હાની અને, મિશ્રપણું તવ હોય. ૩૫૧૪
ભાવ સ્વામિ ત્રિક ભુવનમાં, ત્રિકસ્થાનનો ભાવ ;
માંહ્ય હોય તે ભાવનો, નાશ જ્યોતિષિ બતાવ. ૩૫૧૫
ભાવ તણો સ્વામી કદી, શત્રુ નીચ વા અસ્ત ;
પામ્યો નહિં શુભ યુક્ત તે, જોય ન તવ ઉદવસ્ત. ૩૫૧૬

ધન પ્રાપ્તી વિચાર.

લગ્ન અને શશિથી કદી, દશમે રહ્યલા સાર ;
સૂર્યાદિ ગ્રહો અનુક્રમે, જો ધન પ્રાપ્તિ વિચાર. ૩૫૧૭
પિતા માત શત્રુ અને, મિત્ર ભાઇથી જાણ ;
વળિ સ્ત્રી સેવકથી કરે, ધન પ્રાપ્તિજ પ્રમાણ ૩૫૧૮
લગ્ન અને શશિથી કહૂં, દશમે ગ્રહ નવ કોય ;
તવ લગ્ન ચંદ્ર સૂર્યથી, દશમ સ્વામિ જે હોય. ૩૫૧૯
તે નવમાંશ રાશી રહ્યા, સ્વામિનિ વૃત્તિ જાણ ;
એ રિત ધન પ્રાપ્તિ તણા, દલપતિ કરે વખાણ. ૩૫૨૦
નવમાંશ તણો સ્વામિજો, સૂર્ય હોય તવ લેખ ;
સુવર્ણ ઉર્ણ અને કહૂં, મંત્રોપદેશ પેખ. ૩૫૨૧
અથવા વૈદ્યક સુગંધી, વસ્તુ મોતિ મણિનેક ;
વ્યાપારે શુભ વૃત્તિથી, ધન પ્રાપ્તિ સુવિશેક. ૩૫૨૨
નવમાંશ તણો સ્વામિ શશિ, રાજ્યાંગનાથિ સાર ;
આશ્રય મળતો મોતિ વળિ, પ્રવાલ શંખ વિચાર. ૩૫૨૩
વાણિ વિનોદિત માર્ગ જળ, વિષે પદાર્થ ઉત્પન્ન ;
તેહતણો વ્યાપાર વળિ, કૃષિથી પ્રાપ્તી ધન્ન. ૩૫૨૪
કુજ સ્વામિ નવમાંશ તો, ખડ્ગ ચક્ર તરવાર ;
અગ્નિ ક્રિયા મનસિલ અને, હરિતાલ ખનિજ સાર. ૩૫૨૫

Scanned with CamSca

દ્વિગળોક્ત અંજન થકી, ધન પ્રાપ્તીજ સુજાણ;
જો નવાંશપતિ બુદ્ધનો, ગણિતાક્ષરે વખાણ. ૩૫૨૬
કાવ્ય ચિત્ર સિલ્પક્રિયા, વેદાધ્યયનજ નેક;
ધંન પ્રાપ્તી કરતો સુધડ, આમહ રાખિ વિશેક. ૩૫૨૭
ગુરુ નવમાંરો સ્વામિ તવ, ધર્મોપદેશ ધ્યાન;
પુરાણ વાર્તા દેવને, બ્રાહ્મણ પંડિત માન. ૩૫૨૮
તીર્થોપવાસ ગુરુ તણી, સેવનાર્થિ અભિરામ;
ધન પ્રાપ્તી શુભ જાણુથી, મોક્ષપદે વિશ્રામ. ૩૫૨૯
શુક્ર નવાંશ પતિજ તવ, ગજ હય મહિષી ગાય;
જવાહિર સુવર્ણ રજતથી, પ્રાપ્તી સુલભ ગણાય. ૩૫૩૦
રવિજ નવાંશે સ્વામિ તવ, કાસદ મજૂર લેખ;
વૈવરાર્થિ પ્રાપ્તી કહી, વિપ્રજ્યોતિષિ પેખ. ૩૫૩૧
ધન પ્રાપ્તી સુપ્રકારમાં, કહ્યા પ્રમાંણે સાર;
સૂર્ય ઉચ્ચ સ્વપરાક્રમે, ધન પ્રાપ્તી સુવિચાર. ૩૫૩૨
છઠ્ઠાનો સ્વામી જિન્જે, તવ કાષ્ટાદિક મહાણ;
વેચવાનિ વૃત્તી થકી, ધન પ્રાપ્તીજ પ્રમાણ. ૩૫૩૩
શુભગ્રહોની દ્રષ્ટિયે, દીન સોમ જોવાય;
તવ ચાકર કે ભિક્ષુકી, એ રિત પ્રાપ્તી જોય. ૩૫૩૪
નીચ અને અસ્તાંશને, પામેલા ગ્રહ સર્વ;
શુભ દશમ ભુવન વણ રહ્યા, ભિક્ષુક માગે પર્વ. ૩૫૩૫
લગ્ને શશિ કેન્દ્રે રવિજ, ગુરુ દ્વાદશેજ જાણ;
તે પણ ભિક્ષુક જાણવો, જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણ. ૩૫૩૬
અંશ વિષે જો શુક્રને, સૂર્યે જોયો હોય;
તવ તે સેવક રાજનો, ચતુર જ્યોતિષી જોય. ૩૫૩૭
શુભ ગ્રહ દ્રષ્ટિ વિશેષ જય, દલપતિ દશમે ધામ;
તવ તે સુખિ ધનિ સેવકો, પુત્ર પ્રિયા અભિરામ. ૩૫૩૮

Scanned with CamScanner

રક્ત કોપ.....	કાન્તિમાન મુખ....	કાન્તિમાન મુખ.	કાન્તિમાન મુખ....	અતિદુઃખદાયક.
દુખપ્રાપ્ત ધનનાશ.	વિવિધસંપત્તિ પ્રાપ્ત.	વિવિધ સંપત્તિ પ્રાપ્ત.	વિવિધ સંપત્તિ પ્રાપ્ત.	દુઃખપ્રાપ્ત ધનનાશ.
કોપ યુક્ત.....	સમૃદ્ધિ વાન.	સુબુદ્ધિવાન.	વિવિધ વેષધારી. ...	સ્ત્રીને પ્રિયકર.
શરીરે વિશેષ પીડા.	સુખભોગી.	સુખભોગી.	સુખભોગી.....	શરીરે વિશેષ પીડા
સંતતિ ઘાવ નહીં.	પુત્ર સંતતિ અલ્પ.	વિશેષ પુત્ર પ્રાપ્ત.	વિશેષ પુત્ર પ્રાપ્ત.	સંતતિનાશ વાઘાવનહીં
શતરૂ નાશ.	બુદ્ધિહીનઘણોજરોગી	શરીરે વિકળ.	બુદ્ધિહીનઘણોજરોગી	શતરૂગ્રહે પુજ્ય ગણાશે
સ્ત્રીદુષ્ટકર્મી સંતતિ અલ્પ.	સ્ત્રી રૂપવાન મનોહર બહુ પુત્ર.	સ્ત્રી રૂપવાન મનોહર બહુ પુત્ર.	સ્ત્રી રૂપવાન મનોહર બહુ પુત્ર.	સ્ત્રી દુષ્ટકર્મી સંતતિ થોડી.

ધિ, શસ્ત્રઘાતથી શરીરપીડા, સુખરહિત રોગી, માટે જે ગ્રહ
તેની ભક્તિ, વા પુજન, દાન, જપ કરાવવાથી શાંતિ.

અધર્મિ દુષ્ટમતિ ... દુઃશીલ.	નિરંતર ધર્મ પ્રવૃત્તિ. કાન્તિમાન.	નિરંતર ધર્મ પ્રવૃત્તિ.	નિરન્તર ધર્મ પ્રવૃત્તિ.	અધર્મી, દુષ્ટબુદ્ધિ બુદ્ધિહીન.
દુષ્ટકર્મી કુપુત્રિવાન.	વિવેકયુક્ત સુંદર	શુભ કર્મ કર્તા. ...	સંપત્તિવાન.	ઘણોજ દુષ્ટકરર્મિ કુપુત્રવાન.
પૃથ્વીપતિથી લાભ.	સ્વભાવ.	ધનવાન આયુષ્યવાન	ગુણવાન:	સારી કીર્તિ મેળવનાર.
પાપાચરણી	ગતધની.....	કૃસાંગ હોય.	વ્યાધિસ્થ.....	તિવ્રતા વાન.

Scanned with CamSca

ગ્રંથાન્તરે સ્ત્રી જાતક.

હરિગીત છંદ.

સ્ત્રી જાતકમાં સ્ત્રી શરિર સુખ લગ્ન ચંદ્રથિ જાણવું,
સૌભાગ્ય ભુવન કલત્રથી૭ વૈધવ્ય મૃત્યુથિ૮ પ્રમાણવું;
વિષમ રાશિમાં લગ્ન અને શશિ હોયતો સ્ત્રિ પુરૂષ સમી,
સમ રાશિમાં કદિ હોય તો સ્ત્રિ સ્વભાવમાં નહિં ગણુ કમી. ૩૫૩૯

દોહરા.

લગ્ન ચંદ્ર બે શુભ ગ્રહે, જોયાથી સુસ્વભાવ;
પાપગ્રહે જોયા થકી, ત્રિણ ગુણ રૂપ બતાવ. ૩૫૪૦
લગ્ન અને કહું ચંદ્રમા, બળ વિશેષ પામેલ;
તેહતણા ત્રીશાંશમાં, કૂળ શુભ કારિ ઠરેલ. ૩૫૪૧
શુક્ર કુજકે શનિ રાશિના, લગ્ને ચંદ્ર નિવાસ;
પાપગ્રહે જોયેલ તો, માત સહિત તે ખાસ. ૩૫૪૨
પરપુરૂષસું વિલાસતાં, જ્યોતિષિ જણે કોય;
વળિ કુજ રાશી અંશમાં, કલત્ર ભુવનજ હોય. ૩૫૪૩
જો શનિએ જોયેલ તો, રોગ યુક્ત ભગ જોય;
શુભ રાશીના અંશમાં, કલત્ર ભુવનજ રહોય. ૩૫૪૪
વળિ શુભ ગ્રહજ નિરિક્ષતા, સુભગ ગણે સૌ કોય;
શુભગ્રહ જોયું સપ્તમું, રવિરાસ્યાંશજ હોય. ૩૫૪૫
તવ તે સ્ત્રીનો સ્વામિ જો, મંદ કામિ ઉર આણ;
શશિરાસ્યાંશે જો કદી, કલત્ર કામિ સુ જાણ. ૩૫૪૬
કલત્ર કુજરાસ્યાંશમાં, સ્વામિ ક્રોધ મય જાણ;
બુદ્ધરાસ્યાંશે હોયતો, વિદ્યાવાન વખાણ. ૩૫૪૭
ગુરૂરાસ્યાંશ કલત્ર તો, સ્વામિ જિતેન્દ્રિય લેખ;
શુક્રરાસ્યાંશે તવ પતી, સ્વરૂપ ભાગ્યવત પેખ. ૩૫૪૮
શનિરાસ્યાંશ કલત્ર તો, ધરડો ભૂખે વિચાર;
એ રિત સપ્તમ ભુવનનો, કહ્યો સુધડ વિસ્તાર. ૩૫૪૯
ચંદ્ર શુક્ર લગ્નેજ તો, સુખિ પણ ઈર્ષા ભાવ;
ચંદ્ર બુદ્ધ લગ્નેજ તો, સગ્રહિ સુખી બતાવ. ૩૫૫૦

Scanned with CamScanner

બુદ્ધ શુક્ર લગ્ને જતો, કળાકુશળ બહુ બ્હાલિ ;
લગ્ને શુભગ્રહ હોય તો, અનહદ સુખ ગુણ વાંળિ. ૩૫૫૧
વૃષભ સિંહ કન્યા અને, વૃશ્ચિકમાં શશિ વાસ ;
તો તે સ્ત્રીને સંતતી, ઓછિ જાણવી ખાસ. ૩૫૫૨
મંગલ બુદ્ધ ગુરૂ અને, શુક્ર સુબળ પામેલ ;
હોય જ્યોતિષી તો કહો, બ્રહ્મ નિષ્ણાત ઠરેલ. ૩૫૫૩
પાપ ગ્રહે જોયેલ કદિ, પાપ રાશિનાં કલત્ર ;
હોય ન તેહને છોકરાં, કહો જ્યોતિષી અત્ર. ૩૫૫૪
સપ્તમ સ્થાને એકકે, વધુ શુભગ્રહ જો હોય ;
રાજાની તે જાનિતી, રાણી જગ જન જોય. ૩૫૫૫
સપ્તમ ભુવને રાહુ તો, કુલ કલંક દેનાર ;
લગ્ન શશિથિ સપ્તાષ્ટમે. પાપગ્રહથિ વિધવાજ. ૩૫૫૬
શુભગ્રહે નવ જોયલા, લગ્ન ચંદ્ર નિર્ધાર ;
પાપગ્રહ વચ્ચેજતો, ઉભયકુલ નાશક નાર. ૩૫૫૭
સપ્તમ ભુવને કર્કના, રવિ મંગલ જો હોય ;
પર પુરૂષે આશક્ત તે, ચતુર જ્યોતિષી જોય. ૩૫૫૮
પાપગ્રહે જોયેલ કદિ, સપ્તમ મંગલ વાસ ;
બાળરાંડ તે જાણવી, જ્યોતિષિ કરો તપાસ. ૩૫૫૯
અષ્ટમ સ્વામી સપ્તમે, સપ્તમ સ્વામી જાય ;
પાપગ્રહે જોયેલતો, બાળરાંડ તે સ્પષ્ટ. ૩૫૬૦
પષ્ટમ અષ્ટમ સ્વામિ જો, પષ્ટમ દ્વાદશ લેખ ;
પાપગ્રહે જોયેલ તો, બાળરાંડ તે પેખ. ૩૫૬૧
અષ્ટમ ગુરૂ કે શુક્ર તો, ગર્ભપાત થાનાર ;
અથવા જાણો મૃતપ્રજા, જ્યોતિષશાસ્ત્ર વિચાર. ૩૫૬૨
અષ્ટમ મંગળ હોય તો, લંપટ તેહ ગણાય ;
અષ્ટમ શનિ તો તેહનો, સ્વામિ રોગિ બણાય. ૩૫૬૩
અષ્ટમ જો રવિ હોય તો, તે હરતી સંતાપિ ;
અષ્ટમ જો કદિ રાહુ તો, દે કુળધર્મ ઉથાપિ. ૩૫૬૪
આશ્લેષા નક્ષત્ર તિથિ, બીજ અને શનિવાર ;
એ યોગે કદિ જન્મતો, વિષકન્યાજ વિચાર. ૩૫૬૫

Scanned wit
Scanned with CamSca

નક્ષત્ર રાતલિપા તિથી, દ્વાદશિને રવિવારે ;
એ યોગે કદિ જન્મતો, વિષકન્યા ચિતધાર. ૩૫૬૬
નક્ષત્ર વિશાખાતિથી, સપ્તમિ મંગલવાર ;
એ યોગે પણ જન્મ તો, વિષકન્યાજ ઉચાર. ૩૫૬૭
પાપમદ્ધ સહ લગ્નમાં, પાપરાશિ નિર્માણ ;
વળિ છઠ્ઠે પાપગ્રહો, તે વિષકન્યા જાણ. ૩૫૬૮
લગ્ને શનિ પંચમ રવી, નવમે મંગલ વાસ ;
તે પણ વિષકન્યાજ છે, ચતુર જ્યોતિષિ તપાસ. ૩૫૬૯
ભાગ્ય હીન ધન હીન વળિ, શોકયુક્ત જન જોય ;
વિષકન્યા વ્યાપ્યા પ્રકટ, વળિ સંતતી નહોય. ૩૫૭૦
સપ્તમ સ્વામિ સપ્તમે, અથવા શુભગ્રહ જોક ;
તો તે વિષકન્યા નથી, શુભ કર હોય વિશોક. ૩૫૭૧
જો અષ્ટમ કદિ શુક્ર તો, જાણ કાકવંધ્યાજ ;
અષ્ટમ રવિ શનિ હોય તો, તે ગણતા વંઝાજ. ૩૫૭૨
કુજ રાશીમાં કુજ તણો, હોય ત્રિશાંશ વિચાર ;
બાળપણે બગડેલિ તે, દાનપાત્ર નરનાર. ૩૫૭૩
બુદ્ધ તણો ત્રીશાંશ તો, પ્રપંચિ તેહ ગણાય ;
ગુરુનો કદી ત્રિશાંશ તો, સતી સ્વરૂપ ભણાય. ૩૫૭૪
શુક્રતણો ત્રીશાંશતો, કુળનીતિયે વખાણ ;
શનિનો કદી ત્રિશાંશ તો, દાસી તેહ સુજાણ. ૩૫૭૫
શુક્રરાશિમાં શુક્રનો, જો ત્રિશાંશ ગુણવાન ;
બુદ્ધતણો કદિ હોય તય, કળાકુશળ ગ્રહમાન. ૩૫૭૬
જો ગુરુનો ત્રીશાંશતો, સદ્ગુણતાજ સુજાણ ;
જો શનિનો કદિ હોયતો નાતરિયા ઉચ્ચાણ. ૩૫૭૭
મંગળનો કદિ હોયતો. તેહ નહારી નાર ;
બુદ્ધરાશિમાં બુદ્ધનો, તય ગુણવન્ત અપાર. ૩૫૭૮
બુદ્ધરાશિમાં કુજ તણો, ત્રિશાંશ કપટી લેખ ;
ગુરુનો કદી ત્રિશાંશતો, તેહ સતી શુભ પેખ. ૩૫૭૯
વળિ બૃગુનો બુદ્ધેજતો, હોમી તે ચિત ધાર ;
શનિનો જો બુદ્ધેજતો, પચૈ ગણાતી નાર. ૩૫૮૦

Scanned with CamScanner

કર્કરાશિમાં કુજતણો, હોય ત્રિશાંશ સુજાણ ;
તે વનિતા વેમ્યા પ્રકટ, જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણ. ૩૫૮૧
એરિત બુદ્ધ તણોજ તો, શિલ્પ કળામાં શિષ ;
એરિત ગુરુનો હોયતો, તે ગુણવાન વરિષ. ૩૫૮૨
એરિત શુક્રતણોજતો, તે લંપટજ ગણાય ;
એરિત શનિનો હોય તો, સ્વામિઘાતક ભણાય. ૩૫૮૩
સિંહરાશિમાં કુજતણો, જો ત્રીશાંશ વખાણ ;
પુરુષાચરણી તે સદા, જ્યોતિષિ જાણ સુજાણ. ૩૫૮૪
એરિત બુદ્ધતણોજતો, પુરુષ જ્હેવિ ચેષ્ટાળિ ;
એરિત ગુરુનો હોયતો, રાણિ રાજ સુખ વાળિ. ૩૫૮૫
એરિત શુક્રતણોજતો, શિશુસંગે રમનારિ ;
એરિત રવિજતણો તદા, કુળથી ભ્રષ્ટ થનારિ. ૩૫૮૬
ગુરુ રાશીમાં કુજ તણો, જો ત્રિશાંશ ગુણ વાળિ ;
એરિત બુદ્ધતણોજતો, વખણાય બુદ્ધિશાળિ ૩૫૮૭
એરિત ગુરુનો હોય તો, ગુણ તત્વે વખણાતિ ;
એરિત ભૃગુનો હોય તો, સતિ જગમાંહ્ય ગણાતિ. ૩૫૮૮
એરિત શનિનો હોય તો, તે લંપટજ ગણાય ;
શનિરાશીમાં કુજ તણો, તવ ત્યાં દાસિ ભણાય. ૩૫૮૯
શનિરાશીમાં બુદ્ધનો, તો તે નાર નઠારિ ;
શનિરાશીમાં ગુરુ તણો, તે હસતી શુભકારિ. ૩૫૯૦
શનિ રાશીમાં શુક્રનો, તવને વંઝા નાર ;
શનિમાં શનિ ત્રીશાંશતો, તે લંપટ ચિતધાર. ૩૫૯૧
જો સપ્તમ શનિ બુદ્ધ સહ, તવ હિઝડાની નાર ;
વળિ જો તે ચર લગ્નતો, સ્વામિ પ્રવાસિ વિચાર. ૩૫૯૨
જો સપ્તમ કદિ સૂર્ય તો, સ્વામી કરશે ત્યાગ ;
પાપગ્રહે જોયેલ શનિ, કલત્ર અવરિ અભાગ્ય. ૩૫૯૩
કલત્ર ભુવને શુભ અને, પાપ ગ્રહોનો સંગ ;
તવ નાતરિયા તેહ સ્ત્રી, જાણ જ્યોતિષી વંગ. ૩૫૯૪
સ્ત્રી જાતક સંક્ષેપમાં, કથ્યું શાસ્ત્ર અનુસાર ;
ગુર્જર પ્રજા સુહિતકરણ, દલપતિ જોયશદ્વાર. ૩૫૯૫

Scanned with CamSca

ગ્રંથાન્તરે સ્ત્રી જાતક કોષ્ટક.

જન્મ લગ્નાદિ દ્વાદશ ભાવ સ્થાને જે જે ગ્રહ આવે ત્હેનાં પૃથક પૃથક ફળ દર્શાવનાર કોષ્ટક-રાહુ કેતુનાં ફળ મતાંતરે એકજછે.

ભાવ સંખ્યા.	રવિ.	ચંદ્ર.	મંગળ.	બુદ્ધ.	ગુરૂ.	શુક્ર.	શની.	રાહુ-કેતુ.
લગ્ન. ૧.	વિધવા.	આયુષ્યનાશ.	વિધવા.	પતિવૃતા.	પતિવૃતા.	પતિવૃતા.	દરિદ્રી.	પુત્રનાશ.
ધન. ૨.	દરિદ્રદુઃખ.	બહુપુત્રવાન.	દરિદ્રદુઃખ.	સૌભાગ્ય સંપત્તિ.	સૌભાગ્ય સંપત્તિ.	સૌભાગ્ય સંપત્તિ	દરિદ્ર દુઃખ.	દરિદ્રદુઃખ.
સહજ. ૩.	પુત્રવાનધનવાન.	પુત્રવાન ધનવાન.	પુત્રવાન ધનવાન.	પુત્રવાન ધનવાન.	પુત્રવાન ધનવાન.	પુત્રવાન ધનવાન	લક્ષ્મીવાન.	લક્ષ્મીવાન.
સુહૃત્ ૪.	દરિદ્રતા.	દુરર્ભાગ્ય.	અલ્પસંતતિ.	અતિસૌખ્ય.	અતિસૌખ્ય.	અતિસૌખ્ય.	દુઃખ અલ્પ.	પુત્રનાશ.
સુત. ૫.	સંતતિનાશ.	કન્યા સંતતિ.	સંતતિનાશ.	બહુફલપ્રાપ્તિ.	બહુફલપ્રાપ્તિ.	બહુફલપ્રાપ્તિ.	રોગી.	મર્ણ.
રિપુ. ૬.	ધનવાન.	વિધવા.	ધનવાન.	કલહરૂપઅપ્રિયા.	ધનવાન.	દરિદ્રી વેશ્યા.	ધનવાન.	ધનવાન.
જાયા. ૭.	રોગી.	પ્રવાસી.	વિધવા.	ક્ષય.	ભયબન્ધન.	મૃત્યુ.	વૈધવ્યમર્ણ.	વિત્તનાશ.
મૃત્યુ. ૮.	વિધવા.	વિયોગ મર્ણપર્યંત.	ધનવાન.	સ્વજન વિયોગ.	સ્વજન વિયોગ.	મર્ણાન્ત વિયોગ.	અતિપુત્રસંતતી.	મર્ણાન્તવિયોગ.
ધર્મ. ૯.	ધરમીષ્ટ.	સંતતિ વાન.	ધર્મકાર્ય કર્તા.	ધર્મકાર્ય કર્તા.	ઊત્તમ ભોગી.	ધર્મવૃદ્ધી.	વંધ્યા.	વંધ્યા.
કર્મ. ૧૦.	પાપીષ્ટ.	દરિદ્રી જારિણી.	મૃત્યુ.	ધનવતી સ્વામિપ્રિયા.	ધનવતી પતીપ્રિયા.	ધનવતિ પતીપ્રીયા	પાપ કરમી.	વૈધવ્ય.
લાભ. ૧૧	અતિપુત્ર પ્રાપ્તિ	લક્ષ્મીવાન.	પુત્રઘણા.	સુખી.	આયુષ્યવાન.	પુત્રવાન.	ધનવાન.	સૌભાગ્યવતિ.
વ્યય. ૧૨.	ખરચાળ.	દિનાન્ધ.	વંધ્યાજારિણી.	સુપુત્રવાન.	સુશિલ.	પતિવૃતા	ખરચાળ.	જારિણી.

Scanned with CamSca

બ્રાહ્મણ	ક્ષત્રીય.	વૈશ્ય.	શુદ્ર.
મેન...	મેષ.	વૃષભ.	મિથુન.
કર્ક...	સિંહ.	કન્યા.	તુલા.
વૃશ્ચિક	ધન.	મકર.	કુમ્ભ.

વશ્ય વિચાર.

વર કન્યા જળચર સુખદ, વનચર વનચરસાર ;-
મનુષ્યચર સુખ ઉભયને, મનુષ્ય પશુ સુવિચાર. ૩૫૯૯
પશુ જળચર ગાવે સુલભ, એમ જોય વશ્ય નેક ;
જળચર મનુષ્યચર નરસ, જ્યોતિષિ જાણ વિશેક. ૩૬૦૦

વશ્ય ચક્રમ્.

જળચર પ્રાણી.	વનચર પશુ.	મનુષ્યચર.
મીન...	મેષ. વૃષભ.	મિથુન. કન્યા.
મકર	વૃશ્ચિક.	તુલા.. ધન.
મીન	સિંહ.	કુમ્ભ.

Scanned with CamScanner

સિંહ. ૩	મેષ. ૫	નકુલ. ૭	મૃગ. ૯
ધનેષ્ટા.	પુરુષ.	ઉત્તરાષાઢા	જ્યેષ્ઠા.
પૂર્વાભાદ્ર ૫૬.	કૃત્તિકા.	શ્રવણ.	અનુરાધા
ગજ. ૪	કપિ. ૬	સર્પ.. ૮	શ્વાન. ૧૦
રેવતી.	પૂર્વાષાઢા	મૃગશિર	મૂળ.
ભરણી.	અભિજિત:	રોહિણી.	આર્દ્રા.

Scanned with CamScanner

Scanned with CamScanner

ગ્રહ.	સૂર્ય.	ચંદ્ર.	મંગળ.	બુદ્ધ.	ગુરૂ.	શુક્ર.	શની.
મિત્ર.	મં.ગુ.ચં	સૂ. બુ.	ચં.સૂ.ગુ.	શુ. સૂ.	ચં.સૂ.મં.	બુ.શ.	શુ. બુ.
સમ.	બુ.	મં.ગુ શુ.શ	શુ. શ.	મં.ગુ.શ.	શ.	મં.ગુ.	ગુ
શત્રુ.	શુ. શ.	૦	બુ.	ચં.	બુ. શુ.	સૂ.ચં.	સૂ.ચં.મં.

ગ્રંથાંતરે રાહુ મૈત્રિ વિચાર.

સૂર્ય ચંદ્ર મંગળ તણો, રાહૂ શત્રુ પ્રમાણ;
બુદ્ધ શનીને શુક્રનો, રાહુ મિત્ર વખાણ. ૩૬૦૫
માત્ર એક સમ ગુરૂ તણો, ગ્રંથાન્તરે સુલેખ;
એ રિત મૈત્રિ વખાણતાં, જ્યોતિષિ વિશેષ પેખ. ૩૬૦૬
શુક્ર બુદ્ધ શનિ રાહુના, મિત્ર ગુરૂ સમ એક;
રવી ચંદ્ર કુજ શત્રુ છે, એ વિધિ જાણ વિશેક. ૩૬૦૭

ગણ વિચાર.

ઉભય તણા ગણ એક શુભ, દેવ મનુષ્ય સમ જાણ;
વિરોધ દેવાસુર મળ્યે, અસુર નર મૃત્યુ પ્રમાણ. ૩૬૦૮

ગણ ચક્રમ્.

દેવગણ.	મનુષ્ય ગણ.	રાક્ષસ ગણ.

Scanned with CamScanner

ભકૂટ વિચાર.

પણ ષટ્ મૃત્યુ ગણે, નવ પંચમ-સુત-હાણ;
ઠ્ઠી દ્વાદશ દારિદ્ર ખે, રાશી થકી વખાણ. ૩૬૦૯
વર્ગ વર્ણ ગણ યોનિ ને વળિ ભકૂટ જો કુટ;
મૈત્રી શુભ હોય તો, સકળ જાણ અતિ પુટ. ૩૬૧૦

નાડી વિચાર.

એક નાડિ જો ઉભયની, તો વિધવા ત્રા વાંઝ;
ભિન્ન ભિન્ન જો ઉભયની, થતાં રહે સુખમાંઝ. ૩૬૧૧

નાડી ચક્ર.

૧. આદ્યનાડી.	૨. મધ્યનાડી.	૩. અંત્યનાડી.
અશ્વિની-આર્દ્રા.	ભરણી-મૃગશિર	કૃત્તિકા-રોહિણી ... ...
પુનર્વસુ-મૂળ.	પુષ્ય-પૂર્વાફાલ્ગુણી... ...	અશ્લેષા-મઘા. ... ...
ઉત્તરા ફાલ્ગુણી-હસ્ત. ...	ચિત્રા-અનુરાધા	સ્વાતી-વિશાખા ... ...
જ્યેષ્ઠા-શત્તારકા.	ધનેષ્ઠા-પૂર્વાષાઢા	ઉત્તરાષાઢા. ... ...
પૂર્વાભાદ્રપદ.	ઉત્તરાભાદ્રપદ	અશ્વિ-રેવતી. ... ...

અષ્ટ વર્ગ વિચાર.

ગરુડ સર્પ માંજારને, મુષક સિંહ મૃગ હેર;
તેમ શ્વાન ને મેષ સહ, અષ્ટ વર્ગને વેર. ૩૬૧૨
અનુગત સર્વાચાર્યનો, યાત્રિક નાથ પ્રમાણ;
નક્ષત્ર પાદ વર્ણથી, વર્ગ જ્યોતિષિ વખાણ. ૩૬૧૩

અષ્ટ વર્ગ.

ગરુડ.	સર્પ.	માંજાર.	મુષક.	સિંહ.	મૃગ.	શ્વાન.	મેષ.

વિવાહના શુભ નક્ષત્ર.

રોહિણિ સ્વાતી રેવતી, અનુરાધાને મૂળ ;
મૃગશિર વળિ ત્રણ ઉત્તરાં, મધા હસ્ત અનુકૂળ. ૩૬૧૪

વિવાહનો શુભ માસ.

માઘ વિવાહ જો કન્યકા, તે ધનવંતી હોય ;
ફાલ્ગુણ માંહ્ય વિવાહ તો, સદા સુહાગિણિ જોય. ૩૬૧૫
વૈશાખ જ્યેષ્ઠ માંહા જો, વિવાહ પરમ વિલાસ ;
વ્હાલી પતિની પ્રીતિમાં, પામે સુત સુખ ખાસ. ૩૬૧૬
લગ્ન સુ આષાઢે જતો, વાધે બહુ પરિવાર ;
પાંચ માસ સુવિવાહના, ઋષિ મુનિ મત સુવિચાર. ૩૬૧૭

પદ્મ વિચાર.

બાવિશ લાભ! લાભના, જિવન મર્ણના વીશ ;
આડત્રિશ સુખ દુઃખના, ગમનાગમન છત્રિસ. ૩૬૧૮
જય પરાજયે ચોતરિશ, વર્ષાવર્ષે બત્રિશ ;
ત્રીશ ભયા ભય જાણિયે, એ રિત ધ્રુવા ગણીશ. ૩૬૧૯
ફળ અક્ષરમાં મેળિને, ભાગ શિવ નયન ખાસ ;
ઉત્તમ મધ્યમ અધમ પછિ, ક્રમથી ફળ સુપ્રકાશ. ૩૬૨૦

પુત્રી પુત્ર વિચાર.

ગુરુવિણ નામાક્ષર વિષે, ભજે એક તિથિ દીણું ;
વિષમ પુત્ર સમ કન્યકા, નવથી ભાગ પ્રવીણ. ૩૬૨૧
નામાક્ષર ગુણિ ચૌદથી, એક બાદ કરિ સાર ;
નવથી ભાગી સમ વિષમ, પુત્રી પુત્ર વિચાર. ૩૬૨૨
નામાક્ષર ગુરૂ વેણુ ભળે, તિથિ નક્ષત્ર વળિ વાર ;
ત્રણથી ભાગી સમ વિષમ, પુત્રી પુત્ર વિચાર. ૩૬૨૩
પ્રશ્ન લગ્નથી વિષમમાં, શનિ તવ પુત્ર વખાણ ;
સમ સંખ્યા કે કન્યકા, એરિત કહું પ્રમાણ. ૩૬૨૪

આનન્દ ઇત્યાદિ અઠાવિશ યોગ.

કહું અષ્ટવિશ યોગ જો, મળિ નક્ષત્ર ને વાર ;
ઉત્તરાષાઢાની તળે, અભિજિત જ્યોતિષિ સાર. ૩૬૨૫
ચાર ઘડી પાદાન્તની, શ્રવણ ચરણ શશિ જાણ ;

Scanned with CamScanner

એરીતે અભિજીતની, ઓગણિ ઘડી પ્રમાણું. ૩૬૨૬
અશ્વિનિ મૃગશિર જાણિયે, આરદ્રા વળિ હસ્ત ;
મિત્રઉત્તરાષાઢને, શતભિષ વાર પ્રશસ્ત. ૩૬૨૭
પ્રથમ યોગ આનંદને. કાલ દંડ પછિ જાણ ;
ધુમ્ર સુધાતા સૌમ્ય પછિ, ધ્વાંક્ષકેતુ ઊર આણ. ૩૬૨૮
શ્રીવત્સ વજ્ર મૂર્કરસુ, મિત્ર છત્ર ગુણવાન ;
માનસ પદ્મસુ લંબ વળિ, ઉત્પાત મૃત્યુ માન. ૩૬૨૯
સિદ્ધ શુભ અમૃત અને, મુશલ ગદા માતંગ ;
રાક્ષસ ચર અરિયર ગણો, વળી પ્રવર્ધન સંગ. ૩૬૩૦
એમાં તેરમ યોગની, ઘડી ત્યાગનિય જાણ ;
ધ્વાંક્ષ વજ્ર મુર્કરસુ ત્રણ, પાંચ પાંચ ઘટિ નાણ. ૩૬૩૧
ચાર પદ્મ વળિ લંબની, ગદા મુનિ ધુમ્રસુ એક ;
કાન મુશલ ઢે ઢે ઘડી, ત્યાગ સદીત વિવેક. ૩૬૩૨
રાક્ષસ મૃત્યુ ઉત્પાત વળિ, કાલ દંડ સહ ચાર ;
ત્યાગ કુયોગ સમસ્ત ગણિ, શેષ પંચદશ સાર. ૩૬૩૩

સુયોગ કુયોગ ચક્રમ.

વાર નામ.	રવી.	ચંદ્ર.	મંગળ	બુધ.	ગુરૂ.	શુક્ર.	શની.
મૃત્યુયોગ	નંદા.	ભદ્રા.	નંદા.	જયા.	રિક્તા.	ભદ્રા.	પૂર્ણા.
દગ્ધનક્ષત્ર	ભરણી	ચિત્રા.	ઉત્તરા-ષાઢા.	ધનેષ્ટા.	ઉત્તરા-ફાલ્ગુ.	જ્યેષ્ણા.	રેવતી.
કરકચયોગ	૧૨	૧૧	૧૦	૯	૮	૭	૬
અધમ યોગ	૭			૧			
દગ્ધ યોગ...	૧૨	૧૧	૫	૩	૬	૮	૯
વિષ યોગ...	૪	૬	૭	૨	૮	૯	૭
હુતાસ યોગ	૧૨	૬	૭	૮	૯	૧૦	૧૧
યમઘંટ યોગ	ભ.	વિ.	આ.	મૂ.	કૃ.	રો.	હ.
સિદ્ધ યોગ	હ.	શ્ર.	ઉત્તરા-	રો.	પુ.	રે.	શ્ર.
	મૂ.	રો.	ભાદ્રપદ	અ.	રે.	પુ.	રો.
	ત્રણ	મૃ.	અ.	હ.			
	ઉત્તરા.		કૃ.	કૃ.	અ.	અ.	સ્વા.
	અ.	પૂ.	અશ્લે.	મૃ.	અ.	અ.	
	પૂ.	ઉ.			પૂ.	શ્ર.	

Scanned with CamScanner

વાયુ પરિક્ષા.

આષાઢિ શુક્લ પૂર્ણિમા, વાયું પરિક્ષા જાણ;
માત્ર અગ્નિ દક્ષિણ અને, નૈઋત અશુભ વખાણ. ૩૬૩૪

સંક્રાન્તિ શુભાશુભ વિચાર.

સંક્રાન્તિથિ સંક્રાન્તિ જે, વાર શશિ[૧] દ્વિ[૨] ત્રણ સાર;
પડે જાણ તે સમય શુભ, સોંપું અન્ન વિચાર. ૩૬૩૫
ચાર પાંચથી ગોધું અતિ, સપ્તાષ્ટે દુર્ભિક્ષ;
જગ જન પીડા પામતાં, અન્ન મળે નહિ ઇક્ષ. ૩૬૩૬

છીંક શુભાશુભ વિચાર.

શયન આસન સુદાન વળિ, ભોજન સહ એ ચાર;
છીંક સુદુર્લભ જાણવી, પંડિત જન સુવિચાર. ૩૬૩૭
લાભ શોક વળિ હાનિ પછિ, પ્રિય સંગમ શુભ ભોગ્ય;
સંપત્તિ કલહ ધન મળે, અષ્ટ દિશાં ફળ યોગ્ય. ૩૬૩૮
પ્રથમ પ્રહર પૂર્વાદિ ગણિ, બીજે અગ્નિ પ્રમાણ;
એ અનુક્રમ ગણવી દિશા, છીંક શુભાશુભ જાણ. ૩૬૩૯
સર્વ સમયમાં શુભ ગણે, ક્રદિ અધ ઉર્ધ્વજ નેક;
ખલ હાંક તે છીંકને, પંડિત કહે વિશેક. ૩૬૪૦

સપ્તવારમાં કર્તવ્ય કાર્ય.

અભિષેક સુમંગળ ગમન, પૌષ્ટિક વાહન ધાન્ય;
ઔષધિ સેવા શ્રેષ્ટ કર, કાર્ય રવીયે માન્ય. ૩૬૪૧
શંખ સુમુક્તા નીર કૃમિ, રૂપું ભૂષણ ફૂલ;
યજ્ઞ નારિ પય ગાન તરુ, સોમે ગણ અનુકૂલ. ૩૬૪૨
ચોરી બંધન અગ્નિ ક્રિયા, વિગ્રહ સંધિ પ્રવાલ;
ધાતુ ખાણ શુભ મંગળે, વસ્ત્ર પ્હેરવું લાલ. ૩૬૪૩
શિલ્પ વાદ રણઘાત વળિ, સંગ્રહ ગાયન જાણ;
બુદ્ધ વાર કૃત એટલાં, શુભદાયક સુવખાણ. ૩૬૪૪
પૌષ્ટિક મંગળ યજ્ઞ નૃપ, વાહન કાન્ચન નાર;
રત્ન વિભૂષણ તરૂલતા, ગુરૂયે શુભદ વિચાર. ૩૬૪૫

પંખો ભૂષણ ભૂમિ હય, ગૌ કરિ રત્ન દુકાન ;
સ્ત્રી અનાજ કાન્ચન સુખદ, શુક્રે નૃત્ય સુગાન. ૩૬૪૬
લોટૂ સીસૂં પાપ વિષ, મિથ્યા વાસ્તુ પ્રવેશ ;
હઠ ધરવી સ્થિર કાર્ય શુભ, રવિજે જાણ વિશેષ. ૩૬૪૭

અથ શિવોક્ત મુહૂર્ત.

વાસ્યો ગજ નક્ષત્ર તિથિ, કર્ણ ચંદ્ર બલ કાલ ;
શૂલ યોગિની સંકળ એ, ત્યાગ સર્વ જંજાળ. ૩૬૪૮
શિવા ગણિત અવલોકિને, નિશ્ચય મનમાં રાખ ;
કર્યા કાર્ય સૌ થાય સિદ્ધ, પંડિત પુરતા શાખ. ૩૬૪૯
આશ્વિન કાર્તિક માર્ગશિર, પૌષ એક ક્રમ જાણ ;
જ્યેષ્ઠા પાઢે એક ક્રમ, શેષ તૃતીય વખાણ ૩૬૫૦
માહેન્દ્ર સુઅમૃત બિજે, વક્ર શુન્ય સહચાર ;
વિજય શોભન વિલંબ ફળ, ચોથે મર્ણ વિચાર. ૩૬૫૧

આશ્વિન કાર્તિક માર્ગશિર પૌષાનુક્રમ.

રવી.	શું–અં–વ–અં–શું–શું.	રવી.	વ–શું–અં–શું–વ–મા.
દિવસ.	૨—૬-૮–૮—૨—૪.	રાત્રી	૧૪-૪–૨—૬–૨—૨.
સોમ	અં–શું–અં–વ.	રા	વ–અં–વ–અં–વ.
	૪—૪—૬–૧૬.		૫–૮—૮–૨—૬.
મંગલ	અં–શું–અં–વ–મા–શું–અં.	રા	અં–વ-શું-અં-વ–મા–અં-શું
	૮—૨—૬–૪—૨–૪ —૪.		૨—૪-૨–૫–૪—૪–૪–૪.
બુદ્ધ.	અં–વ–અં-શું–વ-મા-શું-અં.	રા.	શું–અં–મા–વ–શું–અં.
	૮—૬–૪–૨–૪–૨–૪–૪.		૨—૬—૪–૪–૪–૧૦.
ગુરૂ.	મા–શું–અં–વ–અં–વ–શું.	રા.	શું–મા–વ–અં–શું–અં–શું.
	૨—૬—૮–૮–૨–૨—૨.		૪—૪–૮—૪—૨—૪—૨.
શુક્ર.	અં–વ–અં–વ–અં–શું–અં.	રા.	અં–વ–અં–શું–અં–શું–અં
	૨—૨–૬—૬–૮—૨—૪.		૨—૪–૮—૨–૮—૨—૪.
શની.	મા–શું–અં-શું-વ–શું–અં-શું	રા.	વ–શું–અં–વ–અં–મા–અં.
	૨—૫—૮-૨–૨–૪–૪–૨.		૪–૨—૬—૪–૮—૨—૪.

Scanned with CamSca

જયેષ્ઠા પાઢ ચોક્રમ.

રવી.	શુ-અ-વ-ગ-વ-અ-શુ.	રવી.	અ-શુ-વ-મા-વ-શુ.
દિવસ.	૪—૬-૪—૫-૪-૪—૨.	રાત્રી	૪—૪-૪-૬—૮-૪.
સોમ.	વ-અ-શુ-વ-મા.	રા.	વ-અ-વ-અ-વ.
	૮-૪-૬-૫-૫.		૫-૮—૬—૨-૫.
મંગળ.	અ-વ-અ-વ-શુ-વ.	રા	મા-અ-શુ-અ-વ-મા-શુ-વ
	૨—૨-૮—૫-૫-૫.		૫—૨-૨—૪-૪ ૪-૪-૪.
બુધ.	અ-મા-અ-વ-અ-શુ-વ.	રા.	વ-અ-શુ-મા-અ-શુ-વ
	૨—૨—૨-૫-૪-૨-૧૨		૨-૨-૨-૫-૪—૨-૧૨
ગુરૂ.	અ-વ-શુ-વ-શુ-અ.	રા.	વ-અ-વ-અ-વ-અ
	૮-૬-૪-૫-૨-૪.		૨-૮—૬-૬—૬-૨
શુક્ર.	અ-વ-અ-વ-અ-શુ-અ.	રા.	વ-અ-શુ-મા-વ-અ-શુ-અ
	૨—૨—૬-૬-૮—૨—૪		૪-૪—૪—૨-૨-૫—૪-૪
શની.	શુ-વ-શુ-અ-શુ-મા-વ.	રા	શુ-વ-અ-વ-અ-શુ-મા
	૪-૪-૪—૮-૨-૪-૪.		૨-૪-૫-૪-૪-૪—૫

માઘ ફાલ્ગુણ ચૈત્ર વૈશાખ શ્રાવણ ભાદ્રપદાનું ક્રમ.

રવી.	મા-અ-વ-શુ-મા	રવી.	શુ-મા-અ-વ-શુ-મા-અ
દિવસ.	૨—૮-૧૦-૮—૨	રાત્રિ	૨—૨—૪-૫-૫—૨—૯
સોમ.	અ-શુ-અ-શુ-[illegible]	રા.	શુ-અ-વ-મા-અ-શુ-અ
,,	૯—૯—૯-૨-—૪		૨—૪—૯-૨—૪-૪-—૮
મંગળ.	વ—શુ-અ-વ-શુ-અ-શુ	રા.	અ-વ-શુ-અ-વ-મા-અ-શુ-અ
,,	૬—૨—૫-૪-૨—૪—૪		૨-૪-૨-૫-૪-૪-૪-૨—૨
બુધ.	અ-વ-મા-વ-શુ-અ	રા.	શુ-અ-મા-વ-શુ-અ
,,	૪—૫-૪-૨-૪-૧૦		૨—૫-૪-૪-૪-૧૦
ગુરૂ.	મા-શુ-અ-શુ-અ-શુ-વ	રા.	શુ-મા-વ-અ-શુ-અ-શુ
,,	૨—૫-૮—૪—૫—૨—૨		૪—૪-૮-૪-૪-૪-૨
શુક્ર.	શુ-અ-વ-અ-શુ	રા.	વ-શુ-અ-વ-અ-મા-અ
,,	૨—૧૫-૮-૨—૨		૪-૨-૫-૪-૮—૨—૪
શની.	શુ-વ-શુ-અ-શુ-વ-શુ-અ	રા.	શુ-વ-અ-વ-અ-વ-શુ-અ
,,	૪-૪-૨—૮—૨-૨-૪-૪		૨-૪-૫-૪-૪-૨-૪—૪

Scanned with CamScanner

પાપગ્રહના ચાર ગણું, સૌમ્ય ગ્રહ ત્રણ લેખ ;
નક્ષત્ર વિભાગે ગણી, અષ્ટોત્તરીજ પેખ. ૩૬૫૩
જે નક્ષત્ર વિભાગમાં, જન્મ હોય તવ સાર ;
તે ક્રમથી ગણિ પ્રથમને, મહાદશા ઉરધાર. ૩૬૫૪

મહાદશા મધ્યે અંતરદશા લાવવાની રીત.

જે ગ્રહની અંતરદશા, જોવી તો પ્રિય જાણ ;
જન્મદશાના વર્ષને, વર્ષ ચાલતું પ્રમાણ. ૩૬૫૫
ગુણાકાર કરિ તેહનો, અષ્ટોત્તર શત ભાગ ;
આવ્યો ભાગજ વર્ષ ગણિ, આગળ જોવો થાગ. ૩૬૫૬
વધ્યા શેષને દ્વાદશે, ગુણી પૂર્વવત લેખ ;
ભાગ્યા થકિ જે ભાગતે, માસ જ્યોતિષી પેખ. ૩૬૫૭
વળી વધ્યાને ત્રીશથી, ગુણી પૂર્વવત નેક ;
ભાગ્યાથકિ જે ભાગતે, દિવસ જાણ સુવિશેક. ૩૬૫૮
વધ્યાશેષને સાઠથી, ગુણી પૂર્વવત જોય ;
ભાગ્યે આવે ભાગતે, ઘટિકા એ ક્રમ રહોય. ૩૬૫૯
રવિ ૬ ષટ્ ચંદ્ર ૧૫ પંચદશ, મંગલ ૮ અષ્ટ પ્રમાણ ;
બુદ્ધ ૧૭ સપ્તદશ રવિજ ૧૦ દશ, ગુરૂ ૧૯ ઓગણિ ઉર આણ. ૩૬૬૦
રાહૂ ૧૨ દ્વાદશ શુક્રના, ૨૧ એકવિંશ જો વર્ષ ;
એ અનુક્રમ મહાદશા, જાણ્યાથી ઉત્કર્ષ. ૩૬૬૧

સૂર્ય મહાદશા વર્ષ ૬.				ચંદ્ર મહાદશા વર્ષ ૧૫.		
આ.	પુ.	પુ.	અ	મ.	પૂ. ફા.	ઉ. ફા.
૧	૧	૧	૧	૫	૫	૫
૬	૬	૬	૬	૦	૦	૦

Scanned with CamSca

રાહુ મહાદશા વર્ષ ૧૨.

ઘ.ભા	૨.	અ.	ભ.
૩	૩	૩	૩
૦	૦	૦	૦

શુક્ર મહાદશા વર્ષ ૨૧.

કૃ.	રો.	મૃ.
૭	૭	૭
૦	૦	૦

સૂર્ય મહાદશા મધ્યે અંતરદશા.

અદ્ધ નામ.	વર્ષ	માસ	દિ.	ઘ	ફળ.
રવિ.	૦	૪	૦	૦	અશુભ.
ચંદ્ર.	૦	૧૦	૦	૦	શુભ.
મંગલ.	૦	૫	૧૦	૦	અશુભ.
બુધ.	૦	૧૧	૧૦	૦	શુભ.
શનિ.	૦	૧	૨૦	૯	અશુભ
ગુરૂ.	૧	૦	૨૭	૦	શુભ.
રાહુ.	૦	૮	૦	૦	અશુભ.
શુક્ર.	૧	૨	૦	૦	શુભ.
સંખ્યા.	૫	૦	૦	૦	

ચંદ્ર મહાદશા મધ્યે અંતરદશા.

અદ્ધ નામ	વર્ષ	મા	દિ.	ઘ.	ફળ.
ચંદ્ર.	૨	૧	૦	૦	શુભ.
મંગલ.	૧	૧	૧૦	૦	અશુભ.
બુધ.	૨	૪	૧૦	૦	શુભ.
શનિ.	૧	૪	૨૦	૦	અશુભ.
ગુરૂ.	૨	૭	૨૭	૦	શુભ.
રાહુ.	૧	૮	૦	૦	અશુભ.
શુક્ર.	૨	૧૧	૦	૦	શુભ.
રવિ.	૦	૧૦	૦	૦	અશુભ.
સંખ્યા.	૧૫	૦	૦	૦	

Scanned with CamScanner

ક્ષુદ્ર મહાદશા મધ્યે અંતરદશા.

વર્ષ	મા.	દિ.	ઘ.	ફળ.	ગ્રહ નામ.
૨	૮	૩	૨૦	શુભ.	ક્ષુદ્ર.
૧	૫	૨૬	૪૦	અશુભ.	શનિ.
૨	૧૧	૨૬	૪૦	શુભ.	ગુરૂ.
૧	૧૦	૨૦	૦	અશુભ.	રાહુ.
૩	૩	૨૦	૦	શુભ.	શુક્ર.
૦	૧૧	૧૦	૦	અશુભ.	રવિ.
૨	૪	૧૦	૦	શુભ.	ચંદ્ર.
૧	૩	૩	૨૦	અશુભ.	મંગલ
૧૭	૦	૦	૦		સંખ્યા.

ક્ષુદ્ર મહાદશા મધ્યે અંતરદશા.

વર્ષ	માસ.	દિ.	ઘ.	ફળ.	ગ્રહ નામ.
૦	૭	૩	૨૦	અશુભ.	ક્ષુદ્ર.
૧	૩	૩	૨૦	શુભ.	શનિ.
૦	૮	૨૬	૪૦	અશુભ.	ગુરૂ.
૧	૪	૨૬	૪૦	શુભ.	રાહુ.
૦	૧૦	૨૦	૦	અશુભ.	શુક્ર.
૧	૫	૨૦	૦	શુભ.	રવિ.
૦	૫	૧૦	૦	અશુભ.	ચંદ્ર.
૧	૧	૧૦	૦	શુભ.	મંગલ
૮	૦	૦	૦		સંખ્યા.

ગુરૂ મહાદશા મધ્યે અંતરદશા.

Scanned with CamScanner

રાહુ.	૧	૪	૦	૦	અશુભ.	શુક્ર.	૪	૧	૧	૦	શુભ.
શુક્ર.	૨	૪	૦	૦	શુભ.	રવિ.	૧	૨	૦	૦	અશુભ.
રવિ.	૦	૮	૦	૦	અશુભ.	ચંદ્ર.	૨	૧૧	૦	૦	શુભ.
ચંદ્ર.	૧	૮	૦	૦	શુભ.	મંગલ.	૧	૫	૨૦	૦	અશુભ.
મંગલ.	૦	૧૦	૨૦	૦	અશુભ.	બુદ્ધ.	૩	૩	૨૦	૦	શુભ.
બુદ્ધ.	૧	૧૦	૨૦	૦	શુભ.	શનિ.	૧	૧૧	૧૦	૦	અશુભ.
શનિ.	૧	૧	૧૦	૦	અશુભ.	ગુરૂ.	૩	૮	૧૦	૦	શુભ.
ગુરૂ.	૨	૧	૧૦	૦	શુભ.	રાહુ.	૨	૪	૦	૦	અશુભ.
સંખ્યા.	૧૨	૯	૦	૦		સંખ્યા.	૨૧	૦	૦	૦	

ગ્રંથાંતરે વિંશોત્તરી દશા પ્રમાણ જ્ઞાનમ.

જન્મ નક્ષત્રના અંકમાં, બે કરિ આદ વિચાર ;
નવથી ભાગ લઈ જુઓ, શેષ થકી ફળ સાર. ૩૬૬૨
એક શેષતો સૂર્યની, બે થકિ ચંદ્ર વખાણ ;
ત્રણ શેષે ગણ મોમની, ચારથિ રાહુ પ્રમાણ. ૩૬૬૩
પાંચ શેષથી ગુરૂતણી, છથકિ રવિજ ભણાય ;
સપ્ત શેષથી બુદ્ધની, અષ્ટથિ કેતુ ગણાય. ૩૬૬૪
ભાગ પૂર્ણ જવ થાય તવ, શુક્રનિ જાણ સુજાણ ;
એ રિત અધિપતિ નવ ગ્રહો, વિશોત્તરી વખાણ. ૩૬૬૫
કૃત્તિકાદિ ઋમથી ગણો, ભરણી સુધિ નક્ષત્ર ;
સપ્તવિંશ અંતર દશા, અધિપતિ નવ ગણ અત્ર. ૩૬૬૬

Scanned with CamScanner

રાહુ મહાદશા વર્ષ ૧૮. આર્દ્રા. સ્વાતી. શતતારકા.					ગુરૂ મહાદશા વર્ષ ૧૬. પુનર્વસુ. વિશાખા. પૂર્વા-ભાદ્રપદ.				
અંતર્દશા.					અંતર્દશા.				
અદ્ધનાગ.	વર્ષ	મા.	દિ.	ઘ.	અદ્ધનામ.	વર્ષ	મા.	દિ.	ઘ.
રાહુ.	૨	૮	૧૨	૦	ગુરૂ.	૨	૬	૧૮	૦
ગુરૂ.	૨	૪	૨૪	૦	શનિ.	૨	૫	૧૨	૦
શનિ.	૨	૧૦	૬	૦	બુધ.	૨	૩	૬	૦
બુધ.	૨	૬	૧૮	૦	કેતુ.	૦	૧૧	૬	૦
કેતુ.	૧	૦	૧૮	૦	શુક્ર.	૨	૮	૦	૦
શુક્ર.	૩	૦	૦	૦	રવિ.	૦	૯	૧૮	૦
રવિ.	૦	૧૦	૨૪	૦	ચંદ્ર.	૧	૪	૦	૦
ચંદ્ર.	૧	૬	૦	૦	મંગલ.	૦	૧૧	૬	૦
મંગલ.	૧	૦	૧૮	૦	રાહુ.	૨	૪	૨૪	૦
સંખ્યા.	૧૮	૦	૦	૦	સંખ્યા.	૧૬	૦	૦	૦

Scanned with CamScanner

બુદ્ધ મહાદશા વર્ષ ૧૭. આશ્લેષા. રેવતી. જ્યેષ્ઠા અંતર્દશા.					કેતુ મહાદશા વર્ષ ૭. મઘા. અશ્વિની. મૂળ. અંતર્દશા.					શુક્ર મહાદશા વર્ષ ૨૦. પૂર્વા ફાલ્ગુણી. ભરણી. પૂર્વાષાઢા. અંતર્દશા.				
ગ્રહનામ.	વર્ષ.	મા.	દિ.	ઘ.	ગ્રહનામ.	વર્ષ	મા.	દિ.	ઘ.	ગ્રહનામ.	વર્ષ	મા.	દિ.	ઘ.
બુધ:	૨	૪	૨૭	૦	કેતુ.	૦	૪	૨૭	૦	શુક્ર.	૩	૪	૦	૦
કેતુ.	૦	૧૧	૨૭	૦	શુક્ર.	૧	૨	૦	૦	રવિ.	૧	૦	૦	૦
શુક્ર.	૨	૧૦	૦	૦	રવિ.	૦	૪	૫	૦	ચંદ્ર.	૧	૮	૦	૦
રવિ.	૦	૧૦	૫	૦	ચંદ્ર.	૦	૭	૦	૦	મંગલ.	૧	૨	૦	૦
ચંદ્ર.	૧	૫	૦	૦	મંગલ.	૦	૪	૨૭	૦	રાહુ.	૩	૦	૦	૦
મંગલ.	૦	૧૧	૨૭	૦	રાહુ.	૧	૦	૧૮	૦	ગુરૂ.	૨	૮	૦	૦
રાહુ.	૨	૫	૧૮	૦	ગુરૂ.	૦	૧૧	૫	૦	શનિ.	૩	૨	૦	૦
ગુરૂ.	૨	૩	૫	૦	શનિ.	૧	૧	૯	૦	બુધ.	૨	૧૦	૦	૦
શનિ.	૨	૮	૯	૦	બુધ.	૦	૧૧	૨૭	૦	કેતુ.	૧	૨	૦	૦
સંખ્યા.	૧૭	૦	૦	૦	સંખ્યા.	૭	૦	૦	૦	સંખ્યા.	૨૦	૦	૦	૦

યોગિની દશા પ્રમાણ જ્ઞાનમ્.

આદયિ નિજ નક્ષત્ર ગણિ, તેમાં ત્રણજ ઉમેર ;
પછી અષ્ટથી ભાગતાં, બચે દશા શુભ હેર. ૩૬૬૭
પ્રથમ મંગલા[૧] પિંગલા[૨], ધાન્યા[૩] ભ્રામ[૪]રિ નામ ;
ભદ્રિકા[૫]જ હુલ્કા[૬] અને, સિદ્ધા[૭] કહું અભિરામ. ૩૬૬૮
સંકટા[૮] સહુ અષ્ટછે, એક[૧] દ્વી[૨] ત્રણ[૩] ને ચાર[૪] ;
શર[૫] પક્ષ[૬] સપ્ત[૭] વસુ[૮] ગણો, છત્રિશ વર્ષ વિચાર. ૩૬૬૯
ચંદ્ર સૂર્ય ગુરૂ ભોમ બુધ, રવિજ શુક્ર તમ સારં ;
ક્રમથી ઓહનિ ઓદશા, સ્વામિ સદૃશ ફળધાર. ૩૬૭૦

મંગળા સ્વામી ચંદ્ર.

ઉપ ગજ રત્ન સુ વસ્ત્ર બહુ, ઉચ્ચ ચંદ્રથી લેખ ;
દશા મંગળા શુભ લહો, અબળથિ અર્ધજ પેખ. ૩૬૭૧

પિંગલા સ્વામી સૂર્ય.

અતિ ઉદાસ મન રોગ તન, વૃત્તિ હીન ઉરઆણુ :
દશા પિંગલા હિત યદી, વિયોગિ તે નર જાણુ. ૩૬૭૨
કદી ભાનુ ને ઊચ્ચનો, તો શુભ ફળ દેનાર ;
હરે પિંગલા જો તિથી, અબળ અલભ્ય ઉચાર. ૩૬૭૩

ધાન્યા સ્વામી ગુરૂ.

પૂરે સકલ અભિષ્ટ મન, સ્વજન નૃપતિ સું પ્રીત ;
અબળ હોય ગુરુ અર્ધ ફળ, ભળે કદું શુભ રીત. ૩૬૭૪

ભ્રામરી સ્વામી મંગલ.

જ્ઞાન હાનિ પરદેશ ભ્રમ, ધર્મ હાનિ મન પીડ ;
સબળ ભોમતો સુખ ભલા, પડે કદી નહિં ભીડ. ૩૬૭૫

ભદ્રિકા સ્વામી બુદ્ધ.

વિવિધ મનોરથ પ્રિયા શુભ, અતિ ધન જગ સન્માન ;
અબળ બુદ્ધ તવ અર્ધ સુખ, પામે એ અનુમાન. ૩૬૭૬

ઉલ્કા સ્વામી શની.

શસ્ત્રઘાત નૃપ દંડ વળિ, ચોર ઘાત શિખિ ઘાત ;
જો શનિ ઊચ્ચ તદા સુખદ, નહિંતો અતિ ઉત્પાત. ૩૬૭૭

સિદ્ધા સ્વામી શુક્ર.

ભૂપ માન ધન લાભ સુખ, યોષિત પ્રેમ પ્રસિદ્ધ ;
શાસ્ત્ર જ્ઞાન રતિ રામપદ, સકળ કાર્ય ત્યાં સિદ્ધ. ૩૬૭૮
અબળ શુક્ર તવ અર્ધ ફળ, પામે જ્યોતિષિ જાણ ;
અંધાન્તર મત જોઈને, દલપતિ કરે વખાણ. ૩૬૭૯

સંકટા સ્વામી રાહુ.

મિથ્યા દોષ વિરોધ અતિ, મૃત્યુ બંધુ ધન હાણ ;
કાર્ય નાશ સંકટ અતિ, દશા સંકટા જાણુ. ૩૬૮૦
પણ કદી રાહુ ઉચ્ચ સ્થળ, તો પદ પામે ભૂપ ;
દલપતિરામ મતાન્તરે, દશા વર્ણિ યશ રૂપ. ૩૬૮૧

અંતર્દશા.

દશા મધ્ય અંતરદશા, જ્યારે જોઇ ગણેય ;
જોને તેહજ અંકથી, ગુણિ એક શુન્ય દેય. ૩૬૮૨

પિંગલા વર્ષ ૨ તેના દિવસ ૭૨૦		ધાન્યા વર્ષ ૩ તેના દિસ ૧૦૮૦		ભ્રામરી વર્ષ ૪ તેના દિવસ ૧૪૪૦		ભદ્રિકા વર્ષ ૫ તેના દિવસ ૧૮૦૦	
પિં.	૪૦	ધા.	૯૦	ભ્રા.	૧૬૦	ભ.	૨૫૦
ધા.	૬૦	ભ્રા.	૧૨૦	ભ.	૨૦૦	ઉ.	૩૦૦
ભ્રા.	૮૦	ભ.	૧૫૦	ઉ.	૨૪૦	સિ.	૩૫૦
ભ.	૧૦૦	ઉ.	૧૮૦	સિ.	૨૮૦	સં.	૪૦૦
ઉ.	૧૨૦	સિ.	૨૧૦	સં.	૩૨૦	મં.	૫૦
સિ.	૧૪૦	સં.	૨૪૦	મં.	૪૦	પિં.	૧૦૦
સં.	૧૬૦	મં.	૩૦	પિં.	૮૦	ધા.	૧૫૦
મં.	૨૦	પિં.	૬૦	ધા.	૧૨૦	ભ્રા.	૨૦૦

Scanned with CamScanner

કેશવી પ્રકાશ પ્રારંભ.

પ્રથમ આયુર્દા ધ્યાય.

દોહરા.

શુભાશુભ ગ્રહ ફળ સકળ, દશા મધ્ય જોવાય ;
આયુજ્ઞાન વણ તે દશા, વિભાગ નહિં રહ્યાય. ૩૬૮૩
આયુર્દા દ્વિ પ્રકારથી, ગણે કેશવિ પ્રકાશ ;
પ્રથમે ગ્રહયોગજ અને, ગણિતાગત દ્વિ તપાસ. ૩૬૮૪
ગ્રહ યોગજમાં ભેદ ત્રણ, પ્રથમ નિયતાયુર્દાય;
પરમાયુર્દાય દ્વિતિય તૃતિય અમિતાયુર્દાય. ૩૬૮૫
ચતુર ભેદ ગણિતાગતે, પ્રથમ શૌદ્ભવ નામ ;
બીજો પિન્ડજ ને ત્રિજો, નૈસર્ગિક અભિરામ. ૩૬૮૬
નિયશર્મોદિત ગણિ ચતુર, આગળ કહું વિસ્તાર ;
ગ્રહયોગજાયુર્દા વિષે, અન્ય જાતક વિચાર. ૩૬૮૭
આ જાતક પદ્ધતિ વિષે, ગણિતા ગત સુ પ્રકાર ;
આયુર્દાધ્યાયે કથ્યા, તેહ કર્યું સુવિચાર. ૩૬૮૮
લગ્ન સૂર્યને ચંદ્ર ભણિ, લગ્ન અધિક બળ હોય ;
તન આયુ પ્રમાણ ગણ, ઐરિત જાણે કોય. ૩૬૮૯
સૂર્ય અધિક બળથી ગણે, પિન્ડાયુનુ પ્રમાણ ;
ચંદ્ર અધિક બળથી ગણે, નિસર્ગ આયુ વખાણ. ૩૬૯૦
લગ્ન સૂર્ય સમ બળ થતાં, અંશપિન્ડયોગાર્ધ ;
લગ્ન ચંદ્ર સમ બળ થતાં, અંશનિસર્ગયોગાર્ધ. ૩૬૯૧
સૂર્ય ચંદ્ર સમ બળ થતાં, નિસર્ગપિન્ડયોગાર્ધ ;
ઐરિત જ્યોતીષી કરે, સમ બળમાં યોગાર્ધ. ૩૬૯૨
કહી લગ્ન રવિ ચંદ્ર ત્રણ, સમ બળ હોય સુજ્ઞાય;
આયુ યોગ તૃતિયાંશ લે, મિશ્રાયુજ વખાણ. ૩૬૯૩
લગ્ન સૂર્ય ને ચંદ્ર ત્રણ, કુપ ત્રયાલ્પબળ હોય ;
તવ ત્યાં નિયશર્મોક્ત પ્રિય, આયુષ્ય ગણના જોય. ૩૬૯૪

પરમાયુ લાવવાની રીત.

મનુષ્ય કૃત્તિ પરમાયુ ગણ, વિંશોત્તર શત વર્ષ ;
પંચ દિવસ ઊપર ગણે, સૌથિ અધિક ઉત્કર્ષ. ૩૬૯૫

Scanned with CamSca

વ્યાઘ્ર અજાદિક શોડશે, ગાય ભેંસ ચોવીશ ;
ઉઠ ગર્ધભ પચ્ચીશ ગણ, અશ્વાયુ બત્રીશ. ૩૬૯૬
શ્વાન તણું દ્વાદશ ગણે, એરિત આયુ પ્રમાણ ;
મનુષ્ય સમ સૌ પ્રાણિનૂં, લાવિ આયુ વળિ જાણ. ૩૬૯૭
પરમાયુ આપ આપણા, ગુણાકાર કરિ ખાસ ;
મનુષ્ય પરમાયુ થકી, ભાગી આયુ પ્રકાશ. ૩૬૯૮

અથ દશાધ્યાય.

ગ્રહો તણું આયુષ્ય જે, નિત્ય દશા કહેવાય ;
મિત્ર ઉચ્ચ વા સ્વગૃહી, કે મિત્રાંશિ લહાય. ૩૬૯૯
ઉચ્ચાંશી સ્વાંશીજતો, તે શુભ જ્યોતિષિ જોય ;
પરમ નીચ ગ્રહ છોડિને, આગળ જે ગ્રહ હોય. ૩૭૦૦
તે આરોહા શુભ ગણે, વળી અધિક ઉરધાર ;
પરંતુ શત્રુ વા નીચ ગૃહિ, શત્રુ નિચાંશિ વિચાર. ૩૭૦૧
એરિત આરોહા દશા, પણ અશુભ ગણિ લેય ;
વળિ પરમ ઉચ્ચ છોડિને, આગળ ધસિયો જેય. ૩૭૦૨
તવ ત્યાં ગ્રહની તે દશા, અશુભ અવરોહિણિ જાણ ;
વળિ ગ્રહ ઊચ્ચ વા મિત્ર ગૃહિ, કે સ્વગૃહી સુજાણ. ૩૭૦૩
તેમજ ઉચ્ચ મિત્રાંશિ વા, સ્વાંશિ હોય ગ્રહ જેહ ;
તવ અવરોહિણિ પણ દશા, મધ્યમ ગણાતિ તેહ. ૩૭૦૪
ગ્રહ શુભ દૃષ્ટ શુભ યુક્ત વળિ, ઉદિત બળિષ્ટજ હોય ;
વળી પૂર્વ ઈષ્ટાધિકે, દશા શુભ સૂખ જોય. ૩૭૦૫

દશા ક્રમ.

સૂર્ય ચંદ્રને લગ્નમાં, જે બળિષ્ટ દર્શાય ;
ત્હેની પ્રથમ દશા ગણી, જ્યોતિષિ મન હરખાય. ૩૭૦૬
પ્રથમ દશાપતિની પછી, કેન્દ્રસ્થની ગણાય ;
તે પછી પણફરસ્થ ગૃહ, તણી દશાજ ભણાય. ૩૭૦૭
એ પછિ આપોક્લીમની, એ રિત ક્રમ સોહાય ;
ઉપર કહ્યાં સ્થાને કદિ, અધિક ગ્રહો જોવાય. ૩૭૦૮

Scanned with CamSca

તવ ત્યાં અધિક બળિષ્ટની, પ્રથમ દશા કહેવાય ;
ન્યુન બળિષ્ટનિ તે પછી, દલપતિ જો દર્શાય. ૩૭૦૯
કદિ સમ બળ જો હોયતો, આયુ પ્રમાણ ગણાય ;
વળિ બળ આયુ સમયતાં, પ્રથમ ઉદિતનિ ભણાય. ૩૭૧૦

અંતરદશા ક્રમ.

જે રાશિમાં દશાપતી, તે સ્થળમાં ગ્રહ જોહ ;
દશાપતી સંબંધથી, અર્ધ પાચકના તોહ. ૩૭૧૧
દશાપતિ પછિ નવ પંચમે, જે ગ્રહ હોય પ્રમાણ ;
તૃતિયાંશ કાલ પાચક થતો, દશાપતીનો જાણ. ૩૭૧૨
દશાપતિથી જો સપ્તગે, જે ગ્રહ જોડો જોય ;
સમમાંશ દશાપતી તણો, કાલ પાચકે હોય. ૩૭૧૩
દશાપતિથી ચતુરશ્ર સ્થળ, જોહા ગ્રહના ગણાય ;
ચતુર્યાંશ દશાપતિ તણો, કાલ પાચક ભણાય. ૩૭૧૪
ગ્રહ સર્વત્ર આરોહ વા, અવરોહે સુ વિચાર;
ઉચ્ચ નિચાદિ પૂર્વોક્ત ગુણ, થકી શુભાશુભ સાર. ૩૭૧૫
ફળ પાચક જે આપની, દશા આંતા ફળ જાણ ;
પોતાના સગયેના તે, શુભ ફળ દેય સુ જાણ. ૩૭૧૬
પ્રથમ દશાપતિની ગણો, અંતર દશા વિચાર ;
તે પછિ દશાપતી તણા, રાસ્યાંશનિ ચિત ધાર. ૩૭૧૭
એ પછિ દશાપતી થકી, ત્રિકોણ પંચ નવ સ્થાન ;
હોય ગ્રહો તહેની ગણો, અંતર દશાજ માન. ૩૭૧૮
તે પછિ ચતુરસ્રનિ ગણો, ચતુર આઠ સ્થળ હોય ;
ત્રિકોણ વા ચતુરસ્ર સ્થળ, બે ગ્રહ તવ બળ જોય. ૩૭૧૯

વિદશોપદ શાક્રમ.

દશા થકી અંતર દશા, જે રિત થાય વિચાર ;
તેમ અંતરદશા થકી, વિદશા રીતજ સાર. ૩૭૨૦
એમ થઈ અંતરદશા, દશા કલ્પિ ઉર ધાર ;
વળી અંતરદશાપતી, દશાપતી સુવિચાર. ૩૭૨૧

Scanned with CamScanner

કલ્પિ પૂર્વ પાચકાંશનાં; અંશકરિ સમચ્છેદ;
એવિધિ કરીજ લાવતા, વિદશા જ્યોતિષિ વેદ. ૧૭૨૨
તેમજ વિદશાને વળી, દશા કલ્પિ સુપ્રકાર;
કલ્પિ વિદશા દશાપતી, વિદશોપદશા સાર. ૧૭૨૩
દશા મધ્ય અતંર દશા, પતિ ગુણ સમુ ફળ લેય;
તેમ અંતર દશા મહીં, વિદશાપતિ ફળ દેય. ૧૭૨૪
વિદશા મધ્યે ઉપદશા, પતિ ફળ દેય શુજાણ;
એમ ઉપદશા ફળ સદા, શૂક્ષ્મ કાલિક વખાણ. ૧૭૨૫

રાજા મંત્ર્યાદિ વર્ષાધિપતિ વિચાર.

ચૈત્ર શુક્લ પ્રતિપદ સમય, સૂર્યોદય જે વાર;
રાજા તેહ વખાણતા, ફળ પ્રકૃતિ અનુસાર. ૩૭૨૬
સૂર્ય-થાય જવ મેષનો, તેહ સમય દિનવાર;
મંત્રી ત્હેને જાણિયે, કહો શુભાશુભ સાર. ૩૭૨૭
વૃષભ સંક્રમણ વારતે, જ્યોતિષિ જાણ ધનેશ;
મિથુન સંક્રમણ વારતે, યુદ્ધપતીજ હમેશ. ૩૭૨૮
થાય કર્ક સંક્રમણ તવ, વાર અગ્રધાન્યેશ;
સિંહ સંક્રમણ વારતે, સેનાધિપ સુનરેશ. ૩૭૨૯
કન્યા યોગે વારતે, [illegible] ;
તુલા સંક્રમણ વારતે, રસાધિપતિ સુવિશેક. ૩૭૩૦
ધન સંક્રમણે વારતે, ધાન્યપતિ પશ્ચાત;
મકર સંક્રમણ વારતે, ફળાધિપતિ વિખ્યાત. ૩૭૩૧
કુમ્ભ સંક્રમણ વારતે, વ્યાપારાધિપ લેખ;
મહા ભ આર્દ્રા વારતે, મેઘેશ ચતુર પેખ. ૩૭૩૨
અક્ષય તૃતિયા વારતે, સીમાધિપ સુવખાણ;
આષાઢ કૃષ્ણ રોહિણી, વાર જળેશ પ્રમાણ. ૩૭૩૩
કાર્તિક શુક્લ પ્રતિપદા, કોટપાલ ગણિવાર;
એ રિત વર્ષો વર્ષના, વર્ષાધિપતિ વિચાર. ૩૭૩૪

વર્ષલગ્ન પ્રવેશજ્ઞાનમ્.

વીત્યા વર્ષ સવાઇ કરિ, દિન સંખ્યા જો નેક;
અર્ધસુ ઘટિકા જાણિયે, ડોઢી પલસુ વિવેક. ૩૭૩૫

Scanned with CamSca

જન્મ સમયની દિન ઘટી, પલમાં તેહ સમાવ ;
સપ્ત સપ્તથી ભાગ દે, બચે શેષજ ઠરાવ. ૩૭૩૬
લગ્ન હોય નવ તે સમય, વર્ષ લગ્ન તે માન ;
જોજોવા ગ્રહ જોમા પડે, કહો શુભાશુભ જ્ઞાન. ૩૭૩૭

મુંથા જ્ઞાનમ્.

જન્મ લગ્ન ગત વર્ષ સહ, દ્વાદશ ભાગ વિચાર ;
શેષ આંહા મુંથા સમજિ, મેષાદિક નિર્ધાર. ૩૭૩૮

મુંથા ફળ.

નવમ દશમ એકાદશજ, પાંચ સુ ત્રણ દીએક ;
એટલાંજ સુખકર સદા, શેષે દુઃખ અનેક. ૩૭૩૯
જે ગૃહ મુંથા હોય ત્યાં, તે સ્વામી સુભ હોય ;
કે દેખે વા સંગ તવ, અશુભ વ્યાપે કોય. ૩૭૪૦

વર્ષેપ જ્ઞાનમ્.

વર્ષ જન્મ બે લગ્નપતિ, મુંથા પતિ વળિ માન ;
ત્રયરાશિક દિન રાત્રપતિ, એમાં જે બળવાન. ૩૭૪૧
વર્ષ લગ્નને ફરિગણે, તેહ જાણ વર્ષેશ ;
બળ સમાન ફળ દેયછે, પ્રકૃતિ પ્રમાણ હમેશ. ૩૭૪૨

ત્રૈરાશિકપંતિ જ્ઞાનમ્.

સૂર્ય શુક્ર શનિ શુક્ર ગુરુ, ચંદ્ર સૌમ્ય કુજ સાય ;
મંદ ભૌમ ગુરુ ચંદ્રએ, મેષાદિક દિન નાય. ૩૭૪૩
જીવ ઇન્દુ બુધ ભોમ રવિ, શુક્ર મંદ ભૃગુ લેખ ;
મંદ ભૌમ ગુરુ ચંદ્ર શનિ, ત્રયરાશિક પંતિ પેખ. ૩૭૪૪

ત્રૈરાશિકપતિ ચક્રમ્.

રાશિ.	મે.	વૃ.	મિ.	ક.	સિં.	ક.	તુ.	વૃ.	ધ.	મ.	કું.	મી.
દિન.	સૂ.	શુ.	શ.	શુ.	ગુ.	ચં.	બુ.	મ.	શ.	મં	ગુ.	ચં.
રાત્રિ.	ગુ.	ચં.	બુ.	મં	સૂ.	શુ.	શ.	શુ.	શ.	મં.	ગુ.	ચં.

Scanned with CamScanner

દિનપતિ વા નિશિપતિ જ્ઞાનમ્.

સૂર્ય હોય જે રાશિમાં, પતિ તેહનો દિન ઈશ ;
ચંદ્ર રાશિપતિ રાત્રિપતિ, વર્ષ કાળનો ધીશ. ૩૭૪૫

મુદ્દા દશા જ્ઞાનમ્.

જન્મ લગ્ન લગિ ગણિ કહે, કૃત્તિકાથિ સુજ્ઞાન ;
વીત્યાં વર્ષજ જોડિને, ભાગ નવયકી માન. ૩૭૪૬
અષ્ટાદશ વળિ ત્રીશને, એકવિ ચોપન સાર ;
અડતાળિશ સત્તાવનજ, એકાવન તુ ઉચાર. ૩૭૪૭
એકવિંશને સાઠસહ, વર્ષ દિવસ તું પ્રમાણ ;
આ ચં કૂરા છ સ ધુ, કે શુ નવ ગ્રહ જાણ. ૩૭૪૮

વર્ષમાં સુકાલ વા દુષ્કાલ વિષે અગમ્ય પરિક્ષા.

દોહરા.

પૂર્વાષાઢ નક્ષત્ર ભલા, તણો ચંદ્ર શુભ માસ ;
માગશિર્ષ શુદ્ધ પ્રતિપદા, પછી યતોજ પ્રકાશ. ૩૭૪૯
જે દિવસે ધારણ કરે, ગર્ભ વાદળાં સાર ;
તેહ દિવસથી એકસો, પંચાણુમે વિચાર. ૩૭૫૦
વૃષ્ટિ થાતી નિયમ એ, પૂર્વ ચંદ્ર નક્ષત્ર ;
આવે તેહમાં જાણવો, વળી કહું સર્વત્ર. ૩૭૫૧
આદિ ઉત્તરાષાઢના, ચતુર્થાંસ શુદ્ધ પક્ષ ;
ધરે ગર્ભ વાદળ કદી, વૃષ્ટિ કૃષ્ણમાં દક્ષ. ૩૭૫૨
કૃષ્ણ પક્ષ કદિ હોય તો, વૃષ્ટિ શુકલમાં લેખ ;
તેમજ દિવસે ગર્ભતો, વૃષ્ટિ રાત્રિયે પેખ. ૩૭૫૩
રાત્રિમાહ્ય કદિ ગર્ભતો, દિવસે વૃષ્ટિ પ્રમાણ ;
તેમ રહવારે સાંજરે, સાંજ રહવાર જાણ. ૩૭૫૪
માર્ગશિર્ષમાં ગર્ભતો, જ્યેષ્ઠે વૃષ્ટિ થાય ;
પોષ માહ્ય કદિ હોય તો, વૃષ્ટિ અષાઢ લહાય. ૩૭૫૫
પોષ કૃષ્ણમાં ગર્ભતો, શુકલ શ્રાવણે ધાર ;
માહ શુકલમાં ગર્ભતો, કૃષ્ણ શ્રાવણ વિચાર. ૩૭૫૬

Scanned with CamScanner

આદ્ર વદે કદિ હોયતો, શુકલ ભાદ્રપદ પેખ ;
ફાલ્ગુણ શુકલે ગર્ભતો, કૃષ્ણ ભાદ્રપદ લેખ. ૩૬૫૭
ફાલ્ગુણ કૃષ્ણે ગર્ભતો, આશ્વિન શુકલે હોય ;
ચૈત્ર શુકલગાં ગર્ભતો, આશ્વિન કૃષ્ણે જોય. ૩૭૫૮
ચૈત્ર કૃષ્ણ કદિ ગર્ભતો, શુકલ કાર્તિક સુજાણ ;
એ રિત ગર્ભ ઉદય થકી, દલપતિ-વૃષ્ટિ વખાણ. ૩૭૫૯
પૂર્વે ગર્ભજ હોય તો, પશ્ચિમ વૃષ્ટિ ભણાય ;
એમ રહ્યામ રહ્યામી દશા, નિયમે વૃષ્ટિ ગણાય. ૩૭૬૦
વાયુ પ્રમાણ પણ એરિતે, પૂર્વે તો પશ્ચિમ ;
અર્ધદશા શુભ રીત એ, વૃષ્ટિ તણી કહિ સીમ. ૩૭૬૧
વળિ ઉત્તર દશાનં વા, પૂર્વથિ વાયુ મંદ ;
સ્નિગ્ધ નિર્મળ આકાશમાં, વાતો તે સુખકંદ. ૩૭૬૨
અથવા સૂર્ય સુચંદ્રની, આસપાસ જો બિમ્બ ;
શ્વેત પ્રકાશિત ઘન વળિ, વાદળપર પ્રતિબિમ્બ. ૩૭૬૩
પ્રકાશીત ઘટ વાદળાં, સોમ અરૂણ આકાર ;
ગુલાલા સમ રંગ વા, કાક અંડ સુવિચાર. ૩૭૬૪
ચંદ્ર અને તારા તદા, શ્વેત જાલ જન જોય ;
પ્રાતર રહ્યાંજે ઈન્દ્રધનુ, મંદ ગર્જના હોય. ૩૭૬૫
અથવા યાતી વીજળી, સૂર્ય જુદો આભાસ ;
પ્રાતર રહ્યાંજ રમણ્ય વળિ, યામ પ્રકાશ પ્રકાશ. ૩૭૬૬
ઉત્તર દશાન પૂર્વથી, પશુ પક્ષી લંધાર ;
મધુર શબ્દ ઉચ્ચારતાં, આવેતો પ્રિયકાર. ૩૭૬૭
અથવા સ્વચ્છાકાર ગહ, દેખાતા કદિ હોય ;
વળી તેહનિ ગતિ ઉત્તરે, ખસતી ખસતી જોય. ૩૭૬૮
અથવા ચિન્હ વા રોગથી, મુહૂત તદાજ વિચાર ;
તેમ વૃક્ષ પશુ જન સુખી; સુચિન્હ દલપતિ સાર. ૩૭૬૯
વળિ માર્ગશિર્ષ પૌશમાં, સૂર્ય ઉદયની પૂર્વ ;
તેમ અસ્ત થતાં અનિલ, લાલ પ્રકાશ અપૂર્વ. ૩૭૭૦
આસ પાસ વાદળ કડણ, પ્રણ સુપ્રકાશિત જાણ ;
અથવા ટાઢ અધીક જો, પૈસે બરફ પ્રમાણ. ૩૭૭૧

Scanned with CamScanner

વા હિમ પડતૂં હોય તો, વળી માઘમાં ધાર ;
પવન સપાટો હોયને, ચંદ્ર સૂર્ય સુવિચાર. ૩૭૭૨
હીમથિ આચ્છાદિત વળી, સૂર્ય ઉદય ને અસ્ત ;
થાતાં વાદળથી કદી, બિમ્બાચ્છાદિત મત્ત. ૩૭૭૩
તેમ ટાઢ પડતી અધિક, ફાલ્ગુણ વાયૂ વાય ;
સુંદર વાદળની કદી, આવજાવ બહુ થાય. ૩૭૭૪
તેજ બિમ્બ આકાશમાં, જો ખન્ડિત દેખાય ;
વળી સૂર્ય રાતો અને, સુવર્ણ સમ દર્શાય. ૩૭૭૫
ચૈત્ર માસ આકાશમાં, પવન વાદળ પ્રકાશ ;
તેજ બિમ્બ વા માવઠૂં, એહ સુચિન્ન સમાસ. ૩૭૭૬
વૈષાખે પણ માવઠૂં, ઘટ વાદળ વળિ વીજ ;
સકળ ગર્ભપરિપક્વતા, તણી જાણ તજવીજ. ૩૭૭૭
વાદળ રંગ વિચારવા, રૂપ્ય મોતિ સુતમાલ ;
વૃક્ષ છાલ સમ શ્યામ વા, ઈન્દિવર કમળ ભાળ. ૩૭૭૮
અથવા સુરમાં રંગ સમ, તવ અતિવૃષ્ટી ધાર ;
સૂર્ય તાપ તપતો બહૂ, મંદ પવન સુખકાર. ૩૭૭૯
વળિ વાદળ વર્ષાદનાં, બિન્દુથિ આચ્છાદીત ;
દેખાતાં વૃષ્ટી અધિક, દલપતિ સુચિન્ન રીત. ૩૭૮૦
પૂર્વ ગર્ભ ધારણ સમય, તારા ખરતા હોય ;
ગર્જન વા વંટોળીયો, વળી વિશેષે જોય. ૩૭૮૧
દૃષ્ટિ મર્યાદા માંહ્ય જો, ખોટિ આગ દર્શાય. ;
કીર્તિસ્થંભ વા સ્હેરસમ, વાદળાકૃતી થાય. ૩૭૮૨
વળી સૂર્ય બિમ્બે કદી, કાળા ડાઘ જણાય ;
કેતે સમયે ગ્રહ તણો, કદિ સંયોગ ભણાય. ૩૭૮૩
અથવા રાતૂં માવઠૂં, તેજ બિમ્બ આકાશ ;
ઇન્દ્ર ધનુષ વળિ સૂર્ય કે, ચંદ્ર ગ્રહણ તો નાશ. ૩૭૮૪
વર્ષ માંહ્ય જૂદા જુદા, મહિનામાંજ સુચિન્ન ;
ગર્ભ ધારણે નોયતો, ગર્ભ પતન અવિચ્છિન્ન. ૩૭૮૫
પૂર્વા ઉત્તર ભાદ્રપદ, પુર્વાષાઢ વિચાર ;
વળી ઉત્તરાષાઢ ને, રોહિણિ ચંદ્રે સાર. ૩૭૮૬

ગર્ભ ધરંતાં વાદળાં, વૃષ્ટી કરે સુજાણ ;
તેમ શતભિષા ને વળી, આશ્લેષા ઉર આણ. ૩૭૮૭
ગણિ આર્દ્રા સ્વાતી બધા, તણા ચંદ્રમાં લેખ ;
ગર્ભ ધારણું સુચિન્ન સહ, અધિક વૃષ્ટિ તવ પેખ. ૩૭૮૮
સતત કેટલા દિવસ લગિ, વૃષ્ટિ પ્રતાપી થાય ;
વળી ગર્ભ ધારણ કહું. માર્ગશિર્ષથિ લહાય. ૩૭૮૯
વૈશાખ સુધી પાંચ પ્રિય, શતભિષાદિ નક્ષત્ર ;
તેહ તણા શુભ ચંદ્રમાં, વળિ સુચિન્ન સર્વત્ર. ૩૭૯૦
સહિત ગર્ભ ધારણ થવે, અનુક્રમ સતત વિચાર ;
અષ્ટ-સોળ ચોવીશ વિશ, ત્રણ સુદિવસ જળ ધાર. ૩૭૯૧
સૂર્ય ચંદ્રની પાસ જો, એ સમયે ગ્રહ કોય ;
શત્રુ રૂપકદિ હોય તો, કરાં ગર્જના હોય. ૩૭૯૨
અધિક મચ્છની વૃષ્ટિ પણ, એ થકિ ઉલટું જોય ;
સૂર્ય ચંદ્રની પાસ જો, મિત્રથિ વૃષ્ટી હોય. ૩૭૯૩
કદી ગર્ભ ધારણ સમય, વૃષ્ટિ અધિક દર્શાય ;
તવતે ગર્ભ પતન થશે, વૃષ્ટી કદી નથાય. ૩૭૯૪
દ્રોણ* એક આઢકાંસથી, વિશેષ વર્ષો લેખ ;
વળિ-ઉલટા ગ્રહ ભાવથી, કહેલ વખતે પેખ. ૩૭૯૫
આવે નહિં વર્ષાદ તો, ફરીયિ તેવો યોગ ;
આવે તવ વૃષ્ટી થશે, પરન્તુ કરાં અયોગ. ૩૭૯૬
પવન ભાવથી પીજણી, ગર્જન વાદળ લક્ષ ;
ગર્ભ સમય દેખાય તો, વૃષ્ટિ વિશેષજ દક્ષ. ૩૭૯૭
પરન્તુ ગર્ભ સમય કદિ, ભાવથી વિશેષ જાણ ;
તવતે વૃથાક્રાતુ મહીં, ખરે વૃષ્ટિની તાણ. ૩૭૯૮
પાંચ ચિન્ન ઉપર કહ્યાં, એકે વખતે થાય ;
તવ અધિકો ગાળો સુધી, વૃષ્ટિ ખૂબ દર્શાય. ૩૭૯૯
એક ચિન્ન કદિન્યૂન તો, ગાઉ સવાસો સાર ;
આસ પાસ વર્ષે અધિક, એન્યૂનથી વિચાર. ૩૮૦૦

* વૃષ્ટિ માપના ક્રોણકમાં ચાર અઢકનો એક દ્રોણ થાય છે.

ત્રેસઠ-ગાઉ પ્રમાણ છે, ત્રણ ન્યૂનથિ શુભ લેખ ;
એકત્રીશ બત્રીશ ગાઉ, સુધિ વર્ષે પ્રિય પેખ. ૩૮૦૧
એક દ્રોણ વર્ષે કહું, પાંચ ચિન્ન સમ્પૂર્ણ ;
જો તે સમયે પવન બહુ, તો ત્રણ અધક અપૂર્ણ. ૩૮૦૨
માપ વૃષ્ટિનો એરિતે, દ્રોણ અધક ગણ ચાર ;
વૃષ્ટિ સાથ કદિ વીજળી, છ અધક વર્ષે સાર.—૩૮૦૩
જો આકાશે વાદળાં, વૃષ્ટિ અધક નવ જોય ;
વૃષ્ટિ ગર્જના સાથ તો, બાર અધક શુભ હોય. ૩૮૦૪
ચંદ્ર* ઉત્તરાષાઢનો, જોતિષિ કરે તપાસ ;
એ દિવશે સો જાતના, બીજ તોળતા ખાસ. ૩૮૦૫
વળિ બીજે દિવસે ફરી, તોલ કર્યાનું તોલ ;
ફરી જોય સમ વિષમ કે, વૃદ્ધિ થાય જો તોલ. ૩૮૦૬
તે તે અધિકજ પાકશે, વિષમ નપાકે જાણ ;
થાય પાક થોડો કદી, સમથિ નાશ ન પ્રમાણ. ૩૮૦૭
પરિક્ષા કરવી હોય તો, તેહનિ કહું શુભ રીત ;
દ્વાદશ અંગુળ ચોરસે, રેશમિ વસ્ત્ર ખચીત. ૩૮૦૮
લે કરવાં પ્રિય ત્રાજવાં, દોરી તણું પ્રમાણ ;
ચાર ચાર દર ત્રાજવે, વિંશાંગુળની જાણ. ૩૮૦૯
દ્વાદશાંગુળનિ ફૂમતે, દોરી તણો સુમાપ ;
સુવર્ણ કેરાં કાટલાં, દક્ષિણ પલ્લે થાપ. ૩૮૧૦
બીજ વામ ઉત્તર ધરી, જ્યોતિષિ કરતા તોલ ;
એહરિને કુપ જળ તણો, તોલ કરેજ અમોલ. ૩૮૧૧
બીજે દિવશે જો વધે, શીયાળે નહિં વૃષ્ટિ ;
અધર ઝિલ્યું વર્ષાદ જળ, વધવે મધ્યમ કૃષ્ટિ. ૩૮૧૨
તળાવ વા ટાંકા તણું, વધે વૃષ્ટિ તવ ખૂબ ;
બીજિ અધિક આરોગ્યતા, વરણું આબેહૂબ. ૩૮૧૩

Scanned with CamSca

હરતીની આરોગ્યતા, તોળિ લંરિતનો દંત ;
ઘોડા ગાયનિ તેહના, વાળ તોળિ ગુણવંત. ૩૮૧૪
સુવર્ણે તુલા કરીજીએ, રાજાનું સુખ સાર ;
બ્રાહ્મણાદિ જન સુખ તે, ભીણ તુલાયિ વિચાર. ૩૮૧૫
સકળ પદાર્થની જોવિ તો, તે તે તોળ પદાર્થ ;
દેશ વર્ષ સુખ પરિક્ષા, ભાંણુ તુલા પરમાર્થ. ૩૮૧૬
તુલા દાંડિ ઉત્તમ કાંઇ, સુવર્ણની સુખકાર ;
મધ્યમ રૂપાની ગણે, અધમ સિસમ ઉરધાર. ૩૮૧૭
જે તીરથી મનુષ્યના, પ્રાણ લિધાજ પ્રમાણ ;
તે લોખંડ કળની બને, તુલા દાંડિ ઉર આણ. ૩૮૧૮
ચતુર્વિંશ આંગૂળની, તુલા દાંડિ પ્રિયકાર ;
તુલા કરંતાં જો વધે, હરેક વસ્તુ સાર. ૩૮૧૯
વૃદ્ધિ તેહની જાણુથી, ઘટવાથી તે નાશ ;
સમાન નાશ નયાય તે, દક્ષપતિ કહે પ્રકાશ. ૩૮૨૦
આ આષાઢી યોગ જો, તેમ રોહિણી સ્વાતિ ;
વરાહમિહિર મુની વચન, દક્ષપતિ જો શુભ ખ્યાતિ. ૩૮૨૧
આ ત્રણ ઉપર કહ્યા સમય, ચંદ્ર સાથ મેલ કોય ;
શનૂ વત જો હોય તો, દેશમાંહ્ય દુખ હોય. ૩૮૨૨
આ ત્રણ યોગ ઉપર કહ્યા, અધિક માંહ્ય જે વાર ;
તો તે જે વખતે તુલા, નહિં તો એકજ વાંર. ૩૮૨૩
સારું નરસું પરિણામ જે, આવે તેજ પ્રમાણ ;
સારૂં માઠું ફળ ગણે, બમણું સુખ દુખ જાણ. ૩૮૨૪
યોગ પરિક્ષા ત્રિવિધ કહિ, સરખી આવે નેક ;
ભાખ ભવિષ્ય વિલંબ વણ, વિચારવું ન વિશેક. ૩૮૨૫
પણ જો નીરનિરાળિ તો, રોહિણિ યોગ સ્વિકાર ;
યોગ દિવસ કહિ પવન તો, પૂર્વાદિ ક્રમ વિચાર. ૩૮૨૬
પૂર્વ પવનથી વૃષ્ટિયે, પાકે પાક બહૂજ ;
અગ્નિ અગ્નિ ભય બાળતો, દક્ષિણ વૃષ્ટી જાજ. ૩૮૨૭
સામ્મારણ નૈરૂત્યથી, પશ્ચિમ વૃષ્ટી સાર ;
તોફાનિ વૃષ્ટિ વાયવ્યથી, અધિક અધિક ઉરધાર. ૩૮૨૮

Scanned with CamScanner

ઉત્તર અને ઇશાનથી, ઉત્તમોત્તમ ધિક્કાર ;
ઝરિત અષ્ટ દિશા તણા, વાયુ યોગ સુવિચાર. ૩૮૨૯
યોગાપાઢિ પછી ગણે, ચોથ દિવસ શશિ લેખ ;
પૂર્વાષાઢ નક્ષત્રમાં, વૃષ્ટિ પાક શુભ પેખ. ૩૮૩૦
યોગાપાઢિ સુર્યાસ્ત પછિ, ઇશાન પવનજ વાય ;
સર્વ તરૂનેસુખ કરણ, કહે મહામુનિરાય. ૩૮૩૧
સુકાળ વા દુષ્કાળની, અગમ પરિક્ષા કાજ ;
દલપતિરામ પ્રયાસ પ્રિય, તપ્તસિંહ મહારાજ. ૩૮૩૨
ચાર લક્ષ જ્યોતીષ છે, પણ તેમાંથી સાર ;
જ્યોતિષ નયન વિચારતા, શાસ્ત્ર માંહિ સરદાર. ૩૮૩૩
ગુહ્ય વાત અગણિત પ્રકટ, ગોલ્લલં ગુણનિધિ ભૂપ ;
સકળ શાસ્ત્રમાં શાસ્ત્ર પ્રિય, જ્યોતિષ ગણો અનૂપ. ૩૮૩૪
ચતુર સુથડ શાગલ ગુણી, શાસ્ત્ર માંહિ જય શૂર ;
તેમ શાસ્ત્રવેત્તા ચતુર, તપ્તસિંહ યશ પૂર. ૩૮૩૫
ગુર્જર ભાષામાં નથી, એ સાહિત્ય જરૂર ;
તે થકિ દલપતિયે કર્યું, સકલ શાસ્ત્ર ધરિગીર. ૩૮૩૬
મતમતાંતરો જોઇને, વિવિધ શાસ્ત્ર આચાર્ય ;
એક દેશિ નયિ આદર્યું, એહ અનૂપમ કાર્ય. ૩૮૩૭

॥ શીલ્પશાસ્ત્ર પ્રારમ્ભ. ॥

મંગળાચરણ.

દોહરા.

શ્રીગણેશ ગિરિજા પ્રકટ, સદાશિવ તૃતિય દેવ ;
વિષ્ણુ ચતુરમુખ ભાનુ શશિ, વિશ્વકર્મા નગ સેવ. ૩૮૩૮
વાચસ્પતિ વાણી વિમળ, સરસ્વતી સુખ ધામ ;
શીલ્પ શાસ્ત્ર પ્રારંભતાં, દલપતિ સ્મર અભિરામ ૩૮૩૯

ચૌદ લોક ત્રૈલોક્યમાં, રચના રચી અપાર ;
સૂત્રધાર સુપ્રકારથી, પ્રથમ ગૃહે સુવિચાર. ૩૮૪૦
દામ્પત્યાદિ સુપુત્ર સુખ, ભોગવતાં સુવિલાસ ;
પ્રાણિમાત્ર વિશ્રામતાં, રાશિ સુખકર સુપ્રકાશ. ૩૮૪૧
વાવ કુવા બાગાદિ વળિ, તળાવ દેવસ્થાન ;
પુણ્ય નિવાસાદિક કરો, દઇ શાસ્ત્ર સન્માન. ૩૮૪૨
નગર કોટને રાજગૃહ, મઠ પ્રાસાદિક સાર ;
પ્રથમે ગૃહ આરમ્ભથી, શીલ્પ શાસ્ત્ર સુપ્રકાર. ૩૮૪૩
ગૃહારમ્ભ કરતાં પ્રથમ, ગૃહ પંડિત વચન ;
શુભ મુહૂર્ત તે માસ વળી, પક્ષ ચંદ્ર બળ ધન. ૩૮૪૪
તારાબળ શુભલગ્નને, શુભદિવસે શુભવાર ;
ઉત્તરાયન નક્ષત્ર શુભ, આયુ વ્યય ચિતધાર. ૩૮૪૫

પ્રથમ ગૃહબળાબળ વિચાર.

ગુરૂ શુક્ર ને સૂર્ય શશિ, સ્વગૃહી ઉચ્ચસ્થ હોય ;
ગૃહારમ્ભમાં ઉક્ત તે, ચતુર જ્યોતિષી જોય. ૩૮૪૬
ભલા દોષજ વિવાહમાં, વર્જ્ય ગણાતા જેહ ;
તેહ વર્જ્ય રિક્તા તિથી, વળી વાર સહ તેહ. ૩૮૪૭
સૂર્ય ભૌમ ચર લગ્ન લગ્ન, વળી તેહના અંશ ;
અગ્ર પૃષ્ઠ ભાગે રાશી, વર્જ્ય કહ્યો ન પ્રશંસ. ૩૮૪૮
મિથુન કન્યા મીન ધન, રાશીનો રવિ જોય ;
ગૃહારમ્ભમાં શુભ કહે, પન્ડિત જન સૌ કોય. ૩૮૪૯

ગ્રામાનુ કુળ.

પોતાની રાશી થકી, ગ્રામ રાશિ ફળ પંચ ;
નવ દશ એકાદશ ભલી, અન્ય ભલી નવ રંચ. ૩૮૫૦

દ્વાર શુદ્ધિ.

દ્વાર શુદ્ધિ વૃષ ચક્રથી, નક્ષત્ર શુદ્ધિ જોય ;
નિષ્પંચક રિયર લગ્નને, દ્વિસ્વભાવ શુભ હોય. ૩૮૫૧

Scanned with CamSca

રાશી વિચાર.

એક સપ્તથી શુન્ય વળિ, ત્રણ સપ્તે ગૃહ હાણ;
ચતુર અષ્ટ દ્વાદશ કદી, રાશિ ગૃહક્ષયનિ જાણું. ૩૮૫૨
તેમ આમ રાશી કદી, હોય રોગકર તેહ;
એમ રાશિ તજતા ગુણી, ધરી અધિક સંદેહ. ૩૮૫૩

ગૃહારંભે લગ્ન શુદ્ધિ.

ત્રણ પટ્[૧] લાભે[૧૧] પાપ ગ્રહ, શુભ વળિ અષ્ટમ બાર;
એહ થકી બીજે બધે, શુભ ગ્રહ સુખદ અપાર. ૩૮૫૪
લગ્ને છઠ્ઠે દ્વાદશે, વળિ જો અષ્ટમ સ્થાન;
ચંદ્ર નઆવે તવ સુગમ, લગ્ન શુદ્ધિ ગુણવાન. ૩૮૫૫

અશુભ યોગના લગ્ન.

એક દ્વી[૨] ચતુર[૪] સપ્તકે, દશ પંચ નવમ સ્થાન;
ચંદ્ર કૃષ્ણ પક્ષે અશુભ, વળી જોય ધીમાન. ૩૮૫૬
શત્રુના નવમાંશમાં, સપ્ત દશે ગ્રહ જોય;
દોષન તવ શુભ યોગનું, લગ્ન જ્યોતિષી જોય. ૩૮૫૭

ગૃહારમ્ભે નક્ષત્ર.

ત્રણ ઉત્તરા મૃગ રોહિણી, પુષ્ય અનુરાધા હસ્ત;
ચિત્રા સ્વાતિ ધનિષ્ઠા, શત્તારકા પ્રશસ્ત. ૩૮૫૮
રેવતિ સહ નક્ષત્ર પ્રિય, ગૃહારમ્ભમાં સાર;
વર્જ્ય વાર રવિ ભોમ તજિ, શુભગ્રહ દૃષ્ટિ વિચાર. ૩૮૫૯
લગ્ન સ્થિર જોઇ કરી, સ્થંભારોપણ માંહ;
દેવળ વાવ કુવા અને, તળાવ કરવાં ત્યાંહ. ૩૮૬૦

ગૃહારંભે માસ વિચાર.

પોષ ફાલ્ગુનને વળી, વૈશાખ ભલા લેખ;
આવણ ભાદ્રપદે સુગમ, કાર્તિક શુભ ફળ પેખ. ૩૮૬૧
ઉપર કહ્યા માસે સુકૃત, ગૃહારમ્ભ સંયુક્ત;
શિલાન્યાસ અને કહું, સ્તંભ પ્રતિષ્ઠા યુક્ત. ૩૮૬૨

Scanned with CamSca

ફળ શુભ સુત આરોગ્યતા, આયુષ્ય વૃદ્ધિ અપાર ;
ધન પ્રાપ્તી આદી કહ્યાં, સુખદાયક સંસાર. ૩૮૬૩

રત્નમાલા ગ્રંથે માસ ફળ.

ચૈત્ર શોક પ્રાપ્તી અને, ધાન્ય પ્રાપ્તિ વૈશાખ ;
જ્યેષ્ઠ મૃત્યુ આષાઢને, શુન્ય ભાદ્રપદ દાખ. ૩૮૬૪
આશ્વિન માસે કલહ વળિ, મૃત્યુ નાશ કાર્તિક ;
માર્ગશિર્ષે વૃદ્ધિકરણ, પૌષ સંપદાધીક. ૩૮૬૫
માઘથકી ભય અગ્નિનો, ફાલ્ગુણમાં ધન લેખ ;
ફાલ્ગુણમાં શ્રીપ્રાપ્તિ કહિ, એહ રિતે ફળ પેખ. ૩૮૬૬

અન્યમતે નક્ષત્ર પરત્વે કાર્ય યોજન.

શ્રવણ ધનિષ્ઠા શત ભિષા, રોહિણિ આર્દ્રા નેક ;
પુષ્ય ઉત્તરા ત્રણ ગણે, ઉર્ધ્વવક્ત્ર સુવિશેક. ૩૮૬૭
એ નક્ષત્રે કાર્ય કર, પ્રાકાર પ્રાસાદ ;
પટ્ટ ખત્ત તોરણ અને, નવેલ બાગ ધરિયાદ. ૩૮૬૮
પટ્ટાભિષેક રાજપ્રિય, અસ્ત્ર શસ્ત્ર ને યંત્ર ;
વાદ્ય કરાવ્યો ગંત્ર વળિ, પ્રારંભ જંત્ર તંત્ર. ૩૮૬૯
અશ્વિનિ અનુરાધા અને, રેવતિ હરત ભણાય ;
મૃગ જ્યેષ્ઠા ચિત્રાદિનવ, તિર્યંગમુખ ગણાય. ૩૮૭૦
એ નક્ષત્રે કાર્ય શુભ, હય હસ્તીજ પવિત્ર ;
વૃષભ ઊંટ રાસભ પશુ, લાભ્યે સુખ બહુ મિત્ર. ૩૮૭૧
રહેંટ ગાડી રથ હળ ગમન, એ નક્ષત્રે સાર ;
આરંભો તો સુખ કરે, સુત્રધાર સુવિચાર. ૩૮૭૨
કૃત્તિકાસ્થ ભરણી અને, આશ્લેષા ઉર આણ ;
મઘા મૂળ પૂર્વા ત્રિવિધ, વિશાખ અધોમુખ જાણ. ૩૮૭૩
તળાવ કૂપધુત વાપિને, ગર્ય ભૂગિ ગૃહ રાખ ;
ગમન પ્રવેશ નક્ષત્ર નવ, કાર્ય સિદ્ધિ શુભ દાખ. ૩૮૭૪

જ્વાળામુખી યોગ.

પ્રતિપદ મૂળ ગણે ગુણી, પંચમિ ભરણી લેખ ;

Scanned with CamSca

પઠિ કૃત્તિકા નવમિયે, રોહિણિ જોય વિશેખ. ૩૮૭૫
દશમી આશ્લેષા અને, એકાદશી મઘાજ ;
જવાળા મુખિ એ યોગને, તપાસિ કરતા કાજ. ૩૮૭૬

ભૂમિ માપકાદિ ગજપ્રકર્ણે કોષ્ટક.

અષ્ટ રેણુકાનો ગણે, વાલાગ્રશુભ એક ;
અષ્ટ વાલાગ્રે જોગણે, લિક્ષા એક વિવેક. ૩૮૭૭
અષ્ટ લિક્ષાથિ યુકા ગણે, અષ્ટયુકા યવ એક ;
અષ્ટજવે આંગળ કહે, આગળ કહું વિશેક. ૩૮૭૮
ચતુર્વિંશાંગુળનોજ ગજ, લિક્ષા સુધી ગણેજ ;
રથરેણું વાલાગ્ર બે, ગણતીમાંહ્ય ત્યજેજ. ૩૮૭૯
દ્વિ[૨] ષટ્[૬] સપ્તા[૭] ષ્ટાદિ[૮] જવ, આંગળ એક પ્રમાણ ;
આંગળ તે માત્રા ગજે, ચતુર્વિંશતિ વખાણ. ૩૮૮૦
ખદિર ખેર શુભ વંશનો, અથવા ધાત્રિ અમૂલ ;
અષ્ટ પર્વ તેપર કરો, પર્વ અંતરે ફૂલ. ૩૮૮૧
પર્વ માન ત્રણ આંગુળે, નવે દેવ અભિરામ ;
રુદ્ર વાયુ ત્રીજો વળી, વિશ્વકર્મા શુભ નામ. ૩૮૮૨
વન્હિ બ્રહ્મા યમ વરુણ, સોમ વિષ્ણુજ ભણાય ;
પર્વ થકી ગણતી કરે, ફુદડીથી ન ગણાય. ૩૮૮૩
ગ્રામનગર ક્રોશાદિકે, યોજનમાંહ્ય પ્રમાણ ;
જ્યેષ્ટાષ્ટયવે માન ગણિ, શિલ્પ શાસ્ત્ર સુવખાણ. ૩૮૮૪
પ્રાસાદ રાજ મંદિરે, હર્મ્ય હવેલી સાર ;
મધ્યમ સપ્તયવે ગણે, આંગુલ માન વિચાર. ૩૮૮૫
રથ ગાડી પર્યંક વળિ, છત્રાસનને અસ્ત્ર ;
કનિષ્ટ ષટ્ યવથી ગણે, દ્વિ આંગુળથિ સર્વત્ર. ૩૪૮૬

ચતુર્વર્ણ ભૂમી વિચાર.

ભૂમી શ્વેત સુગંધ મય, ઘૃત સમાન અભિરામ ;
સ્વાદ મધુર જોઇ ઘટિત, બ્રાહ્મણ રચવું ધામ. ૩૮૮૭
શોણિત વત રાતી અને, રુધિર સુગંધ વખાણ ;
તુરો સ્વાદ જોતાં ઘટિત, ક્ષત્રિયનેજ સુજાણ. ૩૮૮૮

Scanned with CamSca

પીત રંગ ભૂમિ વળી, તેલ સુગંધિત લેખ ;
ખાટો સ્વાદ ઘણો ઘટિત, વૈશ્ય ધામ શુ વિશેખ. ૩૮૮૯
કાળી મત્સ્ય સુગંધિ મય, કટુ સ્વાદ ચિત લાવ ;
શુદ્ર ધામ રચને સુગમ, દક્ષપતિ શાસ્ત્ર દરાવ. ૩૮૯૦
ભૂમિ સ્વાદ મધૂર વળિ, સ્નેહાન્વિત દર્શાય ;
બ્રાહ્મણ વર્ણ ચતૂરને, સુખદાયક સોહાય. ૩૮૯૧
નકુલ વર્ણે બ્રાહ્મણ ભલી, શુભંગ ક્ષત્રિય સાર ;
મૂષક વર્ણ વૈશ્યને, વિડાલજ શુદ્ર વિચાર. ૩૮૯૨
વિઘ્ન વિદારણ ગણપતી, સગરત ચંડી સેત્ર ;
ક્ષેત્રાધિપ દિગ પાલ દશ, દિશા અનુક્રમ દેત્ર. ૩૮૯૩
ઇન્દ્ર અગ્નિ યમ નિરુતિને, વરુણ વાયુ સુકુબેર ;
ઇશ્વર બ્રહ્મ અનંત સહ, પૂજિ પ્રથમ શુભિ હેર. ૩૮૯૪
એક હરતનો ખાત ખણિ, તે માટી તે ખાત ;
આંક પૂરતાં જે ઉણો, તવ ફળ અધમ ગણાત. ૩૮૯૫
કરી પૂરતાં સમ થતે, સમાન ફળ કહેવાય ;
પૂર્ણ થતાં માટી વધે, તવ ફળ લાભ લહાય. ૩૮૯૬
વળી ખાત ખોદી કરી, તે ખાને જળ પૂર ;
શત પગલાં જે આણીને, માલિક જોય જરૂર. ૩૮૯૭
ચતુર્થાંશ ઉણું થતાં, ફળ ઉત્તમ દે લાભ ;
અર્ધ ઉણે મધ્યમ લહો, ત્રિભાગ ઊણુ અલાભ. ૩૮૯૮
વળી પૂર્વ ઈશાનને, ઉત્તર પાણી ઢાળ ;
સુખદાયક ચતુરાંદિને, ભૂમિ પ્રશસ્ત વિશાળ. ૩૮૯૯
વંશરિ નર ભય અગ્નિયે, દક્ષિણ દિશિ ભય મર્ણ ;
નૈરુત્યે ભય ચોરનો, એ વિધિ બય સૌ! વર્ણે ૩૯૦૦
પશ્ચિમ વાયવ્યેજ ભય, ધાન્ય નાશ ફળ પેખ ;
એરિત ભેદ વિચારતાં, આરંભેજ વિશેખ. ૩૯૦૧
પ્રાચી સાધન દેવસ્થળ, નગર ભુવન પ્રાસાદ ;
ક્રમેન અર્થધન ક્ષયજ, જય પામેન વિશાદ. ૩૯૦૨
મેષ તુલા સંક્રાન્તિ વળિ, કૃત્તિકાજ નક્ષત્ર ;
ચિત્રા સ્વાતી પંચધા, પ્રાચિ સાધ સર્વત્ર. ૩૯૦૩

Scanned with CamSca

ઋરિત પ્રાચી સાધિને, આરંભે તવ જાણ ;
આયુષ્ય ધન સુખ સર્વદા, વિભવ વિભવ સુપ્રમાણ. ૩૯૦૪

ગ્રંથાન્તરે ભૂમિ શોધન.

નૂતન ગૃહ વા કુન્ડ કૃત, ભૂમિ શોધન તપાસ ;
ઈષ્ટ દેવનું સ્મરણ કરિ, પ્રશ્ન વિપ્રને ખાસ. ૩૯૦૫
ગૃહસ્વામિ યજ્ઞમાનના, મુખથકિ અક્ષર સાર ;
દેવ વૃક્ષ ફળ ત્રિવિધમાં, સુગમ રીત સુકુમાર. ૩૯૦૬
તે અક્ષર દ્વિજ રાજગૃહિ, અ ક ચ ટ ત પ ય શ સાર ;
આઠ વર્ગથી આઠ દિશિ, શલ્ય વિધી ચિત ધાર. ૩૯૦૭
પૂર્વાદિ આઠ દિશિ કહી, અષ્ટમ ભાગ લહુ પે વર્ગ ;
આદિ વર્ણ શુભ આવતો, તવ બોલે મુનિ ગર્ગ. ૩૯૦૮
જે સ્થળ અમૂક શલ્યછે, આગળ કહું પ્રકાશ ;
તે તે સ્થળ ફળ શ્રુતિ કહી, દલપતિરામ તપાસ. ૩૯૦૯
અ વર્ગ આદી આવતો, પૃચ્છક મુખથી લેખ ;
તવ પૂર્વ કોણકે ખણો, હસ્ત દોઢ સુવિશેખ. ૩૯૧૦
અસ્તી નરનાં સાંપડે, કહાડે નહિં તવ દુઃખ ;
મૃત્યુકારક જાણવું, માલિકને નહિં સુખ. ૩૯૧૧
ક વર્ગ આદી આવતો, પૃચ્છક મુખથી સાર ;
અગ્નિવ કોણે હસ્ત દે, ખણ ખર અસ્તિ ઉચ્ચાર. ૩૯૧૨
સલ્યન કહાડે તેહ તો, રાજદંડ દેનાર ;
સદા ભય નિવૃત્તી ન કદિ, ગૃહ સ્વામી ચિતધાર. ૩૯૧૩
ચ વર્ગ આદી આવતો, પૃચ્છક મુખ સુપ્રકાર ;
તવ દક્ષિણ કટિસમ ખણે, નર અસ્તી નીર્ધાર. ૩૯૧૪
જો નવ કહાડે શલ્યતો, મણિવત ચિરંકાળ ;
રોગી ગૃહ સ્વામી જતે, દેહે દુઃખ જંજાળ. ૩૯૧૫
ટ વર્ગ આદી આવતો, પૃચ્છક મુખે તપાસ ;
હસ્ત એક ખણ નૈરુતે, શ્વાન અસ્તિ સુપ્રકાશ. ૩૯૧૬
જો નવ કહાડે શલ્યતો, ગૃહસ્વામી પ્રિય લેખ ;
સંતતિ છવે નહિં કદી, શિલ્પશાસ્ત્ર મત પેખ. ૩૯૧૭

Scanned with CamScanner

ત વર્ગ આદી આવતો, પૃચ્છક મુખે સુજાણ ;
હરત દોડ પશ્ચિમ ખણે, બાળક અરિત પ્રમાણ. ૩૯૧૮
શલ્યન કહાડે તેહતો, ગૃહસ્વામી દુખ જાણ ;
વાસ્તવ્ય ન હોયે કદી, દલપતિરામ વખાણ. ૩૯૧૯
પ વર્ગ આદી આવતો, પૃચ્છકને મુખ તોય ;
વામ્ય ખૂણામાં હસ્ત ખંજિ, તૂતાંગારા જોય. ૩૯૨૦
શલ્ય નકહાડે તેહ તો, ગૃહ સ્વામીન વિચાર ;
મિત્ર નાશ દુઃસ્વપ્ન વળિ, દલપતિ દુઃખ અપાર. ૩૯૨૧
ય વર્ગ ઉત્તર હાથ ખણિ, વિપ્ર અરિત તથ લેખ ;
જો નવ કહાડે શલ્ય તો, કુબેરસમ ધન પેખ. ૩૯૨૨
હોય તોય દારિદ્રતા, ગૃહસ્વામી ચિંતધાર ;
સર્વ વાતથી તે દુઃખી, જોયન સુખ સંસાર. ૩૯૨૩
શ વર્ગ ખણ ઈશાનમાં, દોડ હસ્તજ સુમાર ;
ગૌના અસ્તિ ન કહાડતાં, ગૌધન થકી ખુવાર. ૩૯૨૪
ક્ષુપય વર્ગ મધ્યે ખણો, છાતી સુધીજ ખાડ ;
નર કપાળને બરબ વળિ, લોહ શલ્યને કહાડ. ૩૯૨૫
જો નવ કહાડે સ્વામિ તથ, કુળનો કરશે નાશ ;
અષ્ટ શિવાય મુખ આવતા, તણું ફળ નપ્રકાશ. ૩૯૨૬

અંથાંતરે શલ્ય ફળશ્રુતિ.

ગૌ અસ્તિથકી રાજ ભય, હસ્તિ હયથકી રોગ ;
શ્વાન અસ્તિથી કલહ વળિ, ખર થકી નાશ અયોગ. ૩૯૨૭
ઊટ અસ્તિથી સ્ત્રી અને, પુત્ર પુત્રિની હાણ ;
મેષતણા અસ્તિ થકી, અગ્નિ તણો બય જાણ. ૩૯૨૮

અષ્ટવર્ગ સ્વામિ સહિત ગ્રામવર્ગ સંબંધ લહેવું જોવા.

અ ક ચ ટ ત પ ય શ વર્ગઓ, અવર્ગાદિ સ્વર સોળ ;
ક આદિ લેજ પ વર્ગ લગિ, પચ્ચિસ વર્ણ અમોલ. ૩૯૨૯
ય વર્ગ ચતુર શ વર્ગ પણ, ચતુર વર્ણ દર્શાય ;
સ્વર શાસ્ત્રે સુ વિચારતાં, સ્વાગી પણ પરખાય. ૩૯૩૦

Scanned with CamScanner

અ વર્ગનો સ્વામી ગરુડ, ક વર્ગનો માંજર ;
ચ વર્ગ સિંહ ટ વર્ગનો, શ્વાન સ્વામિ ચિત ધાર. ૩૯૩૧
ત વર્ગ સર્પ વિચારતા, પ વર્ગ મૂષક સાર ;
ય વર્ગનો ગજ સ્વામિ વળિ, શ વર્ગ શુકર વિચાર. ૩૯૩૨
નામાક્ષર જે વર્ગનો, તેથકિ ગણિયે પાંચ ;
વર્ગ તણો સ્વામી રિપૂ, ચતુર વિચારે માંચ. ૩૯૩૩
સ્વનામ વર્ગ દ્વિગુણ કરી, આમ વર્ગ સું ભેળ ;
અને અષ્ટથી ભાગદે, શેષ અલગ કરિ મ્હેલ. ૩૯૩૪
આમ વર્ગ દ્વિગુણો કરી, સ્વનામ વર્ગ સું ભેળ ;
અને અષ્ટથી ભાગ દે, શેષાંકે શુભ મેળ. ૩૯૩૫
સ્વનામ શેષ વિશેષ કે, આમ વર્ગ સુવિશેષ ;
અધિક શેષછે જેહનો, તે તેહનો ઋણેશ, ૩૯૩૬

અષ્ટ આયાદિ સાધન.

ગૃહ સ્વામિ હસ્તમાનવા, આંગળ તણું પ્રમાણ ;
આયાદિ ઈષ્ટ સાધવે, ઐરિત ગણે સુજાણ. ૩૯૩૭
દેવાલયને રાજ ગૃહ, સ્વામિ હસ્તથી લેખ ;
સાધારણ ગૃહ શિલ્પિના, હસ્તમાનથી પેખ. ૩૯૩૮
છઝ ધાસના છાપરાં, ગૃહધણિ હસ્તે માપ ;
લિક્ષા સુધિ આયાદિમાં, ગણે શિલ્પિ અચાપ. ૩૯૩૯
પરંતુ દેશ વસાવવો, નગર બ્રહ્મપુર માહ્ય ;
દંડ થકી ગણના કરી, આય લાવવી સાંય. ૩૯૪૦
જ્યાદ્યિરાદિ વસ્તુ જિણી, તેવાલાગ્ય સુધીજ ;
કોષ્ટક પ્રમાણથી ગણી, આયુ લાવતાં રીજ. ૩૯૪૧

ક્ષેત્ર ફળ.

લંબાઇ પ્હોળાઇ ગુણિ, તેહ ક્ષેત્ર ફળ થાય ;
અષ્ટ થકી ભાગી જુઓ, શેષ ધ્વજાદિક આય. ૩૯૪૨

આયાદિ નામ વિચાર.

ધ્વજાયુ ધુમ્રાયુર દ્વિતિય, સિંહાયુ શ્વાનાયુ ;
વૃષભાયુજ ખરાયુ પટ્ટ, ગજ ધ્વાંક્ષાદિક આય. ૩૯૪૩

આયાદિ સ્વરૂપ વિચાર.

પુરૂષરૂપ ધ્વજાયુને, ધુમ્રાયૂ માંજાર ;
સિંહાયુ સિંહ રૂપછે, શ્વાનાયુ સ્વકુપ ધાર. ૩૯૪૪
વૃષાયુ વૃષભ સમાનછે, ખરાયુ ગર્ધભ થાક ;
ગજાયુ હસ્તી રૂપછે. ધ્વાંક્ષાયુ રૂપ કાક. ૩૯૪૫
અન્યોન્યે સન્મૂખ મુખ, ધ્વજ ગજ વૃષ એધાણુ ;
સિંહાયાદિ ચતૂર એ, શુભ દાયક પ્રિય જાણુ. ૩૯૪૬
ખર ધ્વાંક્ષાયુ ધુમ્ર વળિ, શ્વાનાયૂ એચાર ;
રાજદ્વારે દેયતો, સુખદાયક સુવિચાર. ૩૯૪૭

વર્ણ પરત્વે ઉકત આય.

ધ્વજાયુ બ્રાહ્મણને ભલી, ક્ષત્રિયને સિંહાય ;
વૈષ્ય સુખદ વૃષભાયછે, શુદ્ર ગજાયુ સુહાય. ૩૯૪૮
ધ્વજા છત્ર ચામર અને, વાપી કૂપ તળાવ ;
કુંડ જળાશય એ સ્થળે, ધ્વજાયુ શુભ દર્શાવ. ૩૯૪૯
આસન દેવપિઠે અને, વસ્ત્રાભૂષણ નેક ;
ઉકત ધ્વજાયૂ દેયતો, સુખકર જાણ વિશેક. ૩૯૫૦
આયુધ સમરતને વિષે, રાજ્ય ગૃહે શુભ દ્વાર ;
સિંહાયૂ દેવું સુગમ, સૂત્રધાર સુવિચાર. ૩૯૫૧
મ્લેચ્છ ગૃહે શૌચાલયે, નટવા નૃત્યક સાર ;
વેશ્યાદિક ગૃહને વિષે, શ્વાનાયૂ સુખકાર. ૩૯૫૨
વણિક ગૃહે વળિ લાટમાં, મન્ડપ ભોજન પાત્ર ;
વૃષભ તુરંગ ગોશાળમાં, વૃષાયુ શુભદા માત્ર. ૩૯૫૩
વાજિન્ત્રને કલાલ ગૃહ, રજક છાપગર ધામ ;
ગોલાદિક ગૃહને વિષે, ખરાયુ ઘો અભિરામ. ૩૯૫૪
અશ્વાદિક શાળા વિષે, સિંહાયૂને ત્યાગ ;
રાજ્યાસને ગજાયુ શુભ, શ્રી આનંદે યાગ. ૩૯૫૫
રાજ્યગૃહ અંતઃપુરે, સુત્રધાર સંભાળ ;
અનેક ભોગ ઉપસ્કરે, ગજાયુ સોહ્ય વિશાળ. ૩૯૫૬
મહાદીક યંત્રાદિકે, તોપ બંદુકે જાણ ;
સલાટાદિ ગૃહને વિષે, ધ્વાંક્ષાયૂન પ્રમાણ. ૩૯૫૭

Scanned with CamScanner

સોની લુહારને વળી, હોમ કુન્ડની માંહ્ય ;
અગ્નિ વડે જહેનું જિવન, ધ્રુઆયૂ ઘોલ્યાંહ્ય. ૩૯૫૮
યોગિ વેષધારી અને, પોશાળે ધ્વાંક્ષાય ;
અંસલાતિ નીચ ગૃહે, શુભ ગણુતા સ્વાનાય. ૩૯૫૯
વાજિન્ત્ર વગાડનારને, ચોડ અનેજ કુંભાર ;
ખરાયુ દેવું સાં સુગેમ, સૂત્રધાર સુપ્રકાર. ૩૯૬૦

અંથાંતરે આયૂફળ વિચાર.

કરે કૃતાર્થ ધ્વજાયુને, મૃત્યુ પ્રાપ્ત ધ્રુઆય ;
જય પ્રાપ્તી સિંહાયુથી, ક્રોપ વૃદ્ધિ સ્વાનાય. ૩૯૬૧
રાજ્ય પ્રાપ્તિ વૃષભાયુથી, ખરાયુ થકિ જે દુઃખ ;
ધ્વાંક્ષાયુ થકી સ્મૃતિ કહી, ગજાયુ થકિ બહુ સૂખ. ૩૯૬૨
પૂર્ણાલિ મુખ વૃષાયુને, ગજાયુ દાયક શ્રેય ;
વળી ગજાયુ દક્ષીણ મુખ, ઉક્ત પંડિત ગણેય. ૩૯૬૩

નક્ષત્ર પરત્વે વ્યયસાધનય.

પૂર્વ તણું લઇ ક્ષેત્ર ફળ, અષ્ટયકી ગુણ જેહ ;
તે ગુણાંક સત્તાવિસે, ભાગદઇ સુવિવેક. ૩૯૬૪
શેષ વધે નક્ષત્ર તે, ગૃહનું ગણુતું સાર ;
તે ગૃહના નક્ષત્રને, આઠ ભાગ વિસ્તાર. ૩૯૬૫
શેષ રહે તેથી ગણે, ગૃહની વ્યય અભિરામ ;
ગૃહ આયૂથી ન્યૂન વ્યય, તવ શુભદાયક ધામ. ૩૯૬૬

આઠ વ્યય નામ.

શાંત[1] પૌરૂ પ્રદ્યોત[3] વળિ, શ્રિયાનંદ[4] સહચાર ;
મનોહર[5] વ્યય શ્રીવત્સ્ય[6] વ્યય, વિભવ સપ્તમ વિચાર. ૩૯૬૭
અષ્ટમ ચિન્તાત્મક સુવ્યય. અષ્ટ નામછે મૂળ ;
આયુ અષ્ટ સાથે ગણે, અષ્ટવ્યયસુ અનુકૂળ. ૩૯૬૮
ધ્વજાયૂ વિષે શાંત વ્યય, કલ્યાંણી સૌ કહેમ ;
ધ્રુઆયૂયે શાંત.વ્યય, ધાતુ દ્રવ્ય ફળ દેમ. ૩૯૬૯

Scanned with CamScanner

શ્વાનાયુ પ્રદ્યોત વ્યય, ભોગિ શ્રેય દેનાર;
વૃષાયુ શ્રીમાનંદ વ્યય, તવ લક્ષ્મી ભંડાર. ૩૯૭૦
ખરાયુ સંગ મનોહરા, સર્વે કામના સિદ્ધ;
ગજાયુયે શ્રીવત્સ વ્યય, હસ્તિ સમી બળરિદ્ધ. ૩૯૭૧
ધ્વાંક્ષાયુ વિષે વિભવ વ્યય, વા ચિંતાત્મક સાર;
સર્વ સિદ્ધિકર તે સદા, સૂત્રધાર સુવિચાર. ૩૯૭૨
આયુ અંકથી વ્યય તણો, ન્યૂન અંક જ્વ હોય;
લક્ષ્મી પ્રાપ્તિજ તવ થતી, સમ ગાંકે નવ જ્ઞેય. ૩૯૭૩
આયૂ વ્યયના અંક સમ, તવ પિશાચ કહેવાય;
વ્યય અધીક રાક્ષસ ગણો, ઓક ધ્વજાયુ શિવાય. ૩૯૭૪
મૂળ રાશિ નક્ષત્રના, અંક માંહ્ય વ્યય અંક;
મેળવિ ગૃહ નામાક્ષરો, પણ એકત્ર નિશંક. ૩૯૭૫
એમ અંક ત્રણ મેળવી, ત્રણથી ભાગો શેષ;
આવે જ્યે કહિ એકતો, ઈંદ્રાંશ ગણ વિશેષ. ૩૯૭૬
કદાપિ જ્યે બે શેષતો, યમાંશ ગણુતા જ્યેષ્ટ;
કદી શુન્ય ત્રણ શેષતો, રાજ્યાંશ સમજ્ય શ્રેષ્ઠ. ૩૯૭૭
દેવાલયને વેદિકા, માંહ્ય શ્રેષ્ઠ ઈન્દ્રાંશ;
દુકાન બૈરવ નાગનાં, [illegible] યમાંશ. ૩૯૭૮
ગજ્યશ્વશાળા યાનક જ્યે, નગર રાજ્યગૃહ સાર;
વળિ સામાન્ય ગૃહો વિષે, રાજાંશ પ્રિય વિચાર. ૩૯૭૯

વાસ્તુ ચક્રમ્.

ચક્ર ગૃહારંભે વૃષભ, વાસ્તુ ગણ્યાનું લેખ;
સ્તંભારોપણુને વિષે, કુર્મ વાસ્તુ પ્રિય પેખ. ૩૯૮૦
ગૃહ પ્રવેશ કાળે જ્વુઓ, કલશ વાસ્તુ એ રીત;
વાસ્તુ ચક્ર શુભ એ ત્રિવિધ, સુખદાયક ઘર પ્રીત. ૩૯૮૧

ગૃહારમ્ભે વૃષ ચક્રમ્.

સૂર્ય નક્ષત્ર થકી ગણી, દિવસ નક્ષત્ર સુધાર;
ક્રમથી ગણના જ્યે યતી, જ્હેનો કહું વિચાર. ૩૯૮૨

• યાન—પાલખી, રથ, વહાણ હોડી.

પ્રથમ નક્ષત્ર ત્રણ સમજવાં, લક્ષ્મી દાયક લેખ;
એરીતે સૌ ભાગના, નક્ષત્રે ફળ પેખ. ૩૯૮૩
દ્વિતિય ભાગ ગણતા ચતુર, નક્ષત્રો ઉદ્વાંશ;
તૃતિય ભાગમાં પણ ચતુર, નક્ષત્રે સ્થિરતાંશ. ૩૯૮૪
ચતુર ભાગ નક્ષત્ર ત્રણ, લક્ષ્મિવાન કરનાર;
પંચમ ભાગે ચતુર ગણ, નક્ષત્રો દુખકાર. ૩૯૮૫
ષષ્ઠમ ભાગે પણ ચતુર, નક્ષત્રે ધનસાર;
સપ્તમ ભાગે દ્વે ગણે, મહા હાનિ કરનાર. ૩૯૮૬
અષ્ટમ ભાગ નક્ષત્ર ત્રણ, ભણે મૃત્યુ દેનાર;
આરમ્ભ દિવસ નક્ષત્ર શુભ, જોઈ કરો સુવિચાર. ૩૯૮૭

ગ્રંથાંતરે વૃષ ચક્રમ્.

મસ્તક ત્રણ આગળ પગે, ચાર પાછલે ચાર;
પુચ્છે ત્રણ ડાબી કુખે, ચાર નક્ષત્ર વિચાર. ૩૯૮૮
જમણી કૂખે પણ ચતુર, પ્રષ્ટે ત્રણ બે નાક;
સત્તાવિશ નક્ષત્ર નો, અષ્ટ ભાગથી થાક. ૩૦૮૯
મસ્તક મૃત્યૂ સ્વામિનું, વંશ વૃદ્ધિ દ્વીપાદ;
પાછળ પીદે સ્થીરતાં, પુચ્છે કલેશ વિષાદ. ૩૦૯૦
વામ કુખે ધન ક્ષય કરે, દક્ષિણ ધન સુખકાર;
પ્રષ્ટે પણ ધન આવતૂં, પતિક્ષય નાશિક સાર. ૩૯૯૧

ગૃહનું નામ લાવવાનો પ્રકાર.

ગૃહ ભૂમી પૂર્વાદિક્રમ, અંક લખો ગુણવાન;
પૂર્વ એક દક્ષિણ દ્વી, પશ્ચિમ ચતુર તું માન. ૩૯૯૨
ઉત્તર અષ્ટ લખી કરી, આગળ કરે વખાણ;
ગૃહ મુખ દિશિ શાલાંકમાં, એક અધીક સુજાણ. ૩૯૯૩
મેળવિ જોવું નામ પ્રિય, અંક થકી અનુસાર;
ષોડશ લગી પ્રમાણછે, ધ્રુવ ધાન્યાદિ વિચાર. ૩૯૯૪

ધૃવાદિ ગૃહ ષોડશનામ.

ધૃવ૧ ધાન્ય૨ જયસુ૩ નંદ૪ ખર૫, કાંત૬ મનોરમ૭ લેખ;
સુમૂખ૮ દુર્મુખ૯ ક્રૂર૧૦ વળિ,૧૧ સુપક્ષ૧૨ ધનદા પેખ. ૩૯૯૫

ક્ષય૧૩ આક્રન્દ૧૪ વિપુલ૧૫ અને, વિજય સહિત ગણ સોળ;
નામપ્રમાણે શુભાશુભ, ફળ દાતાજ અમોલ. ૩૯૯૬

ગ્રંથાંતરે ગૃહ પ્રસ્તાર.

જેમ છંદ પ્રસ્તાર કહું, તેમ ગૃહે પણ લેખ;
પ્રથમે ચાર ગુરૂ તણા, સોળ રૂપ શુભપેખ. ૩૯૯૭
ચાર ગુરૂના ચાર લઘુ, થે રહેતાં હદ જાણ;
કોષ્ટકમાં જોવું સુગમ, ગુરૂ લઘુતણું પ્રમાણ. ૩૯૯૮

ચાર ગુરૂના ધ્રુવાદિ ષોડશરૂપ કોષ્ટક.

૧	ડ ડ ડ ડ... ...	ધ્રુવ.
૨	ા ડ ડ ડ... ...	ધાન્ય.
૩	ડ ા ડ ડ... ...	જય.
૪	ા ા ડ ડ... ...	નંદ.
૫	ડ ડ ા ડ... ...	ખર.
૬	ા ડ ા ડ... ...	કાન્ત.
૭	ડ ા ા ડ... ...	મનોરમ.
૮	ા ા ા ડ... ...	સુમુખ.
૯	ડ ડ ડ ા... ...	દુર્મુખ.
૧૦	ા ડ ડ ા... ...	ક્રૂર.
૧૧	ડ ા ડ ા... ...	સુપક્ષ.
૧૨	ા ા ડ ા... ...	ધનદા.
૧૩	ડ ડ ા ા... ...	ક્ષય.
૧૪	ા ડ ા ા... ...	આક્રન્દ.
૧૫	ડ ા ા ા... ...	વિપુલ.
૧૬	ા ા ા ા... ...	વિજય.

Scanned with CamSca

ગૃહ આયુષ્ય પ્રમાણ.

લગ્નો ગુરૂ ભગુ સુકદ્દો, રવિ ગયૂ શુદ્ધ દશોત્ત;
શનિ ત્રીજે આરંભ તવ, ગૃહ શતાયુત્ત ગણેન્દ્ર. ૩૯૯૯
શુક્ર શુદ્ધ દશમે રવિ, કુંજો વળિ શુકુ કેન્દ્ર;
આરમ્ભે ગૃહ આયુતવ, ગણેંચમીત્ત ગણેન્દ્ર. ૪૦૦૦
શુકુ શુધ ભગુ દશમે ચંદ્રો, રવિ મંગળ અગીયાર;
આરમ્ભે ગૃહ આયુતવ, એંશીયાં ગિતધાર. ૪૦૦૧
લગ્ને શુક્ર ચોથે શુકુ, શનિ એકાદશ સ્થાન;
સ્વગૃહી તવ આરંભતાં, ગિરાયુ સદ્દમી વાન. ૪૦૦૨
લાભોગ ચંદ્ર શુકુનો, વળિ શુકુ કેન્દ્ર પ્રમાણ;
ચિરંકાલ ધન ધાન્યનો, સુત પરિવાર પ્રમાણ. ૪૦૦૩

દિશ શુદ્ધિ વિચાર.

પ્રાસાદ પૂર મંદિરે, દિશ શુદ્ધિ સુવિચાર;
દીપ સુધપૂપ સાંધવા, દોરા કુમ્ભોસાર. ૪૦૦૪
પંચ સપ્ત સંખ્યા કહી, ઘટપર નિર્ણય દીપ;
દિશ શુદ્ધિ કો સાંધતા, સુત્રધાર સુખદીપ. ૪૦૦૫
ઓળખો માંડી કરી, દીપ જ્યોતિ ને સૂત્ર;
મૂલકાલ કાસદ ગણી, મેળવી એકે ગૂત્ર. ૪૦૦૬
દક્ષિણોત્તર દિશા ગણી, મીન મૂર્તિનો રોપ;
પૈશેરી મધ્ય પાડ ચણિ, કરીન દોરૂં કોપ ૪૦૦૭
એરીતે ચતુરસ્ર કરિ, દિશ શુદ્ધિ સુતપાસ;
શુભદાયક દોષો સદા, કલપતિરામ પ્રકાશ. ૪૦૦૮

રત્નમાલા ગ્રંથે દિશાપરત્વે ગૃહમુખ વિચાર.

કર્ક સિંહને મકર વળિ, કુમ્ભ રાશિનો બાણ;
તવ ગૃહ મુખ પૂર્વ કરો, કે પશ્ચિમ સુખ માણ. ૪૦૦૯
મેષ વૃષભ તુલિક ઘનો, તુલા રાશિમાં મિત્ર;
તવગૃહ મુખ દક્ષીણ થા, ઉત્તર કહ્યાં પવિત્ર. ૪૦૧૦
મિથૂન કન્યા મીન ધન, ચાર સંક્રમણ લેખ;
પશ્ચિમ દોષ ચાતૂર દિશિ, કાર નકરવાં પેખ. ૪૦૧૧

Scanned with CamScanner

કન્યા તૂલા વૃચિકે, પૂર્વે વત્સનદ્વાર ;
ધન મકર કુમ્ભ દક્ષિણે, વત્સ દ્વાર નકધાર. ૪૦૧૨
મેષ વૃષભ મિન પશ્ચિમે, વત્સનદ્વાર વિચાર ;
સિંહ મિથુન કર્કોત્તરે, વત્સ સન્મુખ નદ્વાર. ૪૦૧૩
વૃષ વૃશ્ચિકને કુમ્ભ વળિ, સિંહ કર્કનદ્વ સાર ;
વત્સ દોષને ટાળવા, ચાર દિશાએ દ્વાર. ૪૦૧૪

અંધાંતરે ચંદ્ર પરત્વે ગૃહમુખ વિચાર.

કૃતિકાથિ લઈ સપ્તમે, નક્ષત્રે શશિ હોય ;
તવ ગૃહમુખ દક્ષિણ ગણે, પંડિત જન સૌ કોય. ૪૦૧૫
અનુરાધાથી સપ્તમે, નક્ષત્રે શશિ વાસ ;
તવ ગૃહ મુખ ઉત્તર ભણે, દક્ષપતિરામ પ્રકાશ. ૪૦૧૬
મઘાયકી-ને સપ્તમે, નક્ષત્રે શશિ સાર ;—
તવ ગૃહમુખ પૂર્વે કયે, શિલ્પ શાસ્ત્ર સુવિચાર. ૪૦૧૭
ધનેશથી ને સપ્તને, નક્ષત્રે શશિ જાણે ;
તવને ગૃહમુખ પશ્ચિમે, શુભદાયક સુખખાણ. ૪૦૧૮

અન્યમતે રાશો પૂર્વક ગૃહમુખ વિચારે.

સિંહ મીન વૃશ્ચિકજ તો, પૂર્વે ગૃહમુખ લેખ ;
કન્યા મકર સુકર્ક તવ, દક્ષિણ ગૃહમુખ પેખ. ૪૦૧૯
તુલામિથુન ધનથી કહે, ગૃહપશ્ચિમાભિ મુખ ;
કુમ્ભ મેષ વૃષને કરો, ગૃહમુખ ઉત્તર મુખ. ૪૦૨૦

દુષ્ટ યોગ વર્જિત.

વજ્ર અને વ્યાઘાત વળિ, શૂલ અને વ્યતિપાત ;
ગંડ વિષ્કુમ્ભ પરિધ સહિત, તજે ખાતમાં ખ્યાત. ૪૦૨૧

શોપમુખ જાણવાની રીત.

લગ્ન સિંહ કન્યા તુલા, શોપમુખ ગણ દશાન ;
તવ અગ્નિયખુણ ખાતકર, શિલ્પશાસ્ત્ર સન્માન. ૪૦૨૨

Scanned with CamScanner



Scanned with Cam

Scanned with CamSca

વૃશ્ચિક વળિ ધન ગકરગાં, વાયવ્યે અધિમૂખ;
તવ ઇશાનગાં ખાતકર, જો સૌ વાતે સૂખ. ૪૦૨૩
કુમ્ભ મીન ગેગેન્દ્ર મુખ, નૈકુત્યેન્દ્ર બણુાય;
તવ વાયવ્યે ખાત કર, સુખદાયકન્દ્ર ગણુાય. ૪૦૨૪
વૃષભ મિથુન ને કર્કગાં, અગ્નિયખુણે મુખનાગ;
તવ નૈકુત્યે ખાતકર, એશિવાય સૌ ત્યાગ. ૪૦૨૫
ભાદ્રપદ આશ્વિન કાર્તિકે, અધિમુખ પૂર્વે હોય;
તવ વાયવ્યે ખાતકર, દોષન વ્યાપે કોય. ૪૦૨૬
માર્ગશિર્ષ ને પૈાષ વળિ, માધ દક્ષિણે મૂખ;
ઇશાનખૂણે ખાતકર, જો સૌવાતે સૂખ. ૪૦૨૭
ફાલ્ગુણ ચૈત્ર સુમાધવે, નાગમૂખ પશ્ચિમ;
અગ્નિયખૂણે ખાતકર, શિલ્પશાસ્ત્રના નીમ. ૪૦૨૮
જ્યેષ્ઠાષાઢ સુ શ્રાવણે, અધિમુખ ઉત્તર લેખ;
તવ નૈકુત્યે ખાતકર, મુહૂર્ત જોઇ વિશેષ. ૪૦૨૯

રાહુદિશા વિચાર.

માર્ગશિર્ષને પૈાષ વળિ, માધ માસમાં પૂર્વ;
ફાલ્ગુન ચૈત્રજ માધવે, દક્ષિણ રાહુ અપૂર્વ. ૪૦૩૦
જ્યેષ્ઠાષાઢજ શ્રાવણે, રાહુ પશ્ચિમ નિવાસ;
નભસ્ય આશ્વિન કાર્તિકે, ઉત્તર રાહુ તપાસ. ૪૦૩૧

કૂર્મ ચક્રમ્.

આરંભતિથી પાંચ ગણિ, કરિ આગળ વિસ્તાર;
કૃતિકાયિગણિ આવતું. દિવસ નક્ષત્ર સુધાર. ૪૦૩૨
ઓ બે ગેળવિ બાર વધુ, મેળવ પછી દે ભાગ;
નવથી ભાગ્યે શેષ જો, રહ્યાં અંકથી યાગ. ૪૦૩૩
એક ચારકે સપ્ત તો, કૂર્મતણું જાળ સ્થાન;
લાભકારી તે જાણવું, વળી અધિક કહું માન. ૪૦૩૪
બેય પાંચકે આઠ તો, કૂર્મનું રથળમાં સ્થાન;
હાની કારક તે ગણે, શિલ્પશાસ્ત્ર ગુણવાન. ૪૦૩૫

Scanned with CamScanner

ત્રણપંચ નવ જો શેષતો, કૂર્મ સ્થાન આકાશ ;
ઉપજાવે ધણિનુ મરણ, હિતકારક નપ્રકાશ. ૪૦૩૬

સ્તમ્ભ ચક્રમ.

શૂર્યનક્ષત્રથિ લે કરી, દિવસનક્ષત્ર પર્યંત ;
એરીતે ક્રમ જાણતા, સૂત્રધાર ગુણવન્ત. ૪૦૩૭
ત્હેમાંથી લે પ્રથમ દી, નક્ષત્ર સ્તંભમૂળ ;
ત્હેનૂંફળ ધનક્ષય કહે, આગળ કથે અમૂલ. ૪૦૩૮
દ્વિતિયવિંશ નક્ષત્ર ગણ, સ્તંભમધ્ય સુપ્રકાર ;
શ્રીલક્ષ્મી ને કીર્તિદા, શુભફલ જો દેનાર. ૪૦૩૯
તૃતિય નક્ષત્ર પટ્ સ્તંભના, અગ્ર મૃત્યુ ફલજાણ ;
માટે જેહવિભાગના, શુભ નક્ષત્ર ફલનાણ. ૪૦૪૦
શુભફળ નક્ષત્રો લઈ, સ્તંભા રોપણ સાર ;
કરવાથી સુખ શાન્તિકર, ગૃહસ્વામીને ધાર. ૪૦૪૧

શાંતિકારક અગ્નિચક્રમ્.

જે તિથિયે શાંતી કરો, તેતિથિ અંકેએક ;
મેળવિ વળિકહું વારનો, અંક મેળવી નેક. ૪૦૪૨
ચતુર૪ અંકથી ભાગતાં, શેષથકી ફળજાણ ;
ત્રણ વા શુન્યે અગ્નિજો, મૃત્યુલોક રહેઠાણ. ૪૦૪૩
સૌખ્ય પ્રાપ્તિ ફલ સમજવું, શાન્તિમાંહ શુભયુક્ત ;
પ્રાણનાશ જો એકથી, અર્થનાશ દ્વિ અયુક્ત. ૪૦૪૪

શિલા ન્યાશ વિધિ.

અગ્નિયકોણ શિલાપ્રથમ, પૂજાકરી સ્થપાવ ;
શેષશિલા પ્રદક્ષિણ પુરો, તેમ સ્તંભ રોપાવ. ૪૦૪૫
શિલાન્યાસ મૃગ શ્રવણ ને, રોહિણિ રેવતિ હસ્ત ;
અશ્વિનિ વળિ ત્રણ ઉત્તરા, યુક્ત કહ્યાં સુપ્રશસ્ત. ૪૦૪૬

નગર વિચાર.

સહસ્ર ચાતુર૪ અષ્ટનેદ, ષોડસ૧૬ નગર પ્રમાણ ;
વળિ ત્હેમાં દશ ભેદછે, સૂત્રધાર પ્રિય જાણ. ૪૦૪૭

જ્યેષ્ઠ મધ્યમ કનિષ્ઠ એ, મૂળ ભેદ ત્રણ સાર;
ષોડસ સહસ્ર જ્યેષ્ઠ ને, અષ્ટ મધ્યમ વિચાર. ૪૦૪૮
સહસ્ર ચાતુર[૪] પંચ[૫] મુનિ[૬], કનિષ્ઠ ગણતી હેર;
અષ્ટ થકી નવ દશ વળી, રૂદ્ર[૧૧] સૂર્ય[૧૨] ને તેર. ૪૦૪૯
એમ ભેદ ગ્રંથાન્તરે, હસ્ત પ્રમાણ ગણાય;
સવાયું દોઢું ગણે ગુણી, ભેદ અપાર ભણાય. ૪૦૫૦
જ્યેષ્ઠ નગરમાં સપ્તદશ, મધ્યમ માંહ્યજ તેર;
કનિષ્ઠ નગરે માર્ગ નવ, દશ દિશિ દ્વી ત્રણ હેર. ૪૦૫૧
જ્યેષ્ઠ સપ્તદશ માર્ગને, વિંશ ગજે પ્હોલાઈ;
મધ્યમ ત્રયોદશે ગણો, ષોડસ ગજ પ્રિય ભાઈ. ૪૦૫૨
કનિષ્ઠ નવ માર્ગે લહો, દ્વાદશ ગજવિસ્તાર;
એરિત શ્રેષ્ઠ નગર વિષે, માર્ગ કહ્યા પ્રિયકાર. ૪૦૫૩
બ્રહ્મપૂર ત્રણ ભેદમાં, દ્વી સહસ્ર સુવરિષ્ઠ;
દોડસહસ્ર મધ્યમ ગણે, સહસ્ર હસ્ત કનિષ્ઠ. ૪૦૫૪
નગર પૂર્વદિશિયે વસે. બ્રાહ્મણ જ્ઞાતિય નેક;
દક્ષિણદિશિમાં ક્ષત્રિને, વસાવવા સુવિવેક. ૪૦૫૫
વૈશ્યવર્ણ તે નગરના, મધ્ય ભાગમાં સાર;
શુદ્રલોકની વસ્તિ તે, ઉત્તરદિશા ઉચાર. ૪૦૫૬
શિલ્પી સંઘાડા તણું, કામ કરે કંડાર;
ગ્રંથાંતર મત શિલ્પિ તે, સૂત્રધાર સુવિચાર. ૪૦૫૭
તેમ રંગ કરનાર તે, છીપાને પણ જાણ;
ઇશાન વાસ કરાવવો, શ્રેષ્ઠ નગરે પ્રમાણ. ૪૦૫૮
કંસારા સોનારનો, અગ્નિખૂણમાં વાસ;
તેમજ અંત્યજ જાતિને, અગ્નિખૂણજ પ્રકાશ. ૪૦૫૯
લુબ્ધ અહેડી પારધી, વાયવ્યખૂણે ખાસ;
કલાલ વેસ્યા નૈઋતે, શિલ્પશાસ્ત્ર સુતપાસ. ૪૦૬૦
પ્રાકાર કહે કોટને, ત્રિવિધ રૂપ ઉરધાર;
જ્યેષ્ઠ મધ્યમ કનિષ્ઠ ત્રણ, હસ્તમાન પ્રિયકાર. ૪૦૬૧
પંચવિંશ ત્રેવિંશને, એકવિંશ ગજ સાર:
ઊંચાઈ કહિ એ ત્રિવિધ, સુત્રધાર સુપ્રકાર. ૪૦૬૨

Scanned with CamSca

પછી ઉદા ઊભરણિનો, અર્ધ કરો વિસ્તાર ;
ત્હેના ઊપર માર્ગથી, નળ મ્હેલી સુવિચાર. ૪૦૬૩
કોશીસા તે કાંગરા, શોભાદાયક લેખ ;
અષ્ટાંગુળને અંતરે, સુત્રધાર શુભ પેખ. ૪૦૬૪
વિદ્યાધર કોઠા બુરજ, ષટ્ કોણ અષ્ટ કોણ ;
વળી વર્તુલાકાર કહું, વિદ્યાધર પ્રિય દ્રોણ. ૪૦૬૫
ચતુર્દશ ૧૪ દ્વાદશ ૧૨ દશ ૦ કહ્યો, વિદ્યાધર વિસ્તાર ;
બે કોઠાની મધ્યમાં, વિદ્યાધરી વિચાર. ૪૦૬૬
વિદ્યાધરિ ચતુરસ્ર કર, કોઠા માન પ્રમાણ ;
કોઠાને વિદ્યાધરી, મધ્યે અંતર જાણ. ૪૦૬૭
પાંતરીસ કિષ્કૂ કરો, અથવા ગજ પાંત્રિશ ;
ન્યૂન વૃદ્ધિ કરવી ઘટે, તોગજ પાંચકવીશ. ૪૦૬૮
સિંહ દ્વાર ચતુષ્ટ કર, અષ્ટ ખડકી વા બારિ ;
નગર દ્વાર શોભન ભલાં, કારીગર સુવિચારિ. ૪૦૬૯
જ્યેષ્ટ ઉદય જો પંચદશ, મધ્યમ તેર ગણાય ;
કનિષ્ટ એકાદશ સહિત, હસ્ત પ્રમાણ ભણાય. ૪૦૭૦
નગર દ્વાર પ્હોળાઈ તે, અષ્ટ હસ્ત તે જ્યેષ્ઠ ;
સપ્ત હસ્તનો વાસ તે, મધ્યમ તે પણ શ્રેષ્ઠ. ૪૦૭૧
કનિષ્ટ ષટ્ ૬ હસ્તે પ્રથુલ, એમ ભેદ ઉર આણ ;
પાયો રચ પાણીસુધી; ચણતર ભેદ વખાણ. ૪૦૭૨
ષોડશ આંગુળની શિલા, ઉત્તમ ભેદ વિચાર ;
પંદર આંગુળ લંબતે, મધ્યમ શિલા પ્રકાર. ૪૦૭૩
ચતુર્દશ આંગુળની શિલા, કનિષ્ટ તેમજ લેખ ;
વળિ દશઆંગુળ પ્રથુલ તે, ઉત્તમ શિલાજ પેખ. ૪૦૭૪
નવ આંગુળ મધ્યમ ગણે. સપ્તાંગુળનિ કનિષ્ટ ;
એરિત ભેદ વિચારશે, કારીગરજ વરિષ્ઠ. ૪૦૭૫

તાલાદિક ભૂમી માપક કોષ્ટક પ્રમાણ.

દ્વાદશ માત્રા અર્ધગજ, તણો તાલજો નેક ;
પોણાબે ગજનો થતો, એક કિષ્કુ સુવિવેક. ૪૦૭૬

ચોર્યાશી આંગૂળ વા, સાડાત્રણ શુભ હસ્ત ;
વા બે કિષ્કૂનો ધનુષ, અથવા દંડ પ્રશસ્ત. ૪૦૭૭
બે હજાર દંડે થતો, એક ક્રોશ અભિધાન ;
બેય ક્રોશની તો થતિ, એક ગવ્યુતી માન. ૪૦૭૮
બે ગવ્યૂતી થકિ ગણો, યોજન એક પ્રમાણ ;
શતકોટી યોજન પૃથવિ, દલપતિરામ વખાણ. ૪૦૭૯

ગ્રંથાંતરે વિંશજાતિ નગર વિચાર.

ચતુરસ્રજ ચોખંડ તે, માહેન્દ્ર[૧] નામ લેખ ;
નગર લંબ ચોખંડ તે. સર્વતોભદ્રજ[૨] પેખ. ૪૦૮૦
ગોળ નગ્ન તે સિંહ[૩] પ્રિય, ગોળ લંબ વારૂણ[૪] ;
ખાલી ખુણથી નંદ[૫] તે, જન રાજન તારૂણ. ૪૦૮૧
સ્વસ્તિક નંદા[૬] વર્તકજ, યવાકાર સુજયંત[૭] ;
પર્વત શિખરે જે રચ્યું, દિવ્ય[૮] નામ ગુણવંત. ૪૦૮૨
અષ્ટદળ કમળાકારતે, પુષ્પપૂર[૯] કહેવાય ;
પુરૂષાકારે પુરૂષને[૧૦], ઓરિત ભેદલહાય. ૪૦૮૩
પર્વત કૂખે સ્નાહ[૧૧] પ્રિય, પાઘડિ પનેજ દંડ[૧૨]. ૪૦૮૪
નદીથકી પૂર્વે નગર, શક્રનામ[૧૩] સુપ્રચંડ ;
નદીપશ્ચિમે નગરતે, કમળપૂર[૧૪] અભિરામ. ૪૦૮૫
નદી થકી દક્ષિ દિશે, ધાર્મિક[૧૫] પુર શુભનામ ;
બે નદિ વચ્ચે નગર તે, મહાજય[૧૬] નામ વિચાર. ૪૦૮૬
નદી થકી ઉત્તર નગર, સૌમ્ય[૧૭] નામ નિર્ધાર ;
એક દુર્ગ તે શ્રીનગર[૧૮], બે થકિ રિપુઘ્ન[૧૯] લેખ ;
અષ્ટ ખૂણ જે નગર તે, સ્વસ્તિક વિંશજ[૨૦] પેખ. ૪૦૮૭

ગ્રંથાંતરે સપ્ત દોષિત નગર વિચાર.

ત્રિકોણ[૧] નગરે અગ્નિ ભય, કલેશ પટ્ટ ખુણ[૨] પ્રકાશ ;
વજ્રાકારે[૩] વિજળિ ભય, શકટે[૪] રોગ ઉદાસ. ૪૦૮૮
ત્રિશુલાકારે[૫] યુદ્ધ ભય, દ્વીશકટાકૃતિ[૬] ચોર ;
પડે ખુણા ચતુરસ્રમાં[૭], ધન ક્ષય અને ઢોર. ૪૦૮૯

નગર વૃદ્ધિકરણ ચતુર ભેદ.

નગર તણી પ્હોળાઇથી, સવાઅષ્ટ લંબાઈ ;
અથવા સાડા આઠ કર, ભાગ વધારી ભાઇ. ૪૦૯૦
ચતુર૪ ચતુર૪ સૌ નગરના, ભેદ સમજવા સાર ;
દલપતિરામ વિચારશે, અધિક અધિકેજ પ્રકાર. ૪૦૯૧
પ્રથમ ભેદ લંબાઈને, પ્હોળાઈ સમ રાખ ;
દ્વિતિય ભેદ લંબાઇનો, અષ્ટમાંશ પ્રિય સાખ. ૪૦૯૨
લંબાઈમાં વધારિને, રચવું પૂર સુજાણ ;
તૃતિય ભેદ પ્હોળાઇથી, એકદશાંશ પ્રમાણ. ૪૦૯૩
ચતુર ભેદ પ્હોળાઈથી, દ્વાદશાંશજ વધાર ;
સમકરણ નગર શોભતાં, સૂત્રધાર સુવિચાર. ૪૦૯૪
નગર રાજમહાલય અને, દેવમંદિરે ખાસ ;
અપરાજિત ગ્રંથે કથ્યા, ભેદ કહું સુપ્રકાશ. ૪૦૯૫
હસ્ત છત્રિશ પ્હોળાઈ તો, હસ્તછ વૃદ્ધિ વિચાર ;
હસ્ત બ્હોતેર પ્રથૂલ તવ, વૃદ્ધિ હસ્તકર બાર. ૪૦૯૬
દર છત્રિશ હાથે કરો, વૃદ્ધિ છહસ્ત પ્રમાણ ;
શાસ્ત્રરીતિથી કોરચે, શ્રદ્ધાવાન સુજાણ. ૪૦૯૭

ચક્રવર્ત્યાદિક રાજ્ય ગૃહ વિચાર.

એક છત્ર ધારી અધિક, ચક્રવર્તિ રાજાન ;
અષ્ટોત્તર૧૦૮ શત હસ્તના, વિસ્તારે સન્માન. ૪૦૯૮
ચક્રવર્તિ દ્વાપર યુગે, થયા તેહનાં ધામ ;
અઠ્ઠાણ હસ્ત વ્યાસમાં, રાજ્યગૃહ અભિરામ. ૪૦૯૯
ચક્રવર્તિરાજાનની, પૃથ્વિનો ચતુર્થાંશ ;
હોય તેહ રાજ્ય ગૃહે, અઠ્યાશિહસ્ત વ્યાશાંશ. ૪૧૦૦
ગ્રામ એક દ્વીલક્ષ ધણિ, મહા મંડલિક મ્હેલ ;
ઇઠોતેરજ હસ્તનો, રચવો વ્યાસજ પ્હેલ. ૪૧૦૧
પચાશ હજાર સુગ્રામનો, ધણી મંડળીક સાર ;
અડસેઠહસ્ત પને કરો, વળી અધીક ઉરધાર, ૪૧૦૨
વિંશહજાર ગ્રામે ગણે, શુભ પ્રમુખ સાંમત ;
અઠ્ઠાવનહસ્તે રચો, રાજ્ય ગૃહ ગુણવંત. ૪૧૦૩

દશ હજાર આભા ધિપજ, સાંગંતમાં ભણાય ;
હસ્ત અડતાળીસે રચો, હર્મ્ય વ્યાસ સુગણાય. ૪૧૦૪
પંચસહસ્ત્ર આભાધિપે; પણ સાગંતજ લેખ ;
આઠનીશજ હાથને, પને હર્મ્ય પ્રિય પેખ. ૪૧૦૫
એક શહસ્ત્ર આભાધિપજ, હોનું અષ્ટ વિશ હસ્ત ;
શાસ્ત્રરીત રચના થકી, ભોગ વિલાસ સમસ્ત. ૪૧૦૬
જો શત[૧૦૦] આભા ધીપતે, અલ્પ દેશ રાજન :
અષ્ટહસ્ત હરંત પને કરો, સેનાપતિ સન્માન. ૪૧૦૭
રાજનના ગૃહથી કરો, અર્ધ ભાગજ પ્રધાન ;
અનુક્રમે અધિકારિના, અર્ધ અર્ધ અનુમાન. ૪૧૦૮
ગૃહ પ્હોળાઇ થકી કરો, દશાંશ વધુ લંબાઈ.
અથવા પ્હોળાઇ થકી, પંચમાંશ વધુ ભાઇ. ૪૭૦૯

ગ્રંથાંતરે દુર્ગ વિચાર.

વાપી કૂપ તળાવને, દેવમંદિરજ રહે ;
બાગ યજ્ઞ ફળ પાગતા, ગઢ રચવાથી હોય. ૪૧૧૦
ગિરિ ગહ્વરમાં સિંહ રહિ, અરિનો કરે વિનાશ ;
તેમજ રાજા દુર્ગ થકિ, શત્રૂ દળસહ નાશ. ૪૧૧૧
દુર્ગચતુર[૪] પ્રકારના, ભૂદુર્ગ સુજળદુર્ગ ;
ગિરીદુર્ગ ગેબ્બર મહીં, શ્રેષ્ઠ કહે ગિરિદુર્ગ. ૪૧૧૨
શસ્ત્ર ધાન પાનાદિકજ, વસ્તૂ ગોદ્રા સાર ;
યુદ્ધ સામગ્રી યંત્ર સહ, રાખે ભૂપ વિચાર. ૪૧૧૩
વાસ્તુમંજરી ગ્રંથમાં, દુર્ગભેદ ૭ વિચાર ;
બેદ ચતુર અપરાજિતે, પણ વધિ ગોળ પ્રકાર. ૪૧૧૪

અષ્ટભૈરવયંત્ર વિચાર.

દેવ દૈત્યના યુદ્ધમાં, ભૈરવ યંત્રો અષ્ટ ;
શિવજીએ પોતે રચ્યા, નામ વિચારો સ્પષ્ટ. ૪૧૧૫
ભૈરવ યંત્રો તોપતે, અષ્ટ ગજે વા હસ્ત.
શતઘ્નિની લંબાઈથી, ભૈરવ[૧] નામ પ્રશસ્ત. ૪૧૧૬

Scanned with CamScanner

નવ હસ્તે લંબાઇ તવ, ચંદ્ર દશ થકી અર્ક[૩] ;
ગણુએકાદશ ભીમગજ[૪]; દ્વાદશ યુગ્મ[૫] સુતર્ક. ૪૧૧૭
ત્રયોદશહસ્ત શિખી[૬] ગણે, ચતુર્દશે યમદંડ[૭] ;
મહાભૈરવ[૮] સુપંચ દશ, યંત્ર કહ્યાજ પ્રચંડ. ૪૧૧૮

શતઘ્નિ વા અગ્નિ વાયુ જળાદિક યંત્રે બેઠક વિચાર.

અષ્ટ હસ્તજ શતઘ્નિતો, ફણિની હસ્તજ અષ્ટ ;
તે ફણિની પ્હોળાઇજો, દ્વાદશ આંગુળ સ્પષ્ટ. ૪૧૧૯
વળિ ફણિનીનો સ્તંભતે, ષટ્ હસ્તને સુમાર ;
મરકટિકા ત્રણ હસ્તની, પિંજર તેમ વિચાર. ૪૧૨૦
ફણિની પાછળ યષ્ટિ તે, બત્રિશ આંગુળ સાર ;
ફણિની બાહર ભાગમાં, કુંડળવેલણી ધાર. ૪૧૨૧
અષ્ટાંગુળની તે કરો, ફણિની મધ્યમ ભાગ ;
વેણી આંગુળ એંશિની, સૂત્રધાર જો થાગ. ૪૧૨૨
બત્રિશ આંગુળ યષ્ટિ સહ, મરકટિકા જડિનેક ;
તે લોખંડ ખિલેજ કે, ચર્મ વાઝરિ વિશેક. ૪૧૨૩
શતઘ્નિ સારૂ યંત્ર એ, સીસમ બાવળ ખેર ;
એ ત્રણ કાષ્ટ તણો કરો, ચક્ર બાજુ બે હેર. ૪૧૨૪
સુગમ યુદ્ધમાં લૈજવે, પિંજરની લંબાઈ ;
પંચ વિંશ આંગુળ કહી, અવરાચાર્યો ભાઇ. ૪૧૨૫
કહે કરો લંબાઈ ગજ, વા આંગુળ ચોવીશ ;
સુગમ યંત્રને ફેરવે, ઊંચો નિચો કવીશ. ૪૧૨૬
માટે ઢિકુળિ યંત્રને, નીચે કરવો લેખ ;
અગ્નિ વાયુ જળ યંત્રતે, પિંજર વિના નપેખ. ૪૧૨૭

દુર્ગવા કિલ્લા વિષે શુભાશુભ વિચાર.

લંબ ગોળ આકૃતિ અને, અષ્ટ કમળ દળ જાણ ;
યવાકૃતી જે દુર્ગ તે, ઉત્તમોત્તમ વખાણ. ૪૧૨૮
ત્રિકોણને ષટ્ કોણ વળિ, ત્રિશૂળવત અભિરામ ;
શકટાકૃતિને વજ્ર સમ, દ્વીશકટાકૃતિ કામ. ૪૧૨૯

Scanned with CamSca

વૈકરણમ સહ સંપ્તએ, દુર્ગ વર્જનિય ધારિ;
દલપતિરામ વિચારશે, કારીગર સુવિચારિ ૪૧૩૦
હાટ બજારે શોભતાં, મંદિર મેડી માળ;
કોટ કાંગરા ગઢ થકી, શોભે નગર વિશાળ. ૪૧૩૧
શેરિ પોળ વાડી અને, રાજ મ્હેલ મંડીત;
રચના જોતાં નગરની, સાને ઉપજે પ્રીત. ૪૧૩૨
સપ્ત ભોમીથી શોભતા; શ્રીમાનના નિવાસ;
બે ત્રણ ચતુર સુપંચ વધિ, સામાન્યે સુ વિલાસ. ૪૧૩૩
ગવાક્ષ ગોખ ચતૂર મુખ, પ્રાસાદ કીર્તિ સ્તંભ;
જળાશય વાપી કૂપને, તળાવ નિર્મળ અંભ. ૪૧૩૪
એરીતે શુભ નગરની, રચના રચવી નેક;
ગ્રંથાંતર મત જોઈને, દલપતિ કથે વિશેક. ૪૧૩૫

કબાડો અથવા કાષ્ટ યોગ્યાયોગ્ય વિચાર.

બકૂલ પ્રસિદ્ધ લીંબડો, દગ્ધ સુકયોજ ભણાય;
આમલિ બ્હેડા બાવળજ, શ્વેત કંટક ગણાય. ૪૧૩૬
દૂધ નિકળતું હોય તે, વળી પક્ષિ રેઠાણ;
ભૂત પ્રેત વાસો વસે, તે પણ વર્જ્ય વખાણ. ૪૧૩૭
પવન થકીજ પડેલ તે, કાષ્ટ વર્જ્ય કહેવાય;
દેવાલયના નજિકનું, તે પણ વર્જ્ય ભણાય ૩૧૩૮
ચૈત્ય કહે વારાહિને, ક્ષેત્રપાળની પાસ;
હોય વૃક્ષ તે કાષ્ટ નહિં, ગૃહ બાંધતા તપાસ. ૩૧૩૯
મહુડો સરજુ શાલને, ખેર ફનસ સોહાય;
બિયો હળધરવો શિરશડો, દેવદાર બોલાય. ૪૧૪૦
સેવન સીસમ ટીમ્બરૂ, ચન્દન અર્જુન સાર;
હુડો પતંગ રોહિણી, રોહિડો સુભ વિચાર. ૪૧૪૧
કાષ્ટ કાપિ ઘડતાં કહૂ, પંચક વર્જ્ય પ્રમાણ;
પાટ ઘડીને ચ્હોડિયે, તે દિવસે પણ જાણ. ૪૧૪૨
આડાં કાષ્ટ ચ્હડાવિયે, તે શાખાજ વિશેક;
દક્ષિણોત્તર લંબાઈ તો, શાખા ઉત્તર નેક. ૪૧૪૩

Scanned with CamSca

ધોડલાંજ દક્ષીણ દિશિ, પૂર્વ પશ્ચિમે પાટ ;
જો ચલડાવિયે તો સુગમ, શાખા પૂર્વે ઘાટ. ૪૧૪૪
તવ પશ્ચિમ કર ધોડલાં, વળી કાષ્ટ શુભ રીતિ ;
ઓક ણેય ત્રણ જાતના, અધિક અશુભ એ નીતિ. ૪૧૪૫

આડાંલાકડાં મોભ ત્રિગેરે ચડાવતાં નક્ષત્રપરત્વે શુભાશુભ.

સૂર્ય નક્ષત્રથિ લઈ કરી, દિવસ નક્ષત્ર ગણાંય ;
તેહનોક્રમ મુળમાં પ્રથમ, ત્રણ નક્ષત્ર ભણાય. ૪૧૪૬
કૂળ સ્વામીનું મૃત્યુ ગણિ, આગળ કહું વિસ્તાર ;
દ્વિતિય ભાગ જો ગર્ભમાં, પાંચ નક્ષત્ર સુખકાર. ૪૧૪૭
તૃતિય ભાગ નક્ષત્ર ગણ, મધ્યે ધન સુત સૂખ ;
ચતુર્થ પુચ્છે અષ્ટગણ, મૈત્ર હાનિ જો દુઃખ. ૪૧૪૮
પંચમ ભાગે અગ્રમાં, ત્રણ નક્ષત્ર ફળ લેખ ;
ભાગ્યવાન સુખ સંતતી, શુભાશુભ ફળ પેખ. ૪૧૪૯

અથ દ્વાર ચક્રમ.

સૂર્ય નક્ષત્રથિ લે કરી, દિવસ નક્ષત્ર પ્રમાણ ;
તેહમાંથી ક્રમ પ્રથમમાં, ચાર નક્ષત્ર વખાણ. ૪૧૫૦
ઉર્ધ્વ રાજ્ય પ્રાપ્તી સુફળ, દ્વાર ખુણા ગણ ચાર ;
એકેક ખુણે નક્ષત્ર દે, ફળ વિલાસ ઉર ધાર. ૪૧૫૧
ભાનુ એ ગણતા ગુણી, દર ભાનુયે ચાર ;
નક્ષત્રો ધરિ ફલ જુઓ, લક્ષ્મી દાયક સાર. ૪૧૫૨
વળી નીચે ઉભરા ઉપર, ચતુર્થ નક્ષત્ર ગણાય ;
તેહનું ફળછે રાજ્ય સુખ, શિલ્પશાસ્ત્રથિ ભણાય. ૪૧૫૩
ઉભરા મધ્ય નક્ષત્ર ત્રણ, મરણ અશુભ ફળ ધાર ;
માટે શુભ ફળ આપતા, નક્ષત્રોજ વિચાર. ૪૧૫૪

અંથાંતરે દ્વારચક્ર ફળસહીત.

જ્યાં ગૃહદ્વાર ગણે ગુણી, ચાર દિશાથી થાગ ;
દિશા દરેકતણા ગણે, અષ્ટ અષ્ટ કરિ ભાગ. ૪૧૫૫

Scanned with CamSca

Scanned with CamScanner

પૂર્વ દિશાના આઠમાં, બીજે ત્રીજે નેક ;
અને ચતુર્થ ભલો ગણે, દક્ષિણ ચતુર વિશેક. ૪૧૫૬
પશ્ચિમ દિશિમાં ભાગ છ, ચતુર્થ પંચમ સાર ;
ઉત્તરમાં ત્રીજે ચતુર, ને પંચમ ત્રિપકાર. ૪૧૫૭

અન્યમતે દ્વાર ભેદ.

જ્યેષ્ઠાંગુળ સિત્તેરછે, મધ્યમ અંગુળ સાઠ ;
પચાસ અંગુળ કનિષ્ઠે, બારોત ઉદય હાઠ. ૪૧૫૮
ગૃહની પ્હોળાઇ તણો, ગણવો પ્રથમ સુગાર ;
નેટલાજ ગજ તેટલાં, આંગુળ ગણવા સાર. ૪૧૫૯
જ્યેષ્ઠ દ્વારતો જ્યેષ્ઠમાં, તેમ મધ્યમે લેખ ;
કનિષ્ઠમાં પણ એજ રિત, ગેળવિ અંગુળ પેખ. ૪૧૬૦
અર્ધ કરો પછિ તેહનું, તેટલું પ્હોળુ દ્વાર ;
દ્વાર બેદ ત્રણ એ કલા, સુત્રધાર સુવિચાર. ૪૧૬૧
મનુષ્યનું ગૃહ દ્વારતે, ગર્ભથકી લે વામ ;
હયશાળાનું દ્વાર તે, ગર્ભથિ દક્ષિણ હામ ; ૪૧૬૨
ઉરતીની શાળા તણું, દ્વાર ગર્ભમાં રાખ ;
તો શુભ દાયક તે ગણે, વળી વિશેષે સાખ. ૪૧૬૩
બેદ બિન્ને ગૃહ ક્ષેત્ર ફળ, નવ ભાગે વિસ્તાર ;
નવે નવે એકયાશિકર, કોહનોજ સુમાર. ૪૧૬૪
વાસ્તુ દેવતા ભાગમાં, કલ્પી કરો વિચાર ;
ક્રૂર દેવતા સ્થાન તજિ, શુભ હામે કર દ્વાર. ૪૧૬૫
નક્ષત્ર ભાગ જયંત કે, ઈન્દ્ર દેવને સ્થાન ;
અથવા વીતથ ગૃહક્ષાત, ઉપદ્વાર સન્માન. ૪૧૬૬
વરૂણ પુષ્પદંતે કરો, રોગ ભલાટ સુગટ ;
કોહના સ્થળમાં કરો, ઉપદ્વાર કહું સ્પષ્ટ. ૪૧૬૭
ગૂળદ્વાર તે માંહલા, ગૃહ ગારોજ અવાસ ;
તેદ્વારયકી આગલી, પરસાળ દ્વાર ખાસ. ૪૧૬૮
શાખા એકના સોળ વળિ, ભાગ કરી પ્રિય પેખ ;
એક ભાગ નીચો લઇ, ઉતરંગશિખા લેખ. ૪૧૬૯

Scanned with CamSca

એરીતે માંડીકરી, નીચો પોડશ ભાગ ;
લેરચ ખડકી દ્વાર શુભ, વિષમ અંકથી યાગ. ૪૧૭૦
પંચ સપ્ત નવ લાયનો, અંતર ગણુતા સાર ;
વળિ ગૃહ ઉદય તણા ત્રિવિધ, કલા-શાસ્ત્રથિ પ્રકાર. ૪૧૭૧
છન્નુ ચોર્યાસી અને, બ્હોતેર આંગુળ જાણુ ;
જ્યેષ્ઠ મધ્યમ કનિષ્ઠ ત્રણુ, સુત્રધાર સુપ્રમાણુ. ૪૧૭૨
જ્યેષ્ઠ મધ્યમ કનિષ્ઠના, અંક સાથ કરિ મેળ ;
ગૃહના વ્યાસ તણે કહું, પોડશાંસ ભલિં બેળ. ૪૧૭૩
ગૃહના ઉદય તણા ગણો, પંચ ભાગ કરિ નેક ;
એક ભાગ તે માંહાથી, વેદિકા કર વિશેક. ૪૧૭૪
જે રાશીની વેદિકા, એક ભાગ મત દ્વાર ;
તેમત દ્વાર ઉદય તણો, ચોથ નમણુ વિસ્તાર. ૪૧૭૫
આંગણા થકી ભાગ નવ, પાટ મથાળે જાણુ ;
એક ભાગ કુમ્ભીજ પાટ, ૧ ભાગ સ્તમ્ભ ઉચ્ચાણુ. ૪૧૭૬
અર્ધ ભાગ ભરણો કરો. અર્ધ શરૂ સકુ સાર ;
પાટ એક ભાગે લહો, એ નવ ભાગ વિચાર. ૪૧૭૭
ઉભરા સમ કુમ્ભી તણી, ઊંચાઇ કરીનેક ;
ગૃહ ભૂમીથી આંગાણું, નીચું રાખ વિશેક. ૪૧૭૮
ભૂમી થકિ ગણુ પાટના, પેટા સુધી સુમાર ;
પંડ્યાશી આગળા ઉદય, વૃદ્ધિ કિ આંગળ સાર. ૪૧૭૯
કરિ ગણુ પંચ્યાશિ યકી, એ એ વૃદ્ધી રૂપ ;
સત્યાશી નેવ્યાશીને, એકાણુ અનૂપ. ૪૧૮૦
ત્રાણું પંચાણું અને, સત્તાણું નિર્માણ ;
નવાણુ વળિ એકસો, એક ભેદ નવ જાણ.—૪૧૮૧
ગૃહના ઉદય તણા ગણો, એ નવ ભેદ પ્રમાણ ;
વળિ ગૃહ ઉદય સુભાગકર, પ્રથમે ચતુર સુજાણ. ૪૧૮૨
એક ભાગ રાખી ઉપર, ત્રણ ભાગ સમુદ્ગાર ;
પાંચ ભાગ લે જાય કરો, તવ કહું દ્વિતિય પ્રકાર. ૪૧૮૩
પંચ ભાગમાં એકને, બારસાખ પ્રિય લેખ ;
પછિ બારોત ઉદય લઇ, અર્ધે વિસ્તારે પેખ. ૪૧૮૪

Scanned with CamSca

930 (ग)



Scanned with Cam
Scanned with CamSca

વળિ આંગળ ગણ એકકે, બે ત્રણ વા બારોત ;
ષોડશાંશ ભેળો કરો, પ્હોળો અધિક ઉદ્યોત. ૪૧૮૫
હાર ભાગ ત્રણ કીજિયે, જાળી ગોખ પ્રકાર ;
ભાગ-એક સમ કીજિયે, વળી અધિક ઉરધાર. ૪૧૮૬
બારોત ભાગ બેકરી, એક સન્મુખે રાખ ;
ઉત્તરંગ સમ રાખવો, દીર્ઘ ઉંચ અધિક દાખ ૪૧૮૭
પરંતુ ઉત્તરંગ ઘોડલાં, રહામા રહામી લાવ ;
એરીતે બારોતના, ભેદ કહ્યા ધરિ ભાવ. ૪૧૮૮

વાપીકૂપે ભૂમી સ્થાન વિધી.

મધ્યે શિઘ્ર શલીલને, પૂર્વ ભૂમિ ખંડીત ;
અગ્નિદિશે જળ શુભ વળી, દક્ષિણે વિલંબીત. ૪૧૮૯
નૈરુત્યે અમૃત સમૂં, પશ્ચિમ જળ શોભીત ;
વાયવ્યે નિર્જળ અને, ઉત્તર અધિક પ્રતીત. ૪૧૯૦
ઇશાન દિશિયે ક્ષાર કટુ, એરિત દિશા વિચાર ;
જળ આવક શુભ જાણતા, કોઇક બુદ્ધિ ઉદાર. ૪૧૯૧

વાપી કૂપ કરવે દિશા વિચાર.

ઉત્તર અને ઇશાન વળિ, પૂર્વ પશ્ચિમે સૂખ ;
શેષ દિશા કુપ વાપિજો, તો પામે બહુ દુઃખ. ૪૧૯૨

દિશા પરત્વે વાપી કૂપ ફલં.

પૂર્વ કરે ઐશ્વર્યતા, અગ્નિ પુત્રનો નાશ ;
દક્ષિણમાં સ્ત્રિ વિનાશ કર, નૈરુત્ય મૃત્યુ પ્રકાશ. ૪૧૯૩
સંપત્તિ પ્રાપ્ત પશ્ચિમે, શત્રૂ ભય વાયવ્ય ;
ઉત્તર સૌખ્ય પ્રભાવ વળિ, ઇશાન પુષ્ટી દ્રવ્ય. ૪૧૯૪
મધ્ય કૂપકરવાથકી, અર્થતણો ત્યાં નાશ ,
શુભાશુભ ફલજોઈને, કૂપ વાપિ કર ખાસ. ૪૧૯૫

ગ્રંથાંતરે વાપીકૂપ કુન્ડ અને તળાવ વિચાર.

પુણ્યવંત પુરુષોકરો, નગરમાંહ્ય વા બ્હાર.
જળાશય વાપી કૂપને, કુન્ડ તળાવ વિચાર. ૪૧૯૬

Scanned with CamSca

વાપી ચતુરસ્ર પ્રકારની, દશ૧૦ પ્રકારના કૂપ ;
કુન્ડો ચતુરસ્ર પ્રકારના, તળાવ પદ્મ વિધ અનૂપ. ૪૧૯૭
જે વાપીને એકમુખ, વળી કૂટ ત્રણ હોય.
નંદાનામ વિરાજતું. દોષન વ્યાપે કોય. ૪૧૯૮
દ્વી મુખ કૂટો પદ્મ કહ્યા, ભદ્રાનામ પ્રમાણ ;
ત્રણમુખ કૂટો નર્વ થકી, જયાનામ ઉરચાણ. ૪૧૯૯
મુખચતુર કુટ દ્વાદશે, વિજયા નામ વિચાર ;
કૂટ કમાન એહક કહ્યો, કે દેવડિ ચિતધાર. ૪૨૦૦

કૂપ દશપ્રકાર.

ચતુરસ્ર હસ્તથી માંડિને, ત્રયોદશ હસ્ત સુગાર ;
ચતુરસ્ર હસ્ત પ્હોળાઇથી, શ્રીમુખ નામ શિકાર. ૪૨૦૧
પંચ૫ હસ્ત પ્હોળાઇ તસ, વૈજયંત વિજય વખાણ ;
પદ્મ હસ્તે પ્હોળાઇ જય, પ્રાંતનામ તસ જાણ. ૪૨૦૨
સપ્ત૭ હસ્ત પ્હોળાઇ તો, દુંદુભિ પ્રિય અભિરામ ;
અષ્ટ૮ હસ્ત પ્હોળાઇથી, વદે મનોહર નામ. ૪૨૦૩
નવ૯હસ્તનિ પ્હોળાઇ તસ, સુદામણિ અભિધાન ;
દશ૧૦હસ્તે પ્હોળાઇ તસ, દિગભદ્રજ સન્માન. ૪૨૦૪
એકાદશ૧૧ પ્હોળાઇ તસ, જય શુભનામ ગણાય ;
દ્વાદશ૧૨ હસ્તજ હોયતો, નંદનામ વખણાય. ૪૨૦૫
હસ્ત ત્રયોદશ૧૩ વ્યાસતો, શંકર નામ કુમાર ;
ચતુરસ્ર હસ્તથી ન્યૂન તસ, કુઇ કુવાળિ નિર્ધાર. ૪૨૦૬

કુંડ ચતુર પ્રકાર.

ચતુરસ્રજ ચોખંડતે, ભદ્રકુન્ડ શુભનામ ;
ભદ્રસહિત જે કુન્ડતે, સુભદ્રકુંડે અભિરામ. ૪૨૦૭
પ્રતિભદ્ર સહિત કુન્ડતે, નંદનામ નિર્માણ ;
જલેના મધ્યે ભિટતે, પરિધનામ પ્રિયજાણ. ૪૨૦૮
અષ્ટહસ્તથી માંડિને, એકશત૧૦૦ સુધિ વિશાળ ;
ચતુર૪ દ્વાર કુન્ડે કરો, ખુણે ચોકિ પટશાળ. ૪૨૦૯

Scanned with CamScanner



Scanned with CamScanner

દ્વારદિશા ભાગેકરો, ગવાક્ષ બેદ અપાર ;
કારીગર પ્રતિમા કરો, દેવ દેવિની સાર. ૪૨૧૦
ગંગા સૂર્ય દ્વાદશ અને, વિષ્ણુ દશ અવતાર ;
દુર્ગારૂદ્ર એકાદશજ, અષ્ટ ભૈરવ વિચાર. ૪૨૧૧
સોળ માતૃકા ગણપતી, વળિ ત્રણ અગ્ની લેખ ;
દુર્વાસા નારદ મુની, નવચંડી સુવિશેષ. ૪૨૧૨
દ્વારિકાંનિ લીલા અને, પ્રહ્લાદિ પંચ લોક ;
ઇન્દ્ર[1] યમ[2] વરૂણને[3] ચતુર[4], કુબેર[5] બલ વિલોક. ૪૨૧૩
કુન્ડકાર પરથાર પર, મંડપ કરો વિશેક ;
શાસ્ત્ર યુક્ત રચના થકી, ને ફળ મળતૂં નેક. ૪૨૧૪
કાશીયાત્રા દર્શણે, ન્હાતાં ગંગા સ્નાનં ;
પ્રાણીમાત્ર સુખકરણ સ્થળ, કરો સ્વર્ગ સન્માન. ૪૨૧૫

પદ્વિધ તળાવ.

અર્ધચંદ્રાકારે રચ્યુ, અર્ધચંદ્ર[1] શુભનામ ;
ચતુરદિશા બાંધેલતે, ગદ્દાશરજ[2] અભિરામ. ૪૨૧૬
ગોળાકાર તળાવતે, વૃત્તનામ[3] નિર્ધાર ;
ચતર[4] ખુણાનું હોયતે, ચતુ:[4]કોણ પ્રિયકાર. ૪૨૧૭
એકભદ્ર ને હોયતો, ભદ્રનામજ[5] ગણાય ;
ચતુર બાજુએ ભદ્રતો, સુભદ્રનામ[6] ભણાય. ૪૨૧૮
વળિ તળાવમાં એકવા, ડૂ પરિધ પ્રિયલેખ ;
મધ્ય *બદરયળ એક વા, ડ્રી કરવાંજ વિશેખ. ૪૨૧૯

જ્ઞાનરત્નકોષે ત્રિવિધ તળાવમાન વિચાર.

જ્યેષ્ઠતળાવ સહસ્ત્રનૂં, મધ્ય પંચશત દંડ ;
કનિષ્ટ અઢીસો દંડનું, પાળ કરોજ પ્રચંડ. ૪૨૨૦
જ્યેષ્ઠપાળ પંચાસને, મધ્ય પંચવિશ હસ્ત ;
કનિષ્ટ દ્વાદશ હસ્તની, પાળ કરોજ પ્રશસ્ત. ૪૨૨૧
ઊંચાઇનૂં અર્ધ જે, રચ પ્હોળાઇ સુમાર ;
જ્ઞાનરત્ન કોષે કહ્યો, તેહરિતે સુવિચાર. ૪૨૨૨

* બદરયળ—એટલે બગલાદિક પક્ષિયોને બેસવા ટેકરીઓ.

Scanned with CamSca

મહાધ્યાય પ્રારંભ.

ચતુર[૪]થકી ગજપંચ[૫]વા, ષટ્[૬]સપ્તા[૭] ૯[૮] સુરીત;
બત્રિશ ગજ પર્યંત રચ, બ્રાહ્મણગૃહ ધરિ પ્રિત. ૪૨૨૩
અષ્ટવિંશ ગજ ક્ષત્રિને, વરયરચો ચોવીશ;
શુદ્રભૂમિ ગણવિંશ ગજ, અત્યંજ સોળ કવિશ. ૪૨૨૪
પછી તેથકી ગજ ગણે, અષ્ટોત્તરશત પર્યંત;
રાજ્યગૃહે સુવિચારતા, સૂત્રધાર ગુણવંત. ૪૨૨૫
ગૃહવિસ્તાર સમ દીર્ઘ વા, સવાયુ દોઢૂંસાર;
બમણું વધિ લંબાઈકર, વળિ અધિક ઉરધાર. ૪૨૨૬
એક ભૂમિ ગૃહ અષ્ટગજ, નવ થકિ ગણી અરાડ;
સૂધી ગણીગજ ભૂમિ દે, શિલ્પ શાસ્ત્ર સુવરાડ. ૪૨૨૭
ઓગણીશથી અષ્ટવિશ, ગજલગિ ગણ ત્રણ ભૂમિ;
અનુક્રમ દશ વૃદ્ધિ થતાં, ઉપજે એકજ ભૂમિ. ૪૨૨૮
એક બેયકે ત્રણલગી, સામાન્ય ગૃહેલેખ;
અધિક તત્વ[૫] મુનિ[૭] નાગ[૪] શિવ[૧૧], ભૂમિ રાજ્યગૃહ પેખ. ૪૨૨૯
પાંચ ગજથકી માંડીને, એક ત્રણલગી સાર;
ગૃહશાળા કરિયે પછી, અધિક અધિક ઉરધાર. ૪૨૩૦
એકગૃહ શાળાથાક લઇ, દશ શાલા પર્યંત;
એક ઉરોંજ અવાસમાં, દ્વિગુણ ત્રિગુણજ ગણંત. ૪૨૩૧
તે આગળ પટશાલ કરિ, દશશાલા ગૃહ નેક;
ઉપર કહી પટશાલ સહ, દશાશાલ સુવિશેક. ૪૨૩૨
વામ પાર્શ્વગમ * અર્ગલા, જમણી બાજૂદ્વાર;
દીપાલય જમણે કરો, શુભદાયક સુવિચાર. ૪૨૩૩
પંચભાગ લંબાઇ ગૃહ, મધ્ય ભાગ દ્વે રાખ;
દોડ પાખ સંધી સુરિત, સ્તંભારોપણ દાખ. ૪૨૩૪
સપ્તભાગ લંબાઇતો, મધ્યે ગણ ત્રણભાગ;
બેય ભાગતે પક્ષના, તોડા ગણતી થાગ ૪૨૩૫
કદીભાગ નવ કીજિયે, તો ચાતુર[૪] કરપાટ;
ત્રણભાગે તે પક્ષના, તોડાનો કર થાટ. ૪૨૩૬

* અર્ગલા—એટલે ભોગળ અથવા આડી.

મધ્યભાગ સમ ગૃહતણો, પ્હોળો અલિંદ જાણ;
પંચમભાગ દ્વી[૨] સપ્ત[૭] ત્રણ, નવે ચતુર[૪] ઉરઆણ. ૪૨૩૭

ગૃહરમ્યાષ્ટકાદિ વિચાર.

ધૃવાદિમાં ધાન્યાદિકજ, એક અંતરે અષ્ટ;
ધૃવછાંડીને ધાન્યલૈ, કહું રમ્યાષ્ટક સ્પષ્ટ. ૪૨૩૮
જય છાંડીને નંદ લૈ, ખર છાંડીને કાંત;
એ રિત ગૃહ રમ્યાષ્ટકે, સૂત્રધાર ધર સ્વાંત. ૪૨૩૯
રમ્યં[૧] શ્રીધર[૨] મુદિતને[૩], વર્ધમાનજ[૪] કરાલ[૫]:
સુનાભ[૬] ધ્વાંક્ષ[૭] સમૃદ્ધ[૮] સહ, રમ્યાષ્ટક સુવિશાલ. ૪૨૪૦
ધૃવાદિમાં પટ્દારૂતે, ષોડશ ગૃહ અભિરામ;
સુંદર[૧] વરદ[૨] સુભદ્રને[૩], પ્રમુખ[૪] વિમુખ[૫] શિવ[૬] નામ. ૪૨૪૧
સર્વલાભદ[૭] વિશાલને[૮], વિલક્ષ[૯] પ્રશુભ[૧૦] તું લેખ;
ધ્વજ[૧૧] ઉદ્યોત[૧૨] ભીષણ[૧૩] અને, શુન્ય[૧૪] અજીત[૧૫] વિશેખ. ૪૨૪૨
કુલનંદન[૧૬] સહ સોળ એ, સુંદરાદિક વખાણ;
પાટવેલ પટ દારૂતે, દ્વિવિધજ શાલા જાણ. ૪૨૪૩
પૂર્વ અલિંદો સર્વતે, કહ્યા વળી એકેક;
અલિંદ માંહે મ્હેલતાં, ત્રિવિધ શાલ તે નેક. ૪૨૪૪
હંસ[૧] સુલક્ષણ[૨] સૌમ્ય[૩] હય,[૪] ભાવક[૫] ઉત્તમ[૬] નામ;
રૂચિર[૭] સંતપ્ત[૮] ક્ષેમને[૯], આક્ષેપ[૧૦] અભિરામ. ૪૨૪૫
ઉચ્યતા[૧૧] વૃષ[૧૨] ઉચ્છન્ન[૧૩] વળિ, વ્યય[૧૪] આનન્દ[૧૫] સુનંદ[૧૬];
ષોડશ ગૃહ હંસાદિએ, દલપતિ જો સુખકંદ. ૪૨૪૬
ગુરુ લઘુ પ્રસ્તારે લઘૂ, લઘુયોગેજ અલિંદ;
ઉપજ્યા તેમ બિજે રૂપે, અગ્નિખુણથિ લઘુવંદ. ૪૨૪૭
પૂર્વતણો લઘુ અગ્નિને, દક્ષિણનો નૈરૂત્ય;
પશ્ચિમ લઘુ વાયવ્યને, ઉત્તર ઇશાન સત્ય. ૪૨૪૮
જ્યાં લઘુ ત્યાં દ્વી કર્ણકે, શાલા ઉપજે નેક;
એ શાલામાં પૂર્વ રૂપ, શાલા રૂપન વિશેક. ૪૨૪૯
બીજા રૂપથિ લખાવિયે, તેહ અનુક્રમ નામ;
ઈશ્વર[૧] વૃષભ[૨] સુચંદ્રને[૩], રોગ[૪] પાપ[૫] ભય[૬] ધામ. ૪૨૫૦

નંદન[૭] ખાદક[૮] ધ્વાંક્ષ[૯] વળિ, વિકૃત[૧૦] વિલય[૧૧] સુલેખ ;
ક્ષય[૧૨] યામ્ય[૧૩] વિપરિત[૧૪] અને, સુભદ્ર[૧૫] હલાદિક પેખ. ૪૨૫૧
કેવલાદિક દ્વિશાલથી, યુગ્મનામ ગુણવાન ;
પાટ વેલ પટ દારૂતે, મંધ્યે તવ સન્માન. ૪૨૫૨
અલિંદ આગળ એક દૈ, નામ વિમલ સુવખાણ ;
બે અલિંદ આગળ કરી, નામ વિર્યવત્ જાણ. ૪૨૫૩
મુખે અલિંદજ બે કરો, દક્ષિણ દિશિયે બેય ;
નામ કહે ભાસ્કર વળિ, અધિક કહૂં રૂપ જેય. ૪૨૫૪
આગળ અલિંદ ત્રણ કરો, દક્ષિણ દિશિયે એક ;
દુંદુભ નામ વિરાજતૂં, સૂત્ર ધાર સુવિશેક. ૪૨૫૫
વામ દક્ષિણ એકેકને, બે અલિંદ મુખ દેય ;
નરદ નામ શુભ જાણતા, પરમ પ્રતાપી છેય. ૪૨૫૬
અલિંદ ત્રણ આગળ અને, વામ દક્ષ એકેક ;
નામ સુતેજ કહેબિજૂં, હયજ નામ સુવિવેક. ૪૨૫૭
દક્ષિણ પશ્ચિમ એકેક વળિ, મુખાગ્ર અલિંદ બેય ;
નામ બાલક સુ તેહનૂં, વળી અધિક પણ કહેય. ૪૨૫૮
એજ પૂર્વ રૂપે કરો, ડાબે એક અલિંદ ;
વિલાસ ગૃહ ત્હેને કહે, વળી અધિક સુખકંદ. ૪૨૫૯
એ વિલાસ ગૃહ રૂપકે, આગળ એક અધીક ;
અલિંદ કરવાથી થતૂં, મહાંત નામજ ઠીક. ૪૨૬૦
દક્ષિણ પશ્ચિમ ઉત્તરે, એકેકાગ્રે બેય ;
આગળ ગજ મંડપ થકી, દ્રવ્ય નામ ગણિ લેય. ૪૨૬૧
પૂર્વોત્તર મુખ હોય ગૃહ, ખુણ નાસીક સંલગ્ન ;
સૌખ્યકારિ ઉત્તમ ગણે, ગૃહસ્વામી મન મગ્ન. ૪૨૬૨
શેષ થાકતાં રૂપ ત્રણ, લાંગુલ મેલન કીધ ;
ચુલ્હિ યુગ્મન કીજિયે, દ્વિશાલ ચુલ્હિ પ્રસિદ્ધ. ૪૨૬૩
દ્વીશાલ ચુલ્હિ પૂર્વ મુખ, દ્વિશાલ પશ્ચિમ મૂખ ;
ચુલ્હિ યુગ્મ ત્હેને કહે, કરે તે મહા દુઃખ. ૪૨૬૪
દ્વિશાલ દ્વાદશ રૂપછે, ત્રિશાલનાં કહું રૂપ ;
સૌમ્યાદિ દ્વારભેદથી, હસ્તિ ન્યાદિ અનુપ. ૪૨૬૫

Scanned with CamSca

એકેક રૂપના ઉદય, ચતુર૪ ચતુર૪ અભિધાન ;
શાંતનાદિ ભેદે ઉદય, ચોસઠ નામતું માન. ૪૨૬૬
ત્રિશાલ ગૃહ શાલા કરી, ત્હેના રૂપ તપાસ ;
તૃદશસુ૧ તૃદશા૨ વાસને, સુરૂપ૩ કુમુદ૪ પ્રકાશ. ૪૨૬૭
પાટ વેલ પટ્ટ દારુમાં, વામ દક્ષિણ અલિંદ ;
એકેક મુખે ત્રણ કરો, ત્રિવિધ પદશાલ સુવંદ. ૪૨૬૮
વરદ ઉત્તરાભી મુખે, દંડક નામ ગણાય ;
પશ્ચિમાભિ મુખ તેહનું, કાકપક્ષજ ભણાય. ૪૨૬૯
વિમલ૧ અને શ્રિનિવાસ૨ વળિ, શ્રીવત્સ૩ વિર્ય૪ વંત ;
દંદુભ૫ સાગર૬ સહ કહો, ત્રિશાલ રૂપ ગુણવંત. ૪૨૭૦
જો ત્રૈ લોકય સુંદર મહી, ત્રિશાલ દ્વી પટ્ટદારુ ;
સપ્ત અલિંદ દિશા ત્રયે, સૂત્રધાર તે ચારુ. ૪૨૭૧
ત્રિશાલ ગૃહ પૂર્વોત્તરે, અલિંદ રહિતજ હોય ;
ઉત્તમ તેહ ગણાયછે, નામ સૂર્ય સુખ જોય. ૪૨૭૨
વળિ દક્ષિણ પશ્ચિમ દિશા, અલિંદ હોયન ખાસ ;
તવ તે ગૃહ સ્વામી તણા, ધનનો કરતા નાશ. ૪૨૭૩
ચતુઃશાલે ગૃહ આગળે, ત્રણ અલિંદ જોદેય ;
નામ સુ ત્યો ભગ જાણતા, આગળ વળી કયેય. ૪૨૭૪
બે અલિંદ મુખ દીજિયે, વામ દક્ષ એકેક ;
મલય નામ ત્હેને કહે, સમજો બુદ્ધિ વિશેક. ૪૨૭૫
ચતુઃશાલ પટ દારુ દ્વે, મુખે અલિંદ ચતૂર૪ ;
વામ દક્ષ એકેક કર, અલિંદ સમજો ઊર. ૪૨૭૬
વળી મુખે કર ભદ્રતે, મકરધ્વજ શુભ નામ ;
શિલ્પભેદ ગ્રંથાંતરે, અધિક અધિક અભિરામ. ૪૨૭૭
સૌમ્ય ઉત્તરાભિમુખ ગૃહ, દ્વિશાલ ત્રિશાલ વિશાલ ;
હસ્તીની શાલા કહી, મહિષિ પૂર્વ મુખ શાલ. ૪૨૭૮
ઉપર કહી શાલા વળી, આગળ ખડકી દ્વાર ;
ક્ષેત્ર ભાગ એકયાશિ કરિ, દ્વારભેદ તું વિચાર. ૪૨૭૯
હસ્તી શાલા હોયતો, જમણી પાંસે દ્વાર ;
ઈન્દ્ર દેવ કોઠે કરો, પછિ મહિષીનું સાર. ૪૨૮૦

જમણી દિશિ ગૃહ ક્ષત તણા, સ્થાને દ્વાર તું માન ;
ગૌશાળા જમણી દિશા, પુષ્પ દંતને સ્થાન. ૪૨૮૧
મેપાદિકની શાલ તે, દક્ષ ભલ્લાટક સ્થાન ;
ચાર નામ અનુક્રમ કહ્યે, શિલ્પશાસ્ત્ર સન્માન. ૪૨૮૨
હરતીની શાળા તણું, સુભદ્ર નામ પ્રમાણ
અશ્વિની શાળાનું વદે, નંદ પીઠ સુવખાણ. ૪૨૮૩
ગૌશાળાનું નામ તે, સૌરભ ગણે સુજાણ ;
મેપાદિક શાળા તણું, પુષ્કરછે નિર્માણ. ૪૨૮૪
પ્રતાપ વર્ધન રાજગૃહ, ગજ પચાસનું પેખ ;
નવ ચોકીઓ કહિયે, ચોડશ સ્થંભ વિશેખ. ૪૨૮૫
ભદ્રે સ્તંભા ચતુરને, સ્તંભ સમરત બત્રીશ ;
કર ચતુરમુખ તે સહ, સૂત્રધાર પ્રિય ધીશ. ૪૨૮૬
મૂળ ગૃહ સાડાપાંચ કર, ભૂમી કલશ ધ્વજદંડ ;
આમળસારા અદ્રિ કરો, ભીત ચતુર્દશ ખંડ. ૪૨૮૭
લક્ષ્મી વિલાસ રાજ ગૃહ, પ્રતાપ વર્ધન તુલ્ય ;
પરંતુ દ્વારે ભદ્ર સ્થળ, સ્તંભા દશજ અમુલ્ય. ૪૨૮૮
અપર ભૂમિકા સાર્ધપટ્ટક, રાખો ભદ્રેમાપ ;
સાડાત્રણ સુગણે શુદ્ધી, લક્ષ્મિવિલાશાદ્યાપ. ૪૨૮૯
પંચ વિંશગજ માંડિયે, ગૃહભૂમી અભિરંભ ;
છત્રિશ સ્તંભા ભીત વળિ, દશાંશ ભાગે ધામ ૪૨૯૦
શ્રીવિલાશ શુભ નામ વળિ, આગળ કરો વિચાર ;
એકયાશી પદ ગણિ ભૂમી, સ્તંભાશત સુવિચાર. ૪૨૯૧
ભીત અરાઢ ભાગે કરો, ચતુર મુખ ભૂમી સાર ;
ભદ્રે સપ્ત સુપંચ ત્રણ, એક ભૂમિ વિસ્તાર. ૪૨૯૨
ઉર્ધ્વમૂલ ગૃહ ભૂમિતે; સપ્ત લક્ષ્મિ ભન્ડાર ;
એશુભ રાજ્ય ગૃહો ત્રિવિધ, દક્ષપતિ જય યશદ્વાર. ૪૨૯૩

પ્રાસાદ ભેદ.

ભૂમિ પાટ અર્ધોદયે, છાદ્ય રહે સુ પ્રકાર ;
કલશ ધ્વજ ઉપર ઝળકતાં, પ્રાસાદ પ્રિય ઉચ્ચાર. ૪૨૯૪

Scanned with CamSca

દેવ ગૃહો પ્રાસાદમાં, માનવિ ગૃહ નવધાર;
ઘાત સૂત્ર વત તે ગણે, માટે તજો વિચાર. ૪૨૯૫

સિંહાસન ભેદ.

ત્રિવિધ કરો સિંહાસનસુ, છત્રસહિત નિર્ધાર;
સ્કંઠ પચાસ ચાળીશ શુભ, આંગળનોજ સુમાર. ૪૨૯૬
જ્યેષ્ઠ મધ્યમ કનિષ્ઠ ત્રણ, તે થકિ અપર વિચાર;
સાઠ બ્હોતેર સુ એંશિ જો, આંગળનો વિસ્તાર. ૪૨૯૭

પર્યંક પ્રમાણ.

શૈયા બ્હોતેર આંગુળે, દીર્ઘાર્ધ વ્યાસ લેખ;
પર્યંકનું પ્રમાણ શુભ, સૂત્રધાર પ્રિય પેખ. ૪૨૯૮

વાટિકા પ્રમાણ.

જ્યેષ્ઠ મધ્યમ કનિષ્ઠ ત્રણ, વાટિકા સુવિસ્તાર;
ત્રણસેં બસેં અનેજ શત, દંડ માપ સુવિચાર. ૪૨૯૯

રાજ્ય ગૃહે સ્થળયોજના.

વસ્ત્રસુ ઔષધ ઘાસને, ધાન્યાદિકના ઠામ;
દેવસ્થળ સ્ત્રી શયન સ્થળ, હયશાળાદિ કરવામ, ૪૩૦૦
નૃત્ય શાળા જમણી દિશા, તેમ હસ્તિની શાળ;
ગોશાળા ભોજન શયન, જમણે કરો વિશાળ. ૪૩૦૧
ગૃહ પૂર્વ ભાગમાં કરો, સભા બેઠકે સ્થાન;
જન સમૂહને બેસવા, દક્ષિણ ભાગે માન. ૪૩૦૨
પાણિયારું પણ દક્ષિણે, અગ્ની ખૂણ રસોઈ;
સિંહાસન શસ્ત્રાદિતે, સૂત્રધાર શુભ જોઇ. ૪૩૦૩
નૈરૃત્ય ખૂણે બ્હારથી, શૌચ કૂપ સંડાસ;
એરીતે રચના રચી, રાજ્ય ગૃહે સુપ્રકાશ. ૪૩૦૪

પંચદશ ગવાક્ષ ભેદ.

ગોખ એકલો હોયતો, નામ ત્રિપતાકંસાર;
જેહ ગોખમાં લુમ્બિ તે, ઉભય નામ અનુસાર. ૪૩૦૫

Scanned wi
Scanned with CamSca

ચતુર[૪] લુમ્બિ જાય હોય તવ, ધાવંત નામ લેખ ;
અષ્ટ[૮] લુમ્બિ જાય હોય તવ, પ્રિયાન નામજ પેખ. ૪૩૦૬
દ્વાદશ[૧૨] લુમ્બિ શુહોયતો, સન્મુખ નામ ગણાય ;
પાંચ જાતિય ગવાક્ષ એ, સુખદાયકજ ભણાય. ૪૩૦૭
એક છજાનું હોય તો. એક વંશ શુભ નામ ;
બે બાજૂએ જોઈએ, તવ પ્રિયાગ અભિરામ. ૪૩૦૮
ત્રણ છજાંજ જાય હોય તવ, પદ્મનાભ કહેવાય ;
દીપચિત્ર પણ કહેજાનો, વળી અધિક ઓલાય. ૪૩૦૯
લંબ અધિક જાય હોય તવ, સિંહા નામ પ્રમાણ ;
પ્હોળો અધિકજ હોય તવ, હંસ નામ ઉર આણ. ૪૩૧૦
ચતુસ્ર જો ચોખંડતો, ગણો બુદ્ધિદા સર્વ ;
ભદ્ર ઊપજ્યા હોય તવ, બુદ્ધિસાગર સપર્વ. ૪૩૧૧
પક્ષ સંયુક્તજ હોય તવ, ગરૂડ નામ ધિકાર ;
ડાબે જમણે જાળિ સહ, રાજ વલ્લભ વિચાર. ૪૩૧૨
ગૃહ ભીતે કરમાન ભણિ, પાયા ઉપરન સેજ ;
સંયુક્ત માન તો લહો, પ્રાસાદનિ ભીતેજ. ૪૩૧૩
સભા ભીતમાં માન તે, અંતરથી વા બ્હાર ;
એક હાથ પ્રીજે સુધડ, શિલ્પશાસ્ત્ર આધાર. ૪૩૧૪
શિવ વળિ સૂર્યનિ દષ્ટિયે, કર નહિં ગૃહ મન્ડાણ ;
જયંત પ્રષ્ટે ગૃહન કર, નિષેધ બોદ્ધ પ્રમાણ. ૪૩૧૫
બ્રહ્મા વિષ્ણુનિ પક્ષમાં, વળિ ગ્રંથાતર સાર ;
બ્રહ્મ દેવની દક્ષિણે, વિષ્ણુનિ વામ વિચાર. ૪૩૧૬
ગૃહ કરવું ધારેાન હદિ, વળી અધિક ઉરધાર ;
ચંડિ દેવિનિ નિષેધછે, દિશા સર્વ દુખકાર. ૪૩૧૭
રાજ માર્ગની અંતરે, વેધન ગણે ચતૂર ;
કોટ બીતને અંતરે, પણુન વેધ ઘર ઊર. ૪૩૧૮
સ્તંભ પાટમાં વેધ ગણુ, બીત અંતરે હોય ;
ધતિ દ્વાણુ ભૂપણુ કર્યાં, સૂત્રધાર શુભ જોય. ૪૩૧૯

વાસ્તુ બોધ.

રાજનગર વા. રાજગૃહ, ચતુઃષષ્ટિ[૬૪] પદ જાણ ;
ધર્મ્ય સમસ્ત ગૃહને વિષે, એકયાશિપદ પ્રમાણ. ૪૩૨૦

પ્રાસાદ મંડપે કરો, શતપદ વાસ્તુ સાર;
ચોસઠ પદ એકયાશિપદ, શત સહ ત્રિવિધ વિચાર. ૪૩૨૧

ગૃહ પ્રવેશાનુ ક્રમ.

નવિન ગૃહે સુપ્રવેશને, યાત્રા યજ્ઞિ પ્રવેશ;
વળી રાત્ય દર્શન જતાં, પૂર્વે કરો વિશેષ. ૪૩૨૨
વાસ્તુ પૂજા ભૂત બળિ, ઉત્તરાયન ગણાય;
એરિત કરવે શાન્તિસુખ, દલપતિરામ ભણાય. ૪૩૨૩

ગૃહ પ્રવેશે નક્ષત્ર શુભ.

ચિત્રા અનુરાધાસુ મૃગ, રેવતિ પુષ્ય વખાણ;
સ્વાતિ ધનેષ્ઠા શ્રવણને, મૂળ નક્ષત્ર પ્રમાણ. ૪૩૨૪

ગૃહ પ્રવેશે કલશ ચક્રમ.

સૂર્ય નક્ષત્રથિ ગણિ કરી, દિવશ નક્ષત્ર વિશેષ;
ગણિ ક્રમ જોવું શુભાશુભ, કલશ ચક્રમાં નેક. ૪૩૨૫
પ્રથમ પાંચ ગણતા અશુભ, પછી અષ્ટ જો શુભ;
એ પછિ અષ્ટ અશુભછે, તે પછિ પટ્ટો શુભ. ૪૩૨૬

ગૃહ પ્રવેશે વામાર્ક વિચાર.

ગૃહ પ્રવેશ સમયે જુઓ, વામાર્ક શુદ્ધિનાન;
પ્રવેશ લગ્ને અષ્ટ થકિ, સૂર્ય પંચમ સ્થાન. ૪૩૨૭
અહ મુખ પૂર્વે તવ ગણે, વળિ દક્ષિણ મુખ જાણ;
પંચમ સ્થાનથિ પંચ લગિ, સૂર્ય તણું રહેઠાણ. ૪૩૨૮
પશ્ચિમ ગૃહ મુખ તવ ગણે, દ્વિતિય સ્થાનથી પંચ;
પર્વત પ્રભાકર જાનો, ગણો કરક નવ રંચ. ૪૩૨૯
અહ મુખ ઉત્તર તવ ગણે, સૂર્ય લાભથી૧૧ સાર;
પંચમ સ્થાનથિ પ્રવેશમાં, વામાર્ક ઉક્ત ધાર. ૪૩૩૦

ગૃહ પ્રવેશે લગ્ન શુભ.

ગૃહ પ્રવેશમાં શુભ ગ્રહો. ત્રિકોણ કેન્દ્ર પ્રકાશ;
લગ્નસ્થીર ત્રીજાંજ વળિ, પાપગ્રહ બુદ્ધ૧૧ નિવાસ. ૪૩૩૧

Scanned with CamScanner

ગૃહમુખ આહુતિ પાત.

સૂર્ય નક્ષત્રથિ લે કરી, દિવસ નક્ષત્ર સુમાર ;
ગણી કરી નવ ગ્રહ થકી, નવ ભાગે વિસ્તાર. ૪૩૩૨
અયગ ભાગ નક્ષત્ર ત્રણ, સૂર્ય અશુભ ફળ પેખ ;
દ્વિતિય ભાગ નક્ષત્ર ત્રણ, બુધ શુભ ફળ પ્રિય લેખ. ૪૩૩૩
તૃતિય ભાગ નક્ષત્ર ત્રણ, શુક્રથકી શુભ જાણ ;
ચતુર્થ ત્રણ નક્ષત્ર ગણ, શનિ ફળ અશુભ પ્રમાણ. ૪૩૩૪
પંચમ ભાગ નક્ષત્ર ગણ, ચંદ્ર થકી ફળ શુભ ;
ષષ્ઠમ ભાગે ત્રણગણે, મંગળ થકી અશુભ. ૪૩૩૫
સપ્તમ ભાગે ત્રણ ગણે, ગુરૂ શુભ ફળ દેનાર ;
અષ્ટમ ભાગે ત્રણ ગણે, રાહુ શુભફળ વિચાર. ૪૩૩૬
નવમ ભાગમાં ત્રણ ગણે, કેતુ અશુભ ફળ દેય ;
આ શુભ નક્ષત્ર નામ, યંત્રધાર ગણિ લેય. ૪૩૩૭

ગૃહપ્રવેશ શુભાશુભ.

ગૃહ સન્મુખ પ્રવેશતો, તે ઉત્સંગ પ્રવેશ ;
ગૃહ પશ્ચીત કરિને થતો, પ્રકભંગજ-પ્રવેશ. ૪૩૩૮
પ્રકભંગ દ્વિ પ્રકારના, સવ્યાપસવ્ય વખાણ ;
સવ્ય શુભાદાયક ગણે, અપસવ્ય અશુભ જાણ. ૪૩૩૯
ગૃહ પશ્ચીત કરિ વામદિશિ, થૈને પ્રવેશ સવ્ય ;
તેમકરી જમણેજનો, પૃષ્ટભાગ અપસવ્ય. ૪૩૪૦
ગૃહ પૂર્વદિશિ પ્રવેશકરિ, સૃષ્ટિમાર્ગ થૈનેક ;
પ્રવેશ પશ્ચિમ સન્મુખે, પ્રતિકાયક સુવિવેક. ૪૩૪૧
વળિ પશ્ચિમ સન્મુખ રહી, વામ બાજુ દક્ષીણ ;
દિશિ સન્મુખજ પ્રવેશતે, હીન બાહુજ પ્રવીણ. ૪૩૪૨
તેમ પશ્ચિમ પ્રવેશ કરિ, કરિ ઉત્તરજ પ્રવેશ ;
પૂર્ણ બાહુજ પ્રવેશતે, શુભદાયક સુવિશેશ. ૪૩૪૩
પૂર્વપ્રવેશ સન્મૂખ પણ, પૂર્ણબાહુ ઔદાર્ય ;
તખ્તસિંહ મહારાજ પ્રિય, કહે સર્વઆચાર્ય. ૪૩૪૪

Scanned with CamScanner



સૃષ્ટિસંહાર માર્ગ વિચાર.

પ્રથમે પૂર્વ દિશા મહીં, થૈને પછિ દક્ષીણ;
પછિ પશ્ચિમ પછિ ઉત્તરે, પાછાપૂર્વ પ્રવીણ. ૪૩૪૫
એમ અનુક્રમ આવતાં, સૃષ્ટિમાર્ગ પ્રિયકાર;
તેમ પૂર્વથી ઉત્તરે, પછિ પશ્ચિમ ક્રમધાર. ૪૩૪૬
પશ્ચિમથી દક્ષિણ થઇ, પાછા પૂર્વે લેખ;
સંહાર માર્ગ જાણતા, પ્રતિષ્ઠા મયુખ પેખ. ૪૩૪૭

અષ્ટસૂત્ર વિચાર.

પ્રથમ દ્રષ્ટિ સૂત્રજ અને, દ્વિતિય કાંબિ ગજ સાર;
તૃતિય મૂંજની દોરિને, સૂત્રદોરિ સહ ચાર. ૪૩૪૮
પંચમ ગણ અવલંબ વળિ, છઠ્ઠે સાંધણિ ધાર;
કાટખુણા સહ સપ્તને, વિલેખ્ય અષ્ટ પ્રકાર. ૪૩૪૯

વાસ્તુશાસ્ત્રે દેવતાનામ.

શિખિન[૧] પર્જન્ય[૨] જયંતને[૩], કુલિશાયુધ[૪] શુભલેખ;
સૂર્ય[૫] સત્ય[૬] ને વળિ કહું, ભૃશ[૭] આકાશજ[૮] પેખ. ૪૩૫૦
વાયુ[૯] પવણ[૧૦] ને વિતથ[૧૧], ગ્રહક્ષત[૧૨] યમ[૧૩] ગંધર્વ[૧૪];
ભૃંગિરાજ[૧૫] મૃગ[૧૬] પિતૃગણ[૧૭], દૌવારિકાદિ[૧૮] સર્વ. ૪૩૫૧
સુગ્રીવ[૧૯] પુષ્પદંત[૨૦] ને, વરુણ[૨૧] અસુરને[૨૨] શેષ[૨૩];
પાપ[૨૪] રોગ[૨૫] અહિ[૨૬] મુખ્યને[૨૭], ભલ્લાટ[૨૮] સોમ[૨૯] બેશ. ૪૩૫૨
સર્પ[૩૦] અદિતિને[૩૧] દીતિ[૩૨] વળિ, અદ્ભ્યા[૩૩] સાવિત્રીજ[૩૪];
જયંત[૩૫] રુદ્રસુ[૩૬] અર્યમા[૩૭], સવિતા આડત્રીજ[૩૮]. ૪૩૫૩
વિવસ્વત[૩૯] વિબુધાધિપતિ[૪૦], મિત્રગણ[૪૧] સુઅભિરામ;
રાજયક્ષ્મા[૪૨] ને પૃથ્વિધર[૪૩], આપવત્સ[૪૪] શુભનામ. ૪૩૫૪
બ્રહ્મદેવસહ[૪૫] એકલા, પિસ્તાળિ દેવસાર;
ચરકી[૪૬] વિદારિ[૪૭] પૂતના[૪૮], પાપ રાક્ષસિ[૪૯] વિચાર. ૪૩૫૫
સ્કંદ[૫૦] અર્યમાં[૫૧] જૃંભકં[૫૨], પિલિપિચ્છજ[૫૩] ઉરઆણ;
ઇંદ્ર[૫૪] અગ્નિ[૫૫] યમ[૫૬] નિઋતિને[૫૭], વરુણ[૫૮] વાયુ[૫૯] સુવખાણ. ૪૩૫૬
સોમ[૬૦] ઇશાન[૬૧] ઇશ્વરભણે, એકસેઠજ ગણાય;
સર્વ વાસ્તુપદને વિષે, એ દેવતા ભણાય. ૪૩૫૭

Scanned with CamSca

શિખિને પાયશને વળી, પર્જન્યસુ ઘૃતભાત ;
જયત પીતધ્વજ અને, કુર્મ પિષ્ટનો ખ્યાત. ૪૩૫૮
પંચરત્ન કુલિશાયુધં, પિષ્ટ વજ્ર આયુદ્ધ ;
સૂર્ય શ્યામ વસ્ત્રજ તણો, ચંદ્રવોજ પ્રબુદ્ધ. ૪૩૫૯
ઘૃત ગોધુમ બલિ સત્યને, ભૃશં ભલય બલિદાન ;
આકાશં તલસાંકળી, વાયુ ચોખ્યાચકુમાન. ૪૩૬૦
પૂષણ ડાંગર ધાણિ બલિ, વિતથ બાકળા ભાત ;
ગૃહક્ષત અર્યને અન્ન બલિ, યમ માંસોદન ખ્યાત. ૪૩૬૧
સેવંત્રા પુલ ભાતતે, ગંધર્વનું બલિદાન ;
ભૃંગિરાજ બલિ મેશની, નિર્ઋત્તા થકિ સન્માન. ૪૩૬૨
મૃગ લીલાજવ રુચિર બલિ, લાડુ પિતૃને સાર ;
દૌવારિક પ્રિય નંદિને, અડદ વડાં સુવિચાર. ૪૩૬૩
સુગ્રિવ પુલ્લાની બલિ, પુષ્પદંત પુલ દુગ્ધ ;
વરુણ પદ્મ કુશસ્તંબને, હિરણ્ય પિષ્ટ પ્રબુદ્ધ. ૪૩૬૪
અસુર સુરા બલિ આપવો, શેષ ઘૃતોદન પ્રમાણ ;
પાપયક્ષ્મા પકવાન્નિશજ, રોગ લાડુ ઘૃત જાણ. ૪૩૬૫
અદ્રિર્ભૂષ્ન પય પુષ્પ ફળ, મુખ્ય ઘૃતોદન ગંધ ;
બલ્લાટ સુમુદ્ગોદને, સોમ ઘૃત પય પ્રબંધ. ૪૩૬૬
સર્પ સાયુજ્યાં પય અને, અદિતિનેજ કસાર ;
દિતિને પૂરીની બલી, આપાય ક્ષિરધાર. ૪૩૬૭
લાડુ કુશોદન તે બલી, સાવિત્રી સાક્ષાત ;
જયાય ઘૃત ચંદન બલિ, રુદ્ર સુગંધી ખ્યાત. ૪૩૬૮
મતાંતરે ગુગળ અને, કર્પુર કેરો ધૂપ ;
ગોળ પાયસ બલીકહી, પ્રિયકર રુદ્ર અનૂપ. ૪૩૬૯
અર્યમાં શર્કરા પાયસે, સવિતાપુપધી ગોળ ;
રક્ત ચંદન સુવિવસ્વત, પાયશ બલિ અગોલ. ૪૩૭૦
વિબુધાધિપ ઘૃતને વળી, હરિતાન્નોદન જાણ ;
ઘૃતોદનજ મિત્રાયને, પકવાન્ન રાજ્યગંધમાણ. ૪૩૭૧
પૃથ્વીધરાય માસ બલિ, આપવત્સ દધિ નેક ;
બ્રહ્મદેવ જવ તિલાક્ષત, પંચગવ્ય સુવિવેક. ૪૩૭૨

Scanned with CamSca



Scanned with CamScanner

દધિઘૃત ભોજન વિવિધ વળિ, ગ્રંથાંતરે પ્રમાણ;
દ્રાક્ષિગાય અમૃત ધડો, સુવર્ણસહ પ્રિય જાણ. ૪૩૭૩
ચરકિગધ ઘૃત માસ બલિ, પદ્મ કેશર વિચાર;
વિદારિમાસ રુધિર અને, હરિદ્રા ઓદન સાર. ૪૩૭૪
પૂતના દધિ રુધીરને, પીતવર્ણ શ્રીખંડ;
મત્સ્ય માસ મદિરાદિ બલિ, પાપરાક્ષસિ પ્રચંડ. ૪૩૭૫
સ્કંદમ રુધિર માસને, સુરા સહિત બલિ લેખ;
અર્ધમા માસસહ અસ્થિ વળિ, જૃંભકાય બલિવેખ. ૪૩૭૬
માસ રૂધિર તાજાં ગમે, પિલિપિચ્છમ પ્રકાશ;
પક્વમાસ બલિ પદ્માસહ, ગ્રંથાંતર મત ખાસ. ૪૩૭૭
રાજનગર વનવાટિકા, રાજ્યગૃહે સંપૂર્ણ;
દેશખંડ ઘટ જળાશય, ત્યાં કરવૂંન અપૂર્ણ. ૪૩૭૮
સમસ્ત દુર્ગ્ય પ્રાસાદમાં, ચંદન પૂષ્પથિ પૂજા;
પંડિત પ્રિયબ્રહ્મ સમજશે, ચાતુરતાની બૂજ. ૪૩૭૯
ગૃહના અગ્નિયકોણમાં, ચતુરસહસ્ત સુએક;
અથવા એક ગજે કરો, કુંડ મેખળા નેક. ૪૩૮૦
ત્રણકરિ દરેક દેવને, અષ્ટોત્તરશત ખાસ;
અથવા અષ્ટાવિંશ તે, આહુતિ કહી પ્રકાશ. ૪૩૮૧
દૂધ દધી ઘૃત શર્કરા, કૃષ્ણતલ મિશ્રી ભાત;
વળિ જવનચીન હોમવાં, વાસ્તુ હોમમાં ખ્યાત. ૪૩૮૨
દુર્વાંકૂર પલાસને, ઉદુમ્બર તણા જાણ;
પીપલાદિ સમિના સમિધ, દલપતિરામ પ્રમાણ. ૪૩૮૩
શ્રદ્ધાવાન થઈ સદા, વાસ્તુ દેવતા સેવ;
આલોકે સુખ સંપદા, આયુ પ્રીતિ દે દેવ. ૪૩૮૪
એક કલ્પસુખ સ્વર્ગમાં, ભોગવતા ધીમાન;
વાસ્તુશાસ્ત્ર દલપતિ કથે, તપ્તસિંહરાજાન. ૪૩૮૫

સહસ્રપદ વાસ્તુ દેવતા પટલં.

આડા ઊભા બત્રિશજ, કોઠા કરતાં સાર;
એક સહસ્ર ઊપર થતા, ચતુર્વિંશતિ વિચાર. ૪૩૮૬

Scanned with CamScanner

ચંતુર્વિશતી ત્યાગતાં, બાકિ સહસ્રજ ભાગ ;
સહસ્ર પદ વાસ્તુ ગણે, શતપદ પ્રભા થાગ. ૪૩૮૭
ચતુર દિશા પ્રભા તણી, દશ દશ પદ વિધિ સાર ;
અર્યમાદિ ગણ ચતુર તે, એંશિ એંશિ પદ ધાર. ૪૩૮૮
બાહિં ખુણ દેવાણદર, એકવિંશ પદ લેખ ;
બાહ્ય ખુણના ચતુર દર, નવ નવ પદેજ પેખ. ૪૩૮૯
બાકિ રહ્યા સૈા દેવતા, અષ્ટ અષ્ટ પદ જાણ ;
બાહ્યવિથી ચાતુર દિશા, છવ્વિ છવ્વિસ વખાણ. ૪૩૯૦
ચતુર દિશા દિ દિ ખંડતે, બાહિ રાખજ વિશેક ;
એ રિત બાહ્યવિથિ તણા, દ્વાદશોત્તરશત નેક. ૪૩૯૧
ક્રોહાની ગણતી કહી, મુનિજન કહે પુનીત ;
નગરેા દેસ વસાવતાં, દુર્ગ પ્રતિષ્ઠા રિત. ૪૩૯૨
ભક્ત પુજને ભક્ત વળિ, લિંગ સ્થાપના ત્યાંય ;
કોટિ આહુતી હોમ વળી, મેરુ પ્રસાદનિ માંહા. ૪૩૯૩

એકસેા છન્નુપદ વાસ્તુ પટલં.

બત્રિશ પદ પ્રભા અને, અર્યમાદિ ગણ દેવ ;
બાંહ્ય પંક્તિ દર દ્વાદશે, દ્વીર દ્વિર અષ્ટ ખુણ સેવ. ૪૩૯૪
બાહ્ય અષ્ટ દર દોડ પદ, પછી અષ્ટ ત્રણ પાદ ;
વળી અષ્ટ દ્વી પાદના, પછી અષ્ટ પર પાદ. ૪૩૯૫
ક્ષેત્ર કૂપ વાપી અને, તળાવ વન ભજેજ ;
પૂજ્યાથી સુખ કર સદા, નહિંતેા દેવ ભજેજ. ૪૩૯૬

એકસેા અગ્નેાતેર પદ વાસ્તુ પટલં.

બ્રહ્મદેવ પચ્ચિસ પદે, અર્યમાદિ વળિ ચાર ;
દેવતાજપદ દશ દશે, ચાર બાહ્ય પદ ચાર. ૪૩૯૭
બાંહ્ય ભદ્રના ચાર તે, પર્જન્ય પર્જન્ય પદ સુપ્રકાર ;
બાકીના સર્વે ગણેા, દ્વિપદ દેવતા સાર. ૪૩૯૮
શેાધ પરિશેાધ કર્યોંધણેા, જ્યેાતિષિયેાથિ તપાસ ;
ગ્રંથ પ્રમાણ નથી પુજે, જળયાન વિશેખાસ. ૪૩૯૯



શિખિનં.		પર્જ.	જ્યં.	કૃતિ	સૂર્યદેવતા.			સત્યં	જૂશં	આ.	વાયુ	
ભાગ	૪	૨	૨	૨	ભાગ ૬			૨	૨	૨	ભાગ	૪
દિતિ	૨	આપ.	૨						સવિતાર		પુષ.	૨
અદિ	૨	આપં	૨		અર્યમાદેવતા			જૂ.	૦	સાવિ.	વિ.	૨
સર્પ:	૨										ગૃહક્ષત	૨
સોમદેવતા					બ્રહ્મા.				વિવસ્વનં.		યમદેવતા	
ભાગ		પૃથ્વિધરં.			ભાગ ૬૫				ભાગ.		ભાગ	
	૬	ભાગ.	૧૦									૩
ભલા	૨								૧૦		ગંધ	૨
મુખ્યં	૨	રૂદ્ર.	૨		મૈત્ર	દેવતા.	ભાગ.	૧૦	જ્યે	વિબુધ.	ભૃંગિ	૨
અદિ	૨	રાજ.	૨							૨ ૨	મૃગં.	૨
રોગં.	ભા.	પાપં	શોષં	અસુ	વરુણદેવતા.			પુષ્પ	સુ.	દૌ.	પિતૃગણા	
૪		૨	૨	૨	ભાગ		૬	૨	૨	૨	ભાગ.	૪

ઉત્તર
સોમં.
પિલિપિન્ડં.

દક્ષિણ
યમં.
અર્ય:
ણ

પાયવ્યં.
પાચું.
પાપરાક્ષસી

પશ્ચિમ
વરુણં.
જૃંભકં.

નૈઋત
નિઋતિ
પૂતના:





[illegible]									પિત.
સોમં.		પૃથ્વિ.						વિષ.	ગૃહ.
[illegible]				બ્ર.	[illegible]				ચમં.
મુખ્યં									ગંધ.
અગ્નિ.	રૂદ્રં.			મિત્રં.				વિભુ.	ભૃંગિ.
રોગં.		રાજ.					જયં.		મૃગં.
[illegible]	પાપં	શોષં	અસુ.	વક્ષાં	પુષ્પ.	સુગ્રિ.	દૌવાં.	પિત.	[illegible]

Scanned with CamSca



શિખિ	પર્જન્યં.	જ્યંતં.	કુલિશા.	સૂર્ય.	સત્યં.	ભૃશં.	અરકા
હિતિ.							
અહિ.		આપ. આપ.	અર્ય	મણાં.		સવિ. સાવિ.	
સર્પ.							
સરેનં.				બ્રહ્મા.		વિવસ્વ.	
જલાલ.							
મુખ્ય.		રૂદ્રં. રાજ		મિત્રં.		વિબુ. જ્યં.	
અહિત.							

Scanned with CamSca



Scanned with CamScanner



Scanned with CamScanner



Scanned with CamSca

એકસો ચુમ્માંળિશપદ વાસ્તુ પટલં.

બ્રહ્માપદ ચોવિંશને, અર્યમાદિ ગણ ચાર ;
દેવતાજ અગિયાર પદ, અષ્ટ ખૂણ વળિ ધાર. ૪૪૦૦
દોઢ દોઢ પદના ગણો, બાકિ દેવ દ્વિપ દાન્ત ;
રથાશ્વ ગજને પાલખી, શાળા પુજ જળ યંત્ર. ૪૪૦૧

શત્પદવાસ્તુ પટલં.

ષોડશપદ બ્રહ્મા અને, અર્યમાદિ ગણ દેવ ;
અષ્ટ અષ્ટ પદના ચતુર, માંહ્ય પંકિતના સેવ. ૪૪૦૨
માંહ્ય પંકિતના કોણના, અષ્ટ ગણો દ્વીપાદ ;
બાહ્ય કોણના અષ્ટ તે, દોડ દોડ ગણ પાદ. ૪૪૦૩
બાકીના સૌ દેવતા, એક એકપદ લેખ ;
શત્પદ વાસ્તુ પ્રસાદને, કલશ મંન્ડપે પેખ. ૪૪૦૪

એકયાશી પદ વાસ્તુ પટલં.

નવ પદ બ્રહ્માના ગણે, અર્યમાદિ ગણ ચાર ;
ષટ્ ષટ્ પદ દર એક વળિ, માંહ્ય ખુણના સાર. ૪૪૦૫
અષ્ટ દેવ બાવીશ પદ, બાહ્ય કોણના દેવ ;
અષ્ટ તેહ દર દોઢ પદ, બાકિ દ્વિપદ સૌ સેવ. ૪૪૦૬
સમસ્ત ભુવને પૂજતાં, સુખ વૃદ્ધિ પ્રિય ધામ ;
એકયાશી પદ વાસ્તુ તે, દલપતિ જન અભિરામ. ૪૪૦૭

ચતુઃષષ્ટિપદવાસ્તુ પટલં.

પદ ચતૂર૪ બ્રહ્મા અને, અર્યમાદિ દ્વીપાદ ;
માંહ્ય કોણના અષ્ટ તે, દોઢ દોઢ ગણપાદ. ૪૪૦૮
બાહ્ય કોણના અષ્ટ તે, અર્ધ અર્ધ પદ નેક ;
બાકીના સૌ દેવતા, દ્વિપદ દલપતિ.વિશેક. ૪૪૦૯
ગ્રામે ભૂપતિ મંદિરે, વળિ નગરે પ્રિય જાણ ;
ચોસઠપદવાસ્તુ પુજો, શાંતિશેખર પ્રમાણ. ૪૪૧૦

Scanned with CamSca

ઓગણપચાસપદવાસ્તુ પટલં.

બ્રહ્મા પદ સુચતૂરને, અર્યમાદિ ત્રણપાદ;
અષ્ટ દેવ નવ પાદમાં, અષ્ટદરેકાર્ધ પાદ. ૪૪૧૧
ચતુર વિંશ તેવિંશ પદ, દરેક પદ ષટ્ ભાગ;
કરતાં વિશોત્તરે શતે, અંશ ગણી જો થાગ. ૪૪૧૨
ચતુર્વીંશથી ભાગતાં, પાંચ પાંચ કહું અંશ;
દરેક દેવતણા ગણો, એ રીતેજ પ્રશંસ. ૪૪૧૩
વળિ ગૃહના કરવા ઘટે, પ્રિય ષષ્ટિજ વિભાગ;
વાસ્તુ પુરુષ કલ્પી વળી, સંધિ ઉપર જો થાગ. ૪૪૧૪
ભીત તુલાકે સ્તંમ્ભને, રોપ ન બુદ્ધિ નિધાન;
દલપતિરામ વિચારતાં, સુત્રધાર સન્માન. ૪૪૧૫
ઓગણપચાસ વાસ્તુપદ, જિર્ણ ગૃહાદિ સમસ્ત;
સ્થળે પુજવાથી વધે, ધન પુત્રાદિ સર્વસ્ત. ૪૪૧૬

અષ્ટદલકમલવેધમર્મવાસ્તુ વિચાર.

ચતુઃષષ્ટિ ગૃહ ભાગ કરિ, ચતુષ્કોણની મધ્ય;
બે રેષાઓ કરિ પછી, કરણ સૂત્ર તે સદ્ય. ૪૪૧૭
રેષા અંશ થકી ચતુર,૪ મધ્યે બ્રહ્મા ભાગ;
અષ્ટ સૂત્ર ભેગાં થવે, અષ્ટકમળ દળ થાગ. ૪૪૧૮
એહ કમળ પીડે કદી, તુલા સ્તંભ કે ભીત;
આવે જો કદિ ઉપરતો, ધન ધણિ નાશ ખચીત. ૪૪૧૯

ષટ્કોણવેધમર્મવાસ્તુ વિચાર.

ચતુર્વીંશતી ભાગ ગૃહ, કરિ ષટ્ સૂત્રથિ નેક;
તે ષટ્કોણજ ભાગનો, અર્ધ વિભાગ વિશેક. ૪૪૨૦
આવે તે પર સ્તંભ જવ, પ્રજા તણો તવ નાશ;
વજ્રાકૃતિપર ભીત કે, સ્તંભથિ મરણ પ્રકાશ. ૪૪૨૧
ત્રિશુલાકૃતિપર ભીત કે, સ્તંભથિ શત્રુ ભીતિ;
મર્મ વાસ્તુ દલપતિ કથે, શિલ્પશાસ્ત્ર સુપ્રતીતિ. ૪૪૨૨
શીલ્પશાસ્ત્રમાં ભેદ અતિ, યંત્ર અનેક પ્રકાર;
અસ્ત્ર શસ્ત્ર રથ પાલખી, વ્હાણ શકટ હલસાર. ૪૪૨૩

Scanned with CamSca

જ્વાહિરાદિ નંગો જડિત, તે પણ જાણો નેક ;
શીલ્પશાસ્ત્ર અર્ણવ થકી, મુખ્ય કથ્યો સુવિવેક. ૪૪૨૪
રાજ્ય સાહ્યતાથી રચ્યો, શોધન બોધન ગ્રંથ ;
વાંચી સાર વિચારશે, સુજન ગ્રહી શુભ પથ. ૪૪૨૫
ગુરૂવરશ્રીમહાદેવની, છબી છબીલારામ ;
ઉભય કૃપાથી આ રચ્યો, સકલશાસ્ત્ર શુભ નામ. ૪૪૨૬
શકવંત કુલોદ્ભવ રવી, જગ જાહેર સુરેશ ;
તખ્તસિંહમહારાજ પ્રિય, પ્રસન કરણ ઉદ્દેશ. ૪૪૨૭
કુલ મંડિત પંડિત મણી, માજી દક્ષ દિવાન ;
શ્રીશામલ ગુણ નિધિ વચન, સફળ થવે સન્માન. ૪૪૨૮
શાસ્ત્ર વાત સમજવિ સુગમ, પણ કથવી મુશ્કેલ ;
ગુર્જરિ ભાષા કાવ્યમાં, શાસ્ત્રયુક્તિ રચિ મ્હેલ. ૪૪૨૯
માન નથી પ્રિય મૂજને, પર્માર્થે ગુણ ગાન ;
સમાપ્ત ગ્રંથ થવે વધો, મહારાજા સન્માન. ૪૪૩૦
સકલશાસ્ત્ર વેત્તા સુજન, રચ્યો ગ્રંથધરિ પ્રીત ;
ક્ષમા કરો ચુક્યો કદી, દલપતિ જો રસ રીત. ૪૪૩૧
નર્મદ તટ અતિ ભવ્ય છબિ, જ્યાં કવિપુર શુભ ધામ ;
કર્તા હર્તા નર્મદા, મિથ્યા કવિનું નામ. ૪૪૩૨

Scanned with CamSca

પ્રત્યેકયુગે તીર્થ.

કૃતમાં પુષ્કર તીર્થછે, ત્રેતા વસુધારાજ ;
દ્વાપરમાં ભાગીરથી, કલિ પ્રયાગ સુખસાજ. ૪૪૩૫

પ્રત્યેકયુગે ક્ષેત્ર.

ક્ષેત્ર મરૂહત કૃતયુગે, ત્રેતા બદ્રીનાથ ;
કુરૂક્ષેત્ર દ્વાપર વિષે, કલિ કાશિવિશ્વનાથ. ૪૪૩૬

પ્રત્યેકયુગે પીઠ.

જાલંધર પિઠ કૃતયુગે, ત્રેતામાં કૌમારિ ;
દ્વાપરમાં જ્વાલામુખી, કલિ માયા હરિદ્વારિ. ૪૪૩૭

પ્રત્યેકયુગે અરણ્ય.

કૃતયુગ નિમિષારણ્યને, ત્રેતા અદ્રિકારણ્ય ;
પુષ્કારણ્ય દ્વાપરે, કલી દંડકારણ્ય. ૪૪૩૮

પ્રત્યેકયુગે કવિ.

કૃતયુગમાં કવિ શુક્રને, ત્રેતા વાલ્મિક સાર ;
દ્વાપર વ્યાસ કલી મહીં, કાલિદાસ ઉદ્ધાર. ૪૪૩૯

પ્રત્યેકયુગે ધનુર્ધારિ.

કૃતમાં પિનાકપાણિ ને, ત્રેતામાં શ્રીરામ ;
દ્વાપરમાં અર્જુન અને, કલિ કલ્કી અભિરામ. ૪૪૪૦

પ્રત્યેકયુગે સ્ત્રી.

સ્ત્રી કામાક્ષી કૃતયુગે, ત્રેતા જનક કુમારિ ;
દ્વાપરમાં દ્રૌપદિ પ્રકટ, કલી અહલ્યા નારિ. ૪૪૪૧

પ્રત્યેકયુગે કીર્તીમાન રાજા.

પૃથૂ દૈત્ય કૃતમાં વિજયિ, રામચંદ્ર ભાતૂપ ;
ત્રેતાને દ્વાપર મહીં, યુધિષ્ઠિરાદિ અનૂપ. ૪૪૪૨

Scanned with CamScanner

યવન ગણાતા દ્વાપરે, કલિ વિક્રમાદિ જ્યોજ ;
વૈશ્ય શુદ્રને યવન પણિ,-મ્લેચ્છાદિક સ્ત્રી ભોજ. ૪૪૪૩

પ્રત્યેકયુગે દુર્ગ વા કિલ્લા.

રંગનાથ કૃતયુગ મહીં, ત્રેતા લંકા પ્યાત ;
દ્વાપરમાં હરિતનામતી, કલિ પ્રયાગ શુભવાત. ૪૪૪૪

પ્રત્યેકયુગે યુદ્ધ.

અસ્ત્રમંત્ર મનુથી કૃતે, ત્રેતા શસ્ત્રમંત્રાસ્ત્ર. ;
દ્વાપરમાં ભારત પ્રકટ, શસ્ત્રસકળ મંત્રાસ્ત્ર. ૪૪૪૫
કલિમાં એકાગ્રેકિન્ને, નાશ કરંતા યંત્ર ;
છેતરપિંડી વા દગે, ગયાં શસ્ત્રાસ્ત્ર સુમંત્ર. ૪૪૪૬

પ્રત્યેકયુગે યાગ.

નરગો અશ્વમેધાદિકૃત, ત્રેતામાં પણ તેમ ;
દ્વાપરમાંદ્ય થયા પણ્, કલિ વર્જિત શુભનેમ. ૪૪૪૭
પરંતુ સોમાદિક થતા, કરતા કોઈ પ્રયાશ ;
કલ્પતિરામ કયે ગુણી, આખર કલિમાં નાશ. ૪૪૪૮

પ્રત્યેકયુગે ગ્રંથપઠણ.

વેદ શ્રુતિ સ્મૃતિ શાસ્ત્રકૃત, ત્રેતામાં પણ તેમ ;
દ્વાપરમાં પણ ન્યુન નથી, પુરાણાદિકૃતિ ક્ષેમ. ૪૪૪૯
વેદ શ્રુતિ સ્મૃતિ કલિયુગે, ઘોડોઘ્ઠે અવ્યાસ ;
શાસ્ત્ર પુરાણાદિક વાણે, અધિક વિવરિ ઇતિહાસ. ૪૪૫૦

પ્રત્યેકયુગે વર્ણવિભાગ.

કૃતમાં વર્ણ ચતૂરછે, ત્રેતામાં ચૈ અષ્ટ ;
દ્વાપરમાં દ્વાદશ પ્રકટ, કલિ અષ્ટાદશ રપષ્ટ. ૪૪૫૧

પ્રત્યેકયુગે બ્રહ્માચરણ.

કેવળ બ્રહ્મનિષ્ઠાજ કૃત, ત્રેતા ઉપાસના તેમ ;
કર્મનિષ્ઠા દ્વાપર મહીં, મિશ્રાચરણ કલિ નેમ. ૪૪૫૨

Scanned with CamScanner

પ્રત્યેકયુગે બ્રહ્મપ્રતિમહ.

કૃતયુગ પ્રતિમહ વર્જને, ત્રેતા આમંત્રીત ;
દ્વાપર દાતાગૃહ જતા, કલિ સેવા સુપ્રતિત. ૪૪૫૩

પ્રત્યેકયુગે દાન.

રત્ન સુવર્ણ કન્યાકૃતે, ત્રેતા પૃથ્વિ અધ્રીક ;
અધિક દ્વાપરે રૂપ્યગો, રૂપ્ય તામ્રકલિ હીક. ૪૪૫૪

પ્રત્યેકયુગે ક્ષત્રિય આચરણ.

કૃત ક્ષત્રિય નિષ્કપટને, ત્રેતા પાદ કપટીજ ;
દ્વાપર અર્ધકાપટય કલિ, પૂર્ણ કપટ પ્રમાદીજ. ૪૪૫૫

પ્રત્યેકયુગે વૈશ્ય શૂદ્ર આચરણ.

એક-પાદ અસત્યકૃત, ત્રેતા દ્વિપદ અસત્ય ;
દ્વાપર પાદત્રય અસત્ય, ચતુષ્પાદ કલિ મત્ય. ૪૪૫૬
શ્રદ્ધાસેવા કૃતયુગે, ત્રેતા કિંચિત ન્યુન ;
દ્વાપર અર્ધ શ્રદ્ધાકલી, અશ્રદ્ધા સેવ પ્રસુત. ૪૪૫૭

પ્રત્યેકયુગે સ્ત્રી આચરણ.

ઇંગિતજ્ઞતા કૃતયુગે, આચરણજ્ઞ ત્રેતાન્ત ;
ગણિ વચનજ્ઞતા દ્વાપરે, બ્રહ્મિચારી કલિરાજ. ૪૪૫૮

પ્રત્યેકયુગે કન્યાદાન.

કૃતકન્યા સાલંકૃતે, ત્રેતા નિયમર્થિ જાણ ;
દ્વાપર અષ્ટ પ્રકારથી, કલિવિક્રય ઉરઆણ. ૪૪૫૯

પ્રત્યેકયુગે ભાષણ.

કૃત તત્વજ્ઞ વિરાજતા, ત્રેતામાં ધર્મજ્ઞ ;
દ્વાપરમાં નિતિજ્ઞને, કલિમાં કહાવે અજ્ઞ. ૪૪૬૦
કૃત પ્રવૃત્તિ સમાધાનપ્રિય, ત્રેતાકિંચિત અસત્ય ;
ક્વચિત સત્ય દ્વાપર કપટ, દ્વેષ અસત્ય કલિમત્ય. ૪૪૬૧

Scanned with CamScanner

પ્રત્યેકયુગે આયુષ્ય.

કૃતયુગ આયુષ્ય લક્ષને, દશસહસ્ર ત્રેતાજ ;
દ્વાપર આયુ સહસ્ર કલિ, શતાયુ ક્વચિત યતાજ. ૪૪૫૨

પ્રત્યેકયુગે પ્રાણ.

મનુષ્ય પ્રાણ કૃત અસ્થિગત, ત્રેતા માંસગત જાણ;
દ્વાપર પ્રાણ સુરક્તગય, કલિમુ અન્નગમ પ્રાણ. ૪૪૫૩

પ્રત્યેકયુગે મર્મ.

જ્ઞાનપૂર્વક કૃતમા મરણ, યોગપૂર્વક ત્રેતાજ ;
રમણપૂર્વક દ્વાપર અને, ગમતામાં કલિરાજ. ૪૪૫૪

પ્રત્યેકયુગે પુણ્યવસા.

પુણ્ય વસાકૃત વીંશછે, ત્રેતા પંદર સાર ;
દ્વાપરદશ કલિપાંચ જને, પુણ્યવસા સુપ્રકાર. ૪૪૫૫

પ્રત્યેકયુગે પાપ વસા.

પાપ વસા કૃતમાં નહીં, ત્રેતામાં ગણુપાંચ ;
દ્વાપર પાપ વસાનવદશ, કલિ પંદર જોખાંચ. ૪૪૫૬

પ્રત્યેકયુગે ધર્મના ચરણ.

ધર્મપાદ કૃતમાં ચતુર, ત્રેતામાં ત્રણલેખ ;
દ્વીપદ દ્વાપરમાં પ્રકટ, એક પંગુ કલિપેખ. ૪૪૫૭

પ્રત્યેકયુગે પાત્ર.

પાત્ર સુવર્ણમય કૃતયુગે, ત્રેતા રૂપ્ય સુવર્ણ ;
તામ્ર સુવર્ણ રૂપ્યદ્વાપરે, તામ્ર માટિ કલિસાર્ણ. ૪૪૫૮

પ્રત્યેકયુગે નાણું.

રત્ન સુવર્ણ નાણું કૃતને, ત્રેતારૂપ્ય સુવર્ણ ;
ક્વચિત રત્ન પણ રાજતાં, દ્વાપરનાકર રમણ. ૪૪૫૯
તામ્ર રૂપ્ય સોના તણાં, કલિના કહું પ્રકર્ણ ;
તામ્ર રૂપ્યને ચર્મના, ક્વચિતજ કોરિ સુવર્ણ. ૪૪૬૦

Scanned with CamScanner

પ્રત્યેકયુગે દ્વીપ.

કૃતયુગ કર્પૂર દીપછે, ત્રેતાઘૃત કર્પૂર;
ઘૃત તૈલાદિક દ્વાપરે, કળી કથચિત કર્પૂર. ૪૪૭૧
ઘૃત તૈલાદિ કૃત્રિમ કળા, યુકત અધમ કલિદર્પ;
દલપતિરામ વિચારશે, ચતુરસુધર્માદીપ. ૪૪૭૨

પ્રત્યેકયુગે પૃથ્વી.

કૃતયુગ પૃથ્વી પુણ્યમય, ત્રેતા કિંચિત ન્યૂન;
દ્વાપરમાંહ્ય સમાનછે, કલિમ્તે પાપ પ્રસૂત. ૪૪૭૩

પ્રત્યેકયુગે ધાન્યવૃક્ષાદી વર્ષમાં કેટલીવારફળે.

ધાન્ય વૃક્ષ કૃત.યુગફળે, વર્ષ એકવિચાર;
ત્રેતામાં ફળદશવરા, દ્વાપર સપ્ત વિચાર. ૪૪૭૪
કલિ નિઃસાર પૃથ્વીયતાં, ફળે એક જોવાર;
કવચિત વર્ષમાં પાકવણ, અરિક રવિ કરિ વિચાર. ૪૪૭૫
ધર્મ વ્યવસ્થા ચતુરયુગ, કવિતારૂપ કૃપાળ;
પૂર્વગ્રંથ આધારપટ, રચ્યો મહિપતિ રસાળ. ૪૪૭૬
ગુર્જર ભાષા ધર્મને, શાસ્ત્ર માંહ્ય વખણાય;
એ ઉદ્દેશ વિચારતા, રાજ પ્રજ્ઞ જણાય. ૪૪૭૭
મહારાજા ગોહેલશ્રી, તખ્તસિંહ અભિધાન;
ભાવનગર ભડ ગર્જતા, દાન માન સન્માન. ૪૪૭૮
ગ્રંથ સમાપ્ત થયોગુણી, રાજ લોક પ્રિયસાર;
ધર્માર્થકામ મોક્ષદા, દલપતિ જયજયકાર. ૪૪૭૯

સાહિત્ય સંસ્થા "રક્ષા"



Scanned with CamSca